# શ્રી જિન-ચંદ્ર-કાનન ગુણમાળા



સંપાદક

મુનિ ચંદ્રપ્રભસાગરજી

શ્રી સિદ્ધચક્રાય નમઃ

# શ્રી જિન-ચન્દ્ર-કાન્ત
# ગુણમાળા

સંગ્રાહક તથા સંપાદક

પૂ. આચાર્ય મહારાજ શ્રી ચન્દ્રસાગરસૂરિજી મ. ના

શિષ્યરત્ન પૂ. તપસ્વી મુનિરાજ

**શ્રી. ચન્દ્રકાન્તસાગરજી મહારાજ**

સંશોધક

**મુનિ શ્રી ચન્દ્રપ્રભસાગરજી મ.**

'ચિત્રભાનુ'

પ્રકાશક
શ્રી. લાલભાઈ મણિલાલ શાહ

શ્રી. જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ
હઠીભાઈના દેરા સામે : દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ

પ્રથમ આવૃત્તિ ૧૯૫૧
દ્વિતીય આવૃત્તિ ૧૯૫૫
તૃતીય આવૃત્તિ ૧૯૬૦

પ્રાપ્તિસ્થાન
સ્વાધ્યાય મંદિર
નવરંગપુરા, અમદાવાદ ૯

મુદ્રક
મણિલાલ છગનલાલ શાહ
શ્રી. નવપ્રભાત પ્રિ. પ્રેસ,
નોવેલ્ટી સીનેમા પાસે, ઘીકાંટા, અમદાવાદ



# ॥ श्री सिद्धचक्रजी ॥

नमोऽनंतसंत प्रमोदप्रदान, प्रधानाय भव्यात्मने भास्वताय;
थया जेहना ध्यानथी सौख्यभाजा सदा सिद्धचक्राय श्रीपाल राजा.

एम. वाडीलालनी कं. (अमदावाद) प्रा. ली.



## ઉપકારની યાદ

શ્રી નવરંગપુરા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની આગ્રહભરી વિનંતિને માન આપી આચાર્ય મહારાજ શ્રીચન્દ્રસાગરસૂરિજી મ. ના શિષ્યરત્ન તપસ્વી શાન્તમૂર્તિ પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રકાન્તસાગરજી મહારાજ તથા પૂ. મુનિ શ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ વિક્રમ સં. ૨૦૧૫ ના ચાતુર્માસ માટે અમદાવાદના નવરંગપુરા ઉપાશ્રયમાં પધારેલા. તેમનો પ્રવેશ ઘણા ઉત્સાહપૂર્વક તા૦ ૨૯-૬-૫૯ ના દિવસે થયો હતો.

ત્યારથી નવરંગપુરાનો ઉપાશ્રય આત્મ-જ્ઞાનની વિવિધ ચર્ચાઓથી ગુંજી રહ્યો હતો. સર્વ ધર્મના ભાઈબહેનો પૂ. મહારાજશ્રીના પ્રવચનનો લાભ લેતાં હતાં. અપૂર્વ ધર્મરંગ જામ્યો હતો!

પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી શ્રી. જિનેશ્વર ભગવંતનું ભવ્ય જિનાલય બાંધવાનો નિર્ણય થવાનો હતો. એ નિર્ણય માટે શ્રી સંઘની એક સભા ઉપાશ્રયમાં ૨૬-૭-૫૯ ના રવિવારની સાંજે મળી રહી હતી.

તે સાંજે પૂ. મૂનિરાજ શ્રી ચન્દ્રકાન્તસાગરજી મહારાજને જરાક અસ્વસ્થતા જણાઈ. પાંચ સાત મિનિટ ગભરામણ રહી અને એમણે પોતે જ નમસ્કાર મહામંત્ર ગણવા માંડયો. અને છેલ્લે 'અરિહંત–અરિહંત' શબ્દના ઉચ્ચાર સાથે આ નશ્વર દેહને છોડી એ સમાધિ મરણ પામ્યા.

તેઓશ્રીનો અમારા સંઘ ઉપર અપૂર્વ ઉપકાર છે.

તેમની અંતિમ ઇચ્છા હતી કે આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ છપાય.

એટલે એમની સ્મૃતિ નિમિત્તે ટીપ કરી. તેમાં રૂા. ૧૯૫૩ થયા. તે ઉપરાંત આ છપાવવામાં ખૂટતા રૂપિયા બે હજાર શ્રી સંઘ તરફથી આપવાનો નિર્ણય કર્યો છે.

આ પ્રકાશન એમના અમારા પરના ઉપકારનું પ્રતીક છે અને એમની ઇચ્છાનુસાર સૌ જ્ઞાનનો લાભ લે એ શુભેચ્છા.

નિવેદક

અમદાવાદ-૯

શ્રી. નવરંગપુરા શ્વેતાંબર
મૂર્તિપૂજક સંઘ

# વિનંતિ

[ નવપદ ધરજો ધ્યાન ભવિ તુમે. — એ દેશી ]

વિનંતિ સુણજો આ મારી,
સજ્જન નર, વિનંતિ સુણજો આ મારી.
દેવ અરિહંત ગુરુ નિર્ગ્રંથ,
ધાર્યા મેં હૈયે હિતકારી. સજ્જન૦ ૧
શક્તિ અનુસારે ભક્તિ કરી મેં,
હેતુ કલ્યાણ દિલ ધારી. સજ્જન૦ ૨
નિર્ગુણ ને વળી બુદ્ધિહીન હું,
છદ્મસ્થ દોષ અપારી. સજ્જન૦ ૩
કાન્તગુણમાળાનું ગૂંથન કર્યું મેં,
નવા નવા ગ્રન્થ સંભાળી સજ્જન૦ ૪
તો પણ ભૂલચૂક હોય તો,
વાંચજો સજ્જન સુધારી. સજ્જન૦ ૫
હિતબુદ્ધિથી મને સૂચન કરજો,
લઈશ હું તે સુધારી સજ્જન૦ ૬
વાંચો અંત ધરી આ પુસ્તક,
સફળ થશે ઈચ્છા મારી. સજ્જન૦ ૭
બે હજાર ને બારની સાલે,
મૌન એકાદશી જયકારી. સજ્જન૦ ૮
ચન્દ્રકાન્તસાગર કહે પ્રણમી,
ગુરુ આણા દિલ ધારી. સજ્જન૦ ૯

## સંબોધન

પિતા ! ઓ ધર્મપિતા !

હૈયું તારું સરલ હતું
ને અમૃતથી તરબોળ હતું,
જીવન તારું ધન્ય હતું
ને શાન્તિથી ભરપૂર હતું.

એ જ હતું કે શું ન હતું ?
જ્યાં દિવ્ય જીવનનું ગાન હતું,
અમને જ્યાં સન્માન હતું,
ત્યાં મૃત્યુનું પણ ધ્યાન હતું.

ઓ સંત ! તને તે લક્ષ્ય થયું
ને મૃત્યુ તારું ભક્ષ્ય થયું,
મૃત્યુનું મૃત્યુ તારામાં,
અમરત્વ જડયું તને મૃત્યુમાં.

આ અગમનિગમનું જ્ઞાન થયું
ને તે જ પળે મુજ દુઃખ ગયું.

—ચન્દ્રપ્રભસાગર

## મુનિશ્રી ચંદ્રકાન્તસાગરજી મહારાજ



જન્મઃ-સં. ૧૯૪૮ માગશર વદ ૯ ગુરૂવાર. તખતગઢ

દીક્ષાઃ-સં. ૧૯૯૮ વૈશાખ શુદ ૭ ગુરૂવાર. જોટાણા

વડીદીક્ષાઃ-સં. ૧૯૯૮ વૈશાખ વદ ૬ બુધવાર. જોટાણા

## શૈલે શૈલે ન માણિક્યમ્

**જ્ઞાન** અને ક્રિયાના જીવંત પ્રતીકસમા બે મુનિવરોની એક જોડી વિ. સં. ૨૦૧૫ના વર્ષે ગુજરાતના પાટનગર અમદાવાદમાં ચાતુર્માસ નિર્ગમન કરી રહી હતી.

જાણીતા ચિંતક, લેખક અને કુશળ વક્તા મુનિરાજ શ્રી. ચંદ્રપ્રભસાગરજીના સંસારી પક્ષે પિતા અને વર્તમાનમાં તેઓશ્રીના ગુરુભાઈ શાંતમૂર્તિ મુનિ શ્રી. ચંદ્રકાન્તસાગરજી મ. અમદાવાદના નવરંગપુરાના ઉપાશ્રયે ચતુર્માસ રહ્યા હતા. વ્યાખ્યાનાદિ ધર્મક્રિયાઓ ભરરંગમાં ચાલતાં હતાં.

આ પ્રસંગે જૈન અને જૈનેતર ભક્તજનોના દિલનો રંગ જુદો જ હતો. વિશાળકાય ઉપાશ્રયમાં ચાલુ દિવસોમાં ધર્મશ્રવણ નિમિત્તે એકત્ર થતી માનવમેદની જોઈને, વ્યવસ્થાપકો વિચારણામાં હતા કે પર્વાધિરાજ પર્વ પ્રસંગે ખાસ શામિયાનો ઊભો કરીને પણ, ધર્મશ્રવણ કરવા આવતી મેદનીને

સમાવેશ આપવો.

સવાર શ્રોતાઓથી ઊભરાતી. મધ્યાહ્ન સર્વ-ધર્મના તત્ત્વવિવેચકો સાથેની વિવિધ જ્ઞાનભરી ચર્ચાઓથી ગુંજી રહેતી. રાત્રિ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ ને સ્વાધ્યાયમાં વીતી જતી. નવરંગપુરાના નવીન ઉપાશ્રયમાં ધર્મનો ઉછરંગ અપૂર્વ હતો.

એવી અપૂર્વ ધર્મરંગવાળી તાં. ૨૬મી, જુલાઈ, ૧૯૫૯ ને રવિવારની (વિ. સ. ૨૦૧૫ના અસાડ વદ સાતમની) એક સાંજ ઢળતી હતી. સુશ્રાવકો પ્રતિક્રમણની તૈયારી કરી રહ્યા હતા : ક્રિયામૂર્તિ ને સરળતાની ભાવમૂર્તિ મુનિશ્રી ચંદ્રકાન્તસાગરજી આનંદમાં હતા અને શ્રાવકોને કંઈ ને કંઈ તપ કે ક્રિયાની સૂચના કે અનુમોદના આપી રહ્યા હતા. શ્રી. ચંદ્રપ્રભસાગરજી આગંતુક દર્શનાર્થીઓ સાથે વાતમાં હતા.

એવામાં મુનિ ચંદ્રકાંતસાગરજીને જરા ગભરામણ થઈ અને શરીરે પ્રસ્વેદ વળ્યો. એમણે ચંદ્રપ્રભસાગરજીને કહ્યું: ‘ કંઈક ગભરામણ થાય છે. મારી છાતી ને પેટ પર હાથ ફેરવ. ’

શ્રી. ચંદ્રપ્રભસાગરજીએ તેમ કર્યું, પણ થોડીવારમાં તો તેઓ ‘ અરિહંત અરિહંત ’ કરવા લાગ્યા. ચાલીસથી પચાસ વાર અરિહંત અરિહંત એમ બોલ્યા અને દેહ લંબાવી દીધો.

નાડી જોતાં એમાં જીવન ન લાગ્યું. અંધકારના પડદા પૃથ્વી પર પથરાય, તે સાથે તેઓનો પ્રકાશમય આત્મા સ્વર્ગ ભણી સંચરી ગયો. કારણમાં આકસ્મિક રીતે હૃદયયંત્ર ખોટકાઈ ગયું હતું: એ વખતે ઘડિયાળમાં ૮–૨૦ થયા હતા.

જ્ઞાન અને ક્રિયાની આ જીવંત જોડી આમ અકાળે ક્રૂર કાળના હાથે તૂટી. અમદાવાદના નાગરિકોએ ક્રિયામૂર્તિ, તપોમૂર્તિ ને ચારિત્ર્યમૂર્તિ મુનિરાજશ્રીના ઉત્તર સંસ્કારમાં અપૂર્વ ભક્તિભાવ દાખવ્યો. એમનો અગ્નિસંસ્કાર કરવાનો ધર્મલહાવ એમ. વાડીલાલની કુંના ભાગીદાર અને શ્રી. જીવન–મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટના ટ્રસ્ટી ભક્તહૃદય શ્રી. લાલભાઈ મણિલાલ શાહે લીધો. સાબરમતીના તીરે એ પવિત્ર દેહની ભસ્મવિસર્જન થઈ.

દેહ ભલે પંચભૂતમાં મળી ગયો, પણ એમની પંચશીલ (પાંચ મહાવ્રત)ની આરાધનાની સુવાસ સવિશેષ મહેકી રહી.

સ્વર્ગસ્થ મુનિરાજ શ્રી. ચંદ્રકાન્તસાગરજીનું જીવન જેવું સાદું અને સરળ હતું: એવી એમની જીવની પણ સાદી અને સરળ છે. રાજસ્થાનના તખતગઢ ગામમાં વેપારી કુટુંબમાં પિતા કાનાજી અને માતા કાનાદેવીને ત્યાં વિ. સં. ૧૯૪૮ના માગશર વદ ૯ ને ગુરુવારના રોજ તેઓએ સંસારનાં

પ્રથમ અજવાળાં જોયાં હતાં.

સંસારી નામ છોગાલાલ હતું. છોગાલાલે નાનપણમાં સામાન્ય વાંચવા-લખવાનું ને વહી-ખાતાં લખવાનું જ્ઞાન મેળવ્યું : અને પછી મૈસૂર રાજ્ય ખાતે આવેલ ટમકુર નામના ગામમાં ચાલતી દુકાને બેસી ગયા.

ન્યાયથી કમાવું ને નીતિથી ચાલવું, વેપારનાં અને જીવનનાં આ તેમનાં સાદાં ધર્મસૂત્રો હતાં. ત્યાંની ગરીબ પ્રજા સાથે વેપાર કરવાનો હતો. મુખ્યત્વે કાપડ તથા ઊનની ટોપીઓનો ધંધો હતો. ખાસ કરીને ખ્રિસ્તી યુવતીઓ ટોપીઓનું કામ કરતીઃ પણ એમાં છોગાલાલની પોતાની પ્રતિષ્ઠા સારાય ગામમાં ઊંચી હતી. જળમાં કમળની જેમ એ રહેતા. વેપારીઓ એમની આ અસાધારણ સંયમભાવનાને મનથી પૂજતા.

આ ધર્મપ્રેમી જુવાનના પિતા એમના જીવનની પહેલી પચ્ચીસીમાં-૨૪ મા વર્ષે ગુજરી ગયા. એક વર્ષ પછી માતાજી પણ સ્વર્ગવાસ પામ્યાં. છોગાલાલે પિતા-માતાને ધર્મક્રિયાઓથી અંજલિ આપી, ને ઘરસૂત્ર સંભાળ્યાં.

પણ વિધિનું નિર્માણ જુદું હતું. છોગાલાલ બાંત્રીસ વર્ષના થયા ત્યારે તેમનાં સુશીલ પત્ની સૂનીબાઈ પાછળ ૪ વર્ષનો પુત્ર અને નવ મહિનાની પુત્રી

મૂકીને ગુજરી ગયાં.

ભરી યુવાની, ભરી કમાણી, ભર્યું ભર્યું રૂપ ને નાનાં બે બાળકો—અનેક રીતે લગ્ન કરવાની તક તેમના હાથમાં હતીઃ સગાંવહાલાં પણ આગ્રહ કરતાં હતાં, છતાં ધર્મપ્રેમી છોગાલાલે લગ્નનો ઇન્કાર ભણ્યો અને સ્વયં બંને બાળકોની માતા બની, લાડકોડથી એમને ઉછેરવા લાગ્યા.

રાજકુંવરી જેવી દીકરી, રાજકુંવર જેવો દીકરો, છોગાલાલજીને તો જાણે રાજવૈભવ સાંપડ્યો. પણ ઘણી વાર સંસારમાં જે અત્યંત મોહનું કારણ હોય છે, એ જ સંસારત્યાગનું પણ કારણ બને છે.

રાજકુંવરી જેવી દીકરી નવ વર્ષની થઈ. બાપનું મન ખુશખુશાલ ભાવિની કલ્પનામાં છે; ત્યાં અચાનક પુત્રી માંદી પડી અને મૃત્યુ પામી. છોગાલાલજી અને તેમના અગિયાર વર્ષના પુત્ર રૂપના દિલ પર કારમો ઘા થયો. તેઓએ સંસારનું સાચું રૂપ જોયું. બંનેનાં દિલ આ સંસાર પરથી વિરાગ પામ્યાં.

ઘણા વિરાગ કાળક્રમે રાગ બની જાય છે, ને ચીલો કાપવા ચાહતું દિલ વળી ચીલે ચાલવા લાગે છે. પણ પૂર્વનું કર્મબળ હશે કે આ વિરાગ સ્મશાનવૈરાગ્ય ન બન્યો. જાણીતા સ્વ૦ આચાર્ય શ્રી. વિજયધર્મસૂરિજીના શિષ્ય આચાર્ય શ્રી વિજયભક્તિસૂરિજીએ એના પર સંજીવની છાંટી. છોગાલાલજીને

ધર્મોપદેશ આપતાં અને જીવનનું સાફલ્ય સમજાવતાં તેઓએ એક સૂત્ર કહ્યું,

'ચેતન ચતુર થઈ ચૂકચો.'

આ સાદું સૂત્ર છોગાલાલજીના હૈયામાં વજ્રલેખ થઈને અંકાઈ ગયું. વારંવાર તેઓ આ સૂત્ર રટતા. આ સૂત્રને તેઓએ પોતાનું ધ્રુવતારક બનાવ્યું.

પિતા–પુત્રનો વૈરાગ્ય દૃઢ થતો હતો. વર્ષો વીતતાં ગયાં અને સતત મંથનના પરિણામે એક સુભાગી પળે સર્વસ્વ છોડી બંને જણાએ ભાગવતી દીક્ષા લેવાનો નિરધાર કર્યો.

અને આ નિમિત્તે વિ. સં. ૧૯૯૪માં અખિલ ભારતનાં જૈનતીર્થોની ખાસ ટ્રેનમાં પૂરા ભાવથી પિતા–પુત્ર યાત્રા કરી આવ્યા.

છોગાલાલજીને હજી વ્યાવહારિક કાર્યો સમેટવાનાં બાકી હતાં. પુત્ર રૂપચન્દ્રે પહેલ કરી. બોરડી મુકામે રૂપચંદ્રે ગુરુવર્ય આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ પાસે દીક્ષા લીધી. (૬–૨–૧૯૪૨ સં. ૧૯૯૮) નામ ચંદ્રપ્રભસાગરજી રાખ્યું.

પિતા છોગાલાલજી બે મહિને પોતાની સંપત્તિની વહેંચણી ધર્મનાં સાત ક્ષેત્રો અને કુટુમ્બમાં કરી નિવૃત્ત થયા: અને પુત્રે જેને ગુરુપદે સ્થાપ્યા હતા, એ આચાર્યવર્ય પાસે પોતે પણ દીક્ષા લીધી. (તા. ૨૩–૪–૧૯૪૨ સં. ૧૯૯૮ના વૈશાખ સુદ ૭

બીજી ) નામ ચંદ્રકાન્તસાગરજી રાખ્યું.

પિતા–પુત્રની આ જોડીએ થોડા વખતમાં નામના કાઢી. પિતાનો અભ્યાસ સામાન્ય હતો પણ સાધના જબરી હતી. એમણે ધર્મક્રિયામાં અને તપમાં ચિત્ત પરોવ્યું : ને પુત્રે વિદ્વત્તા, વ્યાખ્યાનશક્તિ ને લેખન-કળાને સુંદર રીતે વિકસાવી. આજે સમાજમાં આવા શક્તિવંત ને નિખાલસ સાધુતાના ધારક મુનિજનો આંગળીને વેઢે ગણાય તેટલા છે.

મુનિશ્રી ચંદ્રકાન્તસાગરજીએ ધર્મકરણી, તપ-શ્ચર્યા ને યાત્રામાં મન પરોવ્યું. જે પ્રકારની તપસ્યાઓ શાસ્ત્રમાં વર્ણવેલી છે, તે તમામ તેઓએ કરવા માંડી. ૭૦ નવપદની ઓળી, બાર બાર વર્ષ એકાસણાં–બેસણાં, ઉપધાન વગેરે કર્યાં. મોક્ષમાર્ગ માટે કરાતું તપ–છઠ કરીને બે દિવસમાં સાત વાર શત્રુંજયની યાત્રા કરવી –એય અનેકવાર તેઓએ કર્યું. ભવપૂજન પણ કર્યું. નવલાખ નવકારવાળી પણ ગણી.

તેઓશ્રીએ પોતાની ભાવનાને અનુરૂપ આ 'ચન્દ્ર-કાન્તગુણમાળા' નામનું પુસ્તક તૈયાર કર્યું ને એમાં 'ચતુર ચેતન થઈ ચૂકયો' જેવા અમૂલ્ય બોધક દોહાઓ પાને પાને મૂકયા.

અને છેલ્લે છેલ્લે ગતવર્ષમાં પોતાની જન્મભૂમિ રાજસ્થાનની, આબુ રાણકપુર આદિ તીર્થોની યાત્રાઓ પણ કરી આવ્યા.

આમ આત્માર્થી બની તેમણે સંયમધર્મ પાળ્યો. સાદું સાધુને શોભતું જીવન, બાળક જેવો હળુકર્મી સ્વભાવ, ક્રિયાભિરુચિ, તપ તરફ અનુરાગ અને સાધર્મિક ગરીબો તરફ કરુણાભાવ આ એમના જીવનનાં મુખ્ય લક્ષણો હતાં.

આવા મુનિરાજના અવસાનથી સમાજે એક આત્માર્થી સાધુઆત્માને ગુમાવ્યો છે. તેઓના પવિત્ર આત્મા માટે આપણે પ્રાર્થના કરીએ, ને તેમના સદ્‌ગુણોને આપણે જીવનમાં ઉતારીએ શાસ્ત્રોમાં જેને પંડિત અને સમાધિમરણ કહ્યું છે એવા મૃત્યુને પામનાર ભડભાગી મુનિને વંદન હો. **જયભિખ્ખુ**

# જીવન સંધ્યાની છેલ્લી પળ!

કોઈ કહે કે અરીસાની આત્મકથા કહો તો આપણે શું કહીએ?

આપણે એટલું જ કહેવાના કે ભાઈ! એની કથા એટલે નિર્મળતા–સ્વચ્છતા! તું તારું મોં એમાં જો એટલે એની કથા તને આપોઆપ સમજાઈ જશે.

એવું જ પૂ. તપસ્વી મુનિરાજશ્રી ચન્દ્રકાન્તસાગરજી મહારાજના જીવનનું હતું. એમની જીવનકથા એટલે અરીસા જેવી જ–તન અને મનની નિર્મળતા–સ્વચ્છતા, એમને જોઈએ એટલે આપણને આપણું ભાન થાય. એમના પારદર્શક જીવનને નજીકથી જોતાં આપણને એમ થયા વિના રહે જ નહિ કે જીવન તે આનું નામ. ત્યાગ, તપ અને પ્રેમની નરી પ્રતિમા!

સંયમ પહેલાં એમણે એમના ગૃહસ્થાશ્રમને અજવાળ્યો હતો. વાતોથી નહિ, આચરણથી બતાવી

આપ્યું હતું કે આદર્શ ગૃહસ્થ કેવો હોય. એથીય વિશેષ એમણે એમના સાધુધર્મને શોભાવ્યો. એમનાં સાધુતાનાં અઢાર વર્ષ એટલે જાણે ત્યાગધર્મનાં સોપાન.

તરુણ વિદ્યાર્થીના ઉત્સાહથી એમણે અભ્યાસ કર્યો. ભક્ત પ્રવાસીના રસથી એમણે તીર્થોની યાત્રા કરી. ચિન્તકની શ્રદ્ધાથી એમણે જીવનનાં મૂલ્યો કર્યાં અને તપસ્વીના અભિલાષથી એમણે તપશ્ચર્યા કરી, અને નમ્ર સેવકની શ્રદ્ધાથી એમણે સેવા અને સુશ્રુષા દ્વારા સાધુજીવનની આરાધના કરી.

કેવું ભવ્ય એમનું જીવન કે એમણે કંઈ ઈચ્છ્યું હોય અને જીવનમાં તે ન બન્યું હોય તેવી એક પણ ઘટના એમના જીવનમાં નથી બની !

એક ચિન્તકે કહ્યું છે: કોઈ માણસ કેમ જીવી ગયો એ તમારે જાણવું હોય તો એ કેમ મરી ગયો તે મને કહો.

પૂજ્યશ્રીના સ્વર્ગવાસનો છેલ્લો દિવસ પણ કેવો શુભકાર્યોથી સભર હતો ! તા. ૨૬–૭–૫૯ ના રવિવારનો એ દિવસ હતો. નવરંગપુરાના ઉપાશ્રયમાં અમારું ચાતુર્માસ હતું.

રોજના નિયમ પ્રમાણે એ સાડાચાર વાગે ઊઠ્યા. ઊઠીને નમસ્કાર મહામંત્રની બાંધી પાંચ માળા ફેરવી. સાડા પાંચે પ્રતિક્રમણ કર્યું, પછી સ્થંડિલ–જંગલ જઈ આવ્યા. આવતાં પ્રભુનાં દર્શન કરી આવ્યા.

આઠ વાગે નવકારસીનું પચ્ચખાણુ પાર્યું. સાડાઆઠ વાગે વ્યાસપીઠ પર આવ્યા. મંગલાચરણુ કર્યું. એ દિવસના પ્રવચનની પ્રાગ્ભૂમિકા કરી અને ભગવાન મહાવીરસ્વામી અને શ્રી ગૌતમસ્વામીના સ્નેહની વાત કરી. પ્રભુના નિર્વાણુ પછી શ્રી ગૌતમ-સ્વામીને વિષાદમાંથી કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત થયું તેનું રહસ્ય સમજાવ્યું.

એ પછી એમની આજ્ઞાથી મેં પ્રવચન શરૂ કર્યું. રવિવાર એટલે સભા પણુ અપૂર્વ હતી. પ્રવચન પૂરું થયું ત્યાં સુધી સવા કલાક એ ટટાર બેસી રહ્યા. આવી સભર સભા જોઈ એ રાજી રાજી હતા. પ્રવચન પૂર્ણ થતાં સંઘના અગ્રગણ્ય ગૃહસ્થોને મહારાજશ્રી-એ કહ્યું : 'દેરાસર બાંધવાનો નિર્ણય કરવા આજ રાત્રે તો તમારો સંઘ ઉપાશ્રયમાં મળવાનો છે ને ? સારું, શ્રી નગીનદાસ દોલતરામ પણુ ભાવનાશીલ છે, એ પચીસ હજારનું કહે છે. પણુ જરૂર પડશે તો ત્રીસ હજાર પણુ આપશે જ. તમારા દેરાસરનું કામ હવે પાર ઊતરી ગયું જ સમજો...."

જિનમંદિર બાંધવાનો નિર્ણય લેવા નવરંગ-પુરાનો સંઘ રાત્રે ભેગો થવાનો હતો. તે પૂર્વે પૂજ્ય-શ્રીની આ ભવિષ્યવાણી હતી.

પછી મધ્યાહ્ને એ પોતે જ ગૌચરી ગયા. આહાર કરી જરા આરામ કર્યો. અને પછી મને બોલાવી થોડીક વાતો કરી જેમાં સાધર્મિકબંધુઓને સહાયક

કેમ બનવું તે જ મુખ્ય વિષય હતો. એમના મનમાં આ વાત સતત ઘૂંટાતી હતી. સાધર્મિકો સુખી કેમ થાય! એમને માટે શું કરીએ તો એમનો પ્રશ્ન ઉકલે એ એમનું જાણે જીવનસૂત્ર હતું.

એવામાં જીવન–મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટના ટ્રસ્ટી સુશ્રાવક શ્રી લાલભાઈ મણિલાલ શાહ 'હવે તો જાગો' નામના છપાતા પુસ્તકની અર્પણ પત્રિકાનું પ્રૂફ લઈને આવ્યા. એ વખતે બપોરના અઢી વાગ્યા હતા. મેં પ્રૂફ તપાસ્યું અને પૂજ્યશ્રીને એ બતાવતાં કહ્યું: 'મહારાજશ્રી! મારા પ્રવચનોનું આ પુસ્તક છે.' હવે તો જાગો' એનું નામ છે અને તે આપશ્રીને અર્પણ કરવાનું છે. આ તેનું પ્રૂફ છે. આના પર આપ એક કૃપાદષ્ટિ નાખો.'

સ્મિત કરી એમણે પ્રૂફ હાથમાં લીધું. વાંચ્યું અને પૂછ્યું, "તેં આ શું લખ્યું છે? 'તમારું છે અને તમને અર્પણ' આમાં મારું શું છે?"

મેં કહ્યું: "હું જ આપનો છું તો મેં સર્જેલું સાહિત્ય આપનું કેમ નહિ?"

આ વાક્ય પર એ હસ્યા. પછી પૂછ્યું: "આ કયા રંગની શાહીમાં છપાશે?"

મેં કહ્યું: "ગ્રીનમાં–લીલા રંગમાં."

એ કહે: ના, લીલામાં ન છાપશો. લાલ રંગમાં છાપજો."

મેં કટાક્ષ કર્યો: "આપને મારવાડનો લાલ

રંગ હજુ ભુલાયો લાગતો નથી."

એમણે આપેલો ઉત્તર તો કેમ જ ભુલાય ? "જે જન્મભૂમિનો રંગ ભૂલી જાય છે, એના જીવનમાં પછી રંગ જ ક્યાં રહે છે ? અચ્છા, જવા દે એ વાત. મને લાલ ગમે છે. એટલે લાલમાં છપાય તો સારું."

' મેં કહ્યું, જેવી આપની ઈચ્છા.'

પણ મને એ વખતે આ એ ગુપ્ત મનોવિજ્ઞાનનો ખ્યાલ પણ ક્યાંથી આવે કે Red to stop, Green to live લાલ ભયસૂચક છે. લીલો જીવનસૂચક છે."

પછી એ શ્રી. લાલભાઈને સંબોધીને કહેવા લાગ્યા: "લાલભાઈ ! આ ' જિન ચન્દ્રકાન્ત ગુણમાળા'ની ત્રીજી આવૃત્તિ છપાવવી હોય તો કેટલોક ખર્ચ આવે ?" એમણે ગણીને કહ્યું: "આશરે ચારેક હજાર." આવી વાતો ચાલતી હતી, વંદન કરનાર આવતા હતા ને જતા હતા. રવિવાર એટલે આવનાર ભકતોની સંખ્યા પણ મોટી હતી.

લાલભાઈ ગયા અને શ્રી રમણભાઈ અને વસુબેન આવ્યાં. એમની સાથે પણ એમણે અર્ધો કલાક સુધી જ્ઞાનગોષ્ઠિ કરી.

એટલામાં પાંચના ટકોરા થયા. એમણે કહ્યું : "ચન્દ્રપ્રભ ! વહોરવાનો સમય થઈ ગયો છે. જા. જરાક કંઈક નરમ મળે તો લાવજે." હું ખીચડી વહોરી લાવ્યો. એમણે વાપરી. પછી કહે :

'તારા ગયા પછી એક ભાઈ બહુ આગ્રહ કરતા હતા એટલે મેં જરાક દૂધપાક વહોર્યો છે. આ તું વાપરી જા."

મેં એમના હાથનો એ અમૃતકટોરો વાપર્યો. એ દિવસે અંગ્રેજી તારીખ પ્રમાણે મારો જન્મ-દિન હતો.

એમ કરતાં સાંજ પડી. એ દિવસે સવારે મુંબઈ-થી શ્રી મનસુખલાલ. એલ. વસા અને દિનેશભાઈ કેવળચંદ મહેતા વંદનાર્થે આવ્યા હતા. એ કહે: 'સાહેબ! અમે જમીને પાછા આઠ વાગે આપની પાસે આવીએ છીએ. અને પછી વાસક્ષેપ નંખાવી અહીંથી સીધા જ સ્ટેશન જઈશું."

મહારાજશ્રી જાણે કાળના ગર્ભમાં રહેલ સંકે-તને જાણતા હોય તેમ બોલ્યા :

"ના. પછીની વાત પછી. અત્યારે જ વાસક્ષેપ નખાવી લો." અને પોતે મંત્ર ભણી પ્રસન્નતાપૂર્વક વાસક્ષેપ નાખ્યો.

વાસક્ષેપ લઈ એ બન્ને મારી પાસે આવ્યા અને વાતો કરવા બેઠા. એટલામાં મહારાજશ્રીનું પ્રેમાળ સંબોધન સંભળાયું :

'અરે ભાઈ! વાતોમાં સમય કેટલો વીત્યો તે ખબર છે? હવે સાત થવા આવ્યા છે. સૂર્યાસ્તની વેળા થશે, પાણી ચૂકવી લો.' અને એમ કહેતાંની સાથે એ પોતે જ પાણી ભર્યું પાત્ર લઈ આવી પહોંચ્યા!

આ શબ્દો લખતાં એ જીવંત દૃશ્યના સ્મરણથી મારું હૃદય ભરાઈ આવે છે. મને ક્યાં ખબર હતી કે આ પાણી નથી પણ વાત્સલ્ય અને પ્રેમથી ભરેલું એમના હાથનું આ છેલ્લું અમૃતપાન છે!

હું એ પાત્ર પી ગયો!

એવામાં સંઘના મંત્રી શ્રી કીર્તિકરભાઈ અને ડૉ. શ્રી મંગળદાસભાઈ પ્રતિક્રમણ કરવા આવ્યા. એમણે આવીને સામાયિક લીધું. મહારાજશ્રી સ્થંડિલ જઈ રહ્યા હતા. જતાં જતાં તે બન્નેને એમણે કરેમિ ભન્તે ઉચ્ચરાવ્યું અને મને કહેતા ગયા, "આસન અને સ્થાપનાચાર્ય ગોઠવો. આવીને પ્રતિક્રમણ શરૂ કરીએ. કારણ કે સંઘ ભેગો થવાનો છે. આપણે વહેલા તૈયાર થઈ જઇએ."

સાચી વાત છે: મહાપુરુષોનું આવું જ થાય છે: Départure becomes a cause of meeting મહાપુરુષોની વિદાયે મિલનનું નિમિત્ત થઈ જાય છે:

હું આ બધું કરી રહ્યો. એટલામાં મહારાજ પાછા આવ્યા. મને કહે: 'ચન્દ્રપ્રભ! મને ગભરામણ થાય છે. સાંજે ખીચડી વાપરી એટલે તો આમ નહિ થતું હોય ને? લાવ જરા આરામ કરું. તું મારા પેટ અને છાતી પર હાથ ફેરવ."

હું એમના કહેવા પ્રમાણે કરી જ રહ્યો હતો. મને ખબર ન હતી કે આ ગંભીર પળ છે. હું તો સામાન્ય માનતો હતો. ત્યાં ભૂતપૂર્વ નાયબ નાણાં–

પ્રધાન શ્રી મણિભાઈ આવ્યા. એમણે એમની પુત્રીને ડૉક્ટરને તેડવા મોકલી ત્યાં મહારાજશ્રી બેઠા થયા. અને સ્વયં પોતે જ 'નમો અરિહંતાણું'' બોલવા લાગ્યા.

આ મંત્ર પોતે ચાલીસેક વાર બોલ્યા ત્યાં ડૉક્ટર આવ્યા. એટલામાં તો મહારાજશ્રીએ 'અરિહંત' કહેતાં મારા ખોળામાં પોતાનું શરીર લંબાવી દીધું....

મારે માટે સારાય જીવનમાં પ્રત્યક્ષ મૃત્યુનું આ પ્રથમ દર્શન હતું. વિપલ મને વ્યાકુલતા થઈ. મેં કહ્યું : બાપુ! મહારાજશ્રી! બાપા....'

પણ એ ચિર નિદ્રામાં સમાધિપૂર્વક પોઢી ગયા હતા. મૃત્યુદ્વારા એ જીવન અને મોતને જ જીતી ગયા. એમના મુખ પર જીવનતૃપ્તિની પ્રસન્નતા અને દિવ્ય શાન્તિ પ્રસરેલી હતી. એ જાણે કહી રહ્યા હતા, જોઈ લો આ જીવન. આ મૃત્યુ. Live to Die. Die to live.

* * *

છેલ્લે દિવસે જે 'જિન ચન્દ્રકાન્ત ગુણમાળા'નું એમણે સ્મરણ કર્યું હતું, એ એમની પ્રિય કૃતિની આ ત્રીજી આવૃત્તિ એમના સ્વર્ગવાસના પ્રથમ સંવત્સરના દિવસે અક્ષરદેહે નવજન્મ પામે છે.

શ્રી નમિનાથ જૈન ઉપાશ્રય
પાયધુની, મુંબઈ ૩
તા. ૨૬-૬-૬૦

ચન્દ્રપ્રભસાગર

# શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટનાં

## ત્રણ વર્ષનાં પુસ્તકો

### ૧લું વર્ષ : વિ. સં. ૨૦૧૩

| નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત |
|---|---|---|---|
| *૧ | ભગવાન મહાવીર | શ્રી. જયભિખ્ખુ | ૩–૦૦ |
| *૨ | સદ્વાચનમાળા શ્રેણી ૧લી | ,, | ૨–૫૦ |
| ૩ | સુવર્ણ કંકણ | શ્રી. રતિલાલ દેસાઈ | ૧–૦૦ |
| ×૪ | સૌરભ | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨–૦૦ |
| ૫ | સતની બાંધી પૃથવી | શ્રી. જયભિખ્ખુ | ૨–૦૦ |
| ૬ | સદ્વાચનમાળા શ્રેણી ૨ જી | ,, | ૨–૫૦ |
| *૭ | અક્ષય તૃતીયા | ,, | ૦–૪૫ |
| | | | ૧૩–૪૫ |

### ૨જું વર્ષ : ૨૦૧૪

| નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત |
|---|---|---|---|
| ૮ | ભગવાન ઋષભદેવ | શ્રી. જયભિખ્ખુ | ૩–૫૦ |
| ૯ | વીરડાનાં પાણી | શ્રી. ઉષા જોષી | ૨–૦૦ |
| ×૧૦ | ભવનું ભાતું | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૧–૨૫ |
| ૧૧ | સદ્વાચનમાળા શ્રેણી ૩ જી | શ્રી. જયભિખ્ખુ | ૨–૫૦ |
| ૧૨ | પાપ અને પુણ્ય | શ્રી. જયભિખ્ખુ અને સત્યમ્ | ૨–૦૦ |
| ૧૩ | પ્રેમપંથ પાવકની જ્વાળા | શ્રી. જયભિખ્ખુ | ૧–૫૦ |
| ૧૪ | દહીંની વાટકી | શ્રી. જયભિખ્ખુ | ૦–૪૫ |
| | | | ૧૩–૨૦ |

## ૩જું વર્ષ : ૨૦૧૫

| નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત |
|---|---|---|---|
| ૧૫ | પ્રેમનું મંદિર | શ્રી. જયભિખ્ખુ | ૩–૫૦ |
| ૧૬ | જગતશાહ | શ્રી. ગુણવંતરાય આચાર્ય | ૩–૦૦ |
| *૧૭ | હવે તો જાગો | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨–૦૦ |
| ૧૮ | શ્રી નેમ-રાજુલ | શ્રી. જયાબહેન ઠાકોર | ૨–૫૦ |
| ૧૯ | આંબે આવ્યો મોર | શ્રી. જયભિખ્ખુ | ૧–૫૦ |
| ૨૦ | રાગ અને વિરાગ | શ્રી. રતિલાલ દેસાઈ | ૧–૨૫ |
| ૨૧ | બિન્દુમાં સિન્ધુ | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૦–૬૫ |
| | | | ૧૪–૪૦ |

### પ્રકીર્ણ

| | | | |
|---|---|---|---|
| ૨૨ | ઉગમતે-પ્રભાતે | શ્રીમદ્ રાજચંદ્ર | ૦–૭૫ |
| *૨૩ | રાજા શ્રીપાળ | શ્રી. જયભિખ્ખુ | ૦–૬૦ |
| *૨૪ | જીવનમાં ધર્મ | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૦–૨૫ |
| *૨૫ | શ્રી સ્નાત્ર પૂજા | પં. વીરવિજયજીકૃત | ૦–૫૦ |

## ૪થું વર્ષ : વિ. સં. ૨૦૧૬

| | | | |
|---|---|---|---|
| ૨૬ | સંસારસેતુ | શ્રી. જયભિખ્ખુ | ૩–૫૦ |
| | સદ્વાચનમાળા શ્રેણી ૪થી | ,, | ૨–૫૦ |
| | માતૃદેવો ભવ | શ્રી. સુશીલ | |
| | નૈવેદ્ય (દ્વિરંગી) | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | |
| | અકલંક મોતી | શ્રી. કૃષ્ણશંકર શાસ્ત્રી | |
| | આનંદઘન | પ્રો. ધીરુભાઈ ઠાકર | |

---

* આ પુસ્તકોની બીજી આવૃત્તિ છપાઈ ગઈ છે.

× આ પુસ્તકોની બીજી આવૃત્તિ છપાય છે.

રાજપ્રશ્ન (શ્રીમદ્ રાજચંદ્ર) છપાય છે.



શાહ ચંદુલાલ છગનલાલ

અમદાવાદ.

| | |
|---|---|
| જન્મ : | દેહોત્સર્ગ : |
| સં. ૧૯૩૨ | સં. ૨૦૦૬ |
| માહ સુદ ૫ | પોષ વદી ૮ |

ફીનીક્ષ પ્રીન્ટીંગ વર્કસ, અમદાવાદ.



# અનુક્રમણિકા


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પ્રાર્થના | ૧ |
| ૨ | ચૈત્યવંદન-વિધિ | ૭ |
| ૩ | ગુરુવંદનનો વિધિ | ૧૩ |
| ૪ | સામાયિક લેવાનો વિધિ | ૧૪ |
| ૫ | સામાયિક પારવાનો વિધિ | ૧૮ |
| ૬ | શ્રી પચ્ચક્ખાણુ સંગ્રહ | ૧૯ |
| ૭ | સાંજનાં પચ્ચક્ખાણો | ૨૨ |
| ૮ | ગૃહસ્થને પચ્ચક્ખાણુ પારવાનો વિધિ | ૨૩ |
| ૯ | આયંબિલ-નીવી, એકા૦ બિયા૦ વિ. પારવાનો વિધિ | ૨૪ |
| ૧૦ | તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણુ પારવાનો વિધિ | ૨૪ |
| ૧૧ | શ્રી કલ્યાણક-આરાધન-વિધિ | ૨૫ |
| ૧૨ | પચ્ચક્ખાણુમાં આવતા શબ્દોના અર્થ | ૨૬ |
| ૧૩ | પોસહ લેનારને કેટલીક સૂચના | ૩૦ |
| ૧૪ | પોસહના પ્રકાર | ૩૧ |
| ૧૫ | પોસહમાં જોઈતાં ઉપકરણો | ૩૨ |
| ૧૬ | માથે કામળી નાંખવાનો કાળ | ૩૨ |
| ૧૭ | ઊના પાણીનો કાળ | ૩૩ |
| ૧૮ | પડિલેહણના બોલની સમજ | ૩૩ |

૧૯ ઈરિયાવહિ કરવાનો વિધિ ૩૫
૨૦ ગમણાગમણે આલોવવાની વિધિ ૩૫
૨૧ જિનમંદિરે જવાનો વિધિ ૩૬
૨૨ માત્રું (પેશાબ) કરવા જવાનો વિધિ ૩૭
૨૩ સ્થંડિલ જવાનો વિધિ ૩૭
૨૪ કાજો લેવાનો વિધિ ૩૮
૨૫ પડિલેહણનો વિધિ ૩૯
૨૬ દેવ વાંદવાનો વિધિ ૩૯
૨૭ પોસહ લેવાનો વિધિ ૪૬
૨૮ સવારે ઘેર પડિલેહણ અને દેવવંદન કર્યું હોય તેનો વિધિ ૫૦
૨૯ ઘેર પ્રતિક્રમણ કર્યું હોય, પડિલેહણ દેવ-વંદન કર્યું ન હોય તેણે ઉપાશ્રયે જઈને કરવાની વિધિ ૫૨
૩૦ પોરિસિ ભણાવવાનો વિધિ ૫૩
૩૧ રાઈમુહપત્તિ પડિલેહવાનો વિધિ ૫૪
૩૨ પચ્ચખ્ખાણ પારવાનો વિધિ ૫૬
૩૩ આયંબિલ-નીવી, એકા૦ કરવાવાળાએ ઘેર આહાર કરતી વેળાએ કરવાનો વિધિ ૫૯
૩૪ રાત્રિપોસહનો વિધિ ૬૧
૩૫ દિવસ તથા રાત્રિ-બધા પોસહવાળાએ સાંજના પડિલેહણ કરવાનો વિધિ ૬૨
૩૬ સાંજના (પ્રતિક્રમણ પહેલાં) બધા પોસહવાળાએ સાથે દેવ વાંદવાનો વિધિ ૬૬

૩૭ પ્રતિક્રમણ શરૂ કર્યા પહેલાં રાત્રિ–પોસહવાળાએ અથવા દિવસ અને રાત્રિનો પોસહ કરવાવાળાએ ક્રિયા કરવાનો વિધિ ૬૬

૩૮ પોસહ પારવાનો વિધિ ૬૯

૩૯ સંથારા પોરિસિનો વિધિ ૭૧

૪૦ સંથારાનો વિધિ ૭૪

૪૧ પોસહવાળાને બીજે દિવસે સવારના પ્રતિક્રમણનો વિધિ ૭૫

૪૨ સવારે પોસહ પારવાનો વિધિ ૭૬

૪૩ શ્રી અક્ષયનિધિ, વીશ સ્થાનક, ચૌદ પૂર્વ, સિદ્ધાચલજીના બે અઠ્ઠમ, સાત છઠ, બીજ, જ્ઞાનપંચમી, અષ્ટમી, પોષ દશમી, મૌન એકાદશી, રોહિણી, સિદ્ધિતપ–વગેરે તપનો વિધિ ૭૮ થી ૯૫

૪૪ શ્રી દિવાળીપર્વનું ગણણું ૯૫

૪૫ દેવસી, રાઈ, પખ્ખી, ચઉમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ–વિધિ ૯૭ થી ૧૦૭

૪૬ શ્રી દેવ વાંદવાનો વિધિ ૧૦૭


## ચૈત્યવંદનો


૪૭ શ્રીઋષભદેવસ્વામીથી વર્દ્ધમાનસ્વામી સુધીનાં ૧૦૯થી૧૧૭

૪૮ પર્વતિથિ–બીજ, જ્ઞાનપંચમી, અષ્ટમી અને એકાદશી ૧૧૮થી૧૨૦

૪૯ ચોવીસ જિનનાં લંછનનું ચૈત્યવંદન ૧૨૧

૫૦ શ્રી જિનપૂજાનું ચૈત્યવંદન ૧૨૨

૫૧ શ્રી સિદ્ધાચળજીનાં 'વિમલ કેવલ' વગેરે–૩ (ત્રણ) તથા પુંડરીકસ્વામીનાં–૨ (બે) ૧૨૪થી૧૨૭

૫૨ શ્રી પરમાત્માનું ચૈત્યવંદન ૧૨૭
૫૩ શ્રી વીશ વિહરમાનનું-૧, તથા સીમંધરસ્વામીનાં-૩ ૧૨૮ થી ૧૩૧
૫૪ શ્રી પંચપરમેષ્ઠીનું ચૈત્ય૦'બાર ગુણ અરિહંત દેવ' ૧૩૧
૫૫ પર્યુષણ પર્વનાં-(બે) ચૈત્યવંદનો ૧૩૧થી૧૩૩
૫૬ શ્રી પાર્શ્વનાથનાં-૫, (પાંચ) ચૈત્યવંદનો ૧૩૨થી૧૩૮
૫૭ શ્રી ચોવીશ જિનનું ચૈત્ય. 'ઋષભ,અજિત,સંભવનમો'૧૩૯
૫૮ શ્રી સિદ્ધચક્રનું ચૈત્ય૦'જો ધુરિ સિરિ અરિહંત મૂલ'૧૩૯
૫૯ શ્રી નવપદજીનું ચૈત્ય૦ 'ઉપ્પન્નસન્નાણ મહોમયાણ' ૧૪૦
૬૦ શ્રી ચોવીશ જિનના શરીરના વર્ણનું ચૈત્ય૦ 'પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય' ૧૪૦
૬૧ શ્રી શત્રુંજયનું ચૈત્ય૦ 'શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર' ૧૪૧
૬૨ શ્રી ઋષભદેવનું ચૈત્ય૦ 'જયજય નાભિ નરિંદનંદ' ૧૪૧
૬૩ શ્રી કેવલજ્ઞાનીનું ચૈત્ય૦ 'શ્રી જિન ચઉનાણી થઈ' ૧૪૧
૬૪ શ્રી સિદ્ધ પરમાત્માનું ચૈત્ય૦ 'અજ અવિનાશી અકલંક જે' ૧૪૨
૬૫ શ્રી વીશ સ્થાનકનું ચૈત્ય૦ 'પહેલે પદ અરિહંત નમું' ૧૪૩
૬૬ 'જયજય તું જિનરાજ આજ'(સામાન્ય જિન ચૈત્ય૦)૧૪૪
૬૭ 'સોળે જિનવર શામળા' (એક સો સિત્તેર જિન ચૈત્ય૦)૧૪૪
૬૮ 'સુખદાઈ શ્રી આદિજિણંદ, અષ્ટાપદ વંદો' (પંચતીર્થ) ૧૪૫
૬૯ 'આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ' (પંચતીર્થ) ૧૪૫

૭૦ 'પ્રથમ તીર્થંકરતણા હુવા, ભવ તેર કહીજે' ૧૪૬
૭૧ 'પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ (પરમાત્માનું) ૧૪૬
૭૨ સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિયને ઉપજવાનાં ૧૪ સ્થાનક. ૧૪૭
૭૩ 'અરિહંત અરિહંત સમરતાં' (સાંજે બોલવાના દુહા) ૧૪૮
૭૪ 'સમરો મંત્ર ભલો નવકાર' (સાંજે બોલવાના દુહા) ૧૪૯
૭૫ સોળ સસ્સા સદ્ગુરુસેવા........ ૧૫૦
૭૬ શ્રી સિદ્ધચલજીના દુહા 'પ્રાયે એ ગિરિ શાશ્વતો.' ૧૫૦

## પર્વતિથિ તથા તીર્થાદિનાં સ્તવનો

૭૭ પ્રણમી શારદમાય શાસન વીર સુહંકરુજી (બીજનું) ૧૫૨
૭૮ સરસ વચનરસ વરસતી, સરસતી કળાભંડાર (બા) ૧૫૩
૭૯ સુત સિદ્ધારથ ભૂપનો રે, સિદ્ધારથ ભગવાન (જ્ઞાનપંચમીનું) ૧૫૬
૮૦ શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન (કેવલજ્ઞાનનું) ૧૬૫
૮૧ હાંરે મારે ઠામ ધરમના, સાડા પચવીશ દેશ જો. (અષ્ટમીનું) ૧૬૬
૮૨ જગતપતિ નાયક નેમિ નેમિ જિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા (એકાદશીનું) ૧૬૯
૮૩ શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દીવાજે રે (અષ્ટમીનું) ૧૭૧
૮૪ શ્રીમાન્ યશોવિજયજી વિરચિત ચોવીશી ૧૭૩ થી ૧૯૧
૮૫ શ્રી આનંદઘનજીકૃત ચોવીશી ૧૯૨ થી ૨૧૮

૮૬ શ્રી ઋષભજિનનાં સ્તવનો—૯ ૨૧૯ થી ૨૨૬
૮૭ શ્રી અજિતનાથ જિનનાં સ્તવનો—૨ ૨૨૬ થી ૨૨૮
૮૮ શ્રી સંભાવનાથ જિનનાં સ્તવનો—૩ ૨૨૮ થી ૨૩૧
૮૯ તુમે જોજો જોજો રે, વાણીનો પ્રકાશ તુમે.
(શ્રી અભિનંદનસ્વામી) ૨૩૧
૯૦ તુમ્હે હો પર ઉપકારી, સુમતિ જિન તુમ્હો ૨૩૩
૯૧ પદ્મપ્રભુ પ્રાણસે પ્યારા, છોડાવો કર્મની ધારા ૨૩૩
૯૨ મેં કીનો નહિ, તુમ બીન ઓરસું રાગ
(શ્રી સુવિધિનાથજી) ૨૩૪
૯૩ શ્રી શાંતિનાથસ્વામીનાં સ્તવનો—૫ ૨૩૫ થી ૨૩૯
૯૪ પંચમ સુરલોકના વાસી રે (શ્રી મલ્લિનાથજી) ૨૩૯
૯૫ મુનિસુવ્રત કીજે મયા રે, મનમાંહિ ધરી મહિર ૨૪૦
૯૬ પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો........
(શ્રી નેમનાથજી) ૨૪૧
૯૭ શ્રી પાર્શ્વજિન સ્તવનો—૭ ૨૪૨ થી ૨૪૬
૯૮ શ્રી મહાવીરજિનનાં સ્તવનો—૭. ૨૪૭ થી ૨૫૩
૯૯ માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે (હાલરડું) ૨૫૩
૧૦૦ શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ ભવનું પંચઢાલિયું ૨૫૭
૧૦૧ શત્રુંજે ઋષભ સમોસર્યા (તીર્થમાળાનું) ૨૬૪

## શ્રી સિદ્ધાચળજીનાં સ્તવનો

૧૦૨ વિમલાચળ નિત્ય વંદીએ, કીજે એહની સેવા. ૨૬૫
૧૦૩ સિદ્ધાચળનો વાસી પ્યારો લાગે મોરા રાજીંદા ૨૬૬

૧૦૪ વિમલગિર કયું ન ભયે હમ મોર—વિ૦ ૨૬૬
૧૦૫ તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું ૨૬૭
૧૦૬ શેત્રુંજા ગઢના વાસી રે, મુજરો માનજો રે. ૨૬૮
૧૦૭ વિમલાચલ ગિરિ ભેટો, ભવિયણ ભાવશું ૨૬૯
૧૦૮ ચાલોને પ્રીતમજી પ્યારા શત્રુંજે જઈએ. ૨૭૦
૧૦૯ ચાલો ચાલો વિમળગિરિ જઈએ રે, ભવજલ
તરવાને. ૨૭૧
૧૧૦ તુમે તો ભલે બિરાજોજી ૨૭૨
૧૧૧ ગિરિવર દરિસણ વિરલા પાવે ૨૭૩
૧૧૨ પ્રભુ તુંહિ તુંહિ તુંહિ તુંહિ, તુંહિ ધરતાં ધ્યાન રે. ૨૭૪
૧૧૩ સિદ્ધગિરિ તીરથ જૈસા, ઔર નહિ ધામ હે. ૨૭૫
૧૧૪ વીરજી આવ્યા રે, વિમળાચળકે મેદાન. ૨૭૬
૧૧૫ મારું મન મોહ્યું રે, શ્રી સિદ્ધાચળે રે. ૨૭૭
૧૧૬ શ્રી રે સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાયો ૨૭૮
૧૧૭ મનના મનોરથ સવિ ફળ્યા એ, સિધ્યા વંછિત કાજ ૨૭૯
૧૧૮ સિદ્ધાચળ ગિરિ ભેટયા રે, ધન ભાગ્યા હમારા. ૨૮૦
૧૧૯ વિમળાચળ વિમળા પ્રાણી, શીતળ તરુ છાયા ઠરાણી ૨૮૦
૧૨૦ યાત્રા નવાણું કરીએ વિલમગિરિ, યાત્રા નવાણું કરીએ ૨૮૧
૧૨૧ એક દિન પુંડરિક ગણધરુ રે લાલ.
( શ્રી પુંડરિકસ્વામી) ૨૮૨
૧૨૨ સ્વામી સીમંધર વિનતિ, સાંભળો માહરી દેવ રે ૨૮૩
૧૨૩ પુખ્ખલવઈ વિજયે જયો રે (શ્રી સીમંધરસ્વામી) ૨૮૫
૧૨૪ તારી મુદ્રાએ મનડું મોહ્યું રે (શ્રી સીમંધરસ્વામી) ૨૮૬
૧૨૫ અનંતવીરજ અરિહંત ! સુણો મુજ વિનતિ ૨૮૬

૧૨૬ સાહેબ બાહુ જિનેશ્વર વિનવું, વિનતડી અવધારહો ૨૮૮
૧૨૭ સીમંધર યુગમંધર બાહુ, ચોથા સ્વામી સુબાહુ ૨૮૯
૧૨૮ પ્રભુ તેરો મોહન હૈ મુખ મટકો (સામાન્ય) ૨૯૦
૧૨૯ જિન તેરે ચરનકી શરણ ગ્રહું—જિન૦ (સામાન્ય) ૨૯૧
૧૩૦ મનમાં આવજો રે નાથ, હું થયો આજ સનાથ. (સામાન્ય) ૨૯૧
૧૩૧ સકલ સમતા સુરલતાનો, તુંહિ અનોપમ કંદ રે (સામાન્ય) ૨૯૨
૧૩૨ ભરતાદિકે ઉદ્ધાર જ કીધો, શત્રુંજય મોઝાર ૨૯૩
૧૩૩ સમેતશિખર જિન વંદીએ, મોટું તીરથ એહ રે. ૨૯૫
૧૩૪ અષ્ટાપદગિરિ યાત્રા કરણકું, રાવણ પ્રતિહરિ આયા. ૨૯૬
૧૩૫ સિદ્ધચક્રવર સેવા કીજે, નરભવ લાહો લીજેજી. ૨૯૭
૧૩૬ જય જિનવર જગ હિતકારી રે (દિવાળી) ૨૯૮
૧૩૭ શ્રી આદીશ્વર અંતરયામી, જીવન જગત આધાર (રાયણ પગલાંનું) ૨૯૯
૧૩૮ પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યા પર્વ પજુસણ ભારી. ૩૦૦
૧૩૯ ચેતે તો ચેતાવું તુંને રે, પામર પ્રાણી (વૈરાગ્ય પદ) ૩૦૨
૧૪૦ પ્યારે પ્રભુકા ધ્યાન લગા તો સહી (વૈરાગ્ય વિષે) ૩૦૩
૧૪૧ શ્રી પુણ્ય પ્રકાશનું સ્તવન ૩૦૪

## સ્તુતિ—સંગ્રહ

૧૪૨ આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા (શ્રી આદીશ્વર) ૩૧૭
૧૪૩ ભવ્યાંભોજવિબોધનૈકતરણે વિસ્તારી કર્માવલી (,,) ૩૧૮

૧૪૪ વંદો જિન શાંતિ, જાસ સોવન્ન કાંતિ (શ્રી શાંતિનાથ) ૩૧૯
૧૪૫ શાંતિ સુહંકર સાહિબો; સંયમ અવધારે („) ૩૧૯
૧૪૬ શાંતિ જિનેશ્વર સમરીએ, જેની અચિરા માય („) ૩૨૦
૧૪૭ રાજુલ વર નારી, રૂપથી રતિ હારી (શ્રી નેમનાથજી) ૩૨૧
૧૪૮ સુર અસુર વંદિત પાદ પંકજ, મયણમલ્લ-
ક્ષોભિતં (શ્રી નેમનાથજી) ૩૨૨
૧૪૯ શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ. ૩૨૩
૧૫૦ પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફળી. ૩૨૪
૧૫૧ સકલ સુરાસુર સેવે પાયા (શ્રી પાર્શ્વનાથજી) ૩૨૪
૧૫૨ મનોહર મૂર્તિ મહાવીરતણી, જિણે સોળ પહોર
દેશના પભણી ૩૨૬
૧૫૩ જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ
(શ્રી મહાવીરસ્વામી) ૩૨૭
૧૫૪ ગંધારે મહાવીર જિણંદા, જેને સેવે સુરનરઈંદા („) ૩૨૭
૧૫૫ નક્ષત્ર રોહિણી જે દિન આવે, અહોરત્ત પૌષધ કરી
શુભ ભાવે. ૩૨૯
૧૫૬ શત્રુંજયમંડણ. રૂષભ જિણંદ દયાલ, (શત્રુંજયગિરિ) ૩૩૧
૧૫૭ જીહાં ઓગણોતેર કોડાકોડી, તેમ પંચાશી લખ
વળી જોડી. ૩૩૨
૧૫૮ શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરુ
ઉદાર. ૩૩૩
૧૫૯ શ્રી શત્રુંજય મુખ્ય તીર્થતિલકં, શ્રી નાભિરાજાંગજં,
(પંચતીર્થ) ૩૩૫

૧૬૦ વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિ-
ચાજી (સિદ્ધચક્ર) ૩૩૬
૧૬૧ પ્રહ ઊઠી વંદુ, સિદ્ધચક્ર સદાય (સિદ્ધચક્ર) ૩૩૬
૧૬૨ જિનશાસન વંછિત–પૂરણ દેવ રસાળ (સિદ્ધચક્ર) ૩૩૭
૧૬૩ વરસ દિવસમાં અષાડ ચોમાસું (પર્યુષણ) ૩૩૯
૧૬૪ પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી.૩૪૦
૧૬૫ ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી.૩૪૧
૧૬૬ શાસનનાયક વીરજી એ, પામી પરમ આધાર તો. ૩૪૧
૧૬૭ જીવાજીવા પુન્ય ને પાવા, આશ્રવ સંવર તત્તાંજી
(નવતત્ત્વની) ૩૪૨
૧૬૮ ઊઠી સવેરે સામાયિક લીધું, પણ બારણું નવિ
દીધુંજી. ૩૪૩
૧૬૯ સોવનવાડી ફૂલડે છાઈ, છાબ ભરી હું લાવુંજી. ૩૪૫
૧૭૦ વીશ સ્થાનક તપ વિશ્વમાં મોટો, શ્રી જિનવર કહે
આપજી. ૩૪૫
૧૭૧ અજુવાળી તે બીજ સોહાવે રે (બીજની સ્તુતિ,
શ્રી સીમંધરસ્વામી) ૩૪૬
૧૭૨ શ્રી સીમંધર દેવ સુહંકર, મુનિ મન પંકજ હંસાજી ૩૪૭
૧૭૩ શ્રી નેમિઃ પંચરૂપત્રિદશપતિકૃત–પ્રાજ્યજન્માભિષેકઃ
શશ્વત્ (પંચમી) ૩૪૭
૧૭૪ શ્રાવણ સુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિ
જિણંદ તો. ૩૪૮
૧૭૫ એકાદશી અતિ રૂઅડી, ગોવિંદ પૂછે નેમ
(એકાદશી) ૩૪૯

૧૭૬ નયરી દ્વારાવતી કૃષ્ણ નરેશ, રાજા રાજ કરે સવિશેષ. ( એકાદશી ) ૩૫૦
૧૭૭ પ્રહ ઊઠી વંદું, ઋષભદેવ ગુણવંત. (શ્રી ઋષભદેવ) ૩૫૨
૧૭૮ સુમતિ સુમતિદાયી, મંગલા જાસ માઈ ( શ્રી સુમતિનાથ ) ૩૫૨
૧૭૯ શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવા પામી. ૩૫૨
૧૮૦ અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી ૩૫૨
૧૮૧ મલ્લિ જિન નમીએ, પૂર્વલાં પાપ ગમીએ. ૩૫૩
૧૮૨ ભીડભંજન પાસ પ્રભુ સમરો ( શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ) ૩૫૩
૧૮૩ વીરં દેવં નિત્યં વંદે, જૈનાઃ પાદા યુષ્માન્ પાન્તુ ૩૫૩
૧૮૪ પુંડરીક ગણધર પાય પ્રણમીજે ( સિદ્ધાચલજી ) ૩૫૩

## (શ્રી આનંદઘનજીકૃત આધ્યાત્મિક પદસંગ્રહ)

૧૮૫ અબ હમ અમર ભયે ન મરેંગે. ૩૫૪
૧૮૬ આશા ઔરનકી કયા કીજે, જ્ઞાન સુધારસ પીજે. ૩૫૪
૧૮૭ પ્રભુ ભજ લે મેરા દિલ રાજી રે. ૩૫૫
૧૮૮ અવધૂ સો જોગી ગુરુ મેરા, ઈન પદકા કરે રે નિવેડા. ૩૫૫
૧૮૯ અવધૂ એસો જ્ઞાન બિચારી, વામે કોણ પુરુષ કુણ નારી. ૩૫૬
૧૯૦ રામ કહો રહેમાન કહો, કોઉ કાન કહો મહાદેવરી ૩૫૭
૧૯૧ બેર બેર નહિ આવે અવસર, બેર બેર નહિ આવે. ૩૫૭

## ( શ્રી ચિદાનંદજીકૃત )


૧૯૨ વિષય વાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે. ૩૫૮
૧૯૩ આતમ પરમાતમ પદ પાવે, જો પરમાતમ શું લય લાવે. ૩૫૯
૧૯૪ વિરથા જનમ ગમાયો, મૂરખ વિરથા. ૩૬૦
૧૯૫ લઘુતા મેરે મન માની, લઈ ગુરુગમ જ્ઞાન નિશાની. ૩૬૦
૧૯૬ અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઈ. અવધૂ. ૩૬૧
૧૯૭ જબ લગ આવે નહિ મન ઠામ. ( ઉપા. શ્રી. યશોવિજયજીકૃત ) ૩૬૨


## સજઝાયો


૧૯૮ મનમેં હી વૈરાગી ભરતજી, મનમેં હી વૈરાગી ( ભરત ચક્રવર્તી ) ૩૬૩
૧૯૯ પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય. ૩૬૪
૨૦૦ ધારિણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એક જ પુત્ર. ૩૬૪
૨૦૧ આપ સ્વભાવમાં, અવધૂ સદા મગનમેં રહેના ૩૬૫
૨૦૨ જિનવર રૂપ દેખી મન હરખિત ( દેવાનંદા ) ૩૬૬
૨૦૩ દ્વારિકા નગરીમાં નેમિ જિનેશ્વર ( કૃષ્ણજી ) ૩૬૮
૨૦૪ અનંતકાયના દોષ અનંતા, જાણી ભવિયણ પ્રાણી રે. ૩૬૯
૨૦૫ ઊંચા મંદિર માળિયાં, સોડ વાળીને સૂતો ( વૈરાગ્યની ) ૩૭૦

૨૦૬ જોઈ જતન કર જીવડા, આયુ અજાણ્યું જાય રે. ૩૭૧
૨૦૭ સુકૃતવલ્લી કાદંબિની, સમરી સરસતી માત
(સમકિતના સડસઠ બોલની–(બાર ઢાળ)
૩૭૨ થી ૩૮૧
૨૦૮ આઠ દૃષ્ટિની સજ્ઝાય--પ્રથમ–મિત્રા, બીજી–તારા, ત્રીજી–બલા, ચોથી–દીપ્રા, પાંચમી–થિરા, છઠ્ઠી–કાંતા, સાતમી–પ્રભા અને આઠમી–પરાદૃષ્ટિ–આઠ ઢાળ. ૩૮૧ થી ૩૯૦
૨૦૯ કાં નવિ ચિંતે હો ચિત્તમેં જીવડા, આયુ ગળે દિનરાત. ૩૯૦
૨૧૦ મારું મારું મ કર જીવ (આત્મહિત) ૩૯૧
૨૧૧ નાજી નાજી નાજી છેડો (રહનેમિ) ૩૯૨
૨૧૨ આતમરામે રે મુનિ રમે, ચિત્ત વિચારીને જોય રે (આત્મશિક્ષા) ૩૯૨
૨૧૩ શિયલ સમું વ્રત કો નહિ, શ્રી જિનવર એમ ભાખે રે. ૩૯૩
૨૧૪ રાજગૃહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે. (જંબૂસ્વામી) ૩૯૪
૨૧૫ સાંભળજો તમે અદ્ભુત વાતો, વયરકુંવર મુનિવરની રે. ૩૯૬
૨૧૬ બાર ભાવના માંહેલી પાંચમી અન્યત્વ ભાવના. (પાંચમી ભાવના ભાવીયે રે) ૩૯૭
૨૧૭ નરભવ નયર સોહામણું વણજારા રે, પામીને કરજે વ્યાપાર. ૩૯૯

૨૧૮ કહેજો ચતુર નર એ કોણ નારી, ધરમી જનને પ્યારી રે. ૪૦૦
૨૧૯ સુખ દુઃખ સરજ્યાં પામીયે રે, આપદ સંપદ હોય. ૪૦૧
૨૨૦ તે મુનિને કરું વંદન ભાવે, જે ષટ્કાય વ્રત રાખે રે (નવપદ) ૪૦૧
૨૨૧ શ્રી આત્મરક્ષા નવકાર મંત્ર. ૪૦૩

## ખાસ જાણવાલાયક પ્રશ્નોત્તરો

૨૨૨ પ્રકરણ ૧ લું–૧ થી ૨૦૬ પ્રશ્નોત્તરો. ૪૦૪ થી ૪૩૭
૨૨૩ ખાસ જાણવાલાયક સંખ્યાત્મક ૧ ની સંખ્યાથી ૨૨ ની સંખ્યા સુધી પાન ૪૩૮ થી ૫૨૫ સુધી
૨૨૪ શ્રી ચોવીસ તીર્થંકરનાં લંછન, આયુષ્ય, મોક્ષતિથિ. ૫૨૬
૨૨૫ શરીરમાન, યક્ષ ? યક્ષિણી, ગણધર, ગર્ભકાલ વગેરેનું કોષ્ટક. ૫૨૭
૨૨૬ આવતી ચોવીશીમાં કોના કોના જીવ તીર્થંકર થશે, તેમનાં કેવાં નામ રહેશે તથા તેમના જીવ હાલમાં ક્યાં છે તેની વિગત. ૫૨૮
૨૨૭ ભૂતકાળની ચોવીશીનાં નામો. ૫૩૦
૨૨૮ ચોવીશ દંડકનાં નામ. ૫૩૧
૨૨૯ અઠ્ઠાવીશની સંખ્યા અઠ્ઠાવીશ લબ્ધિ. ૫૩૧
૨૩૦ બત્રીસની સંખ્યા : (બત્રીશ અનંતકાય) ૫૩૨
૨૩૧ કેટલીક ઉપયોગી વિગતો; વર્ષમાં આવતી પર્વતિથિઓ. ૫૩૩
૨૩૨ ઉપયોગી મંત્રો. ૫૩૬

૨૩૩ શાશ્વતાં ચૈત્યો, શાશ્વતી પ્રતિમાઓ, ચોસઠ ઇંદ્રો. ૫૩૭
૨૩૪ ચોવીસ તીર્થંકરનાં મોક્ષકલ્યાણુક સ્થળો. ૫૩૮
૨૩૫ ૧૨૪ અતિચારોની સમજણ; મુહપત્તિના ૫૦ બોલ. ૫૩૮
૨૩૬ ઉત્કૃષ્ટ તથા જઘન્યકાળે તીર્થંકરાદિની સંખ્યા. ૫૩૮
૨૩૭ ચાલુ ચોવીશી અને આવતી ચોવીશીનાં મોક્ષસ્થળ. ૫૩૯
૨૩૮ અઢીસો અભિષેકની સમજ. ૫૩૯
૨૩૯ એક ક્રોડ ને સાઠ લાખ કળશોની સમજ.
૨૪૦ નવકાર મંત્ર ગણુવાથી લાભ. ૫૪૦
૨૪૧ બ્રહ્મચર્યનું ફળ. ૫૪૦
૨૪૨ દિગંબર અને શ્વેતાંબરનો માન્યતાભેદ. ૫૪૧
૨૪૩ દિગંબર અને શ્વેતાંબરના મત અને ગચ્છની ઉત્પત્તિ ૫૪૧
૨૪૪ સુઘોષા ઘંટ. ૫૪૧
૨૪૫ સમકિત પામ્યા પછીના તીર્થંકરોના ભાવો. ૫૪૧
૨૪૬ દિગંબરોના મત. પ્રમાણે સ્ત્રીઓ શું શું ન પામી શકે? ૫૪૨
૨૪૭ અહોરાત્રિના પૌષધનું ફળ. ૫૪૨
૨૪૮ સામાયિકનું ફળ. ૫૪૨
૨૪૯ શ્રાવકની સવાવસા દયાની સમજ. ૫૪૨
૨૫૦ ૐકારનું સ્વરૂપ. ૫૪૩
૨૫૧ ચોમાસી કાળની વિગત ૫૪૩
૨૫૨ જેવી ગતિ તેવી મતિ. ૫૪૪
૨૫૩ દેવતાઈ વર્ષની સમજ. ૫૪૪

૨૫૪ કેટલીક પરચુરણ વિગતો, તથા નવાણું પૂર્વની સમજ. ૫૪૫
૨૫૫ સંસ્કાર શુદ્ધિ, બાળકને હિતોપદેશ. ૫૫૨
૨૫૬ દેવપૂજા અને દર્શનની મહત્તા. ૫૫૪
૨૫૭ નરકનું સ્વરૂપ. ૫૫૫
૨૫૮ જીવનું સંસારપરિભ્રમણ તથા નિગોદનું સ્વરૂપ. ૫૫૭
૨૫૯ વિશિષ્ટ શ્રુતધરો-૬ શ્રુતકેવલી. ૫૬૩
૨૬૦ શ્રી મહાવીર પછી મોક્ષે ગયા તેની વિગત. ૫૬૩
૨૬૧ શ્રી મહાવીરસ્વામીની પાટે થયેલા આચાર્યોની પટ્ટાવલી ૫૬૬
૨૬૨ પદ્માવતી—આરાધના. ૫૬૯
૨૬૩ ચાર શરણાં. ૫૭૩
૨૬૪ શ્રી રત્નાકર પચીશી. ૫૭૫ થી ૫૮૧
૨૬૫ શ્રી શત્રુંજયના ૨૧ ખમાસમણાના દુહા. ૫૮૨
૨૬૬ શ્રીનવકાર મંત્રનો છંદ. ૫૮૭
૨૬૭ જીવોના ૫૬૩ પ્રકાર. ૫૯૦
૨૬૮ અંતિમ આરાધના. ૫૯૩ થી ૫૯૭

★

ॐ ह्रीँ श्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

# શ્રી જિન-ચંદ્ર-કાન્ત ગુણમાળા

## વિધિ-વિભાગ

### પ્રાર્થના

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમઃ પ્રભુઃ,
મંગલં સ્થૂલિભદ્રાદ્યા, જૈનો ધર્મોઽસ્તુ મંગલમ્.

ભગવાન મહાવીર એ મંગળ છે. શ્રી ગૌતમગણધર એ મંગલ છે. મહાસંયમી શ્રી સ્થૂલિભદ્ર એ મંગળ છે. શ્રી જૈન-ધર્મ એ મંગળ છે.

*

નમો દુર્વારરાગાદિ-વૈરિવારનિવારિણે,
અર્હતે યોગિનાથાય, મહાવીરાય તાયિને.

શ્રી જિનવર મુખવાસિની, જગમેં જ્યોતિ પ્રકાશ;
સરસ્વતી માત મયા કરી, પૂરો વંછિત આશ.

ઘણા જ કષ્ટથી દૂર કરી શકાય એવા રાગ, દ્વેષ વગેરે આન્તરિક શત્રુઓની સેનાને નિવારનાર, યોગીઓના સ્વામી અને જગતના જીવોનું રાગદ્વેષથી રક્ષણ કરનાર એવા અર્હંત ભગવાન મહાવીરને નમસ્કાર હો !

*

**પન્નગે ચ સુરેંદ્રે ચ, કૌશિકે પાદસંસ્પૃશિ,**
**નિર્વિશેષમનસ્કાય, શ્રીવીરસ્વામિને નમઃ.**

ડંખ મારવાની બુદ્ધિથી પગને સ્પર્શ કરનાર ચંડકૌશિક સર્પના ઉપર અને ભક્તિથી નમન કરવાની બુદ્ધિથી પગને સ્પર્શ કરનાર ઇન્દ્ર ઉપર પણ જે મહાશયનું મન સરખું જ છે તે મહાવીરને નમસ્કાર હો !

*

**ૐકારં બિન્દુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ,**
**કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ.**

બિંદુથી સહિત એવા જે ૐકારનું ધ્યાન યોગીઓ કરે છે અને જે કામ અને મોક્ષને દેનાર છે એવા ૐકારને નમસ્કાર હો.

*

**અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાઞ્જનશલાકયા,**
**નેત્રમુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમઃ.**

અજ્ઞાનના અંધકારથી અંધ એવા પ્રાણીઓને જ્ઞાનની

દેવ જપો અરિહંતને, ગુરુ સેવો નિર્ગ્રંથ;
દયા ધર્મ પાળો સદા, એ મુક્તિનો પંથ.

અંજનસળીથી અંજન આંજી જેણે અન્તર ચક્ષુઓ ઉઘાડી નાખ્યાં છે એવા સદ્ગુરુને નમસ્કાર હો !

*

**પૂર્ણાનન્દમયં મહોદયમયં, કૈવલ્યચિદૃઙ્મયમ્,**
**રૂપાતીતમયં સ્વરૂપરમણં, સ્વાભાવિકી શ્રીમયમ્,**
**જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં, સ્યાદ્વાદવિદ્યાલયમ્,**
**શ્રીસિદ્ધાચલતીર્થરાજમનિશં, વન્દેઽહમાદીશ્વરમ્.**

**અર્થ**—સંપૂર્ણ આનંદવાળા, મહાઉદયવાળા, કેવળજ્ઞાન અને કેવળદર્શનવાળા, અરૂપી, પોતાના જ સ્વરૂપમાં લીન, સ્વભાવથી જ શોભા યુક્ત, જ્ઞાનરૂપી પ્રકાશવાળા, કૃપારૂપી રસવાળા, અનેકાન્ત વિદ્યાનું સ્થાન અને શ્રી સિદ્ધાચલ તીર્થમાં બિરાજમાન એવા આદીશ્વર ભગવંતને હું હમેશાં વંદન કરું છું.

*

**નેત્રાનન્દકરી ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મંજરી,**
**શ્રીમદ્-ધર્મમહાનરેન્દ્રનગરી, વ્યાપલ્લતાધૂમરી,**
**હર્ષોત્કર્ષશુભપ્રભાવલહરી, રાગદ્વિષાં જિત્વરી,**
**મૂર્તિ: શ્રીજિનપુંગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહીનામ્.**

**અર્થ**—નેત્રને આનંદ આપનારી, ભવસમુદ્રમાં હોડી સમાન, કલ્યાણકારી વૃક્ષના મોર સમાન, શ્રીમાન્ ધર્મમહારાજાની નગરી, દુ:ખરૂપી લતાઓને ચીમળાવવામાં ધૂમાડા સમાન, હર્ષનો ઉત્કર્ષ

ધન વિના નિર્ધન દુ:ખી, તૃષ્ણાવંત ધનવાન;
કૌન સુખી સંસારમાં, સબ જગ દેખ્યા છાન.

કરવામાં શ્રેષ્ઠ-સુંદર પ્રભાવ લહરી, રાગ દ્વેષને જીતનારી શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમા જીવોનું કલ્યાણ કરનાર થાઓ.

**અર્હન્તો ભગવંત ઇન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,**
**આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકાઃ;**
**શ્રીસિદ્ધાન્ત-સુપાઠકા, મુનિવરા રત્નત્રયારાધકાઃ,**
**પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્.**

**અર્થ**—ઇન્દ્રોથી પૂજાયેલા અરિહંત ભગવંતો, સિદ્ધિ ગતિમાં રહેલા સિદ્ધ ભગવંતો, જિનશાસનની ઉન્નતિ કરનાર આચાર્ય ભગવંતો, શ્રી સિદ્ધાન્તને ભણાવનાર પૂજ્ય ઉપાધ્યાય ભગવંતો, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયીના આરાધનાર સાધુ ભગવંતો એ પાંચેય પરમેષ્ઠીઓ હમેશાં તમારું મંગલ કરો.

**અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ,**
**તસ્માત્ કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર!**

*

**પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાનિ ભૂતલે,**
**સ્વર્ગેઽપિ યાનિ બિંબાનિ, તાનિ વંદે નિરન્તરમ્.**

*

**ચિદાનંદૈકરૂપાય, જિનાય પરમાત્મને,**
**પરમાત્મપ્રકાશાય, નિત્યં સિદ્ધાત્મને નમઃ.**

**મારિયે આશા સાપિનિ, જીન ડસિયા સંસાર;**
**તાકી ઔષધ સંતોષ હૈ, યહ ગુરુમંત્ર વિચાર.**

દર્શનાત્ દુરિતધ્વંસી, વંદનાત્ વાંછિતપ્રદઃ,
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ.

*

જગત્ત્રયાધાર! કૃપાવતાર! દુર્વારસંસારવિકારવૈદ્ય!,
શ્રીવીતરાગ! ત્વયિ મુગ્ધાભાવાત્, વિજ્ઞ! પ્રભો! વિજ્ઞપયામિ
કિંચિત્.

*

નમસ્કારસમો મંત્ર, શત્રુંજયસમો ગિરિઃ,
વીતરાગસમો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ.

*

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્,
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્.

*

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવનિધ,
પ્રભુદર્શનથી પામીએ, સકલ પદારથ સિદ્ધ.

*

સકલકર્મવારી મોક્ષમાર્ગાધિકારી,
ત્રિભુવન – ઉપકારી, કેવળજ્ઞાનધારી;
ભવિજન નિત્ય સેવો દેવ એ ભક્તિભાવે,
એહિજ જિન ભજંતા સર્વ સંપત્તિ પાવે.

*

સાહેબકે દરબારમેં, સાચે કો શિરપાવ;
જૂઠ તમાચા ખાયગા, ક્યા રંક ક્યા રાવ.

જિનવર-પદ-સેવા સર્વ સંપત્તિદાઈ,
નિશદિન સુખદાઈ કલ્પવલ્લિ સહાઈ;
નમિ વિનમિ લહીજે સર્વ વિદ્યા વડાઈ,
રિષભ જિન સેવા સાધતા તેહ પાઈ.

*

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય;
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણાય.

# ચૈત્યવંદન-વિધિ

'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.' એમ ત્રણ ખમાસમણ દઈ, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું?' 'ઇચ્છં' એમ કહી નીચે મુજબ બોલવું.

સકલકુશલવલ્લિ પુષ્કરાવર્તમેઘો,
દુરિતતિમિરભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ,
ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ—
શ્રેયસે પાર્શ્વનાથઃ ॥ ૧ ॥

## જગચિન્તામણિ-ચૈત્યવન્દન

જગચિંતામણિ જગ-નાહ, જગ-ગુરુ જગરક્ખણ, જગ-બંધવ, જગસત્થવાહ, જગ-ભાવવિઅક્ખણ; અટ્ઠાવય સંઠવિય રૂવ, કમ્મટ્ઠ વિણાસણ; ચઉવીસંપિ જિણવર જયંતુ અપ્પડિહય-સાસણ. ॥ ૧ ॥

કમ્મભૂમિહિં, કમ્મભૂમિહિં, પઢમ સંઘયણિ, ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઇ; નવકોડિહિં કેવલીણ, કોડિસહસ્સ નવસાહૂ ગમ્મઇ; સંપઇ જિણવર વિસ મુણિ, બિહું કોડિહિં વરનાણ; સમણહ કોડિસહસદુઅ, થુણિજ્જઇ નિચ્ચ વિહાણિ ॥ ૨ ॥

તનકી ભૂખ તો તનિક હૈ, તીન પાવ ઓર શેર;
મનકી ભૂખ અનંત હૈ, નિગલત મેરુ સુમેર.

જયઉ સામિય, જયઉ સામિય, રિસહ સત્તુંજિ; ઉજ્જિંત પહુ નેમિજિણ, જયઉ વીર સચ્ચઉરિમંડણ; ભરૂઅચ્છહિં મુણિસુવ્વય, મુહરિપાસ દુહ-દુરિય-ખંડણ, અવરવિદેહિં તિત્થ-યરા, ચિહું દિસિ વિદિસિ જિંકેવિ; તીઆણાગયસંપઇઅ, વંદું જિણ સવ્વેવિ. ॥ ૩ ॥

સત્તાણવઇસહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠકોડિઓ; બત્તિસય બાસિઆઇં, તિઅલોએ ચેઇએ વંદે. પન્નરસ કોડિસયાઇં, કોડિ બાયાલ લક્ખ-અડવન્ના; છત્તીસ સહસ અસિઇં, સાસયબિંબાઇં પણમામિ ॥ ૪ ॥

## જં કિંચિ

જં કિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ; જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ. ૧

## નમુત્થુણં

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧ આઇગરાણં તિત્થ-યરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર-પુંડરીયાણં, પુરીસવરગંધહત્થીણં. ૩ લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઇવાણં, લોગપજ્જોગરાણં. ૪ અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં. ૫ ધમ્મ-દયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવર-ચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬ અપ્પડિહયવરનાણ-દંસણધરાણં, વિઅટ્ટ-

છઉમાણં. ૭ જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮ સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિગઇ-નામધેયં, ઠાણં, સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯ જે અ અઇયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઇઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦

## જાવંતિ ચેઇઆઇં

જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં. ૧

( એક ખમાસમણ દઈને )

## જાવંત કેવિ સાહૂ

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં. ૧

## નમોઽર્હત્

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ( કહી નીચેનું સ્તવન કહેવું અગર ઉવસગ્ગહરં કહેવું. )

## ઘાટકોપર

## શ્રી જીરાવલા પાર્શ્વજિન સ્તવન

( સુમતિનાથ ગુણ શું મિલીજી-એ રાગ )

પાર્શ્વ જિણંદ પ્રેમે મળ્યાજી, હવે કોણ કરે અન્ય વેઠ ?

ક્રોધી લોભી કૃપણ નર, માની ને મદ અંધ;
ચોર જુગારી ચુગલ નર, આઠે દેખત અંધ.

મુજ વીતી કહું વાતડીજી, તન–મન–ધન ધરી ભેટ,
જીરાવલ જિનશું લાગી પૂરણ પ્રીત....૧
સાહેબ ! હું રૂલ્યો ઘણુંજી, મિત્ર કર્યા બહુ વાર,
પતિ પત્ની માતા પિતાજી, શેઠ કિંકર કેઈ વાર....૨
મેં મુક્તિને કારણેજી, દેવ કર્યા બહુ જાત,
શંખ ચક્ર સુલોચનાજી, લઈ બેઠા ભલી ભાંત....૩
તાંડવ નૃત્ય કેઇ કરેજી, કેઇ કરે લીલા વિચિત્ર,
ભોળા જનને ભોળવેજી, જે તુમથી છે અમિત્ર....૪
પ્રીતિ હતી મુને ધર્મનીજી, પણ નવિ જાણ્યું સ્વરૂપ,
ધર્મ ધર્મ કરી જગ ફરુંજી, કોઇ ન કહે સત્ય રૂપ....૫
શાન્ત સુધારસ ઝીલતીજી, મૂર્તિ દીઠી મનોહાર,
ત્યાં મુજ ભક્તિ પ્રગટ થઈજી, વાત કહી એણીવાર....૬
ઘાટકોપરમાં ભેટીએજી, શ્રીજીરાવલ પાસ,
શાન્ત–સૃષ્ટિમાં શોભતાજી, પૂરે મુમુક્ષુની આશ....૭
**આનન્દ–ચન્દ્રને** દેખીનેજી, **સાગર** પામે ઉલ્લાસ,
**ચન્દ્રપ્રભ** જિન દેખીનેજી, તેમ પામે સુવિલાસ....૮

## શ્રી ઉવસગ્ગહરં–સ્તવનમ્

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહર–વિસનિન્નાસં, મંગલકલ્લાણ-આવાસં. ૧
વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ;
તસ્સ ગહરોગમારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં. ૨
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુફલો હોઈ;

આલસ ત્યજી ઉદ્યમ કરો, ચિત્તમાં કરી વિચાર;
સુખી થશો તેથી સદા, નહિ તો થશો ખુવાર.

નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં. ૩
તુહ સમ્મતે લદ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪
ઇઅ સંથુઓ મહાયસ! ભત્તિભર-નિબ્ભરેણ હિઅએણ;
તા દેવ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ! ૫

( પછી બે હાથ મસ્તકે જોડીને જય વીયરાય કહેવા. )

જય વીયરાય! જગગુરુ! હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં! ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઇટ્ઠફલ-સિદ્ધિ. ૧ લોગ-વિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ; સુહગુરુજોગો, તવ્વયણ સેવણા આભવમખંડા. ૨ વારિજ્જઇ જઇવિ નિઆણ-બંધણં વીયરાય! તુહ સમએ; તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩ દુક્ખખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ; સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ! પણામકરણેણં. ૪ સર્વમંગલમાંગલ્યં, સર્વ-કલ્યાણ-કારણં; પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૫

## અરિહંતચેઇઆણં

અરિહંતચેઇઆણં, કરેમિ કાઉસ્સગ્ગં. ૧ વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિ-લાભવત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ, ૨. સદ્ધાએ, મેહાએ, ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં. ૩

**સંપથી સંપત્તિ સંપજે, સંપથી જાય કલેશ;**
**જેના ઘરમાં સંપ નહિ, ત્યાં સુખ નહિ લવલેશ.**

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્ત-મુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ. ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને) નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વ સાધુભ્યઃ (કહી નીચે લખેલી સ્તુતિ અથવા કોઈ બીજી સ્તુતિ કહેવી.)

ભીડભંજન પાર્શ્વપ્રભુ સમરો, અરિહંત અનંતનું ધ્યાન ધરો;
જિન આગમ અમૃત પાન કરો, શાસનદેવી સવિ વિઘ્ન હરો.

અગનપલિતા રાજદંડ, ચોર-મુશ લે જાય;
ઇતના દંડ દુનિયા સહે, ધર્મદંડ સહ્યો ન જાય.

# ગુરુવંદનનો વિધિ

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસિહિઆએ મત્થએણ વંદામિ.

( એમ બે ખમાસમણ દઈ નીચે લખેલું ઇચ્છકાર બોલવું. )

ઇચ્છકાર સુહરાઇ, સુહદેવસિ, સુખતપ, શરીર નિરાબાધ, સુખસંજમ–જાત્રા નિર્વહો છોજી ? સ્વામિ સાતા છે જી ? ભાત પાણીનો લાભ દેજોજી.

પછી નીચે લખેલો અબ્ભુટ્ઠિઓ કહેવો—

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં* ખામેઉં ? ઇચ્છં ખામેમિ દેવસિઅં.*

જં કિંચિ અપત્તિઅં પરપત્તિઅં, ભત્તે, પાણે, વિણએ, વેઆવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ, જં કિંચિ મજ્ઝ વિણયપરિહીણં, સુહુમં વા બાયરં વા તુબ્ભે જાણહ અહં ન જાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં.

*

**जेवि गया मोक्खं, जेवि अ गच्छंति जे गमिस्संति ।**
**ते सव्वे सामाइयमाहप्पेणं मुणियव्वा ॥ १ ॥**

**અર્થ**—જેઓ મોક્ષમાં ગયા છે, જાય છે અને ભવિષ્યમાં જશે તે સામાયિકના મહાત્મ્યથી જાણવું.

---

* **સૂચના** :-૧ અહીં સવારમાં બાર વાગ્યા સુધીમાં 'દેવસિઅ'ના સ્થાને 'રાઈઅ" બોલવું ૨. પદવીધર હોય તો ઇચ્છાકાર પછી

**કાતર સમ દુર્જન કહ્યા, સજ્જન સોય સમાન;**
**કાતર કાપી જુદું કરે, સોય કરે સંધાન.**

# સામાયિક લેવાનો વિધિ

પ્રથમ ઊંચે આસને પુસ્તક સામે મૂકીને શ્રાવક, શ્રાવિકા, કટાસણું, મુહપત્તિ, ચરવલો લઈ, શુદ્ધ વસ્ત્ર પહેરી, જગ્યા પૂંજી, કટાસણા પર બેસી મુહપત્તિ ડાબા હાથમાં મુખ પાસે રાખી, જમણો હાથ સ્થાપનાજી સન્મુખ રાખી, નમો અરિહંતાણં ૧. નમો સિદ્ધાણં ૨. નમો આયરિયાણં ૩. નમો ઉવજ્ઝાયાણં ૪. નમો લોએ સવ્વસાહૂણં ૫. એસો પંચ નમુક્કારો ૬. સવ્વપાવપ્પણાસણો ૭. મંગલાણં ચ સવ્વેસિં ૮. પઢમં હવઈ મંગલં ॥ ૯ ॥

(એ રીતે એક નવકાર ગણી, પછી)

પંચિંદિઅ-સંવરણો, તહ નવવિહ-બંભચેર-ગુત્તિધરો; ચઉવિહ કસાયમુક્કો, ઈઅ અઠ્ઠારસ ગુણેહિં સંજુત્તો. ૧. પંચમહવ્વયજુત્તો, પંચ વિહાયારપાલણસમત્થો; પંચ સમિઓ તિગુત્તો, છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ. ૨.

(આ રીતે સ્થાપના કરવી. આગળથી તે સ્થાનકે આચાર્ય પ્રમુખની સ્થાપના કરેલી હોય, તો ત્યાં નવકાર અને પંચિંદિય ન કહેવા.)

---

૧ ખમાસમણ દેવું. ૩ પચ્ચક્ખાણ લેવું હોય તે દરેકને માટે અબ્ભુટ્ઠિઓ કહ્યા બાદ ખમાસમણ દઇ 'ઇચ્છકારી ભગવન્! પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ આપશોજી' એમ કહેવું.

વખત જશે વહી વાતમાં, કાળ ઝડપશે કાલ;
ચતુર હોય તો ચેતીને, તું તારું સંભાળ.

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ. ૩.

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં ૧. ઇરિયાવહિયાએ વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગદગ, મટ્ટી મક્કડાસંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા, ૫. એગિંદિયા બે ઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥ ૮ ॥

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ, પિત્તમુચ્છાએ ૧. સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવમાઇએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસગ્ગો ૩. જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસિરામિ ૫.

**ભૂલ થઈ કે ચેતવું, એ જ ખરો ઉપાય;**
**ભૂલ્યા ત્યાંથી ફરી ગણો, જેથી ભૂલ ગણાય.**

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો તે નીચે પ્રમાણે.)

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવિસંપિ કેવલિ ૧. ઉસભમજિઅં ચ વંદે, સંભવ-મભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠ-નેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય-રયમલા પહીણ-જરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થ-યરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવર-ગંભિરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

(પછી ખમાસમણ દેવું.)

ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં, જાવણિજ્જાએ નિસીહિ-આએ મત્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામા-યિક મુહપત્તિ પડિલેહું? ઇચ્છં,—

(એમ કહી મુહપત્તિ પડિલેહવી. પછી)

ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં, જાવણિજ્જાએ નિસીહિઆએ

મત્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક સંદિસાહું ? ઇચ્છં, ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ મત્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક ઠાઉં ? ઇચ્છં.

(એમ કહી બે હાથ જોડી એક નવકાર ગણીને પછી)

ઇચ્છકારિ ભગવન્! પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી એમ વડીલને કહેવું. વડીલ ન હોય તો હાથે ઉચ્ચરી લેવું:– કરેમિ ભંતે! સામાઇયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ. જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં; ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.–પછી, ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બેસણે સંદિસાહું ? ઇચ્છં. ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બેસણે ઠાઉં ? ઇચ્છં. ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય સંદિસાહું ? ઇચ્છં. ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય કરું ? ઇચ્છં. (એમ કહી બે હાથ જોડી ત્રણ નવકાર ગણવા.)

સામાયિક લેવાનો વિધિ સંપૂર્ણ.

---

તા. ક. સામાયિકનો કાળ બે ઘડી એટલે ૪૮ મિનિટનો સમજવો.

**મન મેલા તન ઊજળા, બગલા કપટી અંગ;**
**તાસે તો કૌવા ભલા, તન મન એક હી રંગ.**

# સામાયિક પારવાનો વિધિ

ખમાસમણ દઈ, ઇરિયાવહિયંથી લઈ અપ્પાણં વોસિરામિ સુધી કહી, એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધી, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ કરવો. તે પછી લોગસ્સ આખો કહી, ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! મુહપત્તિ પડિલેહું? ઇચ્છં, એમ કહી મુહપત્તિ પડિલેહવી. પછી એક ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક પારું ?, યથાશક્તિ. તે પછી બીજું ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક પાર્યું, તહત્તિ. એમ કહી કટાસણા ઉપર જમણો હાથ સ્થાપી એક નવકાર ગણી નીચે મુજબ બોલવું.

સામાઇયવયજુત્તો, જાવ મણે હોઈ નિયમસંજુત્તો; છિન્નઈ અસુહં કમ્મં, સામાઇય જત્તિયાવારા. ૧. સામાઈઅંમિ ઉ કએ, સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા; એએણ કારણેણં, બહુસો સામાઇઅં કુજ્જા. ૨

સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીશ દોષ માંહી જે કાંઈ દોષ લાગ્યો હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

(સ્થાપેલા સ્થાપનાચાર્યને સવળો હાથ રાખી એક નવકાર ગણી ઉઠાવી લેવા.)

**મન ચાહે ઘોડે ચડું, મોતી પહેરું કાન;**
**કાળને હાથ કમાન છે, છોડે ન વૃદ્ધ-જુવાન.**

# શ્રી પચ્ચક્ખાણ-સંગ્રહ

**નવકારશી-મુઠ્ઠીસહિઅંનું પચ્ચક્ખાણઃ**–ઉગ્ગએ સૂરે નમુક્કાર સહિઅં મુટ્ઠીસહિઅં પચ્ચક્ખાઈ ચઉવિહંપિ આહારં અસણં-પાણં-ખાઈમં-સાઈમં અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરઈ.

**પોરિસિ-સાઢપોરિસનું પચ્ચક્ખાણઃ**–ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં સાઢપોરિસિં, [ સૂરે ઉગ્ગએ [1]પુરિમડ્ઢં-અવડ્ઢં ] મુઠ્ઠીઅહિઅં પચ્ચક્ખાઈ. ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં-પાણં-ખાઈમં-સાઈમં અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરઈ.

**એકાસણા-બિયાસણાનું પચ્ચક્ખાણ વિગઇ સહિતઃ**–

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં, સાઢપોરિસિં મુઠ્ઠીસહિઅં પચ્ચક્ખાઈ ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વિગઇઓ પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં,

૧ પુરિમડ્ઢ અથવા અવડ્ઢનું પચ્ચક્ખાણ કરવું હોય તો આ પદ બોલવું.

દાંતે લૂણ જે વાપરે, કવળે ઊનું ખાય;
ડાબું પડખું દાબી સૂવે, તે ઘર વૈદ ન જાય.

સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, [1]એગાસણં-બિયાસણં પચ્ચક્ખાઇ તિવિહંપિ આહારં અસણં-ખાઇમં-સાઇમં અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા; અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઇ.

## આયંબિલનું પચ્ચક્ખાણ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં આયંબિલં પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં પચ્ચક્ખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણ-

---

૧. એકાસણું કરવું હોય તો 'એગાસણં'નો પાઠ બોલવો. અને બેઆસણનું પચ્ચક્ખાણ કરવું હોય તો કેવલ 'બિયાસણં' એ જ પદ બોલવું.

ગો ધન ગજ ધન બાજ ધન, ઔર રત્ન ધન ખાન;
જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂળ સમાન.

પસારેણં, ગુરુઅબ્ભુઠ્ઠાણેણં, પારિઠ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ.

**તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણઃ**—સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ, તિવિહંપિ આહારં અસણં—ખાઇમં—સાઇમં અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, પારિઠ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણહાર પોરિસિં—સાઢપોરિસિં મુઠ્ઠીસહિઅં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા, વોસિરઇ.

**ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણઃ**—સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં અસણં—પાણં—ખાઇમં—સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, પારિઠ્ઠાવણીયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

**પોસહનું પચ્ચક્ખાણઃ**—કરેમિ ભંતે! પોસહં આહારપોસહં દેસઓ, સવ્વઓ,[1] સરીરસક્કારપોસહં સવ્વઓ, બંભચેરપોસહં સવ્વઓ, અવ્વાવારપોસહં સવ્વઓ, ચઉવ્વિહં પો-

૧. ચઉવિહાર ઉપવાસવાળાને ' સવ્વઓ ' અને આયંબિલ—એકા-

સહં ઠામિ જાવ[2] દિવસં અહોરત્તં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં મણેણં-વાયાએ-કાયેણં ન કરેમિ, ન કારવેમિ તસ્સ ભંતે! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

## સાંજનાં પચ્ચક્ખાણો

**પાણહારનું પચ્ચક્ખાણઃ**-પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

**ચઉવિહારનું પચ્ચક્ખાણઃ**-દિવસચરિમં પચ્ચક્ખાઇ ચઉવ્વિહંપિ આહારં અસણં-પાણં-ખાઇમં-સાઇમં અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં,મહત્તરાગારેણં,સવ્વસમાહિવત્તિઆગારેણંવોસિરઈ.

**તિવિહાર-દુવિહારનું પચ્ચક્ખાણઃ**-દિવસચરિમં પચ્ચક્ખાઈ તિવિહંપિ (દુવિહંપિ) આહારં અસણં-ખાઇમં-સાઇમં (અસણં-ખાઇમં) અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

**દેશાવગાશિકનું પચ્ચક્ખાણઃ**-દેસાવગાસિઅં ઉવ-

---

ક્ષણાં (તિવિહાર ઉપવાસ)વાળાને 'દેસઓ' પદ કહેવું. ૨. દિવસનો પોસહ હોય તો 'જાવ દિવસં,' અહોરાત્રનો હોય તો 'જાવ દિવસં અહોરત્તં' અને કેવલ રાત્રિનો જ પોસહ કરનારે 'શેષ દિવસં' એ પદ બોલવું.

અતિ ભલા નહિ બોલના, અતિ ભલી નહિ ચૂપ;
અતિ ભલા નહિ બરસના, અતિ ભલી નહિ ધૂપ.

ભોગં, પરિભોગં, પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરઇ.

## ગૃહસ્થને પચ્ચક્ખાણ પારવાનો વિધિ

પ્રથમ ઇરિયાવહી, પછી 'જગચિંતામણી'નું ચૈત્યવંદન 'જય વીયરાય' સુધી કરવું. પછી ખમાસણ દઇ ઇચ્છા૦ કહી સજ્ઝાય કરું ? ઇચ્છં. કહી એક નવકાર ગણી 'મન્હ જિણાણં' ની સજ્ઝાય આ પ્રમાણે કહેવીઃ–'મંન્હ જિણાણં આણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં; છવ્વિહ–આવસ્સયંમિ, ઉજ્જુત્તો હોઇ પઇદિવસં. ૧. પવ્વેસુ પોસહવયં, દાણં સીલં તવો અ ભાવો.અ; સજ્ઝાય નમુક્કારો, પરોવયારો અ જયણા અ. ૨. જિણપૂઆ જિણથુણણં, ગુરુથુઅ સાહમ્મિઆણ વચ્છલં; વવહારસ્સ ય સુદ્ધી, રહજત્તા તિત્થજત્તા ય. ૩. ઉવસમવિવેકસંવર, ભાસાસમિઈ છજીવકરુણા ય; ધમ્મિઅજણસંસગ્ગો, કરણદમો ચરણપરિણામો. ૪. સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં પભાવણા તિત્થે; સટ્ઠાણકિચ્ચમેઅં, નિચ્ચં સુગુરુવએસેણં ૫. પછી ખમાસમણ દઇ ઇચ્છા. મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમાસમણ દઇ 'ઇચ્છા–સંદિ. પચ્ચક્ખાણ પારું ?' ગુરુ કે વડીલ કહે–'પુણોવિ કાયવ્વં' પોતે કહે : 'યથાશકિત.' પછી ખમાસમણ દઇ 'ઇચ્છા. સંદિ. પચ્ચક્ખાણ પાર્યું ?' ગુરુ કે વડીલ કહે–'આયારો ન મોત્તવ્વો.'

પોતે કહે 'તહત્તિ.' પછી જમણો હાથ કટાસણુ અથવા ચરવળા ઉપર મૂઠી વાળવાપૂર્વક સ્થાપી એક નવકાર ગણી, જે પચ્ચક્ખાણ કર્યું હોય તે પચ્ચક્ખાણના નામ સુધી નીચે પ્રમાણે બોલીને પારવું.

**નવકારશી વ. નું પચ્ચક્ખાણ પારવાનું તે નીચે પ્રમાણે**

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં, [1] પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠીસહિયં, પચ્ચક્ખાણ કર્યું. ચઉવિહાર પચ્ચક્ખાણ ફાસિયં, પાલિઅં, સોહિયં, તીરિયં, કીટ્ટિયં, આરાહિયં, જં ચ ન આરાહિયં તસ્સ મિચ્છામિ દુક્કડં.

## આયંબિલ, નીવી, એકાસણ, બિયાસણ વગેરે પારવાનો વિધિ

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં, પોરિસિં, સાઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ મુટ્ઠીસહિયં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર.[2] આયંબિલ નીવી એકાસણું બીયાસણું કર્યું, તિવિહાર પચ્ચક્ખાણ ફાસિયં, પાલિયં, સોહિયં, તીરિયં, કીટ્ટિયં, આરાહિયં, જં ચ ન આરાહિયં, તસ્સ મિચ્છામિ દુક્કડં.

## તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ પારવાનો વિધિ.

સૂરે ઉગ્ગએ ઉપવાસ કર્યો, તિવિહાર, પોરિસિ સાઢપો-

---

૧ જે પચ્ચક્ખાણ પારવાનું હોય તે પાઠ બોલવો.

૨ જે પચ્ચક્ખાણ કર્યું હોય તેનો પાઠ બોલવો.

---

કઠણ કામ પણ આવડે, કરતાં નિત અભ્યાસ;
નટ ચાલે છે દોરડે, સીખે વરસ છ માસ.

રિસિ સૂરે ઉગ્ગએ પૂરિમડ્ઢ, અવડ્ઢ મુઠ્ઠીસહિયં પચ્ચક્ખાણ કર્યું, પાણહાર, પચ્ચક્ખાણ ફાસિયં, પાલિયં, સોહિયં, તીરિયં, કીટ્ટિયં, આરાહિયં, જં ચ ન આરાહિયં તસ્સ મિચ્છામિ દુક્કડં. **દરેક પચ્ચક્ખાણ કર્યા પછી મૂઠી વાળીને એક નવકાર ગણવો.**

## શ્રી કલ્યાણક-આરાધન-વિધિઃ—

જ્યારે એક કલ્યાણક હોય ત્યારે એકાસણું કરવું. બે કલ્યાણકે આયંબિલ. ત્રણ કલ્યાણકે આયંબિલ અને એકાસણું. ચાર કલ્યાણકે ઉપવાસ અને પાંચ કલ્યાણકે ઉપવાસ અને એકાસણું એ પ્રમાણે તપ કરવો.

**જાપઃ**—ચ્યવન કલ્યાણકે ૐ ह्रीं श्रीं **परमेष्ठिने नमः** ૨ જન્મ-કલ્યાણકે ૐ ह्रीं श्रीं अर्हते नमः ૩ દીક્ષા કલ્યાણકે ૐ ह्रीं श्रीं नाथाय नमः ૪ કેવળજ્ઞાન-કલ્યાણકે ૐ ह्रीं श्रीं **सर्वज्ञाय नमः** અને ૫ મોક્ષ-કલ્યાણકે ૐ ह्रीं श्रीं **पारंगताय नमः** એ દરેક પદની વીશ-વીશ નવકારવાળી ગણવી.

**વિધિઃ**—૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૧૨ સાથિયા તથા ઉપર ફળ ૧૨, ખમાસમણા ૧૨ તેનો દુહોઃ-" પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન; ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ. ॥ ૧ ॥ "

જાના સહી રહેના નહીં, મરના વિસવાવીસ;
દો દિન દુનિયાકે લીયે, મત ભૂલો જગદીશ.

## પચ્ચખ્ખાણમાં આવતા શબ્દોના અર્થ

**સૂરે ઉગ્ગએ**–સૂર્યોદયથી બે ઘડી પછી.

**નમુક્કારસહિઅં**–નવકાર કહીને પારું ત્યાં સુધી.

**પચ્ચખ્ખાઈ**–પચ્ચખ્ખાણ કરું છું.

**ચઉવિહંપિ આહારં**–ચારે આહારનું.

**અસણં**–ખાવાનું (રાંધેલું.)

**પાણં**–પીવાનું.

**ખાઇમં**–ખાદીમ (રાંધ્યા વગરનું ખાવું.)

**સાઇમં**–સ્વાદીમ (તંબોલ, પાન, સોપારી, એલચી).

**અન્નત્થણાભોગેણં**–પચ્ચખ્ખાણનો ઉપયોગ ભૂલવાથી અજાણપણે કંઈ મોંમાં નાખવાથી.

**સહસાગારેણં**–અજાણપણે કંઈ મોંમાં પડી જાય.

**વોસિરે**–વોસરાવું છું.

**મુટ્ઠિસહિઅં**–નવકાર ગણી મૂઠી મોકળી મૂકું ત્યાં સુધી.

**મહત્તરાગારેણં**–મોટાની આજ્ઞાથી મોટા લાભને અર્થે પચ્ચખ્ખાણ પારવાનો વખત ન થયે છતે પારવાથી.

**સવ્વસમાહિવત્તિઆગારેણં**–સર્વ પ્રકારે શરીરમાં અસમાધિ હોવાથી પચ્ચખ્ખાણ પારવું.

**પોરિસિ**–પહોર દિવસ સુધી.

**સાઢપોરિસિ**–દોઢ પહોર સુધી.

ઘડી ઘડી કરતા દિન ગયા, દિન દિન ગણંતા માસ;
માસે વરસો વહી ગયાં, જાગી કરો તપાસ.

**પચ્છન્નકાલેણં**–બરોબર વખત માલમ ન પડવાથી અધૂરી પોરિસિએ પારવું તે.

**દિસામોહેણં**–દિસિવિપર્યાસ થવાથી અજાણતાં વહેલું પારવું તે.

**સાહુવયણેણં**–સાધુના વચનથી.

**પુરિમડ્ઢ**–સૂર્યોદયથી બે પહોર સુધી.

**અવડ્ઢ**–સૂર્યોદયથી ત્રણ પહોર સુધી.

**વિગઇ**–જે ખાવાથી કામાદિ ઉત્પન્ન થાય તે દશ છે. (૪ અભક્ષ્ય) માંસ, મદિરા, માખણ, મધ, (૬ ભક્ષ્ય) દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, પકવાન્ન. એ દશમાંથી કોઈ પણ એકનું પચ્ચખ્ખાણ તે 'વિગઇ' પચ્ચખ્ખાણ, સમસ્ત વિગઇનું પચ્ચખ્ખાણ તે 'નીવિગઈ'નું પચ્ચખ્ખાણ કહેવાય.

**લેવાલેવેણં**–જે વિગઇનું પચ્ચખ્ખાણ સાધુને હોય તેનાથી ખરડાયેલો હાથ ગૃહસ્થ લૂછીને વહોરાવે તે.

**ગીહથ્થસંસટ્ઠેણં**–વિગઇથી ખરડાયેલા વાસણથી વહોરાવે તે.

**આઉંટણપસારેણં**–જમવા બેઠા પછી હાથ પગ પસારવાથી આસન ચળે તો પચ્ચખ્ખાણ ભાંગે નહીં.

**ગુરુઅબ્ભુટ્ઠાણેણં**–ગુરુ આવવાથી ઊભો થાય.

**પારિટ્ઠાવણીઆગારેણં**–નિર્દોષ આહાર સાધુએ વાપર્યા પછી વધે ને પરઠવતાં જીવ આદિની વિરાધના થાય, તે જાણીને

રાત ઘડીભર રહ ગઈ, પિંજર થાકયો આય;
કહે નટિની સુણ માલદેવ, મધુરી તાલ બજાય.

ગુરુની આજ્ઞાથી એકસણાથી ઉપવાસના પચ્ચખ્ખાણવાળો વધેલો આહાર વાપરે તો પચ્ચખ્ખાણ ભાંગે નહીં.

**અભ્ભતટ્ઠં**—ભાતપાણીનો.
**પાણાહાર**—પાણીનો આહાર.
**ઘરસહીઅ**—ઘેર જઈને નવકાર ગણી પચ્ચખ્ખાણ પારું.
**પાણસ્સ લેવેણ વા**—લેપજળ.
**અલેવેણ વા**—ધોવણજળ.
**અથ્થેણ વા**—નિર્મળ ઉષ્ણજળ.
**બહુલેવેણ વા**—ડહોળું.
**સસિથ્થેણ વા**—પીડનું ધોવણ.
**અસિથ્થેણ વા**—ફાસું જળ એટલા રાખી બાકીના પાણી.

## ચૌદ નિયમ ધારવાની ગાથા

**સચિત્ત દવ્વ વીગઈ વાણહ તંબોલ વથ્થ કુસુમેસુ,**
**વાહણ સયણ વીલેવણ બંભ દીસી ન્હાણ ભત્તેસુ.**

**સચિત્ત**—પાણી, ફળ, બીજ, દાતણ વગેરે સચિત્ત વસ્તુ.
**દવ્વ**—ખાવાના પદાર્થ.
**વિગઈ**—છ વિગય (ઘી, તેલ, ગોળ, દહીં, દૂધ કડા વિગય)
**વાણહ**—પગરખાં.
**તંબોળ**—પાનસોપારી.

મુનિ મહંત તાપસ તપી, ભિક્ષુક ચારિત્રધામ;
યતિ તપોધન સંયમી, વૃત્તિ સાધુ ઋષિ નામ.

**વથ્થ**—વસ્ત્ર.

**કુસુમેસુ**—ફૂલ સૂંઘવાના પદાર્થ.

**વાહણ**—ગાડી પ્રમુખ.

**સયણ**—શય્યા, પાટ, પાટલા, પથારી.

**વિલેવણ**—ચોપડવાની સુગંધી વસ્તુ.

**બંભ**—મૈથુનની મર્યાદા.

**દીસિ**—દિશિનું પરિમાણ.

**ન્હાણ**—નાહવાનો નિયમ.

**ભત્તેસુ**—ભાતપાણીનો નિયમ (ખાવાપીવાની વસ્તુ).



કપટી મિત્ર ન કીજીએ, પેટ પેસી બુધ લેત;
પહીલી પ્રીત બતાયકે, પીછે ગોથા દેત.

# શ્રી પોસહ

## પોસહ લેનારને કેટલીક સૂચના

પોસહ લેવાની ઇચ્છાવાળાએ સવારે રાઇ પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઇએ. ખરી રીત તો એ છે કે-પોસહ કરવાની ઇચ્છાવાળાએ પ્રભાતમાં પ્રતિક્રમણ કરી સામાયિક પાર્યા વિના જ પોસહ લેવો અને તેમાં પડિલેહણા કરવી. ને દેવવંદન કરીને સજ્ઝાય કરવી.

હાલમાં સવારમાં પડિક્કમણું કરીને પછી જિનપૂજા કરીને પછી પણ પોસહ લેવાની પ્રવૃત્તિ છે.

જેઓ પડિક્કમણું કરીને તરત પોસહ લેતા નથી તેઓ પણ પડિલેહણ ને દેવવંદનની ક્રિયા તે વખતે જ પોસહ લીધા વિના પણ કરે છે, એટલે એ રીતે પહેલાં પણ પડિલેહણ ને દેવવંદનની ક્રિયા થઈ શકે છે, પણ દેવવંદન પછી સજ્ઝાય કરવાની છે તે તો પોસહ લીધા પછી જ કહેવી.

તેમ જ પડિક્કમણું કરીને તરત પોસહ ન લેવો હોય તો કદાચ પોસહ લીધા પછી પડિલેહણ અને દેવવંદનની ક્રિયા કરે તો તે પણ કરી શકે છે.

કદાચ કોઈએ સવારનું પડિક્કમણું ન કર્યું હોય ને પોસહ લેવો હોય તો તેણે પ્રથમ પોસહ લેવો. પછી પડિલેહણ કરી,

તન પવિત્ર તીરથ ગયે, ધન પવિત્ર કર દાન;
મન પવિત્ર હોત તબ, ઉદય હોત ઉર જ્ઞાન.

રાઈ પ્રતિક્રમણ કરવું ને પછી દેવવંદન કરવું. અને પોસહ લીધા પહેલાં દેવવંદન તથા પડિલેહણ કર્યાં હોય તોપણ પોસહ લીધા પછી પડિલેહણના આદેશ માગીને સજ્ઝાય કરવી.

## પોસહના પ્રકાર

**પૌષધ**—એ ધર્મની વૃદ્ધિ કરનાર શ્રાવકના બાર વ્રતમાંનું અગિયારમું વ્રત છે.

**પૌષધના ચાર પ્રકાર છે**—૧ આહાર પોસહ, ૨ શરીરસત્કાર પોસહ, ૩ બ્રહ્મચર્ય પોસહ, ૪ અવ્યાપાર પોસહ.

**આહાર પોસહ**—ઉપવાસ, આંબેલ વગેરે તપ કરવો તે.

**શરીરસત્કાર પોસહ**—સ્નાન, વિલેપન, શરીરની શોભા વગેરે ન કરવું તે.

**બ્રહ્મચર્ય પોસહ**—શિયળ પાળવું તે.

**અવ્યાપાર પોસહ**—સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો તે.

**સર્વથી આહાર પોસહ**—ચોવિહાર ઉપવાસ કરીને પોસહ કરવો તે.

**દેશથી આહાર પોસહ**—તિવિહાર ઉપવાસ, આંબેલ, નીવી કે એકાસણું કરીને પોસહ કરવો તે.

**ચાર પ્રહરનો પોસહ**—દિવસનો અથવા રાત્રીનો.

**આઠ પ્રહરનો પોસહ**—દિવસનો અને રાત્રીનો.

(ફક્ત દિવસનો કે રાત્રીનો પોસહ કરનારે છેવટમાં એકાસણાનો પણ તપ કરેલ હોવો જોઈએ.)

મધુર વચન હૈ ઓષધિ. કટુક વચન હૈ તીર;
શ્રવણ દ્વાર હોય સંચરે, સાલે સકલ શરીર.

## પોસહમાં જોઇતાં ઉપકરણો

**૧ દિવસના પોસહવાળાને**—ચરવળો, મુહપત્તિ, કટાસણું, ધોતિયું, સૂતરનો કંદોરો, ઉત્તરાસન, માતરિયું (પંચિયું), ખેળિયું (નાકનો કે મુખનો મેલ કાઢવા માટે).

**૨. રાત્રી પોસહ કે દિવસ અને રાત્રી પોસહવાળાને**—સંથારિયું, ઊનની કામળી, (શિયાળામાં ૨, ઉનાળામાં ૧) ઉત્તરપટ્ટો સૂતરાઉ (એકવડો ઓછાડ), કુંડળ (રૂનાં પૂમડાં), ડંડાસણુ, ચૂનો નાંખેલ પાણી, વડીનીતિ જવા માટે લોટો, એટલાં વધારે જોઈએ. એ કરતાં વધારેની જરૂર હોય તો જાચી લેવું. કુંડળ ગુમાવે તો અથવા કુંડળ કાનમાં ન ઘાલે તો આલોયણ આવે.

[પોસહમાં આભૂષણ (દાગીના) પહેરવા જોઇએ નહીં. કંદોરો પણ સૂતરનો જોઇએ.]

## માથે કામળી નાંખવાનો કાળ

**ચોમાસામાં**—અષાડ સુદ ૧૫ થી કાર્તિક સુદ ૧૪ સુધી સવારે છ ઘડી (બે કલાક, ૨૪ મિનિટ) સૂર્ય ચઢે ત્યાં સુધી કામળી માથે નાંખવી અને સાંજે દિનાસ્ત પૂર્વે છ ઘડી બાકી રહે ત્યારથી ઓઢવી.

**શિયાળામાં**—કાર્તિક સુદ ૧૫ થી ફાગણ સુદ ૧૪ સુધી સવારે ને સાંજે ચાર ચાર ઘડી સુધી. (એટલે ૧૫ કલાક ૬ મિનિટ)

જીવન જોબન રાજમદ, અવિચલ રહે ન કોય;
જો દિન જાય સંતસંગમેં, જીવનકા ફલ સોય.

**ઉનાળામાં**—ફાગણ સુદ ૧૫ થી અષાડ સુદ ૧૪ સુધી સવારે ને સાંજે બે બે ઘડી સુધી. (એટલે ૪૮ મિનિટ)

## ઊના પાણીનો કાળ

**ચોમાસામાં**—અષાઢ સુદ ૧૫ થી કાર્તિક સુદ ૧૪ સુધી ચૂલેથી પાણી ઉતાર્યા પછી ત્રણ પ્રહર સુધી અચિત્ત રહે છે, પછી સચિત્ત થઈ જાય.

**શિયાળામાં**—કાર્તિક સુદ ૧૫ થી ફાગણ સુદ ૧૪ સુધી ચાર પ્રહરનો જાણવો.

**ઉનાળામાં**—ફાગણ સુદ ૧૫ થી અષાડ સુદ ૧૪ સુધી પાંચ પ્રહરનો કાળ.

માટે જાચેલું પાણી કહેલા કાળ ઉપરાંત રહેવા દેવું નહિ, કારણ કે કાળ વીત્યા પછી તે પાણી સચિત્ત થાય છે.

કાળ પૂર્ણ થતાં પહેલાં તેમાં ચૂનો નાખવો એટલે તે પાણી ૨૪ પ્રહર સુધી અચિત્ત રહે છે. પીવાના કામમાં આવે નહીં, વાપરવાના કામમાં આવે.

કાળ પૂર્ણ થયા પહેલાં ચૂનો નાંખવો ભૂલી જવાય ને પછી નાંખે તો દસ ઉપવાસની આલોયણ આવે છે, માટે ઉપયોગ રાખવો.

## પડિલેહણના બોલની સમજ

વસ્ત્રાદિના પડિલેહણ વખતે મુહપત્તિ ૫૦ બોલથી, ચરવલો

કાજલ તજે ન શ્યામતા, મુક્તા તજે ન શ્વેત;
દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત.

૧૦ બોલથી, કટાસણું ૨૫ બોલથી, કંદોરો ૧૦ બોલથી, ધોતિયું અને બીજા વસ્ત્રો દરેક પચીશ પચીશ બોલથી પડિલેહવાં.

મુહપત્તિના ૫૦ બોલ લખ્યા છે તે પુરુષો માટે છે. સ્ત્રીઓએ કપાળના, હૃદયના અને ભુજાના દશ બોલ બોલવા નહીં. એટલે તેમણે ૪૦ બોલથી મુહપત્તિ પડિલેહવી.

પડિલેહણ ઉભડક બેસીને મૌનપણે જયણાપૂર્વક કરવું. બોલે તો આલોયણ આવે. ઉત્તરાસણ તે વખતે રાખવું નહીં

## સૂચના

૧—આ પોસહ-વિધિમાં દરેક સૂત્રનો ફક્ત પહેલો શબ્દ લખી તેની પછી—આવી લાંબી લીટીઓ દેખાડેલી છે, તેનો અર્થ એ સમજવો કે જ્યાં જ્યાં એવી લાંબી લીટી કરેલી હોય ત્યાં ત્યાં તે સુત્ર પૂરું બોલી જવું.

૨—જ્યાં જ્યાં "**ઇરિયાવહિ કરવી**" એમ લખેલું હોય ત્યાં નીચે ઇરિયાવહિની વિધિ લખેલી છે તે પ્રમાણે બોલી જવું.

૩—જ્યાં "**ગમણાગમણે આલોવવાં**" એમ લખ્યું હોય ત્યાં આગળ ૩૫મા પાનામાં ગમણાગમણે આલોવવાનો વિધિ લખેલ છે તે પ્રમાણે બોલી જવું.

**પઢના લીખના ચાતુરી, યહ બાતેં હૈ સહેલ;**
**કામદહન મન વશ કરન, ગગન ચઢન મુશ્કેલ.**

## ઇરિયાવહિ કરવાનો વિધિ

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ. ઇચ્છં. ઇચ્છામિ પડિક્કમિઉં.

૩ ઇરિયાવહિયાએ—

૪ તસ્સઉત્તરી—

૫ અન્નથ્થ ઊસસિએણં—

(૧) **લોગસ્સનો કાઉસ્સગ્ગ.** (ચંદેસુ નિમ્મલયરા સુધી)

૬ લોગસ્સ ઉજ્જોઅગરે—

## ગમણાગમણે આલોવવાનો વિધિ

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ગમણાગમણે આલોઉં? ઇચ્છં.

**ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્તનિખ્ખેવણાસમિતિ, પારિષ્ઠાપનિકાસમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ. એ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, એ અષ્ટપ્રવચન માતા, શ્રાવકતણે ધર્મે સામાયિક, પોસહ લીધે રૂડી પેરે પાળી નહીં, ખંડણા વિરાધના થઈ હોય, તે સવ્વે હું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં**

કૂવા ઢાંકણ ઢાંકણું, ખેતર ઢાંકણ વાડ;
બાપનો ઢાંકણ છોકરો, ઘરનું ઢાંકણ નાર.

# જિનમંદિરે જવાનો વિધિ

(૧) પોસહ લીધા પછી ગુરુની આજ્ઞા લઈ ને જિનમંદિરે દર્શન કરવા અવશ્ય જવું જોઈએ. ન જાય તો આલોયણા આવે. કટાસણું ડાબે ખભે નાંખી, ઉત્તરાસણ કરી, ચરવળો ડાબી કાખમાં રાખી, મુહપત્તિ જમણા હાથમાં રાખીને, ઈર્યાસમિતિ શોધતાં જિનમંદિરે જવું. ઉપાશ્રયમાંથી નીકળતાં ત્રણ વાર "**આવસ્સહી**" કહીને નીકળવું. પછી ત્રણ વાર "**નિસિહી**" કહીને દેરાસરના પહેલા દ્વારમાં પ્રવેશ કરવો. પ્રથમ મૂળ-નાયકની સન્મુખ જઈ, પ્રણામ કરી, ત્રણ પ્રદક્ષિણા દઈ, પછી રંગમંડપમાં આવવું. પછી (ઉત્તરાસણ કાઢી નાંખીને) ખમા-સમણ દઈ ને ઇરિયાવહિ પડિક્કમવી. (સો ડગલાં ફરતાં દેરાસર વધારે દૂર હોય તો ગમણાગમણે પણ આલોવવા) પછી (ઉત્તરાસણ કરીને) ત્રણ ખમાસમણા દઈ ને ચૈત્યવંદન કરવું. પછી ખમાસમણ દઈ ઇચ્છકારી ભગવન્! પસાય કરી પચ્ચ-ક્ખાણની આશ દેજોજી. (વડીલ પચ્ચક્ખાણ કરાવે).

(૨) પછી જિનમંદિરમાંથી નીકળતાં ત્રણ વાર "**આવસ્સહી**" કહીને ઉપાશ્રયે આવી ત્રણ વાર '**નિસિહી**' કહીને પ્રવેશ કરવો અને સો ડગલાંથી વધુ ગયા હોય તો ઇરિયાવહિ પડિક્કમીને ગમણાગમણે આલોવવાં.

**મૂરખ નર જાણે નહીં, ક્ષણ લાખેણી જાય;**
**કાળ ઓચિંતો આવશે, શરણ કો નવી થાય.**

## માત્રું ( પેશાબ ) કરવા જવાનો વિધિ

માત્રું કરવા જનારે પ્રથમ તો કૂંડી, પૂંજણી, અચિત્ત પાણી જાચી રાખવાં.

જ્યારે માત્રું કરવા જવું હોય ત્યારે માતરિયું ( પંચિયું વસ્ત્ર ) પહેરી, ચરવળો તથા મુહપત્તિ સાથે રાખીને પૂંજણીથી કૂંડી પ્રમાર્જીને માત્રું કરી, પરઠવવાની જગ્યાએ કૂંડી મૂકી, જંતુ વિનાની ભૂમિ જોઈને ત્રણ વાર " **અણુજાણહ જસ્સગ્ગો** " એમ બોલીને માત્રું પરઠવીને કૂંડી ફરીથી નીચે મૂકી " **વોસિરે, વોસિરે, વોસિરે** " એમ ત્રણ વાર કહી, કૂંડી હાથમાં લઈને મૂળ જગ્યાએ મૂકવી. પછી હાથ તેમજ જો પગ અપવિત્ર થયા હોય તો તે પણ અચિત્ત પાણીથી શુદ્ધ કરી, વસ્ત્ર બદલી, સ્થાપનાચાર્ય સન્મુખ ખમાસમણ દઈને ઇરિયાવહિયં પડિક્કમવા તથા ગમણાગમણે આલોવવા.

## સ્થંડિલ જવાનો વિધિ

જ્યારે સ્થંડિલ જવું હોય ત્યારે માતરિયું પહેરી કામળીના કાળનો વખત હોય તો માથે કામળી ઓઢી, કટાસણું ખભે મૂકી, ચરવળો કાખમાં રાખી, મુહપત્તિ કેડે ખોસી, જાચેલા અચિત્ત પાણીનો લોટો કે કોઈ તેવું પાત્ર લઈને જાય, ત્યાં જંતુ રહિત જગ્યા તપાસીને "**અણુજાણહ જસ્સગ્ગો**" કહી બાધા ટાળે. પછી ઊઠતાં " **વોસિરે, વોસિરે, વોસિરે** " એમ ત્રણ

ઇચ્છે જેવું અવરનું, તેવું પોતાનું થાય;
માનો નહિ તો કરી જુઓ, જેથી અનુભવ થાય.

વાર કહે. ઉપાશ્રયે આવે. હાથ પગનું પ્રક્ષાલન કરી, વસ્ત્ર બદલી, સ્થાપનાચાર્ય સન્મુખ આવી, ખમાસમણ દઈ, ઇરિયાવહિયં પડિક્કમીને ખમાસમણ દઈ ગમણાગમણે આલોવે.

કદાચ રાત્રે સ્થંડિલ જવું પડે તો સો ડગલાંની અંદર જવાય. મુકામ બહાર જતાં "**આવસ્સહી**" ને મુકામમાં પેસતાં "**નિસિહી**" ત્રણ ત્રણ વાર કહેવાનું દરેક વખતે યાદ રાખવું.

## કાજો લેવાનો વિધિ

એક જણે દંડાસણ જાચી તેનું પડિલેહણ કરીને **ઇરિયાવહિ** કરવી. પછી કાજો લેવો. એ કાજાની અંદર જીવજંતુ જોઈને ત્યાં જ ઊભા રહી **ઇરિયાવહિ** કરવી. પછી જતનાપૂર્વક કાજો યોગ્ય સ્થળે "**અણુજાણહ જસ્સગ્ગો**" એમ બોલીને પરઠવવો. પછી "**વોસિરે, વોસિરે, વોસિરે**" કહેવું.

કાજો લેનારને એક આયંબિલનું વધારે ફળ થાય છે, માટે કાજો લેનારે બરોબર ઉપયોગપૂર્વક લેવો. કાજામાં અનાજ અથવા લીલી વનસ્પતિ વગેરે સચિત્ત વસ્તુ નીકળે તો ગુરુ પાસે આલોયણા લેવી. અને ત્રસ જીવ, કીડી વગેરે જીવજંતુ નીકળે તો જયણાપૂર્વક એક સ્થળે મૂકવી.

ચોમાસું હોય તો બપોરનાં દેવવંદન કર્યાં પહેલાં બીજી વાર કાજો લેવો.

નિંદા હમારી જો કરે, મિત્ર હમારા હોય;
સાબુ લેવે ગાંઠકા, મેલ હમારા ધોય.

## પડિલેહણનો વિધિ

(જ્યાં જ્યાં—આવી લાંબી લીટી કરેલી હોય ત્યાં ત્યાં તે સૂત્ર પૂરું કહેવું.)

### (સવારે પોસહ લીધા પહેલાં પડિલેહણ કરવું હોય તો)

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ. ઇચ્છં ઇચ્છામિ પડિક્કમિઉં.

૩ ઇરિયાવહિઆએ—.

૪ તસ્સઉત્તરી–અન્નત્થ—(૧) **લોગસ્સનો કાઉસગ્ગ.** પ્રગટ લોગસ્સ કહેવો.

૫ ઇચ્છામિ ખમાસમણો—

૬ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પડિલેહણ કરું?** ઇચ્છં, મુહપત્તિ, ચરવળો, કટાસણું, કંદોરો આદિ બધાં વસ્ત્રો પડિલેહવાં. પછી ડંડાસણ પડિલેહીને કાજો લઈ, બરાબર તપાસી, ત્યાં જ ઊભા રહી કાજો લેનારે ઇરિયાવહિ કરવી. પછી "**અણુજાણહ જસ્સગ્ગો**" કહી કાજો પરઠવવો. પછી ત્રણ વખત "**વોસિરે**" કહેવું.

## દેવ વાંદવાનો વિધિ

### (સવારે, બપોરે અને સાંજે દેવ વાંદવાનો વિધિ)

૧ ઇચ્છામિ ખમાસમણો—

**દિન વિના રજની નવિ ફિટત, દાન વિના ન દાતાર કહાવે;**
**જ્ઞાન વિના ન લહે શિવમારગ, ધ્યાન વિના મન હાથ ન આવે.**

૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં ઇચ્છામિ પડિક્કમિઉં.

૩ ઇરિયાવહિઆએ—

૪ તસ્સઉત્તરી—અન્નત્થ—(૧) **લોગસ્સનો કાઉસગ્ગ,** પ્રગટ લોગસ્સ કહેવો.

(ઉત્તરાસણ નાંખીને)

૫ ઇચ્છામિ ખમાસમણો—

૬ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ચૈત્યવંદન કરું ?** ઇચ્છં.

## શ્રી સિદ્ધ પરમાત્માનું ચૈત્યવંદન

૭ અજ અવિનાશી અકલ જે, નિરાકાર નિરધાર;
નિર્મમ નિર્ભય જે સદા, તાસ ભક્તિ ચિત્ત ધાર. ૧
જન્મ જરા જાકું નહિ, નહિ શોક સંતાપ;
સાદિ અનંત સ્થિતિ કરી, સ્થિતિ બંધન રૂચિ કાપ. ૨
તીજે અંશ રહિત શુચિ, ચરમપિંડ અવગાહ;
એક સમે સમ શ્રેણીએ, અચળ થયો શિવનાહ. ૩
સમ અરૂ વિષમપણે કરી, ગુણપર્યાય અનંત;
એક એક પરદેશ મેં, શક્તિ સુજગ મહંત. ૪
રૂપાતીત વ્યતીત મલ, પૂર્ણાનંદી ઇશ;
ચિદાનંદ તાકું નમત, વિનય સહિત નિજ શિશ. ૫

એહ શરીર નહિં માહરું, એ તો પુદ્ગલ ખંધ;
હું તો ચેતન દ્રવ્ય છું, ચિદાનંદ સુખકંદ.

૮ જં કિંચિ નામતિત્થં—

૯ નમુથ્થુણં—

૧૦ જય વીયરાય (આભવમખંડા સુધી)—

૧૧ ઇચ્છામિ ખમાસમણો—

૧૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું? ઇચ્છં.

## ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિકૂંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વરરાય. ૨
ખિમાવિજય જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત. ૩

૧૩ જં કિંચિ નામતિત્થં—

૧૪ નમુથ્થુણં—

૧૫ અરિહંતચેઇઆણં—

૧૬ વંદણવત્તિઆએ—

૧૭ અન્નથ્થ ઊસસિએણં—

### (૧) નવકારનો કાઉસ્સગ્ગ

૧૮ નમોઽર્હત્સિદ્ધાચાર્યો—

જૈસે કંચુક ત્યાગથી, બીનસત નહીં ભુજંગ;
દેહ ત્યાગથી જીવ પણ, તૈસે રહત અભંગ.

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત અલવેસરુ. ૧

૧૯ લોગસ્સ ઉજ્જોઅગરે—

૨૦ સવ્વલોએ અરિહંતચેઈઆણં—

૨૧ વંદણવત્તિઆએ—

૨૨ અન્નથ્થ ઊસસિએણં—

### (૧) નવકારનો કાઉસગ્ગ

૨૩ દોય રાતા જિનવર અતિભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય લીલા દોય શામળ કહ્યા, સોળે જિનવર કંચનવર્ણ લહ્યા. ૨

૨૪ પુખ્ખરવરદીવડ્ઢે —

૨૫ વંદણવત્તિઆએ—

૨૬ અન્નથ્થ ઊસસિએણં—

### (૧) નવકારનો કાઉસગ્ગ

આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હૈડે રાખીઓ;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુવો શિવસુખ સાખીઓ. ૩

૨૭ સિદ્ધાણં બુદ્ધાણં—

૨૮ વેઆવચ્ચગરાણં—

૨૯ અન્નથ્થ ઊસસિએણં—

રાગદ્વેષ દોય દોષ હે, અષ્ટ કર્મ જડ એહ;
હેતુ એહ સંસારકા, તિનકું કરવો છેહ.

## (૧) નવકારનો કાઉસગ્ગ

૩૦ નમોઽર્હત્સિદ્ધાચાર્યો—

ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘના સંકટ ચૂરતી, નયવિમળના વંછિત પૂરતી. ૪

૩૧ નમુત્થુણં—

૩૨ અરિહંતચેઈઆણં—

૩૩ વંદણવત્તિઆએ—

૩૪ અન્નત્થ ઊસસિએણં—

## (૧) નવકારનો કાઉસગ્ગ

૩૫ નમોઽર્હત્સિદ્ધાચાર્યો—

શાંતિ જિનેશ્વર સમરીએ, જેની અચિરા માય,
વિશ્વસેન કુલ ઉપન્યા, મૃગ લંછન પાય;
ગજપુર નયરીનો ધણી, કંચનવરણી છે કાય,
ધનુષ ચાળીસ તસ દેહડી, લાખ વરસનું આય. ૧

૩૬ લોગસ્સ ઉજ્જોઅગરે—

૩૭ સવ્વલોએ અરિહંતચેઈઆણં—

૩૮ વંદણવત્તિઆએ—

૩૯ અન્નત્થ ઊસસિએણં—

તેણે કારણ અરિહંતના, દ્રવ્ય ગુણ પરજાય;
ધ્યાન કરતાં તેહનું, આતમ નિર્મલ થાય.

(૧) નવકારનો કાઉસગ્ગ

શાંતિ જિનેશ્વર સોળમા, ચક્રી પંચમ જાણું,
કુંથુનાથ ચક્રી છઠ્ઠા, અરનાથ વખાણું;
એ ત્રણે ચક્રી સહી, દેખી આણંદું,
સંજમ લઈ મુગતે ગયા, નિત્ય ઊઠીને વંદું. ૨

૪૦ પુખ્ખરવરદીવડ્ઢે—
૪૧ વંદણવત્તિઆએ—
૪૨ અન્નત્થ ઊસસિએણં—

(૧) નવકારનો કાઉસગ્ગ

શાંતિ જિનેશ્વર કેવલી, બેઠા ધર્મ પ્રકાશે,
દાન શિયળ તપ ભાવના, નર સોએ અભ્યાસે;
એરે વચન જિનજીતણા, જેણે હૈયે ધરીઆ,
સુણતાં સમકિત નિર્મળા, જેણે કેવળ વરીઆ. ૩

૪૩ સિદ્ધાણં બુદ્ધાણં—
૪૪ વેઆવચ્ચગરાણં—
૪૫ અન્નત્થ ઊસસિએણં—

(૧) નવકારનો કાઉસગ્ગ

નમોઽર્હત્સિદ્ધાચાર્યો—
સમેતશિખરગિરિ ઉપરે, જેણે અણસણ કીધાં,
કાઉસગ્ગધ્યાને મુદ્રા રહી, જેણે મોક્ષ જ લીધાં;

જક્ષ ગરુડ સમરું સદા, દેવી નિર્વાણી,
ભવિક જન તુમે સાંભળો, રિખભદાસની વાણી. ૪

૪૬ નમુત્થુણં—

૪૭ જાવંતિ ચેઇઆઇં—

૪૮ ઇચ્છામિ ખમાસમણો—

૪૯ જાવંત કેવિ સાહૂ—

૫૦ નમોઽર્હત્સિદ્ધાચાર્યો—

### સ્તવન

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો રે;
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો.
સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો. સે૦ ૧
સહુકોના મનવંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો;
એવું બિરુદ છે રાજ તમારું, કેમ રાખો છો દૂરે ? સે૦ ૨
સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરુણાસાગર કેમ કહેવાશો ? જો ઉપકાર ન કરશો. સે૦ ૩
લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિસણ દીજે;
ધુંવાડે ધીજું નહીં સાહેબ, પેટ પડ્યા પતીજે. સે૦ ૪
શ્રી સંખેશ્વરમંડણ સાહેબ, વિનતડી અવધારો;
કહે જિનહર્ષ મયા કરી મુજને, ભવસાયરથી તારો. સે૦ ૫

૫૧ જય વીયરાય (આભવમખંડા સુધી)

૫૨ ઇચ્છામિ ખમાસમણો—

પરનારી પરવસ્તુને છેટેથી તજનાર;
પાય ન મૂકે પાપમાં, તે સજ્જન શિરદાર.

૫૩ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું ?
'ઇચ્છં'.

## ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો;
વિશ્વસેન કુળ નભોમણી, ભવિજન સુખકંદો. ૧
મૃગ લંછન જિન આવખું એ, લાખ વરસ પ્રમાણ;
હથિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણી ખાણ. ૨
ચાલીસ ધનુષ્યની દેહડી, સમચોરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

૫૪ જં કિંચિ નામ નામતિત્થં
૫૫ નમુત્થુણં—
૫૬ જય વીયરાય—( પૂરા )
૫૭ ઇચ્છામિ ખમાસમણો—
૫૮ વિધિ કરતાં અવિધિ થઈ હોય તસ્સ મિચ્છામિ દુક્કડં.

## પોસહ લેવાનો વિધિ

(ઉપાશ્રયે જઈને)

૧ ઇચ્છામિ ખમાસમણો—
૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ' 'ઇચ્છં' ઇચ્છામિ પડિક્કમિઉં'
૩ ઇરિયાવહિયાએ—

રાગદ્વેષ કરે નહીં, નીચ કૃત્યથી ડરનાર;
અસત્ય વચન બોલે નહિ, તે સજજન શિરદાર.

૪ તસ્સઉ૦—અન્નથ્થ૦—(૧) લોગસ્સનો કાઉસગ્ગ. પ્રગટ લોગસ્સ કહેવો.

૫ ઇચ્છામિ ખમાસમણો—

૬ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પોસહ મુહપત્તિ પડિલેહું** 'ઇચ્છં' (**મુહપત્તિ પડિલેહવી**)

૭ ઇચ્છામિ ખમાસમણો—

૮ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પોસહ સંદિસાહું?**' '**ઇચ્છં**'.

૯ ઇચ્છામિ ખમાસમણો—

૧૦ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પોસહ ઠાઉં?**' 'ઇચ્છં.'

૧૧ (ઊભા રહી બે હાથ જોડીને) નમો અરિહંતાણં—

૧૨ 'ઇચ્છકારી ભગવન્! પસાય કરી **પોસહદંડક ઉચ્ચરાવોજી.**'

૧૩ કરેમિ ભંતે પોસહં, આહારપોસહં, દેસઓ, સવ્વઓ, સરીરસક્કારપોસહં સવ્વઓ, બંભચેર—પોસહં સવ્વઓ, અવ્વાવારપોસહં સવ્વઓ, ચઉવ્વિહે પોસહં ઠામિ, જાવદિવસં (જાવ અહોરત્તં—જાવ શેષ દિવસંરત્તં) પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે પડિક્ક-

અનીતિને નવ આચરે, સંતોષી હિતકાર,
સંતોની સોબત કરે, તે સજ્જન શિરદાર.

મામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. (ચાર પહોર એટલે દિવસનો પોસહ કરનારે. "**જાવ-દિવસં**" કહેવું, આઠ પહોર એટલે દિવસ તથા રાત્રિના પોસહ કરનારે. "**જાવ અહોરત્તં**" કહેવું. ફક્ત રાત્રિના પોસહ લેનારે "**જાવ શેષ દિવસંરત્તં**" કહેવું.)

૧૪ ઇચ્છામિ ખમાસમણો—

૧૫ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સામાયિક મુહપત્તિ પાડલેહું?**' 'ઇચ્છં.' (**મુહપત્તિ પડિલેહવી**)

૧૬ ઇચ્છામિ ખમાસમણો—

૧૭ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સામાયિક સંદિસાહું?**' 'ઇચ્છં.'

૧૮ ઇચ્છામિ ખમાસમણો—

૧૯ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સામાયિક ઠાઉં?**' 'ઇચ્છં.'

૨૦ (બે હાથ જોડી) નમો અરિહંતાણં—

૨૧ 'ઇચ્છકારી ભગવન્! પસાય કરી **સામાયિકદંડક ઉચ્ચરાવોજી.**

૨૨ **કરેમિ ભંતે સામાઇયં સાવજ્જં જોગં, પચ્ચક્ખામિ, જાવ પોસહં પજ્જુવાસામિ,**

અવગુણ ઉપર ગુણ કરે, દુર્ગુણ ઢાંકણહાર,
દુખ આવે હિંમત ધરે, તે સજ્જન શિરદાર.

દુવિહં, તિવિહેણં, મણેણં, વાયાએ, કાયેણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સભંતે પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

૨૩ ઇચ્છામિ ખમાસમણો—

૨૪ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **બેસણે સંદિસાહું?**'
'ઇચ્છં.'

૨૫ ઇચ્છામિ ખમાસમણો—

૨૬ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **બેસણે ઠાઉં?**'
'ઇચ્છં.'

૨૭ ઇચ્છામિ ખમાસમણો—

૨૮ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સજ્ઝાય સંદિસાહું?**'
'ઇચ્છં.'

૨૯ ઇચ્છામિ ખમાસમણો—

૩૦ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સજ્ઝાય કરું?**'
'ઇચ્છં.'

૩૧ નમો અરિહંતાણં—(ત્રણ વખત)

૩૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **બહુવેળ સંદિસાહું?**' 'ઇચ્છં.'

૩૩ ઇચ્છામિ ખમાસમણો—

**મોતથી ભૂંડું માગવું, ધર્યો જન્મ તે ધિક્ક;**
**કહેવો દાતા સૂમને, ભૂંડી સૌથી ભીખ.**

૩૪ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બહુવેળ કરશું?'
'ઇચ્છં.' પછી

## સવારે ઘેર પડિલેહણ અને દેવવંદન કર્યું હોય તો નીચે પ્રમાણે વિધિ કરવો.

૩૫ ઇચ્છામિ ખમાસમણો—

૩૬ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પડિલેહણ કરું?**
'ઇચ્છં'

(મુહપત્તિ પડિલેહવી)

૩૭ ઇચ્છામિ ખમાસમણો—

૩૮ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પડિલેહણા પડિલેહાવોજી.**'

(વડીલનું ઉત્તરાસણ પડિલેહવું)

૩૯ ઇચ્છામિ ખમાસમણો—

૪૦ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ઉપધિ મુહપત્તિ પડિલેહું?**' 'ઇચ્છં'

(મુહપત્તિ પડિલેહવી)

૪૧ ઇચ્છામિ ખમાસમણો—

૪૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન! **ઉપધિ સંદિસાહું?**'
'ઇચ્છં'

૪૩ ઇચ્છામિ ખમાસમણો—

૪૪ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **ઉપધિ પડિલેહું ?'** 'ઇચ્છં.'

૪૫ ઇચ્છામિ ખમાસમણો—

૪૬ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ **સજ્ઝાય કરું ?'** 'ઇચ્છં'

(ઉભડક બેસીને)

૪૭ નમો અરિહંતાણં—

૪૮ મન્હ જિણાણં આણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં;
છવ્વિહ આવસ્સયંમિ, ઉજ્જુત્તો હોઈ પઈ દિવસં. ૧
પવ્વેસુ પોસહવયં, દાણં સીલં તવો અ ભાવો અ;
સજ્ઝાય નમુક્કારો, પરોવયારો અ જયણા અ. ૨
જિણપૂઆ જિણથુણણં, ગુરુથુઅ સાહમ્મિઆણ વચ્છલ્લં;
વવહારસ્સ ય સુદ્ધિ, રહજત્તા તિત્થજત્તાય. ૩
ઉવસમ-વિવેક-સંવર, ભાસાસમિઈ છ જીવકરુણાય;
ધમ્મિઅજણસંસગ્ગો, કરણદમો ચરણપરિણામો. ૪
સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં પભાવણાતિત્થે;
સડ્ઢાણ કિચ્ચમેઅં, નિચ્ચં સુગુરુવએસેણં. ૫

(વિધિ કરતાં અવિધિ થયો હોય તસ્સ મિચ્છામિ દુક્કડં)

જામેં જૈસી બુદ્ધિ હૈ, વૈસા કહે બતાય;
વાકો બૂરો ન માનીએ, જાદ કહાંસે લાય.

## જેણે ઘેર પ્રતિક્રમણ કર્યું હોય પણ પડિલેહણ-દેવવંદન કર્યું ન હોય તેણે ઉપાશ્રયે જઈ નીચે પ્રમાણે વિધિ કરવો.

પ્રથમ ઉપાશ્રયે જઈ પોસહ લેવાનો વિધિ (પાન નંબર ૪૬ થી ૫૦ સુધી) **બહુવેલ કરશું**, ત્યાં સુધી બોલી જવો. પછી

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પડિલેહણ કરું ? 'ઇચ્છં.' (મુહપત્તિ, ચરવળો, કટાસણું, પંચિયું, કંદોરો એ પાંચ વસ્તુ પડિલેહવી.)

૩ ઇચ્છામિ ખમાસમણો—

૪ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ ?' 'ઇચ્છં' ઇચ્છામિ પડિક્કમિઉં.'

૫ ઇરિયાવહિયાએ—

૬ તસ્સઉ૦—અન્નથ્થ૦—(૧) લોગસ્સનો કાઉસગ્ગ. પ્રગટ લોગસ્સ કહેવો.

૭ ઇચ્છામિ ખમાસમણો—

૮ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **પડિલેહણા પડિલેહાવોજી.**'

(વડીલનું ઉત્તરાસણ પડિલેહવું.)

૯ ઇચ્છામિ ખમાસમણો—

માખી ચંદન પરિહરે, કશ્મલ ઉપર જાય;
મૂરખ ધર્મ ન સાંભળે, ઊંઘે કે ઊઠી જાય.

૧૦ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ઉપધિ મુહપત્તિ પડિલેહું** ? 'ઇચ્છં.'

(મુહપત્તિ પડિલેહવી)

૧૧ ઇચ્છામિ ખમાસમણો—

૧૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ઉપધિ સંદિસાહું** ? 'ઇચ્છં.'

૧૩ ઇચ્છામિ ખમાસમણો—

૧૪ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ઉપધિ પડિલેહું ?** 'ઇચ્છં.'

(બાકીનાં સઘળાં વસ્ત્ર પડિલેહવા)

પછી દેવ વાંદવા, (પાન નંબર ૩૯ થી ૪૬ સુધી.)

૧૫ ઇચ્છામિ ખમાસમણો—

૧૬ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સજઝાય કરું** ? ઇચ્છં.

૧૭ નમો અરિહંતાણં—

૧૮ મન્હ જિણાણં આણં—

વિધિ કરતાં અવિધિ થયો હોય તસ્સ મિચ્છામિ દુક્કડં.

## પોરિસિ ભણાવવાનો વિધિ

(સવારે સૂર્ય ઊગ્યા પછી લગભગ અઢી કલાક **પછી પોરિસિ** ભણાવવી)

૧ ઇચ્છામિ ખમાસમણો—

સંગત બીચારી કયા કરે? હૃદય ભયા કઠોર;
નવ નેજા પાણી ચડે, પથ્થર ન ભીંજે કોય.

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **બહુપડિપુન્ના પોરિસિ ?'**

૩ ઇચ્છામિ ખમાસમણો—

૪ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ, 'ઇચ્છં' ઇચ્છામિ પડિક્કમિઉં.'

૫ તસ્સઉ૦—અન્નત્થ૦ (૧) લોગસ્સનો કાઉસગ્ગ. પ્રગટ લોગસ્સ કહેવો.

૬ ઇચ્છામિ ખમાસમણો—

૭ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **પડિલેહણ કરું ?** ઇચ્છં. **( મુહપત્તિ પડિલેહવી )**

## રાઇમુહપત્તિ પડિલેહવાનો વિધિ

(સાધુ સાથે રાઇ પ્રતિક્રમણ કર્યું હોય તો આ વિધિ કરવાની જરૂર નથી તેમજ સાધુ ન હોય તોપણ કંઈ જરૂર નથી.)

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ,' 'ઇચ્છં' ઇચ્છામિ પડિક્કમિઉં.'

૩ ઇરિયાવહિયાએ—

૪ તસ્સઉ૦—અન્નત્થ૦—( ૧ ) લોગસ્સનો કાઉસગ્ગ. પ્રગટ લોગસ્સ કહેવો.

૫ ઇચ્છામિ ખમાસમણો—

**લક્ષ્મી કોની થઈ નથી, થાશે નહિ કો દિન;**
**ધર્મ મારગે વાપર્યું, તે થાશે તુજ ધન.**

૬ ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **રાઈમુહપત્તિ પડિ-લેહું ?** ' ' ઇચ્છં ' '

**( મુહપત્તિ પડિલેહવી )**

૭ વાંદણાં— ( રાઇ બોલવું )

૮ વાંદણાં—

૯ ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **રાઈયં આલોઉં ?**
' ઇચ્છં '

૧૦ જો મે રાઇઓ—

૧૧ સવ્વસ્સવિ રાઇય—

( ગુરુ પંન્યાસ વગેરે પદવીધર સાધુ હોય તો બે વાંદણાં અહીં દેવાં. )

૧૨ ઇચ્છામિ ખમાસમણો—

૧૩ ઇચ્છકાર સુહરાઇ—

૧૪ ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતરરાઇયં ખામેઉં ?** ' ઇચ્છં.'

૧૫ જં કિંચિ અપત્તિયં—

૧૬ વાંદણાં— ( રાઇ બોલવું )

૧૭ વાંદણાં—

૧૮ ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી **પચ્ચક્ખાણની આદેશ દેજોજી.**

**( પચ્ચક્ખાણ કરવું )**

ક્રોડપતિ મૂકી ગયા, કોડી ન ગઈ તે સાથ;
હાથે તે સાથે થશે, મિથ્યા બીજું બાત.

૧૯ વિધિ કરતાં અવિધિ થયો હોય તસ્સ મિચ્છામિ દુક્કડં.

( પછી સર્વ મુનિરાજને બે ખમાસમણા પૂર્વક ઇચ્છકારી તથા અબ્ભુટ્ઠિઓહંના પાઠો સહિત વંદન કરવું. )

( **બપોરના દેવ વાંદવા** ( પૃ. ૩૯ થી ૪૬ સુધી )

જો ચોમાસું હોય તો ( પૃ. ૩૮ માં જણાવ્યા પ્રમાણે ) કાજો લીધા પછી દેવ વાંદવાં.

પોસહ લેનારે બપોરના દેવ વાંદવા પહેલાં પચ્ચખ્ખાણ પરાય નહીં.

( ચઉવિહાર ઉપવાસવાળાને તો પચ્ચખ્ખાણ પારવાનું છે નહીં. )

## પચ્ચખ્ખાણ પારવાનો વિધિ

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ.' 'ઇચ્છં.'

૩ ઇરિયાવહિયાએ—

૪ તસ્સઉ૦—અન્નત્થ૦—( ૧ ) લોગસ્સનો કાઉસગ્ગ. પ્રગટ લોગસ્સ કહેવો.

( ઉત્તરાસણ નાંખીને )

૫ ઇચ્છામિ ખમાસમણો—

૬ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **ચૈત્યવંદન કરું ?** ઇચ્છં.

**સતિયા સત ન છોડીએ, સત છોડયે પત જાય;**
**સતકી બાંધી લક્ષ્મી, ફીર ફીર ફેરા ખાય.**

૭ જગચિંતામણી જગનાહ—

૮ જં કિંચિ નામતિત્થં—

૯ નમુથ્થુણં—

૧૦ જાવંતિ ચેઇઆઇ—

૧૧ ઇચ્છામિ ખમાસમણો—

૧૨ જાવંત કેવિ સાહૂ—

૧૩ નમોડર્હત્સિદ્ધાચાર્યો—

૧૪ ઉવસગ્ગહરં—

૧૫ જય વીયરાય—( પૂરા કહેવા )

( ઉત્તરાસણ કાઢી નાખીને )

૧૬ ઇચ્છામિ ખમાસમણો—

૧૭ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સજ્ઝાય કરું ?**' 'ઇચ્છં.'

૧૮ નમો અરિહંતાણં—

૧૯ મન્હ જિણાણં આણં—

૨૦ ઇચ્છામિ ખમાસમણો—

૨૧ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **મુહપત્તિ પડિલેહું** ? 'ઇચ્છં.'

( મુહપત્તિ પડિલેહવી )

૨૨ ઇચ્છામિ ખમાસમણો—

નમે છે આંબા આંબલી, નમે છે દાડીમ દ્રાખ;
એરંડ બિચારો શું નમે? જેની ઓછી શાખ.

૨૩ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પચ્ચક્ખાણું પારું ?' 'યથાશક્તિ.'

૨૪ ઇચ્છામિ ખમાસમણો—

૨૫ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પચ્ચક્ખાણ પાર્યું ?' 'તહત્તિ.'

( જમણો હાથ ચરવલા ઉપર સ્થાપીને )

૨૬ નમો અરિહંતાણં—

(જે પચ્ચક્ખાણ કર્યું હોય તે નામ લઈને નીચે પ્રમાણે બોલીને પારવું.) આયંબિલ, નીવી, એકાસણાવાળાએ પારવાનું.

૨૭ "ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં પોરિસિ સાઢ-પોરિસિ; સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢ અવઢ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર, ( આયંબિલ, નીવી, એકાસણું) કર્યું તિવિહાર પચ્ચક્ખાણ, ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તિરિઅં, કિટ્ટિઅં, આરાહિયં, જં ચ ન આરાહિયં, તસ્સ મિચ્છામિ દુક્કડં."

( તિવિહાર ઉપવાસવાળાએ નીચે પ્રમાણે પારવું.)

૨૮ "સૂરે ઉગ્ગએ ઉપવાસ કર્યો તિવિહાર, પોરિસિ, સાઢપોરિસિ, પુરિમઢ્ઢ, અવઢ્ઢ, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાણ કર્યું પાણહાર, પચ્ચક્ખાણ, ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં."

નીચું જોઈ ચાલતાં, ત્રણ ગુણ મોટા થાય;
કાંટો ટળે દયા પળે, પગ પણ ના ખરડાય.

( આ રીતે પારીને મૂઠી વાળી )

૨૯ નમો અરિહંતાણં—

( જો પાણી પીવું હોય તો જાચેલું અચિત્ત જળ, કટાસણા ઉપર બેસીને નવકાર ગણીને પીવું. પછી તે વાટકો પ્યાલો લુગડાંથી લૂછીને મૂકવો. પાણીનું વાસણ ઉઘાડું રાખવું નહિ. )

## આયંબિલ, નીવી, એકાસણું કરવાવાળાએ ઘેર આહાર કરતી વેળાએ કરવાનો વિધિ

( આયંબિલ, એકાસણું વગેરે કરવા માટે ઘેર જવું હોય તો તેણે પ્રથમ ઇર્યાસમિતિ શોધતાં જયણાથી જવું અને ઘરમાં પ્રવેશ કરીને )

"**જયણા મંગળ**" ( આટલા જ અક્ષરો ) બોલી કટાસણું પાથરી, બેસીને ઊંચે સ્થાનકે ચોપડી મૂકી, નવકાર, પંચિંદિય ભણી સ્થાપના સ્થાપીને. )

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ.' 'ઇચ્છં', ઇચ્છામિ પડિક્કમિઉં.'

૩ ઇરિયાવહિઆએ—

૪ તસ્સઉ૦—અન્નત્થ૦—( ૧ ) લોગસ્સનો કાસઉગ્ગ. પ્રગટ લોગ્ગસ્સ કહેવો.

૫ ઇચ્છામિ ખમાસમણો—

૬ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ગમણાગમણે આલેઉં**?' 'ઇચ્છં'

ચાર ઘડી રાત્રી પાછલી, સૂર્ય ઉદય પર્યંત;
બ્રાહ્મ મુહૂર્ત તે જાણવું, ભજન ધ્યાન બલવંત.

આહાર કરવાને ઠેકાણે કાજો લઈ, પાટલો, થાળી વગેરે ભાજન તથા મુખ પ્રમાર્જીને, નિશ્ચળ આસને મૌનપણે આહાર કરે. (કારણ પડે તો પાણી પીને બોલે.) આહાર કરતાં પહેલાં આહાર આપનારની પાસે "**ખપ છે**" એમ કહી આજ્ઞા માંગે. તે ધણી કહે કે "**વાપરો**" પછી આહાર કરે. લીધેલ વસ્તુમાંથી જરાયે છાંડે નહિ, પછી મુખ શુદ્ધ કરીને ઊઠતી વખતે કાજો લઈ વોસિરાવે. પછી હાથ જોડી 'દિવસચરિમં' તિવિહારનું પચ્ચક્ખાણ કરે.

૭ **"દિવસચરિમં પચ્ચક્ખામિ તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરામિ."**

(ત્યાર પછી ઉપાશ્રયે જઈને)

૮ ઇચ્છામિ ખમાસમણો—

૯ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ.' 'ઇચ્છં'. ઇચ્છામિ પડિક્કમિઉં.'

૧૦ ઇરિયાવહિઆએ—

૧૧ તસ્સઉ૦–અન્નત્થ૦—(૧) લોગસ્સનો કાઉસગ્ગ. પ્રગટ લોગસ્સ કહેવો.

૧૨ ઇચ્છામિ ખમાસમણો—

એરણકી ચોરી કરે, દીયે સોયકા દાન;
ઉપર ચઢકર દેખતો, કયું ન આયો વિમાન?

૧૩ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ચૈત્યવંદન કરું?**'
'ઇચ્છં'

(ઉત્તરાસણ નાંખીને)

૧૪ જગચિંતામણિ જગનાહ—
૧૫ જં કિંચિ નામતિત્થં—
૧૬ નમુત્થુણં—
૧૭ જાવંતિ ચેઈઆઈં—
૧૮ ઇચ્છામિ ખમાસમણો—
૧૯ જાવંત કેવિ સાહુ—
૨૦ નમોઽર્હત્સિદ્ધાચાર્યો—
૨૧ ઉવસગ્ગહરં—
૨૨ જય વીયરાય—(પૂરા)

## ઉપાશ્રયે એકાસણું, આયંબિલ કરનારે

('**જયણા મંગળ**' એ અક્ષરો બોલવા નહિ. તેમજ ગમણાગમણે આલોવવાં નહીં. બાકી ઉપર લખેલો સર્વ વિધિ કરવો.)

## રાત્રિપોસહનો વિધિ

(રાત્રિપોસહ લેનારને પણ પડિલેહણ, દેવવંદન વગેરે ક્રિયા દિવસ છતાં કરવાની છે માટે પોસહ લેવા વેળાસર ઉપાશ્રયે જવું.)

(જેણે સવારે પોસહ લીધો નથી ને ફક્ત રાત્રિનો જ પોસહ

વડા વડાઈ ના કરે, વડા ન બોલે બોલ;
હીરા મુખસેં ના કહે, લાખ હમારા મોલ.

કરવો છે તેણે તથા જેણે દિવસનો જ પોસહ લીધો છે, પછી રાત્રિનો પોસહ કરવા વિચાર થયો તેણે નીચે પ્રમાણે વિધિ કરવો.)

(પૃ. ૪૬ થી ૫૦) પોસહ લેવાના વિધિમાં જ્યાં "**બહુવેળ કરશું**" એ આદેશ છે ત્યાં સુધી બધું કહેવું, પણ તેમાં જેણે દિવસનો પોસહ લીધો હોય તેણે "**બેસણે ઠાઉં**" પછી ખમાસમણ દઈ "**સજ્ઝાયમાં છું**" એમ જ કહેવું ને "**નવકાર**" ત્રણને બદલે એક જ ગણવો.

(પછી બધાની સાથે અથવા એકલાએ નીચે લખ્યા પ્રમાણે પડિલેહણનો વિધિ કરવો.)

## દિવસ તથા રાત્રિ બધા પોસહવાળાએ સાંજના પડિલેહણ કરવાનો વિધિ

(સ્થાપનાચાર્યનું પડિલેહણ કર્યા અગાઉ પડિલેહણ ન થાય. સ્થાપનાચાર્યનું પડિલેહણ મુનિરાજે કર્યું હોય તેની સમક્ષ નીચેનો વિધિ કરવો.)

૧ ઇચ્છામિ ખમાસણો—

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **બહુપડિપુણ્ણા પોરિસિ?**'

૩ ઇચ્છામિ ખમાસમણો—

૪ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ?' 'ઇચ્છં. ઇચ્છામિ પડિક્કમિઉં.'

૫ ઇરિયાવહિયાએ—

૬ તસ્સઉ૦-અન્નત્થ૦-(૧) લોગસ્સનો કાઉસ્સગ્ગ. પ્રગટ લોગસ્સ કહેવો.

૭ ઇચ્છામિ ખમાસમણો—

૮ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **ગમણાગમણે આલોઉં?** ઇચ્છં.

૯ ઇર્યાસમિતિ—

૧૦ ઇચ્છામિ ખમાસમણો—

૧૧ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પડિલેહણ કરું ?'** 'ઇચ્છં.'

૧૨ ઇચ્છામિ ખમાસમણો—

૧૩ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પોસહશાળા પ્રમાર્જું** ?' 'ઇચ્છં.'

(ઉપવાસવાળાએ મુહપત્તિ, કટાસણું, ચરવળો પડિલેહવા.)
(જમ્યા હોય તેણે મુહપત્તિ, કટાસણું, ચરવળો, કંદોરો, ધોતિયું એ પાંચ વાના પડિલેહવા. જમ્યા હોય તેણે ઇરિયાવહિ કરવી.)

૧૪ ઇચ્છામિ ખમાસમણો—

૧૫ 'ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી **પડિલેહણા પડિલેહાવોજી.'**

(વડીલનું એક વસ્ત્ર પડિલેહવું)

૧૬ ઇચ્છામિ ખમાસમણો—

નિંદક ધોબી દો જણા, ધોવત હૈ સબ મેલ;
ધોબી કમાઈ કરત હૈ, નિંદક ઠેલમઠેલ.

૧૭ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ઉપધિ મુહપત્તિ પડિલેહું?'** 'ઇચ્છં.'

**( મુહપત્તિ પડિલેહવી )**

૧૮ ઇચ્છામિ ખમાસમણો—

૧૯ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સજઝાય કરું?'** 'ઇચ્છં'

( ઉભડક બેસીને )

૨૦ નમો અરિહંતાણં—

૨૧ મન્હ જિણાણં આણં—

( ખાધું હોય તેણે બે વાંદણા દેવાં. ઉપવાસવાળાએ દેવા નહિ

૨૨ ઇચ્છામિ ખમાસમણો—

૨૩ ઇચ્છકારી ભગવન્! પસાય કરી **પચ્ચક્ખાણનો આદેશ દેશોજી.**

( તિવિહાર ઉપવાસવાળાએ તેમજ ખાધું હોય તેણે **પાણહારનું** પચ્ચક્ખાણ કરવું. )

**૨૪ "પાણહાર દિવસચરિમં પચ્ચક્ખામિ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ."**

( સાંજના 'દેવ વાંદ્યા પછી તો પાણી વાપરી શકાય નહીં.' )

( દિવસનો પોસહ જેણે લીધો હોય ને જો પાણી વાપરવાનું હોય તો તે મુઠ્ઠિસહિઅંનું પચ્ચક્ખાણ કરે ને દેવવંદન પહેલા વાપરી શકે.

પ્રભુ-ચરણ-આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.

રાત્રિપોસહ લેનારે રાત્રિપોસહ લીધાં પહેલાં જ પાણી વાપરી લેવું. તેનાથી પોસહ લીધા પછી પાણી વાપરી શકાય નહિ.)

૨૫ "**મુટ્ઠિસહિઅં પચ્ચક્ખામિ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરામિ**"

(જેણે પાણી ન વાપર્યું હોય તેણે ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરવું.

"**સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખામિ ચઉવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.**"

૨૬ ઇચ્છામિ ખમાસમણો—

૨૭ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ઉપધિ સંદિસાહું?** ઇચ્છં.'

૨૮ ઇચ્છામિ ખમાસમણો—

૨૯ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ઉપધિ પડિલેહું?** ઇચ્છં'

(પહેલાં ખેસ પછી બીજાં વસ્ત્ર, પડિલેહવાં) પછી એક જણે ડંડાસણ લાવી તેને પડિલેહિને કાજો લેવો.

(કારતક સુદ ૧૪ થી અષાડ સુદ ૧૪ સુધી આઠ મહિનામાં સવારે અને સાંજે એમ બે વખત કાજો લેવો.)

ધીરજથી જન સર્વને, મળે સર્વદા સુખ;
જો કેળવતાં આવડે, તો તો કાપે દુઃખ.

(અષાડ સુદ ૧૪ થી કારતક સુદ ૧૪ સુધી ચાર મહિનામાં સવારે, બપોરે અને સાંજે એટલે દેવ વાંદતાં પહેલાં એમ ત્રણ વખત કાજો લેવો.)

## સાંજના (પ્રતિક્રમણ પહેલાં) બધાં પોસહવાળાએ સાથે દેવ વાંદવાનો વિધિ.

૧ (પૃષ્ઠ ૩૯ થી ૪૬ સુધી જણાવ્યા પ્રમાણે વિધિ કરવી.)

કુંડલ (રૂનાં પૂમડાં) કાનમાં રાખવા માટે, ડંડાસણ, ચૂનો નાખેલ અચિત્ત પાણી જાચી રાખવું.

## પ્રતિક્રમણ શરૂ કર્યા પહેલાં રાત્રિ પોસહવાળાએ અથવા દિવસ અને રાત્રિનો પોસહ કરવાવાળાએ ક્રિયા કરવાનો વિધિ.

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ?' ઇચ્છં ઇચ્છામિ પડિક્કમિઉં.

૩ ઇરિયાવહિયાએ—

૪ તસ્સઉ૦-અન્નત્થ૦—(૧) લોગસ્સનો કાઉસગ્ગ૦ પ્રગટ લોગસ્સ કહેવો.

૫ ઇચ્છામિ ખમાસમણો—

૬ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સ્થંડિલ પડિલેહું?**' 'ઇચ્છં.'

**નવ પલ્લવ તરુ પેખીને, શુષ્ક જવાસો થાય;**
**એ રીતે ઈર્ષાળુ જન, પર શુભ દેખી સુકાય.**

( ૨૪ માંડલાં કરવાં )

( જેણે રાત્રીપોસહ લીધો હોય તેણે જ માંડલાં કરવાં. )

( સંથારા પાસેની જગ્યાએ )

૧ આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૨ આઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.
૩ આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૪ આઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે.
૫ આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે,
૬ આઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

( ઉપાશ્રયનાં બારણાં માંહેની તરફ )

૧ આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૨ આઘાડે આસન્ને પાસવણે અહિયાસે.
૩ આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૪ આઘાડે મજ્ઝે પાસવણે અહિયાસે.
૫ આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૬ આઘાડે દૂરે પાંસવણે અહિયાસે.

( ઉપાશ્રયનાં બારણાં-બહારના ભાગ તરફ )

૧ અણાઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૨ અણાઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.
૩ અણાઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

**હીંગ મરચું ને આંબલી, સોપારી ને તેલ;**
**જો ખાવાનો ખપ કરે, તો પાંચે વસ્તુ મેલ.**

૪ અણાઘાડે મજ્જે પાસવણે અણહિયાસે.

૫ અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.

૬ અણાઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

(ઉપાશ્રયના સો હાથ લગભગના ભાગ તરફ)

૧ અણાઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે.

૨ અણાઘાડે આસન્ને પાસવણે અહિયાસે.

૩ અણાઘાડે મજ્જે ઉચ્ચારે પાસવણે અહિયાસે.

૪ અણાઘાડે મજ્જે પાસવણે અહિયાસે.

૫ અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે.

૬ અણાઘાડે દૂરે પાસવણે અહિયાસે.

(પછી ફરીથી)

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં' પડિક્કમામિ? 'ઇચ્છં.'

## (ઇરિયાવહિ)

૩ (પ્રતિક્રમણ શરૂ કરે)

(સાત લાખ, અઢાર પાપસ્થાનકને ઠેકાણે)

૪ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **ગમણાગમણે આલોઉં**? ઇચ્છં.

૫ ઇર્યાસમિતિ—

દૂધ સાકર ને એલચી, વરિયાળી ને દ્રાખ;
જો ગાવાનો ખપ કરે, તો પાંચે વસ્તુ રાખ.

( કરેમિ ભંતેમાં " **જાવ નિયમં** " ને બદલે "**જાવ પોસહં** " કહેવું. )

## પોસહ પારવાનો વિધિ

( દિવસના પોસહવાળાએ )

૧ ઇચ્છામિ ખમાસમણો—
૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ. ઇચ્છં. ઇચ્છામિ પડિક્કમિઉં.
૩ ઇરિયાવહિયાએ—
૪ તસ્સઉ૦–અન્નથ્થ–( ૧ ) લોગસ્સનો કાઉસગ્ગ. **પ્રગટ** લોગસ્સ કહેવો.
૫ ચઉક્કસાય—
૬ જં કિંચિ—
૭ નમુથ્થુણં—
૮ નમોઽર્હત્સિદ્ધાચાર્યો—
૯ ઉવસગ્ગહરં—
૧૦ જય વીયરાય—
૧૧ ઇચ્છામિ ખમાસમણો—
૧૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **મુહપત્તિપડિલેહું ?**' 'ઇચ્છં.'

( મુહપત્તિ પડિલેહવી. )

**જહાં રામ તહાં કામ નહીં, જહાં કામ તહાં નહીં રામ;**
**તુલસી કબહિં હોત નહીં, રવિ રજની એક ઠામ.**

૧૩ ઇચ્છામિ ખમાસમણો—

૧૪ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પોસહ પારું?**' 'યથાશક્તિ.'

૧૫ ઇચ્છામિ ખમાસમણો—

૧૬ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **પોસહ પાર્યો.** તહત્તિ.'

( ચરવળા ઉપર જમણો હાથ સ્થાપીને )

૧૭ નમો અરિહંતાણં—

૧૮ **સાગરચંદો કામો ચંદવડિંસો સુદંસણો ધન્નો**
**જેસિં પોસહપડિમા, અખંડિઆ જીવિયંતેવિ. ૧**
**ધન્નાસલાહણિજ્જા, સુલસા આણંદ કામદેવાય;**
**જાસ પસંસઈ ભયવં દઢ્ઢવ્વયંતં મહાવીરો. ૨**

પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કાંઈ અવિધિ હુઓ હોય તે સવિ હું મન-વચનકાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

૧૯ ઇચ્છામિ ખમાસમણો—

૨૦ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **મુહપત્તિ પડિલેહું?**' 'ઇચ્છં.'

( મુહપત્તિ પડિલેહવી )

૨૧ ઇચ્છામિ ખમાસમણો—

૨૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સામાયિક પારું?** યથાશક્તિ.'

**જ્ઞાન ગરીબી ગુણ ધર્મ, નરમ વચન નિરમોષ;**
**તુલસી કબહું ન છાંડીએ, શીલ સત્ય સંતોષ.**

૨૩ ઇચ્છામિ ખમાસમણો—

૨૪ ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સામાયિક પાર્યું"** તહત્તિ. '

( જમણો હાથ ચરવળા ઉપર સ્થાપીને )

૨૫ નમો અરિહંતાણં—

૨૬ સામાઇયવયજુત્તો—

( રાત્રી પોસહવાળાએ એક પહોર રાત્રી ગયા પછી સંથારા પોરિસિ ભણાવવી. )

## સંથારા પોરિસિનો વિધિ

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બહુપડિપુન્ના પોરિસિ ?

૩ ઇચ્છામિ ખમાસમણો—

૪ ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ. ઇચ્છં. ઇચ્છામિ પડિક્કમિઉં. '

૫ ઇરિયાવહિયાએ—

૬ તસ્સઉ૦-અન્નત્થ૦-( ૧ ) લોગસ્સનો કાઉસ્સગ્ગ. પ્રગટ લોગસ્સ કહેવો.

૭ ઇચ્છામિ ખમાસમણો—

૮ ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **બહુપડિપુન્ના પોરિસિ રાઇય સંથારએ ઠામિ.** '

તુલસી મીઠે વચનસે, સુખ ઊપજે ચિહું ઠોર;
વશીકરણ યહ મંત્ર હૈ, તજીએ વચન કઠોર.

૯ ચઉક્કસાય—

૧૦ નમુથ્થુણં—

૧૧ જાવંતિ ચેઇઆઇ—

૧૨ ઇચ્છામિ ખમાસમણો—

૧૩ જાવંત કેવિ સાહૂ—

૧૪ નમોઽર્હત્સિદ્ધાચાર્યો—

૧૫ ઉવસગ્ગહરં—

૧૬ જય વીયરાય—

૧૭ ઇચ્છામિ ખમાસમણો—

૧૮ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **સંથારા-વિધિ ભણવા મુહપત્તિ પડિલેહું** ? ઇચ્છં.

(મુહપત્તિ પડિલેહવી)

૧૯ નિસિહિ નિસિહિ નિસિહિ નમો ખમાસમણાણં ગોયમાઇણં મહામુણીણં, નમો અરિહંતાણં—

૨૦ કરેમિ ભંતે—

(૧૯ અને ૨૦ ના પાઠ ત્રણ વખત ભણવા.)

અણુજાણહ જિટ્ઠિજ્જા, અણુજાણહ પરમગુરુ;
ગુરુગુણરયણેહિં, મંડિયસરીરા,
બહુપડિપુન્ના પોરિસિ, રાઇય સંથારએ ઠામિ. ૧
અણુજાણહ સંથારં, બાહુવહાણેણં વામપાસેણં;
કુક્કુડિપાયપસારણ, અંતરંત પમજ્જએ ભૂમિં. ૨

બૂરા દેખન મેં ગયો, બૂરો ન મિલિયો કોય;
જો દેખું દિલ ખોલકે, મોસે બૂરા ન હોય;

સંકોઇઅ સંડાસા, ઉવ્વટ્ટંતે અ કાયપડિલેહા;
દવ્વાઈ ઉવઓગં, ઉસાસ નિરૂંભણા લોએ. ૩

જઈ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સિમાઈ રયણીએ;
આહારમુવહિ દેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૪

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં;
સાહુ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં. ૫

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા;
સાહુ લોગુત્તમા, કેવલિપન્તો ધમ્મો લોગુત્તમો. ૬

ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ;
સિદ્ધે સરણં પવજ્જામિ, સાહુ સરણં પવજ્જામિ,
કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ. ૭

પાણાઈવાયમલિઅં; ચોરિક્કં મેહુણં દવિણમુચ્છં;
કોહં માણં માયં, લોભં પિજ્જં તહા દોસં. ૮

કલહં અબ્ભખ્ખાણં, પેસુન્નં રઇઅરઈ સમાઉત્તં;
પરપરિવાયં માયામોસં મિચ્છત્તસલ્લં ચ. ૯

વોસિરિસુ ઈમાઇં, મુખમગ્ગસંસગ્ગવિગ્ઘભૂઆઇં;
દુગ્ગઇનિબંધણાઈં, અઠારસ પાવઠાણાઈં. ૧૦

એગોહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઇ;
એવં અદિણમણસો, અપ્પાણમણુસાસઈ. ૧૧

અપને ખોદે કૂપ મહે. ગિરે યથા દુઃખ હોઇ;
તુલસી સુખદ સમજી હિયે, રચત જગત સબ કોઈ.

એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ;
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગલખ્ખણા. ૧૨
સંજોગમૂલા જીવેણ, પત્તા દુઃખપરંપરા;
તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩
( આ નીચેની એક ગાથા ત્રણ વખત કહેવી. )
અરિહંતો મહદ્દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો;
જિણપન્નત્તં તત્તં, ઇઅ સમ્મત્તં મએ ગહિઅં. ૧૪
( સાત નવકાર ગણીને, નીચેની ત્રણ ગાથા બે હાથ જોડીને કહેવી. )
ખમિઅ ખમાવિઅ, મઈ ખમિઅ સવ્વહજીવનિકાય;
સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્જહ વઈર ન ભાવ. ૧૫
સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત;
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝવિ તેહ ખમંત. ૧૬
જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિયં પાવં;
જં જં કાયેણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ. ૧૭
વિધિ કરતાં અવિધિ થયો હોય તસ્સ મિચ્છામિ દુક્કડં.

## સંથારાનો વિધિ

આ રીતે સંથારા પોરિસિ ભણાવીને સજ્ઝાય, ધ્યાન કરવું. જ્યારે નિદ્રા આવે ત્યારે માત્રા વગેરેની બાધા ટાળીને દિવસે પડિલેહેલી જગ્યાએ સંથારો કરે. જમીન પડિલેહીને સંથારિયું પાથરી, તે ઉપર એક પડવાળો ઓછાડ પાથરે. મુહપત્તિ કેડે

મુખ નૈન અરુ નાસિકા, સબહિકો એક ઠોર;
કહેવું સુનવું દેખવું, ચતુરનકો કછુ ઓર.

ખોસે, ચરવળો પડખે મૂકી માતરિયું પહેરી ડાબે પડખે હાથનું ઓસીકું કરીને સૂવે.

રાત્રે ચાલવું પડે તો ડંડાસણ વડે પડિલેહતાં ચાલવું.

## પોસહવાળાને સવારના પ્રતિક્રમણનો વિધિ

પાછલી રાત્રે જાગીને નવકાર ગણી ભાવના ભાવે, માત્રાની બાધા ટાળી ઇરિયાવહિ પડિક્કમી, રાઈ પ્રતિક્રમણ કરે.

( પ્રતિક્રમણમાં સાત લાખને ઠેકાણે ગમણાગમણે કહેવું. )

( રાઈપ્રતિક્રમણ પૂર્ણ થતાં છેલ્લે દેવવંદન આવે છે તે પછી નમુત્થુણં કહ્યા બાદ )

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **બહુવેળ સંદિસાહું ?' 'ઇચ્છં'**

૩ ઇચ્છામિ ખમાસમણો—

૪ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **બહુવેળ કરશું ?'** 'ઇચ્છં.'

૫ ઇચ્છામિ ખમાસમણો—

૬ ભગવાનહં.

૭ ઇચ્છામિ ખમાસમણો—

૮ આચાર્યહં.

૯ ઇચ્છામિ ખમાસમણો—

**દયા ન રાખી દિલમાં, કર્યો ન પ્રભુ પર નેહ;**
**પર ઉપકાર કર્યો નહિ, જન્મ ગુમાવ્યો એહ.**

૧૦ ઉપાધ્યાયહં.

૧૧ ઇચ્છામિ ખમાસમણો—

૧૨ સર્વસાધુભ્યઃ—

૧૩ અઢ્ઢાઇજ્જેસુ—

(સવારે ઊઠી પ્રતિક્રમણ કરી રહ્યા પછી)

(સ્થાપનાચાર્ય પડિલેહીને તેની સન્મુખ પડિલેહણની તથા દેવ વાંદવા વગેરેની ક્રિયા નીચે પ્રમાણે કરવી.)

(પાન ૫૨-૫૩) સુધી પડિલેહણની ક્રિયા કરવી. પછી)

(પાન ૩૯ થી ૪૬ સુધી દેવ વાંદવાની ક્રિયા કરવી. પછી)

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય કરું?' 'ઇચ્છં.'

૩ નમો અરિહંતાણં—

૪ મન્હ જિણાણં આણં—

વિધિ કરતાં અવિધિ થઈ હોય તસ્સ મિચ્છામિ દુક્કડં.

પછી ડંડાસણ, કૂંડી, પાણી, કુંડળ, કામળી વગેરે જે વસ્તુ જાચી લીધી હોય તે પાછી ગૃહસ્થને ભળાવવી.

## સવારે પોસહ પારવાનો વિધિ

૧ ઇચ્છામિ ખમાસમણો—

૨ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ.' 'ઇચ્છં. ઇચ્છામિ પડિક્કમિઉં.'

તુલસી તહાં ન જાઇએ, જહાં કપટીકા હેત;
મુખ મીઠી બાતેં કરે, અંત કટારી પેટ.

૩ ઇરિયાવહિયાએ—

૪ તસ્સઉ૦ અન્નત્થ૦ ( ૧ ) લોગસ્સનો કાઉસગ્ગ. પ્રગટ લોગસ્સ કહેવો.

૫ ઇચ્છામિ ખમાસમણો—

૬ ' ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! **મુહપત્તિ પડિલેહું?"**
' ઇચ્છં. '

( મુહપત્તિ પડિલેહવી )

૭ ( પાન ૭૦ થી ૭૧ સુધી બોલી જવું. )

---

ચિંતા એસી ડાકણી, કાટ કલેજા ખાય;
વૈદ્ય બિચારા ક્યા કરે ? કહાં કહાં દવા લગાય ?

# શ્રી અક્ષયનિધિ તપનો વિધિ

[ આ તપ શ્રા. વ. ૪ થી ભા. સુ. ૪ સંવત્સરી સુધીમાં ૧૬ દિવસે પૂરો થાય છે. શરૂમાં રૂપાના કે ત્રાંબાના કુંભ ઉપર શ્રીફળ સ્થાપી, લીલા કે પીળા વસ્ત્રથી મુખ બાંધી; દરેકે પોતાનો જુદો જુદો કુંભ પવિત્ર સ્થળે ડાંગરની ઢગલી ઉપર પધરાવવો. તેની સમીપે ફાનસમાં ૧૬ દિવસ બનતાં સુધી અખંડ દીપક રાખવો. સ્વસ્તિક ઉપર એક કલ્પસૂત્ર પધરાવવું. જ્ઞાન ઉપર ચંદ્રુવો બાંધવો. એ વખત પ્રતિક્રમણ, પડિલેહણ, ત્રિકાળ દેવવંદન, ભૂમિશયન અને બ્રહ્મચારી રહી નિત્ય પ્રભુ-પૂજા કરવી. પંદર દિવસ સુધી એકાસણાં અને સંવત્સરી દિને ઉપાવાસ કરવો. એ પ્રમાણે લાગટ ચાર વર્ષ કરવાથી ૬૪ દિને તપ પૂર્ણ થાય છે. વિધિમાં બતાવ્યા મુજબ હંમેશ યથાશક્તિ રૂપાનાણાથી જ્ઞાનપૂજન કરવું. હંમેશ **नमो नाणस्स** પદની ૨૦ નવકારવાળી ગણવી અને પૂરા વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. વિધિને અંતે હંમેશ કુંભમાં એક પસલી અક્ષત રૂપા-નાણા સાથે નાખતા રહી ૧૬ દિવસે કુંભ પૂરો ભરાય તેમ કરવું. છેલ્લે દિવસે રાત્રિજગો, પૂજા, પ્રભાવના વગેરે કરવું. ભા. સુ. ૫ના પારણાના દિને કુંભને ફૂલમાળા પહેરાવી તે કુંભ તથા યથાશક્તિ વિવિધ પકવાન્નોનો થાળ નારીઓએ મસ્તકે ચઢાવી વાજીંત્રોના ઠાઠથી કાઢેલ વરઘોડામાં ફેરવી દેરાસરે

આવવું. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા ફરી તે કુંભ તથા થાળ પ્રભુ સામે ધરી દેવા. બાદ રૂપાનાણાથી ગુરુપૂજા તથા જ્ઞાનપૂજા કરવી. યથાશક્તિ સ્વામિવાત્સલ્ય કરવું. શ્રાવક શ્રાવિકાએ કરવા યોગ્ય આ તપ આ ભવ પરભવમાં મહાન લાભ આપનાર છે. ]

**વિધિ** :–પ્રથમ ઇરિયાવહિ કરી, પછી ઇચ્છા૦ અક્ષયનિધિ તપ આરાધનાર્થે ચૈત્યવંદન કરું ? ઇચ્છં, કહી નીચેનું ચૈત્યવંદન કરવું.

## ચૈત્યવંદન

શાસનનાયક સુખકરુ, વર્ધમાન જિનભાણ;
અહોનિશ એહની શિર વહું, આણા ગુણમણિખાણ. ૧
શ્રી જિનવરથી પામિયા, ત્રિપદી શ્રી ગણધાર;
આગમરચના કરી બહુ, અર્થ વિચાર અપાર. ૨
તે જિનઆગમ ભાખિયાએ, તપ બહુવિધ સુખકાર;
શ્રી જિનવર શ્રુત પામીને, સાધે મુનિ શિવ સાર. ૩
શાસ્ત્ર ગુરુમુખે રસિક, શ્રાવક સુણી નિરધાર;
ઇષ્ટસિદ્ધિ અર્થે કરે, અક્ષયનિધિ તપ સાર. ૪
સૂત્રે તપ ભાખ્યા ઘણાં, સાધે મુનિવર જેહ;
અખૂટ નિધાનને કારણે, શ્રાવકને તપ એહ. ૫
આશંસા–હીણ તપ કરો એ, સર્વ ઋદ્ધિ દાતાર;
વિધિશું એહ આરાધતાં, પામીજે ભવપાર. ૬

**આચારે અભિમાન વધ્યો, તપથી વધ્યો ક્લેશ;**
**ગર્વ વધ્યો જો જ્ઞાનથી, તો વૃથા ભજ્યો વેશ.**

શ્રી જિનવર પૂજા કરો, ત્રિકરણ શુદ્ધ ત્રિકાળ;
તેમ કરો શ્રુતજ્ઞાનની, ભક્તિ થઈ ઉજમાળ. ૭
પડિક્કમણાં બે ટંકના, બ્રહ્મચર્ય નિત્ય ધરીએ;
જ્ઞાનીની સેવા કરી, સહેજે ભવજળ તરીએ. ૮
ચૈત્યવંદન શુભ ભાવથી એ, સ્તવન થોઈ નવકાર;
શ્રુતદેવી ઉપાસના, ધીરવિજય હિતકાર. ૯

પછી જં કિંચિ૦ નમુથ્થુણં૦ બે જાવંતિ૦ નમોઽર્હત્૦ કહી નીચે પ્રમાણે સ્તવન કહેવું.

### સ્તવન

તપવર કીજે રે અક્ષયનિધિ અભિધાને,
સુખભર લીજે રે, દિન-દિન ચઢતે વાને. [ એ અંચલી. ]
પર્વ પજૂસણ પર્વશિરોમણિ, જે શ્રી પર્વ કહાય;
માસ પાસ છઠ્ઠ દસમ દુવાલસ, તપ પણ એ દિન થાય....તપ૦ ૧
પણ અક્ષયનિધિ પર્વ પજુસણ-કેરો કહે જિનભાણ;
શ્રાવણ વદ ચોથે પ્રારંભી, સંવત્સરી પરિમાણ....તપ૦ ૨
એ તપ કરતાં સર્વ ઋદ્ધિ વરે; પગ પગ પ્રગટે નિધાન;
અનુક્રમે લહે તેહ પરમ પદ, સાન્વયી નામ પ્રધાન...તપ૦ ૩
પર મત્સરથી કર્મ બંધાણું, તેણે પામ્યો દુઃખજાળ;
તે તપ કરતાં તે પૂરવનું, કર્મ થયું વિસરાળ....તપ૦ ૪
જ્ઞાનપૂજા શ્રુતદેવી કાઉસ્સગ્ગ, સ્વસ્તિક અતિ સોહાવે;
સોવનકુંભ જડિત નિજશક્તિ, સંપૂરણ ક્રમે થાવે....તપ૦ ૫

મૂળ અભિમાન હતું પાશેર, ભણતર ભણતાં થયું અચ્છેર;
ચતુરાઈમાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો.

જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટથી કરીએ, ઇગ દોય તિન વરીસ;
વરસ ચોથે શ્રુતદેવી નિમિત્તે, એ તપ વીશાવીશ....તપ૦ ૬
એણે અણુસારે જ્ઞાનતણું વર-ગરણું ગણીએ ઉદાર;
આવશ્યકાદિ કરણી સંયુત, કરતાં લહે ભવપાર....તપ૦ ૭
ઇહભવ પરભવ દોય આશંસા, રહિત કરો ભવિ પ્રાણી;
જે પરપુદ્ગલ ગ્રહણ ન કરવું, તે તપ કહે વર નાણી....તપ૦ ૮
રાતિજગા પૂજા પરભાવના, હય ગય શણગારીજે;
પારણા દિન પંચ શબ્દે વાજે, વાજતે પધરાવીજે....તપ૦ ૯
ચૈત્ય વિશાળ હોય તિહાં આવી, પ્રદક્ષિણા વળી દીજે;
કુંભ વિવિધ નૈવેદ્ય સંઘાતે, પ્રભુ આગળ ઢોળીજે....તપ૦ ૧૦
રાધનપુરે એમ સુણી બહુ જણ, થયા ઉજમાળ તપ કાજ;
એહ મુખ્ય મંડાણ ઓચ્છવમાં, મસાલિયા દેવરાજ....તપ૦ ૧૧
સંવત અઢાર તેંતાલી વરસે, એ તપ બહુ ભવિ કીધો;
શ્રી જિન ઉત્તમ પાદ પસાયે, **પદ્મવિજય** ફળ લીધો....તપ૦ ૧૨

**ત્યાર પછી** 'જય વીયરાય' કહી 'સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં' અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, નમોઽર્હત૦ કહી "સુઅદેવયા ભગવઈ, નાણાવરણીયકમ્મસંઘાયં; તેસિં ખવેઉ સયયં, જેસિં સુઅસાયરે ભત્તિ." એ થોય કહી, પછી પચ્ચખ્ખાણ કરવું. પછી નીચે પ્રમાણે પૂજાની ઢાળ બોલવી.

**દુહા** :—સપ્તમ પદ શ્રી જ્ઞાનનો, સિદ્ધચક્ર પદમાંહી; આરાધીજે શુભ મને, દિન-દિન અધિક ઉચ્છાંહિ. ૧. અજ્ઞાણસં-

**અલિ પતંગ મૃગ મીન ગજ, એક એક રસ આંચ;**
**તુલસી તીનકી કોન ગત, જાકું વ્યાપત પાંચ.**

મોહતમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ; પંચપ્પયાસુ ઉવગારગસ્સ, સત્તાણ તત્વત્થપયાસગસ્સ. ૨. હુવે જેહુથી સર્વ અજ્ઞાન રોધો, જિનાધીશ્વર પ્રોક્ત અર્થાવબોધો; મતિ આદિ પંચ પ્રકાર પ્રસિદ્ધો, જગદ્ભાસતે સર્વદૈવાવિરુદ્ધો. ૩. યદીય પ્રભાવે સુભક્ષં અભક્ષં, સુપેયં અપેયં સુકૃત્યં અકૃત્યં; જેણે જાણીએ લોક મધ્યે સુનાણું, સદા મે વિશુદ્ધં તદેવં પ્રમાણું. ૪.

**ઢાળ પહેલી** :—ભવ્ય નમો ગુણજ્ઞાનને, સ્વપરપ્રકાશક ભાવે જી; પર્યાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવી જી. ૧.[ચાલ] જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવ વિલચ્છના; મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધસાધન લચ્છના; સ્યાદ્વાદ સંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા; સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા. ૨.

**ઢાળ બીજી** :—ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણુ લહિયે, પેય અપેય વિચાર; કૃત્ય અકૃત્ય ન જે વિણુ લહિયે, જ્ઞાન તે સકલ આધાર રે, ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો. ૧. પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું; જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે. ભ૦ ૨. સકલ ક્રિયાનું મૂલ જે શ્રદ્ધા, તેહનું મૂલ જે કહિયે; તેહ જ્ઞાન નિત્ય નિત્ય વંદીજે, તે વિણુ કહો કેમ રહીએ રે ? ભ૦ ૩. પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપરપ્રકાશક જેહ; દીપક પરે ત્રિભુવન ઉપગારી, વળી જેમ

લેનેકો સત્ત નામ હૈ, દેનેકો અન્નદાન;
તરનેકો હૈ દીનતા, ડૂબનેકો અભિમાન.

રવિ શશી મેહ રે, ભ૦ ૪. લોક ઊર્ધ્વ અધો તિર્યગ્, જ્યોતિષ વૈમાનિક ને સિદ્ધ; લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાને મુજ શુદ્ધ રે ભ૦ ૫.

**ઢાળ ત્રીજીઃ**—જ્ઞાનાવરણીય જે કર્મ છે. ક્ષય ઉપશમ તસ થાયે રે; તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. મહાવીર જિનેશ્વર ઉપદિશે. ૧.

પછી " ॐ ह्रीँ परमात्मने नमः ज्ञानपदेभ्यः कलशं यजामहे स्वाहा. " એ મંત્ર બોલીને જ્ઞાનની વાસક્ષેપ વડે પૂજા કરવી અને દ્રવ્યપૂજા કરવી એટલે રૂપામહોરથી જ્ઞાનની યથાશક્તિ પૂજા કરવી. પછી નીચે પ્રમાણે દુહા બોલી શ્રુતજ્ઞાનના ૨૦ ભેદના ૨૦ ખમાસમણ દેવા.

**પીઠિકાના દુહા**—સુખકર શંખેશ્વર નમી, થુણશ્યું શ્રી શ્રુત નાણ; ચઉ મૂંગા શ્રુત એક છે, સ્વપરપ્રકાશક ભાણ. ૧. અભિલાપ્ય અનંતમે, ભાંગે રચિયો જેહ; ગણધરદેવે પ્રણમીયો, આગમ રયણ અછેહ. ૨. ઇમ બહુલી વક્તવ્યતા, છ ઠાણ વડીયા ભાવ; ક્ષમાશ્રમણે ભાષ્યે કહ્યા, ગોપય સર્પિ જમાવ. ૩. લેશથકી શ્રુત વરણવું, ભેદ ભલા તસ વીશ; અક્ષયનિધિ તપને દિને, ખમાસમણ તે વીશ. ૪. સૂત્ર સનંત અર્થમઇ, અક્ષર અંશ લહાય; શ્રુતકેવળી કેવળી પરે, ભાખે શ્રુત પરજાય. ૫.

મિત્ર ઐસા કીજીયે, જૈસા સીરકા બાલ;
કાટે કટાવે પીછુ કટે, તોય ન છોડે ખ્યાલ.

[ પ્રથમ ભેદ. ] **શ્રી શ્રુતજ્ઞાનને નિત્ય નમો, ભાવ મંગલને કાજ; પૂજન અર્ચન દ્રવ્યથી, પામો અવિચલ રાજ. ૬. [ અહીં પહેલું ખમસામણ દેવું. ]** ઇગસય અડવીસ સ્વરતણા, તિહાં આકાર અઢાર; શ્રુતપર્યાય સમાસમેં, અંશ અસંખ્ય વિચાર. ૭ [ શ્રી૦ શ્રુત૦ ૨. ] બત્રીશ વર્ણ સંમાય છે, એક શ્લોક મોઝાર; તેહમાં એક અક્ષર ગ્રહે, તે અક્ષર શ્રુતસાર. ૮ [ શ્રી૦ શ્રુત૦ ૩. ] ક્ષયોપશમ ભાવે કરી, બહુ અક્ષરનો જેહ; જાણે ઠાણાંગ આગલે; તે શ્રુતનિધિ ગુણગેહ. ૯ કોડિ એકાવન અડલખા, અડસય એકાશી હજાર; ચાલીશ અક્ષર પદતણા, કહે અનુયોગદુવાર. ૧૦ [ શ્રી૦ શ્રુત૦ ૪ ] અર્થાન્તે ઇહાં પદ કહ્યું, જિહાં અધિકાધિક ઠરાય, તે પદ શ્રુતને પ્રણમતાં, જ્ઞાનાવરણી હઠાય. ૧૧ [ શ્રી૦ શ્રુત. ૫. ] અઢાર હજાર પદે કરી, અંગ પ્રથમ સુવિલાસ; દુગુણા શ્રુત બહુ પદ ગ્રહે, તે પદ શ્રુત સમાસ. ૧૨ [શ્રી૦ શ્રુત ૬.] પિંડપ્રકૃતિમાં એક પદે, જાણે બહુ અવદાત; ક્ષયોપશમની વિચિત્રતા, તેહ જ શ્રુત સંઘાત. ૧૩ [ શ્રી શ્રુત૦ ૭. ] પંચોતેર ભેદે કરી, સ્થિતિ બંધાદિ વિલાસ; કમ્મપયડી પયડી ગ્રહે, શ્રુતસંઘાત સમાસ. ૧૪ [ શ્રી શ્રુત૦ ૮. ] ગત્યાદિક જે માર્ગણા, જાણે તેહમાં એક; વિવરણ ગુણઠાણાદિકે, તાસ પ્રતિપત્તિ વિવેક. ૧૫ [ શ્રી શ્રુત૦ ૯. ] જે બાસઠી માર્ગણપદે, લેશ્યા આદિ નિવાસ; સંગ્રહ તરતમયોગથી, તે પ્રતિપત્તિ સમાસ. ૧૬ [ શ્રી શ્રુત૦

પાન, પદાર્થ, ચતુર નર, વિણ તોલે વેચાય;
જ્યું જ્યું ચડે દેશાવરો, ત્યું ત્યું મોંઘા થાય.

૧૦.] સંતપદાદિક દ્વારમાં, જે જાણે શિવ લોગ; એક દોય દ્વારે કરી, શ્રદ્ધા શ્રુત અનુયોગ. ૧૭ [ શ્રી શ્રુત૦ ૧૧.] વળી સંતાદિક નવપદે, તિહાં માર્ગણા ભાસ; સિદ્ધતણી સ્તવના કરે, શ્રુતઅનુયોગ સમાસ. ૧૮ [ શ્રી શ્રુત૦ ૧૨. ] પ્રાભૃત–પ્રાભૃત શ્રુત નમું, પૂરવના અધિકાર; બુદ્ધિ પ્રબલ પ્રભાવથી, જાણે એક અધિકાર. ૧૯ [ શ્રી શ્રુત૦ ૧૩. ] પ્રાભૃત–પ્રાભૃત–શ્રુત સમા, સાભિધ લબ્ધિ વિશેષ; બહુ અધિકાર ઇસ્યા ગ્રહે, ક્ષીરાશ્રવ ઉપદેશ. ૨૦ [ શ્રી શ્રુત૦ ૧૪. ] પૂરવગત વસ્તુ જિકે, પ્રાભૃત શ્રુત તે નામ; એક પ્રાભૃત જાણે મુનિ, તાસ કરું પ્રણામ. ૨૧ [ શ્રી શ્રુત૦ ૧૫. ] પૂરવલબ્ધિ પ્રભાવથી, પ્રાભૃત શ્રુત સમાસ; અધિકાર બહુલા ગ્રહે, પદ અનુસાર વિલાસ ૨૨ [ શ્રી શ્રુત૦ ૧૬. ] આચારાદિક નામથી, વસ્તુ નામ શ્રુતસાર; અર્થ અનેકવિધે ગ્રહે, તે પણ એક અધિકાર. ૨૩ [ શ્રી શ્રુત૦ ૧૭. ] દુગસય પણવીસ વસ્તુ છે, ચૌદ પૂરવની સાર; જાણું તેહને વંદના, એક શ્વાસે સો વાર. ૨૪. [ શ્રી શ્રુત૦ ૧૮. ] ઉત્પાદાદિ પૂરવ જે, સૂત્ર અર્થ એક સાર; વિદ્યામંત્રતણો કહ્યો, પૂરવ શ્રુત ભંડાર. ૨૫. [ શ્રી શ્રુત૦ ૧૯. ] બિંદુસાર લગે ભણે, તેહિજ પૂરવ સમાસ; શ્રી શુભવીરને શાસને, હોજો જ્ઞાન-પ્રકાશ. ૨૬ [ શ્રી શ્રુત૦ ૨૦ ]

પછી પસલી ભરી "**બોધાગાધં સુપદપદવી**" સ્તુતિ બોલીને અથવા " જ્ઞાન સમો કો ધન નહીં, સમતા સમો નહીં સુખ; જીવિત સમ આશા નહીં, લોભ સમો નહીં દુઃખ." આ દુહો બોલીને તે પસલી કુંભમાં નાંખવી ॥ ઇતિ. ॥

જબ લગ પૈસો હાથમેં, તબ લગ ઊસકે યાર;
સાંઇ ઇસ સંસારમેં, સ્વારથકા વ્યવહાર.

# શ્રી વીશ સ્થાનક તપનો વિધિ

આ તપના કરનારા શ્રાવક શ્રાવિકા સવાર સાંજ પ્રતિક્રમણ કરે, બે વખત પડિલેહણ કરે, ત્રિકાળ પૂજા કરે, બ્રહ્મચર્ય પાળે, અસત્ય, ચોરી, રાગ, દ્વેષની મંદતા કરે. બને તેટલો આરંભનો ત્યાગ કરે. ન બને તો ઉદાસીન ભાવથી લૂખા પરિણામથી પોતાનો નિભાવ કરી લે. બાકીનો વિધિ કાઉસ્સગ્ગ, ખમાસમણ, દેવવંદન, વીશ નવકારવાળી વગેરે નીચે પ્રમાણે કરે.

| વીશ પદનાં નામ | કાઉ૦ |
|---|---|
| ૧ ૐ હ્રીઁ નમો અરિહંતાણં. | ૧૨–૨૪ |
| ૨ ,, ,, સિદ્ધાણં. | ૩૧–૧૫ |
| ૩ ,, ,, પવયણસ્સ. | ૭–૧૨–૨૭ |
| ૪ ,, ,, આયરિયાણં. | ૩૬ |
| ૫ ,, ,, થેરાણં. | ૧૦ |
| ૬ ,, ,, ઉવજ્ઝાયાણં. | ૨૫ |
| ૭ ,, ,, લોએ સવ્વસાહૂણં. | ૨૧–૨૭ |
| ૮ ,, ,, નાણસ્સ. | ૫૧–૫ |
| ૯ ,, ,, દંસણસ્સ. | ૬૭ |

બોત વણજ બહુ બેટીઆં, દો નારી ભરતાર;
તીનકું કયા અબ મારના, માર રહ્યા કીરતાર.

| વીશ પદનાં નામ | | | | કાઉ૦ |
|---|---|---|---|---|
| ૧૦ | ૐ | હ્રીં નમો | વિણયસ્સ. | ૧૦ |
| ૧૧ | ,, | ,, | ચરિત્તસ્સ. | ૧૭–૭૦ |
| ૧૨ | ,, | ,, | બંભવયધારિણં. | ૧૮–૯ |
| ૧૩ | ,, | ,, | કિરિયાણં. | ૨૫ |
| ૧૪ | ,, | ,, | તવસ્સ. | ૧૨ |
| ૧૫ | ,, | ,, | ગોયમસ્સ. | ૧૨–૨૮ |
| ૧૬ | ,, | ,, | જિણાણં. | ૧૦–૨૦–૨૪ |
| ૧૭ | ,, | ,, | સંયમધારિણં | ૭૦–૧૭ |
| ૧૮ | ,, | ,, | અભિનવનાણસ્સ. | ૫–૫૧ |
| ૧૯ | ,, | ,, | સુયસ્સ. | ૪૫–૧૨ |
| ૨૦ | ,, | ,, | તિત્થસ્સ. | ૫–૩૮–૨૦ |

## આ વીશ સ્થાનકપદ–આરાધનાથી સિદ્ધિને પામેલાઓનાં નામ

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્વેતવર્ણ | અરિહંતપદ | દેવપાલ નૃપ તીર્થંકર થયા. |
| ૨ | લાલવર્ણ | સિદ્ધપદ | હસ્તીપાલ નૃપ જિન થયા. |
| ૩ | શ્વેતવર્ણ | પ્રવચનપદ | જિનદત્ત જિન થયા. |

ચળ સ્વરૂપ યોવન સફળ, ચળ વૈભવ ચળ દેહ;
ચલાચલીકે સમયમેં, ભલાભલી કર લેહ.

| | | | |
|---|---|---|---|
| ૪ | પીતવર્ણ | આચાર્યપદ | પુરુષોત્તમ નૃપ તીર્થંકર થયા. |
| ૫ | શ્યામવર્ણ | સ્થવિરપદ | પદ્મોત્તર નૃપ તીર્થંકર થયા. |
| ૬ | નીલવર્ણ | ઉપાધ્યાયપદ | મહેંદ્રપાલ જિન થયા. |
| ૭ | શ્યામવર્ણ | સાધુપદ | વીરભદ્ર જિન થયા. |
| ૮ | શ્વેતવર્ણ | જ્ઞાનપદ | જયંત નૃપ તીર્થંકર થયા. |
| ૯ | ,, | દર્શનપદ | હરિવિક્રમ જિન થયા. |
| ૧૦ | ,, | વિનયપદ | ધન્ના જિન થયા. |
| ૧૧ | ,, | ચારિત્રપદ | અરુણદેવ જિન થયા. |
| ૧૨ | ,, | બ્રહ્મચર્યપદ | ચંદ્રવર્મા નૃપ જિન થયા. |
| ૧૩ | ,, | ક્રિયાપદ | હરિવાહન મુનિ તીર્થંકર થયા. |
| ૧૪ | ,, | તપપદ | કનકકેતુ મુનિ તીર્થંકર થયા. |
| ૧૫ | ,, | ગૌતમપદ | નરવાહન નૃપ તીર્થંકર થયા. ( હરિવાહન ) |
| ૧૬ | ,, | જિનપદ | જીમૂતકેતુ જિન થયા. |
| ૧૭ | ,, | સંયમપદ | પુરંદર મુનિ તીર્થંકર થયા. |
| ૧૮ | ,, | અભિનવજ્ઞાન | સાગરચંદ્ર મુનિ જિન થયા. |
| ૧૯ | ,, | શ્રુતપદ | રત્નચૂડ મુનિ જિન થયા. |
| ૨૦ | ,, | તીર્થપદ | મેરુપ્રભ જિન થયા. |

આ રીતે દરેક પદના કાઉસગ્ગ પ્રમાણે જ ખમાસમણ,

નર જન્મ સુંદર પુણ્યથી, પામી વૃથા ખોશો નહિ;
વીર પુત્રો ધર્મ કરતાં, દુઃખને જોશો નહિ.

સાથિયા અને પ્રદક્ષિણા જાણવી. દરેક પદની ૨૦-૨૦ નવકારવાળી ગણવી.

આ તપની ઓળી ૨૦ ઉપવાસ, આયંબિલ કે એકાસણાથી શરૂ કરાય છે. એક ઓળી વધુમાં વધુ ૬ માસમાં પૂરી કરવી જોઇએ. તેવી રીતે ૧૦ વર્ષે ૨૦ ઓળી પૂર્ણ કરવી જોઇએ. આ ઉત્કૃષ્ટ મર્યાદા છે. શક્તિ હોય તો ૧૦ વર્ષથી ઓછામાં પણ પૂરી કરી શકાય છે. એકથી વીશ ઓળીના અનુક્રમે બોલવાના દુહાઓ નીચે પ્રમાણે છે—

" પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન; ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો **શ્રી જિનભાણ ૧.** ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ; અષ્ટ કર્મમલ ક્ષય કરી, ભયે **સિદ્ધ** નમો તાસ **૨.** ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃતવૃષ્ટિ; ત્રિભુવન જીવને સુખકરી, જય જય **પ્રવચન** દૃષ્ટિ ૩. છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ; જિનમત પરમત જાણતા **નમો** નમો તેહ **સૂરીંદ** ૪. તજી પરપરિણતિ રમણતા, લહે નિજ ભાવસ્વરૂપ; સ્થિર કરતા ભવિલોકને, જય જય **સ્થવિર** અનૂપ ૫, બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વપ્રતીત; ભણે ભણાવે **સૂત્રને**, જય જય **પાઠક** ગીત ૬. સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ; સાધે શુદ્ધાનંદતા, **નમો સાધુ** શુભરંગ ૭. અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ

**જન્મગાંઠના હર્ષમાં, ખાય બજાવે ગાય;**
**પણ પામર સમજે નહિ, દિવસ ગાંઠનો જાય.**

પ્રીતિ; સત્યધર્મ તે જ્ઞાન છે, નમો નમો **જ્ઞાનની** રીતિ ૮. લોકાલોકના ભાવ જે, કેવલિભાષિત જેહ; સત્ય કરી અવધારતો, નમો નમો **દર્શન** તેહ ૯. શૌચ મૂળથી મહાગુણી, સર્વ ધર્મનો સાર; ગુણ અનંતનો કંદ એ, નમો નમો **વિનય** આચાર ૧૦. રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહી સદૈવ; ભાવરયણનું નિધાન છે, જય જય ચારિત્ર જીવ ૧૧. જિન-પ્રતિમા જિનમંદિરા, કંચનના કરે જેહ; **બ્રહ્મચર્ય** બહુ ફળ લહે, નમો નમો શિયલ સુદેહ ૧૨. આત્મબોધ વિણુ જે ક્રિયા, તે તો બાળક ચાલ; તત્ત્વારથથી ધારીએ, નમો **ક્રિયા** સુવિશાલ ૧૩. કર્મ ખપાવે ચીકણાં, ભાવમંગલ તપ જાણ; પચાસ લબ્ધિ ઉપજે, જય જય **તપ** ગુણખાણ ૧૪. છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ; એ સમ શુભ પાત્ર કો નહિ, નમો નમો **ગોયમ**સ્વામ ૧૫. દોષ અઢારે ક્ષય ગયા, ઉપન્યા ગુણ જસ અંગ; વૈયાવચ્ચ કરીયે મુદા, નમો નમો **જિનપદ** સંગ ૧૬. શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઇન્દ્રિય આશંસ; થિર સમાધિ સંતોષમાં, જય જય **સંયમ** વંશ ૧૭. **અભિનવ-જ્ઞાન** સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ; અજર અમર પદ ફળ લહો, જિનવર પદવી ફૂલ ૧૮. વક્તા શ્રોતાયોગથી, શ્રુત અનુભવ રસપીન; ધ્યાતા ધ્યેયની એકતા, જય જય **શ્રુત** સુખલીન ૧૯. તીર્થયાત્રા પ્રભાવ છે, શાસનઉન્નતિ કાજ; પરમાનંદ વિલાસતા, જય જય **તીર્થજહાજ** ૨૦

માતા પિતા ગુરુજનતણી, સેવા કરો દિનરાત;
સેવાથી મેવા મિલે, એ શાસ્ત્રની સાખ.

નોટઃ—જે ઓળી ચાલતી હોય તેનું જ પદ બોલીને તે નિમિત્તે સંપૂર્ણ લોગસ્સના કાઉસ્સગ્ગ, અને કાઉસ્સગ્ગ પારીને લોગસ્સ કહેવો. સ્ત્રીઓએ કારણને લીધે રહી ગયેલી ક્રિયા શુદ્ધ થયા પછી પણ પૂરી કરી આપવી.

**શ્રી ચૌદપૂર્વ તપનો વિધિઃ**—આ તપ ચૌદ શુકલા ચતુર્દશી પર્યંત એકેક ઉપવાસથી થાય છે. દર માસે જ્ઞાન અને જ્ઞાનીની પૂજા કરવી, એમ ૧૪ માસ પર્યંત કરવું, અથવા ૧૪ દિવસ એક સાથે એકાસણાં કરવા અને તપ કરવો. જ્ઞાનની રચના કરી પ્રદક્ષિણા દેવી. ચૌદે દિવસ ગણવાના પદો અને તેના ગુણો નીચે મુજબઃ—

(૧) 'શ્રી ઉત્પાદપૂર્વાય નમઃ' ગુણ ૧૪ (૨) 'શ્રી અગ્રાયણી પૂર્વાય નમઃ' ગુ૦ ૨૬ (૨) 'શ્રી વીર્યપ્રવાદપૂર્વાય નમઃ' ગુ૦ ૨૮ (૪) 'શ્રી અસ્તિપ્રવાદપૂર્વાય નમઃ' ગુ૦ ૧૨ (૫) 'શ્રી જ્ઞાનપ્રવાદપૂર્વાય નમઃ' ગુ૦ ૨૬ (૬) 'શ્રી સત્યપ્રવાદપૂર્વાય નમઃ' ગુ૦ ૩૦ (૭) 'શ્રી આત્મપ્રવાદપૂર્વાય નમઃ' ગુ૦ ૨૫ (૮) 'શ્રી કર્મપ્રવાદપૂર્વાય નમઃ' ગુ૦ ૩૦ (૯) 'શ્રી પ્રત્યાખ્યાનપૂર્વાય નમઃ' ગુ૦ ૩૪ (૧૦) 'શ્રી વિદ્યાપ્રવાદપૂર્વાય નમઃ' ગુ૦ ૨૪ (૧૧) શ્રી કલ્યાણપ્રવાદપૂર્વાય નમઃ' ગુ૦ ૧૫ (૧૨) 'શ્રી પ્રાણાવાયપૂર્વાય નમઃ' ગુ૦ ૧૨ (૧૩) 'શ્રી ક્રિયાવિશાલ પૂર્વાય નમઃ' ગુ૦ ૧૩ (૧૪) 'શ્રી

રાત્રી ગમાઈ સોયકે, દિવસ ગમાયા ખાય;
હીરા જૈસા મનુષ્યભવ, કવડી બદલે જાય.

લોકબિંદુસાર પૂર્વાય નમઃ' ગુ૦ ૨૫॥ જે પદના જેટલા ગુણો છે તેટલા જ ખમાસમણા-સાથિયા-પ્રદક્ષિણા જાણવી અને હરેક પદની ૨૦ નવકારવાળી ગણવી.

## શ્રી સિદ્ધાચલજીના બે અઠ્ઠમ તથા સાત છઠ્ઠનો વિધિઃ-

પ્રથમ અઠ્ઠમનું ગણણું :—'શ્રી પુંડરીકગણધરાય નમઃ' બીજા અઠ્ઠમનું :-' શ્રી કદંબગણધરાય નમઃ' (૭) છઠ્ઠનું ગણણું અનુક્રમે આ પ્રમાણેઃ-(૧) 'શ્રી ઋષભદેવસર્વજ્ઞાય નમઃ' (૨) શ્રી વિમલગણધરાય નમઃ' (૩) શ્રી સિદ્ધક્ષેત્રગણધરાય નમઃ' (૪) 'શ્રી હરિગણધરાય નમઃ' (૫) 'શ્રી વજ્રવલ્લીનાથાય નમઃ' (૬) 'શ્રી સહસ્રાદિગણધરાય નમઃ' અને સાતમા છઠ્ઠનું -' શ્રી સહસ્રકમલાય નમઃ ' હરેક પદની નવકારવાલી ૨૦-૨૦. કાઉસ્ગ્ગ અને ખમાસમણા ૨૧-૨૧. તથા સાથિયા ૨૧ કરીને ઉપર ૨૧ ફળ મૂકવાં.

**બીજ તપનો વિધિ :**—આ તપ માગશર, માહ કે શ્રાવણ સુદ બીજથી શરૂ કરાય છે. તે દિવસે આયંબિલ કે ઉપવાસ કરવો. 'શ્રી ઓઘનિર્યુકિત-પિંડનિર્યુક્તિજ્ઞાનાય નમઃ' ની ૨૦ નવકારવાળી ગણવી. ખમાસમણ, પ્રદક્ષિણા અને સાથિયા ૨૦ કરવા. તથા સાથિયા ઉપર ૨૦ ફળ મૂકવાં. કાઉસ્સગ્ગ ૫૧ લોગસ્સનો કરવો. આ તપ બે વર્ષ અને બે માસ સુધી કરવો.

કાલ કરે તે આજ કર, આજ કરે તે અબ;
અવસર બીત જાત હૈ, ફીર કરેગા કબ ?

**શ્રી જ્ઞાનપંચમી તપનો વિધિઃ**—આ તપ કાર્ત્તિક સુદ ૫ ( જ્ઞાનપંચમી ) ના દિવસથી શરૂ કરવો. તે દિને ઉપવાસ કરવો. જ્ઞાન માંડવું, તેની સામે કોરા કાગળ, કાઠાં, નૈવેદ્ય વગેરે મૂકવું. ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૫૧ સાથિયાં ઉપર ૫૧ ફળ મૂકવાં. " સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાનપ્રકાશ; પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ. " આ દુહો બોલી પ્રત્યેક દુહે ૧-૧ ખમાસમણુ દઈ ૫૧ ખમાસમણુ દેવા. જ્ઞાનપૂજન કરવું. ' ॐ ह्रीँ नमो नाणस्स ' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. પાંચ વર્ષ અને પાંચ માસ સુધી શુકલ પંચમીએ ઉપવાસ કરવો.

**શ્રી અષ્ટમી તપનો વિધિઃ**—આ તપ દર માસની શુકલ અષ્ટમીએ ઉપવાસ કરવાથી થાય છે, ' ॐ ह्रीँ नमो सिद्धाणं ' એ પદની ૨૦ નવકારવાળી, ૮ કે ૩૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, તેટલા જ ખમાસમણુ, સાથિયા અને સાથિયા ઉપર તેટલા જ ફળ મૂકવા. આઠ વર્ષ અને આઠ માસ સુધી શુકલ અષ્ટમીએ ઉપવાસ કરવો.

**શ્રી પોષદશમી તપનો વિધિઃ**—પોષ દશમી એટલે માગશર વદ ૧૦. આ તપ મા. વ. ૯-૧૦-૧૧ એમ ત્રણ દિવસ સાથે કરવો. તેમાં નોમના દિને સાકરના પાણીનું એકાસણું અને ઠામ ચોવિહાર. ત્યાર બાદ વ્રતયુક્ત રહીને દશમના દિને ખીરનું એકાસણું કરી ઠામ ચોવિહાર કરવો. આ દિવસે શ્રી પાર્શ્વનાથ

સદા ન લક્ષ્મી સ્થિર રહે, સદા ન સુખનો સંગ;
સદા ન કાયમ સબળતા, સદા ન ચઢતો રંગ.

પ્રભુનું જન્મકલ્યાણક હોવાથી જિનાલયમાં અષ્ટપ્રકારી અથવા સત્તરભેદી પૂજા ભણાવવી અને 'श्रीपार्श्वनाथअर्हते नमः' ની ૨૦ નવકારવાળી ગણવી. અગિયારશના દિવસે ભર્યા ભાણે એકાસણું કરવું. આ ત્રણે દિવસે શિયળ પાળવું. ભૂમિશયન કરવું. સાથિયા વગેરે ૧૨-૧૨ કરવા. પારણાને દિવસે શક્તિ હોય તો સ્વામી-વાત્સલ્ય કરવું. આ તપ દશ વર્ષના દર માસની વદ ૧૦ ના દિને એકાસણું કરવાથી પૂર્ણ થાય છે. આ પ્રમાણે જે તપ કરે છે તેની મનકામના સિદ્ધ થાય છે ને સમાધિમરણ પ્રાપ્ત થાય છે.

**શ્રી મૌન એકાદશી તપનો વિધિઃ**—આ તપ માગશર સુ. ૧૧-(મૌન એકાદશી) ના દિવસથી શરૂ કરવો. તે દિવસે ઉપવાસ કરવો. (સાંસારિક કાર્યોમાં) મૌનપણે રહેવું. '**श्रीमहायशसर्वज्ञाय नमः**' ની ૨૦ નવકારવાળી. અગિયાર વર્ષ અને અગિયાર માસ સુધી સુદ અગિયારસે ઉપવાસ કરવો. ૧૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ખમાસમણા, સાથિયા અને તેના ઉપર ૧૧ ફળ મૂકવા. સુવ્રતશેઠના દૃષ્ટાંતનું મનન કરવું. ૧૫૦ કલ્યાણકનું ગણણું ગણવું.

**શ્રી રોહિણી તપનો વિધિઃ**—આ તપ રોહિણી નક્ષત્રમાં થાય છે. તે તપ અક્ષયતૃતીયા (વૈ. સુ. ૩) ના દિને અથવા તેની આગળ પાછળ જ્યારે રોહિણી નક્ષત્ર હોય ત્યારે શરૂ

મરના મરના ક્યા કરે? મરી ન જાણે કોય;
મરના ઐસા કીજીએ, ફીર મરના ન હોય.

કરવો. તે તપ શ્રી વાસુપૂજ્યસ્વામીની પૂજા કરવાપૂર્વક સાત વર્ષ અને સાત માસ સુધી કરવો. એટલે કે–દર માસે જે દિને રોહિણી નક્ષત્ર હોય તે તે દિને ઉપવાસ, આયંબિલ કે નીવી વગેરેથી તપ કરવો. જો એક પણ રોહિણી નક્ષત્ર ભૂલી જવાય તો ફરીથી આરંભ કરવો. 'श्रीवासुपूज्यसर्वज्ञाय नमः' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. સા૦ ખ૦ કા૦ વગેરે ૧૨–૧૨ ગણવા.

**શ્રી સિદ્ધિતપનો વિધિઃ**—પ્રથમ એક ઉપવાસ, પારણે બેસણું કરવું. પછી બે ઉપવાસ અને પારણે બેસણું, એ પ્રમાણે આઠ ઉપવાસ સુધી કરવું. તેનું ગણણું નીચે પ્રમાણેઃ–૧ 'શ્રી અનન્તજ્ઞાનસંયુક્તાય શ્રીસિદ્ધાય નમઃ' ૨ 'શ્રી અનન્તદર્શન-સંયુક્તાય શ્રીસિદ્ધાય નમઃ' ૩ 'શ્રી અવ્યાબાધગુણસં૦ શ્રીસિ૦ નમઃ' ૪ 'શ્રીઅનંતચારિત્રસં૦ શ્રીસિ૦ નમઃ' ૫ 'શ્રી અક્ષય-સ્થિતિસં૦ શ્રીસિ૦ નમઃ' ૬ 'શ્રી અરૂપીનિરંજનસં૦ શ્રીસિ૦ નમઃ' ૭ 'શ્રી અગુરુલઘુગુણસં૦ શ્રીસિ૦ નમઃ' અને ૮ 'શ્રી અનંતવીર્યગુણસંયુક્તાય શ્રીસિદ્ધાય નમઃ' [ દરેક ઓળીએ તે તે પદની નવકારવાળી દરરોજ ૨૦–૨૦; ખ૦ સા૦ કા૦ ફળ વગેરે ૮–૮. ]

**શ્રી દિવાળી પર્વનું ગણણુંઃ**—જે દિવસે લોકમાં દિવાળી પર્વ ઉજવાય તે જ રાત્રિના ૮ વાગે "श्रीमहावीरस्वामि-

દુઃખમાં સૌ પ્રભુને ભજે, સુખમાં ભજે ન કોય;
જો સુખમાં પ્રભુને ભજે, તો દુઃખ કહાં સે હોય ?

सर्वज्ञाय नमः " ની ૨૦ નવકારવાળી. દેવવંદન ત્રીજા પહોરે " श्रीमहावीरस्वामिपारंगताय नमः " એ પદની ૨૦ નવકારવાળી. પછી શ્રી મહાવીરસ્વામી નિર્વાણુના દેવવંદન અને પ્રભાતે " श्रीगौतमस्वामिसर्वज्ञाय नमः " એ પદની ૨૦ નવકારવાળી અને શ્રી ગૌતમસ્વામીના દેવવંદન.

**ખાસ સૂચના**—દરેક તપમાં બન્ને વખત પ્રતિક્રમણ, પડિલેહણ, ત્રણ ટંકે દેવવંદન, કાઉસ્સગ્ગ, ખમાસમણ, સાથિયા, ૨૦ નવકારવાળી, અષ્ટપ્રકારી પૂજા, ગુરુવંદન, પચ્ચખ્ખાણ અને શિયલ પાળવું. તપ પૂર્ણ થયે યથાશક્તિ ઉદ્યાપન, ઉજમણું કરવું.

**નોટ**—દરેક તપના અને જ્ઞાનના કાઉસ્સગ્ગના લોગસ્સ સંપૂર્ણ જ કહેવા; કારણ કે તેમાં ૨૫ શ્વાસોશ્વાસની આજ્ઞા **નથી.**

---

કર ભક્તિ કિરતારની, કર પરમાર્થ કામ;
કર સુકૃત જગમેં સદા, રહે અવિચલ નામ.

# દેવસિપ્રતિક્રમણવિધિ

૧ પ્રથમ સામાયિક લેવી.

૨ પછી પાણી વાપર્યું હોય તો મુહપત્તિ પડિલેહવી.

૩ આહાર વાપર્યો હોય તો વાંદણાં બે દેવાં. ત્યાં બીજા વાંદણામાં આવસ્સિયાએ પાઠ ન કહેવો.

૪ યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું.

૫ ખમાસમણું દઇ ઇચ્છાકારેણ૦ કહી વડીલ અથવા પોતે ચૈત્યવંદન કરીને પછી જં કિંચિ કહી,

૬ નમુત્થુણં કહી ઊભા થઈને અરિહંતચેઇઆણં કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હત્૦ કહીને પ્રથમ થોય કહેવી. પછી,

૭ લોગસ્સ૦ કહેવો. સવ્વલોએ અરિહંતચેઇઆણં કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને બીજી થોય કહેવી. પછી,

૮ પુક્ખરવરદી કહી સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ એક નવકારનો કાઉસ્સગ્ગ પારી ત્રીજી થોય કહેવી. પછી,

૯ સિદ્ધાણં બુદ્ધાણં કહી વૈયાવચ્ચગરાણં કરેમિ કાઉસ્સગ્ગં

દીધે ગાલી એક હે, પલટે ગાલી અનેક;
જો ગાલી દેવે નહિ, તો રહે એકકી એક.

અન્નત્થ૦ પછી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હંત્ કહી ચોથી થોય કહેવી. પછી,

૧૦ બેસીને નમુત્થુણં કહેવું. પછી,

૧૧ ચાર ખમાસમણ દેવાપૂર્વક ૧ ભગવાન, ૨ આચાર્ય, ૩ ઉપાધ્યાય, ૪ સર્વ સાધુ પ્રત્યે થોભવંદન કરીએ પછી,

૧૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિય પ્રતિક્રમણે ઠાઉં એમ કહી જમણો હાથ ચરવળા કટાસણા ઉપર સ્થાપીને ઇચ્છં સવ્વસવિ દેવસિઅ કહેવું. પછી,

૧૩ ઊભા થઈ કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, જો મે દેવસિઓ, તસ્સ ઉત્તરી કહી, પછી,

૧૪ અતિચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવો આઠ ગાથા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. તે પારીને પછી,

૧૫ લોગસ્સ કહેવો. પછી બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં.

૧૬ પછી ઊભા થઇને ઇચ્છાકા૦ દેવસિઅં આલોઉં ઇચ્છં આલોએમિ જો મે દેવસિઓ કહીને,

૧૭ પછી સાત લાખ કહેવા, પછી અઢાર પાપસ્થાનક આલોઇને

૧૮ સવ્વસ્સવિ દેવસિઅ-દુચ્ચિંતિઅ- દુબ્ભાસિઅ-દુચ્ચિટ્ઠિઅ,

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇચ્છં તસ્સ મિચ્છામિ દુક્કડં કહેવું.

૧૯ બેસીને એક નવકાર ગણી કરેમિ ભંતે૦ ઇચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિઓ૦ કહીને,

૨૦ વંદિત્તુ કહીને વાંદણાં બે દેવાં. પછી,

૨૧ અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતર દેવસિઅં ખામીને વાંદણાં બે દેવાં. પછી ઊભા થઈ,

૨૨ આયરિય ઉવજ્ઝાએ કહીને કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ કહી તસ્સ ઉત્તરી કહી પછી,

૨૩ બે લોગસ્સનો અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ પારીને,

૨૪ લોગસ્સ કહેવો. સવ્વલોએ અરિહંતચેઇયાણં કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારીને,

૨૫ પુક્ખરવરદી સુઅસ્સ ભગવઓ કરેમિ૦ વંદણ૦ એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારીને,

૨૬ સિદ્ધાણં બુદ્ધાણં કહી સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોऽર્હત્ કહી પુરુષે સુઅદેવયાની પહેલી થોય અને સ્ત્રીએ કમલદલની પહેલી થોય કહેવી. પછી આદેશ લઈ,

૨૭ ક્ષેત્રદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં એક નવકારનો કાઉસ્સગ્ગ

ગુરુ લોભી શિષ્ય લાલચી, દોનો ખેલે દાવ;
દોનો ડૂબે બાપડા, બેઠે પથ્થરકી નાવ.

પારી નમોઽર્હત્ કહી ક્ષેત્ર દેવયાની થોય સ્ત્રીએ તથા પુરુષે કહેવી. પછી,

૨૮ પ્રગટ એક નવકાર ગણી બેસીને,

૨૯ છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહી બે વાંદણાં દેવા. પછી

૩૦ ૧ સામાયિક, ૨ ચઉવ્વિસથ્થો, ૩ વંદણ, ૪ પડિક્કમણું, ૫ કાઉસ્સગ્ગ, ૬ પચ્ચખ્ખાણ કર્યું છેજી, એ છ આવશ્યક સંભારવા પછી,

૩૧ ઇચ્છામો અણુસટ્ઠિં કહી નમો ખમાસમણાણં કહી નમોઽર્હત્ કહીને પુરુષ નમોઽસ્તુ વર્દ્ધમાનાય કહે, સ્ત્રી સંસારદાવાની ત્રણ થોયો કહે.

૩૨ નમુથ્થુણં કહી સ્તવન કહેવું, પછી,

૩૩ વરકનક કહી ભગવાનહં આદિ ચાર વાંદવા. પછી,

૩૪ જમણો હાથ ઉપધી ઉપર સ્થાપી અઢ્ઢાઈજ્જેસુ કહેવું, પછી

૩૫ દેવસિઅ પાયચ્છિત્તનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સનો અથવા સોલ નવકારનો કરવો. તે કાઉસ્સગ્ગ પારી પછી,

૩૬ પ્રગટ લોગસ્સ કહી બેસીને,

૩૭ ખમાસમણ બે દઈ સજ્ઝાયનો આદેશ માગી એક નવકાર ગણી સજ્ઝાય કરીએ. પછી એક નવકાર ગણીએ.

૩૮ પછી દુખ્ખખ્ખઓનો કમ્મખ્ખઓનો કાઉસ્સગ્ગ ચાર લોગ-

સદ્દગુરુ ઐસા કીજીએ, તુરત દિખાવે સાર;
પાર ઉતારે પલક મેં, દર્પન કે દાતાર.

સ્સનો સંપૂર્ણ અથવા સોલ નવકારનો સંપૂર્ણ કરવો. એ પછી વડીલે અથવા પોતે પારીને નમોઽર્હત્ કહી લઘુશાંતિ કહેવી. પછી

૩૯ પ્રગટ લોગસ્સ કહેવો, પછી

૪૦ ઇરિયાવહિ, તસ્સ ઉત્તરી કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો.

૪૧ પછી ચઉક્કસાય, નમુથ્થુણં કહી, જાવંતિ બે કહી, ઉવસગ્ગહરં, જય વીયરાય કહી મુહપત્તિ પડિલેહવી. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સામાયિક પારું યથાશક્તિ ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સામાયિક પાર્યું તહત્તિ કહી પછી,

૪૨ જમણો હાથ ઉપધી ઉપર સ્થાપી, એક નવકાર ગણીને સામાઇઅવયજુત્તો કહેવો. પછી,

૪૩ સ્થાપેલી સ્થાપના હોય તો એક નવકાર ગણી ઊઠે.

॥ ઇતિ દેવસિપ્રતિક્રમણવિધિ ॥

બાકી અનંતર વિધિ વડીલથી સમજવો.

# રાઇપ્રતિક્રમણવિધિ

પ્રથમ પૂર્વ રીતે સામાયિક લેવું. પછી કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ ૪ લોગસ્સનો અથવા ૧૬ નવકારનો કરી, પારી

દયા ગરીબી બંદગી, સમતા શીલ સ્વભાવ;
આશ તજે માયા તજે, મોહ તજે અરૂ માન.

પ્રગટ લોગસ્સ કહેવો. પછી ખમાસમણ દઈ જગચિંતામણીનું ચૈત્યવંદન જય વીયરાય સુધી કહેવું. ચાર ખમાસમણાં દઈ ભગવાન આચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુ પ્રત્યે વંદના. ખમાસમણ બે દઈ સજ્ઝાયનો આદેશ માગી એક નવકાર ગણીને ભરહેસરની સજ્ઝાય કહીને નવકાર એક ગણવો. પછી ઇચ્છકાર સુહરાઇનો પાઠ કહેવો. ઇચ્છાકા૦ રાઈ પ્રતિક્રમણે ઠાઉં કહીને જમણો હાથ ઉપર થાપીને—

ઇચ્છં સવ્વસ્સવિ રાઇય દુચ્ચિંતિય૦ કહી પછી નમુથ્થુણં કરેમિ ભંતે કહી ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, તસ્સ ઉત્તરી કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારી, પ્રગટ લોગસ્સ કહી, સવ્વલોએ અરિહંત કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પુખ્ખરવરદી૦ સુઅસ્સ૦ વંદણ૦ કહી અતિચારની આઠ ગાથાનો અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ પારી—

સિદ્ધાણં બુદ્ધાણં કહીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહી, વાંદણા બે દેવાં ત્યાંથી તે અબ્ભુટ્ઠિઓ ખામી વાંદણાં બે દેવા ત્યાં સુધી દેવસિની રીતે કહેવું પણ જે ઠેકાણે દેવસિયં આવે છે તે ઠેકાણે રાઇયં કહેવું. પછી આયરિયઉવજ્ઝાએ, કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગં, તસ્સઉત્તરી કહી તપચિંતામણિ અથવા ચાર લોગસ્સનો અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

અધિકાર પામી જગતમાં, કરે ન જો ઉપકાર;
અધિકારમાંથી જ્યાં ગયો, તો પાછળ રહ્યો ધિક્કાર.

તે પારીને પ્રગટ લોગસ્સ કહી પછી છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં. તે પછી તીર્થવંદન કરવું. (સકલ-તીર્થ). તે પછી યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન સામાયિક, ચઉવ્વિસથ્થો, વંદણ, પડિક્કમણું, કાઉસ્સગ્ગ પચ્ચખ્ખાણ કર્યું છે જી. એ છ આવશ્યક સંભારવાં. પછી પચ્ચખ્ખાણ કર્યું હોય તો કર્યું છે જી કહેવું, ધાર્યું હોય તો ધાર્યું છે જી એમ કહેવું. પછી ઇચ્છામો અણુસર્ઠિં નમો ખમાસમણાણં નમોઽર્હત્૦ કહીને પછી વિશાલલોચન કહીને નમુથ્થુણં કહી અરિહંતચેઇઆણં કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને નમોઽર્હત્ કહી કલ્લાણકંદની પ્રથમ થોય કહેવી. પછી,

લોગસ્સ, પુખ્ખરવરદી, સિદ્ધાણં બુદ્ધાણં કહી અનુક્રમે ચાર થોયો કહીએ છીએ ત્યાં સુધી સર્વ કહેવું. પછી,

નમુથ્થુણં કહી ભગવાન આદિ ચારને ચાર ખમાસમણાએ વાંદવા. પછી,

જમણો હાથ ઊપધી ઉપર સ્થાપી અઢ્ઢાઇજ્જેસુ કહેવું. પછી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન, સ્તવન, જય વીયરાય, કાઉસ્સગ્ગ થોય પર્યંત કહેવું. પછી,

ખમાસમણપૂર્વક શ્રી સિદ્ધાચલનું ચૈત્યવંદન, સ્તવન, જય વીયરાય, કાઉસ્સગ્ગ થોય કહીએ ત્યાં સુધી કરવું. સામાયિક પારવાના વિધિની રીતે સામાયિક પારવા સુધી કરવું.

ભવબાજી રમતાં કદી, હારે ભલે રમનાર;
છેલ્લી બાજી સુધારશે, તો થાશે બેડો પાર.

# પખ્ખિપ્રતિક્રમણવિધિ

પ્રથમ દેવસિક પ્રતિક્રમણમાં વંદિત્તુ કહી રહીએ ત્યાં સુધી સર્વ કહેવું, પણ ચૈત્યવંદન સકલાર્હતનું કહેવું અને થોયો સ્નાતસ્યાની કહેવી. પછી ખમાસમણ દઈને "દેવસિઅ આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પખ્ખિ મુહપત્તિ પડિલેહું ?" એમ કહી મુહપત્તિ પડિલેહવી અને વાંદણાં બે દેવા. પછી "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સંબુદ્ધાખામણેણં અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતર પખ્ખિઅં ખામેઉં ? ઇચ્છં, ખામેમિ પખ્ખિઅં, પનરસ દિવસાણં, પનરસ રાઇઆણં. જં કિંચિ અપત્તિઅં૦" કહી, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પખ્ખિઅં આલોઉં ? ઇચ્છં, આલોએમિ જો મે પખ્ખિઓ અઇઆરો કઓ૦ કહેવું. પછી "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પખ્ખિ અતિચાર આલોઉં ?" એમ કહી પખ્ખી અતિચાર કહેવા. પછી "એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રીસમકિતમૂલ બાર વ્રત, એક સો ચોવીશ અતિચારમાંહે જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહે સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી, મિચ્છામિ દુક્કડં" એમ કહી, "સવ્વસ્સવિ પખ્ખિઅ દુચ્ચિંતિઅ દુબ્ભાસિઅ દુચ્ચિટ્ઠિઅ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇચ્છં, તસ્સ મિચ્છામિ દુક્કડં" કહેવું. પછી "ઇચ્છકારી ભગવન્ પસાય કરી પખ્ખિ તપ પ્રસાદ કરાવોજી."

સાર વેદ ખટ શાસ્ત્રમેં, બાત મીલી હે દોય;
સુખ દેવે સુખ ઊપજે, દુઃખ દેવે દુઃખ હોય.

એમ ઉચ્ચાર કરીને આવી રીતે કહીએ-' ચઉથ્થેણું, એક ઉપ-વાસ, બે આયંબિલ, ત્રણ નીવી, ચાર એકાસણાં, આઠ બે-આસણાં, બે હજાર સજ્ઝાય. યથાશક્તિ તપ કરી પહોંચાડવો.' તે વખતે પ્રવેશ[1] કર્યો હોય તો ' પઇટ્ઠિઓ ' કહીએ, અને કરવો હોય તો ' તહત્તિ ' કહીએ. ન કરવો હોય તો અણબોલ્યા રહીએ. પછી વાંદણાં બે દેવાં પછી " ઇચ્છાકા૦ પત્તેઅ ખામ-ણેણું અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતર પખ્ખિઅં ખામેઉં ? ઇચ્છં, ખામેમિ પખ્ખિઅં પનરસ દિવસાણું, પનરસ રાઇઆણું, જં કિંચિ અપત્તિયં૦ " કહી, પછી વાંદણાં બે દેવા. પછી " દેવ-સિઅ આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકા૦ ભગવન્ પખ્ખિઅં પડિ-ક્કમું ? સમ્મં પ્રડિક્કમામિ, ઇચ્છં, " એમ કહી, કરેમિ ભંતે સામાઇયં૦ કહી, ઇચ્છામિ પડિક્કમિઉં જો મે પખ્ખિઓ અઇ-આરો૦ કહેવું. પછી ખમાસમણ દઈ ' ઇચ્છાકારેણ સંદિ૦ પખ્ખિસૂત્ર પઢું ' એમ કહી, ત્રણ નવકાર ગણી સાધુ હોય તો પખ્ખિ સૂત્ર કહે અને સાધુ ન હોય તો ત્રણ નવકાર ગણીને શ્રાવક વંદિત્તુ કહે. પછી સુઅદેવયાની થોય કહેવી. પછી નીચા બેસી જમણો ઢીંચણ ઊભો રાખી એક નવકાર ગણી કરેમિ ભંતે૦ ઇચ્છામિ પડિ૦ કહી વંદિત્તુ કહેવું. પછી કરેમિ ભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે પખ્ખિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નથ્થ૦ કહીને બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, તે લોગસ્સ

---

૧ તપ.

પારસમેં અરૂ સંતમેં, બડો અંતરો જાન;
વહ લોહા કંચન કરે, વહ કરે આપ સમાન.

ચંદેસુ નિમ્મલયરા સુધી કહેવા, અથવા અડતાલીશ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારવો. પારીને પ્રગટ લોગસ્સ કહી મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં. પછી 'ઇચ્છાકારેણ૰ સમાપ્તખામણેણં અબ્ભુઠ્ઠિઓહં અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઇચ્છં, ખામેમિ પક્ખિઅં" એમ કહી 'એક પખ્ખાણં, પનરસ રાઇઆણં, પનરસ દિવસાણં, જં કિંચિ અપત્તિઅં૰' કહેવું. પછી ખમાસમણ દઇને 'ઇચ્છાકા૰ કહી પક્ખિ ખામણા ખામું?' એમ કહી ખામણા ચાર ખામવા.[1] પછી દેવસિ પ્રતિક્રમણમાં વંદિત્તુ કહ્યા પછી બે વાંદણા દઇએ ત્યાંથી તે સામાયિક પારીએ ત્યાં સુધી સર્વ દેવસિની પેઠે જાણવું, પણ સુઅદેવયાની થોયોને ઠેકાણે જ્ઞાનાદિની થોયો કહેવી. તેમાં પહેલો કાઉસ્સગ્ગ ભુવણ-દેવયાનો કરવો. સ્તવન અજિતશાંતિનું કહેવું, સજ્ઝાયને ઠેકાણે ઉવસગ્ગહરં તથા સંસારદાવાની થોયો ચાર કહેવી. લઘુશાંતિને બદલે બૃહત્ શાંતિ ( મોટી શાંતિ ) કહેવી. છેલ્લે સંતિકર બોલવું.

# ચઉમાસીપ્રતિક્રમણવિધિ

એમાં ઉપર લખ્યા મુજબ પક્ખિની વિધિ પ્રમાણે કરવું.

---

૧ ચાર ખામણા ખામવાની રીત :—

પહેલા બે ખામણામાં એક નવકાર ગણી સિરસા મણસા મત્થ-એણ વંદામિ કહેવું. ત્રીજામાં એક નવકાર ગણી તસ્સ મિચ્છામિ દુક્કડં કહેવું અને ચોથામાં પહેલા મુજબ.

જનની જણે તો ભક્તજન, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવે નૂર.

પણ એટલું વિશેષ કે બાર લોગસ્સના કાઉસ્સગને ઠેકાણે વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, અને 'પખ્ખિ' શબ્દને ઠેકાણે 'ચઉમાસી' શબ્દ કહેવો. ચાર માસાણં, આઠ પક્ખાણં, ૧૨૦ રાઇદિવસાણં તથા તપને ઠેકાણે 'છટ્ઠેણં', બે ઉપવાસ, ચાર આયંબિલ, છ નીવી, આઠ એકાસણાં, સોલ બેઆસણાં, ચાર હજાર સજ્ઝાય' એ રીતે કહેવું.

# સંવત્સરીપ્રતિક્રમણવિધિ

એમાં પણ ઉપર લખ્યા મુજબ પખ્ખિની વિધિ પ્રમાણે કરવું, પણ બાર લોગસ્સના કાઉસ્સગને ઠેકાણે ચાલીશ લોગસ્સ અને એક નવકાર, અથવા એકસો અને સાઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો અને તપને ઠેકાણે "અટ્ઠમભત્તં ત્રણ ઉપવાસ, ૭ આયંબિલ, નવ નીવી, બાર એકાસણાં, ચોવીશ બેઆસણાં અને છ હજાર સજ્ઝાય" એ રીતે કહેવું. 'પખ્ખિ' શબ્દને ઠેકાણે 'સંવચ્છરી' શબ્દ કહેવો. બાર માસાણં, ૨૪ પખ્ખાણં ૩૬૦ રાઇદિવસાણં એ પ્રમાણે કહેવું.

# શ્રી દેવ વાંદવાનો વિધિ

પ્રથમ ઇરિયાવહિ પડિક્કમવાથી યાવત્ લોગસ્સ કહી પછી ઉત્તરાસન નાખી, ચૈત્યવંદન કરી જય વીયરાય અડધા કહેવા. પછી બીજું ચૈત્યવંદન કરીને યાવત્ ચાર થોયો કહેવી. બાદ

આત્માસાખે ધર્મ ત્યાં, લોકતણું શું કામ?
જન મનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ.

નમુત્થુણં કહી બીજી ચાર થોયો કહેવી. પછી નમુત્થુણં કહી, અને જાવંતિ કહી, સ્તવન કરી, અર્ધા જય વીયરાય "આભવ-મખંડા" સુધી કરી, પછી ચૈત્યવંદન કહી, નમુત્થુણં કહી, જય વીયરાય સંપૂર્ણ કહેવા. સવારે દેવ વાંદવા હોય ત્યારે "મન્નહ જિણાણં"ની સજ્ઝાય કહેવી. બપોરે તેમજ સાંજે દેવ વાંદતી વખતે સજ્ઝાય ન કહેવી.

**ખાસ સૂચના**—દરેક તપમાં બન્ને વખત પ્રતિક્રમણ, પડિલેહણ, ત્રણ ટંક દેવવંદન, કાઉસ્સગ્ગ, ખમાસમણ, સાથિયા, ૨૦ નવકારવાળી, અષ્ટપ્રકારી પૂજા, ગુરુવંદન, પચ્ચખ્ખાણ અને શિયલ પાળવું. તપ પૂર્ણ થયે યથાશક્તિ ઉદ્યાપન-ઉજમણું-કરવું.

**નોટ**—દરેક તપના અને જ્ઞાનના કાઉસ્સગ્ગોના લોગસ્સ સંપૂર્ણ જ કહેવા, કારણ કે તેમાં ૨૫ શ્વાસોશ્વાસની આજ્ઞા નથી.

---

રાગ દ્વેષ જાકું નહિ, તાકું કાળ નહિ ખાય;
કાળ જીત જગમેં રહે, એ ઉત્તમ ઉપાય.

# ચૈત્યવંદનો

## શ્રી ઋષભદેવસ્વામીનું ચૈત્યવંદન

આદિદેવ અલવેસરુ, વિનીતાનો રાય;
નાભિરાયા કુલમંડણો, મરુદેવા માય. ॥ ૧ ॥
પાંચશેં ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ,
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ॥ ૨ ॥
વૃષભલંછન જિનવરધરુએ, ઉત્તમ ગુણ મણિખાણ;
તસ પદપદ્મ સેવનથકી, લહીએ અવિચલ ઠાણ. ॥ ૩ ॥

## શ્રી અજિતનાથસ્વામીનું ચૈત્યવંદન

અજિતનાથ પ્રભુ અવતર્યા, વિનીતાનો સ્વામી;
જિતશત્રુ વિજયાતણો, નંદન શિવગામી. ॥ ૧ ॥
બહોંતેર લાખ પૂરવતણું, પાલ્યું જિણે આય;
ગજ લંછન લંછન, નહિ, પ્રણમે સુરરાય. ॥ ૨ ॥
સાડાચારશેં ધનુષની એ,જિનવર ઉત્તમ દેહ;
પાદ–પદ્મ તસ પ્રણમીયે, જિમ લહિયે શિવગેહ. ॥ ૩ ॥

## શ્રી સંભવનાથસ્વામીનું ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારી નૃપ નંદનો, ચલવે શિવસાથ. ॥ ૧ ॥

અંધાને અંધો કહે, કડવાં લાગે વેણ;
ધીરે રહીને પૂછીએ, ભાઈ શાથી ખોયાં નેણ?

સેનાનંદન ચંદને, પૂજો નવ અંગે;
ચારશેં ધનુષનું દેહમાન, પ્રણમો મનરંગે. ॥ ૨ ॥
સાઠ લાખ પૂરવતણું એ, જિનવર ઉત્તમ આય;
તુરંગ લંછન પદપદ્મને, નમતાં શિવસુખ થાય. ॥ ૩ ॥

## શ્રી અભિનંદનસ્વામીનું ચૈત્યવંદન

નંદન સંવર રાયના, ચોથાં અભિનંદન;
કપિ લંછન વંદન કરો, ભવદુઃખનિકંદન. ॥ ૧ ॥
સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિનરાય;
સાડા ત્રણશેં ધનુષમાન, સુંદર જસ કાય. ॥ ૨ ॥
વિનીતાવાસી વંદીએ એ, આયુ લાખ પચાસ;
પૂરવ તસ પદ-પદ્મને, નમતાં શિવપુર વાસ. ॥ ૩ ॥

## શ્રી સુમતિનાથસ્વામીનું ચૈત્યવંદન

સુમતિનાથ સુહંકરુ, કોસલ્લા જસ નયરી;
મેઘરાય મંગલાતણો, નંદન જિતવયરી. ॥ ૧ ॥
ક્રૌંચ લંછન જિનરાજિયો, ત્રણશેં ધનુષની દેહ;
ચાલીસ લાખ પૂરવતણું આયુ અતિ ગુણગેહ. ॥ ૨ ॥
સુમતિ ગુણે કરી જે ભર્યો એ, તર્યો સંસાર અગાધ;
તસ પદ-પદ્મ સેવાથકી, લહો સુખ અવ્યાબાધ. ॥ ૩ ॥

ફીકર સબકો ખા ગઈ, ફીકર સબકી પીર;
ફીકરકી ફાકી કરે, ઉસકા નામ ફકીર.

## શ્રી પદ્મપ્રભસ્વામીનું ચૈત્યવંદન

કોસંબીપુર રાજિયો, ધર નરપતિ તાય;
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય. ॥ ૧ ॥
ત્રીશ લાખ પૂરવતણું, જિન આયુ પાળી;
ધનુષ અઢીશેં દેહડી, સવિ કર્મને ટાળી. ॥ ૨ ॥
પદ્મલંછન પરમેશ્વરુ એ, જિન પદ–પદ્મની સેવ;
પદ્મવિજય કહે કીજીએ, ભવિજન સહુ નિતમેવ. ॥ ૩ ॥

## શ્રી સુપાસજિનનું ચૈત્યવંદન

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાલ્યો ભવફેરો;
પૃથિવી માત ઉરે જયો, તે નાથ હમેરો. ॥ ૧ ॥
પ્રતિષ્ઠિત સુત સુંદરુ, વાણારસી રાય;
વીશ લાખ પૂરવતણું, પ્રભુજીનું આય. ॥ ૨ ॥
ધનુષ બશેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર;
પાદપદ્મ જસ રાજતો, તાર તાર ભવ તાર. ॥ ૩ ॥

## શ્રી ચંદ્રપ્રભજિનનું ચૈત્યવંદન

લક્ષ્મણા માતા જનમીઓ, મહસેન જસ તાય;
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. ॥ ૧ ॥
દશ લાખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ;
સુરનરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. ॥ ૨ ॥

**કલમ છરીની હોડમાં, કરે કલમ બહુ કેર;**
**છરી છેદ રૂઝાય છે, કલમ વધારે વેર.**

ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર;
પદ્મવિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુ પાર ઉતાર. ॥ ૩ ॥

## શ્રી સુવિધિનાથ જિનનું ચૈત્યવંદન

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત;
મગગર લંછન ચરણે નમું, રામા રૂડી માત. ॥ ૧ ॥
આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષની કાય;
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ॥ ૨ ॥
ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિજિન નામ;
નમતાં તસ પદપદ્મને, લહીએ શાશ્વત ધામ. ॥ ૨ ॥

## શ્રી શીતળનાથજિનનું ચૈત્યવંદન

નંદા દ્દઢરથ નંદનો, શીતળ શીતળનાથ;
રાજા ભદ્દિલપુરતણો, ચલવે શિવ સાથ. ॥ ૧ ॥
લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ;
કાયા માયા ટાળીને, લહ્યા પંચમ નાણ ॥ ૨ ॥
શ્રીવત્સ લંછન સુંદરું એ, પદ-પદ્મે રહે જાસ;
તે જિનની સેવાથકી, લહીયે લીલ વિલાસ. ॥ ૩ ॥

## શ્રી શ્રેયાંસનાથજિનનું ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ અગિયારમા, વિષ્ણુ નૃપ તાય;
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય ૧

ગયું ધન તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગયો અવસર આવે નહીં, ગયો ન આવે પ્રાણ.

વરસ ચોરાશી લાખનું, પાળ્યું જેણે આય;
ખડ્ગી લંછન પદકજે, સિંહપુરીનો રાય. ૨
રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન;
પામ્યા તસ પદપદ્મને, નમતા અવિચળ થાન. ૩

## શ્રી વાસુપૂજ્યજિનનું ચૈત્યવંદન

વાસવવંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વસુપૂજ્ય કુળ ચંદ્રમા, માતા જયા નામ. ૧
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વળી, બહોંતેર લાખ વખાણ. ૨
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખપદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ૩

## શ્રી વિમળનાથજિનનું ચૈત્યવંદન

કંપિલપુર વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર;
કૃતવર્મા નૃપ કુલ-નભે, ઉગમીયો દિનકાર. ૧
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય;
સાઠ લાખ વરસાતણું, આયુ અતિ સુખદાય. ૨
વિમલ બિમલ પોતે થએ, સેવક વિમલ કરેહ;
તુજ પદપદ્મ વિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ. ૩

જબ તુમ આયે જગતમેં, જગત હસત તુમ રોય;
અબ કરણી એસી કરો, તુમ હસત જગ રોય.

## શ્રી અનંતનાથજિનનું ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરુ, અયોધ્યાવાસી;
સિંહસેન નૃપનંદનો, થયો પાપનિકાસી. ૧
સુજસા માતા જન્મીયો, ત્રીશ લાખ ઉદાર;
વરસ આઉખું પાલીયું, જિનવર જયકાર. ૨
લંછન સિંચાણાતણું એ, કાયા ધનુષ પચાસ;
જિનપદપદ્મ નમ્યા થકી, લહીયે સહજ વિલાસ. ૩

## શ્રી ધર્મનાથજિનનું ચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્રલંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત. ૧
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પીસ્તાલીશ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ. ૨
ધર્મમાર્ગ જિનવર કહીએ, ઉત્તમ જન આધાર;
તેણે તુજ પાદપદ્મતણી, સેવા કરું નિરધાર. ૩

## શ્રી શાંતિનાથજિનનું ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો;
વિશ્વસેન કુલનભમણિ, ભવિજન સુખકંદો. ૧
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિખાણ. ૨

ચાલીસ ધનુષની દેહડી એ, સમચઉરસ સંઠાણ;
વદનપદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

## શ્રી કુંથુનાથજિનનું ચૈત્યવંદન

કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતર્યો, સુર નરપતિ તાય. ૧
કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ;
કેવલજ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ. ૨
સહસ પંચાણું વરસનું એ, પાળી ઉત્તમ આય;
પદ્મવિજય કહે પ્રણમીયે, ભાવે શ્રી જિનરાય. ૩

## શ્રી અરનાથજિનનું ચૈત્યવંદન

નાગપુરે અર જિનવરુ, સુદર્શન નૃપનંદ,
દેવી માતા જનમીયો, ભવિજન સુખકંદ. ॥ ૧ ॥
લંછન નંદાવર્તનું, કાયા ધનુષહ ત્રીશ;
સહસ ચોરાશી વરસનું, આયુ જાસ જગીશ. ॥ ૨ ॥
અરુજ અજર અજ જિનવરુ એ, પામ્યા ઉત્તમ ઠાણ;
તસ પદપદ્મ આલંબતાં, લહીએ ઇમ નિરવાણ. ॥ ૩ ॥

## શ્રી મલ્લિનાથજિનનું ચૈત્યવંદન

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી;
પ્રભાવતી જસ માવડી, ટાળે કર્મ વયરી. ॥ ૧ ॥

પાપ છીપાયા ના છીપે, છીપે તો મોટા ભાગ્ય;
દાબી દુબી ના રહે, રૂઈ લપેટી આગ.

તાત શ્રી કુંભ નરેસરુ, ધનુષ પચવીસની કાય;
લંછન, કલશ મંગલકરુ, નિર્મમ નિરમાય. ॥ ૨ ॥
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય. ॥ ૩ ॥

## શ્રી મુનિસુવ્રતજિનનું ચૈત્યવંદન.

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન;
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપનંદન. ॥ ૧ ॥
રાજગૃહી નગરીધણી, વીશ ધનુષ શરીર;
કર્મ નિકાચિત રેણુવ્રજ, ઉદ્દામ શરીર. ॥ ૨ ॥
ત્રીશ હજાર વરસતણાં એ, પાળી આયુ ઉદાર;
પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર. ॥ ૩ ॥

## શ્રી નમિનાથજિનનું ચૈત્યવંદન

મિથિલા નયરી રાજીયો, વપ્રાસુત સાચો;
વિજયરાય સુત છોડીને, અવરા મત માચો. ॥ ૧ ॥
નીલ કમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ;
નમિ જિનવરનું સોહતું, ગુણગણ મણિગેહ. ॥ ૨ ॥
દશ હજાર વરસતણું એ, પાળ્યું પરગટ આય;
પદ્મવિજય કહે પુણ્યથી, નમિયે તે જિનરાય. ॥ ૩ ॥

ગઈ બાત સોચે નહીં, આગળ ચિંતે નહીં;
વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગમાંહીં.

## શ્રી નેમિનાથજિનનું ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, તે પ્રભુના તાય. ॥ ૧ ॥
દશધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ॥ ૨ ॥
સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદપદ્મને, નમતાં અવિચલ ઠાન. ॥ ૩ ॥

## શ્રી પાર્શ્વનાથજિનનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી ત્રોડે ભવપાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ॥ ૧ ॥
અશ્વસેન સુત સુખકરુ, નવ હાથની કાયા;
કાશીદેશ વાણારસી, પુણ્યે પ્રભુ આયા. ॥ ૨ ॥
એક સો વરસનું આઉખું એ, પાળી પાસકુમાર;
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ॥ ૩ ॥

## શ્રી વર્દ્ધમાનજિનનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ॥ ૧ ॥
મૃગપતિલંછન પાઉલે, સાત હાથની કાયા;
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા. ॥ ૨ ॥
ખીમાવિજય જિનરાયના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત. ॥ ૩ ॥

સરખી બુદ્ધિ સરવને, કુદરતે આપી હોત;
તો પંડિત અને મૂરખના, ચિત્ર જગત નહિ જોત.

# શ્રી પર્વતિથિઓનાં ચૈત્યવંદનો

## બીજનું ચૈત્યવંદન

દુવિધ ધર્મ જિણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન;
બીજે જન્મ્યા તે પ્રભુ, ભવદુઃખ-નિકંદન. ૧
દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન;
ઇમ પ્રકાશ્યું સુમતિજિને, તે ચવિયા બીજ દિન. ૨
દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીયે;
મુજ પરે શીતલ જિન કહે, બીજ દિન શિવ ભજીયે. ૩
જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ;
બીજ દિને વાસુપૂજ્ય પરે, લહો કેવલનાણ. ૪
નિશ્ચયનય વ્યવહાર દોય, એકાંતે ન ગ્રહીએ;
અરજિન બીજ દિને ચવી, એમ જિન આગલ કહીએ. ૫
વર્તમાન ચોવીશી એ, એમ જિન કલ્યાણ;
બીજ દિને કેઈ પામિયા, પ્રભુ નાણ નિર્વાણ. ૬
એમ અનંત ચોવીશી એ, હુઆ બહુ કલ્યાણ;
જિન ઉત્તમ પદપદ્મને, નમતાં હોય સુખખાણ. ૭

## જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે;
ત્રિકરણશું ત્રિહું લોક જન, નિસુણો મન રાગે. ૧

લઘુતા સે પ્રભુતા મિલે, પ્રભુતા સે પ્રભુ દૂર;
કીડી સાકર ખાત હૈ, હાથી ફાકત ધૂળ.

આરાધો ભલી ભાતસેં, પાંચમ અજુઆળી;
જ્ઞાન આરાધન કારણે, એહજ તિથિ નિહાળી. ૨
જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર. ૩
જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન;
લોકાલોક–પ્રકાશકર, જ્ઞાન એક પરધાન. ૪
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ;
પૂર્વ કોડી વરસા લગે, અજ્ઞાની કરે તેહ. ૫
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાનતણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬
પંચ માસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટી;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ. ૭
એકાવન હિ પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સકેરો;
ઉજમણું કરો ભાવશું, ટાળો ભવફેરો. ૮
એણી પરે પંચમી આરાધીએ, આણી ભાવ અપાર;
વરદત્ત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર. ૯

## અષ્ટમીનું ચૈત્યવંદન.

મહા સુદિ આઠમ દિને, વિજયાસુત જાયો;
તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આવ્યો. ૧

શઠની સંગતથી સહે, ભલા જનો દુઃખભાર;
માંકડના મેળાપથી, ખાય ખાટલો માર.

ચૈતર વદની આઠમે, જન્મ્યા રૂષભ જિણંદ;
દીક્ષા પણ એ દિન લહી; હુવા પ્રથમ મુનિચંદ. ૨
[1]માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ૩
એહિજ આઠમ ઉજલી જન્મ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કળશે કરી, નવરાવે સુરઈંદ. ૪
જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રતસ્વામી;
નેમ અષાડ સુદિ આઠમે, અષ્ટમી ગતિ[2] પામી.. ૫
શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદિ આઠમે, પાસજીનું નિરવાણ. ૬
ભાદરવા વદિ આઠમ દિને એ, ચવિયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદપદ્મને, સેવ્યાથી શિવવાસ. ૭

## એકાદશીનું ચૈત્યવંદન.

શાસનનાયક વીરજી, પ્રભુ કેવલ પાયો;
સંઘ ચતુર્વિધ થાપવા, મહસેન વન આયો. ૧
માધવ સિત એકાદશી, સોમલ દ્વિજ યજ્ઞ;
ઇંદ્રભૂતિ આદે મલ્યા, એકાદશ વિજ્ઞ.[3] ૨
એકાદશસેં ચઉગુણા, તેહનો પરિવાર;
વેદ અર્થ અંવળો કરે, મન અભિમાન અપાર. ૩

૧. વૈશાખ. ૨ મોક્ષ. ૩ અગિયાર વિદ્વાનો ( વિપ્રો ).

સત્ય સંતાડયું નવ રહે, ખરો જુઓ એ ખેલ;
જેમ ઉપર આવી તરે, જળ તળિયેથી તેલ.

જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર;
વીરે સ્થાપ્યા વંદીએ, જિનશાસન જયકાર. ૪
મલ્લિ જન્મ અર મલ્લિ પાસ, વર ચરણ વિલાસી;
ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લિ ઘનઘાતી વિનાશી. ૫
પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી. ૬
દશ ક્ષેત્રે તિહું કાળનાં, ત્રણશેં કલ્યાણ;
વરસ અગ્યાર એકાદશી, આરાધો વરનાણ. ૭
અગિયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પૂંજણી ઠવણી વીંટણા, મશી કાગળ ને કાઠાં. ૮
અગિયાર અવ્રત છાંડવા એ, વહો પડિમા અગિયાર;
ખીમાવિજય જિનશાસને, સફળ કરો અવતાર. ૯

## ચોવીશ જિનના લંછનનું ચૈત્યવંદન

ઋષભ લંછન ઋષભદેવ, અજિત લંછન હાથી;
સંભવ લંછન ઘોડલો, શિવપુરનો સાથી. ૧
અભિનંદન લંછન કપિ, ક્રૌંચ લંછન સુમતિ;
પદ્મ લંછન પદ્મપ્રભુ, વિશ્વદેવા સુમતિ. ૨
સુપાર્શ્વ લંછન સાથિયો, ચંદ્રપ્રભુ લંછન ચંદ્ર;
મગર લંછન સુવિધિ પ્રભુ, શ્રીવચ્છ શીતલ જિણંદ. ૩
લંછન ખડ્ગી શ્રેયાંસને, વાસુપૂજ્યને મહિષ;

જ્ઞાન સમું કોઈ ધન નહિ, સમતા સમું નહિ સુખ;
જીવિત સમ આશા નહિ, લોભ સમું નહિ દુઃખ.

સુવર લંછન પાયે વિમલ દેવ, ભવિયા તે નમો શિશ. ૪
સિંચાણો જિન અનંતને, વજ્ર લંછન શ્રીધર્મ;
શાંતિ લંછન મૃગલો, રાખે ધર્મનો મર્મ. ૫
કુંથુનાથ જિન બોકડો, અરજિન નંદાવર્ત;
મલ્લિ કુંભ વખાણીએ, સુવ્રત કચ્છપ વિખ્યાત. ૬
નમિ જિનને નીલો કમલ, પામીએ પંકજમાંહિ;
શંખ લંછન પ્રભુ નેમજી, દીસે ઊંચે આંહિ. ૭
પાર્શ્વનાથજીને ચરણ સર્પ, નીલ વરણ શોભિત;
સિંહ લંછન કંચનતણું, વર્દ્ધમાન વિખ્યાત. ૮
એણીપરે લંછન ચિંતવીએ, ઓળખીએ જિનરાય;
જ્ઞાનવિમલ પ્રભુ સેવતાં, લક્ષ્મીરતન સૂરિરાય. ૯

## શ્રી જિનપૂજાનું ચૈત્યવંદન

પ્રણમું શ્રી ગુરુરાજ આજ, જિનમંદિર કેરો;
પુન્ય ભણી કરસ્યું સફલ, જિનવચન ભલેરો. ૧
દેરે જાવા મન કરે, ચોથતણું ફલ આવે;
જિનવર જુહારવા ઊઠતાં, છઠ્ઠ પોતે પાવે. ૨
જાવા માંડ્યું જેટલે, અઠ્ઠમતણું ફલ હોય;
ડગલું ભરતાં જિનભણી, દશમતણું ફલ જોય. ૩
જાઇશું જિનહર ભણી, મારગ ચાલતાં;
હોવે દ્વાદશતણો, પુન્યભક્તિ માલતાં. ૪

સાહેબ કે દરબારમેં, કમી કાહેકી નાંહી,
બંદા મોજ ન પાવત તો, ચૂક ચાકરી માંહી.

અર્ધ પંથ [1]જિનહરતણે, પંદર ઉપવાસ;
દીઠે સ્વામીતણો ભુવન, લહીએ એક માસ. ૫
જિનહર પાસે આવતાં, છમાસી ફલ સિદ્ધ;
આવ્યા જિનહર બારણે, વરસી તપ ફલ લીધ. ૬
સો વર્ષ ઉપવાસ પુન્ય, પ્રદક્ષિણા દેતાં;
સહસ વર્ષ ઉપવાસ પુન્ય, જિન નજરે જોતાં. ૭
ભાવે જિનવર જુહારીએ, ફલ હોવે અનંત;
તેહથી લહીએ સો ગુણું, જો પૂજે ભગવંત. ૮
ફલ ઘણું ફૂલની માલ, પ્રભુ કંઠે ઠવતાં;
પાર ન આવે ગીત નાદ,–કેરા ફલ થુણતા. ૯
શિર પૂંજી પૂજા કરે, કરે સુર ધૂપણધૂપ;
અક્ષસાર તે અક્ષય સુખ, દીપે તનુરૂપ. ૧૦
નિરમલ તન મન કરી, થુણતાં ઈંદ્ર જગીશ;
નાટક ભાવના ભાવતા, પામે પદવી ઈશ. ૧૧
જિનવર ભક્તિ વલી એ, પ્રેમ પ્રકાશી;
નિસુણી શ્રીગુરુવયણ સાર, પૂર્વે ઋષિભાષી. ૧૨
અષ્ટકર્મને ટાળવા, જિનમંદિરે જઈશું;
ભેટ ચરણ ભગવંતના, હવે નિરમલ થઈશું. ૧૩
કીર્તિવિજય ઉવજ્ઝાયનો એ, વિનય કહે કર જોડ;
સફલ હોજો મુજ વિનતિ, જિનસેવાનું કોડ. ૧૪

---

૧ જિનમંદિર

સુવરને વિષ્ટા રુચે, મૂકી ઘાસ ને અન્ન;
ત્યમ મુક્તિ સુખ ત્યાગીને, ભોગ ચાહે નિર્ધન.

## શ્રી સિદ્ધાચળજીનાં ચૈત્યવંદનો

૧

વિમલ કેવલ જ્ઞાનકમલા–કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણપંકજ, નમો આદિ જિનેશ્વરં. ૧
વિમલ ગિરિવર શૃંગમંડન, પ્રવર ગુણગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડી સેવિત. ન૦ ૨
કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિનગુણ મનહરં;
નિર્જરાવલી નમે અહર્નિશ. ન૦ ૩
પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધિત, કોડિ પણ મુનિ મનહરં;
શ્રી વિમલ ગિરિવર શૃંગ સિદ્ધા. ન૦ ૪
નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિનંત એ ગિરિવરં,
મુગતિ રમણી વર્યા રંગે. ન૦ ૫
પાતાલ નર સુરલોકમાંહે, વિમલ ગિરિવર તો પરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે. ન૦ ૬
ઈમ વિમલ ગિરિવર શિખરમંડણ, દુઃખવિહંડણ ધ્યાઈએ;
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં, પરમજ્યોતિ નીપાઈએ. ન૦ ૭
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમ પદસ્થિત જયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં. ન૦ ૮

૨

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ;
મન વચન કાય એકાગ્રશું, નામ જપો એકવીશ. ૧

પ્રમાદ તમે કરો નહિ, નથી કાળની જાણ;
ક્યારે આવી લૂંટશે, કરશે મુક્તિ-હાણ.

શત્રુંજયગિરિ[૧] વંદીએ, બાહુબલિ[૨] શિવઠામ;
મરુદેવ[૩] ને પુંડરીકગિરિ[૪], રૈવતગિરિ[૫] વિશ્રામ. ૨
વિમલાચલ[૬] સિદ્ધરાજજી[૭], નામ ભગીરથ સાર;[૮]
સિદ્ધક્ષેત્ર[૯] ને સહસ્રકમલ[૧૦], મુક્તિનિલય[૧૧] જયકાર. ૩
સિદ્ધાચલ[૧૨] શતકૂટગિરિ,[૧૩] ઢંક[૧૪] ને કોડિનિવાસ;[૧૫]
કદંબગિરિ[૧૬] લોહિત[૧૭] નમું, તાલધ્વજ[૧૮] પુણ્યરાશ.[૧૯] ૪
મહાબલ[૨૦] દઢશક્તિ[૨૧] સહી, એ એકવીશે નામ;
સાતે શુદ્ધિ સમાચારી, નિત્ય કીજે પરણામ. ૫
દગ્ધ શૂન્ય ને અવિધિ દોષ, અતિ પરિણતિ જેહ;
ચાર દોષ છંડી ભજો, ભક્તિભાવ ગુણગેહ. ૬
માનવભવ પામી કરીએ, સદ્ગુરુ તીરથ જોગ;
શ્રી શુભવીરને શાસને, શિવરમણી સંજોગ. ૭

૩

શત્રુંજયગિરિ વંદીએ, સકલ તીરથ જગસાર;
આતમ પાવન કારણે, એહી જ તીરથ નિરધાર. ૧
શિવગિરિ સેવા શિવ વસ્યા, મહાત્મા અનંતાનંત;
એહ તીર્થની સ્પર્શના, એમ હોજો ભગવંત. ૨
તીર્થનામ યથાર્થ તે, જેહથી ભવ તરાય;
વિષયકષાય મૂલ ભવતણા, તીર્થભક્તે છેદાય. ૩

શહેર વન કે પહાડમાં, નહિ ગુફા કે ઘર;
સૂતો હોય કે જાગતો, નહિ કાળ કરેગા મહેર.

સ્થાવર જંગમ ભેદથી, દુવિધ તીર્થ જણાય;
જિન ગણહરાદિ મુનિવરા, જંગમ તીર્થ કહાય. ૪
સિદ્ધાચળ અષ્ટાપદગિરિ, આબૂ સમ્મેત સાર;
રૈવતગિરિ આદે સવે, સ્થાવર તીર્થ અવધાર. ૫
ચિત્ત ચોખે શુદ્ધ સાધ્ય શું, તન્મય સ્વરૂપાધાર;
એક જ વાર એમ સેવતાં, આપે ભવનો પાર. ૬
સેવના જોગ અસંખ્ય છે, પણ ભક્તિ અંગ બળવાન;
તે માટે રૂપ ઓળખી, શામળ કરે ગુણગાન. ૭

## શ્રી પુંડરીકસ્વામીનાં ચૈત્યવંદન

૧

શ્રી શત્રુંજય મહાત્મ્યની, રચના કીધી સાર;
પુંડરગિરિના સ્થાપનાર, પ્રથમ જિનગણધાર. ૧
એક દિન વાણી જિનની, સુણી થયો આનંદ;
આવ્યા શત્રુંજયગિરિ, પંચ ક્રોડ સહ રંગ. ૨
ચૈત્રી પૂનમને દિને એ, શિવશું કીયો યોગ;
નમીયે ગિરિ ને ગણધરુ, અધિક નહીં ત્રિલોક. ૩

૨

આદીશ્વર - જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક જાસ, મહિમાંહે મહંત. ૧

અગ્નિકેરાં યોગથકી, માખણનું ઘી થાય,
અંતરવૃત્તિ ધ્યાનથી, પરમાતમ પ્રગટાય.

પંચ ક્રોડ સાથે મુણિંદ, અનશન જીહાં કીધ;
શુક્લધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ. ૨
ચૈત્રી પૂનમને દિન એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ. ૩

## શ્રી પરમાત્માનું ચૈત્યવંદન.

જગન્નાથને તે નમું હાથ જોડી,
કરું વિનંતિ ભક્તિશું માન મોડી;
કૃપાનાથ સંસારકું પાર તારો,
લહ્યો પુન્યથી આજ દેદાર સારો. ૧
સોહિલા મલે રાજ્ય દેવાદિ ભોગો,
પરમ દોહિલો એક તુજ ભક્તિ જોગો;
ઘણા કાળથી તું લહ્યો સ્વામી મીઠો,
પ્રભુ પારગામી સહુ દુઃખ નીઠો. ૨
ચિદાનંદરૂપી પરબ્રહ્મ લીલા,
વિલાસી વિભો ! ત્યક્ત કામાગ્નિ કીલા;
ગુણાધાર જોગીશ નેતા અમાઈ,
જય ત્વં વિભો ! ભૂતલે સુખદાઈ. ૩
ન દીઠી જેણે તાહરી યોગમુદ્રા;
પડ્યા રાત દીસ મહામોહ નિદ્રા,

મનમાં મરડાઈને તું, મૂરખ શીદ મલકાય છે ?
પ્રબળ સત્તા દૈવની ત્યાં, ધાર્યું કોનું થાય છે ?

કિસી તાસ હોશે ગતિ જ્ઞાનસિંધો !
ભમંતા ભવે હે જગજીવબંધો ! ૪
સુધા સ્યંદી તે દર્શન નિત્ય દેખે,
ગણું તેહનો હું વિભો ! જન્મ લેખે;
ત્વદાજ્ઞા વશે જે રહ્યા વિશ્વમાંહે,
કરે કર્મની હાણ ક્ષણ એકમાંહે. ૫
જિનેશાય નિત્ય પ્રભાતે નમસ્તે,
ભવિ ધ્યાન હોજો હૃદય સમસ્તે;
સ્તવી દેવના દેવને હર્ષ પૂરે,
મુખાંભોજ ભાલી ભજે હેજ ઉરે. ૬
કહે દેશના સ્વામી વૈરાગ્યકેરી,
સુણે પર્ષદા બાર બેઠી ભલેરી;
સુધાબોધ ધારા મતી તાપ ટાલે,
બેહુ બંધવા સાંભલે એક ઢાલે. ૭

## શ્રી વીશ વિહરમાન જિન ચૈત્યવંદન

સીમંધર[૧] યુગમંધર[૨] પ્રભુ, બાહુ[૩] સુબાહુ[૪] ચાર;
જંબૂદ્વીપના વિદેહમાં, વિચરે જગદાધાર. ૧
સુજાત[૫] સાહેબ ને સ્વયંપ્રભુ[૬], રિષભાનન[૭] ગુણમાલ;
અનંતવીર્ય[૮] ને સુરપ્રભુ[૯], દશમા દેવ વિશાલ[૧૦]. ૨

ઇંદ્ર ચંદ્ર ચક્રીને, ગ્રહની ગતિ આધીન છે;
દૈવની ન્યારી કળા જ્યાં, સકળ પ્રાણી દીન છે.

વજ્રધર[૧૧] ચંદ્રાનન[૧૨] નમું, ધાતકી ખંડ મોઝાર;
અષ્ટ કર્મ નિવારવા, વંદું વાર હજાર. ૩

ચંદ્રબાહુ[૧૩] ને ભુજંગ[૧૪] પ્રભુ, નમી[૧૫] ઈશ્વર[૧૬] વીરસેન[૧૭];
મહાભદ્ર[૧૮] ને દેવજશા[૧૯], અજિતવીર્ય[૨૦] નામેન. ૪

આઠે પુષ્કરાર્ધમાં, અષ્ટમી ગતિ દાતાર;
વિજય અડ નવ ચઉવીશમી, પણવીશમી કીરતાર. ૫

જગનાયક જગદીશ્વરુ એ, જગબંધવ હિતકાર,
વિહરમાનને વંદતાં, જીવ લહે ભવપાર. ૬

## શ્રી સીમંધરસ્વામીનાં ચૈત્યવંદનો

૧

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ૧
સકળ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ. ૨
સયલ સંગ છંડી કરી એ, ચારિત્ર લઇશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરશું. ૩
એ અળજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ;
ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪

કાયા મનોહર બંગલી, લુંટાશે તારી માનવી,
સંધ્યા સમયના રંગ જેવી, જિંદગી આ જાણવી.

૨

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતાકુળે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેને જાયો જયકારી;
વૃષભ લંછને વિરાજમાન, વંદે નર નારી. ૨
ધનુષ પાંચશે દેહડીએ, સોહીએ સોવન વાન;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

૩

સીમંધર પરમાતમા, શિવસુખના દાતા;
પુક્ખલવઇ વિજયે જયો; સર્વ જીવના ત્રાતા. ૧
પૂર્વવિદેહ પુંડરિગિણી, નયરીએ સોહે;
શ્રી શ્રેયાંસ રાજા તિહાં, ભવિયણનાં મન મોહે. ૨
ચૌદ સુપન નિર્મળ લહી, સત્યકી રાણી માત;
કુંથુ અર જિન અંતરે, શ્રી સીમંધર જાત. ૩
અનુક્રમે પ્રભુ જનમીયા, વળી યૌવન પાવે;
માતપિતા હરખે કરી, રુક્મણી પરણાવે. ૪
ભોગવી સુખ સંસારનાં, સંજમ મન લાવે;
મુનિસુવ્રત નમિ અંતરે, દીક્ષા પ્રભુ પાવે. ૫
ઘાતકીકર્મનો ક્ષય કરી, પામ્યા કેવળનાણ;
વૃષભ લંછને શોભતા, સર્વ ભાવના જાણ. ૬

**હું કરું આ મેં કર્યું, એમ માનવી મલકાય છે;**
**પાપના પ્યાલા ભરી, પાપી ખરે પસ્તાય છે.**

ચોરાશી જસ ગણધરા, મુનિવર એક સો ક્રોડ;
ત્રણ ભુવનમાં જોવતાં, નહિ કોઈ એહની જોડ. ૭
દશ લાખ કહ્યા કેવળી, પ્રભુજીનો પરિવાર;
એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વિચાર. ૮
ઉદય પેઢાલ જિન અંતરે એ, થાશે જિનવર સિદ્ધ;
જસવિજય ગુરુ પ્રમણતાં, શુભ વાંછિત ફળ લીધ. ૯

## શ્રી પંચ પરમેષ્ઠીનું ચૈત્યવંદન

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય. ૨
અષ્ટોત્તર શત ગુણ મળીએ, એમ સમરો નવકાર.
ધીરવિમળ પંડિતતણો, નય પ્રણમે નિત સાર. ૩

## શ્રી પર્યુષણ પર્વનાં ચૈત્યવંદનો

૧

નવ ચૌમાસી તપ કર્યા, ત્રણ માસી દોય;
દોય અઢી માસી કર્યા, તીમ દોઢ માસી દોય. ૧
બહોંતેર પાસક્ષમણ કર્યા, માસક્ષમણ કર્યા બાર;
બે માસી તપ આદર્યો, બાર અટ્ઠમ તપ સાર. ૨

ખટમાસી એક તેમ કર્યો, પણ દિન ઊણ ખટમાસ;
બસેં ઓગણત્રીશ છઠ્ઠ ભલા, દીક્ષા દિન એક ખાસ. ૩
ભદ્ર પ્રતિમા દોય તીમ, પારણુ દિન જાસ;
દ્રવ્યાહાર પાન કર્યો, ત્રણશેં ઓગણપચાસ. ૪
છદ્મસ્થ એણી પરે રહ્યા, સહ્યા પરિષહ ઘોર;
શુકલધ્યાન અનલે કરી, બાળ્યાં કર્મ કઠોર. ૫
શુકલધ્યાન અંતર રહ્યા એ, પામ્યા કેવલનાણ;
પદ્મવિજય કહે પ્રણમતાં, લહીએ નિત્ય કલ્યાણ. ૬

૨

પર્વ પર્યુષણ ગુણનીલો, નવકલ્પ વિહાર;
ચાર માસાન્તર થિર રહે, એહી જ અર્થ ઉદાર. ૧
અશાડ સુદિ ચૌદશથકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતાં ચઉમાસ. ૨
શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરુના બહુ માન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એકતાન. ૩
જિનવર ચૈત્ય જુહારીએ, ગુરુભક્તિ વિશાળ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાળ. ૪
દર્પણથી નિજ રૂપનો, જુએ સુદૃષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અર્પણ, જ્ઞાનરમણ મુનિભૂપ. ૫
આત્મસ્વરૂપ વિલોકતાં, પ્રગટ્યો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬

---

નિંદા સ્તુતિ નવ ગણો, હૈડે રાખી હામ;
સર્વનું શુભ ચાહીને, કર તું તારું કામ.

નવ વખાણ પૂજી સુણો, શુકલ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણે, હોય વિરાધક નીમા. ૭
એ નહિ પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરુ મુનિ માનશે, ભાખ્યું અરિહાનાથે. ૮
શ્રુતકેવળી વયણાં સુણીએ, લહી માનવ અવતાર;
શ્રી શુભવીરને શાસને, પામ્યા જયજયકાર. ૯

## શ્રી પાર્શ્વનાથનાં ચૈત્યવંદનો

૧

સકલ ભવિજન ચમત્કારી ભારી મહિમા જેહનો,
નિખિલ આતમ રમા રાજિત નામ જપીયે તેહનો;
દુષ્ટ કર્માષ્ટક ગન્જરી જે ભવિક જન મન સુખકરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૧
બહુ પુન્યરાશિ દેશ કાશી તથ્થ નયરી વણારસી,
અશ્વસેન રાજા રાણી વામા રૂપે રતિ તનુ સારીખી;
તસ કૂખે સુપન ચૌદ સૂચિત સ્વર્ગથી પ્રભુ અવતર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૨
પોસ માસે કૃષ્ણ પક્ષે દશમી દિન પ્રભુ જનમિયા,
સુરકુમરી સુરપતિ ભક્તિભાવે મેરુશૃંગે સ્થાપીઆ;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે જન્મોત્સવ અતિ કર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૩

સાકર તજે ન ગળપણ, સોમલ તજે ન ઝેર;
સજ્જન તજે ન સુજનતા, દુર્જન તજે ન વેર.

ત્રણ લોક તરુણી મન પ્રમોદી તરુણ વય જબ આવીઆ,
તવ માતતાતે પ્રસન્ન ચિત્તે ભામિની પરણાવીઆ;
કમઠ શઠકૃત અગ્નિકુંડે નાગ બળતો ઉદ્ધર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૪

પોષ વદિ એકાદશી દિને પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુર રાજભક્તિ સાજ સેવના ઝાઝી કરે;
કાઉસગ્ગ કરતાં દેખી કમઠે કીધ પરિષહ આકરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૫

તવ ધ્યાન-ધારારૂઢ જિનપતિ મેઘધારે નવિ ચલ્યો,
તીહાં ચલતી આસન ધરણ આયો કમઠ પરિષહ અટકળ્યો;
દેવાધિદેવની કરે સેવા કમઠને કાઢી પરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૬

ક્રમે પામી કેવળજ્ઞાન કમળા સંઘ ચઉવિહ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમ્મેતશિખરે માસ અનશન પાળીને;
શિવરમણી રંગે રમે રસીયો ભવિક તસ સેવા કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૭

ભૂત પ્રેત પિશાચ વ્યંતર જલણ જલોદર ભય ટળે,
રાજરાણી રમા પામે ભક્તિભાવે જો મળે;
કલ્પતરુથી અધિક દાતા જગત્રાતા જયકરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૮

પોથી પઢ પઢ મર ગયે, પંડિત ભયે નં કોય;
અઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય.

જરા જર્જરીભૂત યાદવ સૈન્ય રોગ નિવારતા,
વઢિયાર દેશે નિત્ય બિરાજે ભવિક જીવને તારતા;
એ પ્રભુતણાં પદ-પદ્મ સેવા રૂપ કહે પ્રભુતા વરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૯

૨

સેવો પાર્શ્વ શંખેશ્વરો મન શુદ્ધે, નમો નામ નિશ્ચે કરી એક બુદ્ધે;
દેવી દેવલા અન્યને શું નમો છો? અહો! ભવ્ય લોકો ભૂલાં કાં ભમો છો?૧
ત્રૈલોક્યના નાથને શું તજો છો ? પડ્યા પાસમાં ભૂતને કાં ભજો છો?
સુરધેનુ છંડી અજા શું અજો છો? મહાપંથ મૂકી કુપંથે વ્રજો છો.૨
તજે કોણ ચિંતામણિ કાચ માટે ? ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટે?
સુરદ્રુમ ઉપાડી કોણ આક વાવે ? મહામૂઢ તે આકુલા અંત પાવે.૩
કીહાં કાંકરો ને કીહાં મેરુશૃંગ ? કીહાં કેશરી ને કીહાં તે કુરંગ;
કીહાં વિશ્વનાથં કીહાં અન્ય દેવા ? કરો એક ચિત્તે પ્રભુ પાર્શ્વસેવા.૪
પૂજો દેવી પ્રભાવતી પ્રાણનાથ, સહુ જીવને જે કરે છે સનાથ;
મહાતત્ત્વ જાણી સદા જેહ પાવે, તેહના દુઃખ દારિદ્ર દૂરે પલાવે. ૫
પામી મનુષ્યોને વૃથા કાં ગમો છો? કુશીલે કરી દેહને કાં દમો છો?
નહિ મુક્તિવાસં વિના વીતરાગં, ભજો ભગવંત તજો દૃષ્ટિરાગં. ૬
ઉદયરત્ન ભાખે સદા હેત આણી, દયાભાવ કીજે પ્રભુ દાસ જાણી;
આજ મહારે મોતીડે મેહ વુઠ્યા, પ્રભુપાર્શ્વ સંખેશ્વરો આપ તુઠ્યા.૭

ધન મેળવતાં દુઃખ છે, સાચવતાં પણ દુઃખ;
જો આવેલું જાય તો, જાય સમૂળું સુખ.

૩

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વચિન્તામણિયતે;
હ્રીં ધરણેંદ્ર વૈરોટયા, પદ્માદેવી યુતાયતે. ૧

શાન્તિ તુષ્ટિ મહાપુષ્ટિ, ધૃતિ કીર્તિ વિધાયિને;
ૐ હ્રીં દ્વિટ્ વ્યાલ વેતાલ, સર્વાધિવ્યાધિનાશિને. ૨

જયા જિતાખ્યા વિજયાખ્યા, પરાજિતયાન્વિતઃ
દિશાં પાલૈર્ગ્રહૈર્યક્ષૈર્વિદ્યાદેવીભિરન્વિતઃ ૩

ૐ અસિઆઉસાય નમસ્તત્ર ત્રૈલોકયનાથતામ્;
ચતુઃષષ્ઠિ સુરેન્દ્રાસ્તે, ભાસન્તે છત્રચામરૈઃ ૪

શ્રીસંખેશ્વર મંડનપાર્શ્વજિન, પ્રણુત કલ્પતરુકલ્પ;
ચૂરય દુષ્ટાવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ. ૫

૪

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ૧

પ્રભુ નામે આનંદકંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભયતણાં, પાતક સબ દહીએ. ૨

ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પાર્શ્વનામ;
વિષ અમૃત થઇ પરગમે, લહીએ અવિચલ ઠામ. ૩

**વિવેક વિનાનો માનવી, સમજો પશુ સમાન;**
**વાનરને પણ છે જુઓ, હાથ પાય મુખ કાન.**

૫

પ્રભુ પાસજી તાહરું નામ મીઠું,
તિહું લોકમાં એટલું સાર દીઠું;
સદા સમરતાં સેવતાં પાપ નીઠું,
મન માહરે તાહરું ધ્યાન બેઠું. ૧

મન તુમ પાસે વસે રાતદિને,
મુખપંકજ નિરખવા હંસ હીસે;
ધન્ય તે ઘડી જે ઘડી નયણ દીસે,
ભલી ભક્તિભાવે કરી વિનવીજે. ૨

અહો એહ સંસાર છે દુઃખદોરી,
ઇંદ્રજાલમાં ચિત્ત લાગ્યું ઠગોરી;
પ્રભુ નામની એ વિનતિ એક મોરી,
મુજ તાર તું તાર બલિહારી તોરી. ૩

સહી સ્વપ્ન જંજાલને સંગ મોહ્યો,
ઘડિયાલમાં કાલ રમતો ન જોયો;
મુધા એમ સંસારમાં જન્મ ખોયો,
અહો ધૃતતણે કારણે જળ વિલોયો. ૪

એ તો ભમરલો કેસુઆ ભ્રાંતિ ધાયો,
જઈ શુકતણી ચંચુમાંહે ભરાયો;

સમકિતવંતા પ્રાણીઆ, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતર ઘર ન્યારા રહે, જેમ ધાત્ર ખીલાવે બાળ.

શુકે જંબુ જાણી ગલે દુઃખ પાયો,
પ્રભુ લાલચે જીવડો એમ વાહ્યો. ૫

ભમ્યો ભર્મ ભૂલ્યો રમ્યો કર્મ ભારી,
દયા ધર્મની શર્મ મેં ન વિચારી;
તોરી નર્મ વાણી પરમ સુખકારી,
તિહું લોકના નાથ મેં નવિ સંભારી. ૬

વિષય વેલડી શેલડી કરી અજાણી,
ભજી મોહ તૃષ્ણા તજી તુજ વાણી;
એહવો ભલો ભુંડો નિજ દાસ જાણી,
પ્રભુ રાખીયે બાંહીની છાંયમાંહી. ૭

મોરા વિવિધ અપરાધની કોડી વહીએ,
પ્રભુ શરણ આવ્યાતણી લાજ વહીએ;
વળી ઘણી ઘણી વિનતિ એમ કહીએ,
મુજ માનસ સરે પરમહંસ રહીએ. ૮

એમ કૃપા મૂરત પાર્શ્વ સ્વામી, મુગતિગામી ધ્યાઇએ,
અતિ ભક્તિભાવે વિપત્તિ જાવે, પરમ સંપત્તિ પાઇએ;
પ્રભુ મહિમાસાગર ગુણ વૈરાગર, પાસ અન્તરિક્ષ જે સ્તવે,
તસ સકલ મંગલ જય જયારવ, આનંદવર્દ્ધન વિનવે. ૯

---

વાણી પાણી બે સદા, પવિત્રતા કરનાર;
લલના લાલચ બે સદા, આપદના દાતાર.

## શ્રી ચોવીશ જિનનું ચૈત્યવંદન

ઋષભ અજિત સંભવ નમો, અભિનંદન જિનરાજ;
સુમતિ પદ્મ સુપાસ જિન, ચંદ્રપ્રભુ મહારાજ. ૧
સુવિધિ શીતલ શ્રેયાંસ જિન, વાસુપૂજ્ય સુખવાસ;
વિમલ અનંત શ્રી ધર્મજિન, શાંતિનાથ પૂરે આસ. ૨
કુંથુ અર ને મલ્લિ જિન, મુનિસુવ્રત જગનાથ;
નમી નેમિ પારસ વીર, (એ) સાચો શિવપુર સાથ. ૩
દ્રવ્ય ભાવથી સેવીએ, આણી મન ઉલ્લાસ;
આતમ નિર્મલ સેવીએ, (જીમ) પામીજે શિવવાસ. ૪
એમ ચોવીશ જિન સમરતાં એ, પહોંચે મનની આસ;
અમીકુમર એણી પરે ભણે, (તે) પામે લીલવિલાસ. ૫

---

## શ્રી સિદ્ધચક્રનું ચૈત્યવંદન

જો ધુરિ સિરિ અરિહંત મૂલ, દઢપીઠ પઇટ્ઠિઓ;
સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય, સાહૂ પાસ ગરિટ્ઠિઓ. ૧
દંસણ નાણ ચારિત્ત તહી, પડિસાહા સુંદરુ,
તત્તખ્ખર સરવગ્ગ લદ્ધિ, ગુરુ પયદલ દુંબરુ. ૨
દિસિપાલ જખ્ખ જખ્ખિણી પમુહ, સુરકુસુમેહિં અલંકિયો;
સો સિદ્ધચક્કગુરુ કપ્પતરુ, અમ્હ મનવંછિય ફલ દીયો. ૩

---

તરુવર કદી ન ફળ ભખે, કદી ન સંચે નીર;
પરઉપકાર કે કારણે, સંતે ધર્યો શરીર.

## શ્રી નવપદજીનું ચૈત્યવંદન

ઉપ્પન્ન સન્નાણ મહોમયાણં, સપ્પાડિહેરાસણસંઠિયાણં;
સદ્દેસણાણં દીયસજ્જણાણં, નમો નમો હોઉ સયાજિણાણં. ૧
સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોણંત ચઉક્કયાણં. ૨
સૂરીણ દુરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં. ૩
સૂતત્થ વિત્થારણ તપ્પરાણં, નમો નમો વાયગકુંજરાણં. ૪
સાહૂણ સંસાહિઅસંજમાણં, નમો નમો સુધ્ધદયાદમાણં. ૫
જિણુત્તતત્તે રૂઈલખ્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ. ૬
અન્નાણસંમોહતમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ. ૭
આરાહિઅખંડિઅસક્કિઅસ્સ, નમો નમો સંજમવીરિઅસ્સ. ૮
કમ્મદુમોમ્મૂલણકુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ. ૯

---

## શ્રી ચોવીશ જિનના શરીરના વર્ણનું ચૈત્યવંદન

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ, દોય ઉજ્જવલ લહીએ. ૧
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દોય નીલા નીરખ્યા;
મુનિસુવ્રત ને નેમનાથ, દોય અંજન સરીખા. ૨
સોળે જિન કંચન સમા એ, એવા જિન ચોવીશ;
ધીરવિમળ પંડિતતણો, જ્ઞાનવિમળ કહે શિષ્ય. ૩

---

બાજી રચેલી તરંગની, મનમાં અધુરી રહી જશે;
યમદૂત ગળચી પકડીને, નિશ્ચય નરકમાં લઈ જશે.

## શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિધ્ધક્ષેત્ર, દીઠે દુરગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. ૧
અનંત સિધ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય;
પૂરવ નવાણું રીખવદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પ્રાય. ૨
સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ. ૩

## શ્રી ઋષભદેવનું ચૈત્યવંદન

જય જય નાભિ નરિંદનંદ, સિધ્ધાચલમંડણ;
જય જય પ્રથમ જિણંદચંદ, ભવદુઃખવિહંડણ. ૧
જય જય સાધુ સૂરીંદવૃંદ, વંદિઅ પરમેસર;
જય જય જગદાનંદકંદ, શ્રી ઋષભ જિણેસર. ૨
અમૃત સમ જિનધર્મનો એ, દાયક જગમાં જાણ;
તુજ પદ પંકજ પ્રીતધર, નિશદિન નમત કલ્યાણ. ૩

## શ્રી કેવલજ્ઞાનીનું ચૈત્યવંદન

શ્રી જિન ચઉનાણી થઈ, શુકલધ્યાન અભ્યાસે;
અતિશય અતિશય આત્મરૂપ, ક્ષણ ક્ષણ પ્રકાશે. ૧

જીવડો ગર્ભાવાસમાં, પ્રતિજ્ઞા કરે અપાર;
જન્મ્યા પછી ભૂલી ગયો, હા હા મૂઢ ગમાર!

નિદ્રા સ્વપ્ન જાગર દશા, તે સવિ દૂર હોવે;
ચોથી ઉજાગર દશા, તેહનો અનુભવ જોવે. ૨
ક્ષપકશ્રેણિ આરોહિયા એ, અપૂર્વ શક્તિ સંયોગે;
લહી ગુણઠાણું બારમું, તૂરિય કષાય વિયોગે. ૩
નાણ દંસણ આવરણ, મોહ અંતરાય ઘનઘાતી;
કર્મ દુષ્ટ ઉચ્છેદીને, થયા પરમાતમ જાતી. ૪
દોય ધર્મ સવિ વસ્તુના, સમયાંતર ઉપયોગ;
પ્રથમ વિશેષપણે ગ્રહે, બીજે સામાન્ય સંયોગ. ૫
સાદિ અનંત ભાંગે કરીએ, દર્શન જ્ઞાન અનંત;
ગુણઠાણું લહી તેરમું, ભાવ જિણંદ જયવંત. ૬
મૂલ પયડીનો એક બંધ, સત્તા ઉદયે ચાર;
ઉત્તરપયડીનો એક બંધ, તેમ ઉદયે રહે બાયાલ. ૭
સત્તા પંચાશીતણી એ, કર્મ જેહવા રજ્જુ છાર;
મન વચન કાયા યોગ જાસ, અવિચળ અવિકાર. ૮
સંયોગી કેવલીતણી એ, પામી દશાએ વિચરે;
અક્ષય કેવલજ્ઞાનના, વિજયલક્ષ્મી ગુણ ઉચ્ચરે. ૯

---

## શ્રી સિદ્ધ પરમાત્માનું ચૈત્યવંદન

અજ અવિનાશી અકલ જે, નિરાકાર નિરધાર;
નિર્મમ નિર્ભય જે સદા, તાસ ભક્તિ ચિત્ત ધાર. ૧

જન્મ જરા જાકું નહીં, નહીં શોક સંતાપ;
સાદિ અનંત સ્થિતિ કરી, સ્થિતિ બંધન રુચિ કાય. ૨

તીજે અંશ રહિત શુચિ, ચરમ પિંડ અવગાહ;
એક સમે સમશ્રેણિએ, અચળ થયો શિવનાહ. ૩

સમ અરુ વિષમપણે કરી, ગુણ પર્યાય અનંત;
એક એક પરદેશમેં, શક્તિ સુજગ મહંત. ૪

રૂપાતીત વ્યતીત મલ, પૂર્ણાનંદી ઇશ;
ચિદાનંદ તાકું નમત, વિનય સહિત નિજ શિષ. ૫

---

## શ્રી વીશસ્થાનકનું ચૈત્યવંદન

પહેલે પદ અરિહંત નમું, બીજે સર્વ સિદ્ધ;
ત્રીજે પ્રવચન મન ધરો, આચારજ સિદ્ધ. ૧

નમો થેરાણં પંચમે, પાઠક ગુણ છઠ્ઠે;
નમો લોએ સવ્વસાહૂણં, જે છે ગુણ ગરિઠ્ઠે. ૨

નમો નાણસ્સ આઠમે, દર્શન પદ ધ્યાવો;
વિનય કરો ગુણવંતનો, ચારિત્ર મન ભાવો. ૩

નમો બંભવયધારિણં, તેરમે કિરિયાણં;
નમો તવસ્સ ચૌદમે, ગોયમ નમો જિણાણં. ૪

---

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;
જો સુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ.

ચારિત્ર નાણ સુઅ એ, નમો તિથ્થસ્સ જાણી;
જિન ઉત્તમ પદપદ્મને, નમતાં હોય સુખખાણી. ૫

## સામાન્ય જિન ચૈત્યવંદન

જય જય તું જિનરાજ આજ, મલીયો મુજ સ્વામી;
અવિનાશી અકલંકરૂપ, જગ અંતરજામી. ૧

રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી. ૨

સિદ્ધ બુદ્ધ તુજ વંદતા, સકલ સિદ્ધ વર બુધ્ધ;
રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ૩

કાળ બહુ સ્થાવર ગ્રહી, ભમીયો ભવમાંહિ;
વિકલેંદ્રિમાંહી વસ્યો, સ્થિરતા નહીં ક્યાંહી. ૪

તિર્યંચ પંચેંદ્રિય માંહી દેવ, કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહિ પાયો. ૫

એમ અનંત કાળે કરીએ, પામ્યો નર અવતાર;
હવે જગતારક તુંહી મળ્યો, ભવજલ પાર ઉતાર. ૬

## એક સો સિત્તેર જિન ચૈત્યવંદન

સોળે જિનવર શામળા, રાતા ત્રીસ વખાણું;
લીલા મરકત મણિસમા, આડત્રીશ વખાણું. ૧

દોલત બેટી સુમકી, ખરચી કબહુ ન જાય;
પાળી પોષી મોટી કરે, પરઘર ચાલી જાય.

પીળા કંચન વર્ણ સમા, છત્રીસે જિનચંદ,
શંખ વરણ સોહામણું, પચાશે સુખકંદ. ૨
સીત્તેર સો જિન વંદીએ એ, ઉત્કૃષ્ટા સમકાળ;
અજિતનાથ વારે હુવા, વંદું થઈ ઊજમાળ. ૩
નામ જપંતાં જિનતણું, દુરગતિ દૂરે જાય;
ધ્યાન ધ્યાતાં પરમાત્માનું, પરમ મહોદય થાય. ૪
જિનવર નામે જશ ભલો, સફળ મનોરથ તાર;
શુદ્ધ પ્રતીતિ જિનતણી, શિવસુખ અનુભવ ધાર. ૫

## શ્રી પંચતીર્થનાં ચૈત્યવંદનો

સુખદાઇ શ્રી આદિજિણંદ, અષ્ટાપદ વંદો;
ચંપાપુરી શ્રી વાસુપૂજ્ય, સુખ પૂનમચંદો. ૧
ગિરનારે શ્રી નેમિનાથ, સુખ સુરતરુ કંદો;
સમેતશિખર શ્રી પાર્શ્વનાથ, પૂજી મન આણંદો. ૨
અપાપાનયરી વીરજી–કલ્યાણક શુભ ઠામ;
રૂપવિજય કહે સાહિબા, પાંચે આતમ રામ. ૩

(૨)

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી, ત્યાં ત્યાં કરું પ્રણામ. ૧

શત્રુંજે શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ ઋષભ જુહાર. ૨
અષ્ટાપદગિરિ ઉપરે, જિન ચોવીશે જોય;
મણિમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય. ૩
સમેતશિખર તીરથ વડું, જ્યાં વીશે જિન પાય;
વૈભાર ગિરિવર ઉપરે, શ્રીવીર જિનેશ્વર રાય. ૪
માંડવગઢનો રાજીયો, નામે દેવ સુપાસ;
રિખવ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ. ૫

---

## જિનવરના ભવોનું ચૈત્યવંદન

પ્રથમ તીર્થંકરતણા હુવા, ભવ તેર કહીજે;
શાંતિતણા ભવ બાર સાર, નવ ભવ નેમ લહીજે. ૧
દશ ભવ પાસ જિણંદને, સત્તાવીશ શ્રી વીર;
શેષ તીર્થંકર તિહું ભવે, પામ્યા ભવજળ તીર. ૨
જ્યાંથી સમકિત ફરસિયું, ત્યાંથી ગણીએ તેહ;
ધીરવિમળ પંડિતતણો, જ્ઞાનવિમળ ગુણ ગેહ. ૩

---

## શ્રી પરમાત્માનું ચૈત્યવંદન

પરમેશ્વર પરમાત્મા, પાવન પરિમટ્ઠ;
જય જગગુરુ દેવાધિદેવ, નયણે મેં દિઠ્ઠ. ૧

---

ચતુરથી છાની ન રહે, કોઈ બુદ્ધિની વાત;
વૈદ્ય પારખે કર ગ્રહી, જેમ રોગની જાત.

અચલ અકલ અવિકાર સાર, કરુણારસ સિન્ધુ;
જગતિજન આધાર એક, નિષ્કારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહી કહ્યા ન જાય;
રામ પ્રભુ જિનધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

---

## ચાર મંગલ તથા જીવયતના વિશે

## સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેંદ્રિયને ઉપજવાના ૧૪ સ્થાનક.

ચાલો સહીયર મંગળ ગાઈએ, લહીએ પ્રભુના નામ રે.
પહેલું મંગલ વીર પ્રભુનું, બીજું ગૌતમસ્વામ રે;
ત્રીજું મંગલ સ્થૂલભદ્રનું, ચોથું મંગલ ધર્મ રે. ચા૦ ૧
જીવની જંયણા નિત્ય કરીએ, સેવીએ શ્રી જૈનધર્મ રે;
જીવ અજીવને ઓળખીએ તો, પામીએ સમકિત મર્મ રે. ૨
છાણાં ઈંધણા નિત્ય પૂજીએ, ચૂલે ચંદરવો બાંધીએ રે;
પોચે હાથે વાસીદું વાળીએ, દીવે ઢાંકણ ઢાંકીએ રે. ૩
શિયાળે પકવાન દિન ત્રીસ, ઉનાળે દિન વીસ રે;
ચોમાસે પંદર દિન માન, ઉપર અભક્ષ્ય જાણ રે. ૪
ચૌદ થાનકિયા જીવ ઓલખીએ, પન્નવણા સૂત્રની સાખે રે;
વડીનીતિ લઘુનીતિ બલખામાંહે, અંતર્મુહૂર્ત્ત પાખે રે. ૫
શરીરનો મેલ નાકનો મેલ, વમન પિત્ત સાતમે રે;
શુક્ર શોણિત મૃત્યુ કલેવર, ભીનું વરજ અગિયારમે રે. ૬

---

ઘર છોડી બાવા બન્યા, મનમાં રાખે કૂડ;
દાનું બગાડે બાપડા, પડી મુખમેં ધૂડ.

નગરનો ખાલ અશુચિ ઠામે, સ્ત્રી-પુરુષના સંગમે રે;
ઉપજે ત્યાં મનુષ્ય સંમૂચ્છિંમ, થાનક જાણો ચૌદમે રે. ૭
અસંખ્યાતા અંતર્મુહૂર્ત્ત આઉખે, બીજાનો નહિ પાર રે;
બાવીશ અભક્ષ્ય બત્રીશ અનંતકાય, વરજો નર ને નાર રે. ૮
આપ વેદના પરની વેદના, સરખી લેખવીએ આઠે જામ રે;
પદ્મવિજય પસાયથી પામે, જીત તે ઠામોઠામ રે. ૯

## શ્રાવકને સાંજે પ્રતિક્રમણ બાદ બોલવાના દુહા

અરિહંત અરિહંત સમરતાં, વાધે મુક્તિનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેહના સરશે કામ. ૧
સૂતાં બેસતાં ઊઠતાં, જે સમરે અરિહંત;
દુખિયાનાં દુઃખ ટાળશે, લહેશે સુખ અનંત. ૨
આશ કરો અરિહંતની, બીજી આશ નિરાશ;
તે જગમાં સુખિયા થયા, પામ્યા લીલવિલાસ. ૩
ચેતન તે ઐસી કરી, જૈસી ન કરે કોય;
વિષયારસને કારણે, સર્વસ્વ બેઠા ખોય. ૪
રાત્રી ગમાઇ સોય કે, દિવસ ગમાયા ખાય;
હીરા જૈસા મનુષ્યભવ, કવડી બદલે જાય. ૫
જો ચેતાય તો ચેતજે, જો બુઝાય તો બુઝ;
આનારા સહુ ખાઈ જશે, માથે પડશે તુજ. ૬

બહોત ગઇ થોડી રહી, મન આતુર મત હોય;
ધીરજ સબકા મિત્ર હૈ, કરી કમાઈ મત ખોય.

પપ્પો તો પરખ્યો નહિ, દદ્દો કીધો દૂર;
લલ્લા શું લાગી રહ્યો, નન્નો રહ્યો હજૂર. ૭
પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૮
જન્મ જરા મરણે કરી, ભરિયો આ સંસાર;
જે પ્રભુ આણા માનશે, તસ નહિ ભીતિ લગાર. ૯
નિંદા આલસ પરિહરી, કરજે તત્ત્વ-વિચાર;
શુભ ધ્યાને મન રાખજે, શ્રાવક તુજ આચાર. ૧૦
જિનપૂજા જિસ ઘર નહિ, નહિ સુપાત્રે દાન;
તે કેમ પામે બાપડા, વિદ્યા રૂપ નિધાન. ૧૧

---

## પ્રતિક્રમણ બાદ બોલવાના દુહા

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર, એના અર્થ અનંત અપાર. ૧
સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સહુ સંગાથ. ૨
યોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે, સમરે સુખ નિઃશંક ૩
અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અડ સિદ્ધિ દાતાર. ૪

**તીલક કરતાં ત્રેપન થયાં, જપમાળાનાં નાકાં ગયાં;**
**કથા સુણીને ફૂટ્યા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન.**

નવપદ એના નવનિધિ આપે, ભવોભવના દુઃખ કાપે;
ચંદ્રવદનથી હૃદયે સ્થાપે, પરમાતમ પદ આપે. ૫

## "સોળ સસ્સા"

૧ સદ્‌ગુરુસેવા, ૨ સુકુળે જન્મ,
૩ સંઘભક્તિ, ૪ સદ્દહણા ધર્મ,
૫ સુદ્રવ્ય, ૬ સુકૃત કેરી યાત્ર,
૭ પુન્યે લહીએ મુનિ સુપાત્ર,
૮ સાત ક્ષેત્રતણું પોષવું, ૯ સત્ય વચન મુખથી ભાખવું,
૧૦ સમતા કુંડમાંહે ઝીલવું જેને, ૧૧ શુભ ગતિ વહેલું જવું,
૧૨ સમાધિ શરીર, ૧૩ સુણવો સિદ્ધાંત,
૧૪ સમ્યક્‌શીલ રાખે એકાંત,
૧૫ સાહસિક ગુણ તે પુણ્યે પમાય, ૧૬ સંઘપતિ તિલક ધરાય,
સોળ સસ્સા એમ વિવરી કહ્યા, પૂર્વપુણ્યે તેણે નર લહ્યા.

## શ્રી સિદ્ધાચલજીના દુહા

પ્રાયે એ ગિરિ શાશ્વતો, મહિમાનો નહિ પાર;
પ્રથમ જિણંદ સમોસર્યા, પૂર્વ નવાણું વાર. ૧
અઢી દ્વીપમાં એ સમો, તીરથ નહિ ફળ દાય;
કલિયુગ કલ્પતરુ લહી, મુક્તાફળ શું વધાય. ૨
યાત્રા નવાણું જે કરે, ઉત્કૃષ્ટે પરિણામ;
પૂજા નવાણું પ્રકારની, રચતા અવિચળ ધામ.

---

સાધુ તે જે સાધે કાયા, દમડી એક ન રાખે કોય;
લેણા એક ને દેણા દોય, ઐસા પંથ સાધુકા હોય.

એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ;
કોડી સહસ ભવના કર્યાં, પાપ ખપે તત્કાળ. ૪
નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા વિમળ ગિરિંદ;
ભાવિ ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણંદ. ૫
શેત્રુંજી નદી નાહીને, મુખ બાંધી મુખકોશ;
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૬
ચોથે આરે એ થયા, સવિ મોહટા ઉદ્ધાર;
સૂક્ષ્મ ઉદ્ધાર વચ્ચે થયા, કહેતાં ન આવે પાર. ૭
સિદ્ધાચળ સિદ્ધિ વર્યાં, ગ્રહી મુનિલિંગ અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત. ૮
નમિવિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિરાય;
સાથે સિદ્ધિવધૂ વર્યાં, શત્રુંજય સુપસાય. ૯
દ્રાવિડ ને વારિખીલ્લજી, દશ કોડી અણગાર;
સાથે સિદ્ધિવધૂ વર્યાં, વંદું વારંવાર. ૧૦
રામ ભરત ત્રણ કોડીશું, કોડી મુનિશ્રી સાર;
કોડી સાડીઆઠ શિવ વર્યાં, સાંબપ્રદ્યુમ્નકુમાર. ૧૧
કદંબ ગણધર ક્રોડશું, વળી સંપ્રતિ જિનરાજ;
થાવચ્ચા તસ ગણધરુ, સહસશું સિધ્યા કાજ. ૧૨
શત્રુંજય ગિરિમંડણો, મરુદેવાનો નંદ;
યુગલા ધર્મ નિવારકો, નમો યુગાદિ જિણંદ. ૧૩

પરનારી કે યારકો, જરા ન હોવે ચેન;
ખાનાપીના છોડકે, ફીરે પૂંઠે દીન રેન.

# પર્વતિથિ તથા તીર્થાદિનાં સ્તવનો

## બીજનું સ્તવન

પ્રણમી શારદમાય, શાસન વીર સુહંકરુજી,
બીજ તિથિ ગુણગેહ, આદરો ભવિયણ સુંદરુજી. ૧

એહ દિન પંચ કલ્યાણ, વિવરીને કહું તે સુણોજી;
મહા સુદિ બીજે જાણ, જન્મ અભિનંદનતણોજી. ૨

શ્રાવણની સુદિ હો બીજ, સુમતિ ચવ્યા સુરલોકથીજી;
તારણ ભવોદધિ તેહ, તસ પદ સેવે સુર થોકથી જી. ૩

સમેતશિખર શુભ ઠાણ, દશમા શીતલજિન ગણુંજી;
ચૈત્ર વદિની હો બીજ, વર્યા મુક્તિ તસ સુખ ઘણુંજી. ૪

ફાલ્ગુન માસની બીજ, ઉત્તમ ઉજ્જવલ માસનીજી;
અરનાથ તસ ચ્યવન, કર્મક્ષયે તવ પાસનીજી. ૫

ઉત્તમ માઘ જ માસ, સુદિ બીજે વાસુપૂજ્યનોજી;
એહિ જ દિન કેવલનાણ, શરણ કરો જિનરાજનોજી. ૬

કરણી રૂપ કરી ખેત, સમકિત બીજ રોપો તિહાંજી;
ખાતર કિરિયા હો જાણ, ખેડ સમતા કરી જિહાંજી. ૭

ઉપશમ તદ્રૂપ નીર, સમકિત છોડ પ્રગટ હોવેજી;
સંતોષ કરી અહો વાડ, પચ્ચખાણવ્રત ચોકી સોહેજી. ૮
નાસે કર્મ-રિપુ ચોર, સમકિત વૃક્ષ ફલ્યો તિહાંજી;
માંજર અનુભવરૂપ, ઊતરે ચારિત્ર ફલ જિહાંજી. ૯
શાંતિ સુધારસ વારિ, પાન કરી સુખ લીજીએજી;
તંબોલ સમ લ્યો સ્વાદ, જીવને સંતોષ રસ કીજીએજી. ૧૦
બીજ કરો બાવીશ માસ, ઉત્કૃષ્ટી બાવીશ માસનીજી;
ચોવિહાર ઉપવાસ, પાલીએ શીલ વસુધાસનીજી. ૧૧
આવશ્યક દોય વાર, પડિલેહણ દોય લીજીએજી;
દેવવંદન ત્રણ કાળ, મન વચ કાયાએ કીજીએજી. ૧૨
ઉજમણું શુભ ચિત્ત, કરી ધરીએ સંયોગથીજી;
જિન વાણી રસ એમ, પીજીએ શ્રુત ઉપયોગથીજી. ૧૩
ઇણવિધ કરીએ હો બીજ, રાગ ને દ્વેષ દૂરે કરીજી;
કેવલ પદ લહી તાસ, વરે મુકિત ઉલટ ધરીજી. ૧૪
જિન પૂજા ગુરુભક્તિ, વિનય કરી સેવો સદાજી;
પદ્મવિજયનો શિષ્ય, ભક્તિ પામે સુખસંપદાજી. ૧૫

## બીજ તિથિનું મોટું સ્તવન

**ઢાળ ૧ લી** ( દેશી-સુરતી મહિનાની )

સરસ વચનરસ વરસતી સરસતી કળાભંડાર;
બીજતણો મહિમા કહું, જેમ કહ્યો શાસ્ત્ર મોઝાર. ૧

**પીપલ પાન ખરંતા, હસતી કુંપળિયાં,**
**અમ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.**

જંબૂદ્વીપના ભરતમાં, રાજગૃહી નગરી ઉદ્યાન;
વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન. ૨

શ્રેણિક નામે ભૂપતિ, બેઠા બેસણઠાય;
પૂછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય. ૩.

ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દીયે જિનરાય;
કમળ સુકોમળ પાંખડી, એમ જિન હૃદય સોહાય. ૪

શશી પ્રગટે જેમ તે દિને, ધન્ય તે દિન સુવિહાણ;
એક મને આધારતાં, પામે પદ નિર્વાણ. ૫

ઢાળ ૨ જી ( અષ્ટાપદ અરિહંતજી-એ રાગ )

કલ્યાણક જિનના કહું; સુણ પ્રાણીજી રે,
અભિનંદન અરિહંત, એ ભગવંત, ભવિ પ્રાણીજી રે;
માઘ સુદિ બીજને દિને, સુણ પ્રાણીજી રે;
પામ્યા શિવસુખ સાર, હરખ અપાર, ભવિ પ્રાણીજી રે. ૧

વાસુપૂજ્ય જિન બારમા, સુણ પ્રાણીજી રે,
એહ જ તીથિએ થયું નાણ, સફળ વિહાણ, ભવિ પ્રાણીજી રે;
અષ્ટ કર્મ ચૂરણ કરી, સુણ પ્રાણીજી રે,
અવગાહન એક વાર, મુક્તિ મોઝાર, ભવિ પ્રાણીજી રે. ૨

અરનાથ જિનજી નમું, સુણ પ્રાણીજી રે,
અષ્ટાદશમા અરિહંત, એ ભગવંત ભવિ પ્રાણીજી રે;

સાજું હોય શરીર તો, સઘળી વાતે સુખ;
નહિ તો નાણું બહુ છતાં, દિન દિન પ્રત્યે દુઃખ.

ઊજ્જ્વળ તિથિ ફાગણુની ભલી, સુણુ પ્રાણીજી રે;
વરિયા શિવવધૂ સાર, સુંદર નાર, ભવિ પ્રાણીજી રે; ૩
દશમા શીતળ જિનેશ્વરુ, સુણુ પ્રાણીજી રે,
પરમ પદની એ વેલ, ગુણુની ગેલ, ભવિ પ્રાણીજી રે;
વૈશાખ વદિ બીજને દિને, સુણ પ્રાણીજી રે,
મૂક્યો સરવ એ સાથ, સુરનર નાથ, ભવિ પ્રાણીજી રે; ૪
શ્રાવણુ સુદની બીજ ભલી, સુણુ પ્રાણીજી રે,
સુમતિનાથ જિન દેવ, સારે સેવ, ભવિ પ્રાણીજી રે;
એણી તિથિએ જિનજીતણાં, સુણુ પ્રાણીજી રે,
કલ્યાણુક પંચે સાર, ભવનો પાર, ભવિ પ્રાણીજી રે. ૫

ઢાળ ૩ જી

જગપતિ જિન ચોવીશમો રે લાલ,
એ ભાખ્યો અધિકાર રે ભવિકજન, શ્રેણિક આદે સહુ મળ્યા રે લાલ;
શક્તિતણે અનુસાર રે ભવિકજન, ભાવ ધરીને સાંભળો રે લાલ. ૧
દોય વરસ દોય માસની રે લાલ, આરાધો ધરી ખંત રે; ભવિક૦
ઉજમણું વિધિશું કરો રે લાલ, બીજ તે મુક્તિ મહંત રે. ભ. ભા૦૨
માર્ગ મિથ્યા દૂરે તજો રે લાલ, આરાધો ગુણુના થોક રે; ભવિક૦
વીરની વાણી સાંભળી રે લાલ, ઉચ્છરંગ થયો બહુ લોક રે ભ. ભા૦૩
એણી બીજે કેઈ તર્યા રે લાલ, વળી તરસે કેઇ શેષ રે; ભવિક૦
શશિ નિધિ અનુમાનથી રે લાલ, શૈલ નાગધર અંક રે. ભ. ભા૦૪

ભૂંડા માણસથી દૂર ભાગીએ, ન દાખીએ દિલની વાત;
કાં તે છેતરી શરે પડે, કાં ઘરમાં આણે ઘાત.

અષાડ સુદિ દશમીને દિને રે લાલ, એ ગાઓ સ્તવન રસાળ રે; ભવિક.
નવલવિજય સુપસાયથી રે લાલ, ચતુરને મંગળમાળ રે. ભ. ભા૦૫

### કળશ

એમ વીર જિનવર, સયલ સુખકર, ગાયો અતિ ઉલટ ભરે,
અષાડ ઉજ્જવળ દશમી દિવસે, સંવત અઢાર અઠોતરે;
બીજ મહિમા એમ વર્ણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસએ,
જેહ ભવિક ભાવે સુણે ગાવે, તસ ઘર લીલવિલાસએ. ૧

## જ્ઞાનપંચમીનું સ્તવન ( મોટું )

### ઢાળ પહેલી

સુત સિદ્ધારથ ભૂપનો રે, સિદ્ધારથ ભગવાન,
બાર પર્ષદા આગળે રે, ભાખે શ્રી વર્દ્ધમાનો રે.
ભવિયણ ચિત્ત ધરો, મન વચ કાય ઉમ્હાયો રે
જ્ઞાનભક્તિ કરો. એ આંકણી. ૧
ગુણ અનંત આતમતણા રે, મુખ્યપણે તિહાં હોય;
તેમાં પણ જ્ઞાન જ વડું રે, જિણથી દંસણ હોય રે. ભ૦ ૨
જ્ઞાને ચારિત્ર ગુણ વધે રે, જ્ઞાને ઉદ્યોત સહાય;
જ્ઞાને સ્થવિરપણું લહે રે, આચારજ ઉવજ્ઝાયો રે. ભ૦ ૩
જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કરમ કરે નાશ;
વહ્નિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશો રે. ભ૦ ૪

પ્રથમ જ્ઞાન પછે દયા રે, સંવર મોહ વિનાશ;
ગુણસ્થાનક પગથાલીયે રે, જેમ ચડે મોક્ષ આવાસો રે. ભ૦ ૫
મઈ સુઅ ઓહિ મણપજ્જવા રે, પંચમ કેવલજ્ઞાન;
ચઉ મુંગા શ્રુત એક છે રે, સ્વપરપ્રકાશ નિદાનો રે. ભ૦ ૬
તેહનાં સાધન જેહ કહ્યાં રે, પાટી પુસ્તક આદિ;
લખે લખાવે સાચવે રે, ધર્મી ધરી અપ્રમાદો રે. ભ૦ ૭
ત્રિવિધ આશાતના જે કરે રે, ભણતાં કરે અંતરાય;
અંધા બહેરા બોબડા રે, મૂંગા પાંગળા થાય રે. ભ૦ ૮
ભણતાં ગુણતાં ન આવડે રે, ન મળે વલ્લભ ચીજ;
ગુણમંજરી વરદત્ત પરે રે, જ્ઞાન વિરાધન બીજ રે. ભ૦ ૯
પ્રેમે પૂછે પરખદા રે, પ્રણમી જગગુરુ પાય;
ગુણમંજરી વરદત્તનો રે, કરો અધિકાર પસાયો રે. ભ૦ ૧૦

## ઢાળ બીજી

જંબૂદ્વીપના ભરતમાં રે, નયર પદ્મપુર ખાસ;
અજિતસેન રાજા તિહાં રે, રાણી યશોમતી તાસ રે.
પ્રાણી આરાધો વર જ્ઞાન, એહ જ મુક્તિનિદાન રે. પ્રાણી૦ ૧
વરદત્ત કુંવર તેહનો રે, વિનયાદિક ગુણવંત;
પિતરે ભણવા મૂકીઓ રે, આઠ વરસ જબ હુંત રે. પ્રા૦ ૨
પંડિત યત્ન કરે ઘણો રે, છાત્ર ભણાવણ હેત;
અક્ષર એક ન આવડે રે, ગ્રંથતણી શી ચેત રે ? પ્રા૦ ૩

ભોજન બીચ પાણી ભલું, ભોજન અંતે છાશ;
મધ્યાહ્ને ભોજન કરે, સર્વ રોગનો નાશ.

કોઢે વ્યાપી દેહડી રે, રાજા રાણી સચિંત;
શ્રેષ્ઠી તેહી જ નયરમાં રે; સિંહદાસ ધનવંત રે. પ્રા૦ ૪
કર્પૂરતિલકા ગેહિની રે, શીલે શોભિત અંગ;
ગુણમંજરી તસ બેટડી રે, મૂંગી રોગે વ્યંગ રે. પ્રા૦ ૫
સોળ વરસની સા થઈ રે, પામી યૌવન વેષ;
દુર્ભગ પણ પરણે નહીં રે, માતપિતા ધરે ખેદ. પ્રા૦ ૬
તેણે અવસરે ઉદ્યાનમાં રે, વિજયસેન ગણધાર;
જ્ઞાનરયણ રયણાયરુ રે, ચરણકમલ વ્રતધાર રે. પ્રા૦ ૭
વનપાલે ભૂપાલને રે, દીધ વધાઈ જામ;
ચતુરંગી સેના સજી રે. વંદન જાવે તામ રે. પ્રા૦ ૮
ધર્મ દેશના સાંભળે રે, પુરજન સહિત નરેશ;
વિકસિત નયણ વદન મુદા રે, નહિ પ્રમાદ પ્રવેશ રે. પ્રા૦ ૯
જ્ઞાન વિરાધન પરભવે રે, મૂરખ પર આધીન;
રોગે પીડયા ટળવળે રે, દીસે દુઃખિયા દીન રે. પ્રા૦ ૧૦
જ્ઞાન સાર સંસારમાં રે, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગ જીવડા રે, ન લહે તત્ત્વ સંકેત રે. પ્રા૦ ૧૧
શ્રેષ્ઠી પૂછે મુણીંદને રે, ભાખો કરુણાવંત;
ગુણમંજરી મુજ અંગજા રે, કવણ કરમ વિરતંત રે પ્રા૦ ૧૨

ઢાળ ત્રીજી

ધાતકી ખંડના ભરતમાં, ખેટકનયર સુઠામ;
વ્યહવારી જિનદેવ છે, ધરણી સુંદરી નામ. ૧

ચાર ઘડી રાત્રી પછી, સૂર્ય ઉદય પર્યંત;
બ્રાહ્મ મુહૂર્ત તે જાણવું, ભજન ધ્યાન બળવંત.

અંગજ પાંચ સોહામણા, પુત્રી ચતુરા ચાર;
પંડિત પાસે શીખવા, તાતે મૂક્યા કુમાર. ૨

બાલ સ્વભાવે રમત, કરતાં દહાડા જાય;
પંડિત મારે ત્યારે, મા આગળ કહે આય. ૩

સુંદરી શંખણી શીખવે, ભણવાનું નહિ કામ;
પંડ્યો આવે તેડવા, તો તસ હણજ્યો તામ. ૪

પાટી ખડિયા લેખણા, બાળી કીધાં રાખ;
શઠને વિદ્યા નવિ રુચે, જેમ કરહાને દ્રાખ. ૫

પાડા પરે મોટા થયા, કન્યા ન દીયે કોય;
શેઠ કહે સુણ સુંદરી, એ તુજ કરણી જોય. ૬

ત્રટકી ભાખે ભામિની, બેટા બાપના હોય;
પુત્રી હોયે માતની, જાણે છે સહુ કોય. ૭

રે રે પાપિણી સાપિણી, સામા બોલ મ બોલ;
રિસાળી કહે તાહરો, પાપી બાપ નિટોલ. ૮

શેઠે મારી સુંદરી, કાળ કરી તતખેવ;
એ તુજ બેટી ઉપની, જ્ઞાન વિરાધન હેવ. ૯

મૂર્ચ્છાગત ગુણમંજરી, જાતિસમરણ પામી;
જ્ઞાન દિવાકર સાચો, ગુરુને કહે શિર નામી. ૧૦

ઓકો દાતણ જે કરે, નરણે હરડે ખાય;
દૂધે વાળું જે કરે, તસ ઘેર વૈદ ન જાય.

શેઠ કહે સુણો સ્વામી, કેમ જાયે એ રોગ ?
ગુરુ કહે જ્ઞાન આરાધો, સાધો વંછિત યોગ. ૧૧

ઉજ્જ્વલ પંચમી સેવો, પંચ વરસ પંચ માસ;
નમો નાણસ્સ ગણણું ગણો, ચોવિહારો ઉપવાસ. ૧૨

પૂરવ ઉત્તર સનમુખ, જપીએ દોય હજાર;
પુસ્તક આગળ ઢોઈએ, ધાન્ય ફલાદિ ઉદાર. ૧૩

દીવો પંચ દીવેટતણો, સાથિયો મંગલ ગેહ;
પોસહમાં ન કરી શકે, તેને વિધિ પારણુ એહ. ૧૪

અથવા સૌભાગ્યપંચમી,ઉજ્જવલ કાર્તિક માસ;
જાવજ્જીવ લગે સેવીએ, ઉજમણા વિધિ ખાસ. ૧૫

ઢાળ ચોથી

પાંચ પોથી રે, ઠવણી, પાઠાં વિંટાંગણાં,
ચાબખી દોરા રે, પાટી પાટલા વર તણાં,
મસી કાગલ રે, કાંબી ખડિયા લેખણી,
કવલી ડાબલી રે, ચંદુઆ ઝરમર પૂંજણી. ૧

ત્રુટક—પ્રાસાદ પ્રતિમા તાસ ભૂષણ, કેસર ચંદન ડાબલી.
વાસકુંપી વાળાકુંચી અંગલુંહણાં છાબડી;
કળશ થાલી મંગલ દીવો, આરતી ને ધૂપણાં,
ચરવલા મુહપત્તિ સાહમ્મિવચ્છલ, નોકારવાલી થાપના. ૨

રાજા જોગી અગન જળ, ઉનકી ઉલટી રીત;
ડરતે રહેના ફરસરામ, થોડી પાળો પ્રીત.

ઢાળ—જ્ઞાન દરિસણ રે, ચરણનાં સાધન જે કહ્યાં,
તપ સંયુત રે, ગુણમંજરીએ સદ્દહ્યાં;
નૃપ પૂછે રે, વરદત્ત કુંવરને અંગ રે,
રોગ ઊપનો રે, કવણ કરમના ભંગ રે. ૩

ત્રુટક—મુનિરાજ ભાખે જંબૂદ્વીપે, ભરત સિંહપુર ગામ એ,
વ્યહવારી વસુ તાસ નંદન, વસુસાર વસુદેવ નામ એ;
વનમાંહે રમતા દોય બંધવ, પુણ્ય યોગે ગુરુ મલ્યા,
વૈરાગ્ય પામી ભોગ વામી, ધર્મ ધામી સંવર્યા. ૪

ઢાળ—લઘુ બાંધવ રે, ગુણવંત ગુરુ પદવી લહે,
પણસય મુનિને રે, સારણ વારણ નિત દીએ;
કર્મયોગે રે, અશુભ ઉદય થયો અન્યદા,
સંથારે રે, પોરિસી ભણી પોઢ્યા યદા. ૫

ત્રુટક—સર્વઘાતી નિંદ વ્યાપી, સાધુ માગે વાચણા,
ઊંઘમાં અંતરાય થાતાં, સૂરિ હુઆ દૂમણા;
જ્ઞાન ઉપર દ્વેષ જાગ્યો, લાગ્યો મિથ્યાત્વ ભૂતડો,
પુણ્ય અમૃત ઢોળી નાંખ્યું, ભર્યો પાપતણો ઘડો. ૬

ઢાળ—મન ચિંતવે રે, કાં મુજ લાગ્યું પાપ રે,
શ્રુત અભ્યાસો રે, તો એવડો સંતાપ રે;
મુજ બાંધવ રે, ભોયણ સયણ સુખે કરે,
મૂરખના રે, આઠ ગુણ મુખ ઉચ્ચરે. ૭

**નમન નમનમેં ભેદ હૈ, બહોત નમે નાદાન;**
**દગલબાજ દુના નમે, જ્યું ચિત્તા ચોર કમાન.**

ત્રુટક—બાર વાસર કોઈ મુનિને, વાયણા દીધી નહીં,
અશુભ ધ્યાને આયુ પૂરી, ભૂપ તુજ નંદન સહી;
જ્ઞાન વિરાધન મૂઢ જડપણું, કોઢની વેદના લહી,
વૃદ્ધ બાંધવ માનસરવર, હંસ ગતિ પામ્યો સહી. ૮

ઢાળ—વરદત્તને રે, જાતિસમરણ ઉપન્યું,
ભવ દીઠો રે, ગુરુ પ્રણમી કહે શુભમનો;
ધન્ય ગુરુજી રે, જ્ઞાન જગત્રયં દીવડો.
ગુણ અવગુણ રે, ભાસન જે જગ પરવડો. ૯

ત્રુટક—જ્ઞાન પાવન સિદ્ધિ સાધન, જ્ઞાન કહો કેમ આવડે?
ગુરુ કહે તપથી પાપ નાસે, ટાઢ જેમ ઘન તાવડે;
ભૂપ પભણે પુત્રને પ્રભુ, તપની શક્તિ ન એવડી,
ગુરુ કહે પંચમી તપ આરાધો, સંપદા લ્યો બેવડી. ૧૦

## ઢાળ પાંચમી

સદ્દગુરુ વચણ સુધારસે રે, ભેદી સાતે ધાત,
તપશું રંગ લાગો,ગુણમંજરી વરદત્તનો રે,નાઠો રોગ મિથ્યાત. ત૦૧
પંચમી તપ મહિમા ઘણો રે, પસર્યો મહીયલમાંહી; ત૦
કન્યા સહસ્ સયંવરા રે, વરદત્ત પરણ્યો ત્યાંહી. ત૦૨
ભૂપે કીધો પાટવી રે, આપ થયો મુનિ ભૂપ; ત૦
ભીમ કાંત ગુણે કરી રે, વરદત્ત રવિ શશિ રૂપ. ત૦૩

જિનપૂજા જિસ ઘર નહિ, નહિ સુપાત્ર દાન;
તે કેમ પામે બાપડા, વિદ્યા રૂપ નિધાન.

રાજ રમા રમણીતણા રે, ભોગવે ભોગ અસંખ; ત૦
વરસે વરસે ઉજવે રે, પંચમી તેજ પ્રચંડ. ત૦ ૪
ભુક્તભોગી થયો સંજમી રે, પાળે વ્રત ખટ્ કાય; ત૦
ગુણમંજરી જિનચંદ્રને રે, પરણાવે નિજ તાય. ત૦ ૫
સુખ વિલસી થઈ સાધવી રે, વૈજયંતે હોય દેવ; ત૦
વરદત્ત પણ ઉપનો રે, જિહાં સીમંધર દેવ. ત૦ ૬
અમરસેન રાજા ઘરે, ગુણવંત નારી પેટ; ત૦
લક્ષણ લક્ષિત રાયને રે, પુણ્યે કીધો ભેટ. ત૦ ૭
શૂરસેન રાજા થયો રે, સો કન્યા ભરતાર; ત૦
સીમંધરસ્વામી કને રે, સુણી પંચમી અધિકાર. ત૦ ૮
તિહાં પણ તે તપ આદર્યું રે, લોક સહિત ભૂપાલ; ત૦
દશ હજાર વરસાં લગે રે, પાળે રાજ્ય ઉદાર. ત૦ ૯
ચાર મહાવ્રત ચોપશું રે, શ્રી જિનવરની પાસ; ત૦
કેવળધર મુક્તિ ગયો રે, સાદિ અનંત નિવાસ. ત૦ ૧૦
રમણી વિજય શુભાપુરી રે, જંબૂ વિદેહ મઝાર; ત૦
અમરસિંહ મહીપાલને રે, અમરાવતી ઘરનાર. ત૦ ૧૧
વૈજયંતથકી ચવી રે, ગુણમંજરીનો જીવ; ત૦
માનસ–સર જેમ હંસલો રે, નામ ધર્યું સુગ્રીવ. ત૦ ૧૨
વીશે વરસે રાજવી રે, સહસ ચોરાશી પુત્ર; ત૦
લાખ પૂરવ સમતા ધરે રે, કેવળજ્ઞાન પવિત્ર. ત૦ ૧૩

વણપરણેલો પરણવા, પરણેલો તજવા જાય;
લાકડ લાડુ ખાય તે, ન ખાય તે પસ્તાય.

પંચમી તપ મહિમા વિષે રે, ભાખે નિજ અધિકાર; ત૦
જેણે જેહથી શિવપદ લહ્યું રે, તેને તસ ઉપકાર. ત૦ ૧૪

ઢાળ છઠ્ઠી

ચોવીશ દંડક વારવા, હું વારી લાલ, ચોવીશમો જિનચંદ રે, હું વારી૦
પ્રગટ્યો પ્રાણુત સ્વર્ગથી, હું૦ ત્રિશલા ઉર સુખકંદ રે. હું૦ ૧
મહાવીરને કરું વંદના, હું વારી લાલ. એ આંકણી.
પંચમી ગતિને સાધવા, હું૦ પંચમ નાણ વિલાસ રે; હું૦
મહાનિશીથ સિદ્ધાંતમાં, હું૦ પંચમી તપ પ્રકાશ રે. હું૦ ૨
અપરાધી પણ ઉદ્ધર્યો, હું૦ ચંડકોશિયો સાપ રે; હું૦
યજ્ઞ કરંતાં બ્રાહ્મણા, હું૦ સરખા કીધા આપ રે. હું૦ ૩
દેવાનંદા બ્રાહ્મણી, હું૦ રિષભદત્ત વળી વિપ્ર રે; હું૦
બ્યાશી દિવસ સંબંધથી, હું૦ કામિત પૂર્યો ક્ષિપ્ર રે. હું૦ ૪
કર્મ રોગને ટાળવા, હું૦ સવિ ઔષધનો જાણ રે; હું૦
આદર્યો મેં આશા ધરી, હું૦ મુજ ઉપર હિત આણ રે. હું૦ ૫
શ્રીવિજયસિંહસૂરીશનો, હું૦ સત્યવિજય પંન્યાસ રે; હું૦
શિષ્ય કપૂરવિજય કવિ, હું૦ ચંદ્રકિરણ જસ જાસ રે. હું૦ ૬
પાસ પંચાસરા સાન્નિધ્યે, હું૦ ખીમાવિજય ગુરુ નામ રે, હું૦
જિનવિજય કહે મુજ હજો, હું૦ પંચમી તપ પરિણામ રે. હું૦ ૭

કળશ

ઇમ વીર લાયક વિશ્વનાયક, સિદ્ધિદાયક સંસ્તવ્યો,
પંચમી તપ સંસ્તવન ટોડર, ગુંથી નિજ કંઠે ઠવ્યો;

રાગ વિના રાગોડવું, નિર્ધનીઓ કૂટાય;
નબળો સબળાને ગુણ કરે, તે આટા લૂણમાં જાય.

પુણ્ય પાટણ ક્ષેત્રમાંહે, સત્તર ત્રાણું સંવત્સરે,
શ્રી પાર્શ્વ જન્મકલ્યાણ દિવસે, સકલ ભવિ મંગલ કરે. ૮

## પંચમી શ્રી કેવલજ્ઞાનનું સ્તવન

( કપૂર હોયે અતિ ઉજળો રે–એ દેશી )

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન,
દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણ રે.
ભવિયા વંદો કેવલજ્ઞાન. ૧

પંચમી દિન ગુણખાણ રે–ભવિયા વંદો૦ એ આંકણી
અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય ?
એ તો મધ્યમા વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય રે.
ભવિયા વંદો. ૨

ધ્યાન ટાણે પ્રભુ તું હોય રે, અલખ અગોચર રૂપ,
પરા પશ્યંતિ પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ રે.
ભવિયા વંદો. ૩

છતી પર્યાય જે જ્ઞાનના રે, તે તો નવિ બદલાય,
જ્ઞેયની નવનવી વર્તના રે, સમયમાં સર્વ જણાય રે.
ભવિયા વંદો. ૪

કામ ક્રોધ કુસંપના, માઠા છે પરિણામ;
મરતાં મરતાં કહી ગયો, પૃથ્વીરાજ ચૌહાણ.

બીજા જ્ઞાનતણી પ્રભા રે, એહમાં સર્વ સમાય,
રવિપ્રભાથી અધિક નહીં રે, નક્ષત્ર ગણ-સમુદાય રે.
ભવિયા વંદો. ૫
ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર તેહ,
**વિજયલક્ષ્મીસૂરિ** તે લહે રે, જ્ઞાનમહોદયે ગેહ રે.
ભવિયા વંદો. ૬

## શ્રી અષ્ટમીનું સ્તવન

હાંરે મારે ઠામ ધરમના સાડાપચવીશ દેશ જો,
દીપે રે તિહાં દેશ મગધ સહુમાં શિરે રે લોલ;
હાંરે મારે નગરી તેહમાં રાજગૃહી સુવિશેષ જો,
રાજે રે તિહાં શ્રેણિક ગાજે ગજ પરે રે લોલ. ૧
હાંરે મારે ગામ નગર પુર પાવન કરતા નાથ જો,
વિચરંતા તિહાં આવી વીર સમોસર્યા રે લોલ;
હાંરે મારે ચૌદ સહસ મુનિવરના સાથે સાથ જો,
સુધા રે તપ સંયમ શિયલે અલંકર્યા રે લોલ. ૨
હાંરે મારે ફૂલ્યા રસભર ઝૂલ્યા અંબ કંદબ જો,
જાણું રે ગુણશીલવન હસી રોમાંચિયો રે લોલ;
હાંરે મારે વાયા વાય સુવાય તિહાં અવિલંબ જો,
વાસે રે પરિમલ ચિહું પાસે સંચિયો રે લોલ. ૩
હાંરે મારે દેવ ચતુર્વિધ આવે કોડાકોડ જો,
ત્રિગડું રે મણિ હેમ રજતનું તે રચે રે લોલ;

સૌથી ભૂંડી ચાકરી, તેથી ભૂંડો ભાર;
તેથી ભૂંડું યાચવું, જે સુમ કહેવો દાતાર.

હાંરે મારે ચોસઠ સુરપતિ સેવે હોડાહોડ જો,
આગે રે રસ લાગે ઇંદ્રાણી નાચે રે લોલ. ૪
હાંરે મારે મણિમય હેમ સિંહાસન બેઠા આપ જો,
ઢાલે રે સુર ચામર મણિરત્ને જડ્યા રે લોલ;
હાંરે મારે સુણતાં દુંદુભિ નાદ ટળે સવિ તાપ જો,
વરસે રે સુર ફૂલ સરસ જાનુ અડ્યાં રે લોલ. ૫
હાંરે મારે તાજે તેજે ગાજે ઘન જેમ લુંબ જો,
રાજે રે જિનરાજ સમાજે ધર્મને રે લોલ;
હાંરે મારે નિરખી હરખી આવે જન મન લુંબ જો,
પોષે રે રસ ન પડે ઘોષે ભર્મમાં રે લોલ. ૬
હાંરે મારે આગમ જાણી જિનનો શ્રેણિકરાય જો,
આવ્યો રે પરિવરિયો હય ગય રથ પાયગે રે લોલ;
હાંરે મારે દેઈ પ્રદક્ષિણા વંદી બેઠો ઠાય જો,
સુણવા રે જિનવાણી મોટે ભાયગે રે લોલ. ૭
હાંરે મારે ત્રિભુવન નાયક લાયક તત્ર ભગવંત જો,
આણી રે જન કરુણા ધર્મકથા કહે રે લોલ;
હાંરે મારે સહજ વિરોધ વિસારી જગના જંત જો,
સુણવા રે જિનવાણી મનમાં ગહગહે રે લોલ. ૮

ઢાળ બીજી

વીર જિનવર ઇમ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણ રે;
મોહની નિંદમાં કાં પડો ? ઓળખો ધર્મનાં ઠાણ રે. ૧

ઊભરો દૂધનો જે ચડે, ઊછળી ઊછળી જાય;
પણ તે પાછો બેસતાં, ઓછું મૂળથી થાય.

વિરતિએ સુમતિ ધરી આદરો, પહિહરો વિષય કષાય રે;
બાપડાં ! પંચ પરમાદથી, કાં પડો કુગતિમાં ધાય રે ? ૨

કરી શકો ધર્મકરણી સદા, તો કરો એ ઉપદેશ રે;
સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે. ૩

જુજુઆ પર્વ ષટ્નાં કહ્યા, ફળ ઘણાં આગમે જોય રે;
વચન અનુસારે આરાધતાં, સર્વથા સિદ્ધિફળ હોય રે. ૪

જીવને આયુ પરભવતણો, તિથિદિને બંધ હોય પ્રાય રે;
તે ભણી એહ આરાધતાં, પ્રાણિયો સદ્ગતિ જાય રે. ૫

તે હવે અષ્ટમી ફળ તિહાં, પૂછે શ્રી ગૌતમસ્વામ રે;
ભવિક જીવ જાણવા કારણે, કહે વીર પ્રભુ તામ રે. ૬

અષ્ટ મહાસિદ્ધિ હોય એહથી, સંપદા આઠની વૃદ્ધિ રે;
બુદ્ધિના આઠ ગુણ સંપજે, એહથી અષ્ટ ગુણ સિદ્ધિ રે. વિ૦ ૭

લાભ હોય આઠ પડિહારનો, આઠ પવયણ ફળ હોય રે;
નાશ આઠ કર્મનો મૂળથી, અષ્ટમીનું ફળ જોય રે. વિ૦ ૮

આદિજિન જન્મ દીક્ષાતણો, અજિતનો જન્મકલ્યાણ રે;
ચ્યવન સંભવતણો એહ તિથે, અભિનંદન નિરવાણ રે. વિ૦ ૯

સુમતિ સુવ્રત નમિ જનમિયા, નેમનો મુક્તિદિન જાણ રે;
પાર્શ્વજિન એહ તિથે સિદ્ધલા, સાતમા જિનચ્યવન માણ રે. ૧૦

અંધો પણ સંભાળીને, ચાલે રસ્તે ચાલ;
લોભે જે અંધો થયો,

એહ તિથિ સાધતો રાજીયો, દંડવીરજ લહ્યો મુક્તિ રે;
કર્મ હણવા ભણી અષ્ટમી, કહે સૂત્ર નિર્યુક્તિ રે. વિ૦ ૧૧
અતીત અનાગત કાળના, જિનતણાં કેઈ કલ્યાણ રે;
એહ તિથે વળી ઘણા સંયમી, પામશે પદ નિવારણ રે. વિ૦ ૧૨
ધર્મ વાસિત પશુપંખીયા, એહ તિથે કરે ઉપવાસ રે;
વ્રતધારી જીવ પોસહ કરે, જેહને ધર્મ અભ્યાસ રે. વિ૦ ૧૩
ભાખિયો વીરે આઠમતણો, ભવિકહિત એ અધિકાર રે;
જિનમુખે ઉચ્ચરી પ્રાણિયા, પામશે ભવતણો પાર રે વિ૦ ૧૪
એહથી સંપદા સવિ લહે, ટળે કષ્ટની કોડી રે;
સેવજો શિષ્ય **બુધપ્રેમનો**, કહે **કાંતિ** કરજોડી રે. વિ૦ ૧૫

### કળશ

ઇમ ત્રિજગભાસન અચલશાસન, વર્ધમાન જિનેશ્વરુ,
બુધપ્રેમ ગુરુ સુપસાય પામી, સંથુણ્યો અલવેસરુ. ૧
જિન ગુણ પ્રસંગે ભણ્યો, રંગે સ્તવન એ આઠમતણો,
જે ભવિક ભાવે સુણે ગાવે, **કાંતિ** સુખ પાવે ઘણો. ૨

## એકાદશીનું સ્તવન

જગપતિ નાયક નેમિ જિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા;
જગપતિ વંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા. ૧
જગપતિ ધીગુણ ફૂલ અમૂલ, ભક્તિગુણે માલા રચી;
જગપતિ પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિત શિવરુચિ. ૨

રાખી ઘરેણું રોકડું, આપે નાણું જેહ;
સો મણ કેરે ગાદલે, સુખે ઊંઘશે તેહ.

જગપતિ! ચારિત્ર ધર્મ અશક્ત, રક્ત આરંભ પરિગ્રહે;
જગપતિ! મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે ? ૩

જગપતિ! તુમ સરિખો મુજ નાથ, માથે ગાજે ગુણનીલો;
જગપતિ! કોઈ ઉપાય બતાવ, જેમ વરે શિવવધૂ કંતલો. ૪

નરપતિ! ઉજ્જવલ માગશિર માસ, આરાધો એકાદશી;
નરપતિ! એક સો ને પચ્ચાસ, કલ્યાણક તિથિ ઉલ્લસી. ૫

નરપતિ! દશ ક્ષેત્રે ત્રણ કાલ, ચોવીશી ત્રીશે મલી;
નરપતિ! નેવું જિનનાં કલ્યાણ, વિવરી કહું આગળ વલી. ૬

નરપતિ! અરદીક્ષા નમિનાણ, મલ્લિ જન્મ વ્રત કેવલી;
નરપતિ! વર્તમાન ચોવીશી-માંહે કલ્યાણ કહ્યાં વલી. ૭

નરપતિ! મૌનપણે ઉપવાસ, દોઢસો જપમાલા ગણો;
નરપતિ! મન વચ કાય પવિત્ર, ચરિત્ર સુણો સુવ્રતતણો. ૮

નરપતિ! દાહિણ ધાતકી ખંડ, પશ્ચિમ દિશિ ઇક્ષુકારથી;
નરપતિ! વિજય પાટણ અભિધાન, સાચો નૃપ પ્રજાપાલથી. ૯

નરપતિ! નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામિની;
નરપતિ! શ્રેષ્ઠી શૂર વિખ્યાત, શિયલ સલિલા કામિની. ૧૦

નરપતિ! પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ ચીવર ધરી;
નરપતિ! જાયે નિત્ય જિનગેહ, નમન સ્તવન પૂજા કરી. ૧૧

સમજે તેનો ધર્મ છે, રાખે તેની લાજ;
સંઘરે તેનું ધન વધે, ઉદ્યોગીને આજ.

નરપતિ! પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પૌષધ કરે;
નરપતિ! દેવવંદન આવશ્યક, કાલવેલાએ અનુસરે. ૧૨

## અષ્ટમીનું સ્તવન

### ઢાળ પહેલી

શ્રી રાજગૃહી શુભ ઠામ અધિક દીવાજે રે,
વિચરંતા વીર જિણંદ અતિશય છાજે રે;
ચોત્રીશ અને પાંત્રીશ વાણી ગુણ લાવે રે,
પાઉ ધાર્યા વધામણી જાય શ્રેણિક આવે રે. ૧
તિહાં ચોસઠ સુરપતિ આવીને ત્રિગડું બનાવે રે,
તેમાં બેસીને ઉપદેશ પ્રભુજી સુણાવે રે;
સુર નર ને તિર્યંચ નિજ નિજ ભાષા રે,
તિહાં સમજીને ભવતીર પામે સુખ ખાસા રે. ૨
તિહાં ઇંદ્રભૂતિ ગણધાર શ્રી ગુરુ વીરને રે,
પૂછે અષ્ટમીનો મહિમાય કહો પ્રભુ અમને રે;
તવ ભાખે વીર જિણંદ સુણો સહુ પ્રાણી રે,
આઠમ દિન જિનનાં કલ્યાણ, ધરો ચિત્ત આણી રે. ૩

### ઢાળ બીજી

શ્રી ઋષભનું જન્મકલ્યાણ રે, વળી ચારિત્ર લહ્યું ભગવાન રે,
ત્રીજા સંભવ ચ્યવન કલ્યાણ, ભવિ તુમે અષ્ટમી તિથિ સેવો રે,
એ છે શિવવધૂ વરવાનો મેવો—ભવિ૦ ૧

શ્રી અજિત સુમતિ નમિ જન્મ્યા રે, અભિનંદન શિવપદ પામ્યા રે,
જિન સાતમા ચ્યવન પામ્યા—ભવિ૦ ૨

વીશમા મુનિસુવ્રતસ્વામી રે, તેનો જન્મ હોવે ગુણધામી રે,
બાવીશમા શિવ વિશરામી—ભવિ૦ ૩

પારસ જિન મોક્ષ મહંતા રે, ઇત્યાદિક જિન ગુણવંતા રે,
કલ્યાણક મોક્ષ મહંતા—ભવિ૦ ૪

શ્રી વીર જિણંદની વાણી રે, નિસુણી સમજ્યા ભવિ પ્રાણી રે,
આઠમ દિન અતિ ગુણખાણી—ભવિ૦ ૫

આઠ કર્મ તે દૂર પળાય રે, એથી અડસિદ્ધિ અડબુદ્ધિ થાય રે,
તે કારણ સિંચો ગુણ લાય—ભવિ૦ ૬

શ્રી ઉદયસાગર સૂરિરાયા રે, ગુરુ શિષ્ય વિવેકે ધ્યાયા રે,
તસ **ન્યાયસાગર** ગુણ ગાયા—ભવિ૦ ૭

---

વિનાશી પુદ્‌ગલ દશા, અવિનાશી તું આપ;
આપોઆપ વિચારતાં, મીટે પુણ્ય અરુ પાપ.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય

# શ્રીમાન્ યશોવિજયજી વિરચિત ચોવીશી

## ( ૧ ) શ્રી ઋષભદેવસ્વામીનું સ્તવન

જગજીવન જગ વાલહો, મરુદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઊપજે, દરિશન અતિહિ આનંદ લાલ રે. જગ૦ ૧
આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે. જગ૦ ૨
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે. જગ૦ ૩
ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિતણા, ગુણ લઈ ઘડીયું અંગ લાલ રે;
ભાગ્ય કીહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે. જગ૦ ૪
ગુણ સઘળા અંગીકર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક **યશવિજયે** થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. જગ૦ ૫

---

## ( ૨ ) શ્રી અજિતનાથસ્વામીનું સ્તવન

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે ? અ૦ ૧
ગંગા જળમાં જે રમ્યા, કિમ છીલ્લર જળ હો રતિ પામે મરાલ કે ?
સરોવર જળધર જળ વિના, નવિ ચાહો જગ ચાતક બાળ કે. અ૦ ૨

---

પાંચે ઇન્દ્રિય વશ કરે, પાળે પંચાચાર;
પાંચ સમિતિ સમિતા રહે, વંદું તે અણગાર.

કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઓછાં તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોય ગુણનો પ્યાર કે. અ૦૩
કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદનશું પ્રીત કે;
ગૌરીગિરીશગિરિધર વિના નવિ ચાહે હો કમલા નિજ ચિત્તકે. અ૦૪
તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નહિ આવે દાય કે;
શ્રીનયવિજય વિબુધતણો,વાચક **યશ** હો નિતનિત ગુણ ગાયકે.અ૦૫

## ( ૩ ) શ્રી સંભવનાથસ્વામીનું સ્તવન

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે;
ખામી નહિ મુજ ખીજમતે, કદીય હોશો ફળદાતા રે. સંભવ૦ ૧
કર જોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાનો રે;
જો મનમાં આણો નહિ, તો શું કહીએ છાનો રે? સંભવ૦ ૨
ખોટ ખજાને કો નહિ, દીજીએ વંછિત દાનો રે;
કરુણા નજર પ્રભુજીતણી , વાધે સેવક વાનો રે. સંભવ૦ ૩
કાળ લબ્ધિ નહિ મતિ ગણો, ભાવ લબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજ-બચ્ચું, ગાજે ગયવર સાથે રે. સંભવ૦ ૪
દેશો તો તુમહિ ભલું; બીજા તો નવિ જાચું રે;
વાચક **યશ** કહે સાંઇશું, ફળશે એ મુજ સાચું રે. સંભવ૦ ૫

મિત્તર અૈસા કીજીએ, ઢાલ સરીખા હોય;
સુખમેં પીછે પડ રહે, દુ:ખમેં આગુ હોય.

## ( ૪ ) શ્રી અભિનંદનસ્વામીનું સ્તવન

દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ,
મૂરતિ હો પ્રભુ ! મૂરતિ મોહન વેલડીજી;
મીઠી હો પ્રભુ ! મીઠી તાહરી વાણી,
લાગે હો પ્રભુ ! લાગે જેસી શેલડીજી. ૧

જાણું હો પ્રભુ ! જાણું જન્મ કયત્થ,
જો હું હો પ્રભુ ! હું તુમ સાથે મલ્યોજી;
સુરમણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ ! આંગણે મુજ સુરતરુ ફળ્યોજી. ૨

જાગ્યા હો પ્રભુ ! જાગ્યા પુણ્ય અંકુર,
માગ્યા હો પ્રભુ ! મુહ માગ્યા પાસા ઢળ્યાજી;
વુઠ્યા હો પ્રભુ ! વુઠ્યા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ શુભ દિન વળ્યાજી, ૩

ભૂખ્યા હો પ્રભુ ! ભૂખ્યા મળ્યાં ઘૃતપૂર,
તરસ્યા હો પ્રભુ ! તરસ્યા દિવ્ય ઉદક મિલ્યાજી;
થાકયા હો પ્રભુ ! થાકયા મળ્યા સુખપાલ,
ચાહતા હો પ્રભુ ચાહતા સજ્જન હેજે હલ્યાજી. ૪

દીવો હો પ્રભુ ! દીવો નિશા વન ગેહ,
સાથી હો પ્રભુ ! સાથી થળે જળ નૌકા મળીજી;

ગૌધન ગજધન બાજીધન, ઔર રત્ન ધનખાન;
જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂળ સમાન.

કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,
દરિસન હો પ્રભુ ! દરસન લહ્યું આશા ફળીજી. ૫
વાચક હો પ્રભુ ! વાચક **યશ** તુમ દાસ,
વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણોજી;
કહીએ હો પ્રભુ ! કદીએ મ દેજો છેહ,
દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિસનતણોજી. ૬

---

## (૫) શ્રી સુમતિનાથસ્વામીનું સ્તવન

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જેમ વિસ્તરેજી, જલ માંહે ભલી રીતિ.
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. ૧
સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરીતણોજી, મહીમાંહે મહકાય. સોભાગી૦ ૨
આંગળીએ નવિ મેરુ ઢંકાએ, છાબડીએ રવિ તેજ;
અંજલિમાં જીમ ગંગ ન માએ, મુજ મન તીમ પ્રભુ હેજ. સો૦ ૩
હુઓ છીપે નહિ અધર અરુણ જીમ, ખાતા પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુગુણ પ્યાલા, તીમ મુજ પ્રેમ અભંગ. સો૦ ૪
ઢાંકી ઇક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક **યશ** કહે પ્રભુતણોજી, તીમ મુજ પ્રેમ પ્રકાર. સો૦ ૫

---

જે સુખમાં ફીર દુઃખ વસે, સો સુખ નહિ દુઃખરૂપ;
જે ઉત્તંગ ફીર ગીર પડે, સો ઉત્તંગ નહિ ભવકૂપ.

## (૬) શ્રી પદ્મપ્રભસ્વામીનું સ્તવન

પદ્મપ્રભ જિન જઈ અળગા રહ્યા, જીહાંથી નાવે લેખોજી,
કાગળ ને મસી તીહાં નહિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી.
સુગુણ સનેહા રે કદીય ન વિસરે. ૧
ઇહાંથી તીહાં જઈ કોઈ આવે નહિ, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી. સુ૦ ૨
વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારોજી. સુ૦ ૩
સાચી ભકિત રે ભાવન રસ કહ્યો, રસ હોય તીહાં દોય રીઝેજી;
હોડાહોડે રે બીહુ રસ રીઝવી, મનના મનોરથ સીઝેજી. સુ૦ ૪
પણ ગુણવંતા રે ગોઠે ગાજીએ, મ્હોટા તે વિશ્રામજી;
વાચક **યશ** કહે એહજ આશરે, સુખ લહું ઠામોઠામજી. સુ૦ ૫

## (૭) શ્રી સુપાર્શ્વનાથસ્વામીનું સ્તવન

શ્રી સુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદતણીજી. ૧
દિવ્ય ધ્વનિ સુર ફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજે રે ભામંડલ, ગાજે દુંદુભીજી. ૨
અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધા રે ઓગણીશે, સુર ગુણ ભાસુરેજી. ૩

**મધુ સંચય કરી મરી રહ્યો, ભ્રમર કેવળ અજાણ;**
**ના દીધું ના ભોગવ્યું, નાહક ખોયો પ્રાણ.**

વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો રાજે રે દીવાજે, છાજે આઠશું જી. ૪
સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો સ્વામી રે શિવગામી, વાચક **યશ** થુણ્યોજી. ૫

## ( ૮ ) શ્રી ચંદ્રપ્રભસ્વામીનું સ્તવન

ચંદ્રપ્રભ જિન સાહેબા રે, તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશો પદ નિર્વાણ, મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રકટે પ્રેમ, મનના માન્યા. ૧
ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ; મન૦
આપે ફળ જે અણકહે રે, ગિરુઓ સાહેબ તેહ. મન૦
આવો૦ કીજે૦ ગુણ૦ ૨
દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મન૦
જલ દીએ ચાતક ખીજવી રે, મેઘ હુઓ તીણે શ્યામ. મન૦
આવો૦ કીજે૦ ગુણ૦ ૩
પીયુ પીયુ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મન૦
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ. મન૦
આવો૦ કીજે૦ ગુણ૦ ૪
મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ? મન૦
વાચક **યશ** કહે જગધણી રે, તુમ તુઠે સુખ થાય. મન૦
આવો૦ કીજે૦ ગુણ૦ ૫

**પંથી સહુ ભવ પંથમાં, ભેળા થયા ભાગ્યે કરી;**
**કો આજે કોઈ કાલે, એમ જશે સૌ વિખરી.**

## ( ૯ ) શ્રી સુવિધિનાથસ્વામીનું સ્તવન

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ તુમને દિલમાં લાવું રે;
કુણને એ દીજે શાબાશી રે,
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે. ૧

મુજ મન અણુ માંહે ભક્તિ છે ઝાઝી રે,
તેહ દરીનો[1] તું છે[2] માજી રે;
યોગી પણ જે વાત ન જાણે રે,
તેહ અચરિજ કુણથી હુઓ ટાણે રે. ૨

અથવા થિરમાંહી અથિર ન માવે રે,
મ્હોટો ગજ દર્પણમાં આવે રે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે,
તેહને દીજે એ શાબાશી રે. ૩

ઊર્ધ્વ મૂળ તરુઅર અધ શાખા રે,
છંદ પુર્ણે એહવી ભાખા રે;
અચરિજવાળે અચરિજ કીધું રે,
ભક્તે સેવક કારજ સીધું રે. ૪

---

૧ નાનું વહાણ, ૨ ટંડેલ ( કપ્તાન ), આ બંગાળી ભાષાના શબ્દો છે. સંસ્કૃત ભાષામાં તો ' દરી ' નો અર્થ ગુફા થાય છે.

---

તરુવર સરોવર સંત જન, ચોથા વરસત મેહ;
પરમારથકે કારણે, ચારો ધર્યો દેહ.

લાડ કરી જે બાળક બોલે રે,
માતપિતા મન અમીયને તોલે રે;
શ્રીનયવિજય વિબુધનો શિશો રે,
**યશ** કહે ઈમ જાણો જગદીશો રે. ૫

---

## ( ૧૦ ) શ્રી શીતલનાથસ્વામીનું સ્તવન

શ્રી શીતલ જિન ભેટીએ, કરી ભક્તે ચોખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કીસ્યું, જેહને સોંપ્યાં તન-મન-વિત્ત હો.
શ્રી શીતલ૦ ૧

દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો.
શ્રી શીતલ૦ ૨

મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજો જગતાત હો;
તું કરુણાવંત શિરોમણિ, હું કરુણાપાત્ર વિખ્યાત[1] હો.
શ્રી શીતલ૦ ૩

અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોસાળના, શા વરણવવા અવદાત હો?
શ્રી શીતલ૦ ૪

જાણો તો તાણો કીસ્યું, સેવાફલ દીજે દેવ હો;
વાચક **યશ** કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો.
શ્રી શીતલ૦ ૫

---

૧ જુઓ, दीनोद्धारधुरंधरस्त्वदपरो રત્નાકર પચ્ચીશી.

**નામ રહંતા ઠાકરા, નાણાં નહિ રહંત;**
**કીર્તિ કેરાં કોટડાં, પાડયા નહિ પડંત.**

## ( ૧૧ ) શ્રી શ્રેયાંસનાથસ્વામીનું સ્તવન

તુમે બહુ મૈત્રી રે સાહિબા, મારે તો મન એક;
તુમ વિના બીજો રે નવિ ગમે, એ જ મુજ મ્હોટી રે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧

મન રાખો તુમે સવિતણા; પણ કીહાં એક મળી જાઓ ?
લલચાવો લખ લોકને, સાથી સહજ ન થાઓ. શ્રી શ્રેયાંસ૦ ૨

રાગભરે જન મન રહી, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી શ્રેયાંસ૦ ૩

એવા શું ચિત્ત મેળવ્યું ? કેળવ્યું પહેલાં ન કાંઈ;
સેવક નિપટ અબૂઝ છે, નિર્વહશો તુમે સાંઈ. શ્રી શ્રેયાંસ૦ ૪

નિરાગીશું રે કિમ મિલે ? પણ મળવાનો એ કાંત,[1]
વાચક **યશ** કહે મુજ મિલ્યો, ભકતે કામણવંત. શ્રી શ્રેયાંસ૦ ૫

---

## ( ૧૨ ) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું હમારું ચોરી લીધું;
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા.
અમે પણ તુમશું કામણ કરશું, ભકતે ગ્રહી મન ઘરમાં ધરશું;
સાહેબા૦ ૧

મનઘરમાં ધરિયા ઘર શોભા; દેખત નિત્ય રહેશો[2] થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભકતે, યોગી ભાખે અનુભવયુકતે. સા૦ ૨

---

૧ ' એ તંત ' એવો પણ પાઠ છે. તંત–નિશ્ચય. ૨ રહીશું. એવો પણ પાઠ છે.

---

**જ્ઞાનગર્વ મતિમંદતા, નિષ્ઠુર વચન ઉદ્ગાર;**
**રુદ્ર ભાવ આલસ દશા, નાશ પંચ પ્રકાર.**

કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવ નિધિ
ઋદ્ધિ પામ્યા. સાહેબા૦ ૩

સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાંહે પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સ્હેવું.
સાહેબા૦ ૪

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીર-નીર પરે તુમશું, વાચક **યશ** કહે હેજે હળશું.
સાહેબા૦ ૫

---

## (૧૩) શ્રી વિમલનાથસ્વામીનું સ્તવન

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી;
એવા પ્રભુનું દરિશન લેવું, તે આળસમાંહે ગંગાજી. સે૦ ૧

અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી.
ભૂખ્યાને જેમ ઘેવર દેતાં; હાથ ન માંડે ઘેલોજી. સે૦ ૨

ભવ અનંતમાં દરિશન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ પંથ જે પોળ પોળિયો, કર્મ-વિવર ઉઘાડેજી. સે૦ ૩

તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજીજી;
લોયણ ગુરુ પરમાન્ન દીએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજીજી. સે૦ ૪

---

પશુકી હોત પનીઆ, નરકા કછું નહીં હોત;
નર જો કરણી કરે તો, નરકા નારાયણ હોત.

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરલતણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી. સે૦ ૫
શ્રીનયવિજય વિબુધપયસેવક, વાચક **યશ** કહે સાચુંજી;
કોડી કપટ જો કોઈ દિખાવે, તોહી પ્રભુ નવિ રાચુંજી. સે૦ ૬

## (૧૪) શ્રી અનંતનાથસ્વામીનું સ્તવન

શ્રી અનંત જિનશું કરી, સાહેલડિયાં,
ચોળ મજીઠનો રંગ રે, ગુણવેલડિયાં;
સાચો રંગ તે ધર્મનો, સાહેલડિયાં
બીજો રંગ પતંગ રે, ગુણવેલડિયાં ૧

ધર્મરંગ જીરણ નહિ, સા૦ દેહ તે જીરણ થાય રે; ગુણ૦
સોનું તે વિણસે નહિ, સા૦ ઘાટ ઘડામણ જાય રે. ગુણ૦ ૨

ત્રાંબું જે રસવેધીયું, સા૦ તે હોય જાચું હેમ રે; ગુણ૦
ફરી ત્રાંબું તે નવિ હુએ, સા૦ એહવો જગગુરુ પ્રેમ રે. ગુણ૦ ૩

ઉત્તમ ગુણ અનુરાગથી, સા૦ લહીએ ઉત્તમ ઠામ રે, ગુણ૦
ઉત્તમ નિજ મહિમા વધે, સા૦ દીપે ઉત્તમ ધામ રે. ગુણ૦ ૪

ઉદક બિંદુ સાયર ભળ્યો, સા૦ જીમ હોય અખયઅભંગ રે; ગુણ૦
વાચક **યશ** કહે પ્રભુ ગુણે, સા૦ તિમ મુજ પ્રેમ પ્રસંગ રે. ગુણ૦ ૫

**કહા ભયો ઘર છાંડકે, તજ્યો ન માયા સંગ;**
**સર્પ તજે જેમ કાંચળી, વિષ નહિ તજ્યો અંગ.**

## (૧૫) શ્રી ધર્મનાથસ્વામીનું સ્તવન

થાશું[1] પ્રેમ બન્યો છે રાજ, નિર્વહશો તો લેખે. એ આંકણી
મેં રાગી [2]થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી;
એક પખો જે નેહ નિર્વહવો, તે માંકી[3] શાબાશી. થાશું૦ ૧
નિરાગી સેવે કાંઇ હોવે[4] ? એમ મનમાં નવિ આણું;
ફળે અચેતન પણ જેમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થાશું૦ ૨
ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મીટાવે;
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થાશું૦ ૩
વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીને તેહ[5] સંબંધે;
અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થાશું૦ ૪
દેવ અનેરા તુમથી છોટા, થેં જગમાં અધિકેરા;
**યશ** કહે ધર્મજિનેશ્વર થાશું, દિલ માન્યા હે મેરા. થાશું૦ ૫

---

## ( ૧૬ ) શ્રી શાંતિનાથ જિન સ્તવન

( શ્રી જયાનંદ કુમાર–એ દેશી )

ધન્ય દિન વેલા ધન્ય ઘડી[6] તેહ,
અચિરાનો નંદન જિન યદિ ભેટશુંજી;

---

૧. થાશું–તમારી સાથે. ૨. થેં–તમે. ૩. માંકી–મારી (મારવાડી ભાષા) ૪. કાંઈ હોવે–શું થાય? (મારવાડી ભાષા) ૫. તેહ–તેજ [પ્રકાશ] તથા નેહ [સ્નેહ] એવાં એવાં પણ પાઠાંતરો છે. ૬ વળી પાઠાંતર.

**બ્રહ્મચર્ય સબમેં બડા, સબ રત્નોંકી ખાન;**
**તીન લોકકી સંપદા, બ્રહ્મચર્યમેં માન.**

લહીશું રે સુખ દેખી મુખ ચંદ,
વિરહ વ્યથાના દુ:ખ સવિ મેટશુંજી. ૧

જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ,
બીજો રે રસ તેહને મન નવિ ગમેજી;
ચાખ્યો રે જેણે અમી લવલેશ,
બાકસ બુકસ તસ ન રુચે કિમેજી. ૨

તુજ સમકિતરસ સ્વાદનો અજાણ,
પાપ કુમતને[1] બહુ દિન સેવિયોજી;
સેવે જો કર્મને યોગે તોહિ,
વાંછે તે સમકિત અમૃત ધૂરે લિખ્યુંજી. ૩

તારું ધ્યાન તે સમકિત રૂપ,
તેહજ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;
તેહથી રે જાયે સઘળાં પાપ,
ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોયે પછેજી. ૪

દેખી રે અદ્ભુત તાહરું રૂપ,
અચરિજ ભવિક અરૂપી પદ વરેજી;
તાહરી ગત તુંહી જાણે હો દેવ,
સ્મરણ ભજન તે વાચક **યશ** કરેજી. ૫

---

૧ કુભક્તને=ખરાબ ભોજન.

તનકો જોગી સબ કરે, મનકો વીરલા કોય;
સહેજે સિદ્ધિ પાઈએ, જો મન જોગી હોય.

## ( ૧૭ ) શ્રી કુંથુનાથ જિન સ્તવન

( સાહેલા હે–એ દેશી. )

સાહેલા હે કુંથુ જિનેશ્વર દેવ, રત્ન દીપક અતિ દીપતો હો લાલ;
સાહેલા હે મુજ મનમંદિરમાંહે,
આવે જો અરિ દિલ જીપતો હો. ૧
સાહેલા હે મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે જલહલે હો;
સાહેલા હે ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવીચલે હો. ૨
સાહેલા હે પાત્ર કરે નહિ હેઠ, સૂરજ તેજે નવી છૂપે હો;
સાહેલા હે સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો. ૩
સાહેલા હે જેહ ન *મરુતને ગમ્ય, ચંચળતા જે નવિ લહે હો;
સાહેલા હે જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણે નવી કૃશ રહે હો. ૪
સાહેલા હે પુદ્ગલ તેલ ન ખેપ, જેહ ન શુદ્ધ દશા દહે હો;
સાહેલા હે શ્રીનયવિજય સુશિષ્ય, વાચક **યશ** એણિપરે કહે હો. ૫

---

## ( ૧૮ ) શ્રી અરનાથ જિન સ્તવન

( આસણુરા યોગી–એ દેશી. )

**શ્રી** અરજિન ભજવલનો તારુ, મુજ મન લાગે વારુ રે;
**મનમોહનસ્વામી** . બાંહે ગ્રહી ભવિજનને તારે,
આણે શિવપુર આરે રે. મન૦ ૧

---

* પાઠાંતર સમીર.

જો માયા સંતો તજી, મૂઢ તાંહિ લલચાય;
નર ખાય કર ડારતે, શ્વાન સ્વાદ લેખાય.

તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે; મ૦
પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે. મ૦ ૨

ભક્તને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ હોઈ રે; મ૦
કાયા કષ્ટ વિના ફલ લહિયે, મનમાં ધ્યાન ધરેઈ રે. મ૦ ૩

જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે; મ૦
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દીએ પ્રભુ સપરાણો રે. મ૦ ૪

પ્રભુ પાય વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે; મ૦
વાચક **યશ** કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. મ૦ ૫

## ( ૧૯ ) શ્રી મલ્લિનાથ જિન સ્તવન

( નાભિરાયા કે બાગ—એ દેશી. )

તુઝ મુજ રીઝની રીઝ, અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧

મલ્લિનાથ! તુઝ રીઝ, જન રીઝે ન હુવેરી;
દોય રીઝણનો ઉપાય, સાહમું કાંઈ ન જુવેરી. ૨

દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી;
એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી. ૩

લોક લોકોત્તર વાત, રીઝ છે દોઈ જુઈરી;
તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હુઈરી. ૪

શીરો પૂરી લાપશી, ઔર કાકડી આદિ;
કહેનેકી તો એકાદશી, હૈ દ્વાદશીકી દાદી.

રીઝવવો એક સાંઈ, લોક તે વાત કરેરી;
શ્રી નયનવિજય સુશિષ્ય, એહી જ ચિત્ત ધરેરી. ૫

## ( ૨૦ ) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

( પાંડવ પાંચે વંદતાં-એ દેશી. )

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનુપમ નિરખતાં, મારા ભવભવનાં દુઃખ જાય રે; મા૦
જગતગુરુ જાગતો સુખકંદ રે, સુખકંદ અમંદ આનંદ. જ૦ ૧

નિશદિન સૂતાં જાગતાં, હૈયડાથી ન રહે દૂર રે;
જબ ઉપગાર સંભારીએ, તબ ઉપજે આનંદ પૂર રે. જ૦ ૨

પ્રભુ ઉપગાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે;
ગુણગણ અનુબંધી હુવા, તે તો અક્ષય*ભાવ કહાય રે. જ૦ ૩

અક્ષયપદ દીએ પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે;
અક્ષર સ્વર ગોચર નહિ, એ તો અકલ અમાય અરૂપ રે. જ૦ ૪

અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લખાય રે;
વાચક **યશ** કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે. જ૦ ૫

* ક્ષાયિક ભાવવાળા.

કટુ વાણી સુણે જો તું, મીઠી વાણી સદા કહેજે;
પરાઈ મૂર્ખતા કાજે, મુખે ના ઝેર તું લેજે.

## ( ૨૧ ) શ્રી નમિનાથ જિન સ્તવન

( હું તુમ સાથે નહિ બોલું ઋષભજી—એ દેશી. )

શ્રી નમિજિનની સેવા કરતાં, અલિય વિઘન સવિ દૂરે નાસેજી;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા,
આવે બહુ[1] મહમુર પાસેજી. શ્રી. ૧
મયમત્તા આંગણે ગજ ગાજે, રાજે તેજી તુખાર ચંગાજી;
બેટા બેટી બંધવ જોડી, લહીએ બહુ અધિકાર રંગાજી. શ્રી. ૨
વલ્લભસંગમ રંગ લહીજે, અણવહાલા હોય દૂર સહેજેજી;
વાંછાતણો વિલંબ ન હુજો, કારજ સીઝે ભૂરિ[2] લહેજેજી. શ્રી. ૩
ચંદ્ર કિરણ યશ ઉજ્જવલ ઉલ્લસે, સૂર્ય તુલ્ય પ્રતાપે દીપેજી;
જે પ્રભુભક્તિ કરે નિત વિનયે,
તે અરિયણ બહુ પ્રતાપી જીપેજી. શ્રી. ૪
મંગલમાલા લચ્છી વિશાલા, બાલા બહુલે પ્રેમ રંગેજી;
શ્રીનયવિજય વિબુધપયસેવક,કહે લહીએ પ્રેમસુખ અંગેજી. શ્રી ૫

---

## (૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન

( કાચી કલિ અનારકી રે હાં—એ દેશી. )

તોરણથી રથ ફેરી ગયા રે હાં, પશુડાં શિર દઈ દોષ; મેરે વાલમા;
નવ ભવ નેહ નિવારિયો રે હાં, શ્યો જોઈ આવ્યા જોષ મે૦ ૧

૧ સંપત્તિના પ્રકાર. પાઠાંતર—સહેજેજી=શીઘ્ર.

નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.

ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામ ને સીતા વિયોગ; મે૦
તેહ કુરંગને વયણડે રે હાં, [1]પત્તિ આવે કોણ લોગ? મે૦ ૨
ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધૂતારી હેત; મે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહથી કવણ સંકેત? મે૦ ૩
પ્રીતિ કરંતાં સોહલી રે હાં, નિરવહેતાં જંજાલ; મે૦
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની જાલ. મે૦ ૪
જો વિવાહ અવસરે દીઓ રે હાં, હાથ ઉપર નવિ હાથ; મે૦
દીક્ષા અવસર દીજીએ રે હાં, શિર ઉપર જગનાથ. મે૦ ૫
એમ વલવલતી રાજુલ ગઈ રે હાં, નેમ કને વ્રત લીધ; મે૦
વાચક **યશ** કહે પ્રણમીએ રે હાં, એ દંપતી દોય સિદ્ધ. મે૦ ૬

---

## (૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

( રાગ-મલ્હાર-દેખી કામની દોય )

વામાનંદન જિનવર, મુનિવરમાં વડો રે કે મુનિવરમાં વડો,
જિમ સુરમાંહે સોહે સુરપતિ પરવડો રે કે; સુ૦
જિમ ગિરિમાંહે સુરાચલ, મૃગમાંહે કેશરી રે કે, મૃ૦
જિમ ચંદન તરુમાંહે, સુભટમાંહે [2]મુર-અરિ રે કે. સુ૦ ૧
નદીમાંહે જેમ ગંગ, અનંગ સ્વરૂપમાં રે કે, અ૦
ફૂલમાંહે અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે કે; ભ૦

૧ વિશ્વાસ. ૨ મુરારિ=કૃષ્ણ.

કાને સુણી ન માનીએ, નજરે દીઠા સો સચ્ચે;
નજરે દીઠી માનીએ, નિર્ણય કરી સો સચ્ચે.

ઐરાવણ ગજમાંહે, ગરુડ ખગમાં યથા રે કે, ગ૦
તેજવંતમાંહે ભાણુ, વખાણુમાં જિનકથા રે કે. વ૦
મંત્રમાંહે નવકાર, રતનમાંહે સુરમણિ રે કે, ૨૦
સાગરમાંહે સ્વયંભૂ-રમણુ શિરોમણિ રે કે; ૨૦
શુકલધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિર્મલપણે રે કે, અ૦
શ્રી નયવિજય વિબુધપય-સેવક ઇમ ભણે રે કે. સે૦ ૩

## ( ૨૪ ) શ્રી વર્દ્ધમાનસ્વામીનું સ્તવન

ગિરુઆ રે ગુણુ તુમતણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મ્હારી નિર્મળ થાયે કાયા રે. ગિ૦ ૧
તુમ ગુણ-ગણુ-ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશિદિન તોરા ગુણુ ગાઉં રે. ગિ૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ નવિ પેસે રે ?
માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઇ નવિ બેસે રે. ગિ૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર આદરે ? જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક **યશ** કહે માહરે. તું જીવજીવન[1] આધારો રે. ગિ૦ ૫

---

૧ જીવનપ્રાણુ, એવો પણુ પાઠ છે.

**નશા નરકો ન ચાહીએ, દ્રવ્ય બુદ્ધિ હરી લેત;**
**નીચ નશાને કારણે, સબ જન ગાલી દેત.**

# શ્રી આનંદઘનજીકૃત ચોવીશી

## (૧) શ્રી ઋષભદેવ જિન સ્તવન

( રાગ મારુ—કર્મ પરીક્ષાકરણ કુંવર ચલ્યો—એ દેશી. )

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ઋષભ૦૧
પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઇ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. ઋષભ૦૨
કોઇ કંથ કારણ કાષ્ઠભક્ષણ કરે રે, મિલશું કંથને ધાય;
એ મેળો નવિ કહીએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋષભ૦૩
કોઈ પતિરંજન અતિ ઘણો તપ કરે રે, પતિરંજન તનતાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ. ઋષભ૦૪
કોઈ કહે લીલા રે અલખ અલખતણી રે, લખ પૂરે મનઆશ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ઋષભ૦૫
ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે, **આનંદઘન**પદ રેહ. ઋષભ૦૬

---

## (૨) શ્રી અજિતનાથ જિન સ્તવન

(રાગ—આશાવરી. મારું મન મોહ્યું રે શ્રી વિમલાચળે રે—એ દેશી)

પંથડો નિહાળું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જિત્યા રે તેણે હું જિતીઓ રે, પુરુષ કિસ્યું મુજ નામ? પંથ૦ ૧

---

પચ્ચીસ બીડી રોજની, સો વર્ષે નવ લાખ;
ધર્મ[1] ધાતુ[2] ધન[3] હણે, છાતી થાયે ખાખ.

ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇએ રે, નયણ તે દિવ્ય વિચાર. પંથ૦ ૨
પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય. પંથ૦ ૩
તર્કવિચારે રે વાદપરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમતે વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથ૦ ૪
વસ્તુ વિચારે રે દિવ્ય નયણતણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથ૦ ૫
કાળલબ્ધિ લઈ પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજ્યો રે,
**આનંદઘન** મત અંબ. પંથ૦ ૬

---

## (૩) શ્રી સંભવનાથ જિન સ્તવન

(રાગ—રામગિરિ. રાતડી રમીને કિહાંથી આવીયા રે ?–એ દેશી.)

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ. સં૦ ૧
ભય ચંચળતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીયે રે, દોષ અબોધિ લખાવ. સં૦ ૨
ચરમાવર્ત હો ચરમ કરણ તથા રે, ભવ–પરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન વાક્. સં૦ ૩

વ્યસન તમાકુનું વર્જવું, તાણે નાક મોઝાર;
વસ્ત્ર તણી શોભા હરે, નાકે ઝરે બહુ વાર.

પરિચય પાતક ઘાતક સાધશું રે, અકુશલ અપચય ચેત;
ગ્રન્થ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત. સં૦ ૪
કારણ જોગે હો કારજ નિપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધીએ રે, એ નિજ મત ઉન્માદ. સં૦ ૫
મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત્ સેવક યાચના રે, **આનંદઘન** રસ રૂપ. સં૦ ૬

---

## ( ૪ ) શ્રી અભિનંદન જિન સ્તવન

( રાગ ધન્યાશ્રી સિંધુડો. આજ નિહેજો રે દીસે નાહલો-એ દેશી )

અભિનંદન જિન દરિસણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ. અભિ૦ ૧
સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકળ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે ? રવિ શશી રૂપ વિલેખ. અભિ૦ ૨
હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહિ, એ સબળો વિષવાદ. અભિ૦ ૩
ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગુ કોઈ ન સાથ. અભિ૦ ૪
દરિસણ દરિસણ રટતો જો ફિરું, તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન ? અભિ૦ ૫

---

પરનારી ઝેરી છૂરી, મત લગાવે અંગ;
દશ શીશ રાવણકે ગયે, પરનારી કે સંગ.

તરસ ન આવે હો મરણ જીવનતણી, સીઝે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપાથકી, **આનંદઘન** મહારાજ. અભિ૦ ૬

---

## (૫) શ્રી સુમતિનાથ જિનસ્તવન

( રાગ વસંત કેદારો. )

સુમતિ ચરણકજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર સુજ્ઞાની;
મતિ તરપણ બહુ સમ્મત જાણીયે, પરિસર પણ સુવિચાર, સુજ્ઞા.સુ૦૧
ત્રિવિધ સકળ તનુધરગત આતમા, બહિરાતમ ધુરી ભેદ, સુજ્ઞાની;
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિછેદ, સુજ્ઞાની. સુ૦ ૨
આતમ બુધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકનો સાખી ધર રહ્યો, અંતર આતમરૂપ, સુજ્ઞા૦ સુ૦ ૩
જ્ઞાનાનંદે પૂરણ પાવનો, વર્જિત સકળ ઉપાધિ, સુજ્ઞાની;
અતીન્દ્રિય ગુણગણમણિ આગરુ, ઇમ પરમાતમ સાધ સુ૦ સુ૦ ૪
બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ થિરભાવ, સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ, સુ૦ સુ૦ ૫
આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ, સુજ્ઞાની;
પરમ પદારથ સંપત્તિ સંપજે, **આનંદઘન** રસપોષ, સુ૦ સુ૦ ૬

---

ગાંજો પીતાં જગતમાં, લાજ ઘટે બહુ વાર;
ગંજેડી કેફી કહે, નિંદે લોક અપાર.

## ( ૬ ) પદ્મપ્રભ જિન સ્તવન

[ રાગ મારુ-સિંધુ, ચાંદલિયા સંદેશો કહેજે મારા કંથને રે–એ દેશી ]

પદ્મપ્રભ જિન તુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત ?
કરમવિપાકે કારણ જોઈ ને રે, કોઈ કહે મતિમંત. પદ્મ૦ ૧

પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથી રે, મૂળ ઉત્તર બિહું ભેદ;
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કરમ વિચ્છેદ. પદ્મ૦ ૨

કનકોપલવત્ પયડી પુરુષતણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. પદ્મ૦ ૩

કારણયોગે હો બંધે બંધને રે, કારણ મુગતિ મુકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમે રે, હેયોપાદેય સુણાય. પદ્મ૦ ૪

યુંજન કરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણ કરણે કરી ભંગ;
ગ્રંથયુક્તે કરી પંડિતજન કહ્યો રે, અંતરભંગ સુઅંગ. પદ્મ૦ ૫

તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;
જીવ સરોવર અતિશય વાધશે રે, **આનંદઘન** રસપૂર. પદ્મ૦ ૬

---

## ( ૭ ) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

( દેશી લલનાની )

શ્રી સુપાર્શ્વજિન વંદીયે, સુખ સંપત્તિનો હેતુ, લલના;
શાન્ત સુધારસ જલનિધિ, ભવસાગરમાંહે સેતુ, લલના. શ્રી૦ ૧

નામ જપતાં સો દુઃખ હરે, તપ દુઃખ હરે હજાર;
સદ્ગુરુ કૃપા લખ દુઃખ હરે, સબ દુઃખ હરે વિચાર.

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ, લલના;
સાવધાને મનસા કરી, ધારો જિનપદ સેવ, લલના. શ્રી૦ ૨
શિવ શંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન, લલના;
જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિસ્વરૂપ અસમાન, લલના. શ્રી૦ ૩
અલખ નિરંજન વચ્છલુ, સકળ જંતુ વિસરામ, લલના;
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ, લલના. શ્રી૦ ૪
વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ, લલના;
નિદ્રા તંદ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ, લલના. શ્રી૦ ૫
પરમપુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન, લલના;
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન્ન, લલના. શ્રી૦ ૬
વિધિવિરંચી વિશ્વંભરુ, ઋષિકેશ જગનાથ, લલના;
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ, લલના. શ્રી૦ ૭
ઇમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર, લલના.
જે જાણે તેહને કરે, **આનંદઘન** અવતાર, લલના. શ્રી૦ ૮

---

## ( ૮ ) શ્રી ચન્દ્રપ્રભ જિન સ્તવન

(રાગ—કેદારો ગોડી—કુમારી રોવે આક્રંદ કરે મુને કોઈ મૂકાવે—એ દેશી)

ચંદ્રપ્રભુ મુખચંદ્ર, સખી મુને દેખણ દે, ઉપશમરસનો કંદ; સ૦
સેવે સુરનરવૃંદ, સ૦ ગત કલિમલ દુઃખદંદ. સ૦ ૧

---

**ઊપજી વધે સો જગત હે, ઊપજી સમે તે અંત;**
**જિહુ ઊપજી નિપજે નહિ, સો કહીએ ભગવંત.**

સુહમ નિગોદે ન દેખીયો, સ૦ બાદર અતિહિ વિશેષ; સ૦
પુઢવી આઉ ન લેખિયો, સ૦ તેઉ વાઉ ન લેશ. સ૦ ૨

વનસ્પતિ અતિઘણુ દિહા, સ૦ દીઠો નહીંય દીદાર; સ૦
બી તી ચઉરિંદિ જળલીહા, સ૦ ગતિસન્ની પણ ધાર. સ૦ ૩

સુરતિરિ નિરય નિવાસમાં, સ૦ મનુજ અનારજ સાથ; સ૦
અપજત્તા પ્રતિભાસમાં, સ૦ ચતુર ન ચઢિયો હાથ. સ૦ ૪

ઈમ અનેક થળ જાણીએ, સ૦ દરિસણ વિણું જિનદેવ; સ૦
આગમથી મત જાણીએ, સ૦ કીજે નિર્મળ સેવ. સ૦ ૫

નિર્મલ સાધુ ભગતિ લહી, સ૦ યોગ અવંચક હોય. સ૦
ક્રિયા અવંચક તિમ સહી, સ૦ ફળ અવંચક જોય. સ૦ ૬

પ્રેરક અવસર જિનવરુ, સ૦ મોહનીય ક્ષય જાય; સ૦
કામિતપૂરણ સુરતરુ, સ૦ **આનંદઘન** પ્રભુ પાય. સ૦ ૭

---

## ( ૯ ) શ્રી સુવિધિનાથ જિન સ્તવન

( રાગ કેદારો—ઇમ ધનો ધનને પરચાવે—એ દેશી )

સુવિધિ જિનેસર પાય નમીને, શુભ કરણી ઇમ કીજે રે;
અતિઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે. સુવિધિ૦ ૧

દ્રવ્ય ભાવ શુચિ- ભાવ ધરીને, હરખે દેહરે જઈયે રે;
દહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઈયે રે. સુ૦ ૨

વહતા પાણી નિર્મલા, બંધ્યા ગંદીલા હોય;
સાધુ જન ભમતા ભલા, ડાગ ન લાગે કોય.

કુસુમ અક્ષત વરવાસ સુગંધો, ધૂપ દીપ મન સાખી રે;
અંગપૂજા પણ ભેદ સુણી ઈમ, ગુરુમુખ આગમ ભાખી રે. સુ૦ ૩
એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્ત પ્રસન્ની, મુગતિ સુગતિ સુરમંદિર રે. સુ૦ ૪
ફૂલ અક્ષત વરધૂપ પઈવો, ગંધ નૈવેદ્ય ફલ જલ ભરી રે;
અંગ અગ્રપૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરી રે. સુ૦ ૫
સત્તર ભેદ ઈગવીસ પ્રકારે, અષ્ટોત્તર શત ભેદે રે;
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુરગતિ છેદે રે. સુ૦ ૬
તુરિય ભેદ પડિવત્તી પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઈમ ઉત્તરાધ્યયને, ભાષી કેવળ ભોગી રે. સુ૦ ૭
ઈમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લહશે, **આનંદઘન** પદ ધરણી રે. સુ૦ ૮

---

## (૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન

[ રાગ–ધન્યાશ્રી ગોડી–ગુણહ વિશાલા મંગલિક માલા—એ દેશી. ]

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધભંગી મન મોહે રે;
કરુણા કોમલતા તીક્ષ્ણતા, ઉદાસીનતા સોહે રે. શીતલ૦ ૧
સર્વજંતુ હિતકરણી કરુણા, કર્મ વિદારણ તીક્ષ્ણ રે;
હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શીતલ૦ ૨

નિજાતમ ગુણરમણતા, ઇંદ્રિય તજી વિકાર;
થિર સમાધિ સંતોષમેં, ભવદુઃખ ભંજનહાર.

પરદુઃખ છેદન ઇચ્છા કરુણા, તીક્ષ્ણ પરદુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે? શીતલ૦ ૩

અભય દાન તિમ મલ ક્ષય કરુણા, તીક્ષ્ણુતા ગુણ ભાવે રે;
પ્રેરક વિણ કૃતિ ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે. શી૦ ૪.

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રન્થતા સંયોગે રે;
યોગી ભોગી ભક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શી૦ ૫

ઇત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત. દેતી રે;
અચરિજકારી ચિત્રવિચિત્રા, **આનંદઘન** પદ લેતી રે. શી૦ ૬

---

## (૧૧) શ્રેયાંસનાથ જિન સ્તવન

[ રાગ-ગોડી અહો મતવાલે સાજના—એ દેશી. ]

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુક્તિગતિ ગામી રે. શ્રી૦ ૧

સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિઃકામી રે. શ્રી૦ ૨

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી૦ ૩

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી૦ ૪

માતા કે પિતા રડે, રડે વહુ કે બાલ;
ચાકર કે શેઠ રડે, તોય ન છોડે કાળ.

શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી૦ ૫
અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન** મતવાસી રે. શ્રી૦ ૬

---

## (૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

( રાગ-ગોડી, તુંગીયાગિર શિખરે સોહે-એ દેશી )

વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી, ઘનનામી પરનામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલકામી રે. વાસુ૦ ૧
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુ૦ ૨
કર્ત્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીએ રે;
એક અનેકરૂપ નયવાદે, નિયતે નય અનુસરીએ રે. વાસુ૦ ૩
દુઃખ સુખરૂપ કરમફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. વાસુ૦ ૪
પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફલ ભાવી રે;
જ્ઞાન કરમફલ ચેતન કહીયે, લેજો તેહ મનાવી રે. વાસુ૦ ૫
આતમ જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન** મત સંગી રે. વાસુ૦ ૬

---

ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર નર, મ્હોટા જે મુનીંદ્ર;
કર્યા કર્મ સહુ ભોગવે, છૂટે નહીં નરેંદ્ર.

## (૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવન

( રાગ–મારુ. ઈડર આંબા આંબલી રે–એ દેશી. )

દુઃખ દોહગ દૂરે ટલ્યા રે, સુખ સંપતશું ભેટ;
ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ?
વિમલજિન દીઠા લોયણ આજ, મારા સિધ્યા વાંછિત કાજ.
વિમલ૦ ૧

ચરણકમળ કમળા વસે રે, નિરમલ થિરપદ દેખ;
સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિમલ૦ ૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદરધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર. વિમલ૦ ૩

સાહેબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, આતમચો આધાર. વિમલ૦ ૪

દરિસન દિઠે જિનતણું રે, સંશય ન રહે વેધ,
દિનકર કર–ભર પસરતાં રે, અંધકાર પ્રતિષેધ. વિમલ૦ ૫

અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિમલ ૬

એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજીયે રે, **આનંદઘન** પદસેવ. વિમલ૦ ૭

---

ન પાપ અંધારે રહે, છાનું કરો કે ચોકમાં;
અંતે પુકારી ઊઠશે, આ લોક કે પરલોકમાં.

## (૧૪) શ્રી અનંતનાથ જિન સ્તવન

( રાગ-રામગીરી કડખો )

ધાર તરવારની સોહલી દોહલી,
ચૌદમા જિનતણી ચરણસેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા. ધાર૦ ૧
એક કહે સેવીયે વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહિ લેખે. ધાર૦ ૨
ગચ્છના ભેદ બહુ નયણ નીહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદર–ભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાળ રાજે. ધાર૦ ૩
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ,
સાંભળી આદરી કાંઈ રાચો. ધાર૦ ૪
દેવગુરુધર્મની શુદ્ધિ કહો કેમ રહે ?
કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો ?

ભૂલ થઈ કે ચેતવું, એ જ ખરો ઉપાય;
ભૂલ્યા ત્યાંથી ફરી ગણો, જેથી ભૂલ જણાય.

શુદ્ધ શ્રદ્ધા વિણુ સર્વ ક્રિયા કરે,
    છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦ ૫
પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
    ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
    તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો. ધાર૦ ૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
    જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
    નિયત **આનંદઘન** રાજ પાવે. ધાર૦ ૭

---

## (૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવન

( રાગ-ગોડી : દેશી રસિયાની )

ધરમ જિનેશ્વર ગાઉં રંગશું,
    ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર;
બીજો મન-મંદિર આણું નહીં,
    એ હમ કુલવટ રીત જિનેશ્વર. ધરમ૦ ૧
ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે,
    ધરમ ન જાણે હો મર્મ જિનેશ્વર;

**પરદારા છે પાપણી, સાપિણી ઝેરી એહ;**
**કરે આપણી કાપણી, નાગણી દુઃખની એહ.**

ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી,
કોઈ ન બાંધે હો કર્મ જિનેશ્વર. ધરમ૦ ૨

પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે,
દેખે પરમ નિધાન જિનેશ્વર,
હૃદય નયણે નિહાળે જગધણી,
મહિમા મેરુ સમાન જિનેશ્વર. ધરમ૦ ૩

દોડત દોડત દોડત દોડિયો,
જેતી મનની રે દોડ જિનેશ્વર;
પ્રેમ પ્રતીત વિચારો ઢુકડી,
ગુરુગમ લેજો રે જોડ જિનેશ્વર. ધરમ૦ ૪

એક પખી કેમ પ્રીતિ પરવડે?
ઉભય મલ્યા હોય સંધિ જિનેશ્વર;
હું રાગી હું મોહે ફંદિયો,
તું નિરાગી નિરબંધ જિનેશ્વર. ધરમ૦ ૫

પરમ નિધાન પ્રગટ મુખ આગળે,
જગત ઉલ્લંઘી હો જાય જિનેશ્વર;
જ્યોતિ વિના જુઓ જગદીશની,
અંધો અંધ પલાય જિનેશ્વર. ધરમ૦ ૬

નિરમલ ગુણમણિ રોહણ ભૂધરા,
મુનિજન માનસહંસ જિનેશ્વર;

કરે કષ્ટમાં પાડવા, દુર્જન કોટી ઉપાય;
પુણ્યવંતને તે સહુ, સુખનાં કારણ થાય.

ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી,
માતા પિતા કુળ વંશ જિનેશ્વર, ધરમ૦ ૭
મનમધુકર વર કરજોડી કહે,
પદકજ નિકટ નિવાસ જિનેશ્વર;
ઘનનામી **આનંદઘન** સાંભળો,
એ સેવક અરદાસ જિનેશ્વર. ધરમ૦ ૮

---

## (૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન

( રાગ-મલ્હાર : ચતુર ચોમાસો પડક્કમી—એ દેશી )

શાંતિ જિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન રાય રે;
શાંતિસ્વરૂપ કિમ જાણીયે, કહો મન કિમ પરખાય રે ? શાંતિ૦ ૧
ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાંતિ૦ ૨
ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિ પદ સેવ રે. શાંતિ૦ ૩
આગમધર ગુરુ સમકિતી; કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવાધાર રે. શાંતિ૦ ૪
શુદ્ધ આલંબ આદરે, તજી અવર જંજાળ રે;
તામસીવૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી સાલ રે. શાંતિ૦ ૫

દુર્જનકૃત નિંદાથકી, સજ્જન નવ નિંદાય;
રવિ ભણી રજ નાખતાં, આપે અંધો થાય.

ફળ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સફળ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધી રે. શાંતિ૦ ૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે. શાંતિ૦ ૭

દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુગતિ નિદાન રે. શાંતિ૦ ૮

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણ રે. શાંતિ૦ ૯

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિભાવ રે;
મુગતિ સંસારબિહુ સમ ગણે,મુણે ભવજલનિધિ નાવ રે. શાંતિ૦૧૦

આપણો આતમ ભાવ જે, એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. શાંતિ૦ ૧૧

પ્રભુ મુખથી ઇમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સીધાં સવિ કામ રે. શાંતિ૦ ૧૨

અહો ! અહો ! ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે. શાંતિ૦ ૧૩

શાંતિસરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપ રે;
આગમમાંહે વિસ્તાર ઘણો, કહ્યો શાંતિજિન ભૂપ રે. શાંતિ૦ ૧૪

પરલોકે સુખ પામવા, કરો સારો સંકેત;
હજુ બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત.

શાંતિ સરૂપ ઇમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
**આનંદઘન** પદ પામશે, તે લહેશે બહુમાન રે. શાંતિ૦ ૧૫

## (૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન

( રાગ-રામકલી. અંબર દે હો મુરારી—એ દેશી. )

મનડું કિમહી ન બાજે, હો કુંથુજિન ! મનડું કિમહી ન બાજે;
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે હો. કું૦ ૧
રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો. કું૦ ૨
મુગતિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન વૈરાગે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાંખે અવળે પાસ હો. કું૦ ૩
આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું તો, વ્યાલતણી પરે વાંકું હો. કું૦ ૪
જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાંહીં;
સર્વમાંહે ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહી હો. કું૦ ૫
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુર નર પંડિત જન સમજાવે, સમજે ન મારો સાલો હો. કું૦ ૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે હો. કું૦ ૭

અદેખાકેરી આંખમાં, કમળાકેરો રોગ;
પીળું દેખે પર વિશે, રોગતણો સંજોગ.

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો. કું૦ ૮
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
**આનંદઘન** પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું હો. કું૦ ૯

## (૧૮) શ્રી અરનાથ જિન સ્તવન

(રાગ પરજિયો–મારુ)

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે;
સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધ૦ ૧
શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
[1]પર બડી છાંહડી જે પડે, તે પર સમય નિવાસ રે. ધ૦ ૨
તારા નક્ષત્ર ગ્રહ ચંદ્રની, જ્યોતિ દિનેશ મોઝાર રે;
દરશન જ્ઞાન ચરણથકી, શક્તિ નિજાતમ ધાર રે. ધ૦ ૩
ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાય દૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે. ધ૦ ૪
દરશન જ્ઞાન ચરણથકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે. ધ૦ ૫
પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યહવારે [2]લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધ૦ ૬

૧ પાઠાંતર–પરવડી. ૨ લક્ષ્ય.

વિદ્યારૂપી ધનતણું, અતિ આશ્ચર્ય જણાય;
ખરચ્યા વિણ ખૂટી પડે, વધે જેમ વપરાય.

વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધ૦ ૭
એક પખી લખી પ્રીતડી, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તલે ગ્રહી હાથ રે. ધ૦ ૮
ચક્રી ધરમ તીરથતણો, તીરથફળ તત સાર રે;
તીરથ સેવે તે લહે, **આનંદઘન** નિરધાર રે. ધ૦ ૯

---

## ( ૧૯ ) શ્રી મલ્લિનાથ જિન સ્તવન

( રાગ—કાફી )

સેવક કિમ અવગણિયે હો મલ્લિજિન, એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીયે, તેહને મૂળ નિવારી હો. મલ્લિ૦ ૧
જ્ઞાનસ્વરૂપ અનાદિ તમારું, તેહ લીધું તમે તાણી;
જુવો અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણ ન આણી હો. મલ્લિ૦ ૨
નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરિયાવસ્થા આવી;
નિદ્રા સુપનદશા રીસાણી, જાણી ન નાથ મનાવી હો. મલ્લિ૦ ૩
સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો. મલ્લિ૦ ૪
હાસ્ય અરતિ રતિ શોક દુગંચ્છા, ભય પામર કરસાલી;
નોકષાય શ્રેણિગજ ચઢતાં, શ્વાનતણી ગતિ ઝાલી હો. મલ્લિ૦ ૫

---

**વિદ્યા ને ધન જ્યાં હશે, ત્યાં છે લીલા લહેર;**
**વિદ્યા વિણ ધન શું કરે ? અન્તે ઝાઝાં વેર.**

રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોધા;
વીતરાગ પરિણતી પરિણમતાં, ઊઠી નાઠા બોધા હો. મલ્લિ૦ ૬
વેદોદય કામા પરિણામા, કામ્યકર સહુ ત્યાગી;
નિઃકામી કરુણારસ સાગર, અનંત ચતુષ્કપદ પાગી હો. મલ્લિ૦ ૭
દાન વિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;
લાભ વિઘન જગવિઘન નિવારક, પરમ લાભ રસ માતા. મલ્લિ૦ ૮
વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરવ પદવી જોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી હો. મલ્લિ૦ ૯
એ અઢાર દૂષણ વરજિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિરદૂષણ મન ભાયા હો. મલ્લિ૦ ૧૦
ઈણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહિર નજરથી, **આનંદઘન** પદ પાવે હો. મલ્લિ૦ ૧૧

---

## ( ૨૦ ) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

( રાગ કાફી )

મુનિસુવ્રત જિનરાજ !, એક મુજ વિનતિ નિસુણો.
આતમ તત્ત્વ કયું જાણ્યું ? જગતગુરુ !, એ વિચાર મુજ કહિયો;
આતમ તત્ત્વ જાણ્યા વિણ નિર્મલ, ચિત્ત–સમાધી નવિ લહિયો. મુ. ૧
કોઈ અબંધ આતમતત* માને, કિરિયા કરતો દીસે;
ક્રિયાતણું ફલ કહો કોણ ભોગવે ?, એમ પૂછયું ચિત્ત રીસે. મુ. ૨

---

* તત્ત્વ

**કાંટો બરાબર બોરડીકેરો, હાથમાં વાગ્યો હોય;**
**વાગ્યા વિનાની વેદના તેની, કહી શકે શું કોય ?**

જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરિખો;
સુખ દુઃખ શંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો. મુ. ૩
એક કહે નિત્યજ આતમ તત, આતમ દરિસણ લીનો;
કૃતવિનાશ અકૃતાગમ દૂષણ, નવી દેખે મતિહીણો. મુ. ૪
સૌગત મતરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ નવી ઘટે, એહ વિચાર મન આણો. મુ. ૫
ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે ? મુ. ૬
એમ અનેક વાદી મત-વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત-સમાધિ તે માટે પૂછું; તુમ વિણ તત કોઈ ન કહે. મુ. ૭
વળતું જગગુરુ ઇણિપરે ભાખે, પક્ષપાત સવિ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી. મુ. ૮
આતમ-ધ્યાન કરે જો કોઉ, સોહ ફિર ઇણમેં નાવે;
વાગજાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે. મુ. ૯
જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત જ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત ! કૃપા કરો તો, **આનંદઘન** પદ લહિયે. મુ. ૧૦

## (૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન

( રાગ આશાવરી )

ખટ્ દર્શન જિન-અંગ ભણીજે, ન્યાસ ષડંગ જે સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ખટ દર્શન આરાધે રે. ખ. ૧

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તિહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.**

જિન સુર પાદપ પાય [1]વખાણો, સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમ સત્તા વિવરણ કરતા, લહો દુગ અંગ અખેદે રે. ખ. ૨

ભેદ અભેદ સુગત મિમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિયે, ગુરુગમથી અવધારી રે ? ખ. ૩

લોકાયતિક કૂખ જિનવરની, અંશ-વિચાર જો કિજે રે;
તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરુગમ વિણ કેમ પીજે રે ? ખ. ૪

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક, આધારે ધરી સંગે રે. ખ. ૫

જિનવરમાં સઘલા દર્શન છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘલી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે. ખ. ૬

જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ખ. ૭

ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર-અનુભવ રે;
સમય પુરુષના અંગ કહ્યા એ, જે છેદે તે દુરભવ રે. ખ. ૮

મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અર્થ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવી વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે. ખ. ૯

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે રે;
કિરિયા કરી નવિ સાંધી શકિયે, એ વિષવાદ ચિત્ત સઘલે રે. ખ.૧૦

---

૧ પાઠાંતર-વખાણું.

એક દિન મરના જરૂર હે, ચલના પાંવ પસાર;
ફિર ચૌરાસી યોનિમેં, જન્મ મરણ બહુ વાર.

તે માટે ઊભો કર જોડી, જિનવર આગલ કહીએ રે;
સમય ચરણ–સેવા શુદ્ધ દેજો, જેમ **આનંદઘન** લહીએ રે. ખ. ૧૧

## (૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન

( રાગ મારુણી–ધરણા ઢોલા–એ દેશી. )

અષ્ટ ભવાંતર વાલહો રે, તું મુજ આતમરામ;
મુક્તિસ્ત્રીશું આપણે રે, સગપણ કોઈ ન કામ.
મનરા વાલા ! તું મુજ આતમરામ.
ઘર આવો હો વાલમ ! ઘર આવો, મારી આશાના વિશ્રામ; મ૦
રથ ફેરો હો સાજન ! રથ ફેરો, સાજન ! મારા મનરા મનોરથ સાથ. મ. ૨

નારી પખો શ્યો નેહલો રે, સાચ [1]કહું જગનાથ !
ઈશ્વરે અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મ૦ ૩

પશુજનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર;
માણસની કરુણા નહિ રે, એ કુણ ઘર આચાર? મ૦ ૪

પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો યોગ ધતૂર;
એ ચતુરાઈરો કુણ કહો રે, ગુરુ મલિયો જગસૂર. મ૦ ૫

મારું તો એમાં કંઈ નહિ રે, આપ વિચારો રાજ !
રાજસભામાં બેસતા રે, કિસરી વધસી લાજ? મ૦ ૬

૧ પાઠાંતર–કહે.

પ્રેમ કરે જગ જન સહુ રે, નિરવાહે તે ઓર;
પ્રીતિ કરીને છોડી દે રે, તેશું ન ચાલે જોર. મ૦ ૭
જો મનમાં એવું હતું રે, નિસપતિ કરત ન જાણ;
નિસપતિ કરીને છોડતાં રે, માણસ હુવે નુકસાન. મ૦ ૮
દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વંછિત પોષ;
સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મ૦ ૯
સખી કહે એ શામલો રે, હું કહું લક્ષણ સેત;
ઇણ લક્ષણે સાચી સખી રે, આપ વિચારો હેત. મ૦ ૧૦
રાગીશું રાગી સહુ રે, વૈરાગીશું સ્યો રાગ?
રાગ વિના કેમ દાખવો રે, મુગતિ સુંદરી માગ. મ૦ ૧૧
[1]એહ ગુહ્ય ઘટતું નથી રે, સઘળા જાણે લોગ;
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતરોગ. મ૦ ૧૨
જિણ જોણી[2] તમને જોઉં રે, તિણ જોણી જુવો રાજ!
એક વાર મુજને જુવો રે, તો સીઝે મુજ કાજ. મ૦ ૧૩
મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વ વિચાર;
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ! નિરધાર. મ૦ ૧૪
સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ[3];
આશય સાથે ચાલિયે રે, એહી જ રૂડું કામ. મ૦ ૧૫

૧ પાઠાંતર એક. ૨ જોવાની રીતિ–દૃષ્ટિ. ૩ મર્મ–લજ્જા.

સંપદમાં આપદ વસેં, સુખમાંહે દુઃખવાસ;
રોગ વસે નિજ ભોગમાં, દેહ મરણ આવાસ.

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર;
ધારણ પોષણ તારણો રે, નવરસ મુક્તાહાર. મ૦ ૧૬
કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ;
કૃપા કરી મુજ દીજીએ રે, **આનંદઘન** પદ રાજ. મ૦ ૧૭

---

## ( ૨૩ ) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

( રાગ સારંગ–દેશી રસિયાની. )

ધ્રુવપદ રામી હો સ્વામી ! માહરા, નિઃકામી ગુણરાય; સુજ્ઞાની.
નિજગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય. સુ. ધ્રુ. ૧
સર્વવ્યાપી કહો સર્વ જાણંગપણે, પર પરિણમન સ્વરૂપ; સુ.
પરરૂપે કરી તત્ત્વપણું નહિ, સ્વસત્તા ચિદ્રૂપ. સુ. ધ્રુ. ૨
જ્ઞેય અનેક હો જ્ઞાન અનેકતા, જલ ભાજન રવિ જેમ; સુ.
દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, જિનપદ રમતા હો ક્ષેમ. સુ. ધ્રુ. ૩
પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રી થયું જ્ઞાન; સુ.
અસ્તિપણું નિજક્ષેત્રે તુતે કહ્યું, નિર્મળતા ગુણમાન. સુ. ધ્રુ. ૪
જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાલ પ્રમાણે થાય; સુ.
સ્વકાલે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુ. ધ્રુ. ૫
પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ; સુ.
આત્મચતુષ્કમયી પરમાં નહિ, તો કેમ સહુનો જાણ? સુ. ધ્રુ. ૬

આયો એકલો જાસી અકેલો, છોડીને ઘરબાર;
શુભાશુભ ફળ સાથે આવે, નિશ્ચે એ નિરધાર.

અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત; સુ;
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ-જલનો દૃષ્ટાંત. સુ. ધ્રુ. ૭
શ્રી પારસ જિન પારસ રસ સમો, પણ ઇહાં[1] પારસ નાંહિં; સુ.
પૂરણ રસિયો હો નિજ ગુણ[2] પરસનો,
**આનંદઘન** મુજ માંહિ. સુ. ધ્રુ. ૮

## ( ૨૪ ) શ્રી વર્દ્ધમાન જિન સ્તવન

( રાગ ધન્યાશ્રી )

[3]શ્રી વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે. શ્રી. ૧
છઉમથ્થ વીરજ લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. શ્રી. ૨
અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;
પુદ્ગલ ગણ તેણે[4] લેસ્યા વિશેષ, યથાશક્તિ મતિ લેખે રે. શ્રી. ૩
ઉત્કૃષ્ટે વીરજને આવેશે, યોગ ક્રિયા નવી પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેશે, આતમશકિત ન ખેસે રે. શ્રી. ૪
કામ વીર્ય વશે જેમ યોગી, તેમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહ અયોગી રે. શ્રી. ૫

૧ પડખે રહેનાર. ૨ પાઠાંતર–પરસમાં=( સ્પર્શવામાં ) ૩ પાઠાંતર-વીર જિનેશ્વર ચ૦ ૪ પાઠાંતર–લેશું.

દુર્જન કી કૃપા બૂરી, ભલી સજ્જન કી ત્રાસ;
જબ બાદલ ગરમી કરે, તબ બરસન કી આસ.

વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે. શ્રી. ૬
આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, **આનંદઘન** પ્રભુ જાગે રે. શ્રી. ૭

---

## શ્રી ઋષભ જિનનાં સ્તવનો

રૂષભ પ્રભુ ભવજલ પાર ઉતાર—રૂષભ૦
આપ પ્રતાપે ગિરિવર દીપે, ઝગમગ જ્યોતિ સાર—રૂ૦ ૧
શ્રી જિન વીરશાસન જયવંતું, વર્ષ ઈક્કીસ હજાર—રૂ૦ ૨
ઉદય તેઈસમેં હોગે સૂરીશ્વર, શ્રી દુપ્પસહ અનગાર—રૂ૦ ૩
ઉનકા ઉપદેશામૃત પીકે, વિમલવાહન ભૂપાલ—રૂ૦ ૪
કરાવેગા શુભ ભાવસે ગિરિકા, આખિરકા ઉદ્ધાર—રૂ૦ ૫
ભવ્યગિરિ સિદ્ધશેખર મહાજશ, માલવંત સિરીકાર—રૂ૦ ૬
પૃથ્વીપીઠ દુઃખહરગિરિ મુક્તિ, રાજમણિ કંત મનોહાર—રૂ૦ ૭
મેરુ મહીધર નામ સિમરીએ, **વીર** વચન સુખકાર—રૂ૦ ૮

( ૨ )

સીધની શોભા હું શી કહું ?—એ દેશી

ભરતજી કહે સુણો માવડી, પ્રગટ્યો નવ નિધાન રે,
નિત નિત દેતાં ઓલંભા, હવે જુઓ પુત્રના માન રે;
ઋષભની શોભા હું શી કહું ? ૧

**અધર્મ સે દુઃખ હોત હૈ, અધર્મ સે અપમાન;
અધર્મ માર્ગ છોડે બિના, પાવે નહિ જગમાન.**

અઢાર કોડાકોડી સાગરે, વસીયો નયર અનૂપ રે;
ચાર જોયણનું માન છે, ચાલો જોવાને ચૂપ રે. રીખભ. ૨

પહેલો રૂપાનો કોટ છે, કાંગરા કંચન સાજ રે;
બીજો કનકનો કોટ છે, કાંગરા રત્ન સમાજ રે. રીખભ. ૩

તીજો રતનનો કોટ છે, કાંગરા મણિમય જાણુ રે;
તેમાં મધ્ય સિંહાસને, હુકમ કરે પ્રમાણુ રે. રીખભ. ૪

પૂરવ દિશાની સંખ્યા સુણો, પગથિયા વીશ હજાર રે;
એણીપેરે ગણુતાં ચારે દિશા, પગથિયાં એંશી હજાર રે. રીખભ. ૫

શિર પર ત્રણ છત્ર ઝળહળે, તેહથી ત્રિભોવન રાય રે;
ત્રણ ભુવનનો રે બાદશાહ, પગથિયાં એંશી હજાર રે. રીખભ. ૬

વીશ બત્રીશ દશ સુરપતિ, વળી દોય ચંદ્ર ને સૂર્ય રે;
દોય કર જોડી ઊભા ખડા, તુમ સુત ઋષભ હજૂર રે. રીખભ. ૭

ચામર જોડી ચોવીશ છે, ભામંડળ જળકંત રે;
ગાજે ગગને દુંદુભી, ફૂલ પગર વરસંત રે. રીખભ. ૮

બારગુણો પ્રભુ દેહથી, અશોક વૃક્ષ શ્રીકાર રે;
મેઘ સમાની દેશના, અમૃતવાણી જયકાર રે. રીખભ. ૯

પ્રાતિહારજ આઠથી, તુમ સુત દીપે દેદાર રે;
ચાલો જોવાને માવડી, ગયવર ખંધે અસ્વાર રે. રીખભ. ૧૦

દોલતમેં હૈ દો લતા, માનો સાચી વાત;
આવત તો ચિન્તા કરે, જાવત મારે લાત.

દૂરથી રે વાજાં સાંભળી, જોતાં હરખ ન માય રે;
હરખના આંસુથી ફાટિયા, પડલ તે દૂર પલાય રે. રીખભ. ૧૧

ગયવર ખંધેથી દેખિયા, નીમરૂપ પુત્ર દેદાર રે;
આદર દીધો નહીં માયને, માય મન ખેદ અપાર રે. રીખભ. ૧૨

કેના છોકરા ને માવડી, એ તો છે વીતરાગ રે;
એણીપેરે ભાવના ભાવતાં, કેવળ પામ્યા મહાભાગ્ય રે. રીખભ. ૧૩

ગયવર ખંધે મુગતે ગયા, અંતગડ કેવળી એહ રે;
વંદો પુત્રને માવડી, આણી અધિક સ્નેહ રે. રીખભ. ૧૪

રીખભની શોભાને વરણવી, સમકિત પૂર મોઝાર રે;
સિદ્ધગિરિ મહાતમ સાંભળો, સંઘને જયજયકાર રે. રીખભ. ૧૫

સંવત અઢાર એંશીએ, માગશર માસ સોહાય રે;
**દીપવિજય** કવિરાયનો, મંગળમાળ સોહાય રે. રીખભ. ૧૬

( ૩ )

( રાગ–ધનાશ્રી )

રૂષભદેવ હિતકારી, જગતગુરુ ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેશર, પ્રથમ યતિ બ્રહ્મચારી. રૂ૦ ૧

વરસીદાન દેઈ તુમ જગમેં, ઇલતિ ઇતિ નિવારી;
તૈસી કાહુ કરતુ નાંહી કરુના, સાહિબ બેર હમારી. રૂ૦ ૨

જીવંતા યશ નહિ, યશ બિન કિહું જીવંત;
જે યશ લહી આથમ્યા, તે રવિ પહેલાં ઉગન્ત.

માંગત નાહિ હમ હાથી ઘોડે, ધન કન કંચન નારી;
દિયો મોહી ચરનકમલકી સેવા, યાહિ લગત મોહે પ્યારી. ૩૦ ૩

ભવલીલા વાસિત સુર ડારે, તુમ પર સબહી ઊવારી;
મેં મેરો મન નિશ્ચળ કીનો, તુમ આણા શીર ધારી. ૩૦ ૪

એસો સાહિબ નહીં કોઉ જગમેં, યાસું હોય દિલદારી;
દિલ હી દલાલ પ્રેમકે બીચે, તિહાં હઠ ખેંચે ગમારી. ૩૦ ૫

તુમ હિ સાહિબ મેં હું બંદા, યા મત દીઓ વિસારી;
શ્રી **નયવિજય** વિબુધ **સેવકકે**, તુમ હો પરમ ઉપકારી. ૩૦ ૬

( ૪ )

પ્રભુજી ઓલંભડે મત ખીજો.
બાળપણે આપણ સસનેહી, રમતાં નવ નવ વેષે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસારીને વેષે હો. પ્ર૦ ૧

જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કેઈ ધ્યાવે;
પણભવસ્થિતિ પરિપાક થયા વિણુ, કોઈ ન મુગતિ જાવે હો. પ્ર૦ ૨

સિદ્ધનિવાસ લહે ભવસિદ્ધિ, તેહમાં શ્યો પાડ તુમારો ?
તો ઉપગાર તુમારો વહીએ, અભવ્ય સિદ્ધને તારો હો. પ્ર૦ ૩

નાણરયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી હો. પ્ર૦ ૪

પૂર્ણ ત્યાગકી સાધના, કરતી કલીમલ ચૂર્ણ;
હો જાતા પામર મનુજ, પરમાત્મ પ્રતિ પૂર્ણ.

અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શ્યું જાય હો. પ્ર૦ ૫

સેવા ગુણ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી;
તો તુમે સ્વામી કેમ કહાવો? નિર્મમ ને નીરાગી હો. પ્ર૦ ૬

નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગ જયકારી;
રૂપવિબુધનો **મોહન** પભણે, વૃષભલંછન બલિહારી હો. પ્ર૦ ૭

(૫)

જ્ઞાન રયણ રયણાયરુ રે, સ્વામી શ્રી રૂષભજિણંદ.
ઉપગારી અરિહા પ્રભુ રે, લોકલોકોત્તરાનંદ રે;
ભવિયાં ભાવે ભજો ભગવંત, મહિમા અતુલ અનંત રે. ભવિયાં૦ ૧

તિગ તિગ આરક સાગરુ રે, કોડાકોડી અઢાર;
યુગલા ધર્મ નિવારિયો રે, ધર્મ પ્રવર્તનહાર રે. ભવિયાં૦ ૨

જ્ઞાનાતિશયે ભવ્યના રે, સંશય છેદનહાર;
દેવ નરા તિરિ સમજીયા રે, વચનાતિશય વિચાર રે. ભવિયાં૦ ૩

ચાર ઘને મઘવા સ્તવે રે, પૂજાતિશય મહંત;
પંચ ઘને યોજન ટલે રે, કષ્ટ એ તૂર્ય પ્રસંત રે. ભવિયાં૦ ૪

યોગ ક્ષેમંકર જિનવરુ રે, ઉપશમ ગંગા નીર;
પ્રીતિ ભક્તિપણે કરી રે, નિત્ય નમે શુભ**વીર** રે. ભવિયાં૦ ૫

---

**જબ લગ તેરા પુણ્યકા, પહોંચ્યા નહિ કરાર;**
**તબ લગ પાપો દબ રહે, ગુન્હા કરો હજાર.**

( ૬ )

ઋષભ જિણંદશું પ્રીતડી, કીમ કીજે હો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર.
ઋષભ૦ ૧

કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તીહાં કો પ્રધાન;
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઈનું વ્યવધાન.
ઋષભ૦ ૨

પ્રીતિ કરે તે રાગિયા, જિનવરજી હો તુમે તો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી, ભેલવવી હો તે લોકોત્તર માર્ગ.
ઋષભ૦ ૩

પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુઝ ભાવ;
કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ.
ઋષભ૦ ૪

પ્રીત અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ;
પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ.
ઋષભ૦ ૫

પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;
**દેવચંદ્રની** સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ.
ઋષભ૦ ૬

ખાના ચલના સોવના, મિલના વચન વિલાસ;
જ્યું જ્યું પાંચ ઘટાઇયે, ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ.

( ૭ )

( હારરો હીરો–એ દેશી )

પ્રથમ જિણેસર પૂજવા સહીયર મ્હારી, અંગ ઉલટ ધરી આવ હો;
કેસર ચંદન મૃગમદે, સ૦ સુંદર આંગી બનાવ હો. ૧

સહજ સલુણો માહરો, સમસુખ લીનો મ્હારો, જ્ઞાનમાં ભીનો
મ્હારો સાહેબો, સહીયર મારી જયો જયોં પ્રથમ જિણંદ હો.
ધન્ય મરુદેવી કૂખને, સ. વારી જાઉં વાર હજાર હો;
સર્ગશિરોમણીને તજી સ. જિહાં પ્રભુ લીએ અવતાર હો, સહ૦ ૨

દાયક નાયક જન્મથી, સ. લાજ્યો સુરતરુ વૃંદ હો;
યુગલા ધરમ નિવારણો, સ. જે થયો પ્રથમ નરિંદ હો, સહ૦ ૩

લોકનીતિ સહુ શીખવી, સ. દાખવા મુક્તિનો રાહ હો;
રાજ્ય ભલાવી પુત્રને, સ. થાપ્યો ધર્મપ્રવાહ હો, સહ૦ ૪

સંયમ લેઈ સંચર્યો સ. વરસ લગે વિણ આહાર હો;
શેલડી રસ સાટે દીયો, સ. શ્રેયાંસને સુખ સાર હો, સહ૦ ૫

મોટા મહંતની ચાકરી, સ. નિષ્ફળ કદીય ન થાય હો;
મુનિપણે નમી વિનમી કર્યા, સ. ખીણમાં ખેચર રાય હો, સહ૦ ૬

જનનીને કીધો ભેટણો, સ. કેવલ રત્ન અનૂપ હો,
પહિલા માતાજીને મોકલ્યા, સ. જોવા શિવવહુ રૂપ હો, સહ૦ ૭

સત્તાકે અભિમાનકો, હોતા જબ અતિરેક;
હો જાતા હૈ નષ્ટ સબ, બુદ્ધિ વિચાર વિવેક.

પુત્ર નવાણું પરિવર્યા, સ. ભરતના નંદન આઠ હો;
આઠ કરમ અષ્ટાપદે, યોગ નિરોધે નેઠ હો, સહ૦ ૮
તેહના બિંબ સિદ્ધાચલે, સ. પૂજો પાવન અંગ હો;
**ક્ષમાવિજય જિન** નીરખતાં, સ. ઉછલે હરખ તરંગ હો, સહ૦ ૯

(૮)

રૂષભજિણંદા રૂષભજિણંદા, તુમ દરિશન હુએ પરમાણંદા;
અહનિશિ ધ્યાઉં તુમ દીદારા, મહેર કરીને કરજ્યો પ્યારા.
રૂષભ. ૧

આપણને પૂંઠે જે વલગા, કિમ સરે તેહને કરતાં અલગા ?
અલગા કીધા પણ રહે વલગા, મોર પીંછ પરે ન હુએ ઉભગા.
રૂષભ. ૨

તુમ્હ પણ અળગે થયે કિમ સરશે, ભકિત ભલી આકરષી લેશે,
ગગને ઊડે દૂરે પડાઈ, દોરી બલે હાથે રહે આઈ.
રૂષભ. ૩

મુજ મનડું છે ચપળ સ્વભાવે, તોહે અંતર્મુહૂર્ત પ્રસ્તાવે;
તું તો સમય સમય બદલાયે, ઈમ કિમ પ્રીતિ નિવાહો થાયે ?
રૂષભ. ૪

તે માટે તું સાહિબ માહરો, હું છું સેવક ભવોભવ તાહરો;
એહ સંબંધમાં મ હશો ખામી, વાચક **માન** કહે શિર નામી.
રૂષભ. ૫

**કહા કરે કીરતારકું, ભૂલ કરે પરવીન;**
**મૂરખકું સંપત્તિ દીઇ, પંડિત સંપત્તિહીન.**

( ૯ )

નાભિનરિંદનો નંદન વંદીએ રે, મરુદેવી માત મલ્હાર,
નહિ જશ લંછન લંછન ગવયનું રે, મેલ્યા મહા મોહવિકાર
કેવળ કમળા વિમળા તું વર્યો રે. ૧

હરિ હર બ્રહ્મ પુરંદર જ્ઞાનથી રે, જ્ઞાન અનંતું જિનવર રાય;
જગ લોચનથી અધિક પ્રભા નહિ રે, જિમ ઋખ તારકનો સમુદાય.
કેવલ. ૨

ધર્મ બતાયા માયા પરિહરી રે, ભવદાવાનલ ઉપશમ નીર,
પાપ હરાયા કાયા ધનુષની રે, પંચસયા સોવન્ન શરીર.
કેવલ. ૩

શિવસુખ ભોગી શિવસુખ આપીએ રે, દાસતણી અરદાસ મનાય,
મોટા મૌન ધરીને જો રહે રે, તો કેમ સેવક કારજ થાય?
કેવલ. ૪

પંકજ જળબિંદુ જેમ વિસ્તરે રે, ઉપમા મોતીની મહારાજ;
સજ્જન સંગે જગ જશ પામીએ રે, કહે **શુભ** સેવક દ્યો શિવરાજ.
કેવલ. ૫

---

## શ્રી અજિતનાથ જિનનાં સ્તવનો

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું,
કાંઈ પ્રભુ પાખે ક્ષણ એકે મન ન સુહાય જો;
ધ્યાનની તાલી રે લાગી નેહશું,
જલદ ઘટા જીમ શિવસુત વાહન દાય જો. પ્રી. ૧

નેહ–ઘેલું મન મારું રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો;
મારે તો આધાર રે સાહીબ રાવલો (તાહરો),
અંતરગતનું પ્રભુ આગળ કહ્યું ગુંજ જો. પ્રી. ૨

સાહીબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકના જે સહેજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરીને રહું,
બિરુદ તુમારો તારણતરણ જહાજ જો. પ્રી. ૩

તારકતા તુજમાંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો;
તુજ કરુણાની લહેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. પ્રી. ૪

કરુણા દૃષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવ ભવ ભાવઠ ભાંગી ભક્તિ પ્રસન્ન જો;
મનવંછિત ફળીઆં રે જિન આલંબને,
કર જોડીને **મોહન** કહે મન રંગ જો. પ્રી. ૫

( ૨ )

અજિત જિણેસર ચરણની સેવા, હેવાયે હું હળિયો;
કહિયે અણચાખ્યો પણ, અનુભવ રસનો ટાણો મળિયો. પ્ર૦ ૧

**કામ ક્રોધ મદ લોભકી, જબ લગ મનમેં ખાન;**
**કહા મૂર્ખ કહા પંડિતા, દોનો એક સમાન.**

પ્રભુજી મહિર કરીને આજ, કાજ અમારાં સારો;
મૂકાવ્યો પણ હું નવિ મૂકું, ચૂકું એ નવિ ટાણો.
ભક્તિભાવ ઊઠયો જે અંતરે, તે કિમ રહે શરમાણો ? પ્ર૦ ૨
લોચન શાંતિ સુધારસ સુભગા, મુખ મટકાળું સુપ્રસન્ન;
યોગ મુદ્રાનો લટકો ચટકો, અતિશય તે અતિધન્ન. પ્ર૦ ૩
પિંડ પદસ્થ રૂપસ્થે લીનો, ચરણકમળ તુજ ગ્રહિયાં;
ભ્રમર પરે રસ સ્વાદ ચાખવો, વિરસો કાં કરો મહિયાં ? પ્ર૦ ૪.
બાળકાળમાં વાર અનંતી, સામગ્રિયે હું નવિ જાગ્યો;
યૌવનકાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માગ્યો. પ્ર૦ ૫
તું અનુભવ રસ દેવા સમરથ, હું પણ અરથી તેહનો;
ચિત્ત વિત્ત ને પાત્ર સંબંધે, અરજ રહ્યો હવે કેહનો. પ્ર૦ ૬
પ્રભુની મહિરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યો;
**માનવિજય** વાચક ઈમ જંપે, હુઓ મુજ મન કામ્યો. પ્ર૦ ૭

---

## શ્રી સંભવનાથ જિનનાં સ્તવનો

( રાગ–કપુર હોવે અતિ ઊજલો રે ).

સંભવ જિનવર ખૂબ બન્યો રે, અવિહડ ધર્મ સ્નેહ;
દિનદિન તે વધતો અછે રે, કબહી ન હોવે છેહ.
સૌભાગી જિન મુજ મન તુંહિ સુહાય,
એ તો બીજા નાવેદાય; હું તો લળી લળી લાગું પાય. સૌ૦ ૧

**જામેં જીતની બુદ્ધ હૈ, ઇતના કહ્યુ બતાય;**
**વા કો બૂરા ન માનીયે, જ્યાદ કહાંસે લાય.**

દૂધમાંહે જેમ ઘૃત વસ્યું રે, વસ્તુમાંહે સામર્થ્ય;
તંતુમાંહે જેમ પટ વસ્યો રે, સૂત્રમાંહે જેમ અર્થ. સૌ૦ ૨
કંચન પારસ પાષાણશાં રે, ચંદનમાં જેમ વાસ;
પૃથ્વીમાંહે જેમ ઔષધી રે, કાર્યે કારણ વાસ. સૌ૦ ૩
જેમ સ્યાદ્વાદે નય મિલે રે, જેમ ગુણમાં પર્યાય;
અરણીમાં પાવક વસ્યો રે, જેમ લોકે ષટ્કાય. સૌ૦ ૪
તેણીપેરે તું મુજ ચિત્ત વસ્યો રે, સેના માત મલ્હાર;
જો અભેદ બુદ્ધિ મલે રે, શ્રી **જ્ઞાનવિમલ** સુખકાર. સૌ૦ ૫

(૨)

( આધા આમ પધારો—એ દેશી. )

સમકિતદાતા સમકિત આપો, મન માંગે થઈ મીઠું,
છતી વસ્તુ દેતાં શ્યું શોચો ? મીઠું જે સહુએ દીઠું;
પ્યારા પ્રાણથકી છો રાજ, સંભવ જિનજી મુજને. ૧
ઈમ મત જાણે જે આપે લહીએ, તે લીધું શું લેવું ?
પણ પરમારથ પ્રીછી આપે, તેહ જ કહિયે દેવું. ૨
અર્થી હું તું અર્થ-સમર્પક, ઈમ મત કરજ્યો હાંસું;
પ્રગટ હતું તુજને પણ પહિલાં, એ હાંસાનું પાસું. ૩
પરમ પુરુષ તમે પ્રથમ ભજીને, પામ્યા ઈમ પ્રભુતાઈ;
તેણે રૂપે તુમને એ ભજીયે, તિણે તુમ હાથ વડાઈ. ૪

હોન પદારથ હોત હૈ, વિસરી જાય સબ શુદ્ધ;
જૈસી લખી નસીબમેં, તૈસી ઉપજે બુદ્ધ.

તુમે સ્વામી હું સેવાકામી, મુજરે સ્વામી નિવાજે;
નહિ તો હઠ માંડી માગતા, કિણ વિધ સેવક લાજે ? ૫
જ્યોતે જ્યોતિ મળે મન પ્રીછે, કુણ લહેશે કુણ ભજશે ?
સાચી ભક્તિ તે હંસતણી પરે, ખીર નીર નય કરશે. ૬
ઓળખ કીધી જે લેખે આવી, ચરણભેટ પ્રભુ દીધી;
રૂપવિબુધનો **મોહન** પભણે, રસના પાવન કીધી. ૭

( ૩ )

સાહેબ સાંભળો રે, સંભવ અરજ અમારી,
ભવોભવ હું ભમ્યો રે, ન લહી સેવા તુમારી.
નરક નિગોદમાં રે, હું તિહાં બહુ ભવ ભમિયો,
તુમ વિણ દુઃખ સહ્યાં રે, અહનિશ ક્રોધે ધમધમિયો. સા. ૧
ઇંદ્રિય વશ પડ્યો રે, પાલ્યાં વ્રત નવિ સુસે,
ત્રણ પણ નવિ ગણ્યાં રે, હણીયા થાવર હુંસે;
વ્રત ચિત્ત નવિ ધર્યાં રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, ત્યાં મેં હઈડું ખોલ્યું. સા. ૨
ચોરી મેં કરી રે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જિન આણશું રે, મેં નવિ સંજમ પાળ્યું;
મધુકરતણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો,
રસના લાલચે રે, નીરસ પિંડ ઊવેખ્યો. સા. ૩

ભણતા પંડિત નીપજે, લખતા લહિયો થાય;
ચાર ચાર ગાઉ ચાલતા, લાંબો પંથ કપાય.

નરભવ દોહીલો રે, પામી મોહવશ પડીયો,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિહાં જઈ અડીયો;
કાર્મ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરીયો,
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરીયો. સા. ૪
લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી,
તોપણ નવિ મળી રે, મળી તો નવિ રહી રાખી;
જે જન અભિલખે રે, તે તો તેહથી નાસે,
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે સા. ૫
ધન્ય ધન્ય તે નરા રે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીને રે, જેહને ધર્મમાં જોડી;
અભક્ષ્ય તે મેં ભખ્યાં રે, રાત્રિભોજન કીધાં,
વ્રત નવિ પાલીઆં રે, જેહવા મૂળથી લીધાં. સા. ૬
અનંત ભવ હું ભમ્યો રે, ભમતા સાહિબ મલીયો,
તુમ વિના કુણ દીયે રે, બોધિરયણ મુજ બળિયો;
સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા,
નય એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા. સા. ૭

## શ્રી અભિનંદન જિન સ્તવન

તુમે જોજો જોજો રે, વાણીનો પ્રકાશ તુમે. એ આંકણી.
ઊઠે છે અખંડ ધ્વનિ જોજને સંભલાય;
નર તિરિય દેવ આપણી, સહુ ભાષા સમજી જાય. તુમે૦ ૧

દ્રવ્યાદિક દેખી કરીને, નય નિક્ષેપે જુત્ત;
ભંગતણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્‌ભુત. તુમે૦ ૨

પય સુધા ને ઇક્ષુ વારિ, હારી જાએ સર્વ;
પાખંડી જન સાંભળીને, મૂકી દીએ ગર્વ. તુમે૦ ૩

ગુણ પાંત્રીસ અલંકરી, અભિનંદન જિન વાણી;
સંયમ છેદે મનતણા, પ્રભુ કેવળજ્ઞાને જાણી. તુમે૦ ૪

વાણી જે નર સાંભળે તે, જાણે દ્રવ્ય ને ભાવ;
નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ પર ભાવ. તુમે૦ ૫

સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર;
હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્ત્વાતત્ત્વ વિચાર. તુમે૦ ૬

નરક સરગ અપવર્ગ જાણે, થિરવ્ય વને ઉતપાત;
રાગદ્વેષ અનુબંધ જાણે, ઉછરંગ ને અપવાદ. તુમે૦ ૭

નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ;
ચિદાનંદ ઘન આતમા તે, થાયે નિજ ગુણ ભૂપ. તુમે૦ ૮

વિનયથી જિન ઉત્તમકેરા, અવલંબે પદ **પદ્મ;**
નિમાતે પરભાવ તજીને, પામે શિવપુર સદ્મ. તુમે૦ ૯

---

બહુ કોડયો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ;
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ.

## શ્રી સુમતિનાથ જિન સ્તવન

( રાગ—રામકલી તથા સારંગ મલ્હાર. અંબર દેહો મોરારી—એ દેશી. )

તુમ્હે હો પર ઉપકારી, સુમતિ જિન તુમ્હે હો જગ ઉપકારી,
પંચમ જિન પંચમ ગતિદાયક, પંચ મહાવ્રતધારી;
પંચ પ્રમાદ મતંગજ ભેદન, પંચાનન અનુકારી. સુ૦ ૧
પંચવિષય વિષધર તતિ ખગપતિ, પંચસર મદન વિડારી;
આશ્રવ પંચ તિમિરભર દિનકર, કિરિયા પંચ નિવારી. સુ૦ ૨
પંચાચાર સુકાનન જલધર, પંચમાંહે અધિકારી;
આગમ પંચ અમૃત રસ વરસી, દુરિત દાવાનલ ઠારી. સુ૦ ૩
મેતારજ અપરાધે વિહંગમ, ચરણે રાખ્યો શિર ધારી;
પર્ષદામાંહે આપ વખાણો, કૌંચ સ્વરા સુરા નારી. સુ૦ ૪
મેઘ નૃપતિ કુલ મુકુટ નગીનો, મંગલા ઉર અવતારી;
ક્ષમાવિજય બુધશિશ કહે જિન, ગર્ભથી સુમતિ વધારી. સુ૦ ૫

---

## શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન

પદ્મ પ્રભુ પ્રાણસે પ્યારા, છોડાવો કર્મની ધારા;
કર્મ બંધ તોડવા ધોરી, પ્રભુજીસે અરજ હે મોરી. પદ્મ૦ ૧
લઘુવય એક થેં જીયા, મુક્તિમેં વાસ તુમ કિયા;
ન જાની પીર તેં મોરી, પ્રભુ અબ ખેંચ લે દોરી. પદ્મ૦ ૨

મરવાથી ડરવું નહિ, કરવું ઉત્તમ કામ;
ઉજ્જવલ જેથી વિશ્વમાં, રહે નિરંતર નામ.

વિષય સુખ માની મો મનમેં, ગયો સબ કાલ ગફલતમેં;
નારક દુઃખ વેદના ભારી, નીકલવા ન રહી બારી. પદ્મ૦ ૩
પરવશ દીનતા કીની, પાપકી પોટ શીર લીની;
ભક્તિ નહીં જાણી તુમકેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી. પદ્મ૦ ૪
ઇણવિધ વિનતિ મોરી, કરું મૈં દોય કર જોડી;
આતમ આનંદ મુજ દીજે, **વીરનું** કામ સબ કીજે. પદ્મ૦ ૫

## શ્રી સુવિધિનાથ જિન સ્તવન

મૈં કીનો નહિ, તુમ બીન ઓરશું રાગ,
દિન દિન વાન વધે ગુન તેરો, જ્યું કંચન પર ભાગ;
ઔર નમે હે કષાયકી કલિયાં, સો કયું સેવા લાગ. મેં૦ ૧

રાજહંસ તું. માન સરોવર, ઔર અશુચિ કાગ;
વિષય ભુજંગ ગરુડ તું કહીએ, ઔર વિષય વિષ નાગ. મેં૦ ૨

ઔર દેવ જલ છીલ્લર સરિખે; તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરુ જનવાંછિત પૂરણ, ઔર તો સુકા સાગ. મેં૦ ૩

તું પુરુષોત્તમ તુંહિ નિરંજન, તું શંકર વડભાગ;
તું બ્રહ્મા તું બુદ્ધિ મહાબલ, તુજ દેવ વીતરાગ. મેં૦ ૪

સુવિધિનાથ તુમ ગુન ફુલનકો, મેરો દીલ હે બાગ;
**જશ** કહે ભ્રમર રસિક હોય તાકો, દીજે ભક્તિપરાગ. મેં૦ ૫

---

લેખણ કહે : લઈ હાથમાં, લખજો સારા કામ;
નહિં તો પ્રભુની પાસમાં, મારા સમ મુખ શ્યામ.

## શ્રી શાંતિનાથ સ્વામીનાં સ્તવનો

શાંતિ જિનેશ્વર સાહિબ વંદો, અનુભવ રસનો કંદો રે;
મુખને મટકે લોચન લટકે, મોહ્યા સુર નર વૃંદો રે. શાં. ૧
મંજર દેખીને કોયલ ટહુકે, મેઘ–ઘટા જેમ મોરો રે;
તિમ જિનપ્રતિમા નીરખી હરખું, વળી જેમ ચંદ ચકોરો રે. શાં. ૨
જિનપ્રતિમા જિનવરે ભાખી, સૂત્ર ઘણાં છે સાખી રે;
સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષી રે. શાં. ૩
રાયપસેણી પ્રતિમા પૂજી, સૂર્યાભ સમકિતધારી રે;
જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજયદેવ અધિકારી રે. શાં. ૪
જિનવર બિંબ વિના નવિ વંદું, આણંદજી એમ બોલે રે;
સાતમે અંગે સમકિત મૂળે, અવર નહિ તસ તોલે રે. શાં. ૫
જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવસુખ માગે રે;
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્રમાંહે રાગે રે. શાં ૬
વિદ્યાચારણ મુનિવરે વંદી, પ્રતિમા પાંચમે અંગે રે;
જંઘાચારણ મુનિવરે વંદી, જિનપડિમા મનરંગે રે. શાં. ૭
આર્યસુહસ્તીસૂરિ ઉપદેશે, ચાવો સંપ્રતિરાય રે;
સવાકોડી જિનબિંબ ભરાવ્યાં, ધન્ય ધન્ય એહની માય રે. શાં. ૮
મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમાર રે;
જાતિસ્મરણે સમકિત પામી, વરીઓ શિવસુખ સાર રે. શાં. ૯

માંગણ ગયે સો મર ગયે, મરે સો માંગણ જાય;
ઉસકે પહિલે વો મરે, સો હોતે હી નટ જાય.

ઈત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્રમાંહે સુખકારી રે;
સૂત્રતણો એક વરણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે. શાં. ૧૦
તે માટે જિન—આણાધારી, કુમતિ કદાગ્રહ નિવારી રે;
ભક્તિતણાં ફલ ઉત્તરાધ્યયને, બોધિબીજ સુખકારી રે. શાં. ૧૧
એક ભવે દોય પદવી પામ્યા, સોળમા શ્રી જિનરાયા રે;
મુજ મન-મંદિરીયે પધરાવ્યા, ધવલ મંગલ ગવરાયા રે. શાં. ૧૨
જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમલાની શાલા રે;
**જીવવિજય** કહે પ્રભુજીની ભક્તિ, કરતાં મંગલ માલા રે. શાં. ૧૩

( ૨ )

શાંતિ જિનેશ્વર સાચા સાહિબ,
શાંતિ કરણ ઈન કલિ મેં હો જિનજી;
તું મેરા મનમેં, તું મેરા દિલમેં;
ધ્યાન ધરું પલ પલમેં સાહેબજી. તું મેરા. ૧
ભવમાં ભમતાં મેં દરિશન પાયો,
આશા પૂરો એક પલમેં હો જિનજી. તું મેરા. ૨
નિર્મલ જ્યોત વદન પર સોહે,
નિકસ્યો જ્યું ચંદ વાદલમેં હો જિનજી. તું મેરા. ૩
મેરો મન તુમ સાથે લીનો,
મીન વસે જ્યું જલમેં સાહેબજી. તું મેરા. ૪
**જિનરંગ** કહે પ્રભુ શાંતિ જિનેશ્વર,
દીઠાજી દેવ સકલમેં હો જિનજી. તું મેરા. ૫

બહોત સિધા ન હોઇએ, દેખો તરુવન રાય;
સીધે સીધે કટત હૈ, વાંકે તેડે બચ જાય.

( ૩ )

( રાગ—ચોપાઈની )

સુણો શાન્તિજિણંદ સોભાગી, હું તો થયો છું તુજ ગુણ રાગી,
તુમે નીરાગી ભગવંત, જોતાં કેમ મલશે તંત. સુ૦ ૧
હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવલ કમલા વરિયો. સુ૦ ૨
હું તો વિષયા રસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કર્મને ભારે ભાર્યો, તેં તો પ્રભુજી ભાર ઊતાર્યો. સુ૦ ૩
હું તો મોહતણે વશ પડીયો, તું તો સઘલા મોહને નડીયો;
હું તો ભવસમુદ્રમાં ખુંચ્યો, તું તો શિવમંદિરમાંહે પહોંચ્યો. સુ૦ ૪
મારે જન્મ મરણનો જોરો, તેં તો તોડ્યો તેહથી દોરો;
મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ. સુ૦ ૫
મને માયાએ મૂક્યો પાશી, તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો, તું તો સકલ પદારથે પૂરો. સુ૦ ૬
મ્હારે છો તુંહી પ્રભુ એક, ત્હારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મૂકું માન, તું તો માન રહિત ભગવાન. સુ૦ ૭
મારું કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે રાય;
એક કરો મુજ મહેરબાની, મ્હારો મૂજરો લેજો માની. સુ૦ ૮
એક વાર જો નજરે નીરખો, તો સેવકને કરો તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે. સુ૦ ૯

રાત્રિ ગમાયી સોવતે, દિવસ ગમાયા ખાય;
હીરા જૈસા મનુષ્યભવ, કોડી બદલે જાય.

ભવોભવ તુમ ચરણુની સેવા, હું તો માંગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી **ઉદયરત્ન**ની વાણી. સુ૦ ૧૦

( ૪ )

ક્ષણુ ક્ષણુ સાંભરે શાંતિ સલુણા, ધ્યાન ભુવનજિનરાજ પરુણા. ક્ષ૦
શાંતિ જિનંદ કો નામ અમીસે, ઉલ્લસિત હોત હમ રોમ વપુના, ક્ષ૦
ભવ ચોગાનમેં ફિરતે પાએ, છોરત મેં નહિં ચરણુ પ્રભુનાં. ક્ષ૦ ૧
છીલ્લર મેં રતિ કબહુ ન પાવે, જે ઝીલે જલ ગંગ યમુના, ક્ષ૦
તુમ સમ હમ શિરનાથ ન થાશે, કર્મ અધુના દૂના ધૂના. ક્ષ૦ ૨
મોહ લરાઇ મેં તેરી સહાઇ, તો ક્ષણુ મેં છિન્ન છિન્ન કટુના; ક્ષ૦
નહિ ઘટે પ્રભુ આના કૂના, અચિરાસુત પતિ મોક્ષ વધૂના. ક્ષ૦ ૩
ઓર કી પાસ મેં આશ ન કરતે, ચાર અનંત પસાય કરુના; ક્ષ૦
ક્યૂં કર માગતાં પાસ ધતૂરે, યુગલિક યાચક કલ્પતરુના. ક્ષ૦ ૪
ધ્યાન ખડ્ગ વર તેરે આસંગે, મોહ ડરે સારી ભીક ભરુના; ક્ષ૦
ધ્યાન અરૂપી તો સાંઈ અરૂપી, ભક્તેં ધ્યાવત તાના તુના. ક્ષ૦ ૫
અનુભવ રંગ વધ્યો ઉપયોગે, ધ્યાન સુપાનમેં કાથા ચૂના; ક્ષ૦
ચિદાનંદ ઝકઝોલ ઘટાસેં, શ્રી **શુભવીરવિજય** પડિપુન્ના. ક્ષ૦ ૬

( ૫ )

મ્હારો મુજરો લ્યોને રાજ, સાહેબ શાંતિ સલુણા,
અચિરાજીનો નંદન તોરે, દરસણુ હેતે આવ્યો,
સમકિત રીઝ કરીને સ્વામી, ભકિત ભેટણું લાવ્યો. મ્હા૦ ૧

**વિદ્યા વનિતા વેલ નૃપ, એ નહિ જાત ગણંત;**
**જે જ્યું કે પાસે વસે, તે ત્યું સે લપટંત.**

દુ:ખભંજન છે બિરુદ તમારું, અમને આશા તુમારી;
તુમે નીરાગી થઈને છૂટો, શી ગતિ હોવે હમારી? મહા૦ ૨
કહે છે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાલક જો બોલી ન જાણે, તો કેમ વહાલો લાગે? મહા૦ ૩
મ્હારે તો તું સમર્થ સાહેબ, તો કેમ ઓછું માનું?
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિસ્યાનું? મહા૦ ૪
અધ્યાતમ રવિ ઊગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે;
વિમલવિજય વાચકનો સેવક, **રામ** કહે શુભ ભક્તે. મહા૦ ૫

## શ્રી મલ્લિનાથ પ્રભુનું સ્તવન

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસી રે,
કરે વિનતિ ગુણની રાશી, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે;
ભવિજીવને શિવસુખ દીજે. મલ્લિ. ૧
તુમે કરુણા રસભંડાર રે, પામ્યા છો ભવનો પાર રે;
સેવકનો કરો ઉદ્ધાર. મલ્લિ. ભ. ૨
પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગનાં દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વપણે તસ થાપે. મલ્લિ. ૩
સુરપતિ સઘલા મળી આવે રે, મણિ રયણ સોવન વરસાવે રે;
પ્રભુચરણે શીશ નમાવે. મલ્લિ. ૪
તીર્થોદક કુંભા લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે;
સુરપતિ ભક્તે નવરાવે. મલ્લિ. ૫

**ઉદ્યમ કરતાં માનવી, શું નવિ સીઝે કાજ;**
**રામે રયણાયર તરી, લીધું લંકા રાજ.**

વસ્ત્રાભરણે શણગારે રે, ફૂલમાલા હૃદય પર ધારે રે;
દુઃખડા ઈંદ્રાણી ઊવારે. મલ્લિ. ૬
મળ્યા સુરનર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી. મલ્લિ. ૭
મગશિર સુદિની અજુઆલી રે, એકાદશી ગુણની આલિ રે,
વર્યા સંયમ વધુ લટકાલી. મલ્લિ. ૮
દીક્ષાકલ્યાણક એહ રે, ગાતાં દુઃખં ન રહે રેહ રે;
લહે **રૂપવિજય** જશ નેહ. મલ્લિ. ૯

---

## શ્રી મુનિસુવ્રત સ્વામી જિન સ્તવન

( ઈડર આંબા આંબલી રે—એ દેશી. )

મુનિસુવ્રત કીજે મયા રે, મનમાંહિં ધરી મહિર,
મહિરવિહુણા માનવી રે, કઠીન જણાયે કહિર;
જિણેસર તું જગનાયક દેવ, તુજ જગહિત કરવા ટેવ,
બીજા જુયેં કરતા સેવ. જિને. ૧
અરહટ ખેત્રની ભૂમિકા રે, સીંચે કૃતારથ હોય,
ધારાધર સઘલી ધરા રે, ઉદ્ધરવા સજ્જ જોય.
જિનેસર. તુજ. બીજા. ૨
તે માટે અમ ઉપરે રે, આણી મનમાં મહેર,
આપે આયા આફણી રે, બોધવા ભરૂયચ શહેર.
જિનેસર. તુજ. બીજા. ૩

વિણ ઉદ્યમ કેમ નીકળે ? તીલમાંહેથી તેલ;
ઉદ્યમથી ઊંચે ચડે, જુઓ એકેંદ્રિય વેલ.

અણુપ્રારથતા ઊધર્યા રે, આપે કરીય ઉપાય,
પ્રારથતા રહે વિલવતા રે, એ કુણ કહીયે ન્યાય ?
જિનેસર. તુજ. બીજા. ૪

સંબંધ પણ તુજ મુજ વચ્ચે રે, સ્વામી સેવક ભાવ,
**માન** કહે હવે મહિરનો રે, ન રહ્યો અજર પ્રસ્તાવ.
જિનેસર. તુજ. બીજા. ૫

---

## શ્રી નેમિનાથસ્વામીનું સ્તવન

પરમાતમ પૂરણકલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દૃષ્ટિ નીહાળીએ, ચિત્ત ધરીએ હો અમચી અરદાસ. પ. ૧

સર્વ દેશઘાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાલ;
વાસ કીયો શિવમંદિરે, મોહે વિસરી હો ભમતો જગ જાળ. પ. ૨

જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતા, કીમ કીની હો ઈણે અવસર વાર ? પ. ૩

મોહ મહામદ છાકથી, હું છકીયો હો નહિ શુદ્ધિ લગાર;
ઉચિત સહી ઈણે અવસરે, સેવકની હો કરવી સંભાળ. પ. ૪

મોહ ગયે જો તારશો, તીણ વેલા હો કહા તુમ ઉપગાર ?
સુખ વેળા સજ્જન ઘણા, દુઃખ વેળા હો વિરલા સંસાર. પ. ૫

---

**દૃઢપ્રહારી હત્યા કરી, કીધા પાપ અનંત;**
**ઉદ્યમથી ખટ માસમાં, આપ થયો અરિહંત.**

પણુ તુમ દરિસણુ જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો કર્મ વિનાશ. પ. ૬
કર્મ કલંક નીવારીને, નિજ રૂપે હો રમે રમતા રામ;
લહત અપૂર્વ ભાવથી, ઇણુ રીતે હો તુમ પદ વિશ્રામ. પ. ૭
ત્રિકરણુ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ;
ચિદાનંદ મનમેં સદા, તુમે આપો હો પ્રભુ નાણુ દીણુંદ. પ. ૮

## શ્રી પાર્શ્વજિન સ્તવનો

પરમાતમ પરમેસરુ, જગદીશ્વર જિનરાજ,
જગબંધવ જગભાણુ બલિહારી તુમતણી, ભવજળમાંહિ જહાજ. ૧
તારક વારક મોહનો, ધારક નિજગુણ ઋદ્ધિ,
અતિશયવંત ભદંત રૂપાલી શિવવધૂ, પરણી લહી નિજ સિદ્ધિ ૨
જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણુ અનંત,
ઇમ દાનાદિ અનંત ક્ષાયિકભાવે થયા, ગુણુ તે અનંતાનંત. ૩
બત્રીશ વર્ણ સમાય છે, એક જ શ્લોક મોઝાર;
એક વર્ણ પ્રભુ તુજ ન માયે જગતમાં, કેમ કરી શુણીએ ઉદાર ? ૪
તુજ ગુણ કોણુ ગણી શકે ? જો પણુ કેવલ હોય;
આવિર્ભાવથી તુજ સયલ ગુણ માહરે, પ્રચ્છન્ન ભાવથી જોય. ૫
શ્રી પંચાસરા પાસજી, અરજ કરું એક તુઝ;
આવિર્ભાવથી થાય દયાળ, કૃપાનિધિ કરુણા કીજેજી મુજ. ૬

શ્રી જિન ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ;
**પદ્મવિજય** કહે એમ લહું, શિવનગરીનું અક્ષય અવિચલ રાજ. ૭

( ૨ )

મેરે સાહેબ તુમહિ હો, પ્રભુ પાસ જિણંદા;
ખિજમતદાર ગરિબ હું, મૈં તેરા બંદા. ૧
મૈં ચકોર કરું ચાકરી, જબ તુમહી ચંદા;
ચક્રવાક મૈં હુઈ રહું, જબ તુમહી દિણંદા. ૨
મધુકર પરે મૈં રનઝનું, જબ તુમ અરવિંદા;
ભક્તિ કરું ખગપતિ પરે, જબ તુમહિ ગોવિંદા. ૩
તુમ જબ ગર્જિત ઘન ભયે, તબ મૈં શિખિ નંદા;
તુમ સાયર જબ મૈં તદા, સુરસરિતા અમંદા. ૪
દૂરે કરો દાદા પાસજી, ભવ દુઃખકા ફંદા;
વાચક **યશ** કહે દાસકું, દીજો પરમાનંદા. ૫

( ૩ )

રાતા જેવાં ફૂલડાં ને, શામલ જેવો રંગ,
આજ તારી આંગીનો કાંઈ, રૂડો બન્યો રંગ;
પ્યારા પાસજી હો લાલ, દીનદયાળ મુને નયણે નિહાલ. ૧
જોગીવાડે જાગતો ને, માતો ધિંગડમલ્લ;
શામલો સોહામણો કાંઈ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨
તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ;
આશા પૂરો દાસની કાંઈ, સાંભળી અરદાસ. પ્યારા૦ ૩

**ભવસ્થિતિનો પરિપાક થયો, તવ પંડિત વીર્ય ઉલ્લસીયો;**
**ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઈને વસીયો.**

દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવલ્લ;
લાખેણું છે લટકું તહારું, દેખી રીઝે દિલ. પ્યારા૦ ૪
કોઈ નમે પીરને ને, કોઈ નમે રામ;
**ઉદયરત્ન** કહે પ્રભુ, મારે તુમશું કામ. પ્યારા૦ ૫

( ૪ )

નિત્ય સમરું સાહેબ સયણાં, નામ સુણતાં શીતળ શ્રવણાં,
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલ્લસે વયણાં રે;
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે. શંખે૦ ૧
દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાન્ત રુચિપણું લીજે;
અરિહાપદ પજ્જવ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે. શંખે૦ ૨
સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પ્રાસના ગણધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણી લોકમાં વયણે ગવાશો રે. શંખે. ૩
એમ દામોદર જિનવાણી, આષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજ ઘર આવે, પ્રભુપાર્શ્વની પ્રતિમા ભરાવે રે. શંખે. ૪
ત્રણ કાલ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા પણ તિહાં લાવે રે. શંખે. ૫
ઘણા કાલ પૂજી બહુમાને, વળી સૂરજ ચન્દ્ર વિમાને;
નાગલોકના કષ્ટ નિવાર્યાં, જ્યારે પાર્શ્વપ્રભુજી પધાર્યાં રે. શંખે. ૬
યદુસૈન્ય રહ્યો રણ ઘેરી, જીત્યા નવિ જાયે વૈરી;
જરાસંધે જરા તવ મેલી, હરિબલ વિના સઘલે ફેલી રે. શંખે. ૭

---

**જ્ઞાની ધ્યાની ચતુર નર, તીનોં રહેત ઉદાસ;**
**ખર ઘુવડ મૂરખ પશુ, સદા સુખી પ્રતિરાજ.**

નેમીશ્વર ચોકી વિશાલી, અઠ્ઠમ કરે વનમાલી;
તૂહી પદ્માવતી બાલી, આપે પ્રતિમા ઝાકઝમાલી રે. શંખે. ૮
પ્રભુ પાસની પ્રતિમા પૂજી, બલવંત જરા તવ ધ્રૂજી;
છંટકાવ ન્હવણ જળ જોતી, જાદવની જરા જાય રોતી રે. શંખે. ૯
શંખપુરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે. શંખે. ૧૦
રહે જે જિનરાજ હજૂરે, સેવક મનવાંછિત પૂરે;
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઈ ને રાજે રે. શંખે. ૧૧
નાના માણેકકેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે, ગામોગામના સંઘ મીલાવે રે. શંખે. ૧૨
અઢાર અઠોતેર વરસે, ફાગણ વદિ તેરસ દિવસે;
જિન વંદી આનંદ પાવે, **શુભવીર** વચનરસ ગાવે રે. શંખે. ૧૩

## ( ૫ )

મારી દશા–રાગ શ્રી રાગ. પદ ૩૦ મું.

અબ મોહી ઐસી આય બની, શ્રી શંખેશ્વર પાસ જિનેસર,
મેરે તું એક ધની–અબ૦ ૧
તું બિનુ કો ઉચિત ન સુહાવે, આવે કોડી ગુની;
મેરો મન તુજ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભણી–અબ૦ ૨
તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરની;
નામ જપું નિશી વાસર તેરો, એ શુભ મુજ કરની–અબ૦ ૩

પ્રીતિ એસી કીજીયે, જૈસા ટંકણખાર,
આપ જલે પર રીઝવે, ભાંગ્યા સાંધે હાડ.

ક્રોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની;
નામ જપું જલધાર તિહાં તુજ, ધારું દુઃખ હરની–અબ૦ ૪
મિથ્યામતિ બહુ જન હે જગમેં, પદ ન ધરત ધરની;
ઊનતેં અબ તુજ ભક્તિ પ્રભાવે, ભય નહિ એક કની–અબ૦ ૫.
સજ્જન નયન સુધારસ અંજન, દુરજન રવિ ભરની;
તુજ મૂરતિ નિરખે સો પાવે, સુખ **જસ** લીલ ઘની–અબ૦ ૬

( ૬ )

રાગ. સુરતી ટોડી.

પ્રભુ તો સમ અવર ન કોઈ ખલકમેં,
હરિ હર બ્રહ્મા વિગુતે સોતો, મદન જીત્યો તે પલકમેં. પ્રભુ૦ ૧
જ્યોં જળ જગમેં અગન બૂજાવત, વડવાનળ સો પીયે. પલકમેં.
**આનંદઘન** પ્રભુ વામા રે નંદન, તેરી હામ ન હોત હલકમેં.
પ્રભુ૦ ૨

( ૭ )

ચાલ ચાલ રે કુમર તાહરી ચાલ ગમે રે,
તુજ દીઠડા વિના મીઠડા માહરા પ્રાણ ભમે રે. ચાલ૦ ૧
ખોળામાંહિ પડતું મેહલે, રીસે દમે રે,
માવડી વિના આવડું ખુંધું, કુણ ખમે રે ? ચાલ૦ ૨
માતા વામા કહે મુખડું જોતાં, દુખડાં શમે રે;
લળી લળી **ઉદયરત્ન** પ્રભુ, તુજને નમે રે. ચાલ૦ ૩

---

રાજ્ય ભોગ સંપત્તિ સુકુલ, વિદ્યા રૂપ વિજ્ઞાન;
અધિક આયુ આરોગ્યતા, પ્રગટ ધર્મ ફલ જાન.

## શ્રી મહાવીરજિનનાં સ્તવનો

( રાગ– આશાવરી–ખૂને જીગરકો પીતે હય બસ ગમમેં તેરે યાર. )

મહાવીર તુમારી મનહર મૂરતિ, દેખી મન હરખાય,
પ્રભુ ત્રિશલા માતાના જાયા, સિદ્ધારથ નૃપ કુલ આયા,
ઇંદ્રાણી મળી હુલરાયા, તારી કંચન વરણી કાય. મહા૦ ૧
જલ કલશ ભરી ન્હવરાવું, પૂજન કરી અતિ હરખાઉં,
ભવભવનાં દુઃખ ગમાવું, મુજ જન્મ કૃતારથ થાય. મહા૦ ૨
વળી સુંદર પુષ્પ મંગાવું, તેની ગુંથી માળ બનાવું,
લઈ પ્રભુકંઠે પહેરાવું, તારા સુર નર સેવે પાય. મહા૦ ૩
ભક્તિ ભરી ભાવના ભાવું, ગુણગાનથી પાવન થાઉં,
નિશદિન તુમ ધ્યાન ધરાવું, જેથી દુર્લભ સમકિત થાય. મહા૦ ૪

( ૨ )

મેં તો નજીક રહેસ્યાંજી, મોરા રે સાહેબની મેં તો સેવા કરસ્યાંજી.
સાહેબની સેવામાં રહેસ્યાં, કરસ્યાં સુખ દુઃખ વાત,
આણા વહેસ્યાં, શિવસુખ લેસ્યાં, હરસ્યાં દુરતિ સંગાત. મેં તો. ૧
સિદ્ધારથ રાજાનો નંદન, ત્રિશલા દેવી માય,
ચોવીસમા જિનના ગુણ ગાતાં, હરખિત કરશું કાય. મેં તો. ૨
એને મંડી છને છંડી, બોલાવીશું બાર,
પન્નર જણની પાસ ન પડશું, તેરને દેશું માર. મેં તો. ૩

કર્મે રામ વસ્યા વનવાસે, સીતા પામે આળ;
કર્મે લંકાપતિ રાવણનું, રાજ્ય થયું વિસરાળ.

ચાર પાંચ સાત આઠ હણીને, નવશું ધરશું નેહ,
દસ પોતાના દોસ્ત કરીને, એકને દેશું છેહ. મેં તો. ૪
બે પાંચ સત્યાવીસ ધરશું, બેંતાલીસ સુધ,
તેત્રીસ ને ચોરાસી ટાલી, આતમ કરશું સુધ. મેં તો. ૫
સત્તર પાલી અઢાર અજુવાલી, જીતીશું બાવીસ,
તેવીસ જણને દૂર કરીને, ચિત્ત ધરશું ચોવીસ. મેં તો. ૬
ચારમાંથી બે પરિહરશું, બેનો આદર કરશું,
એમ જિનની આણા વહીને, ભવસાયરને તરશું. મેં તો. ૭
અંગ વિનાનો સંગ ન કરીએ, તરીએ ભવજલ તીર,
**ઉદયરત્ન** કહે ત્રિશલાનંદન, જય જય શ્રીમહાવીર. મેં તો. ૮

---

## આ સ્તવનના અર્થ

અર્થ ( ગાથા ૩ ) બેને મંડી એટલે દેશવિરતિ અને સર્વ-વિરતિ ( છ કાયની હિંસા ) ( ૧૨ ભાવના ) ( ૧૫ કર્માદાન ) ( ૧૩ કાઠીયા ) ( ગાથા ૪ ) ( ૪ કષાય ) ( ૫ પ્રમાદ ) ( ૭ ભય ) (૮ કર્મ) (૯ બ્રહ્મચર્યની વાડ) (૧૦ યતિધર્મ) (૧મિથ્યાત્વ) ( ગાથા ૫ ) ( ૨ જ્ઞાન ને ક્રિયા ) ( ૫ મહાવ્રત ) ( ૨૭ સાધુના ગુણ ) ( ૪૨ ગોચરીના દોષ ) ( ૩૩ ગુરુઆશાતના ) ( ૮૪ જિનમંદિરની આશાતના ) ( ગાથા ૬ ) ( ૧૭ સંયમ ) ( ૧૮ પાપસ્થાનક ) ( ૨૨ પરીસહ ) ( ૨૩ વિષય ) ( ૨૪ તીર્થંકર )

કર્મે વરસ લગે રિસહેસર, ઉદક ન પામે અન્ન;
કર્મે વીરને જુઓ યોગમાં, ખીલા રોપ્યા કાન.

( ગાથા ૭ ) (૧) આર્ત્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન (૪) શુકલધ્યાન—આ ચારમાંથી પ્રથમ બેને છોડવા અને છેલ્લા બેનો આદર કરવો.

## ( ૩ )

રાગ—કાફી હુસેની-જસ ન પાલા—એ દેશી
રાગ—કાનડો ( યા ગતિ કૌન હૈ સખી તોરી-એ દેશી )

સાહિબ ધ્યાયા, મન મોહના, અતિ સોહના, ભવિ બોહના
સાહિબ ધ્યાયા૦ ટેક ૧
આજ થે સફલ મેરે, માનું ચિંતામણી પાયા—સાહિબ
ચોસઠ ઇંદ્રે મિલિય પૂજ્યો, ઇંદ્રાની ગુન ગાયા—સા૦ ૨
જનમ મહોત્સવ કરે દેવ, મેરુશિખર લે આયા,
હરિકો મન સંદેહ જાની, ચરને મેરુ ચલાયા—સા૦ ૩
અહિ વેતાલ રૂપ દાખી, દેવે ન વીર ખોભાયા,
પ્રગટ ભયે પાય લાગી, વીર નામે બુલાયા—સા૦ ૪
ઇંદ્ર પૂછે વીર કહે, વ્યાકરન નીપાયા,
મોહ થેં નિશાલ ધરનેં, બુધિં વીર પઢાયા—સા૦ ૫
વરસીદાન દેઈ ધીર, લેઈ વ્રત સુહાયા,
સાલ તલેં ધ્યાન ધ્યાતેં, ઘાતી ઘન ખપાયા—સા૦ ૬
લહી અનંત જ્ઞાન આપ, રૂપ કર્મ ઝગમગાયા,
જસ કહે હમ સોઈ વીર, જ્યોતિશું જ્યોતિ મિલાયા—સા૦ ૭

અજીર્ણે ભોજન તજે, અને ઊણોદરી થાય;
શરીર સુખકારી રહે, વિકાર થાય વિદાય.

( ૪ )

વીર જિણંદ જગત ઉપગારી, મિથ્યા ધામ નિવારીજી;
દેશના અમૃતધારા વરસી, પરપરિણતિ સવિ વારીજી–
વીર૦ ૧

પાંચમે આરે જેહનું શાસન, હોય હજાર ને ચાર જી;
યુગપ્રધાન સૂરીશ્વર વહશે, સુવિહિત મુનિ આધારજી–
વીર૦ ૨

ઉત્તમ આચારજ મુનિ અજ્જા, શ્રાવક શ્રાવિકા અચ્છજી;
લવણ જલધિમાંહે મીઠું જળ, પીવે શૃંગી મચ્છજી–
વીર૦ ૩

દશ અચ્છેરે દુઃષિત ભરતે, બહુ મતભેદ કરાળ જી;
જિનકેવળી પૂરવધર વિરહે, ફણીસમ પંચમકાળ જી–
વીર૦ ૪

તેહનું ઝેર નિવારણ મણિસમ, તુજ આગમ તુજ બિંબજી;
નિશિ દીપક પ્રવહણ જેમ દરિયે, મરુમાં સુરતરુ લુંબજી–
વીર૦ ૫

જૈનાગમ વક્તાં ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિબોધજી;
કલિકાળે પણ પ્રભુ ! તુજ શાસન, વરતે છે અવિરોધજી–
વીર૦ ૬

આવ નહીં આદર નહીં, નહીં નેનમેં નેહ;
ઉસ ઘર કબુ ન જાઈએ, કંચન વરસે મેહ.

મ્હારે તો સુષમાથી દુષમો, અવસર પુન્ય નિધાન જી;
ખીમાવિજય **જિન** વીરસદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી—
. વીર૦ ૭

( ૫ )

ના રે પ્રભુ નહિ માનું, નહીં માનું અવરની આણ;
ના રે પ્રભુ નહિ માનું, મારે તારું વચન પ્રમાણ. ના રે૦ ૧
હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંય રે;
ભામિની ભરમ ભ્રકુટીએ ભૂલ્યા, તે મુજને ન સોહાય. ના રે૦ ૨
કેઇક રાગી ને કેઇક દ્વેષી, કેઇક લોભી દેવ રે;
કેઇક મદ માયાના ભરિયા, કેમ કરીએ તસ સેવ ? ના રે૦ ૩
મુદ્રાપણ તેમાં નવિ દીસે, પ્રભુ તુજમાંહિલી તલમાત્ર રે;
તે દેખી દિલડું નવી રીઝે, શી કરવી તેની વાત ? ના રે૦ ૪
તુ ગતિ તું મતિ તું મુજ પ્રીતમ,જીવ જીવન આધાર રે;
રાત દિવસ સુપનાંતરમાંહી, તું હી મારે નીરધાર. ના રે૦ ૫
અવગુણ સઉ ઉવેખીને પ્રભુ, સેવક કહીને નિહાળ રે;
જગબંધવ એ વિનતિ મારી, મારાં ભવોભવના દુઃખ ટાળ. ના રે૦ ૬
ચોવીસમા પ્રભુ ત્રિભુવનસ્વામી, સિદ્ધારથના નંદ રે;
ત્રિશલાજીના નાનડીયા પ્રભુ, તુમ દીઠે અતિહી આણંદ. ના રે૦ ૭
સુમતિવિજય કવિરાયનો, **રામવિજય** કરજોડ રે;
ઉપકારી અરિહંતજી માહરા, ભવોભવના બંધ છોડ. ના રે૦ ૮

**અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;**
**સુખડ જો સળગાવીએ, આપે સરસ સુવાસ.**

(૬)

સિદ્ધારથના રે નંદન! વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવરાવ.
સિદ્ધા૦ ૧

ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ;
દાન દીયંતા રે પ્રભુ કોસર કીસી, આપો પદવી રે આપ.
સિદ્ધા૦ ૨

ચરણ અંગૂઠે મેરુ કંપાવીઓ, મોડયાં સુરનાં રે માન;
અષ્ટ કરમનાં રે ઝગડા જીતવા, દીધાં વરસી રે દાન.
સિદ્ધા૦ ૩

શાસનનાયક શિવસુખદાયક, ત્રિશલા કૂખે રતન,
સિદ્ધારથનો રે વંશ દીપાવીઓ, પ્રભુજી તમે ધન ધન.
સિદ્ધા૦ ૪

વાચકશેખર કીર્તિવિજય ગુરુ, પામી તાસ પસાય;
ધર્મતણા એ જિન ચોવીશમા; **વિનયવિજય** ગુણ ગાય.
સિદ્ધા૦ ૫

(૭)

(આજ સખી સંખેસરો—એ દેશી.)

શ્રી મહાવીર મનોહરુ, પ્રણમું શિર નામી;
કંત જશોદા નારીનો; જિન શિવગતિગામી. ૧

અંધા આગળ આરિસો, બહેરા આગળ ગીત;
મૂરખ આગળ રસકથા, ત્રણે તે એક જ રીત.

ભગિની જાસ સુદંસણા, નંદિવર્ધન ભાઈ;
હરિ લંછન હેજાલુએ, સહુ કોઈને સુખદાય. ૨
સિદ્ધાર્થ ભૂપતિતણો, સુત સુંદર સોહે;
નંદન ત્રિશલા દેવીનો ત્રિભુવન મન મોહે. ૩
એ સત દશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે;
પુણ્ય પાપ ફલકેરડાં, સુણે ભવિક ઉલ્લાસે. ૪
ઊત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર;
સોળે પહોર દીયે દેશના, કરે ભવિ ઉપગાર. ૫
સર્વાર્થસિદ્ધ મુહૂર્ત્તમાં, પાછલી જે રયણી;
યોગનિરોધ કરે તિહાં; શિવની નીસરણી. ૬
ઉત્તરાફાલ્ગુની ચંદ્રમા, જોગે શુભ આવે;
અજરામર પદ પામિયા, જય જય રવ થાવે. ૭
ચોસઠ સુરવર આવીયા, જિનઅંગ પખાલી;
કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દીવાલી. ૮
લાખ કોડી ફલ પામીયે, જિનધ્યાને રહીએ;
**ધીરવિમલ** કવિરાજનો, **જ્ઞાનવિમલ** કહીએ. ૯

(૮)

(હાલરડું)

માતા ત્રિશિલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરુવાનાં ગીત;

કન્યાવિક્રય જે કરે, તેહને લાગે પાપ;
દુઃખી દારિદ્ર દોષિત થઈ, પામે બહુ સંતાપ.

સોના રૂપા ને વળી રત્ને જડિયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમછુમ રીત,
હાલો હાલો હાલો હાલો મારા નંદને. ૧

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે,
હોશે ચોવીશમો તીર્થંકર જિન પરિમાણ;
કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ. હા. ૨

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ;
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રીરાજ;
જિનજી પાસ પ્રભુના શ્રીકેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ;
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શીરતાજ,
મારી કૂખે આવ્યા તરણતારણ જહાજ;
હું તો પુણ્ય પનોતી ઈન્દ્રાણી થઇ આજ. હા. ૩

મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજનાં,
તે દિન સંભારું ને આનંદ અંગ ન માય. હા. ૪

કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;

કપટીના મન એહવા, જેવા પાકા બોર;
બાહિર સુંદર પેખીયે, માંહે કઠીન કઠોર.

નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વીશવાવીશ. હા. ૫

નંદન નવલા બંધવ નંદિવર્દ્ધનના તમે,
નંદન ભોજાઈઓના દીયર છો સુકુમાલ;
હસશે ભોજાઈઓ કહી દીયર મ્હારા લાડકા,
હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ.
હસશે રમશે ને વળી હુંસા દેશે ગાલ. હા. ૬

નંદન નવલા ચેડા રાણાના ભાણેજ છો,
નંદન નવલા પાંચશેં મામીના ભાણેજ છો,
નંદન મામલીયોના ભાણેજા સુકુમાલ,
હસશે હાથે ઉચ્છાલી કહીને ન્હાના ભાણેજા;
આંખ્યો આંજીને વલી ટપકું કરશે ગાલ. હા. ૭

નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
રત્ને જડીયાં ઝાલર મોતી કસબી કોર;
નીલાં પીળાં ને વળી રાતાં સર્વે જાતિના,
પહેરાવશે મામી માહરાં નંદકિશોર. હા. ૮

નંદન મામા મામી સુખલડી બહુ લાવશે,
નંદન ગજુવે ભરશે લાડુ મોતીચૂર;
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં;
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હા. ૯

કડવો હોયે લીંબડો, પણ તસ મીઠી છાય;
બંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.

નંદન નવલી ચેડા મામાની સાતે સતી
    મારી ભત્રીજી ને બેન તમારી નંદ;
તે પણ ગુંજે ભરવા લાખણુસાઈ લાવશે,
    તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હા. ૧૦

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો,
    વલી સૂડા મેના પોપટ ને ગજરાજ;
સારસ હંસ કોયલ તીતર ને વલી મોરજી,
    મામી લાવશે રમવા નંદ તમારે કાજ.. હા. ૧૧

છપ્પન કુમરી અમરી જલકલશે નવરાવિયા,
    નંદન તમને અમને કેલીઘરની માંહિ;
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
    બહુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહિ. હા. ૧૨

તમને મેરુગિરિ પર સુરપતિએ નવરાવીયા,
    નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારુ કોટિ કોટિ ચંદ્રમા,
    વલી તન પર વારુ ગ્રહગણનો સમુદાય. હા. ૧૩

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
    ગજ પર અંબાડી બેસાડી મહોટે સાજ;
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું,
    સુખડલી લેશું નિશાળિયાને કાજ. હા. ૧૪

કરમ વિનાનો કરસનીયો, કોની જાને જાય?
કરમમાં લખી રાબડી તો, લાડ કયાંથી ખાય?

નંદન નવલા મ્હોટા થાશો ને પરણાવશું,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખા વેવાઈ વેવાણોને પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઈ ને દેદાર. હા. ૧૫

પીયર સાસર માહરા બેહું પખ નંદન ઉજળા,
મહારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
મહારે આંગણ વૂઠા અમૃત દૂધે મેહુલા,
મહારે આંગણે ફળીયા સુરતરુ સુખના કંદ. હા. ૧૬

ઇણિ પરે ગાયું માતા ત્રિશલાસુતનું પારણું,
જે કોઈ ગાશે લેશે પુત્રતણા સામ્રાજ;
બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરું,
જય જય મંગલ હોજો **દીપવિજય** કવિરાજ. હા. ૧૭

---

## શ્રી મહાવીરસ્વામીના સત્તાવીસ ભવનું પંચઢાલિયું

દોહા

શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીસ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧

સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય;
જો વલી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨

**વરસાદે વનરાય જે, સો નવપલ્લવ થાય;**
**જાય જવાસાનું કીશું ? જે ઊભો સૂકાય !**

વીર જિનેશ્વર સાહેબો, ભમિયો કાલ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

## ઢાલ પહેલી

( કપુર હોય અતિ ઊજળો રે–એ દેશી. )

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર,
કાઇ લેવા અટવી ગયો રે, ભોજનવેળા થાય રે;
પ્રાણી ! ધરિયે સમકિત રંગ,
જિમ પામિયે સુખ અભંગ રે પ્રાણી ! ધરીયે. એ આંકણી. ૧

મન ચિંતે મહિમાનીલો રે, આવે તપસી કોય;
દાન દઈ ભોજન કરું રે, તો વંછિત ફળ હોય રે–પ્રા૦ ૨

મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કેમ ભટકો ઈહાં રે, મુનિ કહે સાથ વિજોગ રે–પ્રા૦ ૩

હરખભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે, સાથ ભેળા કરું આજ રે–પ્રા૦ ૪

પગવટીએ ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ;
સંસાર ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે–પ્રા૦ ૫

દેવગુરુ ઓળખાવિયા રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે–પ્રા૦ ૬

ગાંજો પીતાં જગતમાં, લાજ ઘટે બહુ વાર;
ગંજેડી કેફી કહે, નિંદે લોક અપાર.

શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મઝાર;
પલ્યોપમ આયુ ચ્યવી રે, ભરતઘરે અવતાર રે–પ્રા૦ ૭

નામે મરીચી યૌવને રે, સંયમ લીયે પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડિક શુભ વાસ રે–પ્રા૦ ૮

## ઢાળ બીજી

( વિવાહલાની દેશી. )

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા;
જળ થોડે સ્નાન વિશેષે, પગ પાવડી ભગવે વેષે. ૧

ધરે ત્રિદંડી લાકડી મ્હોટી, શીર મુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે. ૨

સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ૩

જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચી નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪

ચક્રવર્તી વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરિચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા. ૫

તમે પુન્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદું ત્રિદંડીક વેશ, નમું ભક્તિએ વીર જિનેશ. ૬

અમલ ભખંતાં આળસુ, નિદ્રા નેણ અપાર;
લાલચમાં લપટી રહે, મુખથી કહે લબાડ.

એમ સ્તવના કરી ઘર જાવે, મરિચી મન હર્ષ ન માવે;
મારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭
અમે વાસુદેવ ધુર થઈશું, કુલ ઉત્તમ મ્હારું કહીશું;
નાચે કુળમદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮
એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળીયો કપિલ અવિવેક. ૯
દેશના સુણી દીક્ષા વાસે; કહે મરિચી લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દરશને ધર્મનો વ્હેમ, ચિંતે મરિચી એમ;
મુજ યોગ્ય મલ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરિચી કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા જોબન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમ સર્ગ સધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, શુભવીર સદા સુખમાંહિ. ૧૩

## ઢાલ ત્રીજી ॥ ચોપાઇની દેશી ॥

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેશ;
એંસી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧
કાળ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય. ૨

ગુણવંતા ગંભીર નર, દયાવાન દાતાર;
અંતકાલ તક ન તજે, ધૈર્ય ધર્મ ઉપકાર.

સૌધર્મે મધ્ય સ્થિતિયે થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લખ સાઠે મૂઓ. ૩
મધ્યસ્થિતિયે સુર સર્ગ ઈશાન, દશમે મંદિર પુર દ્વિજ ઠાણ;
લાખ છપ્પન પૂર્વાયુ પૂરી, અગ્નિભૂતિ ત્રિદંડિક મરી. ૪
ત્રીજે સર્ગે મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપુરી;
પૂરવ લાખ ચુમ્માળીસ આય, ભારદ્વાજ ત્રિદંડિક થાય. ૫
તેરમે ચોથે સર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચૌદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીશ લાખ પૂરવને આય. ૬
થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ ક્રોડ વરસ સમાય, રાજકુમાર વિશ્વભૂતિ થાય. ૭
સંભૂતિ મુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮
ગાયે હણ્યા મુનિ પડ્યા વસ્યા, વિશાખનંદિ પિતરીયા હસ્યા;
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯
તપ બળથી હોજો બળધણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

## ઢાલ ચોથી

નદી યમુના કે તીર ઉડે દોય પંખીડા

અઢારમે ભવે સાત સુપન સૂચિત સતી,
પોતનપુરીયે પ્રજાપતિ રાણી મૃગાવતી;

ચંપા તુજમાં તીન ગુણ, રૂપ ગંધ ઓર વાસ;
પણ તુજમાં અવગુણ ભર્યા, ભ્રમર ન આવે પાસ.

તસ સુત નામે ત્રિપૃષ્ઠ વાસુદેવ નિપન્યા,
પાપ ઘણું કરી સાતમી નરકે ઊપન્યા. ૧
વીશમે ભવ થઈ સિંહ ચોથી નરકે ગયા,
તીહાંથી ચ્યવી સંસારે ભવ બહુલા થયા;
બાવીશમે નરભવ લહી પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમે રાજ્યધાની મૂકાએ સંચર્યા. ૨
રાય ધનંજય ધારણી રાણીયે જનમિયા,
લાખ ચોરાશી પૂરવ આયુ જીવિયા;
પ્રિય મિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી. ૩
મહાશુક્રે થઈ દેવ ઇણે ભરતે ચવી,
છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી;
ભદ્રા માય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪
અગિયાર લાખ ને એંશી હજાર છસ્સેં વળી,
ઉપર પીસ્તાળીશ અધિક પણ દિન રૂળી;
વીસસ્થાનક માસખમણે જાવજ્જીવ સાધતા,
તીર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા. ૫
લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા,
છવ્વીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા;

જબ લગ જોગી જગગુરુ, જબ લગ રહે ઉદાસ;
જબ જોગી આશા કરે, તબ જોગી જગદાસ.

સાગર વીશનું જીવિત સુખભર ભોગવે,
શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે. ૬

## ઢાલ પાંચમી

ગજરામારુજી ચાલ્યા ચાકરી રે—એ દેશી

નયર માહણકુંડમાં વસે રે, મહા ઋદ્ધિ ઋષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ. પેટ૦ ૧
બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કૂખે છટકાય રે. ત્રિ૦ ૨
નવ માસાંતરે જનમીયા રે, દેવદેવીએ ઓછવ કીધ;
પરણી યશોદા જોવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ના૦ ૩
સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ;
બાર વર્ષે હુવા કેવલી રે, શિવવહુનું તિલક શિર દીધ રે. શિ૦ ૪
સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યાં રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ભ૦ ૫
ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચૌદ સહસ અણગાર;
છત્રીશ સહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે. બી૦ ૬
ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બહોંતેર વરસનું આઉખું રે, દીવાળીયે શિવપદ લીધ રે. દી૦ ૭
અગુરુલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ;
મોહરાય મલ્લ મૂળશું રે, તનમન સુખનો હોય નાશ રે. તનમન૦ ૮

જીવન જોબન રાજમદ, અવિચલ રહે ન કોય;
જો દિન જાય સતસંગમેં, જીવનકા ફલ સોય.

તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરીયે તુમારી આશ રે. અમે૦ ૯
અખય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરુ ઉપદેશ;
લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે. નવિ૦ ૧૦
મ્હોટાનો છે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, **શુભવીર** સદા સુખવાસ. શુભ૦ ૧૧

કલશ

ઓગણીશ એકે વરસ છે કે પૂર્ણિમા શ્રાવણ વરો,
મેં થુણ્યો લાયક વિશ્વનાયક વર્દ્ધમાન જિનેશ્વરો;
સંવેગ રંગ તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો,
શુભવિજય પંડિત ચરણસેવક, **વીરવિજયે** જયકરો. ૧૨

---

## શ્રી તીર્થમાળાનું સ્તવન

શત્રુંજે ઋષભ સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે,
સિધ્યા સાધુ અનંત, તીરથ તે નમું રે;
તીન કલ્યાણક તિહાં થયા, મુગતે ગયા રે,
નેમીશ્વર ગિરનાર. તીરથ૦ ૧
અષ્ટાપદ એક દેહરો, ગિરિસેહરો રે, ભરતે ભરાવ્યાં બિંબ, તી૦
આબૂ ચૌમુખ અતિભલો, ત્રિભુવનતિલો રે,
વિમલવસઇ વસ્તુપાલ. તીરથ૦ ૨

જે ઘર જિનપૂજા નહિ, જે ઘર નહિ મુનિદાન;
જે ઘર ધર્મકથા નહિ, તે નહિ પુન્યનું સ્થાન.

સમેતશિખર સોહામણો, રળિયામણો રે, સિધ્યા તીર્થંકર વીશ, તી૦
નયરી ચંપા નીરખીએ, હૈયે હરખીએ રે,
સિધ્યા શ્રી વાસુપૂજ્ય. તીરથ૦ ૩

પૂર્વદિશે પાવાપુરી, ઋધ્ધે ભરી રે, મુક્તિ ગયા મહાવીર, તી૦
જેસલમેર જુહારીએ, દુઃખ વારીએ રે,
અરિહંતબિંબ અનેક. તીરથ૦ ૪

બીકાનેર જ વંદીએ, ચિર નંદીએ રે, અરિહંત દેહરાં આઠ, તી૦
સેરીસરો શંખેસરો, પંચાસરો રે, ફલોધી થંભણપાસ. તીરથ૦ ૫

અંતરીક્ષ અજાવરો, અમીઝરો રે, જીરાવલો જનગાથ, તીરથ૦
ત્રૈલોકયદીપક દેહરો, જાત્રા કરો રે, રાણકપુરે રિસહેશ. તીરથ૦ ૬

શ્રી નાડુલાઈ જાદવો, ગોડી સ્તવો રે, શ્રી વરકાણો પાસ, તીરથ૦
નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાં રે, રુચક કુંડલે ચાર ચાર. તીરથ૦ ૭

શાશ્વતી અશાશ્વતી, પ્રતિમા છતી રે, સ્વર્ગ મૃત્યુ પાતાલ, તીરથ૦
તીરથયાત્રાફલ તીહાં, હોજો મુજ ઇહાં રે, **સમયસુંદર**
કહે એમ. તીરથ૦ ૮

---

## શ્રી સિદ્ધાચળજીનાં સ્તવનો

વિમળાચળ નિત્ય વંદીએ, કીજે એહની સેવા;
માનું હાથ એ ધર્મનો, શિવતરુ ફળ લેવા. વિ૦ ૧

ઉજ્જવળ જિનગૃહ મંડળી, તિહાં દીપે ઉત્તંગા;
માનુ હિમગિરિ વિભ્રમે, આઈ અંબર ગંગા. વિ૦ ૨
કોઈ અનેરું જગ નહિ, એ તીરથ તોલે;
એમ શ્રી મુખ હરિ આગલે, શ્રી સીમંધર બોલે. વિ૦ ૩
જે સઘળાં તીર્થ કર્યાં, યાત્રાફળ કહીએ;
તેહથી એ ગિરિ ભેટતાં-શતગણું ફળ લહીએ. વિ૦ ૪
જનમ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
**સુજસવિજય** સંપદ લહે, તે નર ચિર નંદે. વિ૦ ૫

( ૨ )

સિદ્ધાચળનો વાસી પ્યારો લાગે મોરા રાજીંદા,
ઇણુરે ગિરિમાં ઝીણી ઝીણી કોરણી, ઉપર શિખર બિરાજે, મોરા. ૧
કાને કુંડલ માથે મુગટ બિરાજે, બાંહે બાજુબંધ છાજે, મોરા. ૨
ચૌમુખબિંબ અનોપમ છાજે, અદ્ભુત દીઠે દુઃખ ભાજે, મોરા. ૩
ચુવા ચુવા ચંદન ઔર અરગજા, કેસર તીલક વિરાજે, મોરા. ૪
ઈણગિરિ સાધુ અનંતા સિદ્ધયા, કહેતાં પાર ન આવે, મોરા. ૫
**જ્ઞાનવિમળ** પ્રભુ એણી પેરે બોલે, આ ભવ પાર ઉતારો, મોરા. ૬

( ૩ )

( રાગ-સારંગ )

વિમલગિરિ કયું ન ભયે હમ મોર-વિ૦ સિદ્ધવડ રાયણ રૂખકી
શાખા, ઝુલત કરત ઝકોર-વિ૦ ૧

તાનસેનકે તાન મેં, સબતાન ગુલતાન;
આપ આપકે તાનમેં, ગદ્ધા ભી મસ્તાન.

આવત સંઘ રચાવત અંગિયા, ગાવત ગુણ ઘમઘોર, વિ.
હમ ભી છત્ર કલા કરી નીરખત, કટને કર્મ કઠોર–વિ. ૨
મૂરત દેખ સદા મન હરખે, જૈસે ચંદ ચકોર, વિ.
**શ્રી રિખહેસર દાસ** તિહારો, અરજ કરત કરજોર–વિ. ૩

(૪)

તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું,
રૂષભ જિણંદને પૂજવા, સૂરજકુંડમાં ન્હાશું, તે દિન૦ ૧
સમવસરણમાં બેસીને, જિનવરની વાણી,
સાંભળશું સાચા મને, પરમારથ જાણી, તે દિન૦ ૨
સમકિત વ્રત સુધાં ધરી, સદ્ગુરુને વંદી,
પાપ સર્વ આલોઈને, નિજ આતમ નિંદી, તે દિન૦ ૩
પડિક્કમણાં દોય ટંકનાં, કરશું મન કોડે,
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે, તે દિન૦ ૪
વહાલા ને વૈરી વચ્ચે, નવિ કરશું વહેરો,
પરના અવગુણ દેખીને, નવિ કરશું ચહેરો, તે દિન૦ ૫
ધર્મ સ્થાનક ધન વાવરી, છક્કાયના હેતે,
પંચ મહાવ્રત લેઈને, પાળશું મન પ્રીતે, તે દિન૦ ૬
કાયાની માયા મેલીને, પરિસહને સહેશું,
સુખ દુઃખ સઘલાં વિસારીને, સમભાવે રહેશું, તે દિન૦ ૭

ધનવંત કો કાંટો લગે, ખમા કરે સહુ કોય;
નિર્ધન ડુંગરસે ગીરે, ખબર ન પૂછે કોય.

અરિહંતદેવને ઓળખી, ગુણ તેહના ગાશું,
**ઉદયરત્ન** ઈમ ઉચ્ચરે, ત્યારે નિર્મળ થાશું, તે દિન૦ ૮

( ૫ )

શેત્રુંજા ગઢના વાસી રે, મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે, દિલમાં ધારજો રે,
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મને ઉપન્યો હરખ અપાર,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંગશે રે,
સાહિબાની સેવા રે, શિવસુખ આપશે રે. ૧

એક અરજ અમારી રે, દિલમાં ધારજો રે,
ચોરાસી લાખ ફેરા રે, દૂર નિવારજો રે,
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ, પ્રભુ મને દરિસણ વહેલું દાખ.
સાહિબા. ૨

દોલત સવાઈ રે, સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં રે, પ્રભુ તારા વેશની રે;
પ્રભુ તારું રૂડું દીઠું રૂપ, મોહ્યા સુર નરવૃંદ ને ભૂપ.
સાહિબા. ૩

તીરથ કોઈ નહિ રે, શેત્રુંજા સારખું રે;
પ્રવચન પેખીને, કીધું મેં તો પારખું રે;
ઋષભને જોઈ જોઈ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ.
સાહિબા. ૪

**ધર્મ ઘટંતા ધન ઘટે, ધન ઘટે મન ઘટ જાય;**
**મન ઘટતા મનસા ઘટે, ઘટત ઘટત ઘટ જાય.**

ભવોભવ માંગું રે, પ્રભુ તારી સેવના રે;
ભાવઠ ન ભાંગે રે, જગમાં જે વિના રે;
પ્રભુ મારા પૂરો મનના કોડ, ઈમ કહે **ઉદયરત્ન** કર જોડ.
સાહિબા. ૫

( ૬ )

( પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું–એ રાગ )

વિમલાચલ ગિરિ ભેટો ભવિયણ ભાવશું,
જેથી ભવોભવ પાતિક દૂર પલાય જો;
નિકાચિત બાંધ્યાં જે કર્મ જ આકરાં,
ગિરિ ભેટતાં ક્ષણમાં સવિ ક્ષય થાય જો. વિમળાચળ. ૧
સાધુ અનંતા ઇણ ગિરિ પર સિદ્ધિવર્યા,
રામ ભરત ત્રણ કોડી મુનિ પરિવાર જો;
પાંચસે સાથે સેલગે શિવપદ લહ્યું,
પાંડવ પાંચે પામ્યા ભવનો પાર જો. વિમળાચળ. ૨
નમિ વિનમિ આદિ બહુ વિદ્યાધરા,
વળી થાવચ્ચા અઈમુત્તા અણગાર જો;
શુકરાજા વળી સુખ તે ગિરિ પર પામીયા,
બાહ્ય અભ્યંતર શત્રુ કીધા છાર જો. વિમળાચળ. ૩
જુગલા ધર્મ નિવારણ ઇણગિરિ આવીયા,
રૂષભ જિણંદજી પૂરવ નવાણું વાર જો;

**ધર્મ બઢંતા ધન બઢે, ધન બઢ મન બઢ જાય;**
**મન બઢતા મનસા બઢે, બઢત બઢત બઢ જાય.**

કાંકરે કાંકરે સાધુ અનંતા સિદ્ધિયા,
માટે નિશદિન સિદ્ધાચળ મન ધારજો. વિમળાચળ. ૪
ગિરિ પાગે ચઢંતા તન મન ઉલ્લસે,
ભવસંચિત સવિ દુષ્કૃત દૂર પલાય જો;
સૂરજકુંડમાં નાહી નિરમલ થાઈયે,
જિનવર સેવી આતમ પાવન થાય જો. વિમળાચળ. ૫
જાત્રા નવાણું કરીયે તન મન લગ્નથી,
ધરીયે શીલ સમતા વળી વ્રત પચ્ચખ્ખાણ જો;
ગણીયે ગરણું દાન સુપાત્રે દીજીએ,
દ્વેષ તજી ધરો શત્રુ મિત્ર સમાન જો. વિમળાચળ. ૬
એ ગિરિ ભેટે ભવ ત્રીજે શિવસુખ લહે,
પાંચમે ભવ તો ભવિયણ મુક્તિ વરાય જો;
સૂરિ ધનેશ્વરે શુભ ધ્યાને ઇમ ભાખીયું,
પાપી અભવીને એ ગિરિ નવિ ફરસાય જો. વિમળાચળ. ૭

( ૭ )

ચાલોને પ્રીતમજી પ્યારા શેત્રુંજે જઈએ,
શું સંસારે રહ્યા છો મોહી, દિન દિન તન છીજે;
આઠ આભની છાયા સરખી, પોતાની કીજે. ૧
જે કરવું તે પહેલાં કીજે, કાલે શી વાતો ?
અણચિંતવીઆં આવી પડશે, સબલાની લાતો. ચાલો. ૨

નિર્ધનિયો ધન ઇચ્છે ઘણું, પૂન્ય ન કીધું પૂરવતણું;
સાંજ પડે સંભાળે એગ, સાંચે નવ ને તૂટે તેર.

ચતુરાઈશું ચિત્તમાં ચેતી, હાથે તે સાથે;
મરણતણાં નિશાનાં મોટાં, ગાજે છે માથે. ચાલો. ૩
માતા મરુદેવીનંદન નીરખી, ભવ સફલો કીજે;
**દાનવીજે** સાહેબની સેવા, એ સંબલ લીજે. ચાલો. ૪

(૮)

ચાલો ચાલો વિમળગિરિ જઈએ રે, ભવજલ તરવાને,
તુમે જયણાએ ધરજો પાય રે, પાર ઉતરવાને;
બાળકાળની ચેષ્ટા ટાળી, હું તો ધર્મ–યૌવન હવે પાયો રે, ભવ૦
ભૂલ અનાદિની દૂર નિવારી, હું તો અનુભવ મનમાં લાયો રે.
પાર. ચાલો. ૧

ભવ તૃષ્ણા સવિ દૂર નિવારી, મારી જિનચરણે લય લાગી રે, ભવ૦
સંવર ભાવમાં દિલ હવે ઠરીયું, મારી ભવની ભાવઠ ભાંગી રે.
પાર. ચાલો. ૨

સચિત્ત સર્વનો ત્યાગ કરીને, નિત્ય એકાસણાં તપકારી રે, ભવ૦
પડિક્કમણાં દોય ટંકનાં કરીશું, ભલી અમૃત ક્રિયા દિલ ધારી રે.
પાર. ચાલો. ૩

વ્રત ઉચ્ચરશું ગુરુની પાસે, હું તો યથાશક્તિ અનુસારે રે, ભવ૦
ગુરુ સાથે ચડશું ગિરિરાજે, જે ભવોદધિ બૂડતા તારે રે.
પાર. ચાલો. ૪

નિંદા પરની જે કરે, કૂડા દેવે આળ;
મર્મ પ્રકાશે પરતણાં, તેથી ભલો ચંડાળ.

ભવતારક એ તીરથ ફરસી, હું તો સૂરજકુંડમાં નાહાઈ રે, ભવ૦
અષ્ટપ્રકારી ઋષભજિણંદની, હું તો પૂજા કરીશ લય લાઈ રે.
પાર. ચાલો. ૫

તીરથપતિને તીરથસેવા, એ તો સાચા મોક્ષના મેવા રે. ભવ૦
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને, મને સાત્રીવચ્છલની હેવા રે.
પાર. ચાલો. ૬

પ્રભુ પદપદ્મ રાયણ તળે પૂજી, હું તો પામીશ હરખ અપાર રે, ભવ૦
**રૂપવિજય** પ્રભુધ્યાન પસાયે, એ તો પામે સુખ શ્રીકાર રે.
પાર. ચાલો. ૭

( ૯ )

તુમે તો ભલે બિરાજોજી,
શ્રી સિદ્ધાચળકે વાસી સાહેબ ભલે બિરાજો જી,
મરુદેવીનો નંદન રૂડો, નાભિ નરિંદ મલ્હાર;
જુગલા ધર્મ નિવારણ આવ્યા, પૂર્વ નવાણું વાર. તુમે તો. ૧

મૂળ દેવને સનમુખ રાજે, પુંડરીક ગણધાર;
પંચક્રોડશું ચૈત્રી પૂનમે, વરીઆ શિવવધૂ સાર. તુમે તો. ૨

સહસકૂટ દક્ષિણ બિરાજે, જિનવર સહસ ચોવીશ;
ચૌદશે બાવન ગણધરનાં, પગલાં પૂજો જગદીશ. તુમે તો. ૩

પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાનંદ;
અષ્ટાપદ ચઉવીશ જિનેશ્વર, સમેત વીશ જિણંદ. તુમે તો. ૪

પુન્ય પૂરા જબ હોત હૈ, ઉદય હોય તબ પાપ;
સૂકે વન કી લાકડી, પ્રજળે આપોઆપ.

મેરુપર્વત ચૈત્ય ઘણેરાં, ચઉમુખ બિંબ અનેક;
બાવન જિનાલય દેવળ નિરખી, હરખ લહું અતિરેક. તુમે તો. ૫

સહસફણા ને શામળા પાસજી, સમવસરણ મંડાણુ;
છીપાવસી ને ખરતરવસી કાંઈ, પ્રેમાવસી પ્રમાણ. તુમે તો. ૬

સંવત અઢાર ઓગણપચાસે, ફાગુણ અષ્ટમી દિન;
ઊજ્જવલ પક્ષે ઊજ્જવલ હુવો, ગિરિ ફરસ્યા મુજ મન. તુમે. ૭

ઇત્યાદિક જિનબિંબ નિહાળી, સાંભળી સિદ્ધની શ્રેણ;
ઉત્તમ ગિરિવર કેણીપરે વિસરે, **પદ્મવિજય** કહે જેણ. તુમે. ૮

૧૦)

ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે, ગિરિ.
ઋષભ જિનેશ્વર પૂજા રચાવે, નવ નવ નામે ગિરિગુણ ગાવે.
ગિરિ૦ ૧

સહસ્રકમલ ને મુક્તિનિલયગિરિ, સિદ્ધાચળ શતકૂટ કહાવે, ગિરિ.
ઢંક કદંબ ને કોડીનિવાસો, લોહિત્ય તાલધ્વજ સુર ગાવે.
ગિરિ૦ ૨

ઢંકાદિક પંચકૂટ સજીવન, સુર નર મુનિ મળી નામ થપાવે, ગિરિ.
રયણ ખાણ જડીબૂટી ગુફાઓ, રસકૂંપિકા ગુરુ ઇહાં બતાવે.
ગિરિ૦ ૩

બાત બાત સબ એક હૈ, બતલાવનમેં ફેર;
એક પવન બાદલ મીલે, એક હી દેત વિખેર.

પણ પુન્યવંતા પ્રાણી પાવે, પુન્ય કારણ પ્રભુપૂજા રચાવે, ગિરિ.
દશ કોટી શ્રાવકને જમાડે, જૈન તીર્થયાત્રા કરી આવે.
ગિરિ૦ ૪

તેથી એક મુનિ દાન દિયંતાં, લાભ ઘણો સિદ્ધાચળ થાવે, ગિરિ.
ચંદ્રશેખર નિજ ભગિની ભોગી, તે પણ એ ગિરિ મોક્ષે જાવે,
ગિરિ૦ ૫

ચાર હત્યારા નર પરદારા, દેવ ગુરુદ્રવ્ય ચોરી ખાવે, ગિરિ.
ચૈત્રી કાર્તિક પૂનમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે.
ગિરિ૦ ૬

ઋષભસેન જિન આદે અસંખ્યા, તીર્થંકર મુક્તિસુખ પાવે, ગિરિ.
શિવ વહુ વરવા મંડપ એ ગિરિ, શ્રી **શુભવીર** વચન રસ ગાવે.
ગિરિ૦ ૭

(૧૧)

પ્રભુ તુહિં તુહિં તુહિં તુહિં, તુહિં ધરતાં ધ્યાન રે–એ દેશી

વિમલ ગિરિવર શિખર સુંદર, સકલ તીરથ સાર રે,
નાભિનંદન ત્રિજગવંદન, ઋષભજિન સુખકાર રે. વિ૦ ૧

ચૈત્ય તલે વર રુખ રાયણ, સોહે અતિ મનોહાર રે,
નાભિનંદનતણાં પગલાં, ભેટતાં ભવપાર રે. વિ૦ ૨

સમવસરિયા આદિ જિનવર, જાણી લાભ અનંત રે,
અજિત શાંતિ ચઉમાસ રહિયા, એમ અનેક મહંત રે. વિ૦ ૩

**બાર બોલાવણ બેસવું, બીડું બે કર જોડ;**
**પાંચ બબ્બા જીણ ઘર હુએ, તસ ઘર જાઈએ દોડ.**

સાધુ સિધ્યા જિહાં અનંતા, પુંડરિક ગણધાર રે,
શામ્બ ને પ્રદ્યુમ્ન રામ પાંડવ પ્રમુખ બહુ અણગાર રે. વિ૦ ૪
નેમિ જિનના શિષ્ય થાવચ્ચા, સહસ્સ મુનિ પરિવાર રે,
અતંગડજી સૂત્રમાંહિ, જ્ઞાતાસૂત્ર મઝાર રે. વિ૦ ૫
ભાવસહિત ભવિ જે ફરસે, સિદ્ધક્ષેત્રશું ઠામ રે,
નરક તિર્યંગ્ દો નિવારે, જપે લાખ જિનનામ રે. વિ૦ ૬
રયણમય જે ઋષભ પ્રતિમા, પંચ સય ધનુમાન રે,
નિત્યપ્રત્યે જિહાં ઇંદ્ર પૂજે, દુષમ સમય પ્રમાણ રે. વિ૦ ૭
ત્રીજે ભવે જે મુક્તિ પહોંચે, ભવિક ભેટે તેહ રે,
દેવ સાનિધ્ય સકલ વંછિત, પુરવે સસનેહ રે. વિ૦ ૮
એણીપરે જેહનો સબલ મહિમા, કહ્યો શાસ્ત્ર મોઝાર રે,
**જ્ઞાનવિમલ** ગિરિધ્યાન ધરતાં, આવાગમન નિવાર રે. વિ૦ ૯

(૧૨)

સિદ્ધગિરિ તીરથ જૈસા, ઔર નહીં ધામ હૈ,
અનાદિઅનંત વીત્યા, કાળ નહીં કામ જિત્યા,
અબ તો તું ચેત પ્રાણી. એહી તેરા કામ હૈ. સિદ્ધ૦ ૧
તનીક તમીજ કરના, ક્રોધ લોભ દર હરના,
માન માયા ત્યાગ તેરા, મુક્તિમેં મુકામ હૈ. સિદ્ધ૦ ૨
રાત ને દિવસ પૂરે, કહે રહે કામ અધૂરે,
માન લે અબ કહેના, તારક દેવગુરુ નામ હૈ. સિદ્ધ૦ ૩

**રાણી પાણી ને પાંદડાં, ત્રણનો એક સ્વભાવ;**
**ઊંચે કુલે અવતરી, નીચ ઉપર ભાવ.**

જીવા જુન લાખ ચાર, એસી ફરીયાં વારવાર,
મહાપુણ્યે ઉદય પાયો, નરભવ નહીં દામ હૈ. સિદ્ધ૦ ૪
હાર નહીં જીતી બાજી, ચાહતા હૈ રેનારાજી;
રાગદ્વેષકો કાટ પીયારે, તું હી આતમરામ હૈ. સિદ્ધ૦ ૫
જબ મીલે કારણ નિમિત્ત, તબ હોવે કારજ સીધ,
જીવ માન તીરથ **શુભવીર** પદ ઠામ હૈ. સિદ્ધ૦ ૬

(૧૩)

વીરજી આવ્યા રે વિમળાચળકે મેદાન, સુરપતિ પાયા રે સમવસરણકે મંડાણ; દેશના દેવે વીરજી સ્વામ, શેત્રુંજા મહિમા વર્ણવે તામ; ભાખ્યું આઠ ઉપર સો નામ, તેહમાં ભાખ્યું રે પુંડરીકગિરિ અભિધાન; સોહમ ઇંદો રે, તવ પૂછે બહુમાન; કિમ થયું સ્વામી રે, ભાખો તાસ નિદાન. વીરજી આવ્યા રે. ૧
પ્રભુ ભાખે સાંભળ ઇંદ, પ્રથમ જે હુવા ઋષભ જિણંદ; તેહના પુત્ર તે ભરત નરિંદ, ભરતના હુઆ રે રિષભદેવ પુંડરીક; રિષભજી પાસે રે, દેશના સુણી તહકીત; દીક્ષા લીધી રે, ત્રિપદી જ્ઞાન અધિક. વીરજી આવ્યા રે. ૨
ગણધર પદવી પામ્યા તામ, દ્વાદશાંગી ગુંથી અભિરામ; વિચરે મહિયલમાં ગુણધામ, અનુક્રમે આવ્યા રે શ્રી સિદ્ધાચળ ઠામ; મુનિવર કોડી રે, પંચ તણે પરિણામ; અણસણ કીધા રે, નિજ આતમને ઉદ્દામ. વીરજી આવ્યા રે. ૩

ભર્યા સો છલકે નહિ, છલકે સો અદ્ધા;
ઘોડા સો ભૂંકે નહિ, ભૂંકે સો ગદ્ધા.

ચૈત્રી પૂનમ દિવસે એહ, પામ્યા કેવળજ્ઞાન અછેહ; શિવસુખ વરિયા અમર આ દેહ, પૂરણાનંદી રે અગુરુલઘુ અવગાહ; અજ અવિનાશી રે, નિજ પદ ભોગી અબાહ; નિજ ગુણ ધરતા રે, પરપુદ્ગળે નહીં ચાહ. વીરજી આવ્યા રે. ૪

તેણે પ્રગટ્યું પુંડરીકગિરિ નામ, સાંભળ સોહમ દેવલોક સ્વામ; એહનો મહિમા અધિક ઉદ્દામ, તેણે દિન કીજે રે તપ જપ પૂજા ને દાન; વ્રત વળી પોસહ રે, જે કરે અતિદાન; ફળ તસ પામે રે, પંચ ક્રોડ ગણું માન. વીરજી આવ્યા રે. ૫

ભગતે ભવ્ય જીવ જે હોય, ભવ પંચમે મુક્તિ લહે સોય; એહમાં બાધક છે નહિ કોય, વ્યવહાર કેરી રે મધ્યમ ફળની એ વાત; ઉત્કૃષ્ટ યોગે રે, અંતર્મુહૂર્ત વિખ્યાત; શિવસુખ સાધે રે, નિજ આતમને અવદાત. વીરજી આવ્યા રે. ૬

ચૈત્રી પૂનમ દિવસે એહ, પૂજા પંચપ્રકારી વિશેહ; કીજે નહીં ઉણમ કાંઈ રેહ, એણી પેરે ભાખી રે, જિનવર ઉત્તમ વાણ; સાંભળી બૂઝયા રે, કેઇક ભવિક સુજાણ, એણી પેરે ગાયો રે, **પદ્મવિજય** સુપરિણામ. વીરજી આવ્યા રે. ૭

(૧૪)

મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચળે રે, દેખીને હરખિત હોય
વિધિશું કીજે રે જાત્રા એહની રે, ભવ ભવના દુઃખ જાય.
—મારું. ૧

વાણી પાણી બે સદા, પવિત્રતા કરનાર;
લલના લાલચ બે સદા, આપદના દાતાર.

પંચમે આરે રે પાવન કારણે રે, એ સમો તીરથ ન કોય;
મોટો મહિમા રે જગમાં એહનો રે, આ ભરતે અહીંઆ જોય.
—મારું. ૨

એ ગિરિ આવ્યા રે જિનવર ગણધરા રે, સિધ્યા સાધુ અનંત;
કઠણ કરમ પણ એ ગિરિ ફરસતાં રે, હોવે કરમ નિશાંત.
—મારું. ૩

જૈન ધરમ તે સાચો જાણીને રે, માનવ તીર્થ એ સ્તંભ;
સુર નર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતાં નાટા હો રંભ.
—મારું. ૪

ધન ધન દહાડો રે ધન વેળા ઘડી રે, ધરીએ હૃદય મોઝાર;
**જ્ઞાનવિમલસૂરિ** ગુણ એના ઘણાં રે, કહેતાં ન આવે પાર.
મારું. ૫

## (૧૫)

શ્રી રે સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાયો;
રીખદેવ પૂજા કરી, લીજે ભવતણો લાહો. શ્રી રે૦ ૧
મણિમય મૂરતિ રીખવની, નીપાઇ અભિરામ;
ભુવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ. શ્રી રે૦ ૨
નેમ વિના ત્રેવીસ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શેત્રુંજા સમો તીરથ નહીં, બોલ્યા સીમંધર વાણી. શ્રી રે૦ ૩

પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી રીખવ જિણંદ;
રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ. શ્રી રે૦ ૪

પૂરવ પુન્ય પસાઉલે, પુંડરીકગિરિ પાયો
**કાંતિવિજય** હરખે કરી, શ્રી સિદ્ધાચળ ગાયો. શ્રી રે૦ ૫

(૧૬)

મનના મનોરથ સવિ ફળ્યાએ, સિધ્યા વંછિત કાજ;
પૂજો ગિરિરાજને રે૦
પ્રાયે એ ગિરિ શાશ્વતોએ, ભવજળ તરવા જહાજ. પૂજો૦ ૧

મણિ માણેક મુક્તાફળેએ, રજત કનકનાં ફૂલ પૂજો૦
કેસર ચંદન ઘસી ઘણાએ, બીજી વસ્તુ અમૂલ. પૂજો૦ ૨

છઠ્ઠે અંગે દાખીઓએ, આઠમે અંગે ભાખ; પૂજો૦
સ્થિરાવળી પયન્ને વરણવ્યોએ, એ આગમની સાખ. પૂજો૦ ૩

વિમળ કરે ભવિ લોકનેએ, તેણે વિમળાચળ જાણ; પૂજો૦
શુક રાજાથી વિસ્તર્યોએ, શત્રુંજય ગુણખાણ. પૂજો૦ ૪

પુંડરીક ગણધરથી થયોએ, પુંડરીકગિરિ ગુણધામ; પૂજો૦
સુરનરકૃત એમ જાણીએએ, ઉત્તમ એકવીશ નામ. પૂજો૦ ૫

એ ગિરિવરના ગુણ ઘણાએ, નાણીએ નવિ કહેવાય; પૂજો૦
જાણે પણ કહી નવિ શકેએ, મુગદ ઘુવડને ન્યાય. પૂજો૦ ૬

ભવ ભવ નાટક તું વળી, નાચ્યો કરી બહુ રૂપ;
નાટક એક શું નાચીઓ, જો છૂટે ભવકૂપ.

ગિરિવર ફરશન નવિ કર્યાએ, તે રહ્યો ગરભાવાસ; પૂજો૦
નમન દરશન ફરશન કર્યાએ, પૂરે મનની આશ. પૂજો૦ ૭
આજ મહોદય મેં લહ્યોએ, પામ્યો પ્રમોદ રસાળ; પૂજો૦
**મણિ** ઉદ્યોત ગિરિ સેવતાંએ, ઘેર ઘેર મંગળમાળ. પૂજો૦ ૮

(૧૭)

સિદ્ધાચળ ગિરિ ભેટ્યા રે, ધન ભાગ્ય હમારા,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર;
રાયણ રૂષભ સમોસર્યા સ્વામી, પૂરવ નવાણું વારા રે. ધન૦ ૧
મૂળનાયક શ્રી આદિ જિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચાર;
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂળ આધારા રે. ધન૦ ૨
ભાવ ભક્તિશું પ્રભુ ગુણ ગાવે, અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નર્ક તિર્યંચ ગતિ વારા રે. ધન૦ ૩
દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિતઉદ્ધારણ બિરુદ તુમારો, એ તીરથ જગસારા રે. ધન૦ ૪
સંવત અઢાર ત્યાસી માસ અષાઢા, વદ આઠમ ભોમવારા;
પ્રભુકે ચરણ પ્રતાપે સંઘમાં, **ખીમારતન** પ્રભુ પ્યારા રે. ધન૦ ૫

(૧૮)

વિમળાચળ વિમળા પાણી, શીતળ તરુ છાયા ઠરાણી;
રસવેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી;
સ્નેહી સંત એ ગિરિ સેવો, હાં રે ચૌદ ક્ષેત્રમાં તીરથ નહીં એવો.
સ્નેહી૦ ૧

દોષ દીજે નિજ કર્મને, જિણ નવિ કીધો ધર્મ;
ધર્મ વિના સુખ નવિ મીલે, એ જિનશાસન મર્મ.

ખટ 'રી' પાળી ઉલ્લસીએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ;
મોહ મલ્લની સામા ધસીએ, વિમળાચળ વેગે વસીએ. સ્નેહી૦ ૨
અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હિમગિરિ હેઠ્ઠ હરીએ;
પાછળ પ્રદક્ષિણા ફરીએ, ભવજલધિ હેલા તરીએ. સ્નેહી૦ ૩
પાંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતાં;
પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચળ સિધ્યા અનંતા. સ્નેહી૦ ૪
શિવમંદિર ચડવા કાજે, સોપાનની પંક્તિ વિરાજે;
ચઢતાં સમકિતી છાજે, દુરભવ્ય અભવ્ય તે લાજે. સ્નેહી૦ ૫
ષટ્માસી ધ્યાન ધરાવે, શુકરાજાનું રાજ્ય નીપાવે;
બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે. સ્નેહી૦ ૬
પ્રણિધાને ભજો ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો;
મોહરાયને લાગે તમાચો, **શુભવીર** વિમળગિરિ સાચો. સ્નેહી૦ ૭

(૧૯)

યાત્રા નવાણું કરીએ વિમલગિરિ, યાત્રા નવાણું કરીએ.
પૂર્વ નવાણું વાર શત્રુંજયગિરિ, ઋષભ જિણંદ સમોસરીએ;
વિમલગિરિ યાત્રા નવાણું કરીએ. ૧
કોડિ સહસ ભવ પાતક તૂટે, શેત્રુંજા સમો ડગ ભરીએ.
વિ૦ યા૦ ૨
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચડીએ ગિરિવરીએ.
વિ૦ યા૦ ૩

ધન જોબન નર રૂપનો, ગર્વ કરે ગમાર;
કૃષ્ણ બલભદ્ર દ્વારિકા, જાતા ન લાગી વાર.

પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ.
વિ૦ ચા૦ ૪

પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીએ.
વિ૦ ચા૦ ૫.

ભૂમિસંથારો ને નારીતણો સંગ, દૂરથકી પરિહરીએ.
વિ૦ ચા૦ ૬

સચિત્તપરિહારી ને એકલઆહારી, ગુરુ સાથે પદ ચરીએ.
વિ૦ ચા૦ ૭

પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપ પડલ પરિહરીએ.
વિ૦ ચા૦ ૮

કલિકાળે એ તીરથ મોટું, પ્રવહણ જેમ ભરદરિયે.
વિ૦ ચા૦ ૯

ઉત્તમ એ ગિરિવર સેવંતા, **પદ્મ** કહે ભવ તરીએ.
વિ૦ ચા૦ ૧૦

---

## શ્રી પુંડરીકસ્વામીનું સ્તવન

એક દિન પુંડરીક ગણધરુ રે લાલ, પૂછે શ્રી આદિજિણંદ સુખકારી રે;
કહીએ તે ભવજલ ઊતરી રે લાલ, પામીશ પરમાનંદ ભવ વારી રે.
એક દિન. ૧

---

**સજ્જન દુર્જન કીમ જાણીએ, જબ મુખ બોલે વાણ;**
**સજ્જન મુખ અમૃત લવે, દુર્જન વિષની ખાણ.**

કહે જિન ઇણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિર્વાણ જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ, અધિક અધિક મંડાણ નિર્ધારી રે.
એક દિન. ૨

એમ નિસુણી તિહાં આવીયા રે લાલ, ઘાતિકર્મ કર્યાં દૂર તમ વારી રે;
પંચ કોડી મુનિ પરિવર્યા રે લાલ, હુઆ સિદ્ધિ હજૂર ભવ વારી રે.
એક દિન. ૩

ચૈત્રી પૂનમ દિન કીજીએ રે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે;
ફલ પ્રદક્ષિણા કાઉસગ્ગા રે લાલ, લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે.
એક દિન. ૪

દશ વીશ ત્રીશ ચાલીશ ભલા રેલાલ, પચાસ પુષ્પની માલ અતિસારી રે;
નરભવ લાહો લીજીયે રે લાલ, જિમ હોય જ્ઞાન વિશાળ મનોહારી રે.
એક દિન. ૫

---

## શ્રી સીમંધરસ્વામીનાં સ્તવનો

રાગ—એક દિન દાસી દોડતી.

સ્વામી સીમંધર વિનંતિ, સાંભળો માહરી દેવ રે,
તાહરી આણ હું શીર ધરું, આદરું તાહરી સેવ રે.
સ્વામી સીમંધર વિનતિ૦ ૧

કુગુરુની વાસના પાસમાં, હરિણ પરે જે પડ્યા લોક રે;
તેહને શરણ તુજ વિણ નહિ, ટળવળે બાપડા ફોક રે.
સ્વામી૦ ૨

---

નરભવ ચિંતામણી લહી, આલે તું મત હાર;
ધર્મ કરીને જીવડા, સફલ કરો અવતાર.

જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે;
લૂંટે તેણે જન દેખતાં, કિંહા કરે લોક પોકાર રે?
સ્વામી૦ ૩

જેહ નવિ ભવ તર્યા નિર્ગુણી, તારશે કેણી પરે તેહ રે;
એમ અજાણ્યા પડે ફંદમાં, પાપબંધે રહ્યા જેહ રે.
સ્વામી૦ ૪

કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે;
દોકડે કુગુરુ તે દાખવે, શું થયું એ જગ શૂલ રે.
સ્વામી૦ ૫

અર્થની દેશના જે દીએ, ઓળવે ધર્મના ગ્રંથ રે;
પરમપદનો પ્રગટ ચોર તે, તેહથી કેમ વહે પંથ રે?
સ્વામી૦ ૬

વિષયરસમાં ગૃહી માચીયા, નાચીયા કુગુરુ મદપૂર રે;
ધુમધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે.
સ્વામી૦ ૭

કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલ રે;
જિનવચન અન્યથા દાખવે, આજતો વાજતે ઢોલ રે.
સ્વામી૦ ૮

કેઈ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મતકંદ રે;
ધર્મની દેશના પાલટે, સત્ય ભાષે નહિ મંદ રે.
સ્વામી૦ ૯

**સકલ સામગ્રી તે લહી, જિણ તરીએ સંસાર;**
**પ્રમાદ વશે ભવ કાં ગમે? કર નિજ હૈયે વિચાર.**

બહુ મુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસ રે;
ઢુંઢતા ધર્મને તે થયા, ભ્રમર જેમ કમલની વાસ રે.
સ્વામી૦ ૧૦

( ૨ )

પુક્ખલવઈ વિજયે જયો રે, નયરી પુંડરીગિણી સાર;
શ્રી સીમંધર સાહિબા રે, રાય શ્રેયાંસકુમાર.
જિણંદરાય ધરજો ધર્મસ્નેહ. ૧
મોટા નાના અંતરો રે, ગિરુઆ નવિ દાખંત;
શશિ દરિસણ સાયર વધે રે, કૈરવ વન વિકસંત. જિણંદ૦ ૨
ઠામ કુઠામ ન લેખવે રે, જગ વરસંત જલધાર;
કર દોય કુસુમે વાસિયે રે, છાયા સવિ આધાર. જિણંદ૦ ૩
રાય ને રંક સરિખા ગણે રે, ઉદ્યોતે શશિ સૂર;
ગંગાજળ તે બિહુતણાં રે, તાપ કરે સવિ દૂર. જિણંદ૦ ૪
સરિખા સહુને તારવા રે, તેમ તુમે છો મહારાજ;
મુજશું અંતર કિમ કરો રે, બાહ્ય ગ્રહ્યાની લાજ. જિણંદ૦ ૫
મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિતણો રે, સાહેબ તેહ સુજાણ. જિણંદ૦ ૬
વૃષભ લંછન માતા સત્યકી રે, નંદન રુકમણિ કંત;
વાચક **યશ** એમ વિનવે રે, ભયભંજન ભગવંત. જિણંદ૦ ૭

---

**દીઓ ઉપદેશ લાગે નહિ, જો નવિ ચિંતે આપ;**
**આપસ્વરૂપ વિચારતાં, છૂટીજે સવિ પાપ.**

( ૩ )

તારી મુદ્રાએ મનડું મોહ્યું રે, મનના મોહનીયા,
તારી મૂર્તિએ જગ સોહ્યું રે, જગના જીવનીયા—એ ટેક.
તુમ જોતાં સવિ દુર્મતિ વિસરી, દિન રાતડી નવિ જાણી રે;
પ્રભુ ગુણ ગણ સાંકલશું બાંધ્યું, ચંચલ મનડું તાણી રે. મન. ૧
પહેલાં તો એક કેવળ હરખે, હેજાળું થઈ હળીયો;
ગુણ જાણીને રૂપે મિલીયો, અભ્યંતર જઈ ભળીયો રે. મન. ૨
વીતરાગ એમ જશ નીસુણીને, રાગી રાગ કરે રે;
આપ અરૂપી રાગ નિમિત્તે, દાસ અરૂપ ધરે રે. મન૦ ૩
સીમંધર તું જગબન્ધુ, સુંદર તારી વાણી રે;
મંધરભૂધર અધિક ધીરજ ધર, વંદે તે ધન પ્રાણી રે. મન૦ ૪
શ્રી શ્રેયાંસ નરેસર નન્દન, ચંદન શીતલ વાણી રે;
સત્યકી માતા વૃષભલંછન જિન, જ્ઞાનવિમળ ગુણખાણી રે. મન૦ ૫

---

## શ્રી અનંતવીર્ય જિન સ્તવન

અનંતવીરજ અરિહંત! સુણો મુજ વિનતિ,
અવસર પામી આજ હું આવ્યો દિલ છતી;
આતમસત્તા હારી સંસારે હું ભમ્યો,
મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દમ્યો. ૧

**જીમ આઉખા દિન ગુણી, વરસ માસ ઘડીમાન;**
**ચેતી શકે તો ચેતજે, જો હોયે હૈડે સાન.**

ક્રોધ દાવાનળ દગ્ધ માન વિષધર ડસ્યો,
માયાજાલે બદ્ધ લોભ અજગર ગ્રસ્યો;
મન-વચ-કાયાના યોગ ચપળ થયા પરવશા,
પુદ્ગલ પરિચય પાપતણી અહનિશ દશા. ૨

કામરાગે અણુનાથ્યો સાંઢ પરે ધસ્યો,
સ્નેહરાગની રાચે ભવપિંજર વસ્યો;
દૃષ્ટિરાગ રુચિ કાચ પાસ સમકિત ગણું,
આગમ રીતિ નાથ ! ન નિરખું નિજપણું. ૩

ધર્મ દેખાડો માંડ ભાંડ પરે અતિ લહું,
'અચિરે અચિરે રામ' શુક પરે કહું;
કપટ પટુ નટુવા પરે મુનિમુદ્રા ધરું,
પંચવિષય સુખપોષ સદોષ વૃત્તિ ભરું. ૪

એક દિનમાં નવ વાર 'કરેમિ ભંતે' કરું,
ત્રિવિધ ત્રિવિધ પચ્ચખાણ ક્ષણ એક નવિ ઠરું;
મા-સાહસ ખગરીતિ નીતિ ઘણી કહું,
ઉત્તમ કુલવટ વાટ એ પણ નિરવહું. ૫

દીનદયાળ કૃપાળ પ્રભુ મહારાજ છો,
જાણ આગળ શું કહેવું ? ગરીબનિવાજ છો;
પૂરવ ધાતકી ખંડ નલિની વિજયાવતી,
નયરી અયોધ્યા નાયક લાયક યતિપતિ. ૬

તુલસી સંગત શ્વાનકી, હોય જાતિકા દુઃખ;
ખીજે તો પાઠિકું કરે, રીઝે ચાટે મુખ.

મેઘ મહીપ મંગલાવતી સુત વિજયાવતી,
આનંદ ગજલંછન જગજનતારતી;
**ક્ષમાવિજય જિન**રાજ ! અપાય નિવારજો,
વિહરમાન ભગવાન ! સુનજરે તારજો. ૭

## શ્રી સુબાહુ જિન સ્તવન

સાહેબ બાહુ જિનેશ્વર વિનવું, વિનતડી અવધાર હો;
હો સાહેબ ભવભયથી હું ભમ્યો, હવે ભવપાર ઉતાર હો. સા. ૧
હો સાહેબ તુમ સરીખા મુજ શિર છતે, કર્મ કરે કીમ જોર હો ?
હો સાહેબ ભુજંગતણો ભય તિહાં નહીં, જીહાં વન વિચરે મોર હો. સા. ૨
હો સાહેબ જિહાં રવિ તેજે જલહલે, તિહાં કિમ રહે અંધકાર હો ?
હો સાહેબ કેશરી જીહાં ક્રીડા કરે, તિહાં નહિં ગજનો પ્રચાર હો. સા. ૩
હો સાહેબ તિમ જો તમે મુજ મન રમો, તો નાસે દુરિત સંભાર હો;
હો સાહેબ વચ્છવિજય સુસીમાપુરી, રાય સુગ્રીવ મલ્હાર હો. સા. ૪
હો સાહેબ હરણ લંછન એમ મેં સ્તવ્યો, મોહના રાણીનો કંત હો;
હો સાહેબ વિજયાનંદન મુજ દીયો, **જસ** કહે સુખ અનંત હો. સા. ૫

**જહાં રામ ત્યાં કામ નહિ, કામ ત્યાં નહિ રામ;**
**તુલસી દોનું ના રહે, રામ કામ એક ઠામ.**

## શ્રી વિહરમાન જિન સ્તવન

( એ મત જગમાં      મે પ્યારે-એ રાગ. )

સીમંધર યુગમંધર બાહુ, ચોથા સ્વામી સુબાહુ,
જંબૂદ્વીપ વિદેહે વિચરે, કેવલ કમલાનાહુ રે;
ભવિકા વિહરમાન જિન વંદો, આતમ પાપ નીકંદો રે,
ભવિકા વિહરમાન જિન વંદો૦ ૧

સુજાત શય્યંભવ ઋષભાનન, અનંતવીર્ય ચિત્ત ધરીયે;
સુરપ્રભ શ્રીવિશાલ વજ્રંધર, ચંદ્રાનન ધાતકીએ રે.
ભવિકા વિહર૦ ૨

ચંદ્રબાહુ ભુજંગ ને ઇશ્વર, નેમિનાથ વીરસેન;
દેવજસા ચંદ્રજસા જીતવીરીય, પુખ્ખરદ્વીપ પ્રસન્ન રે.
ભવિકા વિહર૦ ૩

આઠમી નવમી ચોવીસમી પચીસમી, વિદેહવિજય જયવંતા;
દશ લાખ કેવલી સોં ક્રોડ સાધુ, પરિવારે ગહગહંતા રે.
ભવિકા વિહર૦ ૪

ધનુષ પાંચસે ઊંચી સોહે, સોવનવરણી કાયા;
દોષ રહિત સુરમહી મહીનલ, વિચરે પાવન પાયા રે.
ભવિકા વિહર૦ ૫

તુલસી જગમેં યું રહો, જ્યું જિહ્વા મુખમાંહી;
ઘી બહોત ભક્ષણ કરે, તોભી ચીકની નાંહિ.

ચોરાસી લાખ પૂરવ જિન જીવિત, ચોત્રીસ અતિશય ધારી;
સમવસરણ બેઠા પરમેશ્વર, પડિબોહે નરનારી રે.
ભવિકા વિહર૦ ૬

**ખીમાવિજય** જિન કરુણાસાગર, આપ તર્યા પર તારે;
ધર્મનાયક શિવમારગ દાયક, જન્મ જરા દુઃખ વારે રે.
ભવિકા વિહર૦ ૭

## શ્રી સામાન્ય જિન સ્તવન

( રાગ-ધન્યાશ્રી તથા દેવગંધાર. )

પ્રભુ તેરો મોહન હે મુખ મટકો,
નીરખી નીરખી અતિ હરખિત હોવે, અનુભવ મેરે ઘટકો. પ્રભુ૦ ૧
સહજ સુભગતા સમતાકેરી, એહિજ ચરણકો ચટકો;
દરિસન જ્ઞાન અક્ષય ગુણનિધિ તુમ, દીઓ પ્રેમે તસ કટકો. પ્રભુ૦ ૨
શુદ્ધ સુવાસન સુરભિસમી રે, મિથ્યા મત રજ ઝટકો;
દંભ પ્રપંચ જોર જિમ ન હોય, પટ કટકે મોહ નટકો. પ્રભુ૦ ૩
ધર્મ સંન્યાસ યોગ શિર પાગે, બંધત પય જય પટકો;
દર્શન ચક્રે કર્મ નૃપતિ શું, કરત સદા રણ રટકો. પ્રભુ૦ ૪
વીતરાગતા દિલમેં ઉલ્લસત, નહિ અવર ખલ ખટકો;
પૂરવ સંચિત પાતક જાતક, અમથી દૂરે સટકો. પ્રભુ૦ ૫

ઊગે ત્યાં વાવે નહિ, વાવે ત્યાં જલ જાય;
તુલસી ઐસે સ્થાનમેં, માલ મફતમેં જાય.

**જ્ઞાનવિમલ** પ્રભુ ધ્યાન પસાયે, ભવે ભવે ભવી નવિ ભટકો;
આઈ મીલે જ્યું એકી ભાવે, શિવસુંદરીકો લટકો. પ્રભુ૦ ૬

( ૨ )

જિન તેરે ચરનકી શરણ ગ્રહું–જિન૦ ટેર૦
હ્રદયકમળ મેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું. જિન૦ ૧
તુજ સમ શોધ્યો દેવ ખલકમેં, પેખ્યો ના કબ હું. જિન૦ ૨
તેરે ગુણકી જપું જપમાળા, અહનિશ પાપ દહું. જિન૦ ૩
મેરે મનકી તુમ સબ જાનો, કયા મુખ બહોત કહું ? જિન૦ ૪
કહે **જશવિજય** કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહું. જિન૦ ૫

( ૩ )

મનમાં આવજો રે નાથ, હું થયો આજ સનાથ, મન૦ આ૦ એ દેશી.
જય જિનેશ નિરંજણો, ભંજણો ભવદુઃખ રાશ;
રંજણો સવિ ભવિ ચિત્તનો, મંજણો પાપનો પાશ. મનમાં૦ ૧
આદિ બ્રહ્મ અનુપમ તું, અબ્રહ્મ કીધાં દૂર;
ભવભ્રમ સવિ ભાંજી ગયા, તું હી ચિદાનંદ સનૂર. મનમાં૦ ૨
વીતરાગ ભાવ ન આવહી, જિહાં લગી મુજને દેવ;
તિહાં લગે તુમ પદકમળની, સેવના રહેજો એ ટેવ. મનમાં૦ ૩
યદ્યપિ તુમે અતુલ બલી, યશવાદ એમ કહેવાય;
પણ કબજે આવ્યા મુજ મને, તે સહજથી ન જવાય. મનમાં૦ ૪

અલિ પતંગ મૃગ મીન ગજ, એક એક સંગ આંચ;
તુલસી તીનકી કોન ગતિ? જાકો વ્યાપત પાંચ.

મન મનાવ્યા વિણુ માહરું, કેમ બંધનથી છૂટાય ?
મનવાંછિત દેતાં થકાં કાંઈ, પાલવડો ન ઝલાય. મનમાં૦ ૫
હઠ બાલનો હોય આકરો, તે લહો છો જિનરાજ;
આઝું કહાવે શું હોવે ? ગિરુઆ ગરિબનિવાજ. મનમાં. ૬
**જ્ઞાનવિમલ** ગુણથી લહો, સવિ ભવિક મનના ભાવ;
તે અક્ષય સુખલીલા દીયો, જિમ હોવે સુજસ જમાવ. મનમાં ૭

## ( ૪ )

( રાગ-રામગિરિ )

સકલ સમતા સુરલતાનો, તુંહિ અનોપમ કંદ રે;
તુંહિ કૃપારસ કનકકુંભો, તુંહિ જિણંદ મુણિંદ રે. ૧
તુંહિ તુંહિ તુંહિ તુંહિ, તુંહિ કરતા ધ્યાન રે;
તુજ સરૂપી જે થયા, તેણે લહ્યું તાહરું તાન રે. તુંહિ તુંહિ. ૨
તુંહિ અલગો ભવથકી પણ, ભવિક તાહરે નામ રે;
પાર ભવનો તેહ પામે, એહ અચરીજ ઠામ રે. તુંહિ. ૩
જન્મ પાવન આજ મારો, નિરખિયો તુઝ નૂર રે;
ભવોભવ અનુમોદના જે, થયો તુજ હજૂર રે. તુંહિ. ૪
એહ મારો અખય આતમ, અસંખ્યાત પ્રદેશ રે;
તાહરા ગુણ છે અનંતા, કેમ કરું તાસ નિવેશ રે. તુંહિ. ૫

તુલસી સ્વાર્થ કે સગે, બિનસ્વારથ કોઈ નહીં;
સરસ વૃક્ષ પંછી વસે, નીરસ ભયે ઊડ જાઈ.

એક એક પ્રદેશ તાહરા, ગુણ અનંત નિવાસ રે;
એમ કહી તુજ સહજ મીલતાં, હોવે જ્ઞાન પ્રકાશ રે. તુંહિ. ૬
ધ્યાન ધ્યાતા ધ્યેય એકી, ભાવ હોવે એમ રે.
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોવે ખેમ રે. તુંહિ. ૭
એક સેવા તાહરી જો, હોય અચલ સ્વભાવ રે;
**જ્ઞાનવિમલ** સૂરીંદ પ્રભુતા, હોયે સુજસ જમાવ રે. તુંહિ. ૮

---

## જિનબિંબ સ્થાપન સ્તવન

ભરતાદિકે ઉદ્ધારજ કીધો, શત્રુંજય મોઝાર,
સોનાતણાં જેણે દેહરાં કરાવ્યાં, રત્નતણાં બિંબ સ્થાપ્યાં;
હો કુમતિ ! કાં પ્રતિમા ઉથાપી ? એ જિનવચને થાપી.
હો કુમતિ૦ ૧

વીર પછી બસે નેવું વરસે, સંપ્રતિરાય સુજાણ;
સવાલાખ પ્રાસાદ કરાવ્યાં, સવા ક્રોડ બિંબ સ્થાપ્યા.
હો કુમતિ૦ ૨

દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી, સૂત્રમાં સાખ ઠરાણી;
છઠ્ઠે અંગે તે વીરે ભાખ્યું, ગણધર પૂરે સાખી.
હો કુમતિ૦ ૩

સંવત નવસેં તાણું વરસે, વિમળ મંત્રીશ્વર જેહ;
આબૂતણાં જેણે દેહરાં કરાવ્યાં, છ હજાર બિંબ સ્થાપ્યાં.
હો કુમતિ૦ ૪

---

તુલસી શુદ્ધ સ્વભાવને, શું કરી શકે કુસંગ ?
ચંદન વિષ વ્યાપે નહિ, લપટી રહે ભુજંગ.

સંવત અગિયાર નવ્વાણું વરસે, રાજા કુમારપાળ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં, સાત હજાર બિંબ સ્થાપ્યાં.
હો કુમતિ૦ ૫

સંવત બાર પંચાણું વરસે, વસ્તુપાળ તેજપાળ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં, અગિયાર હજાર બિંબ સ્થાપ્યા.
હો કુમતિ૦ ૬

સંવત બાર બહોંતેર વરસે, સંઘવી ધન્નો જેહ;
રાણકપુર જેણે દેહરાં કરાવ્યાં, ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યાં.
હો કુમતિ૦ ૭

સંવત તેર એકોતેર વરસે, સમરોશા રંગ શેઠ;
ઉદ્ધાર પંદરમો શેત્રુંજે કીધો, અગ્યાર લાખ દ્રવ્ય ખરચ્યાં.
હો કુમતિ૦ ૮

સંવત પનર સત્યાશી વરસે, બાદશાહને વારે;
ઉદ્ધાર સોળમો શેત્રુંજે કીધો, કરમાશાહે જસ લીધો.
હો કુમતિ૦ ૯

એ જિનપ્રતિમા જિનવર સરખી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી;
જિનપ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક **જસની** વાણી.
હો કુમતિ૦ ૧૦

**તુલસી મનકે દુ:ખકો, પ્રગટ ન કરિયે રોય;**
**શરમ ગમાવે આપનો, બાંટી ન લહે કોય.**

## શ્રી સમેતશિખર સ્તવન

( ક્રીડા કરી ઘરે આવીયો—એ દેશી. )

સમેતશિખર જિન વંદીએ, મોટું તીરથ એહ રે;
પાર પમાડે ભવતણો, તીરથ કહીએ તેહ રે. સમેત. ૧
અજિતથી સુમતિ જિણંદ લગે, સહસ મુનિ પરિવાર રે;
પદ્મપ્રભ શિવસુખ વર્યા, ત્રણશેં અડ અણગાર રે. સમેત. ૨
પાંચશેં મુનિ પરિવારશું, શ્રી સુપાસ જિણંદ રે;
ચંદ્રપ્રભ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણીંદ રે. સમેત. ૩
છ હજાર મુનિરાજશું, વિમળ જિનેશ્વર સીધા રે;
સાત સહસશું ચૌદમા, નિજ કારજ વર કીધાં રે. સમેત. ૪
એક સો આઠશું ધર્મજિન, નવશેંશું શાંતિનાથ રે;
કુંથુ અર એક સહસશું, સાચો શિવપુર સાથ રે. સમેત. ૫
મલ્લિનાથ શત પાંચશું, મુનિ નમિ એક હજાર રે;
તેત્રીશ મુનિ યુત પાસજી, વરિયા શિવસુખ સાર રે, સમેત. ૬
સત્તાવીશ સહસ ત્રણશેં, ઉપર ઓગણપચાસ રે;
જિન પરિકર બીજા કેઈ, પામ્યા શિવપુરવાસ રે. સમેત. ૭
એ વીશે જિન એણે ગિરે, સિદ્ધા અણસણ લેઈ રે;
**પદ્મવિજય** કહે પ્રણમીએ, પાસ શામળનું ચેઈ રે. સમેત. ૮

---

તુલસી કહે પુકારકે, સકલ દે કાન;
હેમ દાન ગજ દાનસે, બડા દાન સનમાન.

## શ્રી અષ્ટાપદ ગિરિનું સ્તવન

અષ્ટપદગિરિ યાત્રા કરણકું, રાવણ પ્રતિહરિ આયા;
પુષ્પક નામે વિમાને બેસી, મંદોદરી સુહાયા.
શ્રી જિન પૂજી હો લાલ, સમકિત નિર્મલ કીજે;

નયણે નીરખી હો લાલ, નરભવ સફ્લો કીજે,
હૈયડે હરખી હો લાલ, સમતા સંગ કરીજે. એ આંકણી. ૧
ચઉમુખ ચઉ ગતિહરણ પ્રાસાદે, ચઉવીશે જિન બેઠા;
ચઉદિશિ સિંહાસન સમનાસા, પૂરવદિશી દોય જિઠા. શ્રી ૨
સંભવ આદે દક્ષિણ ચારે, પશ્ચિમ આઠ સુપાસા;
ધર્મ આદિ ઉત્તર દિશિ જાણો, એવં જિન ચઉવીશા. શ્રી ૩
બેઠા સિંહતણે આકારે, જિણહર ભરતે કીધા;
રયણબિંબ મૂરતિ થાપીને, જગ જશવાદ પ્રસિદ્ધા. શ્રી ૪
કરે મંદોદરી રાણી નાટક, રાવણ તાંત બજાવે;
માદલ વીણા તાલ તંબૂરો, પગરવ ઠમઠમકાવે. શ્રી ૫
ભક્તિભાવે એમ નાટક કરતાં, ત્રૂટી તંતી વિચાલે;
સાંધી આપ નસા નિજ કરની, લઘુ કલાશું તતકાલે. શ્રી ૬
દ્રવ્ય ભાવશું ભક્તિ ન ખંડી, તો અક્ષય પદ સાધ્યું;
સમકિત સુરતરુ ફળ પામીને, તીર્થંકર પદ બાંધ્યું. શ્રી ૭

જેમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન;
ક્ષણમાં શિવસંપદ વરે. ન ધરે દેહ નવીન.

એણીપરે ભવિજન જે જિન આગે, બહુ પરે ભાવના ભાવે;
**જ્ઞાનવિમલ** ગુણ તેહના અહનિશ, સુરનરનાયક ગાવે. શ્રી ૮

---

## શ્રી સિદ્ધચક્રનું સ્તવન

સિદ્ધચક્રવર સેવા કીજે, નરભવ લાહો લીજેજી;
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવભવ પાતક છીજે. આંકણી.
ભવિજન ! ભજીયેજી, અવર અનાદિની ચાલ નિતનિત તજીએજી. ૧
દેવના દેવ દયાકર ઠાકર, ચાકર સુર નર ઇંદાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા. ભવિ. ૨
અજ અવિનાશી અકલ અજરામર, કેવળ દંસણનાણીજી;
અવ્યાબાધ અનંતું વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી. ભવિ. ૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મીપીઠ, મંત્રરાજ યોગપીઠજી;
સુમેરુપીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇઠ. ભવિ. ૪
અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદ ને મૂળ ચારજી;
દશ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભવિ. ૫
વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય. ભવિ. ૬
ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધાપરિણતિ આતમકેરી, નમીએ વારંવાર. ભવિ. ૭

---

આપ આપ અનુભવ કરો, તો શું વાંચ્છિત દૂર?
કેવલજ્ઞાન પ્રગટ કરી, પામો સુખ ભરપૂર.

અઠ્ઠાવીશ ચૌદ ને ષટ્ દુગ એક, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ. ભવિ. ૮
નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારેજી;
નિજગુણસ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર. ભવિ. ૯
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ. ભવિ. ૧૦
એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવ ગુરુ ને ધર્મ તે એહમાં, દો તીન ચાર પ્રકાર. ભવિ. ૧૧
મારગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહી જ હેતે. ભવિ. ૧૨
વિમલેશ્વર સાનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
**પદ્મવિજય** કહે તે ભવિ પ્રાણી, નિજઆતમહિત સાધે. ભવિ. ૧૩

---

## દિવાળીનું સ્તવન

( વાલાજીની વાટડી અમે જોતાં રે—એ દેશી )

જય જિનવર જગ હિતકારી રે, કરે સેવા સુર અવતારી રે,
ગૌતમ પમુહા ગણધારી, સનેહી વીરજી જયકારી રે. ૧
અંતરંગ રિપુને ત્રાસે રે, તપ કોપાટોપે વાસે રે,
લહ્યું કેવલનાણ ઉલ્લાસે, સનેહી૦ ૨

**જો પરભાવ સકલ તજી, દેખો આતમ ભાવ;**
**કેવલજ્ઞાનસ્વરૂપ થઈ, જલદી મોક્ષે જાવ.**

કટી લંકે વાદ વદાય રે, પણ જિન સાથે ન ઘટાય રે,
તિણે હરિ લંછન પ્રભુ પાય, સનેહી૦ ૩
સવિ સુરવધૂ થેઈ થેઈકારે, જળપંકજની પેરે ન્યારા રે,
તજી તૃષ્ણા ભોગવિકારા, સનેહી૦ ૪
પ્રભુ દેશના અમૃતધારા રે, જિન ધર્મ વિષે રથકારા રે,
જેણે તાર્યા મેઘકુમારા, સનેહી૦ ૫
ગૌતમને કેવળ આલી રે, વર્યા સ્વાતિએ શિવ વરમાલી રે,
કરે ઉત્તમ લોક દિવાલી, સનેહી૦ ૬
અંતરંગ અલચ્છ નિવારી રે, શુભ સજ્જનને ઉપગારી રે,
કહે **વીર** વિભુ હિતકારી, સનેહી૦ ૭

---

## શ્રી રાયણ પગલાનું સ્તવન

શ્રી આદીશ્વર અંતરયામી, જીવન જગત આધાર,
શાંત સુધારસ જ્ઞાને ભરીયો, સિદ્ધાચલ શણગાર;
રાયણ રુડી રે જીહાં પ્રભુ પાય ધરે,
વિમલગિરિ વંદો રે દેખત દુઃખ હરે,
પુણ્યવંતા પ્રાણી રે, પ્રભુજીની સેવા કરે. વિમળ૦ ૧
ગુણ અનંતા ગિરિવરકેરા, સિધ્યા સાધુ અનંત,
વળી રે સિદ્ધશે વાર અનંતી, એમ ભાખે ભગવંત;
ભવોભવકેરાં રે, પાતિક દૂર કરે. વિમળ૦ ૨

---

**સ્ત્રી પુત્રો ને કુટુંબ મમ, વિષય ભોગ દુઃખખાણ;**
**જે જ્ઞાની એમ ચિંતવે, તે પામે નિરવાણ.**

વાવડીયું રસકૂપા કેરી, મણિ માણેકની રે ખાણ,
રત્ન ખાણુ બહુ રાજે હો તીરથ, એવી શ્રીજિન વાણ;
સુખના સ્નેહી રે બંધન દૂર કરે. વિમળ૦ ૩

પાંચ કોડીશું પુંડરીક સિધ્યા, ત્રણ કોડીશું રામ,
વીશ કોડીશું પાંડવ સિધ્યા, સિદ્ધક્ષેત્ર સિદ્ધઠામ;
મુનિવર મોટા રે અનંતા મુક્તિ વરે. વિમળ૦ ૪

એસો તીરથ ઓર ન જગમેં, ભાખે શ્રી જિનભાણ,
દુરગતિ કાપે ને પાર ઉતારે વાલો, આપે કેવળનાણ;
ભવિજન ભાવે રે જે એહની સેવા કરે. વિમળ૦ ૫

દ્રવ્ય ભાવશું પૂજા કરતાં, પૂજો શ્રી જિનપાય,
ચિદાનંદ સુખ આતમ વેદી, જ્યોતિસે જ્યોતિ મીલાય;
કીરતિ એહની રે, માણેકમુનિ કરે. વિમળ૦ ૬

---

## શ્રી પર્યુષણ પર્વનું સ્તવન

પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યા પર્વ પજુસણ ભારી;
આખા વર્ષમાં તે દિન મોટા, આઠે નહીં તેમાં છોટા રે;
એ ઉત્તમને ઉપકારી. ભાખ્યા૦ ૧

જેમ ઔષધમાંહિ કહીએ, અમૃતને સારું લહીએ રે;
મહામંત્રમાં નવકાર ભારી. ભાખ્યા૦ ૨

વૃક્ષમાંહિ કલ્પતરુ સારો, એમ પર્વ પજુસણ ધારો રે;
સૂત્રમાંહિ કલ્પ ભવ તારી. ભાખ્યા૦ ૩
તારા ગણુમાં જેમ ચંદ્ર, સુરવરમાંહિ જેમ ઇંદ્ર રે;
સતીઓમાં સીતા નારી. ભાખ્યા૦ ૪
બે બને તો અઠ્ઠાઇ કીજે, વળી માસખમણ તપ લીજે રે;
સોળ ભત્તાની બલિહારી. ભાખ્યા૦ ૫
નહિ તો ચોથ છઠ્ઠ તો લહીએ, અઠ્ઠમ કરી દુઃખ સહીએ રે;
તે પ્રાણી જુજ અવતારી. ભાખ્યા૦ ૬
તે દિવસે રાખી સમતા, છોડો મોહ માયા ને મમતા રે;
સમતારસ દિલમાં ધારી. ભાખ્યા૦ ૭
નવ પૂર્વતણો સાર લાવી, જેણે કલ્પસૂત્ર બનાવી રે;
ભદ્રબાહુ વાર અનુસારી. ભાખ્યા૦ ૮
સોના રૂપાનાં ફૂલડાં ધરીએ, એ કલ્પની પૂજા કરીએ રે;
એ શાસ્ત્ર અનોપમ ભારી. ભાખ્યા૦ ૯
ગીત ગાન વાજિંત્ર વજાવે, પ્રભુજીની આંગી રચાવે રે;
કરે ભક્તિ વાર હજારી. ભાખ્યા૦ ૧૦
સુગુરુમુખથી એ સાર, સુણે અખંડ એકવીશ વાર રે;
એ જુએ અષ્ટ ભવે શિવ પ્યારી ભાખ્યા૦ ૧૧
એમ અનેક ગુણના ખાણી, તે પર્વ પજુસણ જાણી રે;
સેવો દાન દયા મનોહારી. ભાખ્યા૦ ૧૨

---

જો તુજ મન નિર્ગ્રંથ છે, તો તું છે નિર્ગ્રંથ;
તેથી રાગાદિક તજે, તો પામે શિવપંથ.

## શ્રી વૈરાગી પદ

( તાલ-લાવણી )

ચેતે તો ચેતાવું તુને રે, પામર પ્રાણી—એ ટેક૦
તારે હાથે વપરાશે તેટલું જ તારું થાશે;
બીજું તો બીજાને જાશે રે. પામર૦ ૧
સજી ઘરબાર સારું, મિથ્યા કહે છે મારું મારું;
તેમાં નથી કશું તારું રે. પામર૦ ૨
માખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લૂંટનારે લૂંટી લીધું રે. પામર૦ ૩
ખંખેરીને હાથ ખાલી, ઓચીંતુ જવું છે ચાલી;
કરે માથાફોડ ઠાલી રે. પામર૦ ૪
સાહુકારીમાં સવાયો, લાખોપતિ તું લેખાયો;
કહે સાચું શું કમાયો રે? પામર૦ ૫
કમાયો તું માલ કેવો, તારી સાથે આવે એવો;
અવેજ તપાસ એવો રે. પામર૦ ૬
હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
તારી મૂડી થાશે તાજી રે. પામર૦ ૭
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે;
કશું ન કરી શકાશે રે. પામર૦ ૮

**જો જાણે તું આપ પર, તો નિશ્ચય પરત્યાગ;**
**તે જ ખરો સંન્યાસ છે, બોલે જિનવડ ભાગ.**

ખોળામાંથી ધન ખોયું, ધૂળથી કપાલ ધોયું;
જાણુપણું તારું જોયું રે. પામર૦ ૯

## વૈરાગ્ય વિષે

( કવ્વાલી–મેરે મૌલા બુલાલે મદીને મુઝે–એ રાગ )

પ્યારે પ્રભુકા ધ્યાન લગા તો સહી, ઈન પાપોંકો દૂર ભગા તો સહી.
સો રહા કિસ નીંદમેં, જિસકા ન મુજકો જ્ઞાન હૈ,
આયા થા યહાં કિસ લીયે, કયા કર રહા નાદાન હૈ,
ઐસી નીંદકો વેગ ઊડા તો સહી. પ્યારે૦ ૧
ચાર દીનકી ચાંદની હૈ, ફિર અંધેરી આયગી,
સાથ કુછ ચલતા નહિ, દૌલત પડી રહ જાયગી,
ઐસી મમતાકો દૂર હટા તો સહી. પ્યારે૦ ૨
મતલબ કે સાથી હૈ, સભી નહીં સાથી તેરે જાયંગે,
જબ મોત તેરી આ જાયગી, જંગલમેં ઘર કર આયંગે,
જિન ધર્મસે પ્રેમ બઢા તો સહી. પ્યારે૦ ૩
ફિકરકો અબ ત્યાગ દે, દીલકો લગાલે જ્ઞાનમેં,
આનન્દ ચિત્ત હો જાયગા, ઐસી મજા હૈ ધ્યાનમેં,
શિવરમણીસે નેહ લગા તો સહી. પ્યારે૦ ૪
હંસકા કહના યહી, નિત પાપસે ડરતે રહો,
ફિરતે રહો શુભ કામમેં, ઉપકાર ભી કરતે રહો,
ઐસી બાતોં કો દિલમેં જમા તો સહી. પ્યારે૦ ૫

---

સમ્યગ્ દર્શન તેજ છે, આત્માનું ઓળખાણ;
ચેતન રહે નિજ રૂપમાં, તે ચારિત્ર પિછાણ.

# શ્રી પુણ્યપ્રકાશનું સ્તવન

સકલ સિદ્ધિદાયક સદા, ચોવીશે જિનરાય;
સદ્‌ગુરુ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧

ત્રિભુવનપતિ ત્રિશલાતણો; નંદન ગુણગંભીર;
શાસનાયક જગજયો, વર્ધમાન વડવીર. ૨

એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવનાં હિત ભણી; પૂછે ગૌતમસ્વામ. ૩

મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત ?
સુધા સરસ તવ વચનરસ, ભાખે શ્રી ભગવંત. ૪

અતિચાર આલોઈએ, વ્રત ધરીએ ગુરુ સાખ;
જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૫

વિધિશું વળી વોસિરાવીએ, પાપસ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬

શુભ કરણી અનુમોદીએ, ભાવ ભલો મન આણ;
અણસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ. ૭

શુભગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

**કરમવશે અષાઢા મુનિ, ભરતનો નાટિક કીધ;**
**નિત્ય ભાવના ભાવતાં, તિણે તિહાં કેવળ લીધ.**

## ઢાળ પહેલી

[ ભવિકા, સિદ્ધચક્રપદ વંદો–એ દેશી. ]

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર;
એહ તણા ઈહભવ પરભવના, આલોઈએ અતિચાર રે.
**પ્રાણી, જ્ઞાન ભણો ગુણખાણી,**
વીર વદે એમ વાણી રે....પ્રા૦ ૧

ગુરુ ઓળવીએ નહિ ગુરુ વિનયે, કાળે ધરી બહુમાન;
સૂત્ર અર્થ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાન રે.પ્રા૦ ૨

જ્ઞાનોપકરણ પાટી પોથી, ઠવણી નોકારવાળી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાળી રે. પ્રા૦ ૩

ઇત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે;
**પ્રાણી, સમકિત લ્યો શુદ્ધ જાણી. પ્રા૦ ૪**

જિનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ;
સાધુતણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખ રે. પ્રા૦ ૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ;
સાહમ્મીને ધર્મે કરી થિરતા, ભક્તિ પ્રભાવના કરીએ રે.પ્રા૦ ૬

સંઘ ચૈત્ય પ્રાસાદતણો જે, અવર્ણવાદ મન લેખ્યો;
દ્રવ્ય દેવકો જે વિણસાડયો, વિણસંતો ઉવેખ્યો રે. પ્રા૦ ૭

---

ચંડરુદ્ર ગુરુ ખંધે કરી; રજની કિયો વિહાર;
શિષ્યે કેવળ પામિયો, તિમ ગુરુ કેવળ ધાર.

ઇત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડયું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે.
**પ્રાણી, ચારિત્ર લ્યો ચિત્ત આણી. પ્રા૦ ૮**
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચનમાય;
સાધુતણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ વચન કાય રે. પ્રા૦ ૯
શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી;
જે જયણાપૂર્વક એ આઠે, પ્રવચનંમાય ન પાળી રે. પ્રા૦ ૧૦
ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહોળ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે.પ્રા૦૧૧
બારે ભેદે તપ નવિ કીધો, છતે યોગે નિજ શકતે;
ધર્મે મન વચન કાયા વીરજ, નવિ ફોરવિયું ભગતે રે. પ્રા૦ ૧૨
તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રા૦૧૩
વળીય વિશેષે ચારિત્રકેરા, અતિચાર આલોઇએ;
વીર જિણેસર વયણ સુણીરે, પાપમેલ સવિ ધોઈએ રે. પ્રા૦ ૧૪

---

## ઢાળ બીજી

[ પામી સુગુરુ પસાય રે–એ દેશી ]

પૃથ્વી પાણી તેઉ, વાઉ વનસ્પતિ,
એ પાંચે થાવર કહ્યાં એ;

કરી કરશણુ આરંભ, ખેત્ર જે ખેડિયાં,
કૂવા તલાવ ખણાવિયા એ, ૧
ઘર આરંભ અનેક, ટાંકાં ભોંયરાં,
મેડી માળ ચણાવિયા એ,
લીંપણુ ગૂંપણુ કાજ, એણીપરે પરે,
પૃથ્વીકાય વિરાધિયા એ. ૨
ધોવણુ નાવણુ પાણી, ઝીલણુ અપ્કાય,
છોતી ધોતી કરી દુહવ્યાં એ.
ભાઠીગર કુંભાર, લોહ સોહનગરા,
ભાડભુંજા લીહાલાગરા એ. ૩
તાપણુ સેકણુ કાજ, વસ્ત્રનિખારણુ,
રંગણુ રાંધણુ રસવતી એ;
એણી પરે કર્માદાન, પરે પરે કેળવી
તેઉ વાઉ વિરાધિયાં એ. ૪
વાડી વન આરામ, વાવી વનસ્પતિ,
પાન ફળ ફૂલ ચૂંટિયાં એ;
પોંક પાપડી શાક, શેકયા સૂકવ્યાં.
છેદ્યાં છૂંદ્યાં આથિયાં એ. ૫
અળશી ને એરંડ, ઘાણી ઘાલીને,
ઘણા તિલાદિક પીલિયાં એ;

**ષટ્‌ખંડ રાજ્ય હેલાં તજી, લીધો સંજમ ભાર;**
**ષટ્‌દશ રોગ ઈહાં સહ્યા, શ્રીચક્રી સનત્‌કુમાર.**

ઘાલી કોલુમાંહે, પીલી શેરડી,
કંદમૂળ ફળ વેચિયાં એ. ૬
એમ એકેંદ્રિય જીવ, હણ્યા હણાવિયા,
હણતાં જે અનુમોદિયા એ;
આ ભવ પરભવ જેહ, વલી રે ભવો ભવે,
**તે મુજ મિચ્છામિ દુક્કડં એ.** ૭
કૃમી કરમિયા કીડા, ગાડર ગંડોલાં,
ઇયલ પોરા અળસિયાં એ;
વાળા જળો ચુડેલ, વિચલિત રસતણાં,
વળી અથાણાં પ્રમુખનાં એ, ૮
એમ બેઇંદ્રિય જીવ, જે મેં દુહવ્યા,
**તે મુજ મિચ્છામિ દુક્કડં એ.**
ઉદ્દેહી જૂ લીખ, માંકડ મંકોડા,
ચાંચડ કીડી કુંથુઆ એ. ૯
ગદ્દહિયાં ઘીમેલ, કાનખજુરડા,
ગીંગોડા ધનેરિયાં એ;
એમ તેઇંદ્રિય જીવ, જે મેં દુહવ્યા,
**તે મુજ મિચ્છામિ દુક્કડં એ.** ૧૦
માંખી મચ્છર ડાંસ, મસા પતંગિયાં,
કંસારી કોલિયાવડા એ;

**કૂર ભાખતાં કેવળ લહ્યો, કૂરગડુ અણગાર;**
**ખિમા ખડ્ગ હાથે ધરી, જે મુનિમાં શણગાર.**

ઢીંકણ વીંછુ તીડ, ભમરા ભમરીઓ
કેતાં બગ ખડમાંકડી એ. ૧૧

એમ ચૌરિંદ્રિય જીવ, જે મેં દુહવ્યા,
**તે મુજ મિચ્છામિ દુક્કડં એ;**
જળમાં નાખી જાળ, જળચર દુહવ્યા,
વનમાં મૃગ સંતાપિયા એ. ૧૨

પીડયા પંખી જીવ, પાડી પાશમાં,
પોપટ ઘાલ્યા પાંજરે એ;
એમ પંચેંદ્રિય જીવ, જે મેં દુહવ્યા,
**તે મુજ મિચ્છામિ દુક્કડં એ.** ૧૩

---

## ઢાળ ત્રીજી

[ સુણુ જિનવર શેત્રુંજા ધણીજી—એ દેશી ]

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યા વચન અસત્ય;
કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્ત રે.
**જિનજી, મિચ્છામિ દુક્કડં આજ,**
તુમ સાખે મહારાજ રે, જિનજી દેઈ સારું કાજ રે.
જિનજી૦ ૧

**પંખી પ્રાણ જ રાખવા, કરી ખંડાખંડ નિજ દેહ;**
**મેઘરથરાય તણે ભવે, પ્રસન્ન હુઓ સુર તેહ.**

દેવ મનુષ્ય તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં જેહ;
વિષયારસ લંપટતણેજી, ઘણું વિડંબ્યો દેહ રે.
જિનજી૦ ૨

પરિગ્રહની મમતા કરીજી, ભવભવ મેલી આથ;
જે જિહાંની તે તિહાં રહીજી, કોઈ ન આવી સાથ રે.
જિનજી૦ ૩

રયણીભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ;
રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષ રે.
જિનજી૦ ૪

વ્રત લેઈ વિસારિયાંજી, વળી ભાંગ્યાં પચ્ચક્ખાણ;
કપટ હેતુ કિરિયા કરીજી, કીધાં આપ વખાણ રે.
જિનજી૦ ૫

ત્રણ ઢાળ આઠે દુહેજી, આલોયા અતિચાર;
શિવગતિ આરાધનતણોજી, **એ પહેલો** અધિકાર રે.
જિનજી. ૬

---

## ઢાળ ચોથી

[ સાહેલડીની-એ દેશી ]

પંચ મહાવ્રત આદરો સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરી, સા૦ પાળો નિરતિચાર તો. ૧

વ્રત લીધાં સંભારીએ, સા૦ હૈડે ધરીય વિચાર તો;
શિવગતિ આરાધનતણો, સા૦ એ **બીજો** અધિકાર તો. ૨
જીવ સર્વે ખમાવીએ, સા૦ યોનિ ચોરાશી લાખ તો;
મન શુદ્ધે કરી ખામણાં, સા૦ કોઈશું રોષ ન રાખ તો. ૩
સર્વે મિત્ર કરી ચિંતવો, સા૦ કોઈ ન જાણો શત્રુ તો;
રાગ દ્વેષ એમ પરિહરી, સા૦ કીજે જન્મ પવિત્ર તો. ૪
સાહમ્મી સંઘ ખમાવીએ, સા૦ જે ઊપની અપ્રીત તો;
સજ્જન કુટુંબ કરી ખામણાં, સા૦ એ જિનશાસન રીત તો. ૫
ખમીએ ને ખમાવીએ, સા૦ એહી જ ધર્મનો સાર તો;
શિવગતિ આરાધનતણો, સા૦ એ **ત્રીજો** અધિકાર તો. ૬
મૃષાવાદ હિંસા ચોરી, સા૦ ધનમૂર્ચ્છા મૈથુન તો;
ક્રોધ માન માયા તૃષ્ણા, સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭
નિંદા કલહ ન કીજિયે, સા૦ કૂડાં ન દીજે આળ તો;
રતિ અરતિ મિથ્યા તજો, સા૦ માયામોહ જંજાળ તો. ૮
ત્રિવિધિ ત્રિવિધ વોસિરાવીએ, સા૦ પાપસ્થાન અઢાર તો;
શિવગતિ આરાધનતણો, સા૦ એ **ચોથો** અધિકાર તો. ૯

---

## ઢાળ પાંચમી

[ શ્રાવણ સુદિ દિન પંચમીએ–એ દેશી ]

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે, કોઈ ન રાખણહાર તો. ૧

શરણુ એક અરિહંતનું એ, શરણુ સિદ્ધ ભગવંત તો;
શરણુ ધર્મ શ્રી જૈનનું એ, સાધુ શરણુ ગુણવંત તો. ૨
અવર મોહ સવિ પરિહરીએ, શરણુ ચાર ચિત્ત ધાર તો;
શિવગતિ આરાધનતણો એ, એ **પાંચમો** અધિકાર તો. ૩
આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કોઈ લાખ તો;
આતમસાખે નિંદીએ એ, પડિક્કમીએ ગુરુ-સાખ તો. ૪
મિથ્યામતિ વર્તાવિયા એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો;
કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉત્થાપ્યાં સૂત્ર તો. ૫
ઘડચાં ઘડાવ્યાં જે ઘણાં એ, ઘરંટી હળ હથિયાર તો;
ભવ ભવ મેલી મૂકિયાં એ, કરતા જીવ સંહાર તો. ૬
પાપ કરીને પોષિયાં એ, જનમ જનમ પરિવાર તો;
જન્માંતર પહોંત્યા પછી એ, કોઈએ ન કીધી સાર તો. ૭
આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;
ત્રિવિધે ત્રિવિધે વોસિરાવીએ એ, આણી હૃદય વિવેક તો. ૮
દુષ્કૃત નિંદા એમ કરી એ, પાપ કર્યાં પરિહાર તો;
શિવગતિ આરાધનતણો એ, એ **છઠ્ઠો** અધિકાર તો. ૯

---

## ઢાળ છઠ્ઠી

( તે દિન ક્યારે આવશે-એ દેશી. )

**ધન ધન તે દિન માહરો,** જીહાં કીધો ધર્મ;
જ્ઞાન શિયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કર્મ. ધન૦ ૧

**ભાવના છે ભવનાશિની, જે આપે ભવપાર;**
**ભાવના બડી સંસારમેં, જસ ગુણનો નહીં પાર.**

શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર;
જુગતે જિનવર પૂજિયા, વળી પોષ્યાં પાત્ર. ધન૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવિયાં, જિણહર જિનચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યાં, એ સાતે ખેત્ર. ધન૦ ૩
પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુમાન. ધન૦ ૪
ધર્મ કારજ અનુમોદીએ, એમ વારોવાર;
શિવગતિ આરાધન તણો, એ **સાતમો** અધિકાર. ધન૦ ૫
ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવીએ, એ આતમરામ. ધન૦ ૬
સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦ ૭
સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનું કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮
ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધનતણો, એ **આઠમો** અધિકાર. ધન૦ ૯

---

## ઢાળ સાતમી

( પ્રહ ઊઠી વંદું, ઋષભદેવ ગુણવંત–એ દેશી )

હવે અવસર જાણી, કરી સંલેખન સાર,
અણસણ આદરીએ, પચ્ચકખી ચારે આહાર;

**શ્વાસ શ્વાસમેં નામ લે, વૃથા શ્વાસ મત ખોય;**
**ન જાનો યે શ્વાસ કો, આવન હોય ન હોય.**

લઘુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ,
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક;
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચિયો રંક;
દુલ્લહો એ વળી વળી, અણસણનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન્ય ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર,
અણસણ આરાધી, પામ્યો ભવનો પાર;
શિવમંદિર જાશે, કરી એક અવતાર,
આરાધન કેરો, એ **નવમો** અધિકાર. ૩

**દશમે** અધિકારે, મહામંત્ર નવકાર,
મનથી નવિ મૂકો, શિવસુખ ફલ સહકાર;
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર,
સુપેરે એ સમરો, ચૌદ પૂરવનો સાર. ૪

જન્માંતર જાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર;
એ નવપદ સરીખો, મંત્ર ન કો સંસાર,
ઇહ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય;

**ન્હાયે ધોયે ક્યા હુઆ, જો મનમેં મેલ સમાય;**
**મીન સદા જલમેં રહે, ધોયે વાસ ન જાય.**

રાણી રત્નવતી બેહુ, પામ્યા છે સુરભોગ,
એક ભવ પછી લેશે, સિદ્ધિવધૂ સંજોગ. ૬

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાલ,
ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફૂલમાલ;
શિવકુમારે જોગી, સોવનપુરિસો કીધ,
એમ ઈણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ. ૭

એ **દશ** અધિકારે, વીર જિણેસર ભાખ્યો,
આરાધનકેરો વિધિ, જેણે ચિત્તમાંહિ રાખ્યો;
તેણે પાપ પખાળી, ભવ ભય દૂર નાખ્યો,
જિન**વિનય** કરતાં સુમતિ, અમૃત રસ ચાખ્યો. ૮

## ઢાળ આઠમી

( નમો ભવી ભાવશું-એ દેશી )

સિદ્ધારથ સુત કુળતિલો એ, ત્રિશલા માત મલ્હાર તો;
અવનીતલે તમે અવતર્યા એ, કરવા અમ પર ઉપકાર.
**જયો જિન વીરજી એ. ૧**

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો;
તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર. જયો૦ ૨

આશ કરીને આવિયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ ? જયો૦ ૩

**દુર્જિનકી કરુણા બૂરી, ભલો સજ્જનકો ત્રાસ;**
**સૂરજ જબ ગરમી કરે, તબ વસનકી આશ.**

કરમ અલૂજણ આકરાં એ, જનમ મરણ જંજાળ તો;
હું છું એહથી ઊભગ્યો એ, છોડવ દેવ ! દયાલ. જયો૦ ૪

આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો;
તૂઠ્યો જિન ચોવીશમો એ, પ્રગટ્યા પુણ્ય કલ્લોલ. જયો૦ ૫

ભવ ભવ **વિનય** તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો;
દેવ દયા કરી દીજીએ એ, બોધિબીજ સુપસાય. જયો૦ ૬

---

## કળશ

ઇહ તરણતારણ સુગતિકારણ, દુઃખનિવારણ જગ જયો;
શ્રી વીર જિનવર, ચરણ થુણતાં, અધિક મન ઉલટ ભયો. ૧

**શ્રીવિજયદેવસૂરીંદ** પટધર તીરથ જંગમ એણી જગે;
તપગચ્છપતિ શ્રી **વિજયપ્રભસૂરિ**, સૂરિતેજે ઝગમગે; ૨

શ્રી **હીરવિજયસૂરિ**,શિષ્ય વાચક **કીર્તિવિજય** સુરગુરુ સમો;
તસ શિષ્ય **વાચક વિનયવિજયે**,થુણ્યો જિન ચોવીસમો. ૩

સય સત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસે એ.
વિજયદશમી વિજયકારણ, કીધો ગુણ અભ્યાસ એ. ૪

નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલવિલાસ એ;
નિર્જરા હેતે સ્તવન રચિયું, નામ **પુણ્યપ્રકાશ** એ.

---

**કબીર કુવા એક હૈ, પનિહારી અનેક;**
**ન્યારે ન્યારે બરતન ભયે, પાની સબમેં એક.**

# સ્તુતિ–સંગ્રહ

## શ્રી ઋષભદેવ જિન-સ્તુતિ

આદિ જિનવર રાયા જાસ સોવન્ન કાયા,
મરુદેવી માયા ધોરી લંછન પાયા;
જગતસ્થિતિ નિપાયા શુદ્ધ ચારિત્ર પાયા,
કેવળસિરિ રાયા મોક્ષનગરે સધાયા. ૧

સવિ જિન સુખકારી મોહ મિથ્યા નિવારી,
દુર્ગતિ દુઃખ ભારી શોક સંતાપ વારી;
શ્રેણી ક્ષપક સુધારી કેવળાનંત ધારી,
નમીએ નરનારી જેહ વિશ્વોપકારી. ૨

સમવસરણુ બેઠા લાગે જે જિનજી મીઠા,
કરે ગણ પઇઠ્ઠા ઇંદ્ર ચંદ્રાદિ દીઠા;
દ્વાદશાંગી વરિઠ્ઠા ગુંથતાં ટાળે રિઠ્ઠા,
ભવિજન હોય હિઠ્ઠા દેખી પુણ્યે ગરિઠ્ઠા. ૩

સુર સમકિતવંતા જેહ રિદ્ધે મહંતા,
જેહ સજ્જન સંતા ટાળીએ મુજ ચિંતા;
જિનવર સેવંતા વિઘ્ન વારે દુરંતા,
જિન ઉત્તમ થુણંતા **પદ્મ**ને સુખ દિંતા. ૪

**સમ્યક્ શ્રદ્ધાવાન્ નર, અજર અમર ગુણધામ;**
**કર્મબંધ તે નવ કરે, કરે નિર્જરા કામ.**

૨

ભવ્યાંભોજવિબોધનૈકતરણે વિસ્તારી કર્માવલી,
રંભાસામજનાભિનંદનમહા-નષ્ટાપદાભાસુરૈ :
ભક્ત્યા વંદિતપાદપદ્મવિદુષાં સંપાદય પ્રોજ્જિઝતા,
રંભાસામાજનાભિનંદનમહા નષ્ટાપદા ભાસુરૈઃ ૧

તે વઃ પાંતુ જિનોત્તમા, ક્ષતરૂજો નાચિક્ષિપુર્યન્મનો,
દારાવિભ્રમરોચિતાઃ સુમનસો મન્દારવા રાજિતાઃ
યત્પાદૌ ચ સુરોજ્જિઝતાઃ સુરભયાં ચક્રુઃ પતન્ત્યોમ્બરા-
દારાવિભ્રમરોચિતાઃ સુમનસો મન્દારવારાજિતાઃ ૨

શાન્તિ વસ્તનુતાન્મિથોઽનુગમનાદ્યન્નૈગમાદ્યૈર્નયૈ-
રક્ષોભં જનહેતુલાંછિતમદો દીર્ણાં ગંજાલંકૃતમ્;
તત્પૂજ્યૈર્જગતાં જિનૈઃ પ્રવચનં દૃપ્યત્કુવાદાવલી-
રક્ષોભંજનહેતુલાંછિતમદો દીર્ણાંગજાલંકૃતમ્. ૩

શીતાંશુત્વિષિ યત્ર નિત્યમદધદ્ ગંધાઢ્યધૂલીકણા-
નાલી કેસરલાલસા સમુદિતા શુભ્રામરીભાસિતા;
પાયાદ્વઃ શ્રુતદેવતા નિદધતી તત્રાબ્જકાન્તીક્રમૌ,
નાલિકેસરલાલસા સમુદિતા શુભ્રામરી ભાસિતા. ૪

---

પંકજ જળ જેમ ભિન્ન રહે, તેમ રહે સમ્યક્ત્વવાન;
લિપ્ત ન થાય કર્મથી, આત્મશ્રદ્ધાવાન.

## શ્રી શાંતિનાથ જિન-સ્તુતિ

વંદો જિન શાંતિ જાસ સોવન્ન કાંતિ,
ટાળે ભવભ્રાંતિ મોહમિથ્યાત્વ શાંતિ;
દ્રવ્યભાવ અરિ પાંતિ તાસ કરતા નિકાંતિ,
ધરતા મન ખાંતિ શોક સંતાપ વાંતિ. ૧
દોય જિનવર નીલા દોય રક્ત રંગીલા,
દોય ધોળા સુશીલા કાઢતા કર્મ કીલા,
ન કરે કોઈ હીલા દોય શ્યામ સલીલા,
સોળ સ્વામીજી પીળા આપજો મોક્ષલીલા. ૨
જિનવરની વાણી મોહવલ્લી કૃપાણી,
સૂત્રે દેવાણી સાધુને યોગ્ય જાણી;
અરથે ગુંથાણી દેવ મનુષ્ય પ્રાણી,
પ્રણમો હિત આણી મોક્ષની એ નિશાણી. ૩
વાગેસરી દેવી હર્ષ હિયડે ધરેવી,
જિનવર પાય સેવી સાર શ્રદ્ધા વરેવી;
જે નિત્ય સમરેવી દુઃખ તેહના હરેવી.
**પદ્મવિજય** કહેવી ભવ્ય સંતાપ ખેવી. ૪

૨

શાંતિ સુહંકર સાહિબો, સયંમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવપાર ઉતારે;

**જે સમતામાં લીન થઈ, કરે આધક અભ્યાસ;**
**અખિલ કર્મ તે ક્ષય કરી, પામે શિવપુર વાસ.**

વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એકતાનથી, તિર્યંચને તારે. ૧
પાસ વીર વાસુપૂજ્યજી, નેમ મલ્લિકુમારી,
રાજ્યવિહુણા એ થયા, આપે વ્રતધારી;
શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી,
મલ્લિ નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી. ૨
કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરીજે,
રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે;
યોગાવંચક પ્રાણીયા, ફલ લેતાં રીજે,
પુષ્કરાવર્તના મેઘમાં, મગસેલ ન ભીંજે. ૩
ક્રોડ વદન શુકરારૂઢો, શ્યામ રૂપે ચાર,
હાથ બીજોરું કમલ છે, દક્ષિણ કર સાર;
જક્ષ ગરુડવાન પાણીએ, નિકુલાક્ષ વખાણે,
નિર્વાણીની વાત તો, કવિ **વીર** તે જાણે. ૪

૩

(શાન્તિ સુહંકર સાહિબો—એ દેશી.)

શાન્તિ જિનેશ્વર સમરીએ, જેની અચિરા માય,
વિશ્વસેન કુલ ઉપન્યા, મૃગ લંછન પાય;
ગજપુર નગરીનો ધણી, કંચન વરણી છે કાય,
ધનુષ ચાલીશ દેહડી, લાખ વરસનું આય. ૧

**અશુચિ દેહથી ભિન્ન નિજ, દેખે શુદ્ધ સ્વરૂપ;**
**તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો, શિવ સુખ લહે અનૂપ.**

શાંતિ જિનેસર સોળમા, ચક્રી પંચમ જાણું,
કુંથુનાથ ચક્રી છઠ્ઠા, અરનાથ વખાણું;
એ ત્રણે ચક્રી સહી, દેખી આણંદું,
સંજમ લઈ મુગતે ગયા, નિત્ય ઊઠીને વંદું. ૨

શાન્તિ જિનેસર કેવલી, બેઠા ધર્મ પ્રકાશે,
દાન શિયળ તપ ભાવના, નર સોય અભ્યાસે;
એ રે વચન જિનજીતણા, જેણે હૈયડે ધરીયા,
સુણતાં સમકિત નિર્મલા, જેણે કેવલ વરીયા. ૩

સમેતશિખર ગિરિ ઉપરે, જેણે અણસણ કીધાં,
કાઉસગ્ગ ધ્યાને મુદ્રા રહી, જેણે મોક્ષ જ લીધાં;
જક્ષ ગરુડ સમરું સદા, દેવી નિર્વાણી,
ભવિક જીવ તુમે સાંભળો, **રિખભદાસ**ની વાણી. ૪

---

## શ્રી નેમનિાથ જિન સ્તુતિ

(શ્રી શત્રુંજય તીરથ સાર—એ દેશી)

રાજુલ વર નારી રૂપથી રતિ હારી,
તેહના પરિહારી બાળથી બ્રહ્મચારી;
પશુઆ ઉગારી હુઆ ચારિત્રધારી,
કેવળશ્રી સારી પામીયા ઘાતી વારી. ૧

---

**તજી કલ્પના જાળ સૌ, પરમ સમાધિવંત;**
**આત્મધ્યાને લીન થઈ, પામે સુખ અનંત.**

ત્રણ જ્ઞાન સંયુતા માતની કૂખે હુંતા,
જનમે પુર હુંતા આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત કરંતા પાંચ સમિતિ ધરંતા,
મહિયલ વિચરંતા કેવળશ્રી વરંતા. ૨

સવિ સુરવર આવે ભાવના ચિત્ત લાવે,
ત્રિગડું સોહાવે દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે સ્વામીના ગુણ ગાવે,
તિહાં જિનવર આવે તત્ત્વ વાણી સુણાવે. ૩

શાસનસુરી સારી અંબિકા નામ ધારી,
જે સમકિતી નરનારી પાપ સંતાપ વારી;
પ્રભુ સેવાકારી જાપ જપીએ સવારી,
સંઘ દુરિત નિવારી **પદ્મ**ને જેહ પ્યારી. ૪

(૨)

સુરઅસુરવંદિત પાદપંકજ, મયણમલ્લમક્ષોભિતં,
ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખલંછનશોભિતં;
શિવાદેવી-નંદન ત્રિજગવંદન, ભવિક કમલ દિનેશ્વરં,
ગિરનાર ગિરિવર શિખર વંદુ, શ્રી નેમિનાથ જિનેશ્વરં. ૧

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરીવરુ,
વાસુપૂજ્ય ચંપાનગર સિદ્ધા, નેમ રેવા ગિરિવરુ;

**છે પિંડસ્થ પદસ્થ, રૂપસ્થ ને રૂપાતીત;**
**જિનભાષિત એ ધ્યાન સૌ, ધ્યાવો એકે ચિત્ત.**

સમેતશિખરે વીશ જિનવર, મુક્તિ પહોતા મુનિવરુ,
ચોવીશ જિનવર નિત્ય વંદું, સયલ સંઘ સુહંકરુ. ૨
અગિયાર અંગ ઉપાંગ બાર, દશ પયન્ના જાણીએ,
છ છેદ ગ્રંથ પસત્થ સથ્થા, ચાર મૂળ વખાણીએ;
અનુયોગદ્વાર ઉદાર નંદિ-સૂત્ર જિનમત ગાઈએ,
વૃત્તિ ચૂર્ણિ ભાષ્ય પીસ્તાલીશ આગમ ધ્યાઇએ. ૩
દોય દિશિ બાલક દોય જેહને, સદા ભવિયણ સુખકરુ,
દુઃખહરી અંબા લુંબ સુંદર, દુરિત દોહગ અપહરુ;
ગિરિનારમંડણ નેમિ જિનવર, ચરણપંકજ સેવીએ,
શ્રી સંઘ સુપ્રસન્ન મંગલ કરો, તે અંબા દેવીએ. ૪

## શ્રી પાર્શ્વનાથ જિન-સ્તુતિ

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત ! અલવેસરુ. ૧
દોય રાતા જિનવર અતિભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય લીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા. ૨
આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હૈડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુવો શિવસુખ સાખીયો. ૩
ધરણેંદ્ર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચૂરતી, **નયવિમળ**ના વાંછિત પૂરતી. ૪

**સમ્યગ્દૃષ્ટિ જીવને, દુર્ગતિ ગમન ન થાય;**
**પૂર્વ બંધ ક્ષય થઈ જતાં, જરૂર મોક્ષે જાય.**

( ૨ )

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,
સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી;
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે,
નેમિ રાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીએ. ૧
વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધૂરે જિનપતિ,
પાસ ને મલ્લિ ત્રય શત સાથે, બીજા સહસે વ્રતી;
ષટ્શત સાથે સંયમ ધરતાં, વાસુપૂજ્ય જગધણી,
અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ૨
જિનમુખ દીઠી વાણી મીઠી, સુરતરુ વેલડી,
દ્રાક્ષ વિહાસે ગઈ વનવાસે, પીલે રસ સેલડી;
સાકર સેંતી તરણા લેતી, મુખે પશુ ચાવતી,
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુરવધુ ગાવતી. ૩
ગજમુખ દક્ષો વામન યક્ષો, મસ્તકે ફણાવલી,
ચાર તે બાંહી કચ્છપવાહી, કાયા જસ શ્યામલી,
ચઉકર પ્રૌઢા નાગારૂઢા, દેવી પદ્માવતી,
સોવન કાંતિ પ્રભુ ગુણ ગાતી, **વીર** ઘરે આવતી. ૪

( ૩ )

સકલ સુરાસુર સેવે પાયા, નયરી વાણારસી નામ સોહાયા,
અશ્વસેન કુલ આયા;

**રાગ દ્વેષ બે ત્યાગીને, ધારે સમતા ભાવ;**
**સામાયિક ચારિત્ર તે, કહે જિનવર મુનિરાવ.**

દશ ને ચાર સુપન દીખલાયા, વામાદેવી માતાએ જાયા,
લંછન નાગ સોહાયા;
છપ્પન દિક્કુમારી હુલરાયા, ચોસઠ ઇંદ્રાસન ડોલાયા,
મેરુશિખરં નવરાયા;
નીલ વર્ણ તનુ સોહે કાયા, શ્રી વિજયસેનસૂરીશ્વર રાયા,
પાસ જિનેશ્વર ગાયા. ૧

વિદ્રુમ વર્ણા દોય જિણંદા, દો નીલા દો ઉજ્જવલ ચંદા,
દો કાળા સુખકંદા;
સોળે જિનવર સોવનવર્ણા, શિવસુરવાસી શ્રી પરસન્ના,
જે પૂજે તે ધન્ના;
મહાવિદેહે જિન વિચરંતા, વીશે પૂરા શ્રી ભગવંતા,
ત્રિભુવન તે અરિહંતા;
તીરથ સ્થાનક નામું એ શિશ, ભાવ ધરીને વિશ્વાવીશ,
શ્રી વિજયસિંહસૂરીશ. ૨

સાંભળ સખરા અંગ અગિયાર, મન શુદ્ધે ઉપાંગ જ બાર,
દશ પયન્ના સાર;
છેદ ગ્રંથ વલી ષટ્ વિચાર, મૂલ સૂત્ર બોલ્યા જિન ચાર,
નંદી અનુયોગદ્વાર;
પણયાલીશ જિન આગમ નામ, શ્રી જિન અરથે ભાખ્યાં જામ,
ગણધર ગુંથે તામ;

સુક્ત મનુષ્ય જન્મ પાયકે, જો ન ભજે જગન્નાથ;
સો પીછે પસતાયગો, બોત ઘસેગો હાથ.

શ્રી વિજયસેન સૂરીંદ વખાણે, જે ભવિકા નિજ ચિત્તમાં જાણે,
તસ ઘર લક્ષ્મી આણે. ૩
વીજાપુરમાં સ્થાનક જાણી, મહિમા મ્હોટે તું મંડાણી,
ધરણીંદ્ર ધણીઆણી;
અહોનિશ સેવે સુર વૈમાની, પરતો પૂરણ તું સપરાણી,
પૂરવ પુન્ય કમાણી;
સંઘ ચતુર્વિધ વિઘ્ન નિવારો, પાર્શ્વનાથની સેવા સારો,
સેવક પાર ઉતારો;
શ્રી વિજયસેનસૂરીશ્વર રાયા, શ્રી વિજયદેવ ગુરુ પ્રણમી પાયા,
**ઋષભદાસ** ગુણ ગાયા. ૪

---

## શ્રી મહાવીર જિન-સ્તુતિ

મનોહર મૂર્તિ મહાવીરતણી, જિણે સોળ પહોર દેશના પભણી;
નવ મલ્લી નવ લચ્છી નૃપતિ સુણી, કહી શિવ પામ્યા ત્રિભુવનધણી. ૧
શિવ પહોત્યા રુષભ ચઉદશ ભક્તે, બાવીશ લહ્યા શિવ માસથી તે;
છઠ્ઠે શિવ પામ્યા વીર વલી, કાર્તિક વદિ અમાવાસ્યા નિરમલી. ૨
આગામી ભાવી ભાવ કહ્યા, દીવાળી કલ્પે જેહ લહ્યા;
પુણ્ય પાપ ફલ અજઝયણે કહ્યાં, સવિ તહત્તિ કરી સદ્દહ્યાં. ૩
સવિ દેવ મલી ઉદ્યોત કરે, પરભાતે ગૌતમ જ્ઞાન વરે;
**જ્ઞાનવિમળ** સદા ગુણ વિસ્તરે, જિનશાસનમાં જયકાર કરે. ૪

**અરબ ખરબ જો દ્રવ્ય મીલે, ઉદય અસ્તકો રાજ;**
**તુલસી પ્રભુકી ભક્તિ વિન, સબી નરક કો સાજ.**

(૨)

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ
સુરનરના નાયક, જેહની સારે સેવ;
કરુણારસ કંદો, વંદો આણંદ આણી,
ત્રિશલાસુત સુંદર, ગુણમણિકેરો ખાણી. ૧
જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે,
પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે;
તે [૧]ચ્યવન [૨]જન્મ [૩]વ્રત, [૪]નાણ અને [૫]નિર્વાણ,
સવિ જિનવરકેરાં, એ પાંચે અહિઠાણ. ૨
જિહાં પંચ સમિતિ યુત, પંચ મહાવ્રત સાર,
જેહમાં પરકાશ્યા, વલી પાંચે વ્યવહાર;
[૧]પરમેષ્ઠિ [૨]અરિહંત, [૩]નાથ [૪]સર્વજ્ઞ ને [૫]પાર,
એહ પંચ પદે લહ્યા, આગમ અર્થ ઉદાર. ૩
માતંગ સિદ્ધાઈ, દેવી જિનપદ સેવી,
દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાળે નિતમેવી;
શાસન સુખદાયી, આઈ સુણો અરદાસ,
શ્રી **જ્ઞાનવિમલ** ગુણ, પૂરો વંછિત આશ. ૪

(૩)

ગંધારે મહાવીર જિણંદા, જેને સેવે સુરનરઈંદા,
દીઠે પરમાનંદા;

**ઉદ્યમ મેં લક્ષ્મી વસે, ઔર ઠોર કછુ નાય;**
**તુલસી કહે પરતક્ષ દેખલો, પવન વીજણા માય.**

ચૈતર શુદિ તેરસ દિન જાયા, છપ્પન દિક્કુમરી ગુણ ગાયા,
હરખ ધરી હુલરાયા;
ત્રીશ વરસ પાલી ઘરવાસ, માગશર વદિ દશમી વ્રત જાસ,
વિચરે મન ઉલ્લાસ;
એ જિન સેવો હિતકર જાણી, એહથી લહીએ શિવ પટરાણી,
પુણ્યતણી એ ખાણી. ૧

રિખવ જિનેશ્વર તેર ભવ સાર, ચંદ્રપ્રભુ ભવ આઠ ઉદાર,
શાંતિકુમાર ભવ બાર;
મુનિસુવ્રત ને નેમકુમાર, તે જિનના નવ નવ ભવ સાર,
દશ ભવ પાર્શ્વકુમાર;
સત્તાવીશ ભવ વીરના કહીએ, સત્તર જિનના ત્રણ ત્રણ લહીએ,
જિન વચને સદ્દહીએ;
ચોવીશ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો પાર,
નમતાં જય જયકાર. ૨

વૈશાખ શુદ દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્ધમાન,
ઉપદેશ દેવે પ્રધાન;
અગ્નિ ખૂણે હવે પર્ષદા સુણીએ, સાધ્વી વૈમાનિકની દેવીઓ ગણીએ,
મુનિવર ત્યાંહી જ ભણીએ;
વ્યંતર જ્યોતિષ ભુવનપતિ સાર, એહને નૈરૃત્ય ખૂણે અધિકાર,
વાયવ્ય ખૂણે એની નાર;

ઈશાને સોહીએ નરનાર, વૈમાનિક સુર થઈ પર્ષદા બાર,
સુણે જિનવાણી ઉદાર. ૩
ચક્કેસરી અજિયા દુરિયારી, કાલી મહાકાલી મનોહારી,
અચ્ચુઅ સંતા સારી;
જ્વાલા ને સુતારા અસોયા, શિરવત્સાવર ચંડા માયા,
વિજયાંકુસી સુખદાયા;
પન્નતિ નિવ્વાણી અચ્ચુઆ ધરણી, વૈરૂટ છુત્ત ગંધારી અઘહરણી,
અંબા પઉમા સુખકરણી;
સિદ્ધાઈ શાસન રખવાલી, કનકવિજય બુધ આનંદકારી,
**જસવિજય** જયકારી. ૪

---

## શ્રી રોહિણી તપની સ્તુતિ

નક્ષત્ર રોહિણી જે દિન આવે, અહોરત્ત પૌષધ કરી શુભ ભાવે,
ચઉવિહાર મન લાવે;
વાસુપૂજ્યની ભક્તિ કીજે, ગણણું પણ તસ નામ જપીજે,
વરસ સત્તાવીસ લીજે;
થોડી શક્તે વરસ તે સાત, જાવજ્જીવ અથવા વિખ્યાત,
તપ કરી કરો કર્મઘાત;
નિજ શક્તે ઉજમણું આવે, વાસુપૂજ્યનું બિંબ ભરાવે,
લાલ મણિમય ઠાવે. ૧

કહાં જન્મે કહાં ઉપને, કહાં લડાવે લાડ;
તુલસી ઈણુ શરીરકા, કહાં પડેગા હાડ.

એમ અતીત અને વર્તમાન, અનાગત વંદો જિન બહુમાન,
કીજે તસ ગુણગાન;
તપકારકની ભક્તિ આદરીએ, સાધર્મિક વળી સંઘની કરીએ,
ધરમ કરી ભવ તરીએ;
રોગ સોગ રોહિણી તપે જાય, સંકટ ટળે તસ જશ બહુ થાય,
તસુ સુરનર ગુણ ગાય;
નિરાશંસપણે તપ એહ, શંકા રહિતપણે કરો તેહ,
નિધિ નવ હોયે જેમ ગેહ. ૨

ઉપધાન સ્થાનક જિનકલ્યાણ, સિદ્ધચક્ર શત્રુંજય જાણ,
પંચમી તપ મન આણ;
પડિમા તપ રોહિણી સુખકાર, કનકાવલી રત્નાવલી સાર,
મુક્તાવલી મનોહાર;
આઠમ ચૌદશ ને વર્ધમાન, ઈત્યાદિક તપમાંહે પ્રધાન,
રોહિણી તપ બહુમાન;
એણી પરે ભાવે જિનવર વાણી, દેશના મીઠી અમીય સમાણી,
સૂત્રે તેહ ગુંથાણી. ૩

ચંડા યક્ષિણી યક્ષકુમાર, વાસુપૂજ્ય શાસન સુખકાર,
વિઘ્ન મિટાવણહાર;
રોહિણી તપ કરતાં જન જેહ, એહ ભવ પરભવ સુખ લહે તેહ,
અનુક્રમે ભવનો છેહ;

**તુલસી ઈસ સંસારમેં, ભાત ભાત કે લોક;**
**સબસે હીલમીલ ચાલીએ, નદી નાવ સંયોગ.**

આચારી પંડિત ઉપગારી, સત્યવચન ભાખે સુખકારી,
કપૂરવિજય વ્રતધારી,
ખીમાવિજય શિષ્ય જિનગુરુરાય, તસ શિષ્ય મુજ ગુરુ ઉત્તમ થાય;
**પદ્મવિજય** ગુણ ગાય. ૪

---

## શ્રી શત્રુંજયગિરિની સ્તુતિ

શત્રુંજયમંડણ, ઋષભ જિણંદ દયાલ,
મરુદેવાનંદન, વંદન કરું ત્રણ કાળ;
એ તીરથ જાણી, પૂરવ નવાણું વાર,
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧
ત્રેવીશ તીર્થંકર, ચઢીયા ઇણ ગિરિરાય,
એ તીરથના ગુણ, સુરાસુરાદિક ગાય;
એ પાવન તીરથ, ત્રિભુવન નહીં તસ તોલે,
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે. ૨
પુંડરગિરિ મહિમા, આગમમાં પરસિદ્ધ,
વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ;
પંચમી ગતિ પહોતા, મુનિવર કોડકોડ,
ઇણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૩
શ્રી શત્રુંજયકેરી, અહોનિશ રક્ષાકારી,
શ્રી આદિજિનેશ્વર, આણ હૃદયમાં ધારી;

---

**તુલસી વહાં ન જાઈએ, જહાં બાપકો ગામ;**
**દાસ ગયો તુલસી ગયો, ભયો તુલસિયો નામ.**

શ્રી સંઘ વિઘનહર, કવડ જક્ષ ગણભૂર,
શ્રી રવિ બુદ્ધસાગર, સંઘના સંકટ ચૂર. ૪

૨

જીહાં ઓગણેતેર કોડાકોડી, તેમ પંચાશી લખ વળી જોડી,
ચુમ્માલીશ સહસ્સ કોડી;
સમવસર્યા જિહાં એ તીવાર, પૂરવ નવાણું એમ પ્રકાર,
નાભિ નરિંદ મલ્હાર. ૧

સહસકૂટ અષ્ટાપદ સાર, જિન ચોવીશતણા ગણધાર,
પગલાંનો વિસ્તાર;
વળી જિનબિંબ તણો નહીં પાર, દેહરી થંભે બહુ આકાર,
વંદું વિમલગિરિ સાર. ૨

એંશી સીત્તર સાઠ પચાશ, બાર જોયણ માને જસ વિસ્તાર,
ઈગ દુ તિ ચઉ પણ આર;
માન કહ્યું તેહનું નિરધાર, મહિમા એહનો અગમ અપાર,
આગમમાંહે ઉદાર. ૩

ચત્રી પૂનમ દિન શુભ ભાવે, સમકિતદૃષ્ટિ સુર નર આવે,
પૂજા વિવિધ રચાવે.
**જ્ઞાનવિમલસૂરિ** ભાવના ભાવે, દુરગતિ દોહગ દૂર ગમાવે.
બોધિબીજ જસ પાવે. ૪

પ્રારબ્ધ પહિલે બની, પીછે બના શરીર;
તુલસી એહ આશ્ચર્ય હે, મન નહિ ધારે ધીર.

૩

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરુ ઉદાર,
ઠાકુર રામ અપાર;
મંત્રમાંહે નવકાર જ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું,
જળધર જળમાં જાણું;
પંખીમાંહે જેમ ઉત્તમ હંસ; કુળમાંહે જેમ ઋષભનો વંશ,
નાભિતણો એ અંશ;
ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપશૂરામાં મુનિવર મહંત,
શત્રુંજયગિરિ ગુણવંત. ૧

ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પૂનમચંદા,
પદ્મપ્રભુ સુખકંદા;
શ્રી સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ સેવો બહુ બુદ્ધિ,
વાસુપૂજ્ય મતિ શુદ્ધિ;
વિમલ અનંત ધર્મ જિન શાંતિ, કુંથુ અર મલ્લિ નમું એકાંતિ,
મુનિસુવ્રત શુદ્ધ પાંતિ;
નમિ નેમ પાસ વીર જગદીશ, નેમ વિના એ જિન તેવીશ,
સિદ્ધગિરિ આવ્યા ઈશ. ૨

ભરતરાય જિન સાથે બોલે, સ્વામી શત્રુંજયગિરિ કુણ તોલે ?
જિનનું વચન અમોલે;

તુલસી પીછલે પાપસે, પ્રભુ ચરચાન સોહાય;
જૈસે જ્વરકે જારસે, ભોજનકી રુચી જાય.

ઋષભ કહે સુણો ભરતજી રાય, *છ"રી" પાલંતા જે નર જાય,
પાતિક ભૂકો થાય;
પશુ પંખી જે ઇણુ ગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધ જ થાવે,
અજરામર પદ પાવે;
જિનમત મેં શેત્રુંજો વખાણ્યો, તે મેં આગમ દિલમાંહે આણ્યો,
સુણતાં સુખ ઉર ઠાણ્યો. ૩
સંઘપતિ ભરત નરેશર આવે, સોવનતણાં પ્રાસાદ કરાવે,
મણિમય મૂરતિ ઠાવે,
નાભિરાયા મરુદેવી માતા, બ્રાહ્મી સુંદરી બહેન વિખ્યાતા,
મૂર્તિ નવાણું ભ્રાતા;
ગોમુખ યક્ષ ચક્કેસરી દેવી, શત્રુંજય સાર કરે નિત્યમેવી,
તપગચ્છ ઉપર હેવી;
શ્રી વિજયસેનસૂરીશ્વર રાયા, શ્રી વિજયદેવસૂરિ પ્રણમી પાયા,
**ઋષભદાસ** ગુણ ગાયા. ૪

---

* ૧. સચિત્તપરિહારી, ૨. એકલ આહારી, ૩. પાદચારી, ૪. ભૂમિસંથારી, ૫. બ્રહ્મચારી અને ૬. પ્રતિક્રમણચારી-આ પ્રમાણે જે શબ્દની પ્રાંતે "રી" આવે છે એ પ્રમાણે વર્તન કરનાર. એટલે કે ૧. સચિત્તનો ત્યાગી, ૨ હમેશાં એકાશન કરનાર, ૩. પગે ચાલનાર, ૪. જમીન પર સૂનાર, ૫. સ્ત્રીનો સંગ ત્યજનાર અને ૬. સવાર સાંજ પ્રતિક્રમણ કરનાર.

**સત્ય વચન અરુ દીનતા, પરસ્ત્રી માત સમાન;**
**એતે સે પ્રભુ નહિ મિલે, તો તુલસીદાસ જમાન.**

# શ્રી પંચતીર્થ સ્તુતિ

શ્રીશત્રુંજયમુખ્યતીર્થતિલકં શ્રીનાભિરાજાંગજં,
વંદે રૈવતશૈલમૌલિમુકુટં શ્રીનેમિનાથં યથા;
તારંગેઽપ્યજિતં જિનં ભૃગુપુરે શ્રીસુવ્રતં સ્થંભને,
શ્રીપાર્શ્વં પ્રણમામિ સત્યનગરે શ્રીવર્દ્ધમાનં ત્રિધા. ૧

વંદેઽનુત્તરકલ્પતલ્પભુવને ગ્રૈવેયકે વ્યંતરા;
જ્યોતિષ્કામરમંદરાદ્રિવસતીંતીર્સ્થંકરાનાદરાત:,
જંબૂપુષ્કરધાતકીષુ રુચકે નંદીશ્વરે કુંડલે,
યે ચાઽન્યેઽપિ જિનાન્નમામિ સતતં તાન્ કૃત્રિમાઽકૃત્રિમાન્. ૨

શ્રીમદ્વીરજિનાસ્ય પદ્મહૃદતો નિર્ગમ્ય તં ગૌતમં,
ગંગાવર્તનમેત્ય યા પ્રવિભિદે મિથ્યાત્વવૈતાઢ્યકં,
ઉત્પત્તિસ્થિતિસંહૃતિત્રિપથગા જ્ઞાનાંબુદા વૃદ્ધિગા,
સા મે કર્મમલં હરત્વવિકલં શ્રીદ્વાદશાંગી નદી. ૩

શક્રશ્ચન્દ્રરવિગ્રહાશ્ચ ધરણબ્રહ્મેંદ્રશાન્ત્યંબિકા,
દિક્પાલાઃ સકપર્દિગોમુખગણિશ્ચક્રેશ્વરી ભારતી;
યેઽન્યે જ્ઞાનતપઃક્રિયાવ્રતવિધિશ્રીતીર્થયાત્રાદિષુ,
શ્રીસંઘસ્ય તુરા ચતુર્વિધસુરાસ્તે સંતુ ભદ્રંકરાઃ ૪

---

**તુલસી હાય ગરીબ કી, કબહી ન ખાલી જાય;**
**મુવે ઢોરકે ચામસે, લોહા ભસ્મ હો જાય.**

## શ્રી સિદ્ધચક્રની સ્તુતિ

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી,
એક દિન આણા વીરની લઈને, રાજગૃહી સંચરિયાજી;
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનસાં આણીજી,
પર્ષદા આગલ બાર બિરાજે, હવે સુણો ભવિપ્રાણીજી. ૧

માનવ ભવ તમે પુણ્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;
દરિસણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨

શ્રેણિકરાય ગૌતમને પૂછે, સ્વામી ! એ તપ કોણે કીધોજી ?
નવ આંબિલતપ વિધિશું કરતાં, વાંછિત સુખ કોણે લીધોજી ?
મધુર ધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણિક વયણાજી,
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાળ ને મયણાજી. ૩

રુમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી,
નામ ચક્કેસરી ને સિદ્ધાઈ, આદિ જિન વીર રખવાલીજી;
વિઘ્ન ક્રોડ હરે સહુ સંઘના, જે સેવે એના પાયજી,
**ભાણવિજય કવિ** સેવક **નય** કહે, સાંનિધ્ય કરજો માયજી ૪

૨

પ્રહ ઊઠી વંદું, સિદ્ધચક્ર સદાય; જપીએ નવપદનો, જાપ સદા સુખદાય; વિધિપૂર્વક એ તપ, જે કરે થઈ ઉજમાળ;

**તુલસી જગમેં આયકે, કર લીજે દો કામ;**
**દેનેકા ટુકડા ભલા, લેનેકા પ્રભુ નામ.**

તે સવિ સુખ પામે, જિમ મયણા શ્રીપાળ. ૧. માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત; તસ કર્મ સંયોગે, કોઢી મિલિયો કંત; ગુરુ વયણે તેણે, આરાધ્યું તપ એહ; સુખ સંપદ વરીયા, તરીયા ભવજળ તેહ. ૨ આંબિલ ને ઉપવાસ, છઠ્ઠ વળી અઠ્ઠમ દશ; અઠ્ઠાઈ પંદર, માસ છ માસ વિશેષ; ઈત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર; જે ભવિયણ કરશે, તે તરશે સંસાર ૩. તપ સાનિધ્ય કરશે, શ્રી વિમળેશ્વર યક્ષ; સહુ સંઘના સંકટ, ચૂરે થઈ પ્રત્યક્ષ; પુંડરીક ગણધાર, કનકવિજય બુધશિષ્ય, બુધ **દર્શનવિજય** કહે, પહોંચે સકળ જગીશ. ૪

( ૩ )

જિનશાસન વંછિત–પૂરણ દેવ રસાળ,
ભાવે ભવિ ભણીએ, સિદ્ધચક્ર ગુણમાળ;
તિહું કાળે એહની, પૂજા કરે ઉજમાળ,
તે અજર અમરપદ, સુખ પામે સુવિશાળ. ૧
અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવઝાય,
મુનિ દરિશણ નાણ, ચરણ તપ એ સમુદાય;
એ નવ પદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિના, ભવકોટિ દુઃખ જાય. ૨
આસો ચૈતરમાં, સુદ સાતમથી સાર,
પૂનમ લગી કીજે, નવ આંબિલ નિરધાર;

એક ઘડી આધી ઘડી, આધીમેં પણ આધ;
તુલસી સંત સંતકી, કટે કોટી અપરાધ.

દોય સહસ ગણણું, પદ સમ સાડાચાર,
એકાશી આંબિલ, તપ આગમ અનુસાર. ૩
શ્રી સિદ્ધચક્રનો સેવક, શ્રી વિમલેસર દેવ,
શ્રીપાળતણી પરે, સુખ પૂરે સ્વયમેવ;
દુઃખ દોહગ નાવે, જેહ કરે એહની સેવ,
શ્રી સુમતિ સુગુરુનો, **રામ** કહે નિત્યમેવ. ૪

---

## પર્યુંષણની થોય

વરસ દિવસમાં અષાડ ચોમાસું, તેમાં વળી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ;
પર્વ પજુસણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઇધરનો કરો ઉપવાસ,
પોસહ લીજે ગુરુ પાસ;
વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાંચીજે;
પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગળ ગવાય,
વીર જિણેસર રાય. ૧
બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિરવાણ વિચાર,
વીરતણો પરિવાર;
ત્રીજે દિને શ્રી પાર્શ્વ વિખ્યાત, વળી નેમિસરનો અવદાત,
વળી નવ ભવની વાત;

---

**તન કર મન કર બચન કર, દેત ન કાહુ દુઃખ;**
**તુલસી પાતક ઝરત હૈ, દેખત ઉનકા મુખ.**

ચોવીશે જિન અંતર તેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ,
તાસ વખાણ સુણીશ;
ધવળ મંગળ ગીત ગહુંલી કરીએ, વળી પ્રભાવના નિત અનુસરીએ,
અઠ્ઠમ તપ જપ વરીએ. ૨

આઠ દિવસ લગે અમર પળાવો, તેહતણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો;
સંવત્સરી દિન સાર કહેવાયે, સંઘ ચતુર્વિધ ભેળો થાયે,
બારસા સૂત્ર સુણાયે;
સ્થવિરાવળી ને સમાચારી, પટ્ટાવળી પ્રમાદ નિવારી,
સાંભળજો નર નારી;
આગમસૂત્રને હું પ્રણમીશ, કલ્પસૂત્ર-શું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩

સત્તરભેદી જિનપૂજા રચાવો, નાટકકેરા ખેલ મચાવો,
વિધિશું સ્નાત્ર ભણાવો;
આડંબરશું દેહરે જઇએ, સંવત્સરી પડિક્કમણું કરીએ,
સંઘ સર્વને ખમીજે;
પારણે સાહમિવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે,
પુણ્ય ભંડાર ભરીજે;
શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર, જસવન્તસાગર ગુરુ ઉદાર,
જિણંદસાગર જયકાર

રામ નામ સબકો કહે, ઠગ ઠાકોર ઔર ચોર;
બિના પ્રેમ રીઝે નહિ, તુલસી નંદ કિશોર.

( ૨ )

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી.
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શીશ નામીજી;
કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્દગુરુ સંગે ચઢતે રંગે, વીર ચારિત્ર સુણાવોજી. ૧

પ્રથમ વખાણે ધર્મ સારથિપદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપનપાઠક વળી ચોથે, વીર જન્મ અધિકારજી;
પાંચમે દીક્ષા છઠ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમે થિરાવલી સંભળાવી, પિયુડા પૂરો જગીશજી. ૨

છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઈ વર કીજે, જિનવર ચૈત્ય નમીજેજી,
વરશી પડિક્કમણું મુનિવંદન, સંઘ સયળ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરુ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩

તીરથમાં વિમલાચલ ગિરિમાં, મેરુ મહિધર જેમજી,
મુનિવરમાંહિ જિનવર મ્હોટા, પર્વ પજુસણ તેમજી;
અવસર પામી સાહમીવચ્છલ, બહુ પકવાન વડાઈજી,
**ખીમાવિજય** જિન દેવી સિદ્ધાઈ, દિનદિન અધિક વધાઈજી. ૪

---

કહે કબીર કમાલકું, દો બાતાં શિખ લે;
કર સાહેબકી બંદગી, ભૂખેકું અન્ન દે.

## શાશ્વતા જિનની સ્તુતિ

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી;
વર્ધમાન જિનવર વલી પ્રણમો, શાશ્વત નામ એ ચારજી;
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી;
તેણે ચારે એ શાશ્વત જિનવર, નમીએ નિત્ય સવારે જી. ૧
ઊર્ધ્વ અધો તીર્છા લોકે થઈ, કોડિ પન્નરસે જાણો જી;
ઉપર કોડી બેંતાલીશ પ્રણમો, અડવન લખ મન આણો જી;
છત્રીશ સહસ અસી તે ઉપરે, બિંબતણો પરિમાણો જી;
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણો જી. ૨
રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખી જી;
જંબૂદ્વીપપન્નતિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખી જી;
વલીય અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી;
તે જિનપ્રતિમા લોપે પાપી, જિહાં બહુ સૂત્ર છે સાખીજી. ૩
એ જિનપૂજાથી આરાધક, ઇશાન ઇંદ્ર કહાયાજી;
તેમ સુરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવીતણા સમુદાયાજી;
નંદીસર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી;
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, **પદ્મવિજય** નમે પાયાજી. ૪

---

## શ્રી રાત્રિભોજનની થોય

શાસનનાયક વીરજી એ, પામી પરમ આધાર તો,
રાત્રિભોજન મત કરો એ, જાણી પાપ અપાર તો;

---

**ચક્કી ચલતી દેખકે, દિયા કબિરા રોય;**
**દો પડ ભીતર આય કે, સાબિત રહા ન કોય.**

ઘુવડ કાગ ને નાગના એ, તે પામે અવતાર તો,
નિયમ નોકારશી નિત્ય કરો એ, સાંજે કરો ચોવિહાર તો. ૧

વાસી બોળ ને રીંગણા એ, કંદમૂળ તું ટાળ તો,
ખાતા ખોટ ઘણી કહી એ, તે માટે મન વાર તો;
કાચા દૂધ ને છાશમાં એ, કઠોળ જમવું નિવાર તો,
રૂષભાદિક જિન પૂજતાં એ, રાગ ધરે શિવનાર તો. ૨

હોળી બળેવ ને નોરતાં એ, પીપળે પાણી મ રેડ તો,
શીલ સાતમનાં વાસી વડા એ, ખાતાં મોટી ખોડ તો;
સાંભળી સમકિત દૃઢ કરો એ, મિથ્યાત્વ પર્વ નીવાર તો,
સામાયિક પડિક્કમણું નિત કરો એ, જિનવાણી જગસાર તો. ૩

રૂતુવંતી અડકે નહિ એ, નવિ કરે ઘરના કામ તો,
તેનાં વાંછિત પૂરશે એ, દેવી સિદ્ધાયિકા નામ તો;
હિત ઉપદેશે હર્ષ ધરો એ, કોઈ ન કરશો રીશ તો,
કીર્તિ કમલા પામશો એ, **જીવ** કહે તસ શિષ્ય તો. ૪

---

## શ્રી નવતત્ત્વની સ્તુતિ

જીવાજીવા પુન્ય ને પાવા, આશ્રવ સંવર તત્તાજી,
સાતમે નિર્જરા આઠમે બંધ, નવમે મોક્ષપદ સત્તાજી;
એ નવ તત્તા સમકિત સત્તા ભાખે શ્રી ભગવંતાજી,
ભુજનયરમંડણ રિસહેસર, વંદો તે અરિહંતાજી. ૧

---

**એતે લંછન સાનકે, કહે કબીર સદ્દભાવ;**
**હર્ષ શોક નિંદા તજે, કહે કબીર સંત જાન.**

ધમ્માધમ્માગાસા પુગ્ગલ, સમયા પંચ અજીવાજી,
નાણ વિનાણ શુભાશુભયોગે, ચેતન લક્ષણ જીવાજી;
ઈત્યાદિક ષટ્ દ્રવ્ય પ્રરૂપક, લોકાલોક દિણંદાજી;
પ્રહ ઊઠી નિત્ય નમીએ વિધિશું, સિત્તરિસો જિન ચંદાજી. ૨

સૂક્ષ્મ બાદર દોઈ એકેન્દ્રી, બિ તિ ચઉરિંદ દુવિહાજી,
તિવિહા પંચિંદિ પજ્જતા, ને અપજ્જતા તે વિવિહાજી;
સંસારી અસંસારી સિદ્ધા, નિશ્ચય અને વ્યવહારાજી,
પન્નવણાદિક આગમ સુણતાં, લહિયે શુદ્ધ વિચારાજી. ૩

ભુવનપતિ વ્યંતર જ્યોતિષવર, વૈમાનિક સુર વૃંદાજી,
ચોવીશ જિનના યક્ષ યક્ષણી, સમકિતદૃષ્ટિ સુરિંદાજી;
ભુજનગર મહિમંડલ સઘલે, સંઘ સકલ સુખ કરજોજી,
પંડિત **માનવિજય** ઈમ જંપે, સમકિત ગુણ ચિત્ત ધરજોજી. ૪

## અધ્યાત્મની થોય

ઊઠી સવેરે સામાયિક લીધું, પણ બારણું નવિ દીધુંજી,
કાળો કૂતરો ઘરમાં પેઠો ઘી સઘળું તેણે પીધુંજી;
ઊઠોને વહુઅર આળસ મૂકી, એ ઘર આપ સંભાળોજી,
નિજ પતિને કહો વીરજીને પૂજી, સમકિતને અજુઆળોજી. ૧

બળે બીલાડે ઝડપ ઝડપાવી, ઉત્રોડ સર્વે ફોડીજી,
ચંચળ છૈયાં વાર્યા ન રહે, ત્રાક ભાંગી માળ તોડીજી;

મન મરે માયા મરે, મરમર ગયે શરીર;
આશા તૃષ્ણા ન મરી, કહ ગયે દાસ કબીર.

તે વિના રેંટિયો નવિ ચાલે, મૌન ભલું કેને કહીએજી?
ૠષભાદિક ચોવીશ તીર્થંકર, જપીએ તો સુખ લહીએજી. ૨

ઘરવાશીદું કરોને વહુઅર, ટાળો ઓજીસાળુંજી,
ચોરટો એક કરે છે હેરું, ઓરડે ઘોને તાળુંજી;
લબકે પ્રાહુણા ચાર આવ્યા છે, તે ઊભા નવિ રાખોજી,
શિવપદ સુખ અનંતા લહીએ, જો જિનવાણી ચાખોજી. ૩

ઘરનો ખૂણો કોણ ખણે છે? વહુ તમે મનમાં લાવોજી,
પહોળે પલંગે પ્રીતમ પોઢયા, પ્રેમ ધરીને જગાવોજી;
**ભાવપ્રભસૂરિ** કહે નહિ એ કથલો, અધ્યાત્મ ઉપયોગીજી,
સિદ્ધાયિકા દેવી સાન્નિદ્ધ કરેવી, સાધે તે શિવપદ ભોગીજી. ૪

( ૨ )

સોવનવાડી ફૂલડે છાઈ, છાબ ભરી હું લાવુંજી,
ફૂલ જ લાવું ને હાર ગુંથાવું, પ્રભુ કંઠે સોહાવુંજી;
ઉપવાસ કરું તો ભૂખ જ લાગે, ઉનું પાણી નવિ ભાવેજી,
આંબેલ કરું તો લૂખું ન ભાવે, નીવીએ ડુચા આવેજી. ૧

એકાસણું કરું તો ભૂખે ન રહી શકું, સુખે ખાઉં ત્રણ ટંકજી,
સામાયિક કરું તો બેસી ન શકું, નિંદા કરું સારી રાતજી;
દેરે જાઉં તો ખોટી જ થાઉં, ઘરનો ધંધો ચૂકુંજી,
દાન દઉં તો હાથ જ ધ્રૂજે, હૈયે કંપ વછૂટેજી. ૨

સુખી સબી સંસારમેં, ખાવે ઔર સોવે;
દુઃખીયા દાસ કબીર, ગાવે ઔર રોવે.

જીવને જમડાનું તેડું આવ્યું, સર્વ મેલીને ચાલેજી,
રહો જમડાજી આજનો દહાડો, શેત્રુંજે જઈને આવુંજી;
શેત્રુંજે જઈને દ્રવ્ય જ ખરચું, મોક્ષમાર્ગ હું માગુંજી,
ઘેલા જીવડા ઘેલું શું બોલે ? એટલા દિવસ શું કીધુંજી ? ૩

જાતે જે જીવે પાછળ ભાતું, શું શું સાથે આવેજી ?
કાચી કુલેર ખોખરી હાંડી, કાષ્ઠના ભારા સાથેજી;
**જ્ઞાનવિમળસૂરિ** એણે પેરે ભાખે, ધ્યાવો અધ્યાતમ ધ્યાનજી,
ભાવભકિતશું જિનજીને પૂજો, સમકિતને અજવાળોજી.

## શ્રી વીશ સ્થાનકની સ્તુતિ

વીશસ્થાનક તપ વિશ્વમાં મોટો, શ્રી જિનવર કહે આપજી,
બાંધે જિનવર ત્રીજા ભવમાં, કરીને સ્થાનક જાપજી;
થયા થશે સવિ જિનવર અરિહા, એ તપને આરાધીજી,
કેવળ જ્ઞાન દર્શન પામ્યા, સર્વે ટાળી ઉપાધીજી. ૧

અરિહંત[૧] સિદ્ધ[૨] પવયણ[૩] સૂરિ[૪] સ્થવિર[૫], વાચક[૬] સાધુ[૭] નાણજી[૮],
દર્શન[૯] વિનય[૧૦] ચરણ[૧૧] બંભ કિરિયા[૧૩], તપ[૧૪] કરો ગોયમ[૧૫] ઠાણજી;
જિનવર[૧૬] ચારિત્ર[૧૭] પંચવિધ નાણ[૧૮], શ્રુત[૧૯] તીર્થ[૨૦] એહ નામજી,
એ વીશસ્થાનક આરાધે તે, પામે શિવપદ ધામજી. ૨

કબીરા કાયા કૂતરી, કરત ભજનમેં ભંગ;
જરાસા ટુકડા ડાલકે, કરો ભજન નિઃશંક.

દોય કાળ પડિક્કમણું પડિલેહણ, દેવવંદન ત્રણ વારજી,
નોકારવાળી વીશ ગણીજે, કાઉસગ્ગ ગુણ અનુસારજી;
ચાર સો ઉપવાસ કરી ચિત્ત ચોખે, ઉજમણું કરો સારજી,
પડિમા ભરાવો સંઘભક્તિ કરો, એ વિધિ શાસ્ત્ર મોઝારજી. ૩

શ્રેણિક સત્યકી સુલસા રેવતી, દેવપાળ અવદાતજી,
સ્થાનક તપ સેવા મહિમાએ, થયા જગમાંહિ વિખ્યાતજી;
આગમવિધિ સેવે જે તપીયા, ધન્ય ધન્ય તસ અવતારજી,
વિઘ્ન હરે તસ શાસનદેવી, **સૌભાગ્યલક્ષ્મી** દાતારજી. ૪

## બીજની શ્રી સીમંધર જિન સ્તુતિ

અજુવાળી તે બીજ સોહાવે રે, ચંદારૂપ અનુપમ ભાવે રે;
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, શ્રીસમધરને વંદણા કહેજો રે. ૧

વીશ વિહરમાન જિનને વંદો રે, જિનશાસન પૂજી આણંદો રે;
ચંદા એટલું કામ મુજ કરજો રે, શ્રી સીમંધરને વણંદા કહેજો રે. ૨

શ્રી સીમંધર જિનની વાણી રે, તે તો પીતાં અમીય સમાણી રે;
ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવસંચિત પાપ ગમાવો રે. ૩

શ્રી સીમંધર જિનની સેવા રે, જિનશાસન આણંદમેવા રે;
તું તો હોજો સંઘની માતા રે, જગતચંદ્ર વિખ્યાતા રે. ૪

કબીરા ગર્વ ન કીજીએ, ઊંચા દેખી આવાસ;
આજ કાલ ભુંઈ લેટણા, ઉપર જામે ઘાસ.

## શ્રી સીમંધરસ્વામીની થોય

શ્રી સીમંધર દેવ સુહંકર, મુનિ મન પંકજ હંસાજી,
કુંથુ અરજિન અંતર જન્મ્યા, તિહુઅણ જસ પરશંસાજી;
સુવ્રત નમિ અંતર વળી દીક્ષા, શિક્ષા જગત નિરાસેજી,
ઉદય પેઢાલ જિનાંતરમાં પ્રભુ, જાશે શિવવહુ પાસેજી. ૧
બત્રીસ ચઉસઠિ ચઉસઠિ મળીયા, ઇગસયસઠ્ઠિ ઉક્કિઠ્ઠાજી,
ચઉ અડ અડ મળી મધ્યમકાળે, વીશ જિનેશ્વર દિઠ્ઠાજી;
દો ચઉ ચાર જઘન દશ જંબૂ, ધાયઈ પુષ્કર મોઝારજી,
પૂજો પ્રણમો આચારાંગે, પ્ર વ ચ ન સા ર ઉ દ્ધા રે જી. ૨
સીમંધર વર કેવળ પામી, જિનપદ ખવણુ નિમિત્તેજી.
અર્થની દેશના વસ્તુ નિવેશન, દેતાં સુણુત વિનીતેજી;
દ્વાદશ અંગ પૂરવ સૂત્ર રચિયા, ગણધર લબ્ધિ વિકસિયાજી,
અપજ્જવસિય જિનાગમ વંદો, અક્ષયપદના રસિયાજી. ૩
આણારંગી સમકિતસંગી, વિવિધભંગી વ્રત ધારીજી,
ચઉવિહ સંઘ તીરથ રખવાળી, સહુ ઉપદ્રવ હરનારીજી;
પંચાંગુલી સૂરિ શાસનદેવી, દેતી જશ તસ ઋદ્ધિજી,
શ્રી **શુભવીર** કહે શિવસાધન, કાર્ય સકળમાં સિદ્ધિજી. ૪

---

## શ્રી પંચમી સ્તુતિ

શ્રીનેમિઃ પંચરૂપત્રિદશપતિકૃત-પ્રાજ્યજન્માભિષેક-
શ્ચંચત્ પંચાક્ષમત્તદ્વિરદમદભિકા પંચવક્ત્રોપમાનઃ

---

**કબીરા કંથા જલ ગઈ, ખપ્પર હુઆ ફુકુટી;**
**યોગી હંસ ચલા ગયા, આસ ન રહી બીભતિ.**

નિર્મુક્તાઃ પંચદેહાઃ પરમસુખમયઃ પ્રાસ્તકર્મપ્રપંચઃ
કલ્યાણં પંચમીસત્તપસિ વિતનુતાં પંચમજ્ઞાનવાન્ વઃ ૧
સંપ્રીણન્ સચ્ચકોરાન્ શિવતિલકસમઃ કૌશિકાનંદમૂર્તિઃ
પુણ્યાબ્ધિઃ પ્રીતિદાયી શિતરુચિરિવ યઃ સ્વીયગોભિસ્તમાંસિ;
સાંદ્રાણિ ધ્વંસમાનઃ સકલકુવલયોલ્લાસમુચ્ચૈશ્ચકાર,
જ્ઞાનં પુષ્યાજ્જિનૌઘઃ સત્તપસિ ભવિનાં પંચમીવાસરસ્ય. ૨
પીત્વા નાનાભિધાર્થામૃતરસમસમં યાંતિ યાસ્યંતિ જગ્મુ-
ર્જીવા યસ્માદનેકે વિધિવદમરતાં પ્રાજ્ય નિર્વાણપૂર્યામ્;
યાત્વા દે વા ધિ દે વા ગ મ દ શા મ સુ ધા-કુંડમાનંદહેતુ-
સ્તત્પંચમ્યાસ્તપસ્યુદ્યતવિશદધિયાં ભવિનામસ્તુ નિત્યમ્. ૩
સ્વર્ણાલંકાર વ લ્ગ ન્ મ ણિ કિર ણ ગણ ધ્વ સ્ત નિત્યાંધકારા,
હું કા રા રા વ દ્દ— ; ત સુ કૃ ત જ ન-વ્રા ત વિઘ્ન પ્રચારા;
દેવી શ્રીઅંબિકાખ્યા જિનવરચરણાં-ભોજભંગીસમાના,
પંચમ્યાહ્નસ્તપોઽર્થં વિતરતુ કુશલં ધીમતાં સાવધાના. ૪

## શ્રી પંચમીની સ્તુતિ

શ્રાવણ સુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિ જિણંદ તો,
શ્યામ વરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો;
સહસ વરસ પ્રભુ આઉખુંએ, બ્રહ્મચારી ભગવંત તો,
અષ્ટ કરમ હેલે હણીએ, પહોંતા મુક્તિ મહંત તો. ૧

કબીર કબીર કિયા કહો, સો જો આપ શરીર;
પંચ ઇન્દ્રિયને વશ કરો, તુમ હિ દાસ કબીર.

અષ્ટાપદ પર આદિ જિનએ, પહોંત્યા મુક્તિ મોઝાર તો,
વાસુપૂજ્ય ચંપાપુરીએ, શ્રીનેમિ મુક્તિ ગિરનાર તો;
પાવાપુરી નગરીમાં વળીએ, શ્રી વીરતણું નિર્વાણ તો;
સમેતશિખર વીશ સિદ્ધ હુઆએ, શિર વહું તેહની આણ તો. ૨
નેમિનાથ જ્ઞાની હુઆએ, ભાખે સાર વચન તો,
જીવદયા ગુણ વેલડીએ, કીજે તાસ જતન તો;
મૃષા ન બોલો માનવીએ, ચોરી ચિત્ત નિવાર તો,
અનંત તીર્થંકર એમ ભણેએ, પરિહરીએ પરનાર તો. ૩
ગોમેધ નામે જક્ષ ભલોએ, દેવી શ્રી અંબિકા નામ તો,
શાસન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મના કામ તો;
તપગચ્છનાયક ગુણનીલોએ, શ્રી વિજયસેન સૂરિરાય તો,
**ઋષભદાસ** પાય સેવતાંએ, સફળ કરો અવતાર તો. ૪

## એકાદશીની થોય

એકાદશી અતિ રૂઅંડી, ગોવિંદ પૂછે નેમ,
કોણ કારણ એ પર્વ મોટું, કહોને મુજશું તેમ;
જિનવર કલ્યાણક અતિ ઘણાં, એક સો ને પચાસ,
તિણે કારણ એ પર્વ મોટું, કરો મૌન ઉપવાસ. ૧
અગિયાર શ્રાવકતણી પડિમા, કહી તે જિનવર દેવ,
એકાદશી એમ અધિક સેવો, વનગજા જીમ રેવ;

કબીર કમાઈ આપકી, કબુ ન નિષ્ફલ જાય;
સો કોસો પીછે ગરો તો, મિલે અગાઉ આય.

ચોવીશ જિનવર સયલ સુખકર, જેસા સુરતરુ ચંગ,
જેમ ગંગ નિર્મલ નીર જેહવો, કરો જિનશું રંગ. ૨

અગીઆર અંગ લખાવીએ, અગીઆર પાઠાં સાર,
અગીઆર કવળી વીંટણાં, ઠવણી પુંજણી સાર;
ચાબખી ચંગી વિવિધ રંગી, શાસ્ત્રતણે અનુસાર,
એકાદશી એમ ઉજવો, જેમ પામીએ ભવપાર. ૩

વર કમળનયણી કમળવયણી, કમળ સુકોમળ કાય,
ભુજ દંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય;
એકાદશી એમ મન વસી, ગણી હર્ષ પંડિત શિષ્ય,
શાસનદેવી વિઘ્ન નિવારો, સંઘતણાં નિશદિશ. ૪

---

## એકાદશીની સ્તુતિ

નયરી દ્વારાવતી કૃષ્ણ નરેશ, રાજા રાજ કરે સવિશેષ;
તેજે જાણે દિનેશ;
સમવસર્યા શ્રી નેમિ જિનેશ, પરિકર સહસ અઢાર મુનીશ,
પ્રણમે સુર નર ઇશ;
તવ વંદે શ્રી કૃષ્ણ નરેશ, સ્વામી દાખો દિવસ વિશેષ,
પૂછે નામી શીશ;
જેણે દિન પુણ્ય કર્યું લવલેશ, બહુ ફળદાયક હોય અશેષ,
તે દાખો જિનેશ. ૧

કબીર માયા ડાકિની, ખાયા સબ સંસાર;
ખાય ન કબીર બાપડા, રહ્યા પ્રભુકે આધાર.

નેમિ જિણંદ વદે ઈમ વાણી, અર્ધમાગધી જે કહેવાણી,
સાંભળે સારંગપાણી;
મૃગશિર સુદિ અગિયારશ જાણી, દોઢસો કલ્યાણકની ખાણી,
વેદ પુરાણે વખાણી;
શ્રી મુનિસુવ્રતસ્વામી વખાણી, સુવ્રત શેઠે તે શુભ જાણી,
આરાધી ચિત્ત આણી;
તે તપથી થયો કેવળ નાણી, જિન ચઉવીશતણી એમ કહાણી,
શિવસુખની નિશાણી. ૨

ત્રણ જિનનાં મળી પંચ કલ્યાણ, ત્રણ ચઉવીશી નવ જિન ભાણ,
એકણ ભરત પ્રમાણ;
પણયાલીસે જિનવર જાણ, પંચોતેર તેહનાં કલ્યાણ,
ઐરવતે તિમ જાણ;
દશ ક્ષેત્રે એણી પેરે પરિમાણ, નેવું જિનનાં દોઢસો કલ્યાણ,
અગિયારશ દિને આણ;
દીક્ષા જન્મ અને વળી નાણ, તેમ વળી પામ્યા જિન નિર્વાણ,
આગમ વયણ પ્રમાણ. ૩

પન્નર સહસ જિન નામ ગુણીજે, મૌન ધરીને પોસહ લીજે,
અહોરત્ત હો પાલીજે;
જિન પૂજીને પારણું કીજે, વરસ અગિયાર લગે એમ કીજે,
પાપ પડળ સવિ છીજે;

રવિ ઉદયે ઘૂવડ અંધ છે, નિશીએ અંધો કાગ;
કામી નિશદિન આંધળો, ચિત્તે એહી જ લાગ.

શક્તિ એ જાવજ્જીવ કરીજે, ગુરુ વચ સરસ સુધારસ પીજે,
નરભવનું ફળ લીજે;
એમ અંબાઇ સાનિધ કીજે, **ધીરવિમળ** કવિ જગે જાણીજે,
કવિ નય એમ પભણીજે. ૪

## શ્રી ઋષભદેવની સ્તુતિ

પ્રહ ઊઠી વંદું, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઇન્દ્ર,
જિનના ગુણ ગાવે, સુર નર-નારી વૃંદ. ૧

## શ્રી સુમતિનાથજીની થોય

સુમતિ સુમતિદાયી, મંગલા જાસ માઈ,
મેરુ ને વળી રાઈ, ઓર એહને તુલાઈ;
ક્ષય કીધાં ઘાઈ, કેવળજ્ઞાન પાઈ,
નાહિ ઊણિમ કાંઈ, સેવીએ તે સદાઈ. ૧

## શ્રી શીતલનાથજીની થોય

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી,
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી;
જે શિવગતિગામી, શાશ્વતાનંદ ધામી,
ભવિ શિવસુખકામી, પ્રણમીએ શિશ નામી. ૧

## શ્રી અનંતનાથજીની થોય

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી,
સુર નર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી;

કુંભારના ચક્ર જયું, કર્મ ચક્રનો ખેલ;
ક્ષણ એક સ્થિતિ નવિ રહે, સુખ દુઃખ કર્મની રેલ.

એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ વાણી,
તર્યા તે ગુણખાણી, પામીયા સિદ્ધિ રાણી. ૧

## શ્રી મલ્લિનાથની થોય

મલ્લિ જિન નમીએ, પૂર્વલા પાપ ગમીએ,
ઈંદ્રિય ગણુ દમીએ, આણુ જિનની ન ક્રમીએ;
ભવમાં નવિ ભમીએ, સર્વ પરભાવ વમીએ,
નિજ ગુણમાં રમીએ, કર્મમલ સર્વ ધમીએ. ૧

## શ્રી ભીડભંજન પાર્શ્વનાથની થોય

ભીડભંજન પાસ પ્રભુ સમરો, અરિહંત અનંતનું ધ્યાન ધરો;
જિનાગમ અમૃત પાન કરો, શાસનદેવી સવિ વિઘ્ન હરો. ૧

## શ્રી મહાવીર જિન થોય

વીરં દેવં નિત્યં વંદે, જૈનાઃ પાદા યુષ્માન્ પાન્તુ;
જૈનં વાકયં ભૂયાદ્ ભૂત્યૈ, સિદ્ધાદેવી દદ્યાત્ સૌખ્યમ્. ૧

## શ્રી સિદ્ધાચલજીની થોય

પુંડરીક ગણધર પાય પ્રણમીજે, આદીશ્વર જિન ચંદાજી,
નેમિ વિના ત્રેવીસ તીર્થંકર, ગિરિ ચઢિયા આણંદાજી;
આગમમાંહે પુંડરીક મહિમા, ભાખ્યો જ્ઞાન દિણંદાજી,
ચૈત્રી પૂનમ દિન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દો સુખકંદાજી. ૧

---

કૈંક ગયા ને જાય છે, જશે થશે બેહાલ;
સુકૃત સાથે આવશે, કોણે દીઠી કાલ?

# આધ્યાત્મિક પદસંગ્રહ

## શ્રી આનંદઘનજીકૃત પદો

### પદ : ૪૨

રાગ–સારંગ અથવા આશાવરી.

અબ હમ અમર ભયે ન મરેંગે, અબ૦
યા કારણ મિથ્યાત દીયો તજ, ક્યું કર દેહ ધરેંગે? અબ૦ ૧
રાગ દ્વેષ જગ બંધ કરત હૈ, ઇનકો નાસ કરેંગે;
મર્યો અનંત કાલ તે પ્રાણી, સો હમ કાળ હરેંગે. અબ૦ ૨
દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે;
નાસી જાસી હમ થિર વાસી, ચોખે વ્હૈ નિખરેંગે. અબ૦ ૩
મર્યો અનંત વાર બિન સમજ્યો, અબ સુખદુઃખ વિસરેંગે;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો,નહિ સમરે સો મરેંગે.અબ૦ ૪

### પદ : ૨૮

રાગ–આશાવરી.

આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે. આ૦
ભટકે દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશા ધારી;
આતમ અનુભવ રસકે રસિયા, ઊતરે ન કબહુ ખુમારી. આ૦ ૧
આશા દાસીકે જે જાયા, તે જન જગકે દાસા;
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા. આ૦ ૨

ઠાઠમાઠ હાલો સહુ, દીપક ઝાકઝમાલ;
તે પણ બુઝાઈ જશે, કોણે દીઠી કાલ?

મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પરજાળી;
તન ભાઠી અવટાઈ પિયેકસ, જાગે અનુભવ લાલી. આ૦ ૩
અગમ પિયાલા પિયો મતવાલા, ચિહ્ની અધ્યાતમ્ વાસા;
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા. આશા૦ ૪

## પદ : ૧૦૩

રાગ–કેરખો.

પ્રભુ ભજ લે મેરા દિલ રાજી રે, પ્રભુ૦
આઠ પહોરકી ચોસઠ ઘડિયાં, દો ઘડિયાં જિન સાજી રે. પ્રભુ૦ ૧
દાન પુણ્ય કછુ ધર્મ કર લે, મોહ માયાકું ત્યાગી રે. પ્રભુ૦ ૨
આનંદઘન કહે સમજ સમજ લે, આખર ખોવેગા બાજી રે, પ્રભુ૦ ૩

## પદ : ૯૮

રાગ—આશાવરી

અવધુ સો જોગી ગુરુ મેરા, ઇન પદકા કરે રે નિવેડા. અ૦
તરુવર એક મૂળ બિન છાયા, બિન ફૂલે ફળ લાગા;
શાખા પત્ર નહીં કછુ ઊનકું, અમૃત ગગને લાગા. અ૦ ૧
તરુવર એક પંછી દોઉ બેઠે, એક ગુરુ એક ચેલા;
ચેલેને જુગ ચુણ ચુણ ખાયા, ગુરુ નિરંતર ખેલા. અ૦ ૨
ગગનમંડળકે અધબિચ કૂવા, ઉહાં હે અમીકા વાસા;
સગુરા હોવે સો ભરભર પીવે, નગુરા જાવે પ્યાસા. અ૦ ૩

પંખી ટોળું વૃક્ષ પર, હળી મળ્યું છે હાલ;
પ્રાતઃમાં ઊડી જશે, કોણે દીઠી કાલ?

ગગનમંડળમેં ગઉઆ બિહાની, ધરતી દૂધ જમાયા;
માંખન થા સો વિરલા પાયા, છાસે જગ ભરમાયા. અ૦ ૪
થડ બિનું પત્ર પત્ર બિનું તુંબા, બિન જીભ્યા ગુણ ગાયા;
ગાવનવાલેકો રૂપ ન રેખા, સુગુરુ સોહી બતાયા. અ૦ ૫
આતમ અનુભવ બિન નહી જાને, અંતર જ્યોતિ જગાવે;
ઘટ અંતર પરખે સોહી મૂરતી, આનંદઘન પદ પાવે. અ૦ ૬

## પદ : ૯૯

રાગ–આશાવરી.

અવધૂ એસો જ્ઞાન બિચારી, વામે કોણ પુરુષ કુણ નારી.
બમ્મનકે ઘર ન્હાતી ધોતી, જોગીકે ઘર ચેલી;
કલમા પઢ પઢ ભઈ રે તુરકડી, તો આપહી આપ અકેલી. અ૦ ૧
સસરો હમારો બાલો ભોલો, સાસુ બાળકુંવારી;
પિયુજી હમારો પોઢ્યો પારણીએ, તો મૈં હું ઝુલાવનહારી. અ૦ ૨
નહીં હું પરણી નહીં હું કુંવારી, પુત્ર જણાવનહારી;
કાલી દાઢીકો મેં કોઇ નહીં છોડ્યો, તો યે હજુ હું બાલકુંવારી. અ૦ ૩
અઢી દ્વીપમેં ખાટ ખટૂલી, ગગન ઓશીકું તલાઈ;
ધરતીકો છેડો આભકી પીછોડી, તોય ન સોડ ભરાઈ. અ૦ ૪
ગગનમંડળમેં ગાય વીઆણી, વસુધા દૂધ જમાઈ;
સહુરે સુનો ભાઈ વલોણું વલોવે તો, તત્ત્વ અમૃત કોઈ પાઈ. અ૦ ૫

પુષ્પ સુગંધીથી બની, અનુપમ ફૂલની માળ;
પણ તે તો કરમાઈ જશે, કેણે દીઠી કાલ?

નહી જાઉં સાસરીયે ને, નહીં જાઉં પિયરીયે,
પિયુજીકી સેજ બિછાઈ;
આનંદઘન કહે સુનો ભાઈ સાધુ તો, જ્યોતસે જ્યોત મિલાઈ. અ૦ ૬

## પદ : ૬૭

રાગ–આશાવરી

રામ કહો રહેમાન કહો, કોઉ કાન કહો મહાદેવરી;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવરી. રામ૦ ૧

ભાજન ભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપરી;
તૈસે ખંડ કલ્પના રોપિત, આપ અખંડ સ્વરૂપરી. રામ૦ ૨

નિજ પદ રમે રામ સો કહિયે, રહિમ કરે રહેમાનરી;
કરશે કર્મ કાન સો કહિયે, મહાદેવ નિર્વાણરી; રામ૦ ૩

પરસે રૂપ પારસ સો કહિયે, બ્રહ્મચિહ્ને સો બ્રહ્મરી;
ઇહવિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિકર્મરી. રામ૦ ૪

## પદ : ૧૭૦

રાગ–આશાવરી

બેર બેર નહિ આવે અવસર, બેર બેર નહિ આવે;
જ્યું જાણે ત્યું કર લે ભલાઇ, જન્મ જન્મ સુખ પાવે. અ૦ ૧
તન ધન જોબન સબહી જૂઠો, પ્રાણ પલકમેં જાવે. અ૦ ૨
તન છૂટે ધન કૌન કામકો ? કાહિકું કૃપણ કહાવે ? અ૦ ૩

જન્મ્યું તે તો જાય છે, સૌના એ જ હવાલ;
માન ન કરો માનવી, કોણે દીઠી કાલ !

જાકે દિલમેં સાચ બસત હે, તાકું જૂઠ ન ભાવે. અ૦ ૪.
આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમરી સમરી ગુણ ગાવે. અ૦ ૫

---

## શ્રી ચિદાનંદજીકૃત પદો

### પદ : ૧૩

રાગ-પ્રભાતી

ઉઠોને મોરા આતમરામ, જિનમુખ જોવા જઇએ રે-એ દેશી.
વિષય વાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે. એ આંકણી
તપ જપ સંજમ દાનાદિક સહુ, ગિણતિ એક ન આવે રે;
ઇંદ્રિયસુખમેં જ્યોં લગે એ મન, વક્ર તુરંગ જિમ ધાવે રે. વિ. ૧

એક એકકે કારણ ચેતન, બહુત બહુત દુઃખ પાવે રે;
તે તો પ્રગટપણે જગદીશ્વર, ઇણ વિધ ભાવ લખાવે રે. વિ. ૨

મન્મથવશ માતંગ જગતમાં, પરવશતા દુઃખ પાવે રે;
રસનાલુબ્ધ હોય ઝખ મૂરખ, જાલ પડ્યો પિછતાવે રે. વિ. ૩

ઘ્રાણ સુવાસ કાજ સુન ભમરા, સંપુટમાંહે બંધાવે રે;
તે સરોજ સંપુટ સંયુત ફૂન, કિરીટીકે મુખ જાવે રે. વિ. ૪

રૂપ મનોહર દેખ પતંગા, પડત દીપમેં જાઈ રે;
દેખો યાકું દુઃખકારનમેં, નયન ભયે હ સહાઇ રે. વિ. ૫

જો બુદ્ધ પીછે ઊપજે, સો બુદ્ધ પહેલા હોય;
કાજ ન બીગડે આપણો, લોક હસે નહીં કોય.

શ્રોત્રેંદ્રિય આસક્ત મિરગલા, છિનમેં શીશ કટાવે રે;
એક એક આસક્ત જીવ એમ, નાનાવિધ દુઃખ પાવે રે. વિ. ૬

પંચ પ્રબલ વર્તે નિત્ય જાકું, તાકી ગતિ કયા કહિયે રે?
ચિદાનંદ એ વચન સુણીને, નિજ સ્વભાવમેં રહીયે રે. વિ. ૭

## પદ : ૮

રાગ–કાફી તથા વેલાવલ

આતમ પરમાતમ પદ પાવે, જો પરમાતમ શું લય લાવે–એ આંકણી.
સુણકે. શબ્દ કીટ ભૃંગીકો, નિજ તન મનકી શુદ્ધ બિસરાવે;
દેખહુ પ્રગટ ધ્યાનકી મહિમા, સોઈ કીટ ભૃંગી હોઈ જાવે.
આતમ૦ ૧

કુસુમ સંગ તિલ દેખ કુનિ, હોય સુગંધ ફુલેલ કહાવે;
શુક્તિ ગર્ભ ગત સ્વાતિ ઉદય હોય, મુકતાફળ અતિ દામ ધરાવે.
આતમ૦ ૨

પુન પિચુમંદ પલાશાદિકમેં, ચંદનતા જયું સુગંધથી આવે;
ગંગામેં જલ આણ આંણકે, ગંગોદકકી મહિમા ભાવે.
આતમ૦ ૩

પારસકો પરસંગ પાય કુનિ, લોહા કનક સ્વરૂપ લિખાવે;
ધ્યાતા ધ્યાન ધરત ચિત્તમેં ઇમ, ધ્યેય સ્વરૂપમેં જાય સમાવે.
આતમ૦ ૪

સંપત ગઈ તે સાંપડે, ગયા વળે છે વહાણ;
ગયો વખત આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

ભજ સમતા મમતાકું તજ જન, શુદ્ધ સ્વરૂપથી પ્રેમ લગાવે;
ચિદાનંદ ચિત્ત પ્રેમ મગન ભયા, દુવિધા ભાવ સકલ મીટ જાવે.

આતમ૦ ૫

## પદ : ૪

રાગ–ભૈરવી

વિરથા જનમ ગમાયો, મૂરખ વિરથા–એ આંકણી.
રંચક સુખરસ વશ હોય ચેતન, અપનોં મૂલ નસાયો;
પાંચ મિથ્યાત ધાર તું અજહુ, સાચ ભેદ નવિ પાયો. મૂ૦ ૧
કનક કામિની અરુ એહથી, નેહ નિરંતર લાયો;
તાહુથી તું ફિરત સોરાંનો, કનક બીજ માંનુ ખાયો. મૂ૦ ૨
જન્મ જરા મરણાદિક દુઃખમેં, કાલ અનંત ગમાયો;
અરહટ ઘટિકા જિમ કહો યાકો, અંત અજહું નવિ આયો. મૂ૦ ૩
લખ ચોરાશી પહેર્યાં ચોલના, નવ નવ રૂપ બનાયો;
બિન સમકિત સુધારસ ચાખ્યા, ગિણતી કોણિ ન ગિણાયો. મૂ૦ ૪
એતી પર નવિ માનત મૂરખ, એ અચરિજ ચિત્ત આયો;
ચિદાનંદ તે ધન જગતમેં, જીણે પ્રભુશું મન લાયો. મૂ૦ ૫

## પદ : ૬૫

રાગ–બિહાગ વા ટોડી

લઘુતા મેરે મન માની, લઇ ગુરુગમ જ્ઞાન નિશાની–લઘુ૦ એ ટેક.

સમય સમય બલવાન હૈં, નહિ પુરુષ બલવાન;
કાબે અર્જુન લૂંટીઓ, એહી ધનુષ એહી બાણ.

મદ અષ્ટ જિનોંને ધારે, તે દુર્ગતિ ગયે બિચારે;
દેખો જગતમેં પ્રાની, દુઃખ લહત અધિક અભિમાની. લઘુ૦ ૧
શશી સૂરજ બડે કહાવે, તે રાહુકે બસ આવે;
તારાગણ લઘુતા ધારી, સ્વરભાનુ ભીતિ નિવારી. લઘુ૦ ૨
છોટી અતિ જોયણગંધી, લહે ખટરસ સ્વાદ સુગંધી;
કિરીટી મોટાઈ ધારે, તે છાર શીશ નિજ ડારે. લઘુ૦ ૩
જબ બાલચંદ્ર હોઇ આવે, તબ સહુ જગ દેખણ ધાવે;
પૂનમ દિન બડા કહાવે, તબ ક્ષીણ કલા હોય જાવે. લઘુ૦ ૪
ગુરુતાઇ મનમેં વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે;
અંગમાંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પૂજાવે. લઘુ૦ ૫
શિશુ રાજધામમેં જાવે, સખી હિલમિલ ગોદ ખીલાવે;
હોય બડા જાણ નવિ પાવે, જાવે તો શીશ કટાવે. લઘુ૦ ૬
અંતર મદ ભાવ વહાવે, તબ ત્રિભુવનનાથ કહાવે;
ઇમ ચિદાનંદ એ ગાવે, રહણી બિરલા કોઉ પાવે. લઘુ૦ ૭

## ૫૬

### રાગ-આશાવરી તથા ગોડી

અવધૂ નિરપક્ષ બિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઇ. અવધૂ૦ એ આંકણી
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપન હોઈ;
અવિનાશીકે ઘરકી બાતાં, જાનેંગે નર સોઈ. અવ૦ ૧

પાંચે ઇન્દ્રિય વશ કરી, જપો નિરંજન નામ;
સર્વ કષાયના નાશથી, પામો શિવપુર ઠામ.

રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીકો નહીં પરિચય, તો શિવમંદિર દેખે. અવ૦ ૨
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે. અવ૦ ૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરાઃ
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા. અવ૦ ૪
પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જિમ ન્યારા;
ચિદાનંદ ઇસ્યા જન ઉત્તમ, સો સાહેબકા પ્યારા. અવ૦ ૫

---

## ઉપા૦ યશોવિજયજીકૃત પદ (મનસ્થિરતા)

રાગ-ધન્યાશ્રી

જબ લગ આવે નહિ મન ઠામ, તબ લગ કષ્ટ ક્રિયા સવિ નિષ્ફલ;
જ્યોં ગગને ચિત્રામ. જબ૦ ૧
કરની બીન તું કરે રે મોટાઈ, બ્રહ્મવતી તુજ નામ;
આખર ફલ ન લહેગો જ્યોં જગ, વ્યાપારી બિનુ દામ. જબ૦ ૨
મુંડ મુંડાવત સબહિ ગડરિયાં, હરિણ રોઝ વનધામ;
જટાધાર વટ ભસ્મ લગાવત, રાસભ સહતુ હે ઘામ. જબ૦ ૩
એતે પર નહિ યોગકી રચના, જો નહિ મન વિશ્રામ;
ચિત્ત અંતર પરકે છલ ચિંતવી, કહા જપત મુખરામ. જબ૦ ૪

અહંકારને છોડીને, ભજો અરહિંત સારઃ
રાગ દ્વેષના ત્યાગથી, પામો મોક્ષદ્વાર.

વચન કાય ગોપે દઢ ન રહે, ચિત્ત તુરંગ લગામ;
તામેં તું ન લહે શિવસાધન, જિઉં કણુ સૂને ગામ. જબ૦ ૫
જ્ઞાન ધરો સંજમ કિરિયા, ન ફિરાવો મન ઠામ;
ચિદાનંદ-ઘન સુજસવિલાસી, પ્રગટે આતમરામ. જબ૦ ૬

# સજ્ઝાયો

## શ્રી ભરત ચક્રવર્ત્તીની સજ્ઝાય

મનમેં હી વૈરાગી ભરતજી, મનમેં હી વૈરાગી.
સહસ બત્રીશ મુકુટબંધ રાજા, સેવા કરે વડભાગી;
ચોસઠ સહસ અંતે ઉરી જાકે, તોહી ન હુઆ અનુરાગી. ભરતજી૦ ૧
લાખ ચોરાસી તુરંગમ જાકે, છન્નુ ક્રોડ હે પાગી;
લાખ ચોરાસી ગજ રથ સોહીએ, સુરતા ધર્મસુ લાગી. ભરતજી૦ ૨
ચાર ક્રોડ મણુ અન્ન નિત સીઝે, લૂણુ દશ લાખ મન લાગી.
તીન ક્રોડ ગોકુલ ઘર દૂઝે, એક ક્રોડ હલસાગી. ભરતજી૦ ૩
સહસ બત્રીશ દેશ વડભાગી, ભયે સર્વકે તિયાગી;
છન્નુ ક્રોડ ગામકે અધિપતિ, તોહી ન હુઆ સરાગી. ભરતજી૦ ૪
નવનિધિ રત્ન ચોગડા બાજે, મન ચિંતા સબ ભાગી;
**કનકકીર્તિ** મુનિવર વંદત હે, દેજો મુકિત મેં માગી. ભરતજી૦ ૫

તન મન ઇંદ્રિય વશકરણ, ઐસા સદ્‌ગુરુ સૂર;
શંકા ન આણે જગતકી, પ્રભુશું સદા હજૂર.

## શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય;
રાજ છોડી રળિયામણું રે, જાણી અથિર સંસાર;
વૈરાગે મન વાળિયું રે, લીધો સંયમ ભાર. પ્રસન્ન૦ ૧
સમશાને કાઉસ્સગ્ગ રહી રે, પગ ઉપર પગ ચઢાય;
બાહુ બે ઊંચા કરી રે, સૂરજ સામી દ્દષ્ટિ લગાય. પ્રસન્ન૦ ૨
દુર્મુખ દૂત વચન સુણી રે, કોપ ચઢ્યો તત્કાળ;
મનશું સંગ્રામ માંડીઓ રે, જીવ પડ્યો જંજાળ. પ્રસન્ન૦ ૩
શ્રેણિક પ્રશ્ન પૂછે તે સમે રે, સ્વામી એહની કુણ ગતિ થાય?
ભગવંત કહે હમણાં મરે, તો સાતમી નરકે જાય. પ્રસન્ન૦ ૪
ક્ષણ એક આંતરે પૂછિયું રે, સર્વાર્થસિદ્ધ વિમાન;
વાગી દેવની દુંદુભિ રે, ઋષિ પામ્યા કેવળજ્ઞાન. પ્રસન્ન૦ ૫
પ્રસન્નચંદ્ર ઋષિ મુક્તે ગયા રે, શ્રીમહાવીરના શિષ્ય;
**રૂપવિજય** કહે ધન્ય છે રે, દીઠા એ પ્રત્યક્ષ. પ્રસન્ન૦ ૬

---

## શ્રી મેઘકુમારની સજ્ઝાય

ધારણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એક જ પુત્ર;
તુજ વિણ જાયા રે! સૂનાં મંદિર માળિયાં રે,
રાખો રાખો ઘરતણાં સૂત્ર. ધારણી૦

કડુ લાગે કલ્યાણનાં, વચન વિચારો આપ;
કડુ ઔષધ પીધા વિના, મટે ન તનનો તાપ.

તુજને પરણાવું રે આઠ કુમારિકા રે, સુંદર અતિસુકુમાર;
મલપતી ચાલે રે જેમ વન હાથણી રે,
નયણ વયણ સુવિશાળ. ધારણી૦ ૨

મુજ મન આશા રે પુત્ર હતી ઘણી રે, રમાડીશ વહુનાં રે બાળ;
દૈવ અટારો રે દેખી નવિ શકયો રે,
ઉપાયો એહ જંજાળ. ધારણી૦ ૩

ધન કણ કંચન રે ઋદ્ધિ ઘણી અછે રે, ભોગવો ભોગ સંસાર;
છતી ઋદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે,
પછી લેજો સંયમ ભાર. ધારણી૦ ૪

મેઘકુમારે રે માતા પ્રત્યે બૂઝવી રે, દીક્ષા લીધી વીરજીની પાસ;
**પ્રીતિવિમળ** રે ઇણપરે ઉચ્ચરે રે,
પહોંતી મ્હારા મનડાની આશ. ધારણી૦ ૫

---

## આપસ્વભાવની સજ્ઝાય

આપ સ્વભાવમાં રે, અવધૂ સદા મગનમેં રહેના;
જગત જીવ હે કર્માધીના, અચરિજ કછુઅ ન લીના. આ૦ ૧

તું નહિ મેરા કોઈ નહિ તેરા, કયા કરે મેરા મેરા ?
તેરા હે સો તેરી પાસે, અવર સભી અનેરા. આ૦ ૨

**પંડિતની પંક્તિ વિશે, નહિ અભણ સોહાય;**
**હંસની હારથકી જુઓ, જુદું બગલું જણાય.**

વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઇનકું વિલાસી;
વપુસંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આ૦ ૩

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઇસા. આ૦ ૪

પારકી આશા સદા નિરાશા, એ હે જગ જન પાસા;
વો કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આ૦ ૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી. આ૦ ૬

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આ૦ ૭

---

## શ્રી દેવાનંદાની સજ્ઝાય

(કુંથુજિન મનડું કિમહી ન બાઝે—એ રાગ.)

જિનવર રૂપ દેખી મન હરખીત, સ્તનસેં દૂધ ઝરાયા;
તવ ગૌતમકું ભયા અચંબા, પ્રશ્ન કરનકું આયા.
હો ગૌતમ ! એ તો મેરી અંબા૦ ૧

તસ કૂખે તુમ કાં એક વસીયા, કવણ કવણ કીયા એણે કર્મ ?
તવ શ્રી વીરજિણંદ એમ બોલે, એઇ કીયા એણે કર્મ. હો ગૌ૦ ૨

લીલા ઝાડની ડાળીઓ, વાળે તેમ વળાય;
વળે મહેનતથી નહિ, જ્યારે તે સુકાય.

ત્રિશલા દે દેરાણી હુંતી, દેવાનંદા જેઠાણી;
વિષય લોભ કરી કાંઈ ન જાણ્યો, કપટ વાત મન આણી. હો ગૌ૦ ૩

દેરાણીકી રત્ન દાબડી, બહુલાં રત્ન ચોરાયાં;
ઝગડો કરતાં ન્યાય જબ હુવો, તબ કછુ નાણાં પાયાં. હો ગૌ૦ ૪

ઐસા શ્રાપ દીયા દેરાણી, તુજ સંતાન મુજ હોજો;
કર્મ આગળ કાંઇ ન ચાલે, ઇંદ્ર ચક્રવર્તી જોજો. હો ગૌ૦ ૫

ભરતરાય જબ રૂષભને પૂછે, એહમાં કોઈ જિણંદા;
મરિચીપુત્ર ત્રિદંડી તેરો, ચોવીસમા જિણંદા. હો ગૌ૦ ૬

કુળનો ગર્વ કિયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદા;
મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ અણંદા. હો ગૌ૦ ૭

કર્મ સંજોગે ભિક્ષુક કુળ પામ્યા, જન્મ ન હોવે કબહુ;
ઇંદ્ર અવધે જોતાં અપહર્યો, દેવ ભુજંગમ બોહે. હો ગૌ૦ ૮

બ્યાશી દિવસ તિહાં કણે વસીયા, હરિણગમેષી જબ આયા;
સિદ્ધારથ ત્રિશલાદે રાણી, તસ કૂખે છટકાયા. હો ગૌ૦ ૯

સિદ્ધારથ ત્રિશલાદે રાણી, અચ્યુત દેવલોકે જાશે;
બીજે અંગે આચારાંગે, તે સૂત્રે કહેવાશે. હો ગૌ૦ ૧૦

રિખભદત્ત ને દેવાનંદા, લેશે સંજમ ભારા;
તવ ગૌતમ એ મુક્તે જાશે, ભગવતી સૂત્ર વિચારા. હો ગૌ૦ ૧૧

પડતી ઇચ્છે પરતણી, ચડતી આપ ચ્હાય;
પણ પાપી શું કરી શકે ! ધાર્યું વિધિનું થાય.

તપગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દીયો મનોરથ વાણી;
**સકળચંદ** પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં આણી. હો ગૌ૦ ૧૨

## શ્રી કૃષ્ણજીની સજ્ઝાય

દ્વારિકા નગરીમાં નેમિ જિનેશ્વર, વિચરંતા પ્રભુ આયે;
કૃષ્ણ નરેશ્વર વધાઈ સુણીને, જીત નિશાન બજાયે;
હો પ્રભુજી નહિં જાઉં નરક ગેહે, નહિં જાઉં નહિં જાઉં,
હો પ્રભુજી નહિં જાઉં નરકગેહે. ૧

અઢાર સહસ સાધુને વિધિશું, વાંદ્યા અધિકે હરખે;
પછી શ્રી નેમિ જિનેશ્વરકેરા, ઊભા મુખડા નિરખે. હો૦ ૨

નેમિ કહે તુમે ચાર નિવારી, ત્રણતણા દુઃખ રહીયાં;
કૃષ્ણ કહે હું ફરી ફરી વાંદું, હર્ષ ધરી મન હઇયાં. હો૦ ૩

નેમિ કહે એ ટાલ્યા ન ટલે, સો વાતે એક વાત;
કૃષ્ણ કહે મારા બાલબ્રહ્મચારી, નેમિ જિનેશ્વર ભ્રાત. હો૦ ૪

મોટા રાયની ચાકરી કરતાં, રંક સેવક જો રળશે;
સુરતરુ સરિખા અફલ જશે ત્યારે, વિષ વેલડી કેમ ફલશે? હો૦ ૫

પેટે આવ્યો તે ભોરિંગ વેઠે, પુત્ર કુપુત્ર જો જોયો;
ભલો ભૂંડો પણ જાદવ કુલનો, તુમ બાંધવ કહેવાયો. હો૦ ૬

છપ્પન ક્રોડ જાદવનો સાહેબ, કૃષ્ણ જો નરકે જાશે;
નેમિ જિનેશ્વરકેરો બંધવ, જગમાં અપજશ થાશે. હો૦ ૭

જેવાં બીજને વાવશો, તેવાં ઊગશે ઝાડ;
**આંબાના બીજ વાવશો, તો નહિ ઊગશે તાડ.**

શુદ્ધ સમકિતની પરીક્ષા કરીને, બોલ્યા શ્રી કેવલનાણી;
નેમિ જિનેશ્વર દીયો રે દિલાસો, ખરો રૂપઇયો જાણી. હો૦ ૮

નેમિ કહે તુમે ચિંતા ન કરો, તુમ પદવી અમ સરખી;
આવતી ચોવીશીમાં હોશો તીર્થંકર, હરિ પોતે મન હરખી. હો૦ ૯

જાદવકુલ અજવાલ્યું નેમિ જિન, સમુદ્રવિજય કુલ દીવો;
ઇંદ્ર કહે મારા શિવાદેવીનંદન, ક્રોડ દિવાલી જીવો. હો૦ ૧૦

---

## શ્રી અનંતકાયની સજ્ઝાય

અનંતકાયના દોષ અનંતા, જાણી ભવિયણ પ્રાણી રે;
ગુરુ ઉપદેશે તે પરિહરજો, એહવી જિનવર વાણી રે. અ૦ ૧

પુઢવી પાણી અગ્નિ ને વાયુ, વનસ્પતિ પ્રત્યેકા રે;
એ પાંચે સ્થાવર ગુરુમુખથી, સાંભળજો સુવિવેકા રે. અ૦ ૨

એકેંદ્રિ બેઇંદ્રિ તેઇંદ્રિ ચઉરિંદ્રિ, પંચેંદ્રિ પ્રમુખા રે;
એકેકી કાયે જિનરાયે, ભાખ્યા જીવ અસંખ્યા રે. અ૦ ૩

એ છકાયતણા જે જીવા, તે સવિ એકણુ પાસે રે;
કંદમૂલ સુઈને અગ્રભાગે, જીવ અનંત પ્રકાશે રે. અ૦ ૪

બહુ હિંસાનું કારણુ જાણી, આણી મન સુવિચારો રે;
કંદમૂલ ભક્ષણુ પરિહરજો, કરજો સફલ જન્મારો રે. અ૦ ૫

અનંતકાયના બહુ ભેદ ભાખ્યા, પન્નવણા ઉપાંગે રે;
શ્રી ગૌતમ ગણધરને આગે, વીરજિણંદ મન રંગે રે. અ૦ ૬

કાક ચેષ્ટા બક ધ્યાનં, શ્વાન નિદ્રા તથૈવ ચ;
અલ્પાહાર મૃદુવાણી, વિદ્યાર્થી પંચ લક્ષણ.

નરકતણા છે ચાર દુવારા, રાત્રિભોજન પહેલું રે;
પરસ્ત્રી બીજું બોળ અથાણું ત્રીજું,અનંતકાય જિમ છેલ્લું રે.અ૦૭
એ ચારે જે નર પરિહરશે, દયા ધર્મ આદરશે રે;
કીર્તિ કમલા તસ વિસ્તરશે, શિવમંદિર સંચરશે રે. અ૦ ૮
ચૌદ નિયમ સંભાળી સંક્ષેપો, પડિક્કમણું દોય વાર રે;
ગુરુ ઉપદેશ સુણો મનરંગે, એ શ્રાવક આચાર રે. અ૦ ૯
પાંચે પરવી પોષહ કીજે, ભાવે જિન પૂજીજે રે;
સંપત સારુ દાન જ દીજે, ઇમ ભવલાહો લીજે રે. અ૦ ૧૦
પરઉપકાર કરો નિજ સગતે, કુમતિ કદાગ્રહ મૂકો રે;
નવા નવા ઉપદેશ સુણીને, મૂળ ધર્મ નવિ મૂકો રે. અ૦ ૧૧
તપગચ્છ નાયક શિવસુખદાયક, શ્રી વિજયપ્રભસૂરીંદા રે;
તાસ પસાયે દિન દિન થાયે, **ભાવસાગર** આનંદા રે. અ૦ ૧૨

---

## વૈરાગ્યની સજ્ઝાય

(મન ભમરાની દેશી.)

ઊંચાં મંદિર માલીયાં, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યો જ નો'તો. ૧
એક રે દિવસ એવો આવશે, મને સબળોજી સાલે;
મંત્રી મલ્યાં સર્વે કારમાં, તેનું કોઈ ન ચાલે. એક રે૦ ૨
સાવ સોનાનાં રે સાંકલાં, પહેરણ નવનવ વાઘા;
ધોળું રે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગા. એક રે૦ ૩

**આશા અંબર જેવડી, મરવું પગલા હેઠ;**
**ધર્મ વિના જે દિન ગયા, તિણ દિન કીધી વેઠ.**

ચરુ કઢાઈયા અતિ ઘણા, બીજાનું નહિ લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું. એક રે૦ ૪
કેનાં છોરુ ને કેનાં વાછરુ, કેનાં માય ને બાપ;
અંતકાલે જાવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપ. એક રે૦ ૫
સગી રે નારી એની કામિની, ઊભી ટગમગ જોવે;
તેનું પણ કાંઇ ચાલે નહિ, બેઠી ધ્રુસકે રૂવે. એક રે૦ ૬
વહાલાં તે વહાલાં શું કરો, વહાલાં વોળાવી વળશે;
વહાલાં તે વનનાં લાકડાં, તે તો સાથેજી બળશે. એક રે૦ ૭
નહિ તાપી નહિ તુંબડી, નથી તરવાનો આરો;
**ઉદયરત્ન** પ્રભુ ઈમ ભણે, મને પાર ઊતારો. એક રે૦ ૮

---

## ઉપદેશક પદ

જોઈ જતન કર જીવડા, આયુ અજાણ્યું જાય રે;
લે લ્હાવો લક્ષ્મીતણો, પછી કાંઈ નવિ થાય રે. જોઈ. ૧
દુલહો ભવ માણુસતણો, દુલહો દેહ નિરોગો રે;
દુલહો દયા ધર્મ વાસના, દુલહો સુગુરુ સંયોગો રે. જોઈ. ૨
દિન ઊગે દિન આથમે, ન વળે કોઈ દિન પાછો રે;
અવસરે કાજ ન કીધલું, તે મનમાં રહેશે લાછો રે. જોઈ. ૩
લોભ લગે લખ વંચીઆ, તેં પરધન હરી લીધાં રે;
કેડે ન આવે કોઈને, કેડે કરમ રહ્યાં કીધાં રે. જોઈ. ૪

---

**વરસ દિવસ ઘર ઘર ભમ્યા, આદિનાથ ભગવંત;**
**કર્મવશે દુઃખ તેણે લહ્યા, જે જગમાં બલવંત.**

માતા ઉદરે ઊંધો રહ્યો, કોડી ગમે દુઃખ દીઠાં રે;
યોનિ જનમ દુઃખ જે હુવે, તે તુજ લાગે છે મીઠાં રે. જોઈ. ૫
હૈ હૈ ભવ એળે ગયો, એકે અરથ ન સાધ્યો રે;
સદ્ગુરુ શીખ સુણી ઘણી, તોપણ સંવેગ ન વાધ્યો રે. જોઈ. ૬
માન મને કોઈ મતિ કરો, જમ જીત્યો નવિ કેણે રે;
સુકૃત કાજ ન કીધલું, એ ભવ હારો છો તેણે રે. જોઈ. ૭
જપ જગદીશના નામને, કાંઈ નિશ્ચિંત તું સૂવે રે ?
કાજ કરે અવસર લહી, સવિ દિન સરખા ન હુવે રે. જોઈ. ૮
જગ જાતો જાણી કરી, તિમ એક દિન તુજ જાવો રે;
કર કરવો જે તુજને હોવે, પછી હોશે પસ્તાવો રે. જોઈ. ૯
તિથિ પર્વે તપ નવિ કર્યો, કેવળ કાયા તેં પોષી રે;
પરભવ જાતાં ઈણ જીવને, સંબળ વિણ કિમ હોશી રે ? જોઈ. ૧૦
સુણ પ્રાણી પ્રેમે કહી, **લબ્ધિ** લહી જિનવાણી રે;
સંયમ સાથે રે સંગ્રહો, ઈમ કહે કેવલનાણી રે. જોઈ. ૧૧

## શ્રી સમકિતના સડસઠ બોલની સજ્ઝાય

### દોહા

સુકૃતવલ્લી કાદંબિની, સમરી સરસતી માત;
સમકિત. સડસઠ બોલની, કહીશું મધુરી વાત. ૧
સમકિતદાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ૨

દાનાદિક કિરિયા ન દિયે, સમકિત વિણુ શિવશર્મ;
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ. ૩
દર્શન મોહ વિનાશથી, જે નિર્મળ ગુણઠાણુ;
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહનાં એ અહિઠાણુ. ૪

## ઢાળ પહેલી

ચઉ સદ્દહણા તિ લિંગ છે, દશવિધ વિનય વિચારો રે; ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. ૫ ત્રોટક–

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ; ષટ્ જયણા ષટ્ આગાર ભાવના, છવ્વિહા મન આણિયે: ષટ્ ઠાણ સમકિતતણાં સડસઠ, ભેદ એહ ઉદાર એ; એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૬ ઢાળ :–

ચઉવિહ સદ્દહણા તિહાં, જીવાદિક પરમત્થો રે; પ્રવચન માંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે. ૭ ત્રોટકઃ–

તેહનો અર્થ વિચાર કરિયે, પ્રથમ સદ્દહણા ખરી; બીજી સદ્દહણા તેહની જે, જાણ મુનિ ગુણ જવહરી; સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા; તેહની સેવા કીજીએ, જીમ પીજીએ સમતા સુધા. ૮ ઢાળઃ–

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિહ્નવ ને અહછંદા રે;
પાસત્થા ને કુશીલિયા, વિડંબક મંદા રે. ૯ ત્રોટકઃ–

પારકી નિંદા જે કરે, કુડાં દેવે આળ;
મર્મ પ્રકાશે પરતણાં, તેથી ભલો ચંડાળ.

મંદા અનાણી દૂરે છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી; પર-દર્શનનો સંગ તજિયે, ચોથી સદ્દહણા કહી : હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે; જેમ જલધિ જલમાં ભેળ્યું ગંગા—નીર લૂણપણું લહે. ૧૦

## ઢાળ બીજી

ત્રણ લિંગ સમકિતતણાં રે, પહેલું શ્રુત અભિલાષ; જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાક્ષ રે—પ્રાણી ધરીએ સમકિત રંગ : જિમ લહિયે સુખ અભંગ રે—પ્રા૦ ૧૧ તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુર ગીત; તેહથી રાગે અતિ ઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે—પ્રાણી૦ ૧૨ ભૂખ્યો અટવી ઊતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ; ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહી જ બીજું લિંગ રે—પ્રાણી૦ ૧૩ વૈયાવચ્ચ ગુરુદેવનું રે, ત્રીજું લિંગ ઉદાર; વિદ્યાસાધકતણી પરે રે, આલસ નવિય લગાર રે—પ્રાણી૦ ૧૪

## ઢાળ ત્રીજી

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ; ચેઇય જિનપડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ—ચતુર નર! સમજો વિનય પ્રકાર: જિમ લહિયે સમકિત સાર—ચતુર૦ ૧૫ ધર્મ ક્ષમાદિક ભાખીઓજી, સાધુ તેહના રે ગેહ; આચારજ

આચારનાજી, દાયક નાયક જેહ–ચતુર૦ ૧૬ ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર; પ્રવચન સંઘ વખાણીયેજી, દરિસણ સમકિત સાર–ચતુર૦ ૧૭ ભક્તિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદય પ્રેમ બહુમાન; ગુણસ્તુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ–ચતુર૦ ૧૮ પાંચ ભેદે એ દશતણોજી, વિનય કરે અનુકુલ; સીંચે તેહ સુધારસેંજી, ધર્મ વૃક્ષનું મૂલ–ચતુર૦ ૧૯

## ઢાળ ચોથી

ત્રણ શુદ્ધિ સમકિતતણી રે, તિહાં પહેલી મન શુદ્ધિ રે; શ્રી જિનને જિનમત વિના રે, જૂઠ સકલ એ બુદ્ધિ રે–ચતુર૦ ૨૦ જિનભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે; એવું જે મુખે ભાખીએ રે, તે વચનશુદ્ધિ કહેવાય રે–ચતુર૦ ૨૧ છેદ્યો ભેદ્યો વેદના રે, સહેતો અનેક પ્રકાર રે; જિન વિણ પરસુર નવિ નમે રે, તેહની કાયા શુદ્ધિ ઉદાર રે–ચતુર૦ ૨૨

## ઢાળ પાંચમી

સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહેલી છે શંકા રે; તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે–સમકિત દૂષણ પરિહરો. ૨૩ કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજિયે; પામી સુરતરુ પરગડો, કિમ બાઉલ ભજિયે?–સમકિત૦ ૨૪ સંશય ધર્મનાં ફલતણો, વિતિગિચ્છા નામે; ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે–સમકિત૦ ૨૫ મિથ્યા-

મતિ ગુણ વર્ણનો, ટાળો ચોથો દોષ; ઉન્મારગી થુણતાં હુવે, ઉન્મારગ પોષ–સમકિત૦ ૨૬ પાંચમો દોષ મિથ્યામતિ, પરિચય નવિ કીજે; ઈમ શુભ મતિ અરવિંદની, ભલી વાસના લીજે–સમકિત૦ ૨૭

## ઢાળ છઠ્ઠી

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયંણી ધૂરી જાણ; વર્ત્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ–ધન્ય ધન્ય શાસનમંડન મુનિવરા. ૨૮ ધર્મકથી તે બીજો જાણિયે, નંદિષેણ પરે જેહ; નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ–ધન્ય ધન્ય૦ ૨૯ વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ; રાજદ્વારે રે જયકમલા વરે, ગાજંતો જિમ મેહ–ધન્ય૦ ૩૦ ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમત જીપણ કાજ; તેહ નિમિત્તી રે ચોથો જાણિયે, શ્રી જિનશાસન રાજ–ધન્ય ૩૧ તપગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિનઆણ; આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસ્વી છે જાણ–ધન્ય૦ ૩૨ છઠ્ઠો વિદ્યા રે મંત્રતણો બલિ, જેમ શ્રી વયર મુણીંદ; સિદ્ધ સાતમો રે અંજનયોગથી, જેમ કાલિક મુનિચંદ–ધન્ય૦ ૩૩ કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મહેતુ કરે જેહ; સિદ્ધસેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વરકવિ નેહ–ધન્ય૦ ૩૪ જબ નવિ હોવે પ્રભાવક એહવા, તબ

નરભવ ચિંતામણી લહી, આળસે તું મત હાર;
ધર્મ કરીને જીવડા, સફળ કરો અવતાર.

વિધિપૂર્વક અનેક; યાત્રા પૂજાદિ કરણી કરે, તેહ પ્રભાવક છેક – ધન્ય૦ ૩૫

## ઢાળ સાતમી

સોહે સમકિત જેહથી, સખી જિમ આભરણે દેહ; ભૂષણ પાંચ તે મન વસ્યાં–સખિ મન વસ્યાં; તેહમાં નહિ સંદેહ–મુજ સમકિત રંગ અચલ હોજ્યો. ૩૬ પહેલું કુશલપણું તિહાં, સખિ વંદન ને પચ્ચખાણ; કિરિયાનો વિધિ અતિ ઘણો, સખિ આચરે તેહ સુજાણ–મુજ૦ ૩૭ બીજું તીરથ સેવના, સખિ તીરથ તારે તેહ; તેહ ગીતારથ મુનિવરા, સખિ તેહશું કીજે નેહ–મુજ૦ ૩૮ ભક્તિ કરે ગુરુદેવની, સખિ ત્રીજું ભૂષણ હોય; કિણહી ચલાવ્યો નવિ ચલે, સખિ ચોથું ભૂષણ જોય–મુજ૦ ૩૯ જિનશાસન અનુમોદના, સખિ જેહથી બહુ જન હુંત; કીજે તેહ પ્રભાવના, સખી પાંચમું ભૂષણ ખંત–મુજ૦૪૦

## ઢાળ આઠમી

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધૂર ઉપમશ અનુકૂલ સુગુણનર; અપરાધીશું પણ નવિ ચિત્તથકી, ચિંતવીયે પ્રતિકૂળ સુગુણનર–શ્રી૦ જિનભાષિત વચન વિચારીએ. ૪૧ સુર નર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક–સુગુણ૦ બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક–સુગુણ૦ શ્રી૦ ૪૨ નારક ચારક સમભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ–સુ-

સકળ સામગ્રી તેં ગ્રહી, જેણે તરીએ સંસાર;
પ્રમાદવશે ભવ કાં ગમે ? કર નિજ હીયે વિચાર.

ગુણ૦; ચાહે નિકલવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ-સુગુણ૦ શ્રી૦ ૪૩ દ્રવ્યથકી દુઃખિયાની જે દયા, ધર્મ-હીણાની રે ભાવ-સુગુણ૦; ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ-સુગુણ૦ શ્રી૦ ૪૪ જે જિને ભાખ્યું તે નહીં અન્યથા, એહવો જે દૃઢ રંગ-સુગુણ૦; તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો રે ભંગ-સુગુણ૦ શ્રી૦ ૪૫

## ઢાળ નવમી

પરતીર્થી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ; વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ્ ભેદ રે-ભવિકા ! સમકિત યતના કીજે. ૪૬ વંદન તે કરજોડન કહીએ, નમન તે શીશ નમાવે; દાન ઇષ્ટ અન્નાદિક દેવું, ગૌરવભક્તિ દેખાડે રે ભવિકા૦ ૪૭ અનુપ્રદાન તે તેહને કહીએ, વારંવાર જે દાન; દોષ કુપાત્રે પાત્ર મતિએ, નહીં અનુકંપા માન રે-ભ૦ ૪૮ અણબોલાવે જેહ બોલવું, તે કહીએ આલાપ; વારંવાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે-ભ૦ ૪૯ એ જયણા-થી સમકિત દપે, વળી દીપે વ્યવહાર; એહમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર રે-ભ૦ ૫૦

## ઢાળ ૧૦ મી

શુદ્ધ ધર્મથી નવિ ચળે, અતિ દૃઢ ગુણ આધાર લલના; તોપણ જે નહિ એહવા, તેહને એ આગાર લલના-બોલ્યું

તેહવું પાળીએ. ૫૧ દંતીદંત સમ બોલ લલના, સજ્જન ને દુર્જનતણાં; કચ્છપ કોટીને તોલ લલના—બો૦ ૫૨ રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ લલના; તેહથી કાર્તિકની પરે, નહીં મિથ્યાત્વ સંયોગ લલના—બો૦ ૫૩ મેળો જનનો ગણ કહ્યો, બળ ચૌરાદિક જાણ લલના; ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરુ ઠાણ લલના—બો૦ ૫૪ વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર લલના; તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર લલના—બો૦ ૫૫

## ઢાળ ૧૧ મી

ભાવીજે રે સંમકિત જેહથી રુઅડું, તે ભાવના રે ભાવો કરી મન પરવડું; જો સમકિત રે, તાજું સાજું મૂળ રે; તો વ્રતતરુ રે, દીએ શિવફળ અનુકૂળ રે. ૫૬ **ત્રોટકઃ**— અનુકૂળ મૂળ રસાળ સમકિત, તેહ વિણ મતિ અંધ એ; જે કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જૂઠો ધંધ એ. એ પ્રથમ ભાવના ગુણે રુડી, સુણો બીજી ભાવના; બારણું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના. ૫૭. **ઢાળ**—ત્રીજી ભાવના રે સમકિત પીઠ જો દૃઢ ગ્રહી, તો મોટો રે ધર્મ પ્રાસાદ ડગે નહીં; પાયે ખોટે રે મોટે મંડાણ ન શોભીએ, તેણે કારણ રે સમકિતશું ચિત્ત થોભીએ. ૫૮. **ત્રોટકઃ**—થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ; સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન

લાવીએ; તે વિના છૂટાં રત્ન સરિખા, મૂળ ઉત્તર ગુણ સવે, કમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે. ૫૯ **ઢાળઃ**– ભાવો પંચમી રે ભાવના શમદમ સાર રે, પૃથ્વીપરે રે સમકિત તસ આધાર રે; છઠ્ઠી ભાવના રે સમકિત ભાજન જો મળે, શ્રુત શીલનો રે, તો રસ તેહમાંથી નવિ ઢળે. ૬૦ **ત્રોટકઃ**–નવિ ઢળે સમકિત ભાવના રસ, અમિય સમ સંવરતણો; ષટ્ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો; ઇમિ ભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોળ એ, ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ. ૬૧

## ઢાળ ૧૨ મી

ઠરે જિહાં સમકિત તે સ્થાનક, તેહનાં ષટ્વિધ કહીએ રે; તિહાં પહેલું થાનક તે ચેતન, લક્ષણ આતમ લહીએ રે; ખીર નીર પરે પુદ્ગલ–મિશ્રિત, પણ એહથી છે અળગો રે; અનુભવ હંસ ચંચુ જો લાગે, તો નવિ દીસે વળગ્યો રે. ૬૨ બીજું સ્થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારે રે; બાળકને સ્તનપાન વાસના, પૂરવભવ અનુસારે રે; દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાયો રે; દ્રવ્યથકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમરાયો રે. ૬૩ ત્રીજું સ્થાનક ચેતન કર્ત્તા, કર્મતણે સંયોગે રે; કુંભકાર જિમ કુંભતણો જગ, દંડાદિક સંયોગે રે, નિશ્ચયથી નિજ ગુણનો કર્તા, અનુપચરિત

**લઘુતાથી પ્રભુતા મળે, ટળે દોષ અભિમાન;**
**બાહુબલી લઘુતા ધરી, પામ્યા કેવળજ્ઞાન.**

વ્યવહારે રે; દ્રવ્ય કર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૬૪ ચોથું થાનક ચેતન ભોક્તા, પુણ્ય પાપ ફળકેરો રે; વ્યવહારે નિશ્ચય નય દૃષ્ટે, ભુંજે નિજ ગુણ નેરો રે; પાંચમું થાનક અછે પરમ પદ, અચલ અનંત સુખવાસો રે; આધિ વ્યાધિ તન મનથી લહીએ, તસ અભાવે સુખ ખાસો રે. ૬૫ છઠ્ઠું થાનક મોક્ષતણું છે, સંજમ જ્ઞાન ઉપાયો રે; જો સહેજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફળ થાયો રે; કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે; ન લહે રૂપું રૂપું જાણી, છીપ ભણી જે ફરિયા રે. ૬૬ કહે કિરિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશે રે? જલ પેસી કર પદ ન હલાવે, તારુ તે કિમ તરશે રે? દૂષણ ભૂષણ છે ઇહાં બહુલાં, નય એકેકને વાદે રે; સિદ્ધાંતી તે બેહુ પક્ષ સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ૬૭ ઇણી પરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાધે રે; રાગ દ્વેષ ટાળી મન વાળી, તે શિવસુખ અવગાહે રે; જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કોઈ નહીં તસ તોલે રે; શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચક **જસ** ઇમ બોલે રે. ૬૮

## આઠ દૃષ્ટિની સજ્ઝાય

## પ્રથમ-મિત્રા દૃષ્ટિની સજ્ઝાય

શિવસુખકારણ ઉપદિશી, યોગતણી અડ દિઠ્ઠી રે; તે ગુણ

શુણી જિનવીરનો, કરશું ધર્મની પુઠ્ઠી રે–વીર જિનેસર દેશના. ૧ સઘન અઘન દિન રયણીમાં, બાળ વિકળ ને અનેરા રે; અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરા રે–વીર૦ ૨ દર્શન જે થયાં જુજુઆં, તે ઓઘ નજરને ફેરે રે; ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરે રે–વીર૦ ૩ દર્શન સકલનાં નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે; હિતકારી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે–વીર૦ ૪ દૃષ્ટિ થિરાદિક ચ્યારમાં; મુગતિ પ્રયાણ ન ભાજે રે; રયણી–શયન જેમ શ્રમ હરે, સુર નર સુખ તેમ છાજે રે–વીર૦ ૫ એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે; જિહાં **મિત્રા** તિહાં બોધ જે તે, તૃણ અગ્નિ સો લહીએ રે–વીર૦ ૬ વ્રત પણ ઇહાં યમ સંપજે, ખેદ નહીં શુભ કાજે રે; દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે–વીર૦ ૭ યોગના બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે; ભાવાચારજ ( તણી ) સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે–વીર૦ ૮ દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાને રે; આદર આગમ આશરી, લિખનાદિક બહુમાને રે–વીર૦ ૯ લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્‌ગ્રાહોરે ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે–વીર૦ ૧૦ બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે; એહ અવંચક યોગથી, લહીએ ધરમ સ્નેહ રે–વીર૦ ૧૧ સદ્‌ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોયે જેહો રે; યોગક્રિયા ફળભેદથી, ત્રિવિધ અવંચક એહો રે–વીર૦ ૧૨ ચાહે ચકોર તે ચંદ્રને,

કાને ખીલા ઘાલીયા, ચરણે રાંધી ખીર;
તેમને પણ કર્મો નડયા, ચોવીશમા શ્રીવીર.

મકધુર માલતી ભોગી રે; તેમ ભવિ સહજ ગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે–વીર૦ ૧૩ એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્ત્તે રે; સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પવર્ત્તે રે–વીર૦ ૧૪ કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે; મુખ્યપણે તે ઈહાં હોયે, **સુયશ** વિલાસનું ટાણું રે–વીર૦ ૧૫

## બીજી–તારા દષ્ટિની સજ્ઝાય.

દર્શન તારા દષ્ટિમાં–મનમોહન મેરે, ગોમય અગ્નિ સમાન-મ૦: શૌચ સંતોષ ને તપ ભલું–મ૦, સજ્ઝાય ઈશ્વિર ધ્યાન-મ૦ ૧ નિયમ પંચ ઈહાં સંપજે–મ૦, નહીં કિરિયા ઉદ્વેગ મ૦; જિજ્ઞાંસા ગુણતત્ત્વની મ૦, પણ નહીં નિજ હઠ ટેક–મ૦ ૨ એ દષ્ટિએ હોય વરતતાં–મ૦, યોગકથા બહુ પ્રેમ–મ૦; અનુચિત તેહ ન આચરે–મ૦, વાળ્યો વળે જેમ હેમ–મ૦ ૩ વિનય અધિક ગુણીનો કરે–મ૦, દેખે નિજ ગુણહાણ-મ૦; ત્રાસ ધરે ભવભયથકી–મ૦ ભવ માને દુઃખખાણ-મ૦ ૪ શાસ્ત્ર ઘણાં મતિ થોડલી–મ૦, શિષ્ટ કહે તે પ્રમાણ–મ૦; **સુયશ** લહે એ ભાવથી–મ૦, ન કરે જૂઠ ડફાણ–મ૦ ૫

## ત્રીજી–બલા દષ્ટિની સજ્ઝાય

ત્રીજી દષ્ટિ બલા કહી જી, કાષ્ઠ અગ્નિ સમ બોધ, ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ સમીહા શોધ રે–જિનજી ધન્ય

રાજ્યભોગ સંપત્તિ સુકુળ, વિદ્યારૂપ વિજ્ઞાન;
અધિક આયુ આરોગ્યતા, પ્રગટ ધર્મફળ જાણ.

ધન્ય તુજ ઉપદેશ. ૧ તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત; સાંભળવા તેમ તત્ત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત રે–જિનજી૦ ૨ શેર એ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલ કૂપ; શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે–જિનજી૦ ૩ મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બૂઝે એકતાન; તે ઇચ્છા વિણ ગુણકથાજી, બહેરા આગળ ગાન રે–જિનજી૦ ૪ વિઘન ઈહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોઈ; અનાચાર પરિહારથીજી **સુયસ** મહોદય હોય રે–જિનજી૦ ૫

## ચોથી – દીપ્રા દૃષ્ટિની સજ્ઝાય

યોગદૃષ્ટિ ચોથી કહીજી, દીપ્રા તિહાં ન ઉત્થાન; પ્રાણાયામ તે ભાવથીજી, દીપ પ્રભા સમ જ્ઞાન–મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ.–મન૦ ૧ બાહ્ય ભાવ રેચક ઈહાંજી, પૂરક અંતર ભાવ; કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ–મન૦ ૨ ધર્મ અર્થે ઈહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ; પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ–મન૦ ૩ તત્ત્વશ્રવણ મધુરોદકેજી, ઇહાં હોયે બીજ પ્રરોહ; ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુ ભકિત અદ્રોહ–મન૦ ૪ સૂક્ષ્મ બોધ તોપણ ઈહાંજી, સમકિત વિણ નવિ હોય; વેદ્ય સંવેદ્ય પદે કહ્યોજી, તે ન અવેદ્ય જોય–મન૦ ૫ વેદ્ય બંધ શિવહેતુ છે જી, સંવેદન તસ

નાણ; નય નિક્ષેપે અતિ ભલુંજી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ. મન૦ ૬ તે પદ ગ્રંથિ વિભેદથીજી, છેહલી પાપપ્રવૃતિ; તપ્તલોહ પદ ધૃતિ સમીજી, તિહાં હોય અંત નિવૃતિ–મન૦ ૭ એક થકી વિપરીત છે જી, પદ તે અવેદ્ય સંવેદ્ય; ભવાભિનંદી જીવને જી, તે હોય વજ્ર અભેદ્ય–મન૦ ૮ લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ; ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અપાણ–મન૦ ૯ એવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર; સાધુ સંગ આગમતણુંજી, તે જીતે ધરી જોર– મન૦ ૧૦ તે જીત્યે સહેજે ટળેજી, વિષમ કુતર્ક પ્રકાર; દૂર નિકટ હાથી હણેજી, જેમ એ બઠર વિચાર–મન૦ ૧૧ હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર; આળસુઆ ગુરુ શિષ્યનોજી, તે તો વચન પ્રકાર–મન૦ ૧૨ ધીજે તે પતિ આવવુંજી, આપમતે અનુમાન; આગમ ને અનુમાન થીજી, સાચું લહે સુજ્ઞાન–મન૦ ૧૩ નહીં સર્વજ્ઞ તે જૂજૂઆજી, તેહના જે વળી દાસ; ભગતિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ–મન૦ ૧૪ દેવ સંસારી અનેક છે જી, તેહની ભક્તિ વિચિત્ર; એક રાગ પર દ્વેષથીજી, એક મુગતિની અચિત્ર–મન૦ ૧૫ ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છે જી, જ્ઞાન છે આગમહેત; અસંમોહ શુભકૃતિ ગુણેજી, તેણે ફળભેદ સંકેત– મન૦ ૧૬ આદર કિરિઆ રીત ઘણીજી, વિઘન ટળે મિલે લચ્છી; જિજ્ઞાસા બુદ્ધ સેવનાજી, શુભકૃતિ ચિહ્ન પ્રત્યચ્છિ–મન૦ ૧૭

રાવણ વિકટ રામે હણ્યો, કૃષ્ણે હણ્યો જરાસંઘ;
જરાકુંવરે હરિને હણ્યો, દેખો કર્મ પ્રબંધ.

બુદ્ધિક્રિયા ભવફળ દીયેજી, જ્ઞાનક્રિયા શિવઅંગ; અસંમોહ કિરિયા દીયેજી, શીઘ્ર મુગતિફલ ચંગ-મન૦ ૧૮ પુદ્ગલ-રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન; એહ માર્ગ તે શિવતણો-જી, ભેદ લહે જગદીન-મન૦ ૧૯ શિષ્યભણી જિનદેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન; કહે મુનિની નયદેશનાજી, પરમારથથી અભિન્ન-મન૦ ૨૦ શબ્દભેદ ઝઘડો કિસ્યોજી ? પરમારથ જો એક; કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફરે નહીં છેક-મન૦ ૨૧ ધર્મ ક્ષમાદિક પણ મિટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ; તો ઝઘડા ઝોટાતણોજી, મુનિને કવણ અભ્યાસ ? મન૦ ૨૨ અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ; તે લેશે હવે પાંચમીજી, **સુયશ** અમૃત ઘન વૃષ્ટિ-મન૦ ૨૩

## પાંચમી-થિરા દૃષ્ટિની સજ્ઝાય

દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે; ભ્રાંતિ નહિ વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે. ૧ એ ગુણ વીરતણો ન વિસારું, સંભારું દિનરાત રે; પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે-એ ગુણ૦ ૨ બાલધૂલિ ઘર લીલા સરખી, ભવ ચેષ્ટા ઈહાં ભાસે રે; રિદ્ધિ સિદ્ધિ ઘટમાં સવિ પ્રગટે, અષ્ટમહાસિદ્ધિ પાસે રે-એ ગુણ૦ ૩ વિષય વિકારે ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે; કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે-એ ગુણ૦ ૪ શીતળ

---

**માસખમણને પારણે, કુળવાલુઓ અણગાર;**
**ચિત્ત વળગ્યો સંગ નારીએ, ચૂકત ન લાગી વાર.**

ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે; ધર્મજનિત પણ ભોગ ઈહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે–એ ગુણ૦ ૫ અંશે હોય ઈહાં અવિનાશી, પુદ્ગળ જાળ તમાસી રે; ચિદાનંદ-ઘન **સુયશ** વિલાસી, કેમ હોય જગનો આશી રે ?–એ ગુણ૦ ૬

## છઠ્ઠી–કાંતા દૃષ્ટિની સજ્ઝાય

ભોલીડા હંસા રે વિષય ન રાચીએ–એ દેશી.

અચપલ રોગ રહિત નિષ્ઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ; ગંધ તે સારો રે કાન્તિ પ્રસન્નતા; સુસ્વર પ્રમુખ પ્રવૃતિ–ધન ધન શાસન શ્રી જિનવરતણું. ૧ ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત; લાભ ઈષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જનપ્રિયતા હોય નિત્ય–ધન૦ ૨ નાશ દોષનો રે તૃપતિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ, નાશ વયરની રે બુદ્ધિ સંતભરા, એ નિષ્પન્નહ યોગ–ધન૦ ૩ ચિહ્ન યોગના રે જે પરગ્રંથમાં, યોગાચારય દિઠ્ઠ; પંચમ દૃષ્ટિથકી સવિ જોડીએ, એહવા તેહ ગરિઠ્ઠ–ધન૦ ૪ છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ પ્રકાશ; તત્ત્વમિમાંસા રે દૃઢ હોયે ધારણા, નહીં અન્ય શ્રુતવાસ–ધન૦ ૫ મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજા કામ કરંત; તેમ શ્રુતધર્મે રે એહમાં મન ધરે, જ્ઞાનાક્ષેપકવંત–ધન૦ ૬ એહવે જ્ઞાને રે વિઘન નિવારણે, ભોગ નહિ ભવહેત; નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મનગુણ અવ-

નવાણું કોડી કંચન તજી, ઓર તજી આઠે નાર;
તે દુષ્કર નિત વંદિએ, શ્રી જંબુ ત્રણ કાળ.

ગુણ ખેત–ધન૦ ૭ માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ; સાચું જાણી રે તે બીતો રહે, ન ચળે ડામાડોલ–ધન૦ ૮ ભોગતત્ત્વને રે એમ ભય નવિ ટળે, જુઠા જાણે રે ભોગ; તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે, લહે વળી **સુયશ** સંયોગ–ધન૦ ૯

## સાતમી–પ્રભા દૃષ્ટિની સજ્ઝાય

અર્ક પ્રભાસમ બોધ પ્રભામાં, ધ્યાન પ્રિયા એ દિઠ્ઠી; તત્ત્વતણી પ્રતિપત્તિ ઇહાં વળી, રોગ નહીં સુખ પુઠ્ઠી રે– ભવિકા ! વીરવચન ચિત્ત ધરીએ. ૧ સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ; એ દષ્ટે આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ રે–ભવિ૦ ૨ નાગર સુખ પામર નવ જાણે, વલ્લભ સુખ ન કુમારી, અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી ?–ભવિ૦ ૩ એહ દૃષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું; દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રતન તે દીપે જાચું રે–ભવિ૦ ૪ વિષ ભાગ ક્ષય શાંત-વાહિતા, શિવ મારગ ધ્રુવનામ; કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ **સુયશ** પરિણામ રે–ભવિ૦ ૫

## આઠમી–પરા દૃષ્ટિની સજ્ઝાય

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી; આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણુંજી; નિરતિચાર

**રે જીવ ! સુણ તું બાપડા, હીયે વિમાસી જોય;**
**આપ સવારથ સહુ મળ્યું, તાહરું નહીં જગ કોય.**

પદ એહમાં યોગી, કહીએ નહીં અતિચારીજી; આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી. ૧ ચંદન ગંધ સમાન ક્ષમા ઈહાં, વાસકને ન ગવેષેજી; આસંગે વર્જિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખેજી; શિક્ષાથી જેમ રતન નિયોજન, દષ્ટિ ભિન્ન તેમ એહોજી; તાસ નિયોગે કરણ અપૂર્વે, લહે મુનિ કેવલ ગેહોજી. ૨ ક્ષીણદોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી; પરઉપગાર કરી શિવસુખ તે, પામે યોગી અયોગીજી: સર્વ શત્રુ ક્ષય સર્વ વ્યાધિ લય, પૂરણ સર્વ સમીહાજી; સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંતગુણ નિરીહાજી. ૩ એ અડદિઠ્ઠી કહી સંક્ષેપે, યોગશાસ્ત્ર સંકેતેજી; કુળ યોગી ને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતેજી: યોગી કુળે જાયા તસ ધર્મે, અનુગત તે કુળ યોગીજી; અદ્વેષી ગુરુદેવ દ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગીજી. ૪ શુશ્રૂષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃત્તચક્ર તે કહીએજી; યમદ્વય લાભી પરદુગ અર્થી, આદ્ય અવંચક લહીએજી: ચાર અહિંસાદિક યમ ઈચ્છા, પ્રવૃત્તિ થિર સિધ્ધ નામેજી; શુધ્ધ રુચે પાળે અતિચારહ, ટાળે ફળ પરિણામેજી. ૫ કુળ યોગી ને પ્રવૃત્તચક્રને, શ્રવણશુદ્ધિ પક્ષપાતજી; યોગદષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહી એ વાતજી: શુદ્ધ ભાવ ને સૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી ? જલહલતો સુરજ ને ખજુઓ, તાસ તેજમાં જેતોજી. ૬ ગુહ્ય ભાવ એ તેહને કહીએ, જેહશું અંતર ભાંજેજી; જેહશું ચિત્ત

ધર્મ વિના સુણ જીવડા, તું ભમીઓ ભવ અનંત;
મૂઢપણે ભવ તેં કિયા, ઇમ બોલે ભગવંત.

પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી; યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી; ખમશે તે પંડિત પરષદમાં, મુષ્ટિપ્રહાર ને લાતોજી. ૭ સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદીસૂત્રે દીસેજી; તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી; લોક પૂરજો નિજનિજ ઇચ્છા, યોગ ભાવ ગુણ રયણેજી; શ્રી **નયવિજય** વિબુધ પયસેવક વાચક **યશ**ને વયણેજી. ૮

## શ્રી વૈરાગ્યની સજ્ઝાય

( શ્રી સીમંધર સાહેબ સાંભળો–એ રાગ. )

કાં નવિ ચિંતે હો ચિત્ત મેં જીવડા, આયુ ગળે દિનરાત;
વાત વિચારી રે પૂરવ ભવતણી, કુણ કુણ તાહરી જાત ? કાં૦ ૧

તું મત જાણે રે એ સહુ માહરાં, કુણ માતા કુણ ભ્રાત ?
આપ સ્વાર્થે એ સહુકો મળ્યા, મ કર પરાઈ રે વાત. કાં૦ ૨

દોહિલો દીસે રે ભવ માનવતણો, શ્રાવક કુલ અવતાર;
પ્રાપ્તિ પૂરી રે ગિરુઆતણી, નહીં તુજ વારોવાર. કાં૦ ૩

પુણ્યવિહૂણો રે દુઃખ પામે ઘણું, દોષ દીયે કીરતાર;
આપકમાઈ રે પૂરવ ભવતણી, નવિ સંભારે ગમાર. કાં૦ ૪

કઠિન કર્મને રે અહનિશ તું કરે, જેહના સબલ વિપાક;
હું નવિ જાણું રે કુણ ગતિ તાહરી, તે જાણે વીતરાગ. કાં૦ ૫

તુજ દેખતાં રે જોને જીવડા, કેઈ કેઈ ગયા નરનાર;
એમ જાણીને રે નિશ્ચે જાવું, ચેતન ચેતો ગમાર. કાં૦ ૬

નિગોદ સૂક્ષ્મ બાદર, પુદ્ગળ અનંત અપાર;
એતો કાળ તું તિહાં રહ્યો, હવે કર હઇએ વિચાર.

તે સુખ પામ્યાં રે બહુ રમણીતણાં, અનંત અનંતી રે વાર;
**લબ્ધિ** કહે રે જો જિનશું રમે, તો સુખ પામે અપાર. કા૦ ૭

## શ્રી આત્મહિત સજ્ઝાય

(વાલમ વહેલા રે આવજો-એ દેશી.)

મારું મારું મ કર જીવ તું, જગમાં નહીં તાહરું કોય રે;
આપ સ્વાર્થે સહુ મળ્યા, હૃદય વિચારીને જોય રે. મારું૦ ૧

દિન દિન આયુ ઘટે તાહરું, જિમ જળ અંજળી હોય રે;
ધર્મ વેળા નાવે ઢુંકડો, કવણ ગતિ તાહરી હોય રે? મારું૦ ૨

રમણી શું રંગે રાચે રમે, કાંઈ લીયે બાવળ બાથ રે;
તન ધન યૌવન સ્થિર નહીં, પરભવ નાવે તુજ સાથ રે. મારું૦ ૩

એક ઘરે ધવળ મંગળ હુવે, એક ઘર રુવે બહુ નાર રે;
એક રામા રમે કંથશું, એક છોડે સકળ શણગાર રે. મારું૦ ૪

એક ઘેર સહુ મળી બેસતાં, નિત નિત કરતા વિલાસ રે;
તેરે સાજનીઓ ઊઠી ગયોં, સ્થિર ન રહ્યો એક વાસ રે. મારું૦ ૫

એહવું સ્વરૂપ સંસારનું, ચેત ચેત જીવ ગમાર રે;
દશ દૃષ્ટાંતે રે દોહીલો, પામવો મનુષ્ય અવતાર રે. મારું૦ ૬

**હર્ષવિજય** કહે એહવું, જે ભજે જિન પદ રંગ રે;
તે નરનારી વેગે વરે, મુક્તિ-વધૂ કેરો સંગ રે. મારું૦ ૭

---

**સાસ ઉસાસા એકમાં, મરણ સત્તર અધ કીધ;**
**સૂક્ષ્મ નિગોદમાં વળી, એ જિનવચન પ્રસિદ્ધ.**

## શ્રી રહનેમિની સજ્ઝાય

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી—એ દેશી.

નાજી નાજી નાજી છેડો નાજી, દેવરીયા મુનિવર છેડો નાજી;
સંયમ વ્રત ભાંગે, છેડો નાજી, યદુકુલ દૂષણ લાગે. છેડો૦ ૧
અગ્નિકુંડમાં નિજ તનુ હોમે, વમ્યું વિષ નવિ લેવે;
જો અગંધન કુલના ભોગી, તે કેમ ફરી વિષ સેવે ? છેડો૦ ૨
લોક હસે ને ગુણ સવી નિકસે, વિકસે દુર્ગતિ બારી;
એમ જાણીને કહો કુણ સેવે ? પાપ પંક પરનારી. છેડો૦ ૩
વળી વિશેષે સંયતિ સંગે, બોધિબીજ બળી જાવે;
સાહિબ બાંધવ નામ ધરાવો, તો કીમ લાજ ન આવે ? છેડો૦ ૪
મૂરખ કોઈ દહી કરી ચંદન, છાર કોયલો લેવે;
વિષય હળાહળ પાપ નિકંદન, કોણ જીવવાને સેવે ? છેડો૦ ૫
રાજુલ બાલા વચન રસાલા, જેમ અંકુશે સૂંઢાળા;
એમ થિર કરી રહનેમિ પ્રગટ્યા, **જ્ઞાનવિમળ** ગુણમાળા. છેડો૦ ૬

---

## શ્રી આત્મશિક્ષા સજ્ઝાય

રાગ રામગ્રીમાં–સહજાનંદીના દેશી.

આતમરામે રે મુનિ રમે, ચિત્ત વિચારીને જોય રે,
તારું દીસે ન કોય રે, સહુ સ્વાર્થી મળ્યું તોય રે;
જન્મ મરણ કરે લોય રે, પૂંઠે સવિ મળી રોય રે. આતમ. ૧

**તુલસી ઇસ સંસારમેં, ભાત ભાતકે લોક;**
**સબસ હીલમીલ ચાલીએ, નદી નાવ સંજોગ.**

સજ્જન વર્ગ સવિ કારમું, કૂડો કુટુંબ પરિવાર રે,
કોઈ ન કરે તુજ સાર રે, ધર્મ વિણ નહી કોઈ આધાર રે;
જિણે પામો ભવપાર રે. આતમ. ૨

અનંત કલેવર મૂકયાં, તે કીયાં સગપણ અનંત રે;
ભવ ઉદ્વેગે રે તું ભમ્યો, તોહી ન આવ્યો તુજ અંત રે,
ચેતો હૃદયમાં સંત રે. આતમ. ૩

ભોગ અનંતા તેં ભોગવ્યા, દેવમણુઅ ગતિમાંહે રે,
તૃપ્તિ ન પામ્યો રે જીવડો, હજી તુજ વાંછા છે ત્યાંહિ રે;
આણ સંતોષ ચિત્તમાંહી રે. આતમ. ૪

ધ્યાન કરો રે આતમતણું, પરવસ્તુથી ચિત્ત વારી રે,
અનાદિ સંબંધ તુજકો નહિ, શુદ્ધ નિશ્ચે ઇમ ધારી રે;
ઇણવિધ નિજચિત્ત ઠારી રે, **મણિચંદ્ર** આતમ તારી રે. આતમ. ૫

---

## શ્રી શિયલની સજ્ઝાય

(ધન્ય ધન્ય તે દિન માહરો—એ દેશી)

શિયલ સમું વ્રત કો નહિ, શ્રી જિનવર એમ ભાખે રે;
સુખ આપે જે શાશ્વતાં, દુર્ગતિ પડતા રાખે રે. શિયલ. ૧

વ્રત પચખ્ખાણ વિના જુઓ, નવ નારદ જેહ રે;
એક જ શિયલતણે બળે, ગયા મુકતે તેહ રે. શિયલ. ૨

---

**ઈમ ભમતાં ભમતાં લીઓ, મનુઅ જન્મ અવતાર;**
**મિથ્યાતપણે ભવ નિગમ્યો, કાજ ન સિધ્યો લગાર.**

સાધુ અને શ્રાવકતણા, વ્રત છે સુખદાઈ રે;
શિયલ વિના વ્રત જાણજો, કુશકા સમ ભાઈ રે. શિયલ. ૩

તરુવર મૂળ વિના જિસ્યો, ગુણ વિણ લાલ કમાન રે;
શિયલ વિના વ્રત એહવું, કહે વીર ભગવાન રે. શિયલ. ૪

નવ વાડે કરી નિર્મળું, પહેલું શિયલ જ ધરજો રે;
**ઉદયરત્ન** કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે. શિયલ. ૫

---

## શ્રી જંબૂસ્વામીજીની સજ્ઝાય

રાજગૃહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે;
તસ સુત જંબૂકુંવર નમું, બાળપણે બ્રહ્મચારી રે. જંબૂ૦ ૧

જંબૂ કહે જનની સુણો, સ્વામી સુધર્મા આયા રે;
દીક્ષા લેશું તે કને, અનુમતિ દ્યો મારી માયા રે. જંબૂ૦ ૨

માય કહે સૂણો બેટડા, વાત વિચારી કીજે રે;
તરુણપણે તરુણી વરી, છાંડી કેમ છૂટીજે રે ? માય૦ ૩

આગે અરણિક મુનિવરા, ફરી પાછા ઘરે આવ્યા રે;
નાટકણી નેહે કરી, આષાઢભૂતિ ભોળાયા રે. માય૦ ૪

વેશ્યા વશ પડીઆ પછી, નંદીષેણ નગીનો રે;
આર્દ્રદેશનો પાટવી, આર્દ્રકુમાર કાં કીનો રે ? માય૦ ૫

જગમાં જીવ અછે બહુ, એકેકેશું અનંતી વાર;
વિવિધ પ્રકારે સગપણ કીયા, તું હિયા સાથ વિચાર.

સહસ વર્ષ સંજમ લીયો, તોઈ પાર ન પાયા રે;
કુડકને કરમે કરી, પછી ઘણું પસ્તાયા રે. માય૦ ૬

મુનિવર રહનેમિજી, નેમિ જિનેશ્વર ભાઈ રે;
રાજીમતિ દેખી કરી, વિષયતણી મતિ આઈ રે. માય૦ ૭

દીક્ષા છે વત્સ દોહિલી, પાળવી ખાંડાની ધારો રે;
સરસ નીરસ અન્ન જિમવું, ડાભ સંથારે સૂવું રે. માય૦ ૮

દીક્ષા છે વત્સ દોહિલી, કહિયો હમારો કીજે રે;
પરણો પનોતા પદ્મિણી, પૂરો મનોરથ માઈ રે. માય૦ ૯

જંબૂ કહે જનની સુણો, ધન્ય ધન્નો અણગારો રે;
મેઘ મુનીશ્વર મોટકો, શાલિભદ્ર સંભાલો રે. જંબૂ૦ ૧૦

ગજસુકુમાળ ગુણે ભરીયો, આત્મસાધન કીનો રે;
ષટ્‌માસી તપ પારણે, ઢંઢણે કેવલ લીધો રે. જંબૂ૦ ૧૧

દશાર્ણભદ્ર કેવલ લહી, ઈંદ્રને પાયે લગાડીયો રે;
પ્રસન્નચંદ્ર કેવલ લહી, પામ્યો છે પરમ આણંદો રે. જંબૂ૦ ૧૨

એમ અનેક બહુ મુનિવર હુવા, કહેતા પાર ન પાય રે;
અનુમતિ દ્યો મોરી માતજી, ખીણુ લાખીણો જાય રે. જંબૂ૦ ૧૩

પાંચસે સતાવીસે જંબૂકુંવર પરવરિયો રે;
પંચમહાવ્રત ઉચ્ચરી, ભવજળ સાયર તરિયો રે. જંબૂ૦ ૧૪

---

**તો કુંણ આપણો પારકો, કુંણ વેરી કુંણ મિત્ત ?**
**રાગ દ્વેષ ટાળી કરી, કર સમતા એક ચિત્ત.**

જંબૂ ચરમજ કેવલી, તાસતણા ગુણ ગાઓ રે;
પંડિત **લલિતવિજય** તણો, **હેતવિજય** સુપસાય રે. જંબૂ૦ ૧૫

---

## શ્રી વયરમુનિની સજ્ઝાય

સાંભળજો તમે અદ્દભુત વાતો, વયરકુંવર મુનિવરની રે,
ખટ મહિનાના ગુરુ ઝોળીમાં, આવે કેલિ કરંતા રે;
ત્રણ વરસના સાધવી મુખથી, અંગ અગ્યાર ભણંતા રે. સાં૦ ૧

રાજસભામાં નહિ ક્ષોભાણા, માત સુખલડી દેખી રે;
ગુરુએ દીધાં ઓઘો મુહપત્તિ, લીધાં સર્વ ઉવેખી રે. સાં૦ ૨

ગુરુ સંઘાતે વિહાર કરે મુનિ, પાળે શુદ્ધ આચાર રે;
બાળપણાથી મહાઉપયોગી, સંવેગી શિરદાર રે. સાં૦ ૩

કોળાપાક ને ઘેબર ભિક્ષા, દોય ઠામે નવિ લીધી રે;
ગગનગામિની વૈક્રિય લબ્ધિ, દેવે જેહને દીધી રે. સાં૦ ૪

દશ પૂરવ ભણિયા તે મુનિવર, ભદ્રગુપ્ત ગુરુ પાસે રે;
ખીરાસવ પ્રમુખ જે લબ્ધિ, પ્રગટ જાસ પ્રકાશે રે. સાં૦ ૫

કોડી સેંકડા ધનને સંચે, કન્યા રુક્મણી નામે રે;
શેઠ ધના વો દિયે પણ ન લીયે, વધતે શુભ પરિણામે રે. સાં૦ ૬

દેઈ ઉપદેશને રૂક્મણી નારી, તારી દીક્ષા આપી રે;
યુગપ્રધાન જે વિચરે જગમાં, સૂરજ તેજ પ્રતાપી રે. સાં૦ ૭

સમકિત શિયલ તુંબ ધરી કરમાં, મોહ સાયર કર્યો છોટો રે;
તે કેમ બુડે નારી નદીમાં, એ તો મુનિવર મોટો રે. સાં૦ ૮
જેણે દુર્ભિક્ષે સંઘ લઈને, મૂક્યો નગર સુકાળ રે;
શાસનશોભા ઉન્નતિ કારણ, પુષ્ફ પદ્મ વિશાળ રે. સાં૦ ૯
બૌધરાયને પણ પ્રતિબોધ્યો, કીધો શાસનરાગી રે;
શાસનશોભા વિજય પતાકા, અંબર જઈને લાગી રે. સાં૦ ૧૦
વિસર્યો સૂંઠ ગાંઠીયો કાને, આવશ્યક વેળા જાણી રે;
વિસરે નહિ પણ એ વિસરિઓ, આયુ અલ્પ પિછાણી રે.સાં૦ ૧૧
લાખ સોનૈયે હાંડી ચડે જિમ, બીજે દિન સુકાળ રે;
એમ સંભળાવી વયરસેનને, જાણી અણસણ કાળ રે. સાં૦ ૧૨
રથાવર્તગિરિ જઈ અણસણ કીધું,સોહમ હરિ તિહાં આવે રે;
પ્રદક્ષિણા પર્વતને દેઈને, મુનિવર વંદે ભાવે રે. સાં૦ ૧૩
ધન્ય સિંહગિરિ સૂરિ ઉત્તમ, જેહના એ પટધારી રે;
**પદ્મવિજય** કહે ગુરુ પદપંકજ, નિત્ય નમીએ નરનારી રે. સાં૦૧૪

---

## બાર ભાવના માંહેલી પાંચમી અન્યત્વ ભાવના

દુહા

ભવસાયર બહુ દુઃખ જલ, જન્મ મરણ તરંગ;
મમતા તંતુ તેણે ગ્રહ્યો, ચેતન ચતુર માતંગ. ૧

---

પુત્ર પિતાપણે અવતરે, પિતા પુત્રપણે જોય;
માતા સગપણ નારી મિલી, નારી પણ માતા હોય.

ચાહે જો છોડણુ ભણી, તો ભજ ભગવંત મહંત;
દૂર કરે પરબંધને, જિમ જળથી જળકંત. ૨

---

કપૂર હોવે અતિ ઉજળો રે—એ રાગ

પાંચમી ભાવના ભાવીયે રે, જીવ અન્યત્વ વિચાર;
આપ સવારથી એ સહુ રે, મલિયો તુજ પરિવાર. ૧

સંવેગી સુંદર બૂઝ મા મૂંઝ ગમાર, તારું કો નહિ ઈણ સંસાર;
તું કેહનો નહિ નિરધાર. સંવેગી૦ ૨

પંથ શિરે પંથી મલ્યા રે, કીજે કિણુહી શું પ્રેમ;
રાત્રી વસે પ્રહ ઊઠી ચલે રે, નેહ નિવાહે કેમ ? સંવેગી૦૩

જિમ મેળો તીરથ મલે રે, જન જન વણજની ચાહ;
કૈ ત્રોટો કૈ ફાયદો રે, લેઈ લેઈ નિજ ઘર જાય. સંવેગી૦૪

જિહાં કારજ જેહનાં સરે રે, તિહાં તે દાખે નેહ;
સૂરિકાંતાની પરે રે, છટકી દેખાડે છેહ. સંવેગી૦૫

ચૂલણી અંગજ મારવા રે, કુડૂં કરે જતું ગેહ;
ભરત બાહુબલિ ઝૂઝિયા રે, જુઓ જુઓ નિજના નેહ. સંવેગી૦૬

શ્રેણિક પુત્રે બાંધીયો રે, લીધું વહેંચી રાજ્ય;
દુઃખ દીધું બહુ તાતને રે, દેખો સુતના કાજ. સંવેગી૦૭

ઈણ ભાવન શિવપદ લહે રે, શ્રીમરુદેવી માય;
વીર શિષ્ય કેવલ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય. સંવેગી૦ ૮

## શ્રી વણજારાની સજ્ઝાય

નરભવ નયર સોહામણું, વણજારા રે પામીને કરજે વ્યાપાર;
અહો મોરા નાયક રે, સત્તાવન સંવરતણી, વ. પોઠી ભરજે ઉદાર. અ. ૧

શુભ પરિણામ વિચિત્રતા, વ. કરિયાણાં બહુમૂલ; અ૦
મોક્ષનગર જાવા ભણી, વ. કરજે ચિત્ત અનુકૂલ. અ૦ ૨

ક્રોધ દાવાનલ ઓલવે, વ. માન વિષમ ગિરિરાજ; અ૦
ઓલંગજે હલવે કરી, વ. સાવધાન કરે કાજ. અ૦ ૩

વંશજાળ માયાતણી વ. નવિ કરજે વિસરામ; અ૦
ખાડી મનોરથ ભટતણી. વ. પૂરણનું નહિ કામ. અ૦ ૪

રાગદ્વેષ દોય ચોરટા, વ. વાટમાં કરશે હેરાન; અ૦
વિવિધ વીર્ય ઉલ્લાસથી, વ. તે તું હણજે સીર સ્થાન. અ૦ ૫

એમ સવિ વિઘન વિદારીને, વ. પહોંચજે શિવપુર વાસ; અ૦
ક્ષય ઉપશમ જે ભાવના, વ. પોઠે ભર્યાં ગુણરાશ. અ૦ ૬

ક્ષાયિક ભાવે તે થશે, વ. લાભ હોશે તે અપાર; અ૦
ઉત્તમ વણજ જે એમ કરે, વ. પદ્મ નમે વારંવાર અ૦ ૭

કબીર કાયા કૂતરી, કરત ભજનમેં ભંગ;
જરાસા ટુકડા ડાલકે, કરો ભજન નિસંખ.

## શ્રી નવકારવાળીની સજ્ઝાય

કહેજો ચતુર નર એ કોણ નારી, ધરમી જનને પ્યારી રે.
જેણે જોયા બેટા સુખકારી, પણ છે બાળ કુમારી રે,
કહેજો. ૧ એ આંકણી.

કોઈ ઘેર રાતી ને કોઈ ઘેર લીલી, કોઈ દીસે પીળી રે;
પંચ રૂપી પણ બાળકુમારી, મનરંજન મતવાલી રે. કહેજો. ૨

હૈડા આગળ ઊભી રાખી, નયણા શું બંધાણી રે;
નારી નહિ પણ મોહનગારી, જોગીશ્વરને પ્યારી રે. કહેજો. ૩

એક પુરુષ તસ ઉપર ઠાહે, ચાર સખીશું ખેલે રે;
એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલે રે. કહેજો. ૪

નવ નવ નામે સહુ કોઈ માને, કહેજો અર્થ વિચારી રે;
**વિનયવિજય** ઉવજ્ઝાયનો સેવક, **રૂપવિજય** બુદ્ધિ સારી રે.
કહેજો. ૫

## શ્રી કર્મ ઉપર સજ્ઝાય

( કપુર હોવે અતિ ઊજળો રે.–એ દેશી )

સુખ દુઃખ સરજ્યાં પામીયે રે, આપદ સંપદ હોય,
લીલા દેખી પરતણી રે, રોષ મ ધરજો કોય રે;
પ્રાણી મન નાણો વિષવાદ, એ તો કર્મતણા પરસાદ રે. પ્રાણી૦ ૧

ફળને આહારે જીવિઆ રે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લઈ ગયો રે, કર્મતણા એ કામ રે. પ્રાણી૦ ૨

કબીર કહે કમાલકું, દો બાતાં સિખ લે;
કર સાહેબકી બંદગી, ભૂખેકું અન્ન દે.

નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ;
નીચતણે ઘર જળ વહ્યો રે, શિશ ધરી હરિચંદ રે. પ્રાણી૦ ૩

નળે દમયંતી પરિહરી રે, રાત્રિ સમય વન-બાળ;
નામ-ઠામ કુળ ગોપવી રે, નળે નિરવાહ્યો કાળ રે. પ્રાણી૦ ૪

રૂપ અધિક જગ જાણીયે રે, ચક્રી સનત્કુમાર;
વરસે સાતશેં ભોગવી રે, વેદના સાત પ્રકાર રે. પ્રાણી૦ ૫

રૂપે વળી સુર સારિખા રે, પાંડવ પાંચ વિચાર;
તે વનવાસે રડવડ્યા રે, પામ્યા દુઃખ સંસાર રે. પ્રાણી૦ ૬

સુર નર જસ સેવા કરે રે, ત્રિભુવનપતિ વિખ્યાત;
તે પણ કર્મે વિટંબીયા રે, તો માણસ કેઈ માત રે. પ્રાણી૦ ૭

દોષ ન દીજે કેહને રે, કર્મ વિટંબણહાર;
**દાનમુનિ** કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે. પ્રાણી૦ ૮

---

## શ્રી નવપદની સજ્ઝાય

(રાગ ધનાશ્રી, મગધદેશ રાજગૃહી નગરી–એ દેશી.)

તે મુનિને કરું વંદન ભાવે, જે ષટ્કાય વ્રત રાખે રે,
ઇન્દ્રિય પણ દમે વિષય ઘણાથી, વળી શાન્તિ સુધારસ ચાખે રે,
તે મુનિને કરું વંદન ભાવે. ૧

---

**તિમ ભવ ભવ ભમતાં સવિ, મળ્યા કુટુંબ જો હાટ;**
**પુન્ય પાપ વિવસાય કરી, જોઉં ઉતરીએ ઘાટ.**

લોભતણા નિગ્રહને કરતા, વલી પડિલેહણાદિક કિરિયા રે;
નિરાશંસ યતનાએ બહુ પદી, વળી કરણશુદ્ધિ ગુણ દરિયા રે.
તે મુનિ૦ ૨

અહનિશ સંજમ યોગશું યુક્તા, દુર્ધર પરિસહ સહતા રે;
મન વચ કાય કુશળતા જોગે, વરતાવે ગુણ અનુસરતા રે.
તે મુનિ૦ ૩

છંડે નિજ તનુ ધરમને કામે, ઉપસર્ગાદિક આવે રે;
સત્તાવીશ ગુણે કરી સોહે, સૂત્રાચારને ભાવે રે.
તે મુનિ૦ ૪

જ્ઞાન દર્શન ચારિત્રતણા જે, ત્રિકરણ જોગ આચાર રે;
અંગે ધરે નિઃસ્પૃહતા શુદ્ધિ, એ સત્તાવીશ ગુણ સાર રે.
તે મુનિ૦ ૫

અરિહંત-ભક્તિ સદા ઉપદિશે, વાયગ સૂરિના સહાઈ રે;
મુનિ વિણ સર્વે ક્રિયા નવિ સૂઝે, તીર્થ સકલ સુખદાઈ રે.
તે મુનિ૦ ૬

પદ પાંચમે ઈણી પરે ધ્યાવો, પંચમી ગતિને સાધો રે;
સુખી કરજો શાસનનાયક, **જ્ઞાનવિમલ** ગુણ વાધો રે.
તે મુનિ૦ ૭

---

**એમ કુટુંબ મળ્યો કારમો, માય અને વળી તાય;**
**બંધુ ભગિની ભારજા, કો કહેનો ન કહાય.**

## શ્રી આત્મરક્ષા નવકાર મંત્ર.

ૐ પરમેષ્ઠિ–નમસ્કારં, સારં નવપદાત્મકં;
આત્મરક્ષાકરં વજ્ર–પંજરાભં સ્મરામ્યહમ્. ૧

ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતં;
ૐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્. ૨

ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની;
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દૃઢં. ૩

ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે;
એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયી તલે. ૪

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ;
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગારખાતિકા. ૫

સ્વાહાંતં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં;
વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહરક્ષણે. ૬

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની;
પરમેષ્ઠિ–પદોદ્‌ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ૭

યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિ પદૈઃ સદા;
તસ્ય ન સ્યાદ્ ભયં, વ્યાધિ–રાધિશ્ચાપિ કદાચન. ૮

તુલસી વહાં ન જાઇએ, જહાં આપકો ગામ;
દાસ ગયો તુલસી ગયો, ભયો તુલસીયો નામ.

# ખાસ જાણવા લાયક પ્રશ્નોત્તરો

## પ્રકરણ ૧ લું

૧. પ્રશ્ન–આપણે જૈન કેમ કહેવાઈએ છીએ ?
ઉત્તર–શ્રી. જિનની આજ્ઞા માનવાથી.

૨. પ્ર૦–જિન શાથી કહેવાય ?
ઉ૦–રાગ, દ્વેષ અને મોહને સર્વથા જીતવાથી.

૩. પ્ર૦–રાગ જીત્યો ક્યારે કહેવાય ?
ઉ૦–જ્યારે કામવિકારને સર્વ પ્રકારે જીતે ત્યારે.

૪. પ્ર૦–રાગનું ચિહ્ન—નિશાની શું ?
ઉ૦–કનક, કામિની–સ્ત્રી,ધનાદિ ઉપર પ્રીતિભાવ.

૫. પ્ર૦–દ્વેષ જીત્યો ક્યારે કહેવાય ?
ઉ૦–જ્યારે વૈર વિરોધને સર્વ પ્રકારે તજે ત્યારે.

૬. પ્ર૦–દ્વેષનું ચિહ્ન શું ?
ઉ૦–શત્રુ ઉપર વૈરભાવ રાખવો.

૭. પ્ર૦–મોહ જીત્યો ક્યારે કહેવાય ?
ઉ૦–જ્યારે રાગ અને દ્વેષકારક કોઈ પણ વસ્તુમાં મન

જે માનવી જન્મી જગે, જગદીશને ભૂલી ગયો;
જે ધર્મ નીતિ કુળના, વ્યાપારથી ડૂબી ગયો.

લગાર પણ ખેંચાય નહીં–નિર્મળજ્ઞાન તથા વિવેકને યથાર્થ ધારે ત્યારે.

૮. પ્ર૦–મોહનું ચિહ્ન શું ?
ઉ૦–પરના ચિત્તને રંજન કરવા યોગ્ય ચેષ્ટાનું કરવું.

૯. પ્ર૦–જિનનાં બીજાં નામ કયાં કયાં છે?
ઉ૦–અરિહંત, તીર્થંકર, અર્હંત, અરૂહંત, મહાદેવ, વિષ્ણુ, બ્રહ્મા, શિવ, શંકર વગેરે.

૧૦. પ્ર૦–અરિહંત કહેવાનો હેતુ શો ?
ઉ૦–કામ, ક્રોધ, મોહ મત્સરાદિક અંતર શત્રુવર્ગને સર્વથા હણવાથી અરિહંત કહેવાય.

૧૧. પ્ર૦–તીર્થંકર કહેવાનો હેતુ શો ?
ઉ૦–સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકારૂપ ધર્મતીર્થની સ્થાપના કરી છે તેથી તીર્થંકર કહેવાય.

૧૨. પ્ર૦–અર્હંત કહેવાનો હેતુ શો ?
ઉ૦–નરેંદ્રો, દેવેંદ્રો તથા યોગીંદ્રોને પણ પૂજવા યોગ્ય હોવાથી.

૧૩. પ્ર૦–અરૂહંત કહેવાનો હેતુ શો ?
ઉ૦–કર્મબીજનો સર્વથા ક્ષય કર્યાથી, જેને પુનર્ભવ નથી માટે.

૧૪. પ્ર૦–મહાદેવ કહેવાનો હેતુ શો ?

**તે કદી જો ભૂપતિ, શ્રીમન્ત કે શાણો થયો;**
**આજ છે કાલે નથી, આવ્યો ન આવ્યો તે થયો.**

ઉ૦–રાગ, દ્વેષ અને મોહનો સર્વથા પરાજય કરવાથી દુનિયામાં ગણાતા બીજા સર્વ દેવ કરતાં મોટો–શ્રેષ્ઠ છે માટે.

૧૫. પ્ર૦–વિષ્ણુ કહેવાનો હેતુ શો ?

ઉ૦–નિર્મળ જ્ઞાન–દર્શનથી વિશ્વવ્યાપી, સર્વ પદાર્થ સાર્થને જાણે–દેખે માટે.

૧૬. પ્ર૦–બ્રહ્મા કહેવાનો હેતુ શો ?

ઉ૦–નિરુપમ મોક્ષમાર્ગ સાધવાનો, ખરેખરો ઉપયોગ સાધવાથી. ( મોક્ષગમન યોગ્ય માર્ગ–સાધન નિર્માણ કરનાર હોવાથી. )

૧૭. પ્ર૦–શિવ કહેવાનો પરમાર્થ શો ?

ઉ૦–શિવ ( નિરુપદ્રવ–મોક્ષ ) સ્થાનને સર્વથા પ્રાપ્ત થયા માટે.

૧૮. પ્ર૦–શંકર કહેવાનો હેતુ શો ?

ઉ૦–ત્રિભુવન, સ્વર્ગ, મૃત્યુ અને પાતાળવાસી સર્વને સુખકારક ને શાંતિકારક છે માટે.

૧૯. પ્ર૦–રાગનાં બીજાં સરખાં ( પર્યાય ) નામ કયાં છે ?

ઉ૦–રતિ, પ્રીતિ, સ્નેહ, પ્રતિબંધ, માયા, મમતા વગેરે.

**લેખણ કહે લઇ હાથમાં, લખજો સારાં કામ;**
**નહિ તો પ્રભુની પાસમાં, મારા સમ મુખ શ્યામ.**

૨૦. પ્ર૦–દ્વેષનાં, બીજાં સરખાં (પર્યાય) નામ કયાં?

ઉ૦–ખાર, મત્સર, અરતિ, અપ્રીતિ, અરુચિ, કરાગ, કલેશ, વિરોધ વગેરે.

૨૧. પ્ર૦–મોહનાં બીજાં પર્યાય નામ કયાં છે?

ઉ૦–મૂર્છા, અહંતા, મમતા, મમત્વ, પરિગ્રહ વગેરે.

૨૨. પ્ર૦–જૈન દર્શનમાં ગુરુ કોને કહેવાય?

ઉ૦–શ્રી. જિનેશ્વર કથિત–તત્ત્વ–રહસ્યના જાણ, તથા ભવ્ય જનોને હિતોપદેશ દેવા સદા ઉજમાળ હોય તે.

૨૩. પ્ર૦–જૈન દર્શનમાં ગુરુના પર્યાય શબ્દો કયા કયા છે?

ઉ૦–સાધુ, નિર્ગ્રંથ, મુમુક્ષુ, ક્ષમાશ્રમણ, મુનિ, સંયમી વ.

૨૪. પ્ર૦–સાધુ કહેવાનું પ્રયોજન શું?

ઉ૦–તપ, જપ, સંયમવડે આત્મસાધન કરવા તત્પર રહે તેથી.

૨૫. પ્ર૦–નિર્ગ્રંથ કહેવાનું પ્રયોજન શું?

ઉ૦–ગ્રંથ એટલે પરિગ્રહ. તે બાહ્ય અને અંતર બંને પ્રકારનો સર્વથા દૂર કર્યો–તજ્યો, નિઃસ્પૃહતા ધારણ કરી તેથી.

૨૬. પ્ર૦–મુમુક્ષુ કહેવાનું કારણ શું?

ઉ૦–જન્મ, જરા, અને મૃત્યુ વિનાના–મોક્ષ સુખની જ કેવળ અભિલાષા રાખી, બાકીની સર્વ આશા તૃષ્ણા ઉખેડી નાખવી હોય તે માટે.

વિચારીને વાવજો, કર્મ બીજ સહુ કોય;
ઊપજ એવી આવશે, જેવું વાવ્યું હોય.

૨૭. પ્ર૦–ક્ષમાશ્રમણ કહેવાનું પ્રયોજન શું ?
ઉ૦–ક્ષમા પ્રધાન શ્રમણ–મોક્ષ માર્ગ સાધવાના પ્રયત્ન વિશેષ કરવા માટે તત્પર રહેવાથી.

૨૮. પ્ર૦–મુનિ કહેવાનું પ્રયોજન શું ?
ઉ૦–અખિલ જગતનું તત્ત્વ ( સ્વરૂપ ) મુણવાથી–સમ્યગ્ રીતે જાણવાથી.

૨૯. પ્ર૦–સંયમી કહેવાનું પ્રયોજન શું ?
ઉ૦–સંયમ ( સાધુ ધર્મ–દીક્ષા ) સમ્યક્ રીતે પાળવાથી.

૩૦. પ્ર૦–શ્રી. જિનેશ્વર ભગવાને મોક્ષ માર્ગ કેવો બતાવ્યો છે?
ઉ૦–સમ્યગ દર્શન (શ્રદ્ધા), જ્ઞાન અને ચારિત્ર વિવેકરૂપ.

૩૧. પ્ર૦–ઉપર કહેલા ધર્મને પાળવાને અધિકારી ( યોગ્ય ) કોણ છે?
ઉ૦–ક્ષુદ્રતાદિક (૨૧) દોષરહિત, મધ્યસ્થતાદિ ગુણવંત.

૩૨. પ્ર૦–ધર્મ–અધિકારીના ગુણ સામાન્ય રીતે કયા કયા છે?
ઉ૦–૧ ગંભીર આશય, ૨ સુંદર દેહ, ૩ શીતળ સ્વભાવ, ૪ લોકપ્રિય, ૫ અક્રૂર, ૬ પાપભીરુ, ૭ નિર્દંભ, ૮ દાક્ષિણ્યવંત, ૯ લજ્જાળુ, ૧૦ દયાળુ, ૧૧ નિષ્પક્ષપાતી, ૧૨ ગુણરાગી, ૧૩ સત્યવાદી, ૧૪ જાડા બળીઓ (ધર્મીકુટુંબવાળો,) ૧૫ દીર્ઘદર્શી, ૧૬

મન મરકટને મારવા, મનન તણી ચાબૂક;
ગ્રહીને શાંત કરો સદા, કરે કદી નવ ચૂક.

સુજાણ, ૧૭ વૃદ્ધસેવી, ૧૮ વિનયવંત, ૧૯ કૃતજ્ઞ, ૨૦ પરોપકારી, ૨૧ ચકોર.

૩૩. પ્ર૦—ધર્મ કેટલા પ્રકારનો છે?

ઉ૦—બે પ્રકારનો—ગૃહસ્થ ધર્મ, તથા સાધુ ધર્મ.

૩૪. પ્ર૦—ગૃહસ્થ ધર્મ એટલે શું?

ઉ૦—ગૃહ (ઘર) વાસમાં રહી શ્રી. જિનોક્ત તત્ત્વ મુજબ શ્રદ્ધાપૂર્વક બની શકે તેવાં વ્રત, પચ્ચખ્ખાણ કરવાં તે.

૩૫. પ્ર૦—સાધુ (યતિ) ધર્મ એટલે શું?

ઉ૦—ગૃહવાસ ત્યજી પાંચ મહાવ્રત તથા રાત્રિભોજન નહિ કરવાના સખત નિયમો ધારી, ગૃહસ્થોને બોધ કરવો તે.

૩૬. પ્ર૦—પાંચ મહાવ્રત કયાં કયાં છે?

ઉ૦—જીવહિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહનો સર્વથા ત્યાગ.

૩૭. પ્ર૦—સર્વથા જીવહિંસાનો ત્યાગ શી રીતે પાળે?

ઉ૦—કોઈ જીવને રાગદ્વેષથી હણવો નહીં, હણાવવો નહીં, કે હણતાને ઠીક માનવો નહીં, (મનથી, વચનથી તેમજ કાયાથી.)

કબીર કહે કમાલકું, દો બાતા સીખ લે;
કર સાહેબકી બંદગી ભૂખેકું અન્ન દે.

૩૮. પ્ર૦–સર્વથા અસત્ય બોલવાનો ત્યાગ શી રીતે પાળે ?
ઉ૦–ક્રોધ, માન, માયા, લોભ, ભય કે હાસ્યથી લગારે અસત્ય ન જ બોલવું.

૩૯. પ્ર૦–સર્વથા અદત્ત નહિ લેવાનો નિયમ શી રીતે પાળે ?
ઉ૦–જિનઆજ્ઞા કે ગુરુઆજ્ઞા વિરુદ્ધ, કંઈ પણ લેવું દેવું નહિ; તેમજ તેની આજ્ઞા છતાં માલધણીની રજા વિના, કંઈ પણ વસ્તુ લેવી દેવી નહીં; તેમજ માલધણીની રજા છતાં પણ, સચિત્ત કે મિશ્ર વસ્તુ લેવી નહીં.

૪૦. પ્ર૦–સર્વથા મૈથુન ત્યાગ–બ્રહ્મચર્ય વ્રત શી રીતે પાળે ?
ઉ૦–દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી વિષયક્રીડા સર્વથા વર્જે, અથવા પાંચે ઇંદ્રિયોના વિષયને કબજે કરે, પોતે તેને વશ ન રહે.

૪૧. પ્ર૦–સર્વથા પરિગ્રહનો ત્યાગ શી રીતે પાળે ?
ઉ૦–જેથી મૂર્છા થાય, તેવી ભારે કે હલકી (સચેત, અચેત, કે મિશ્ર) વસ્તુનો સંગ્રહ ન જ કરે.

૪૨. પ્ર૦–સર્વથા રાત્રિભોજનનો ત્યાગ શી રીતે પાળે ?
ઉ૦–ગમે તે પ્રકારનો આહાર, સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી ન ખાય. (ખરું જોતાં સૂર્યોદય

**ભાગ્યહીન કો ના મિલે, ભલી વસ્તુકો જોગ;**
**દ્રાક્ષ પાકે જબ ફાગમેં તબ, કાગકે ગલે હોય રોગ.**

પછી બે ઘડી તેમજ સૂર્યાસ્ત પહેલાં બે ઘડી પણ વર્જવા યોગ્ય છે. )

૪૩. પ્ર૦–પૂર્વે કહેલાં વ્રતોને મહાવ્રત કહેવાનો શો હેતુ છે?
ઉ૦–ગૃહસ્થના અણુવ્રતની અપેક્ષાએ તે મહાવ્રત કહેવાય છે; અથવા ખરા શૂરવીર વડે જ સેવી શકાય માટે, ( કાયરથી સેવી ન શકાય. )

૪૪. પ્ર૦–અણુવ્રત એટલે શું ?
ઉ૦–અણુ એટલે નાનું; મુનિના મહાવ્રતથી અત્યંત અલ્પ માટે.

૪૫. પ્ર૦–ગૃહસ્થનાં અણુવ્રત કયાં કયાં છે ?
ઉ૦–સ્થૂલ ( મોટી ) હિંસા, અસત્ય, અદત્ત, મૈથુનનું વર્જવું, તથા પરિગ્રહનું પ્રમાણ એ પાંચ.

૪૬. પ્ર૦–સ્થૂલ હિંસાથી વિરમવું તે શું ?
ઉ૦–નિરપરાધી, મોટા (ત્રસ) જીવની નિષ્કારણ જાણી જોઈને હિંસા કરવી નહિ તે.

૪૭. પ્ર૦–સ્થૂલ અસત્યથી વિરમવું તે શું ?
ઉ૦–કન્યા, ઢોર કે ભૂમિ સંબંધી ખોટું–અસત્ય ન બોલવું. કોર્ટમાં ખોટી સાક્ષી ન પૂરવી; તથા ખોટા દસ્તાવેજ ન ઘડવા તે.

નમે આંબા આમલી, નમે દાડિમ દ્રાક્ષ;
આક બિચારા કયા નમે, જિસકી ઓછી જાત.

૪૮. પ્ર૦—સ્થૂલ અદત્તથી વિરમવું તે શું ?

ઉ૦—જાણી જોઈને ચોરી ન કરવી, કે ચોરાયેલી વસ્તુ ન લેવી; થાપણ ન ઓળવવી; તથા વિશ્વાસઘાત ન કરવો; સારી નરસી વસ્તુનો ભેળ-સંભેળ ન કરવો, તેમજ દાણ ચોરી ન કરવી તે.

૪૯. પ્ર૦—સ્થૂલ મૈથુન વિરમણ તે શું ?

ઉ૦—પરસ્ત્રી, વેશ્યા, વિધવા યા બાલ કુમારિકા સાથે કુકર્મ, ભોગ, સર્વથા તજી સ્વદારા સંતોષ રાખવો તે. સ્ત્રીએ સ્વપતિ સંતોષ રાખવો તે.

૫૦ પ્ર૦—પરિગ્રહ-પ્રમાણ તે શું ?

ઉ૦—ધન, ધાન્યાદિક નવ પ્રકારના પરિગ્રહનું પ્રમાણ, આટલાથી વધારે મારે સ્વભોગાર્થે ન ખપે એમ વિચારી પ્રમાણથી અધિક શુભ ધર્મમાર્ગે ખરચી નાખવું તે.

૫૧. પ્ર૦—આ પાંચ અણુવ્રત ઉપરાંત ગૃહસ્થને બીજાં કયાં વ્રત હોય ?

ઉ૦—ત્રણ ગુણવ્રત, અને ચાર શિક્ષાવ્રત.

૫૨. પ્ર૦—ત્રણ ગુણવ્રત કયાં કયાં છે ?

ઉ૦—૧ દિશા (જવા આવવા) નું પ્રમાણ, ૨ ભોગોપભોગ. ૩ અનર્થદંડ વિરમણ.

**ધીરે ધીરે ઠાકુરાં, ધીરે સબ કુછ હોય;**
**માળી સીંચે સો ઘડા, ઋતુ આયા ફળ હોય.**

૫૩. પ્ર૦–દિશા-વિરમણ તે શું ?

ઉ૦–ચાર દિશા, તથા ચાર વિદિશા (ખૂણા) તથા ઊંચે ને નીચે જવા આવવા સંબંધમાં–પવિત્ર ધર્મકાર્ય વિના-સ્વકાર્યાર્થે જવા આવવાનું પરિમાણ બાંધવું.

૫૪. પ્ર૦–ભોગોપભોગ–વિરમણ તે શું ?

ઉ૦–પંદર કર્માદાનના મહાપાપ વ્યાપારનો ત્યાગ કરવો તથા ચૌદ નિયમો ધારવા.

૫૫. પ્ર૦–અનર્થદંડ વિરમણ તે શું ?

ઉ૦–પાપનાં સાધન–કોશ, કુહાડા વગેરે તૈયાર કરી, માગ્યાં ન આપવાં; પાપનો ઉપદેશ ન દેવો; આર્ત–રૌદ્ર ધ્યાન ન ધ્યાવવું; નાટક, ચેટક, ભવાયા ન જોવાં; પાપી જીવને ધર્મબુદ્ધિથી પોષવા નહિ.

૫૬. પ્ર૦–ચાર શિક્ષાવ્રત કયાં કયાં છે ?

ઉ૦–સામાયિક, દિશાવગાસિક, પૌષધ અને અતિથિ-સંવિભાગ.

૫૭. પ્ર૦–સામાયિક એટલે શું ?

ઉ૦–સંકલ્પ–નિશ્ચયપૂર્વક સમતાભાવમાં પાપવ્યાપારને વર્જીને રહેવું તે (જઘન્યથી બેઘડી ૪૮ મિનિટ અને ઉત્કૃષ્ટથી તો જીવિત પર્યંત)

૫૮. પ્ર૦–દિશાવગાસિક એટલે શું ?

મોંઘું માનવતન મળ્યું, હવે કરો નહિ વાર;
શંકર કહે સૌ પ્રેમથી, સમરી લો કિરતાર.

ઉ૦–છઠ્ઠા વ્રતમાં ધારેલી દિશાનું સંક્ષેપવું, અને મર્યાદામાં રહી ધર્મધ્યાન સેવવું તે.

૫૯. પ્ર૦–પૌષધ વ્રત એટલે શું ?

ઉ૦–જેથી ધર્મની પુષ્ટિ–વૃદ્ધિ થાય તે, પૌષધ ચાર પ્રકારે છે. ૧ આહાર પોસહ (ઉપવાસ, આયંબિલ વગેરે), ૨ શરીરસત્કાર ત્યાગ પોસહ, ૩ બ્રહ્મચર્ય પોસહ, ૪–પાપ–વ્યાપારનો પરિહાર કરવા રૂપ પોસહ.

૬૦. પ્ર૦–અતિથિસંવિભાગ તે શું ?

ઉ૦–અતિથિ, એટલે અણગાર. સાધુને વહોરાવી, સુપાત્રને દાન દઈ ને ખાવું તે.

૬૧. પ્ર૦–સામાન્ય રીતે ધર્મના કેટલા ભેદ છે ?

ઉ૦–ચાર ભેદ.

૬૨. પ્ર૦–તે ચાર ભેદનાં નામ કયાં કયાં છે ?

ઉ૦–દાન, શીલ, તપ અને ભાવના.

૬૩. પ્ર૦–સમ્યગ્જ્ઞાન એટલે શું ?

ઉ૦–સર્વજ્ઞ, જિનેશ્વરે કહેલાં જીવ–અજીવાદિ નવ તત્ત્વને યથાર્થ જાણવાં તે.

૬૪. પ્ર૦–સમ્યગ્દર્શન (સમકિત) એટલે શું ?

ઉ૦–જિનેશ્વર ભગવાને કહેલાં તત્ત્વ ઉપર બરાબર પ્રતીતિ–આસ્થા રાખવી, બીજા ધાંધલિયાઓથી ભરમાઈ ન જવું તે.

ખોટી ખટપટ છોડીને, સમરો શ્રીનવકાર;
ઋષભ કહે છે સહજમાં, જશો ભવજળ પાર.

૬૫. પ્ર૦–સમ્યગ્ ચારિત્રવિવેક તે શું ?
ઉ૦–તત્ત્વને યથાર્થ જાણી, સદ્દહીને, હિતકારી માગ ગ્રહણ કરવું, તથા અહિતકારી માર્ગનો ત્યાગ કરવો, તે વિરતિ અથવા સંયમ.

૬૬. પ્ર૦–સર્વજ્ઞ જિનેશ્વરનાં, કહેલાં તત્ત્વ કયાં કયાં છે ?
ઉ૦–૧ જીવ, ૨ અજીવ, ૩ પુણ્ય, ૪ પાપ, ૫ આશ્રવ, ૬ સંવર, ૭ નિર્જરા, ૮ બંધ, ૯ મોક્ષ. (આ નવ તત્ત્વો છે.)

૬૭. પ્ર૦–જીવનું લક્ષણ શું ?
ઉ૦–જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ.

૬૮. પ્ર૦–અજીવનું લક્ષણ શું ?
ઉ૦–જીવના લક્ષણથી ઊલટું જ્ઞાનાદિ રહિત (જડ).

૬૯. પ્ર૦-જીવ કેટલા છે ?
ઉ૦–સર્વ જાતિના મળીને જીવો અનંત છે.

૭૦. પ્ર૦–જીવયોનિ કેટલી છે ?
ઉ૦–સર્વ જાતની મળીને ૮૪ લાખ છે.

૭૧. પ્ર૦–જીવયોનિ એટલે શું ?
ઉ૦–જીવનું ઉત્પત્તિ સ્થાન; (વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ જેનાં સમાન હોય તેવાં અમુક જાતિના ઉત્પત્તિસ્થાનને એક જીવયોનિ કહેવાય.)

મિલન ચાહો કિરતારકો, તો કરના સતસંત;
મુક્ત કહે સદ્ ગ્રંથકો, એ સિદ્ધાંત અભંગ.

૭૨. પ્ર૦–અજીવ પદાર્થ કયા કયા છે ?
ઉ૦–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ દ્રવ્ય.

૭૩. પ્ર૦–ધર્માસ્તિકાયનો સ્વભાવ શો ?
ઉ૦–જીવને તથા પુદ્ગલને ચાલતાં સહાયભૂત થવાનો.

૭૪. પ્ર૦–અધર્માસ્તિકાયનો સ્વભાવ શો ?
ઉ૦–જીવને તથા પુદ્ગલને સ્થિર રહેતાં સહાયભૂત થવાનો.

૭૫. પ્ર૦–આકાશાસ્તિકાયનો સ્વભાવ શો ?
ઉ૦–જીવને તથા પુદ્ગલાદિક દ્રવ્યને રહેવાને અવકાશ આપવાનો.

૭૬. પ્ર૦–પુદ્ગલનું લક્ષણ શું ?
ઉ૦–શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, ટાઢ, વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ, એ પુદ્ગલનું લક્ષણ.

૭૭. પ્ર૦–કાળનું લક્ષણ શું ?
ઉ૦–સમય લક્ષણ ( વસ્તુના નવા પુરાણા ભાવ થવાના સાધન રૂપ. )

૭૮. પ્ર૦–પુણ્યનું લક્ષણ શું ?
ઉ૦–સુખ પામવાના કારણભૂત શુભ કર્મ પ્રકૃતિનું સંચવું.

મન સરીખા કોઇ મિત્ત ન મિલિયા, ચિત્ત સરિખા ન મલિયા ચેલા;
રહેણી સરિખા ગુરુ નહિ મિલિયા, તેણે ગોરખ ફિરે અકેલા.

૭૯. પ્ર૦–પાપનું લક્ષણ શું ?

ઉ૦–દુઃખ ( કટુક ફળ ) પામવાના કારણભૂત અશુભ કર્મનું સંચવું.

૮૦. પ્ર૦–આશ્રવનું લક્ષણ શું ?

ઉ૦–શુભ કે અશુભ કર્મનું આવાગમન થવાનું દ્વાર ઇંદ્રિય.

૮૧. પ્ર૦–સંવરનું લક્ષણ શું ?

ઉ૦–આવતાં કર્મને રોકવાનું સાધન, આશ્રવદ્વારને બંધ કરવા રૂપ.

૮૨. પ્ર૦–નિર્જરાનું લક્ષણ શું ?

ઉ૦–કર્મબંધનથી આત્માનું કેટલાક અંશે મુક્ત થવું તે.

૮૩. પ્ર૦–બંધનું લક્ષણ શું ?

ઉ૦–દૂધ પાણીની પેરે જીવ કર્મનું એકમેક થવું તે.

૮૪. પ્ર૦–મોક્ષનું લક્ષણ શું ?

ઉ૦–કર્મબંધનથી આત્માનું સર્વથા મુક્ત થવું તે.

૮૫. પ્ર૦–પુણ્ય સંચવાનો ઉપાય શું ?

ઉ૦–શુભ રાગ, ભકિતભાવથી સુપાત્રદાન, પ્રભુપૂજા, સાધર્મીસેવા, તીર્થરક્ષા; શાસ્ત્રશ્રવણ, જીવદયા વગેરે.

૮૬. પ્ર૦–પાપ સંચવાનો રસ્તો કયો ?

વિદ્યા વનિતા વેલ નૃપ, એ નહિ જાત ગણંત;
જે જયોંકે પાસ વસે, તે ત્યોંસે લપટંત.

ઉ૦–ઉન્માર્ગ–સેવન, વિષયરસમાં રાચવું, નિર્દયતા, માઠા અધ્યવસાય–આર્ત–રૌદ્ર ધ્યાન કરવું વગેરે.

૮૭. પ્ર૦–આશ્રવ શા કારણથી થાય ?

ઉ૦–પાંચ ઇન્દ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત, ત્રણ યોગ વગેરેથી.

૮૮. પ્ર૦–સંવરનો લાભ શાથી થાય ?

ઉ૦–પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ૨૨ પરિષહ, ૧૦ યતિ-ધર્મ, ૧૨ ભાવના તથા પાંચ પ્રકારના ચારિત્ર વડે.

૮૯. પ્ર૦–બંધ કેટલા પ્રકારે અને કેવી રીતે થાય ?

ઉ૦–ચારે પ્રકારે (પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ રૂપ) મોદક (લાડવા)ના દ્રષ્ટાંતે જાણવું.

૯૦. પ્ર૦–મોક્ષ કેટલા પ્રકારે થાય છે ?

ઉ૦–૧૫ ભેદે સિદ્ધ થાય છે. તે (તીર્થ–અતીર્થ સિદ્ધ વ.)

૯૧. પ્ર૦–નિર્જરા શી રીતે થાય છે ?

ઉ૦–૧૨ પ્રકારનો તપ (૬ બાહ્ય અને ૬ અભ્યંતર ભેદે સેવવાથી)

૯૨. પ્ર૦–પાંચ ઇંદ્રિયો કઈ કઈ ?

ઉ૦–૧ સ્પર્શ ઇંદ્રિય, ૨ રસના ઇંદ્રિય, ૩ ઘ્રાણ ઇંદ્રિય, ૪ ચક્ષુ ઇંદ્રિય, અને ૫ શ્રોત્ર ઇંદ્રિય.

યૌવન ફના જીવન ફના, જરજમીન ને જોરુ ફના;
પરલોકમાં પરિણામ મળશે, પુણ્યનાં ને પાપનાં.

૯૩. પ્ર૦–ચાર કષાય કયા કયા ?

ઉ૦–ક્રોધ, માન, માયા અને લોભ.

૯૪. પ્ર૦–પાંચ અવ્રત કયાં કયાં ?

ઉ૦–પ્રાંણાતિપાત ( હિંસા ), મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહરૂપ.

૯૫. પ્ર૦–ત્રણ યોગ કયા કયા ?

ઉ૦–મન, વચન અને કાયા.

૯૬. પ્ર૦–લેશ્યા એટલે શું ? અને તે કઈ કઈ ?

ઉ૦–દ્રવ્ય કષાય સાથે જીવનના શુભાશુભ અધ્યવસાય વિશેષ–૧ કૃષ્ણ લેશ્યા, ૨ નીલ લેશ્યા, ૩ કાપોત લેશ્યા, ૪ તેજોલેશ્યા, ૫ પદ્મલેશ્યા અને ૬ શુકલલેશ્યા.

૯૭. પ્ર૦–ધ્યાન એટલે શું ? અને તે કયાં કયાં ?

ઉ૦–ચિત્તની એકાગ્રતાથી થયેલું અવલંબન વિશેષ તે ધ્યાન. એ ચાર ભેદે છે. ૧. આર્ત, ૨. રૌદ્ર, ૩. ધર્મ અને ૪ શુકલ.

૯૮. પ્ર૦–સમિતિ એટલે શું ? અને તે કઈ કઈ ?

ઉ૦–સમિતિ એટલે સમ્યક્ પ્રવર્તન ( તે તે બાબતમાં ઉપયોગ.) એ પાંચ ભેદે છે. ઈર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપણા અને પારિષ્ઠાપનિકા.

૯૯. પ્ર૦–ગુપ્તિ એટલે શું અને તે કઈ કઈ ?

દળ ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર;
ઉત્તમ બોલ્યા નવ ફરે, જો પશ્ચિમ ઊગે સૂર.

ઉ૦–ગોપવવું–સાચવવું, રક્ષણ કરવું એ ગુપ્તિનો અર્થ છે. એ ત્રણ ભેદે છે. તે મન, વચન અને કાયા સંબંધી અનુક્રમે મનગુપ્તિ, વચનગુપ્તિ ને કાયગુપ્તિ.

૧૦૦. પ્ર૦–પરિષહ એટલે શું ? અને તે કયા કયા છે ?

ઉ૦–સમસ્ત પ્રકારે સહન કરવા યોગ્ય તે પરિષહ કહેવાય. એવા ૨૨ છે. ૧ ભૂખ, ૨ તૃષા, ૩ શીત, ૪ ઉષ્ણ, ૫ દંશ, ૬ અચેલ, ૭ અરતિ, ૮ સ્ત્રી, ૯ ચર્યા, ૧૦ નિષદ્યા, ૧૧ શય્યા, ૧૨ આક્રોશ, ૧૩ વધ, ૧૪ યાચના, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ મળ, ૧૮ તૃણ-સ્પર્શ, ૧૯ સત્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧ અજ્ઞાન, ૨૨ સમ્યકત્વ. સમ્યક્ત્વ એટલે શાસ્ત્રની સૂક્ષ્મ વાતની સમજણ ન પડવાથી કહ્યું સાચું હશે, એવી શંકા ન લાવે તે એટલે કે વીતરાગે કહેલ તે સાચું જ છે એવી શ્રદ્ધા રાખે તે.

૧૦૧. પ્ર૦–યતિધર્મના દશ પ્રકારો કયા કયા છે?

ઉ૦–૧. ક્ષમા, ૨. મૃદુતા, ૩. સરલતા, ૪. નિર્લોભતા, ૫. તપસ્યા, ૬. સંયમ, ૭. સત્ય, ૮. શૌચ (પવિત્રતા), ૯. નિષ્પરિગ્રહતા અને ૧૦. બ્રહ્મચર્ય.

૧૦૨. પ્ર૦–ભાવનાના બાર પ્રકાર કયા કયા છે ?

ઉ૦–૧. અનિત્ય, ૨. અશરણ, ૩, સંસાર, ૪. એકત્વ, ૫.

આળસુને ઉચાટ નહિ, લોભીને નહિ સુખ;
કાયરને હિંમત નહિ, સંતોષીને ન દુઃખ.

અન્યત્વ, ૬. અશુચિ, ૭. આશ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. બોધિદુર્લભ.

૧૦૩. પ્ર૦—ચારિત્રના પાંચ પ્રકાર કયા કયા છે?

ઉ૦—૧. સામાયિક, ૨. છેદોપસ્થાપનીય, ૩. પરિહાર-વિશુદ્ધિ, ૪. સૂક્ષ્મ-સંપરાય, અને ૫. યથાખ્યાત.

૧૦૪. પ્ર૦—કર્મનો પ્રકૃતિબંધ એટલે શું? અને તે શી રીતે?

ઉ૦—પ્રકૃતિ એટલે સ્વભાવ. જેમ જુદા જુદા દ્રવ્યનો સ્વભાવ જુદો જુદો હોય છે, તેમ કોઈ કર્મનો સ્વભાવ આત્માના જ્ઞાનગુણને અને કોઈનો સ્વભાવ-દર્શનાદિકને ઢાંકવાનો હોય છે, એવો બંધ તે પ્રકૃતિબંધ કહેવાય છે.

૧૦૫. પ્ર૦—મૂળ કર્મપ્રકૃતિ કેટલી અને ઉત્તર (ભેદ) પ્રકૃતિ કેટલી છે?

ઉ૦—મૂળ કર્મપ્રકૃતિ ૮ છે અને ઉત્તર પ્રકૃતિ ૧૫૮ છે.

૧૦૬. પ્ર૦—મૂળ પ્રકૃતિનાં નામ કયાં કયાં છે?

ઉ૦—૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. નામ, ૬. આયુ, ૭ ગોત્ર અને ૮. અંતરાય; આ આઠ મૂળ પ્રકૃતિ છે.

૧૦૭. પ્ર૦—ઉત્તર પ્રકૃતિ ૧૫૮ શી રીતે થાય છે?

જન્મગાંઠના હર્ષમાં, ખાય બજાવે ગાય;
પણ પામર સમજે નહીં, દિવસ ગાંઠનો જાય.

ઉ૦–જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨૮, નામની ૧૦૩, આયુની ૪, ગોત્રની ૨, અને અંતરાયની ૫;મળીને ૧૫૮ થાય છે.

૧૦૮. પ્ર૦–જ્ઞાનાવરણીય વગેરે કર્મનો સ્વભાવ કેવો છે?

ઉ૦–આત્માના જ્ઞાન, દર્શનાદિક ગુણોને ઢાંકવાનો.

૧૦૯. પ્ર૦–જ્ઞાનાવરણીય કર્મ કેવા કેવા જ્ઞાનને કેવી રીતે આવરે છે?

ઉ૦–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવળજ્ઞાનને આ કર્મ પટ (વસ્ત્ર) ની પેરે આવરે–ઢાંકે છે?

૧૧૦. પ્ર૦–મતિજ્ઞાનાદિક પાંચે જ્ઞાનના મળી કેટલા ભેદ છે?

ઉ૦–મતિના ૨૮, શ્રુતના ૧૪, અવધિના ૬, મનઃપર્યવ જ્ઞાનના ૧ અને કેવળનો એક, સર્વ મળીને ૫૧.

૧૧૧. પ્ર૦–દર્શનાવરણીય કર્મ કેવી રીતે દર્શનગુણને આવરે છે?

ઉ૦–પ્રતિહારી (પોળિયા) ની પેરે.

૧૧૨. પ્ર૦–જ્ઞાન અને દર્શન ગુણમાં શો તફાવત છે?

ઉ૦–આત્માનો વિશેષ ઉપયોગ તે જ્ઞાન, અને સામાન્ય ઉપયોગ તે દર્શન.

૧૧૩. પ્ર૦–દર્શનના કેટલા ભેદ છે?

વિવેક વિચાર વધારજો, તજજો સર્વે દોષ;
પ્રભુને કદી ન ભૂલજો, થશે તેથી સંતોષ.

ઉ૦—ચક્ષુ, અચક્ષુ, અવધિ, મનઃપર્યવ અને કેવળ દર્શન મળી તેના પાંચ પ્રકાર થાય છે.

૧૧૪. પ્ર૦—દર્શનાવરણીયના ૯ ભેદ કયા કયા છે?

ઉ૦—૧. ચક્ષુ, ૨. અચક્ષુ, ૩. અવધિ અને ૪. કેવળ દર્શનાવરણીય એ ચાર તથા ૫. નિદ્રા, ૬. નિદ્રાનિદ્રા, ૭. પ્રચલા, ૮. પ્રચલાપ્રચલા અને ૯. થિણદ્ધી.

૧૧૫. પ્ર૦—વેદનીય કર્મનો સ્વભાવ કેવો છે?

ઉ૦—જીવને શાતા અને અશાતા ઉપજાવવાનો.

૧૧૬. પ્ર૦—વેદનીય કર્મના કેટલા ભેદ છે?

ઉ૦—બે; શાતા વેદનીય અને અશાતા વેદનીય.

૧૧૭. પ્ર૦—વેદનીય કર્મ કેવી રીતે કયા ગુણને ઢાંકે છે?

ઉ૦—મધથી ખરડેલી તરવારની પેરે શાતા અને કોરી તરવાર ચાટવાની પેરે અશાતા વેદનીય છે. વેદનીય કર્મ આત્માના અવ્યાબાધ સુખ ગુણને આવરે છે.

૧૧૮. પ્ર૦—મોહનીય કર્મનો સ્વભાવ કેવો છે?

ઉ૦—મદિરાની જેમ આત્માના સમ્યક્ત્વ અને ચારિત્ર ગુણને ઢાંકવાનો એનો સ્વભાવ છે.

૧૧૯. પ્ર૦—મોહનીય કર્મના મુખ્ય કેટલા અને કયા ભેદ છે?

ઉ૦—બે ભેદ; ૧.દર્શન મોહનીય અને ૨. ચારિત્ર મોહનીય.

અતિ ઘણું નહિ તાણીએ, તાણે તૂટી જાય.
તૂટયા પછી જો સાંધીએ, વચ્ચે ગાંઠ રહી જાય.

૧૨૦. પ્ર૦–દર્શન મોહનીય કર્મના કેટલા અને કયા કયા ભેદ છે?
ઉ૦–ત્રણ ભેદ છે; ૧. સમકિત મોહનીય, ૨. મિશ્ર મોહનીય અને ૩. મિથ્યાત્વ મોહનીય.

૧૨૧. પ્ર૦–ચારિત્ર મોહનીયના મુખ્ય કેટલા ભેદ છે?
ઉ૦–બે ભેદ છે; ૧. કષાય મોહનીય અને ૨. નોકષાય મોહનીય.

૧૨૨. પ્ર૦–કષાય મોહનીયના કેટલા ભેદ છે?
ઉ૦–અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન ભેદે ક્રોધ, માન, માયા અને લોભ મળી ૧૬ ભેદ છે.

૧૨૩. પ્ર૦–કષાય એટલે શું?
ઉ૦–સંસારનો વધારો જેનાથી થાય તે.

૧૨૪. પ્ર૦–નોકષાય એટલે શું?
ઉ૦–કષાયનો સહચારી, કષાયને ઉત્પન્ન કરે તે.

૧૨૫. પ્ર૦–નોકષાય મોહનીયના કેટલા ભેદ છે?
ઉ૦–પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ, એ ત્રણ વેદ–મોહનીય. તથા હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંછા; એ છ હાસ્યાદિ–મોહનીય મળીને ૯ નોકષાય મોહનીય.

---

**તુલસી સાથી વિપતમેં, વિદ્યા વિનય વિવેક;**
**સાહસ સુકૃત સત્યવ્રત, ઈશ ભરોસો એક.**

૧૨૬. પ્ર૦—નામ કર્મનો સ્વભાવ કેવો છે?

ઉ૦—ચિતારાની જેવો; વિવિધ પ્રકારના આકારને ધરાવી આત્માના અરૂપીગુણ(સ્વભાવ)ને ઢાંકવાનો સ્વભાવછે.

૧૨૭. પ્ર૦—નામકર્મના મુખ્ય કેટલા ભેદ છે?

ઉ૦—શુભ નામકર્મ અને અશુભ નામકર્મ, એ બે ભેદ છે.

૧૨૮. પ્ર૦—શુભ નામકર્મની પ્રકૃતિ કઈ કઈ છે? થોડી જણાવો.

ઉ૦—ઉત્તમ સંઘયણ તથા સંસ્થાન; ઉત્તમ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ; સૌભાગ્ય, આદેય, પ્રત્યેક, ત્રસ, બાદર, પર્યાપ્ત, સ્થિર અને તીર્થંકર નામકર્મ વગેરે.

૧૨૯. પ્ર૦—અશુભ કર્મની પ્રકૃતિ કઈ કઈ છે? થોડી જણાવો.

ઉ૦—પૂર્વોક્ત પ્રકૃતિથી વિપરીત—સાધારણ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, અસ્થિર પ્રમુખ.

૧૩૦. પ્ર૦—સર્વ મળીને નામકર્મની કેટલી પ્રકૃતિ છે?

ઉ૦—એકસો ને ત્રણ (૧૦૩) પ્રકારાંતરે તો ૪૨, ૬૭, અને ૯૩ પણ છે.

૧૩૧. પ્ર૦—આયુષ્યકર્મનો સ્વભાવ કેવો છે?

ઉ૦—હેડ (બેડી—બંદીખાના) જેવો તેનો સ્વભાવ હોવાથી આત્માના અક્ષય ગુણને આવરી તેને ચાર ગતિમાં ભમાવે છે.

તુલસી યા સંસારમેં, પાંચ રત્ન હૈ સાર;
સાધુસંગ સતગુરુશરણ, દયા દાન ઉપકાર.

૧૩૨. પ્ર૦—આયુષ્ય કર્મના ભેદ કેટલા છે?
ઉ૦—ચાર ભેદ છે; ૧. દેવ આયુ, ૨. મનુષ્ય આયુ, ૩. તિર્યંચ આયુ અને ૪. નરક આયુ.

૧૩૩. પ્ર૦—ગોત્રકર્મનો કેવો સ્વભાવ હોય છે?
ઉ૦—કુંભારના ઘડા જેવો ઊંચોનીચો સ્વભાવ હોવાથી તે આત્માના અગુરુ લઘુ સ્વભાવને આવરે છે.

૧૩૪. પ્ર૦—ગોત્ર કર્મના ભેદ કેટલા છે?
ઉ૦—બે ભેદ છે; ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર.

૧૩૫. પ્ર૦—ગોત્રને ઘડાની ઉપમા શી રીતે લાગુ પડે?
ઉ૦ દૂધ, ઘીનો ઘડો પ્રશંસાય છે, અને મદિરાનો ઘડો વખોડાય છે એ રીતે.

૧૩૬. પ્ર૦—અંતરાયકર્મનો સ્વભાવ કેવો હોય છે?
ઉ૦—ભંડારીની જેવો સ્વભાવ હોવાથી તે આત્માની સહજ દાનાદિ શક્તિને આવરે છે.

૧૩૭. પ્ર૦—અંતરાય કર્મના કેટલા ભેદ છે?
ઉ૦—પાંચ ભેદ છે; ૧. દાનાંતરાય, ૨. લાભાંતરાય, ૩. ભોગાંતરાય, ૪.ઉપભોગાંતરાય અને ૫. વીર્યાંતરાય.

૧૩૮. પ્ર૦—પ્રથમ પરમાર્થ દૃષ્ટિએ પ્રાણીને આદરવા યોગ્ય શું છે?
ઉ૦—સદ્‌ગુરુનું વચન. (ગુરુએ કહેલાં યથાર્થ તત્ત્વાદિ

અલિ પતંગ મૃગ મીન ગજ, એક એક રસ આંચ;
તુલસી તિનકી કો ગતિ, જાકો વ્યાપત પાંચ.

પર પૂરો વિશ્વાસ રાખવો.)

૧૩૯. પ્ર૦–પરિહરવા–ત્યાગવા યોગ્ય શું?
ઉ૦–અકાર્ય–હિંસાદિ અઢારે પાપસ્થાનક અવશ્ય તજવા યોગ્ય છે.

૧૪૦. પ્ર૦–ગુરુ કેવા હોવા જોઈએ?
ઉ૦–તત્ત્વજ્ઞાની અને તત્ત્વોપદેશક. સ્વપરનું હિત કરવામાં ઉદ્યમશીલ.

૧૪૧. પ્ર૦–વિદ્વાને શીઘ્ર શું કરવા યોગ્ય છે?
ઉ૦–ચાર ગતિમાં થતું પરિભ્રમણ શીઘ્ર નિવારવું જોઈએ છે.

૧૪૨. પ્ર૦–મોક્ષ–મહાવૃક્ષનું અવંધ્ય (ખરું) બીજ કયું?
ઉ૦–સમ્યગ્જ્ઞાન, (તત્ત્વજ્ઞાન) સાથે સાચી–નિર્દંભ ક્રિયાનું સેવન કરવું તે.

૧૪૩. પ્ર૦–પરભવ જતા જીવને સંબલ (ભાતુ) કયું છે?
ઉ૦–દાન, શીલ, તપ, અને ભાવના રૂપી કેવળી (સર્વજ્ઞ) ભાષિત ધર્મ એ સંબલ છે.

૧૪૪. પ્ર૦–દુનિયામાં ખરો પવિત્ર કોણ?
ઉ૦–જેનું મન નિર્વિકારી રહે છે તે.

૧૪૫. પ્ર૦–દુનિયામાં ખરો પંડિત કોણ?

જીવ જીવકે આશરે, જીવ કરત હૈ રાજ;
તુલસી પ્રભુકે આશરે, કયું બિગડેગા કાજ?

ઉ૦—જેને સાચો વિવેક જાગ્યો છે—જે સત્યનો જ પક્ષ કરે તે પંડિત કહેવાય.

૧૪૬. પ્ર૦—દુનિયામાં ખરું ઝેર કયું ?
ઉ૦—સદ્દગુરુની અવજ્ઞા-આશાતના, હેલના-નિંદા અને હિંસા કરવી તે.

૧૪૭. પ્ર૦—મનુષ્યજન્મ પામ્યાનું ખરું સાર્થકય શું ?
ઉ૦—સ્વપર હિત સાધી લેવું, સ્વપર કલ્યાણ કરવા તત્પર રહેવું તે.

૧૪૮. પ્ર૦—મદિરા (દારૂ)ની જેમ જીવને મૂર્છિત કરનાર કોણ ?
ઉ૦—સ્નેહ-રાગ. ( પર વસ્તુ-જડ પદાર્થમાં અત્યંત આસક્તિ )

૧૪૯. પ્ર૦—ચોરની જેમ પોતાનું સર્વસ્વ હરી જનાર કોણ ?
ઉ૦—શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રૂપ પાંચે ઇંદ્રિયોના વિષયો.

૧૫૦. પ્ર૦—સંસારરૂપ વિષવેલીનું મૂળ ( કારણ ) કયું ?
ઉ૦—તૃષ્ણા-વિષય-તૃષ્ણા, પરિગ્રહ-તૃષ્ણા, યશમાન-તૃષ્ણા.

૧૫૧. પ્ર૦—દુનિયામાં ખરો શત્રુ કોણ ?
ઉ૦—પ્રમાદ ( પ્રભુના પવિત્ર વચનથી વિરુદ્ધ વર્તન કરવારૂપ )

**પારસ કે પરતાપસે, કંચન ભઈ તલવાર;**
**તુલસી તીનું ના ગયે, ધાર માર આકાર.**

૧૫૨. પ્ર૦–દુનિયામાં પ્રાણીઓ શાથી થરથર કંપે છે?
ઉ૦–મરણના ભયથી.

૧૫૩. પ્ર૦–દુનિયામાં ખરેખરો આંધળો કોણ?
ઉ૦–રાગી. ગુણ દોષને નહિ જોનાર–આંધળાની જેમ અહિત આચરે તે અંધ છે.

૧૫૪. પ્ર૦–દુનિયામાં ખરેખરો શૂરવીર કોણ?
ઉ૦–જેને સ્ત્રીના લોચન–બાણ (કટાક્ષ) પીડા કરી શકતાં નથી તે શૂરવીર છે.

૧૫૫. પ્ર૦–દુનિયામાં કર્ણપુટ (કાન)થી પીવા યોગ્ય અમૃત કયું છે?
ઉ૦–સત્ય એવો સર્વજ્ઞ ઉપદેશ. (સંતનો શાંત રસદાયી ઉપદેશ.)

૧૫૬. પ્ર૦–દુનિયામાં પ્રભુતાનું મૂળ નિદાન શું?
ઉ૦–અદીન વૃત્તિ, કોઈની ખોટી ખુશામત ન કરવી તે–નિર્લોભિતા.

૧૫૭. પ્ર૦–દુનિયામાં ખરેખરું દારિદ્રય (દુઃખ) કયું?
ઉ૦–અસંતોષ જ.

૧૫૮. પ્ર૦–દુનિયામાં ખરેખરી લઘુતા (હલકાઈ) કઈ?
ઉ૦–અન્યની પાસે યાચના કરવી તે; દીનતા, સ્પૃહા,

દુઃખમેં સમરન સબ કરે, સુખમેં કરે ન કોય;
જો સુખમેં સમરન કરે, તો દુઃખ કહાંસે હોય?

પારકી આશા રાખવી તે.

૧૫૯. પ્ર૦-દુનિયામાં ખરેખરું જીવન કયું ?

ઉ૦-દોષ-કલંક-રહિત-નિર્દોષ, નિષ્કલંક જીવવું તે.

૧૬૦. પ્ર૦-દુનિયામાં ખરેખરી જડતા કઈ ?

ઉ૦-શરીરબળ તથા બુદ્ધિબળ છતાં અભ્યાસ ન કરવો તે.

૧૬૧. પ્ર૦-દુનિયામાં ખરેખરા જાગતા કોણ કહેવાય ?

ઉ૦-વિવેકી; જેમને તત્ત્વજ્ઞાન, તત્ત્વદર્શન અને તત્ત્વ-રમણ પ્રગટયાં છે તે.

૧૬૨. પ્ર૦-દુનિયામાં ખરેખરી નિદ્રા કઈ?

ઉ૦-જીવની અજ્ઞાનતા, અવિવેકિતા.

૧૬૩. પ્ર૦-કમળના પત્ર પર રહેલા જળબિંદુ સમાન ચપળ શું શું છે ?

ઉ૦-યૌવન (જુવાની), લક્ષ્મી અને આયુષ; એ સર્વ અસ્થિર છે.

૧૬૪. પ્ર૦-ચંદ્રના કિરણ જેવા શીતળ સ્વભાવી દુનિયામાં કોણ છે ?

ઉ૦-કેવળ સજ્જનો જ. કેમકે ચંદનની જેવા શીતળ વચનામૃતને તેઓ ઝરાવે છે.

**લેનેકું પ્રભુ નામ હૈ, દેનેકું અન્ન દાન;**
**તરનેકું આધીનતા, બૂડનેકું અભિમાન.**

૧૬૫. પ્ર૦–દુનિયામાં નર્ક જેવું દુઃખ શામાં છે?
ઉ૦–પરવશતા, પરાધીનતા–પરોપજીવિતામાં,ગુલામીમાં.

૧૬૬. પ્ર૦–દુનિયામાં ખરેખરું સુખ શામાં છે?
ઉ૦–નિઃસંગતા, નિસ્પૃહતા–નિર્લેપતા-સર્વથા વૈરાગ્ય, ઉદાસીનતામાં.

૧૬૭. પ્ર૦–દુનિયામાં ખરેખરું સત્ય શું?
ઉ૦–જેથી જીવનનું હિત જ થાય, અહિત ન થાય–અહિત થતું અટકે એવું જ વચન તત્ત્વથી સત્ય છે.

૧૬૮. પ્ર૦–દુનિયામાં જીવને વહાલામાં વહાલી ચીજ કઈ?
ઉ૦–પોતાના પ્રાણ–જીવિત.

૧૬૯. પ્ર૦–દુનિયામાં ખરેખરું દાન કયું?
ઉ૦–ઇચ્છા સહિત દેવું તે. પરમાર્થ ભાવે સમર્પણ કરવું તે.

૧૭૦. પ્ર૦–દુનિયામાં ખરેખરો મિત્ર કયો?
ઉ૦–જે પાપથી–પાપ કાર્યથી રોકી સાચા માર્ગે વાળે તે, જે નિઃસ્વાર્થી પરોપકારશીલ હોય તે જ મિત્ર કહેવાય.

૧૭૧. પ્ર૦–દુનિયામાં ખરેખરું ભૂષણ શું?
ઉ૦–શીલ–સદાચાર (સદ્ગુણ.)

૧૭૨. પ્ર૦–દુનિયામાં ખરેખરું મુખનું મંડન (આભૂષણ) શું?
ઉ૦–સત્ય–અવિતથ–અવિરુદ્ધ વચન બોલવું તે.

**સિદ્ધ સ્વરૂપી જે થયા, કર્મ મેલ સવિ ધોય;**
**જેહ થશે ને થાય છે, સિદ્ધ નમો સહુ કોય.**

૧૭૩. પ્ર૦–દુનિયામાં ખરેખરું અનર્થકારી શું ?
ઉ૦–ઘડાયા વિનાનું અનિશ્ચિત–અસ્થિર મન.

૧૭૪. પ્ર૦–દુનિયામાં ખરેખરી સુખકારી વસ્તુ કઈ છે ?
ઉ૦–મૈત્રી; સર્વ જગતજંતુ સાથે મિત્રતાનો ભાવ.

૧૭૫. પ્ર૦–દુનિયામાં સર્વ આપદાને દળવાને સમર્થ કોણ છે ?
ઉ૦–સર્વ વિરતિ. પાંચ મહાવ્રત ધારણ કરનાર અને રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરનાર વિપત્તિઓને તરી જાય છે.

૧૭૬. પ્ર૦–દુનિયામાં ખરેખરો આંધળો કોણ ?
ઉ૦–જે જાણી જોઈને અકાર્ય સેવ્યા કરે તે.

૧૭૭. પ્ર૦–દુનિયામાં ખરેખરો બહેરો કોણ ?
ઉ૦–જે અવસર મળવા છતાં પણ હિત વચનને સાંભળતો–આદરતો નથી તે.

૧૭૮. પ્ર૦–દુનિયામાં ખરેખરો મૂંગો કોણ ?
ઉ૦–જે અવસર મળતાં પણ પ્રિય વચન બોલી શકતો નથી તે.

૧૭૯. પ્ર૦–દુનિયામાં ખરેખરું મરણ તુલ્ય શું ?
ઉ૦–મૂર્ખપણું. મૂર્ખને પગલે પગલે કલેશ–ખેદ થાય એ મોટામાં મોટું મરણ જેવું દુઃખ છે.

**પાંચે ઇન્દ્રિય વશ કરે, પાલે પંચાચાર;**
**પંચ સમિતિ સમતા રહે, વંદુ તે અણગાર.**

૧૮૦. પ્ર૦–દુનિયામાં ખરેખરું અમૂલ્ય શું છે?
ઉ૦–જે યથા અવસર ખરી તક મળે તે. 'અણી ચૂકયો સો વર્ષ જીવે' એ મુજબ મહાલાભ મળે તેનું મૂલ્ય કરી શકાતું નથી.

૧૮૧. પ્ર૦–દુનિયામાં મરતાં સુધી શું સાલે (પીડે)?
ઉ૦–જે છાનું પાપ સેવ્યું હોય અને ખુલ્લું પડતાં પશ્ચાત્તાપ કરાવે તે આખી જિંદગી સાલે છે.

૧૮૨. પ્ર૦–દુનિયામાં કઈ કઈ બાબતમાં અવશ્ય યત્ન કરવો જોઈએ?
ઉ૦–વિદ્યાભ્યાસ, સાચું ઔષધ, અને દાનને વિષે વિવેકપૂર્વક યત્ન કરવો જોઈએ છે.

૧૮૩. ઉ૦–દુનિયામાં કઈ કઈ બાબત અવગણના કરવા યોગ્ય છે?
ઉ૦–ખલ (દુષ્ટ), પરદારા (પરસ્ત્રી) અને પરધન અવશ્ય તજવા યોગ્ય છે.

૧૮૪. પ્ર૦–દુનિયામાં કઈ બાબત રાત દિવસ સદા ચિંતવવા યોગ્ય છે?
ઉ૦–સંસારની અસારતા–અનિત્યતા નિરંતર ચિંતવવા યોગ્ય છે, પરંતુ મોહને ઉત્પન્ન કરનારી સ્ત્રી ચિંતવવા યોગ્ય નથી. તેના રૂપ–રંગથી રંજિત થવું ન જોઈએ.

સમકિત વિણ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય;
સમકિત વિણ સંસારમાં, અરહો પરહો અથડાય.

૧૮૫. પ્ર૦—કઈ કઈ બાબત વિશેષ વહાલી ગણીને આદરવી ?

ઉ૦—કરુણા, દુઃખી જીવ ઉપર અનુકંપા, દાક્ષિણ્ય અને મૈત્રી—સર્વ જીવ પ્રત્યે મિત્રતા રાખવી—સમાનતાની બુદ્ધિ રાખવી. ( આત્મવત્ સર્વભૂતેષુ )

૧૮૬. પ્ર૦—પ્રાણાંત કષ્ટે પણ કોને કોને વશ ન થવું ?

ઉ૦—મૂર્ખ (અજ્ઞાની—અવિવેકી), દીનતા, ગર્વ અને કૃતઘ્નને વશ ન જ થવું જોઈએ.

૧૮૭. પ્ર૦—જગતમાં પૂજવા યોગ્ય કોણ છે ?

ઉ૦—શુદ્ધ વ્રતધારી નિર્મળ ચારિત્રવાળા સદાચારી પૂજનીય છે.

૧૮૮. પ્ર૦—જગતમાં કમનસીબ કોણ ?

ઉ૦— જે સાચો ધર્મ નથી પામ્યો તે કમનસીબ ગણાય.

૧૮૯. પ્ર૦—જગતને કોણ વશ કરી શકે ? જનપ્રિય કોણ થઈ શકે ?

ઉ૦—હિત—મિત (સત્ય) ભાષી અને સહનશીલ—ક્ષમાશીલ હોય તે સૌને વશ કરે અને પ્રિય બને.

૧૯૦. પ્ર૦—દેવતા પણ કેવા માણસને નમે છે ?

ઉ૦—જેનામાં અહિંસા, સંયમ, તપ, દયાધર્મ હોય તેને.

૧૯૧. પ્ર૦—કઈ બાબતથી સુબુદ્ધિ જીવે ઉદ્વેગ ધારવો યોગ્ય છે ?

પ્રશંસ્યો તપ ગુણ થકી, વીરે ધન્નો અણગાર;
વિઘ્ન ટળે તપ ગુણ થકી, તપથી જાય વિકાર.

ઉ૦—ચાર ગતિરૂપ સંસાર–અટવીથી ઉદ્વેગ નિર્વેદ ધારવો તે.

૧૯૨. પ્ર૦—પ્રાણીઓ સહેજે કોને વશ થઈ જાય ?
ઉ૦—સત્ય, પ્રિયભાષી અને વિનીત હોય તેને.

૧૯૩. પ્ર૦—માણુસે અર્થલાભ માટે કયો માર્ગ લેવો ?
ઉ૦—ન્યાય–નીતિ (પ્રામાણિકતા) પૂર્વક વર્તવું, એ ઉત્તમ માર્ગ છે.

૧૯૪. પ્ર૦—વીજળીની જેમ ચપળ વસ્તુ કઈ કઈ છે ?
ઉ૦—દુર્જન માણુસની મિત્રતા અને પરસ્ત્રીનો સંગ.

૧૯૫. પ્ર૦—આ કાળમાં પણુ મેરુ જેવા ધીર કોણુ છે ?
ઉ૦—સાધુ, સંત તથા સજ્જન પુરુષો.

૧૯૬. પ્ર૦—અલ્પધન છતાં વખાણુવા યોગ્ય શું ?
ઉ૦ ઉદારતા. (પુણિયા શ્રાવકની પેરે.)

૧૯૭. પ્ર૦—પ્રભુતા–ઠકુરાઈ છતાં વખાણુવા યોગ્ય શું ?
ઉ૦—સહનશીલતા અને ક્ષમા (ગમ ખાવી તે.)

૧૯૮. પ્ર૦—અમૂલ્ય દાન કયું ?
ઉ૦—પ્રિય–મિષ્ટ વચનને આદર સહિત દેવામાં આવે તે.

૧૯૯. પ્ર૦—અમૂલ્ય (દુર્લભ) જ્ઞાન કયું ?
ઉ૦—ગર્વ રહિત તત્ત્વાતત્ત્વનો બોધ આપે અને આત્માને દુર્ગતિમાં જતાં અટકાવે તે.

છરી છેદ રૂઝાય છે, કલમ વધારે વેર;
કલમ છરીની હોડમાં, કરે કલમ બહુ કેર.

૨૦૦. પ્ર૦—દુનિયામાં તાકાતવાન કોણ છે?

ઉ૦—ક્ષમાશીલ તથા દીનદુઃખીનો ઉદ્ધાર કરે તે.

૨૦૧. પ્ર૦—અમૂલ્ય અને દુર્લભ ધન કયું કહેવાય?

ઉ૦—જે દાન વડે જીવન સાર્થક થાય અને ધર્મની ઉન્નતિ થાય તે ધન અમૂલ્ય અને દુર્લભ છે.

૨૦૨. પ્ર૦—યોગ એટલે શું?

ઉ૦—मोक्षेण योजनाद् योगः । મોક્ષ સાથે જોડે તે યોગ; જે સદાચારરૂપ કહેવાય તે યોગ છે.

૨૦૩. પ્ર૦—યોગનાં કેટલાં અંગ છે અને તે કયાં કયાં?

ઉ૦—અષ્ટાંગ-આઠ અંગ છે. ૧. યમ, ૨. નિયમ, ૩. આસન, ૪. પ્રાણાયામ, ૫. પ્રત્યાહાર, ૬. ધારણા, ૭. ધ્યાન અને ૮. સમાધિ.

૨૦૪. પ્ર૦—સંયમ તે શું? અને તેથી શો લાભ થાય?

ઉ૦—મન, વચન, કાયાની ગુપ્તિ વડે ઇંદ્રિયકષાય અને અવ્રતોનો રોધ કરવો તે સંયમ અને તે પાળવાથી નવાં કર્મ બંધાતાં અટકે એ મહાન લાભ છે.

૨૦૫. પ્ર૦—પૂર્વ સંચિત કર્મક્ષયનું સાધન અને ફળ શું?

ઉ૦—વિવેકપૂર્વક સમતાથી બાર પ્રકારનું તપ કરતાં કર્મો ક્ષીણ થાય છે. અને નિકાચિત કર્મને પણ ખપાવી શકાય એનાથી અનેક લબ્ધિઓ પ્રગટ થાય.

ધર્મે હય ગય સંપજે, ધર્મે રયણમાં રાજ;
ધર્મે મનવંછિત લહે, ધર્મે સીજે કાજ.

૨૦૬. પ્ર૦—મોક્ષના અધિકારી કોણ કહેવાય ?

ઉ૦—સમભાવી આત્મા. (જાતિ, લિંગની અપેક્ષા વિના) समभावभावियप्पा लहइ मुक्खं न संदेहो। અર્થાત્ ગમે તે સમભાવી–મધ્યસ્થ–ગુણગ્રાહી જ્ઞાની પુરુષાર્થ વડે અવશ્ય મોક્ષ મેળવવાનો અધિકારી બની શકે છે.

[ જૈન હિતબોધ" ભા. ૧લામાંથી સુધારા સાથે સાભાર ઉદ્ધૃત ]

---

વ્યાપારી વ્યાપારમેં, સુખ કરી માને દુઃખ;
ક્રિયા કષ્ટ સુખમેં ગિને, ત્યું વંછિત મુનિ સુખ.



આબૂ-દેલવાડા તીર્થ

# ખાસ જાણવાલાયક સંખ્યાત્મક વસ્તુઓ

—×—

## એકની સંખ્યા

જ્ઞાનની અપેક્ષાએ **આત્મા** એક છે.

ષડ્દ્રવ્યમય **લોક** એક છે.

એક માત્ર અમૃત હોય તો તે **સંતોષ** છે.

એક માત્ર ઇચ્છા રહે છે તે **આબરૂની**.

મરતી વખતે યાદ આવે છે એક માત્ર **સત્કર્મ**.

**વિનાશી પુદ્ગલદશા, અવિનાશી તું આપ;**
**આત્મસ્વરૂપ વિચારતાં, મિટે પુણ્ય ઓર પાપ.**

એક માત્ર **સદ્‌ગુણ** શોભા આપે છે.

એક માત્ર ઉત્તમ **જ્ઞાન** વિના માણસ શોભતો નથી.

એક પળમાં શ્વાસોચ્છ્‌વાસ કેટલા ?

બેઠાં બેઠાં બાર, ચાલતાં અઢાર, દોડતાં અઢાર, શયન કરતાં ત્રીશ, વિષયસેવન કરતાં ચોસઠ.

* * *

## બેની સંખ્યા

**ધર્મના પ્રકાર બે**—સાધુ-ધર્મ અને શ્રાવક-ધર્મ.

**આયુષ્યના પ્રકાર બે**-(૧) **સોપક્રમી**-ઘણું આયુષ્ય છતાં ઉપક્રમ લાગવાથી આયુષ્ય જલદી ભોગવાઈ જાય તે. (૨) **નિરુપક્રમી**-ઉપક્રમો લાગવા છતાં, મૃત્યુ ન પામતાં આયુષ્ય પૂર્ણ થાય અને પરલોકમાં જાય તે.

**મોક્ષના ઉપાય બે**-(૧) જ્ઞાન અને (૨) ક્રિયા.

સુખ અને દુઃખ બંનેમાં સમભાવે રહેવું.

રાગ અને દ્વેષ બંને છોડવા યોગ્ય છે.

યોગી અને વિદ્વાન એ બંને સર્વત્ર આદર પામે.

ઉપકાર અને ઉપકારી એ બંનેને ન ભૂલે તે જ ઉત્તમ માનવી.

**જીવના પ્રકારો બે**-(૧) **પુદ્‌ગલાનંદી**-જે દેહની

લઘુતાસે પ્રભુતા મિલે, પ્રભુતાસે પ્રભુ દૂર;
કીડી તો મિસરી ચૂગે, ગજ શિર ડાલે ધૂલ.

વિભૂષામાં ધર્મ માને (૨) **આત્માભિનંદી**–જે આત્મિક હિત સાધી મોક્ષ મેળવે.

* * *

## ત્રણની સંખ્યા

**શલ્યના ત્રણ પ્રકાર**–(૧) માયાશલ્ય, (૨) નિયાણુ-શલ્ય અને (૩) મિથ્યાત્વશલ્ય.

**પોષણ કરવા યોગ્ય ત્રણ**–(૧) માતા–પિતાનું, (૨) બાલબચ્ચાંઓનું અને (૩) દીન–દુઃખિયાઓનું.

**જેના ઘેર ન જવા યોગ્ય હોય એવા ત્રણ**–(૧) વેશ્યાને ઘેર, (૨) જુગારીને ઘેર અને (૩) કસાઈને ઘેર.

**ચંડાળના પ્રકાર ત્રણ**–(૧) દેવું કરીને પાછું ન દેનાર, (૨) ગુણી જનોને દોષ દેનાર (૩) માતા–પિતાની સેવા ન કરનાર.

**દુષ્કર એવાં કાર્ય ત્રણ**–(૧) દરિદ્રાવસ્થામાં દાન કરવું, (૨) સમર્થ હોવા છતાં ક્ષમા કરવી અને (૩) યુવા-વસ્થામાં ઇંદ્રિયદમન કરવું.

**મોક્ષના ઉપાય ત્રણ**–(૧) સમ્યગ્ જ્ઞાન (૨) સમ્યગ્ દર્શન અને (૩) સમ્યક્ ચારિત્ર.

**ઊઠ જાગ મુસાફિર ભોર ભઇ, અબ રેન કહાં જો સોવત હૈ;**
**જો સોવત હૈ વો ખોવત હૈ, જો જાગત હૈ વો પાવત હૈ.**

**ઉત્તમ વસ્તુઓ ત્રણ**–(૧) શત્રુંજય જેવું તીર્થ, (૨) શ્રીઋષભદેવ જેવા તીર્થંકર અને (૩) પુંડરીકસ્વામી સરખા ગણધર.

**યોનિના પ્રકાર ત્રણ**–(૧) સચિત્ત, (૨) અચિત્ત અને (૩) મિશ્ર.

**પૂજાના પ્રકાર ત્રણ**–(૧) દેહાદિ અંગપૂજા, (૨) ધૂપાદિ અગ્રપૂજા અને (૩) ગુણચિંતનમય ભાવપૂજા.

**મૃત્યુના પ્રકાર ત્રણ**–(૧) બાલ–મરણ, (૨) બાલ-પંડિતમરણ અને (૩) પંડિત–મરણ.

**તૃપ્તિ ન રાખવા યોગ્ય સ્થળ ત્રણ**–(૧) દાન દેવામાં, (૨) વિદ્યા ભણવામાં અને (૩) ભલાઈ કરવામાં.

**અનર્થ કરાવનાર વસ્તુઓ ત્રણ**–(૧) કામ, (૨) ક્રોધ અને (૩) લોભ.

**દ્રવ્યની ગતિના પ્રકાર ત્રણ**–(૧) દાન દેવું, (૨ ભોગ ભોગવવો અને (૩) અંતે નાશ.

**આત્માના પ્રકાર ત્રણ**–(૧) મૂઢ દૃષ્ટિવાળો તે **બહિરાત્મા**, (૨) તત્ત્વદૃષ્ટિવાળો હોય ત્યારે **અંતરાત્મા** અને (૩) પૂર્ણ પ્રકાશવાળો બને ત્યારે **પરમાત્મા.**

**મિત્રના પ્રકાર ત્રણ**–(૧) **નિત્યમિત્ર**–દેહ, (૨) **પર્વમિત્ર**–સ્વજન અને (૩) **પ્રણામમિત્ર**–જૈનધર્મ.

કદી અપૂર્ણ ઉપાયથી, કામ ભલું ન કરાય;
શું કે કાગળ સાંધીએ તો, જોતાં ઊખડી જાય.

**રાગના પ્રકાર ત્રણ**–(૧) **કામરાગ** અને (૧) **સ્નેહરાગ** બંને સહજમાં છોડી શકાય પણ (૩) **દૃષ્ટિરાગ** છોડવાનું તો સંતને પણ મુશ્કેલ થઈ પડે જેનાથી દુર્ગતિ મળે છે.

**તીર્થંકરોએ ઉપદેશેલાં પદો ત્રણ–ત્રિપદી**–(૧) ઉપ્પન્નેઈ વા–ઉત્પન્ન થવું, (૨) વિગમેઈ વા–નાશ પામવું, અને (૩) ધુવેઈ વા–સ્થિર રહેવું.

**સદા યાદ કરવા યોગ્ય વસ્તુઓ ત્રણ**–(૧) સારા કાર્યની અનુમોદના કરવી, (૨) જે કાંઈ પાપ કર્યું હોય તેની નિંદા કરવી અને (૩) હમેશાં ચાર શરણાં લેવાં.

**સુખપ્રાપ્તિના ઉપાયો ત્રણ**–(૧) સાધુસેવા, (૨) વિશ્વપ્રેમ અને (૩) નાશવંત પદાર્થોના મમત્વનો ત્યાગ.

**શ્રદ્ધાના ત્રણ પ્રકાર**–(૧) જ્ઞાન–શ્રદ્ધા, (૨) અજ્ઞાન-શ્રદ્ધા અને (૩) અંધશ્રદ્ધા.

**ગારવ ત્રણ**–(૧) ઋદ્ધિ ગારવ, (૨) રસ ગારવ અને (૩) અને સાતા ગારવ.

**ઉપકાર ન ભૂલવા યોગ્ય ત્રણ**–(૧) માતાપિતાનો ઉપકાર, (૨) વ્યવહારુ જીવન ઉન્નત બનાવનાર શેઠનો અને (૩) ધર્મશિક્ષા દેવાવાળા ગુરુનો.

**જ્ઞાની જ્ઞાન જાણે ખરો, સમજે અંતર ભેદ;**
**મૂરખને નહિ પારખું, ઊલટો કરશે ખેદ.**

**દેવતા પણ જેને ચાહે એવી વસ્તુઓ ત્રણ-** (૧) મનુષ્યનો ભવ, (૨) આર્ય દેશમાં જન્મ અને (૩) ધર્મ.

**વંદનના પ્રકાર ત્રણ**-(૧) ફેટા વંદન, (૨) પંચાંગ પ્રણિપાત અને (૩) દ્વાદશાવર્ત વંદન.

**સાચા શ્રાવકની અભિલાષા ત્રણ**-(૧) ક્યારે પરિગ્રહની મમતા દૂર કરું ? (૨) ક્યારે આ સંસાર છોડીને સાધુપણું ધારણ કરું ? અને (૩) ક્યારે અંતિમ અનશન કરીને સંથારો કરું ?

**ગુપ્તિઓ ત્રણ**-(૧) મનને રોકવું, (૨) વાણીને રોકવી, અને (૩) શરીરનો સંયમ રાખવો.

**આચરવા યોગ્ય ત્રણ-**(૧) અહિંસા, (૨) સત્ય અને (૩) બ્રહ્મચર્ય.

**સાવચેતી રાખવા યોગ્ય ત્રણ**-(૧) આપણી પ્રશંસાથી, (૨) બીજાની નિંદા કરવાથી અને (૩) બીજાના દોષ જોવાથી સાવચેત રહેવું.

**સદા બીતા રહેવું ત્રણથી**-(૧) અભિમાન, (૨) દંભ અને (૩) લોભ.

**મહાપુરુષો ત્રણ**-(૧) બીજાની ઉપર ઉપકાર કરનાર, (૨) પોતાની ઉપર કરેલા ઉપકારની યાદ રાખનાર અને (૩) શત્રુ પોતાને ઘરે આવે ત્યારે તેનો પણ આદરસત્કાર કરનાર.

**પૂન્ય પૂરા જબ હોત હૈ, ઉદય હોત તબ પાપ;**
**સૂકે વનકી લાકડી, પ્રજળે આપોઆપ.**

**તત્ત્વના પ્રકાર ત્રણ**—(૧) સુદેવ, (૨) સુગુરુ અને (૩) કેવળીપ્રરૂપિત ધર્મ.

**અહીં જ મોક્ષ મેળવનાર વ્યક્તિઓ ત્રણ**-(૧) અહંકારના ત્યાગી, (૨) ક્રોધાદિ ચારે કષાયોના ત્યાગી અને (૩) નિર્લોભી–સંતોષી.

**સ્વભાવના પ્રકાર ત્રણ**-(૧) **સત્ત્વગુણી**–જલદી ઉપદેશ ગ્રહણ કરે, (૨) **રજોગુણી**-કઠોર સ્વભાવવાળો અને (૩) **તમોગુણી** વાતવાતમાં ઉગ્ર બને તે.

**કથાઓના પ્રકાર ત્રણ**-(૧) ધર્મકથા, (૨) અર્થ-કથા અને (૩) કામકથા.

**સ્થવિરના પ્રકારો ત્રણ**-(૧) **વયઃસ્થવિર**–સાઠ વર્ષની ઉમ્મરવાળા, (૨) **સૂત્રસ્થવિર**–આચારાંગાદિ સૂત્રોના જ્ઞાતા અને (૩) **વ્રતસ્થવિર**-ત્રીશ વર્ષના દીક્ષાપર્યાયી.

**તિથિઓના પ્રકાર ત્રણ**-બે એકમ, બે ત્રીજ, બે ચોથ, બે છઠ્ઠ, બે સાતમ, બે નોમ, બે બારસ અને બે તેરસ; આ સોળ અપર્વતિથિઓ (૧) **દર્શનતિથિ** કહેવાય છે અને તે સમ્યગ્દર્શનના આરાધન માટે છે. બે બીજ, બે પાંચમ અને બે અગિયારશ, આ છ પર્વતિથિઓ (૨) **જ્ઞાન-તિથિ** ગણાય છે અને તે ચૌદ પૂર્વ સુધીના જ્ઞાનની આરાધના

સીરા પૂરી ને લાપશી, ઔર કાકડી આદિ;
કહનેકી તો એકાદશી, પર દ્વાદશીકી દાદી.

માટે છે. બે આઠમ, બે ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા; આ છ પર્વતિથિઓ (૩) **ચારિત્રતિથિ** કહેવાય છે અને તે ચારિત્રના આરાધન માટે છે.

**વૈરાગ્યના પ્રકાર ત્રણ**–(૧) **દુઃખગર્ભિત વૈરાગ્ય**–સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્યાદિ સુખને આપનાર ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત થઈ ને નાશ પામે ત્યારે મનમાં દુઃખ ઉત્પન્ન થવાથી સંસાર ઉપર ઉદ્વેગ થઈ વૈરાગ્ય થાય તે. (૨) **મોહગર્ભિત વૈરાગ્ય**–સ્વર્ગાદિક સુખની આશંસાથી જે વૈરાગ્ય પ્રગટે તે. આ વૈરાગ્ય અજ્ઞાનજનિત હોય છે; કારણ કે આ વૈરાગ્યવાળા જીવાજીવાદિક તત્ત્વોના સ્વરૂપને વિપરીતરૂપે ગ્રહણ કરે છે. (૩) **જ્ઞાનગર્ભિત વૈરાગ્ય**–સંસાર અસાર છે, શરીર નાશવંત છે, એવી બુદ્ધિથી જે વૈરાગ્ય થાય તે.

**કરણના પ્રકાર ત્રણ**–(૧) **યથાપ્રવૃત્તિ કરણ**–આત્માને જે પરિણામવિશેષથી આયુષ્ય કર્મ છોડીને બાકીનાં સાતે કર્મોની સ્થિતિ કિંચિત્ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ જેટલી બાકી રહે તે પરિણામ વિશેષને 'યથાપ્રવૃત્તિ' કરણ કહેવામાં આવે છે. (૨) **અપૂર્વ કરણ**–(પૂર્વે નહીં પ્રાપ્ત કરેલ રાગ–દ્વેષની જે અત્યંત મજબૂત ગાંઠ તેને જે અપૂર્વ શુદ્ધ અધ્યવસાય વિશેષથી ભેદી શકાય તેને 'અપૂર્વ' કરણ કહેવામાં આવે છે. (૩) **અનિવૃત્તિ કરણ**–ઉપર

કાતર સમ દુર્જન કહ્યો, સજ્જન સોય સમાન;
કાતર કાપી જુદું કરે, સોય કરે સંધાન.

પ્રમાણે અપૂર્વકરણ કર્યા પછી તેથી અધિક શુદ્ધ 'અનિવૃત્તિ' કરણ નામક અધ્યવસાય પ્રાપ્ત થાય છે. અનિવૃત્તિ એટલે સમ્યક્ત્વ ઉત્પન્ન કર્યા વગર ચાલ્યો ન જાય એવો કરણ એટલે અધ્યવસાય વિશેષ.

* * *

## ચારની સંખ્યાં

**કારણના પ્રકાર ચાર**–(૧) ઉપાદાન, (૨) નિમિત્ત, (૩) સાધારણ અને (૪) અપેક્ષા.

**જીતવા યોગ્ય વસ્તુઓ ચાર**–(૧) ઇંદ્રિયોમાં રસ ઇંદ્રિય, (૨) કર્મોમાં મોહનીય કર્મ, (૩) વ્રતમાં બ્રહ્મચર્ય વ્રત અને (૪) ગુપ્તિમાં મનોગુપ્તિ; આ ચારનો જય કરવાથી સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય અને અનુક્રમે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થાય છે.

**પુદ્ગલના ગુણ ચાર**–(૧) મનુષ્યને માન, (૨) દેવને લોભ, (૩) નારકને ક્રોધ અને (૪) તિર્યંચને માયા.

**આત્માના ગુણ ચાર**–(૧) મૃદુતા, (૨) સંતોષ, (૩) ક્ષમા અને (૪) સરળતા.

**અંધના પ્રકાર ચાર**–(૧) મોહાન્ધ, (૨) લોભાન્ધ, (૩) વિષયાન્ધ અને (૪) ક્રોધાન્ધ.

**દૂધ સાકર ને એલચી, વરિયાળી ને દ્રાક્ષ;**
**જો ગાવાનો ખપ કરે તો, પાંચે વસ્તુ મેલ.**

**વિકથાના પ્રકાર ચાર**–(૧) સ્ત્રીકથા, (૨) ભોજન-કથા, (૩) દેશકથા અને (૪) રાજકથા.

**ગતિના પ્રકાર ચાર**–(૧) નરક, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવ.

**આર્ત્તધ્યાન થાય ચારથી**–ઈષ્ટ વસ્તુના વિયોગથી, (૨) અનિષ્ટના સંજોગથી, (૩) રોગી થવાથી અને (૪) આગામી વિચારથી.

**કાયમ રહેનારી વસ્તુઓ ચાર**–(૧) નિશ્ચિત જેમાં શ્રદ્ધા હોય તે ધર્મ, (૨) જ્ઞાનનો નિરંતર પ્રકાશ, (૩) વિદ્યાની પ્રાપ્તિ, (૪) સ્વાભાવિક શીલ.

**મનુષ્યના કર્તવ્યના પ્રકાર ચાર**–(૧) **ઉદારતા**–એટલે ત્યાગની બુદ્ધિએ લક્ષ્મીનો ત્યાગ કરવો. (૨) **સદાચાર**-આ શરીરદ્વારા વધુ પાપ ન થાય તેવી બુદ્ધિ રાખવી, (૩) **તપ**–એટલે ઇચ્છાનો વિરોધ કરવો અને બીજી તૃષ્ણાઓનો લોપ કરવો, તેમ જ (૪) **ભલાઇ**–કોઈનું બૂરું ચિંતવવું નહીં.

**ચાર કષાય જેનો નાશ કરે તે વસ્તુઓ પણ ચાર**–(૧) ક્રોધ પ્રીતિનો નાશ કરે, (૨) માન વિનય ગુણનો નાશ કરે, (૩) માયા મિત્રતાનો નાશ કરે અને (૪) લોભ સર્વ વસ્તુનો નાશ કરે છે.

**મળવાની પણ નવ મળે, વણ ઉદ્યોગે વસ્ત;**
**તરી તીર પામે નહિ, જો ન હલાવે હસ્ત.**

**વ્રતને લાગતા દોષોના પ્રકાર ચાર**–(૧) અતિક્રમ, (૨) વ્યતિક્રમ, (૩) અતિચાર અને (૪) અનાચાર. એ ચાર પ્રકારે દોષ લાગે છે. દા. ત. કોઈએ ચઉવિહાર કર્યો હોય અને અતિતૃષા (તરસ) લાગે ત્યારે પાણી પીવાની માત્ર ઇચ્છા થાય તે **અતિક્રમ,** જે સ્થાનકે પાણી હોય તે સ્થળે જાય તે **વ્યતિક્રમ,** પાણી પીવા માટે વાસણમાંથી પ્યાલો ભરી મોં આગળ ધરે પણ પીએ નહિ તે **અતિચાર,** જ્યારે તે નીડરપણે ચઉવિહાર હોવા છતાં પાણી પીએ ત્યારે **અનાચાર** કહેવાય છે.

**જિનેશ્વર ભગવાનના નિક્ષેપા ચાર**–(૧) **નામનિક્ષેપ**–જિનેશ્વરભગવાનનું નામ, (૨) **સ્થાપનાનિક્ષેપ**–જિનેશ્વર ભગવાનની પ્રતિમા, (૩) **દ્રવ્યનિક્ષેપ**–જેઓ તીર્થંકર થવાના છે તે જીવો અને (૪) **ભાવનિક્ષેપ**–તીર્થંકરપણે વિચરતા હોય તે.

**સંજ્ઞાના પ્રકાર ચાર**–(૧) આહારસંજ્ઞા, (૩) ભયસંજ્ઞા, (૩) મૈથુનસંજ્ઞા અને (૪) પરિગ્રહસંજ્ઞા.

**શરણ કરવા યોગ્ય ચાર જણ**–(૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) સાધુ અને (૪) કેવળી પ્રરૂપિત ધર્મ.

**મોક્ષપ્રાપ્તિમાં અંતરાયરૂપ ચાર**–(૧) વિષયવાસના, (૨) દૃષ્ટિરાગ, (૩) શાસ્ત્રનું અજ્ઞાન, (૪) ક્રોધ.

**સંતોષથી જીવન ગૂજરે, એટલું પ્રભુ આપજે;**
**ઘર ઘર ગરીબી છે છતાં, દિલ અમીરી રાખજે.**

**મોક્ષપ્રાપ્તિમાં દુર્લભ એવી ચીજ ચાર**-(૧) મનુષ્યપણું, (૨) ધર્મનું શ્રવણ, (૩) ધર્મ વિષે શ્રધ્ધા અને (૪) સંયમ.

**ધર્મના પ્રકાર ચાર**-(૧) દાન, (૨) શીલ, (૩) તપ અને (૪) ભાવ.

દાનધર્મથી ધન્ના શાલિભદ્ર અતુલ સંપત્તિ પામ્યા, શિયલ ધર્મથી સુદર્શન શેઠ, કલાવતી આદિ સ્વર્ગસુખ પામ્યાં, તપધર્મથી દૃઢપ્રહારી, ઢંઢણ આદિ ઋષિઓ મોક્ષ પામ્યા અને ભાવધર્મથી પ્રસન્નચંદ્ર, ઇલાચીકુમાર, મરુદેવી આદિ સિધ્ધિસુખ પામ્યા.

**આહારના પ્રકાર ચાર**-(૧) અશન, (૨) પાન, (૩) ખાદિમ અને (૪) સ્વાદિમ.

**દીપકના પ્રકાર ચાર**-(૧) રાત્રિનો દીપક ચંદ્રમા, (૨) દિવસનો દીપક સૂર્ય, (૩) કુળનો દીપક સુપુત્ર અને (૪) ત્રણે લોકનો દીપક ધર્મ.

**નરકગામીના પ્રકાર ચાર**-(૧) રાત્રિભોજન કરનાર, (૨) પરસ્ત્રીગમન કરનાર, (૩) બોળ અથાણું એટલે સૂકવ્યા વિનાનું તથા અભક્ષ્ય ખાનાર અને (૪) કંદમૂળાદિક અનંતકાય ખાનાર.

સંપ ગયો લક્ષ્મી ગઈ, ગયું આર્ય અભિમાન;
કુસંપ ને કંકાસમાં, ડૂબ્યું હિંદુસ્તાન.

**વશીકરણની રીત ચાર**–(૧) પ્રિય વચન બોલવું, (૨) વિનય કરવો, (૩) દીન જનોને દાન કરવું અને (૪) ગુણી જનોના ગુણો ગ્રહણ કરવા અને પ્રશંસા કરવી.

**શ્રાવકના વિસામા ચાર**–(૧) સામાયિક, (૨) પૌષધ, (૩) દેશાવગાસિક અને (૪) અનશન.

**ચંડાળના ચાર પ્રકાર**–(૧) **જાતિ ચંડાળ**–ચંડાળની જાતિમાં જન્મેલો, (૨) **કર્મચંડાળ**–ચંડાળની જેવો મહાક્રૂર–નિર્દય કર્મ કરે તે, (૩) **ક્રોધ ચંડાળ**–આવેશમાં ન કરવાનાં કાર્યો કરે અને (૪) **નિંદક ચંડાળ**–પારકા અવર્ણવાદ બોલી નિંદા કરે તે.

**ભાવનાના પ્રકાર ચાર**–(૧) **મૈત્રી ભાવના**–જગતના સઘળા જીવો મારા મિત્રો છે, કોઈ પણ મારો વૈરી નથી, એવી વિચારણા કરવી તે મૈત્રી ભાવના. (૨) **પ્રમોદ ભાવના**–અરિહંતાદિક ઉપકારી પુરુષોના ગુણો જાણી હૃદયમાં આનંદ પામવો તે પ્રમોદ ભાવના. (૩) **કરુણા ભાવના**–કરુણા દયા. તે બે પ્રકારની છે. દ્રવ્યદયા અને ભાવદયા. પાપોદયથી દુઃખી બનેલા પ્રાણીઓને સહાય કરવી તે દ્રવ્યદયા અને તેવા દુઃખી પ્રાણીને સદ્બુદ્ધિ આપી સન્માર્ગે જોડવા તે ભાવદયા. (૪) **માધ્યસ્થ્ય ભાવના**–દુર્જનો કે દુશ્મનો પર પણ દ્વેષ ન કરવો, તેમને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય તેમ ઇચ્છવું

**કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;**
**તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોચ્છ્વાસ.**

તેમજ ન સમજી શકે તેવા મૂઢ પ્રાણીઓ પર પણ માધ્યસ્થ્ય ભાવ રાખવો અને પોતાની પ્રશંસા પરત્વે પણ ઉપેક્ષા રાખવી તે માધ્યસ્થ્ય ભાવના.

**અવસ્થાના પ્રકાર ચાર**–(૧) ગર્ભાવસ્થા, (૨) બાલ્યાવસ્થા, (૩) યૌવનાવસ્થા અને (૪) વૃદ્ધાવસ્થા.

**મનુષ્યના પ્રકાર ચાર**–(૧) **ઉત્તમ**–પોતાના ગુણોથી પ્રસિદ્ધિ પામે, (૨) **મધ્યમ**–બાપના નામથી ઓળખાય, (૩) **અધમ**–મામાના ગુણોથી પંકાય અને (૪) **અધમાધમ**–શ્વસુરાદિકના નામથી ઓળખાય.

**ચાર અંગદોષ પણ ગુણરૂપ**–અકાર્ય કરવામાં **આળસુ** થવું, (૨) પરને પીડા દેવામાં **અપંગ** બનવું, (૩) પારકી નિંદા કરવામાં **મૂંગા** બનવું અને (૪) પરસ્ત્રીને જોવામાં અંધ બનવું.

**સુખી ચાર જણ**–(૧) શરીરે નીરોગી, (૨) આજ્ઞાંકિત પુત્ર, (૩) શિયળવતી શાંત સ્ત્રી અને (૪) ખાનપાનની પૂર્ણ સગવડતા.

**હાંસી ન કરવા યોગ્ય ચાર જણ**–(૧) મૂર્ખ (૨) યોગી, (૩) રાજા અને (૪) પંડિત.

**કષાય ચાર**–(૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૩) લોભ.

**કાયા માયા કામિની, ત્રણે ભગિની ગણાય:**
**તન મન દઈ રક્ષણ કરે, તોપણ વણસી જાય.**

**ચારને જીતવાની ચાર ચાવી**–(૧) ક્રોધને ઉપશમ ભાવથી, "ઉપશમ" એટલે ક્ષમા, (૨) માનને વિનય ભાવથી, (૩) માયાને સરળતાથી અને (૩) લોભને સંતોષથી જિતાય.

**અસાધારણ વસ્તુઓ ચાર**–(૧) ક્ષમા જેવો તપ નથી, (૨) સંતોષ સમાન સુખ નથી, (૩) તૃષ્ણા સમાન કોઈ વ્યાધિ નથી અને (૪) દયા સમાન કોઈ ધર્મ નથી.

**દુર્લભ ચાર–૧. શૂરવીર, ૨. પંડિત, ૩. વક્તા અને ૪. દાની.** શૂરવીર સો વ્યક્તિમાં એક પાકે, (૨) આત્મ-ધર્મને આચરે એવો પંડિત તો હજાર વ્યક્તિમાં એકાદ હોય, (૩) સત્ય બોલનાર વક્તા તો દસહજાર વ્યક્તિઓમાં કોઈ એક જ મળે અને (૪) પ્રાણીઓના કલ્યાણમાં રત રહેનાર અભયદાતા–સાચો દાનવીર તો લાખોમાંયે ભાગ્યે જ મળી આવે.

**શાથી શોભે ચાર?**–(૧) વિદ્યાથી પંડિત, (૨) સૈન્યથી રાજા, (૩) પ્રામાણિક ધંધા–રોજગારથી વ્યાપારી અને (૪) જ્ઞાનસહિત ચારિત્રથી સાધુ શોભે છે.

**ગૌતમ નામના ચાર જણ**–(૧) ગૌતમસ્વામી તે મહાવીરસ્વામીના શિષ્ય ગણધર, (૨) ગૌતમ બુદ્ધ તે બૌદ્ધ-ધર્મના પ્રવર્તક, (૩) ગૌતમ ઋષિ–વૈદિક મતમાં થયેલા અને (૪) ગૌતમ નામે નૈયાયિક.

**બુદ્ધિના પ્રકાર ચાર**–(૧) **ઔત્પાતિકી**–પોતાનાથી

જ્ઞાની ધ્યાની ચતુર નર, તીનાં રહે ઉદાસ;
ખર ઘુવડ મૂરખ પશુ, સદા સુખી પ્રતિરાજ.

જ ઉત્પન્ન થાય, (૨) **વૈનેયિકી**–વિનય કરતાં ઉત્પન્ન થાય, (૩) **કાર્મિકી**–કામ કરતાં સારી બુદ્ધિ ઉત્પન્ન થાય અને (૪) **પારિણામિકી**–તે વય જતાં ઉત્પન્ન થાય.

**સંસારના હેતુઓ ચાર**–(૧) સત્‌ને અસત્ અને અસત્‌ને સત્ માનવું તે **મિથ્યાત્વ**, (૨) વ્રત ગ્રહણ ન કરવાં તે **અવિરતિ**, (૩) જેનાથી સંસાર વધે તે **કષાય** અને (૪) **યોગ** મન, વચન, કાયાનો દુરુપયોગ કરવાથી સંસારમાં રખડવું પડે.

**ધ્યાનના પ્રકાર ચાર**–(૧) સ્વજનાદિક ઇષ્ટ વસ્તુઓનો વિયોગ થવાથી જે ચિંતા, શોકાદિ થાય તે **આર્ત્ત ધ્યાન**, (૨) પ્રાણીઓની હિંસાદિકનું ચિંતવન કરવું તે **રૌદ્ર ધ્યાન**, (૩) જે ધ્યાન આત્મસ્વભાવની અભિમુખ કરે તે **ધર્મ ધ્યાન** અને (૪) કષાયના ક્ષય અથવા ઉપશમથી આત્માને જે પવિત્ર કરે તે **શુક્લ ધ્યાન**.

પહેલા તથા બીજા પ્રકારના ધ્યાનનો ત્યાગ કરવો અને ત્રીજા તથા ચોથા ધ્યાનનો આદર કરવો.

**સિદ્ધ ભગવાનના ગુણ ચાર**–(૧) અનંત જ્ઞાન, (૨) અનંત દર્શન, (૩) અનંત સુખ અને (૪) અનંત વીર્ય.

**મહાવિગયના પ્રકાર ચાર**–(૧) માંસ, (૨) મદિરા (દારુ), (૩) મધ અને (૪) માખણ.

---

ફિકર સબકો ખા ગઇ, ફિકર સબકી પીર;
ફિકરકી ફાકી કરે, ઉસકા નામ ફકીર.

## કથાના પ્રકાર ચાર

(૧) **આક્ષેપણી**–મોહથી આત્માને પાછા ખેંચવારૂપ.

(૨) **વિક્ષેપણી**–આત્માને સન્માર્ગમાંથી કુમાર્ગમાં ખેંચવારૂપ.

(૩) **સંવેગિની**–સાંભળનારને વૈરાગ્ય ઉત્પન્ન કરનારી.

(૪) **નિર્વેદિની**–સાંભળનારને નિર્વેદ થાય, એટલે સંસારના બંધનમાંથી છૂટવાની ભાવના થાય.

**મહાપ્રતિપદા ચાર**–(૧) અષાડ વદિ એકમ, (૨) આસો વદિ એકમ, (૩) કાર્તિક વદિ એકમ અને (૪) ફાગણ વદિ એકમ. આ ચારે મહાપ્રતિપદાઓ અસજ્ઝાય ગણાય છે.

**નારકીના આહારના પ્રકાર ચાર**(૧) **ઇંગાલોપમ**–અંગારા જેવો, (૨) **મુરમુરોપમ**–ભાઠાના અગ્નિ જેવો, (૩) **શીતલ**–ઠંડો અને (૪) **હિમશીતલ**–બરફ જેવો ઠંડો.

**ધર્મનાં દ્વાર ચાર**—(૧) **ક્ષમા**, (૨) **નિર્લોભતા**–સંતોષ, (૩) **આર્જવ**–નિષ્કપટતા અને (૪) **માર્દવ**–અહંકારનો ત્યાગ.

**સ્ત્રીના પ્રકાર ચાર**–(૧) **પદ્મિની**, (૨) **ચિત્રિણી** (૩) **હસ્તિની** અને (૪) **શંખિણી**.

**અગન પલિતા રાજદંડ, ચોર મૂષક લે જાય;**
**ધનના દંડ દુનિયા સહે, ધર્મદંડ સહ્યો ન જાય.**

**અનર્થદંડના પ્રકાર ચાર**–(૧) પાપોપદેશ, (૨) અપધ્યાન, (૩) સંયુક્ત અધિકરણ અને (૪) પ્રમાદાચરણ.

**મૂળ સૂત્રો ચાર**—(૧) આવશ્યક, (૨) દશવૈકાલિક, (૩) પિંડનિર્યુક્તિ અને (૪) ઉત્તરાધ્યયન.

## જીવને નરકાયુ બંધાય તે પ્રકાર ચાર

(૧) **મહાઆરંભ**–રાત્રિદિવસ મહારંભનાં કાર્યો કર્યા કરે, (૨) **મહાપરિગ્રહ**–પોતાની પાસે વિપુલ સંપત્તિ હોવા છતાં અત્યંત મૂર્છાથી વિશેષ ને વિશેષ દ્રવ્યસંગ્રહ કર્યા કરે, (૩) **કુત્સિત આહાર**–માંસ, મદ્ય, અને માખણ વગેરેનો આહાર કરે, (૪) **પંચેંદ્રિય વધ**–નિરપરાધી પંચેંદ્રિય જીવોની જાણી–બૂઝીને હિંસા કરે.

## જીવને તિર્યંચાયુ બંધાય તે પ્રકાર ચાર

(૧) **માયા**–મોઢે મીઠું બોલવું અને હૃદયમાં કપટ રાખવું, (૨) **ગાઢ માયા**–મોઢે મીઠું બોલવું અને પાછળ નિંદાદિક કરવી. (૩) **અસત્યવાદ**–જૂઠા જૂઠા લેખો લખી અધર્મ ફેલાવવો, (૪) **પ્રપંચ**–કૂડાં તોલ–માપ રાખી લેવડ–દેવડમાં છેતરવા પ્રપંચ કરવો.

## જીવને મનુષ્યાયુ બંધાય તે પ્રકાર ચાર

(૧) **વિનય**–દેવ, ગુરુ, ધર્મનો વિનય કરવો,

ઇચ્છે જેવું અવરનું, તેવું પોતાનું થાય;
નહિ માનો તો કરી જુઓ, જેથી તુર્ત જણાય.

(૨) **સંતોષ**–લોભનો ત્યાગ કરી ન્યાય-નીતિથી ધનોપાર્જન કરવું, (૩) **દયા**–તમામ જીવો પર દયા ધારણ કરવી, પરોપકાર કરવો અને (૪) **સ્વલ્પ કષાય**–ક્રોધ વગેરે ન કરવો, બીજાને ઠગવો નહીં, સારું વર્તન રાખવું તેમજ અન્યને ધર્મમાર્ગમાં જોડવો.

## જીવને દેવાયુ બંધાય તે પ્રકાર ચાર

(૧) **સરાગ સંયમ**–સંયમ પાળવું પણ વસ્ત્ર, પાત્ર, ઉપકરણ, શિષ્યાદિક પર રાગ રાખવો, (૨) **સંયમાસંયમ** વિરતિ–અવિરતિપણું–કાંઇક સંયમીપણું અને કાંઇક અસંયમીપણું રાખવું, (૩) **અકામ નિર્જરા**–રોષથી અજ્ઞાનપણે ક્ષુધા, તૃષા સહન કરવી અને (૪) **બાલતપસ્યા**–અજ્ઞાનપૂર્વક કષ્ટ ક્રિયા કરવી.

## દેવોને મનુષ્યલોકમાં આવવાના પ્રસંગ ચાર

(૧) તીર્થંકરના પાંચે કલ્યાણક પ્રસંગે, (૨) પોતાના ઉપકારી આચાર્ય–ઉપાધ્યાયને વંદન–નમસ્કાર કરવા અર્થે, (૩) તપસ્વીનો મહિમા દર્શાવવા માટે અને (૪) સ્વજનાદિક મિત્રાદિકના સ્નેહથી અકર્ષાઈને.

## સજ્ઝાય–ધ્યાન ન કરવા યોગ્ય સમય ચાર

(૧) સૂર્યોદય પહેલાં અને ઉદય પછી એક–એક ઘડી,

ખાના ચલના સોવના, મિલના વચનવિલાસ;
જ્યું જ્યું પાંચ ઘટાઈએ, ત્યું ત્યું ધ્યાન પ્રકાશ.

(૨) સૂર્યાસ્ત પહેલાં અને પછીની એક–એક ઘડી, (૩) મધ્યાહ્ન સમય અને (૪) મધ્ય રાત્રિએ ધ્યાન ન કરવું.

## કાલક નામના આચાર્યો ચાર થયા.

(૧) વીરનિર્વાણ પછી ત્રણસો ને પાંત્રીશ (૩૩૫) વર્ષે પ્રથમ કાલક થયા, (૨) વીરનિર્વાણ પછી ચારસો ને ત્રેપન (૪૫૩) વર્ષે બીજા કાલક થયા, (૩) વીરનિર્વાણ પછી સાતસો ને વીશ (૭૨૦) વર્ષે ત્રીજા કાલક થયા, જેમણે શક્રેંદ્રના પૂછવાથી નિગોદનું સ્વરૂપ જણાવ્યું અને (૪) વીરનિર્વાણ પછી નવસો ને ત્રાણું (૯૯૩) વર્ષે ચોથા કાલક થયા : જેમણે પાંચમને બદલે ચોથની સંવત્સરી–પર્યુષણા કર્યાં.

**પ્રમાણના પ્રકાર ચાર**--(૧) **આગમ પ્રમાણ**–સિધ્ધાન્તથી દેવ, મનુષ્ય વગેરે જાણે, (૨) **અનુમાન પ્રમાણ**–જ્યાં અગ્નિ હોય ત્યાં ધુમાડો હોય એવા સાદૃશ્ય જ્ઞાનના અનુમાનથી જાણે, (૩) **ઉપમા પ્રમાણ**–ગાય જેવું રોઝ હોય છે એવી ઉપમાથી જાણે અને (૪) **પ્રત્યક્ષ પ્રમાણ**–નજરે જોવ થી જાણે.

**દુર્લભ વસ્તુઓ ચાર**–(૧) પાંચ જ્ઞાનમાં કેવળજ્ઞાન પામવું દુર્લભ, (૨) છ લેશ્યામાં શુકલ લેશ્યા પામવી મહા-દુર્લભ, (૩) ચાર ધ્યાનમાં ધર્મ ધ્યાન તથા શુકલ ધ્યાન પામવાં દુર્લભ અને (૪) યુવાવસ્થામાં શિયળ પાળવું અતિ દુર્લભ.

ભોજન બાદ પાણી ભલું, ભોજન અંતે છાશ;
મધ્યાહ્ને ભોજન કરે, સર્વ રોગનો નાશ.

**દીક્ષા ન દેવા યોગ્ય ચાર જણ**–(૧) રોગી, (૨) વિગયના લોલુપી, (૩) ક્રોધી અને (૪) માયાવી.

### દેવને જાણવાનાં ચાર લક્ષણો

(૧) જે આંખનું મટકું મારે નહીં, (૨) જેના દેહનો પડછાયો પડે નહીં, (૩) જેની પુષ્પમાળા કરમાય નહીં અને (૪) જે જમીનથી ચાર આંગળ ઊંચે રહે.

**ક્રિયાનાં દૂષણો ચાર**–(૧) દગ્ધ ક્રિયા, (૨) શૂન્ય ક્રિયા (૩) અવિધિ ક્રિયા અને (૪) અતિપ્રવૃત્તિ ક્રિયા.

### ચાર પ્રકારના કષાય

**૧. અનંતાનુબંધી કષાય**–ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર ભેદે, જે જાવજ્જીવ રહે.

**અનંતાનુબંધી ક્રોધ**–પર્વતની ફાટ સરખો હોય છે.

**અનંતાનુબંધી માન**-પથ્થરના સ્તંભ સરખો હોય છે.

**અનંતાનુબંધી માયા**-કઠિન વાંસની જડ જેવી હોય છે.

**અનંતાનુબંધી લોભ**-કૃમિના રંગ જેવો હોય છે.

આ પ્રકારના કષાયથી જીવો નરક ગતિમાં જાય અને રૌરવ દુઃખ પામે.

**૨. અપ્રત્યાખ્યાની** ક્રોધ, માન, માયા અને લોભ, જે એક વર્ષ પર્યંત રહે.

અજીર્ણે ભોજન તજે, અને ઉણોદરી ખાય;
શરીર સુખકારી રહે, વિકાર થાય વિદાય.

**અપ્રત્યાખ્યાન ક્રોધ**–પૃથ્વીની રેખા સરખો હોય છે.

**અપ્રત્યાખ્યાન માન**–હાડકાના સ્તંભ સરખો હોય છે.

**અપ્રત્યાખ્યાન માયા**–મેંઢાના શીંગડા સરખી હોય છે.

**અપ્રત્યાખ્યાન લોભ**–નગરની ખાળના કીચડ સરખો હોય છે.

આ પ્રકારના કષાયી જીવો તિર્યંચ ગતિમાં જાય.

૩. **પ્રત્યાખ્યાની** ક્રોધ, માન, માયા અને લોભ જેની સ્થિતિ ચાર માસ રહે.

**પ્રત્યાખ્યાન ક્રોધ**–રેતીની રેખા સમાન હોય છે.

**પ્રત્યાખ્યાન માન**–કાષ્ઠના સ્તંભ સમાન હોય છે.

**પ્રત્યાખ્યાન માયા**–ગોમૂત્ર સરખી હોય છે.

**પ્રત્યાખ્યાન લોભ**–ગાડીના પૈડાની મળી–મેશ–સમાન હોય છે.

આ પ્રકારના કષાયી જીવો મનુષ્ય ગતિમાં જાય પણ સાધુપણું પામી શકે નહીં.

૪. **સંજ્વલન કષાય**–ક્રોધ, માન, માયા અને લોભ પંદર દિવસ પર્યંત રહે.

**સંજ્વલન ક્રોધ**–પાણીમાં કરેલ રેખા સમાન હોય છે.

**સંજ્વલવ માન**–નેતરની સોટી સમાન હોય છે.

**સંજ્વલન માયા**–વાંસની છાલ સમાન હોય છે.

**ક્રોધી લોભી કૃપણ નર, માની ને મદ અંધ;**
**ચોરી જુગારી ચૂગલ નર, આઠે દેખત અંધ.**

**સંજ્વલન લોભ**–હળદરના રંગ સમાન હોય છે.

આ પ્રકારના કષાયી જીવો દેવલોકમાં જાય પણ વીત-રાગ દશાને પામી શકે નહીં.

---

## પાંચની સંખ્યા

**ધર્મનાં પાંચ લક્ષણ**–(૧) ઉદારતા, (૨) દાક્ષિણ્ય, (૩) પાપ-જુગુપ્સા, (૪) નિર્મલ બોધ અને (૫) જનપ્રિયતા.

### પાંચ પ્રકારનાં મિથ્યાત્વ

(૧) **આભિગ્રહિક**–પોતાનો મત જ સાચો માને.

(૨) **અનાભિગ્રહિક**–સર્વ ધર્મ સારા છે એમ સમજી બધા ધર્મને સરખા માને. ગોળ–ખોળ સરખા ગણે.

(૩) **અભિનિવેશ**–પોતાનો મત ખોટો છે તેમ જાણે છતાં મૂકે નહીં.

(૪) **સાંશયિક**–સિદ્ધાન્તમાં કહેલું સાચું હશે કે ખોટું એમાં શંકા કરે.

(૫) **અનાભોગિક**–સાચું ખોટું–અજાણપણે કાંઈ સમજે નહિ–અજાણ રહે.

શોક કર દુનિયાકો ગાફિલ, જિંદગાની ફિર કહાં;
જિંદગાની કુછ રહી તો, નવજવાની ફિર કહાં.

## પાંચ પ્રકારની ક્ષમા

(૧) **અપકાર ક્ષમા**–એક માણસ ગાળ દે ત્યારે ગુસ્સો આવે છે, પણ વિચાર કરે કે ગાળ દીધી તો બે ધોલ પડશે, માટે અપકારના ભયથી ક્ષમા રાખે તે.

(૨) **ઉપકાર ક્ષમા**–શેઠ પગાર આપે છે માટે તેની ગાળ ખમવી પડે તે.

(૩) **વિપાક ક્ષમા**–શાસ્ત્ર કહે છે કે કષાય કરવાથી દુર્ગતિ થાય છે માટે ક્રોધ ન કરે તે.

(૪) **શાસ્ત્ર ક્ષમા**-શાસ્ત્ર ક્ષમા રાખવાનું કહે છે અને આત્માનો ગુંણ છે માટે ક્ષમા રાખે તે.

(૫) **લોકોત્તર ક્ષમા**–આવી રીતે શાસ્ત્રક્ષમા સેવતો જાય ત્યારે લોકોત્તર ક્ષમા આવે એટલે જ્યારે ગમે તેવો પ્રસંગ આવે તોપણ ક્રોધ કરે નહિ તે.

**દાનને દૂષિત કરનારાં પાંચ કારણો**–અનાદરથી આપવું, (૨) ઘણી વાર લગાડીને આપવું, (૩) વાંકું મોં રાખીને આપવું, (૪) અપ્રિય વચન સંભળાવીને આપવું અને (૫) આપ્યા પછી પશ્ચાત્તાપ કરવો.

**દાનનાં પાંચ ભૂષણ**–(૧) આપતાં આનંદનાં આંસુ આવે, (૨) રોમાંચ ખડાં થાય, (૩) બહુમાન પેદા થાય. (૪) પ્રિય વચન બોલે અને (૫) આપ્યા પછી અનુમોદના કરે.

શક્તિ યદિ નહિ મેળવી તો, કેળવાયા નામના;
શક્તિ વિનાના માનવો, કહો જીવતા શા કામના?

**પાંચ પ્રકારની નિદ્રા**-(૧) નિદ્રા, (૨) નિદ્રા-નિદ્રા, (૩) પ્રચલા (૪) પ્રચલા-પ્રચલા અને (૫) થિણદ્ધિ.

**પાંચ પ્રકારનાં દાન**-(૧) અભયદાન, (૨) સુપાત્રદાન, (૩) અનુકંપાદાન, (૪) ઉચિતદાન અને (૫) કીર્તિદાન.

**જ્ઞાનના પાંચ પ્રકાર**-(૧) **મતિજ્ઞાન**-ઇંદ્રિય તથા મનથી થાય તે, (૨) **શ્રુતજ્ઞાન**-મતિપૂર્વક જેમાં શબ્દ તથા અર્થની પર્યાલોચના વડે થાય તે, (૩) **અવધિજ્ઞાન**-ઇંદ્રિય તથા મનની અપેક્ષા વગર મર્યાદાપૂર્વક જેમાં રૂપી દ્રવ્યનું જ્ઞાન થાય તે, (૪) **મનઃપર્યવજ્ઞાન**-ઇન્દ્રિય તથા મનની અપેક્ષા વગર મર્યાદાપૂર્વક સંજ્ઞી જીવોના મનોગત ભાવો સ્પષ્ટ રીતે જેથી જાણી શકાય અને (૫) **કેવળજ્ઞાન**-ત્રણે લોકમાં રહેલા ત્રિકાળવર્તી સઘળા પદાર્થો એકીસાથે જાણી શકાય તે.

**સિદ્ધિગિરિ ઉપર ચૈત્યવંદન કરવાનાં પાંચ સ્થળ**-(૧) તળેટીમાં પગલાં આગળ, (૨) ગિરિરાજ ઉપર શ્રીશાંતિનાથના દેરાસરમાં, (૩) રાયણ પગલે, (૪) પુંડરીકસ્વામીજીના દેરાસરમાં અને (૫) મૂલનાયકના દેરાસરમાં.

## સમકિતનાં પાંચ લક્ષણ

(૧) **ઉપશમ**-રાગદ્વેષની ગાંઠ તોડવી, (૨) **સંવેગ**-સંસારીનું સુખ દુઃખરૂપ માનવું, (૩) **નિર્વેદ**-સંસારના બંધન-

**દયા ધર્મકો મૂલ હૈ, પાપમૂલ અભિમાન;**
**તુલસી દયા નવ છંડીએ, જબ લગ ઘટમેં પ્રાન.**

માંથી છૂટવાની ભાવના, (૪) **અનુકમ્પા**–સંસારના દરેક જીવો દુઃખથી મુક્ત કેમ થાય તેવી ભાવના અને (૫) **આસ્તિક્ય**–વીતરાગભાષિત શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવી.

## અંતરાય કર્મના પાંચ પ્રકાર

(૧) **દાનાંતરાય**–દાન દેવાની વસ્તુ છે, પણ આપી ન શકાય.

(૨) **લાભાંતરાય**–દાન દેવા યોગ્ય વસ્તુ છે, પણ માગનારને ન મળે.

(૩) **ભોગાંતરાય**–એક વાર ભોગમાં આવે તેવી વસ્તુ હાજર છે પણ ભોગવી ન શકે.

(૪) **ઉપભોગાંતરાય**–વારંવાર ભોગવવા યોગ્ય સ્ત્રી, શય્યા વિદ્યમાન છતાં ભોગવી ન શકાય.

(૫) **વીર્યાંતરાય**–પોતે શરીરે મજબૂત હોવા છતાં પણ શક્તિ ફોરવી ન શકાય.

**પાંચ પ્રકારના પ્રમાદ**–(૧) મદ્ય, (૨) વિષય, (૩) કષાય, (૪) નિદ્રા અને (૫) વિકથા.

## પાંચ પ્રકારના આચાર

(૧) **જ્ઞાનાચાર**–જ્ઞાન ભણે ભણાવે; લખે લખાવે; જ્ઞાનના ભંડાર કરે–કરાવે અને ભણનારને સહાય કરે.

રાગદ્વેષ કે ત્યાગ બિન, મુક્તિકો પદ નાહિ;
કોટિ કોટિ જપ તપ કરો, સભી અકારજ થાઈ.

(૨) **દર્શનાચાર**-શુદ્ધ સમ્યક્ત્વ પોતે પાળે, બીજાને પળાવે અને સમ્યક્ત્વથી દૂર થનારને સમજાવી સ્થિર કરે.

(૩) **ચારિત્રાચાર**-પોતે શુદ્ધ ચારિત્ર પાળે, બીજાને પળાવે અને પાળનારને અનુમોદે.

(૪) **તપાચાર**-છ બાહ્ય અને છ અભ્યંતર-એમ બાર પ્રકારનો તપ પોતે કરે, કરાવે અને કરનારને અનુમોદે.

(૫) **વીર્યાચાર**-ધર્મક્રિયા કરવામાં શક્તિ ગોપવે નહિ અને તમામ આચાર પાળવામાં વીર્ય-શક્તિ સંપૂર્ણ રીતે ફોરવે.

## પંચ પરમેષ્ઠી

(૧) **અરિહંત**-અરિ-શત્રુ અને હંત-હણનાર એટલે કર્મરૂપી શત્રુને હણનાર. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મને ખપાવી જેઓ કેવલજ્ઞાન પામ્યા છે તે. તેમને ૧૨ ગુણ હોય છે.

(૨) **સિદ્ધ**-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, વેદનીય, આયુષ્ય, નામકર્મ, ગોત્રકર્મ અને અંતરાય; આ આઠ કર્મને ખપાવી જેઓ મોક્ષમાં ગયા છે તે સિધ્ધ કહેવાય. તેમના ૮ ગુણો છે.

(૩) **આચાર્ય**-પાંચ આચારને પાળે તથા પળાવે

તેમજ જેઓ ધર્મના નાયક છે. તેમના ગુણ ૩૬ છે.

(૪) **ઉપાધ્યાય**–સિદ્ધાંત ભણે તેમજ બીજાને ભણાવે તે. તેમના ૨૫ ગુણો છે.

(૫) **સાધુ**–મોક્ષમાર્ગ સાધવા માંટે યત્ન કરે. અને બીજાને એમાં પ્રેરણા કરે. તેમના ૨૭ ગુણ છે.

આ રીતે દરજ્જામાં સિદ્ધભગવાન અરિહંતથી વધુ એવાં ચાર કર્મો ખપાવ્યાં હોવા છતાં, અરિહંત ગણતરીમાં પ્રથમ લેવાય છેઃ તેનું કારણ અરિહંતો પૃથ્વી પર વિચરી, કેવલ-જ્ઞાની હોવાથી ભવ્ય જીવોને ઉપદેશ આપી, સંસાર સમુદ્રથી તારે છે; એટલું જ નહિ, સિદ્ધની ઓળખાણ પણ એ જ કરાવે છે, એ દૃષ્ટિએ અરિહંત આસન્ન ઉપકારી હોવાથી તેમને પ્રથમ ગણાવ્યા છે.

આ પ્રકારે પાંચે પરમેષ્ઠીના કુલ ૧૦૮ ગુણો છે.

## પાંચ પ્રકારના ચારિત્ર

(૧) **સામાયિક ચારિત્ર**–સમતાનો લાભ. એના બે પ્રકાર છે. ઇત્વર અને યાવત્કથિક. (૧) **ઈત્વર** ચારિત્ર–પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં પ્રથમ દીક્ષા લેનારને હોય. (૨) **યાવત્કથિક**–મધ્યમ બાવીશ તીર્થંકરના સાધુને હોય, કેમકે તેઓ ઋજુપ્રાજ્ઞ હોવાથી ચારિત્રમાં દોષ હોતો નથી.

ધન જન કંચન રાજસુખ, સબ હી સુલભ કર જાન;
દુર્લભ હૈ સંસારમેં, એક યથાર્થ જ્ઞાન.

(૨) **છેદોપસ્થાપનીય**–પૂર્વના ચારિત્રપર્યાયનો છેદ કરીને ફરીથી મહાવ્રત લેવાં તે.

(૩) **પરિહારવિશુદ્ધિ**–તપવિશેષથી આત્માની વિશુદ્ધિ થાય તે. એ ચારિત્ર ગ્રહણ કરવાની ઇચ્છાવાળા તીર્થંકર કે કેવળજ્ઞાની પાસે ચારિત્ર ગ્રહણ કરી શકે છે અથવા જેણે તીર્થંકર કે કેવળજ્ઞાની પાસે ચારિત્ર લીધું હોય તેવા મુનિ પાસે ગ્રહણ કરે છે.

(૪) **સૂક્ષ્મસંપરાય**–સૂક્ષ્મ–સ્વલ્પ, સંપરાય–કષાય. સ્વલ્પ કષાય. એમાં લોભાંશનો ઉદય હોય છે. વિશુદ્ધમાન ચારિત્ર ક્ષપક શ્રેણી અને ઉપશમશ્રેણીએ ચડનારને હોય અને સંક્લિશ્યમાન ઉપશમશ્રેણીથી પડનારને હોય.

**યથાખ્યાત**–જ્યારે કષાયનો સંપૂર્ણ અભાવ હોય ત્યારે યથાખ્યાત ચારિત્ર કહેવાય.

આ કાળમાં, પ્રથમના બે ચારિત્રધારી સાધુ છે, ને ત્રણ પ્રકારના ચારિત્ર વિચ્છેદ ગયાં છે.

## પાંચ પ્રકારનાં શરીર

(૧) **ઔદારિક**–જિનેશ્વર આદિનું શરીર સુંદર પુદ્ગલોનું બનેલું હોય તે તિર્યંચ અને મનુષ્યોને ન હોય. ઉત્કૃષ્ટ ગતિ છેક રુચક પર્વત સુધી હોય અને જંઘાચારણ મુનિને

સદ્કવિતા ને સુંદરી, એ બે અમૂલ ગણાય;
પતિ મતિહીણા પામતા, કિંમત કોડી થાય.

હોય વિદ્યાચારણ અને વિદ્યાધરોની એ ગતિ છેક નંદીશ્વર દ્વીપ સુધી હોય.

(૨) **વૈક્રિય**—જે શરીર લબ્ધિ આદિથી નાનું મોટું, દૃશ્ય અદૃશ્ય થઈ શકે તે. એ દેવતા અને નારકીના જીવોને હોય; કેટલાક લબ્ધિવાનોને, વાયુને, સંજ્ઞી તિર્યંચોને અને મનુષ્યોને પણ હોય. એનું પ્રયોજન એકત્વ, અનેકત્વ, સૂક્ષ્મત્વ, સ્થૂલત્વ, આદિ આકાશગમન અને સંઘને સહાય કરવાનું હોય.

(૩) **આહારક**—આ શરીરલબ્ધિ મનઃપર્યવજ્ઞાની અથવા ચારણ મુનિને હોઈ શકે. તેમજ ચૌદ પૂર્વધારીને પણ હોય. એનું પ્રયોજન સૂક્ષ્માર્થ શંકા–નિવારણ અને જિનેંદ્રની ઋદ્ધિનું દર્શન છે. આ શરીર એક હાથપ્રમાણ હોય. આ શરીર સર્વથી અલ્પ છે ને કદાચિત જ થાય છે.

(૪) **તેજસ્**—આહારને પચાવવાને સમર્થ એવું આ શરીર સર્વને હોય છે. તેમજ કોઈને વધારે તપશ્ચર્યાથી ઉત્પન્ન થાય છે. જ્યારે તુષ્ટમાન હોય ત્યારે એમાંથી શીતલેશ્યા પણ પ્રગટે છે.

(૫) **કાર્મણ**—આ શરીર જીવપ્રદેશો સાથે ભળેલું હોય છે. સર્વ સંસારી જીવોને હોય. એનું પ્રયોજન અન્ય ભવમાં ગમન કરવા માટે હોય છે. તેજસ્ અને કાર્મણ શરીર એ બંને ભવાંતરમાં જવા માટે સહાયકર્ત્તા બને છે.

---

પ્રસન્નચંદ્ર કાઉસગ્ગમાં, કોપી યુદ્ધ કરંત;
કોપ શમ્યો જબ એ લહ્યો, કેવળજ્ઞાન ગુણવંત.

## પાંચ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત

(૧) **ગુરુમાસ**–તે ત્રીશ દિવસનું, (૨) **લઘુમાસ**–તે સત્તાવીશ દિવસનું. (૩) **ગુરુચૌમાસ**–તે ત્રીશ દિવસનો માસ ગણીને ચાર માસનું, (૪) **લઘુ ચૌમાસ**–તે સત્તાવીશ દિવસનો માસ ગણીને ચાર માસનું અને (૫) **આરોપણા**–તે ફરીને પાંચ મહાવ્રત ઉચ્ચરે તે.

**પાંચ જણ વિદ્યા ભણી શકે**–(૧) વિનીત, (૨) ઉદ્યમવંત, (૩) નિર્મળ બુદ્ધિવાળો, (૪) ઉપયોગવંત અને (૫) આજીવિકાવાળો.

**પાંચ કલ્યાણક**–(૧) ચ્યવન, (૨) જન્મ, (૩) દીક્ષા, (૪) કેવલજ્ઞાન અને (૫) નિર્વાણ.

**પાંચ પ્રકારની ક્રિયા**–(૧) **વિષ**–આ લોકમાં સુખની અપેક્ષાથી જે ક્રિયા કરવામાં આવે તે, (૨) **ગરલ**–પરભવના સુખ માટે જે ક્રિયા કરવામાં આવે તે, (૩) **અનનુષ્ઠાન**–ઉપયોગ શૂન્ય થતી ક્રિયા, (૪) **તદ્ધેતુ**–સમજણ સહિત પરંતુ વીર્યોલ્લાસ રહિત ક્રિયા અને (૫) **અમૃત**–સમજણ સહિત અને વીર્યોલ્લાસ પૂર્વકની ક્રિયા.

## પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો

(૧) **સ્પર્શેન્દ્રિયના આઠ**–ગુરુ, લઘુ, મૃદુ, કર્કશ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ.

(૨) **રસેન્દ્રિયના પાંચ**–તિક્ત, કટુ, કષાય, આમ્લ અને મધુર.

(૩) **ઘ્રાણેન્દ્રિયના બે**–સુરભિગંધ અને દુરભિગંધ.

(૪) **ચક્ષુરિન્દ્રિયના પાંચ**—કૃષ્ણવર્ણ, નીલવર્ણ, લોહિતવર્ણ, પીળો વર્ણ અને શ્વેત વર્ણ.

(૫) **શ્રોત્રેન્દ્રિયના ત્રણ**–સચિત્ત શબ્દ, અચિત્ત શબ્દ અને મિશ્ર શબ્દ.

## પાંચ કારણે ધર્મ ન પામે

(૧) અહંકારથી, (૨) ક્રોધથી, (૩) રોગથી, (૪) પ્રમાદથી, (૫) આળસથી.

## પાંચ કારણે ચોમાસામાં વિહાર થાય

(૧) ભયથી, (૨) દુકાળથી, (૩) રાજ્યભયથી, (૪) પાણી ફરી વળ્યા પહેલાં અને (૫) અનાર્ય પરીષહ કરે તેથી.

## પાંચ પર્વતિથિઓ

(૧) અષ્ટમી, (૨) ચતુર્દશી (૩) પૂર્ણિમા, (૪) અમાવાસ્યા, (૫) કલ્યાણકની તિથિઓ.

**પાંચ પ્રકારનાં દિવ્ય** (૧) સુવર્ણ વૃષ્ટિ, (૨) ગંધોદક કુસુમવૃષ્ટિ, (૩) સુગંધી વાસક્ષેપ, (૪) દેવદુંદુભિ અને (૫) અહોદાનં અહોદાનં એવો ધ્વનિ.

પંચશત શિષ્ય ખંધકતણા, ઘાણી પીલ્યા સોય;
શિવ પામ્યા સમતા બળે, સમતાનું ફળ જોય.

## છની સંખ્યા

**ગૃહસ્થનાં છ કર્ત્તવ્ય**–(૧) દેવપૂજા, (૨) ગુરુસેવા, (૩) સ્વાધ્યાય, (૪) સંયમ, (૫) તપ અને (૬) દાન.

**છ પ્રકારનો વિનય**–(૧) દેવનો વિનય, (૨) ગુરુનો વિનય, (૩) ધર્મનો વિનય, (૪) માબાપનો વિનય, (૫) પુસ્તકોનો વિનય અને (૬) ગુણીજનોનો વિનય.

**છ પ્રકારનો વિવેક**–(૧) વિવેકથી વર્તવું, (૨) વિવેકથી ચાલવું, (૩) વિવેકથી બોલવું, (૪) વિવેકથી બોલાવવું, (૫) વિવેકથી કામ કરવું અને (૬) વિવેકથી સારી પંક્તિ મેળવવી.

**છ પ્રકારની દયા**–(૧) આત્માની દયા ચિંતવે, (૨) પરઉપકાર કરવો, (૩) સર્વ જીવને સરખા ગણવા, (૪) દુઃખી ઉપર અનુકંપા લાવવી, (૫) નાનાની સરભરા કરવી અને (૬) આત્માને કર્મથી બચાવવો.

**નાશ કરનાર છ વસ્તુઓ**–(૧) આળસ સુખનો નાશ કરે, (૨) કુસંપ લક્ષ્મીનો નાશ કરે, (૩) લડાઈ જાનમાલનો નાશ કરે, (૪) મિતાહાર રોગનો નાશ કરે, (૫) સરળતા શત્રુનો નાશ કરે અને (૬) તપ પાપનો નાશ કરે.

હાટ વેચાણી ચંદના, સુભદ્રા ચઢયો કલંક;
દમયંતી નળવિયોગ લહ્યો, અહો કર્મનો વંક.

**અભ્યંતર તપના છ ભેદ**–(૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ય, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) ઉત્સર્ગ (કાઉસ્સગ્ગ.)

**બાહ્ય તપના છ ભેદ**–(૧) અનશન, (૨) ઊનોદરી, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયકલેશ અને (૬) સંલીનતા.

**છ દર્શન**–(૧) જૈન, (૨) મીમાંસક, (૩) બૌદ્ધ, (૪) નૈયાયિક, (૫) વૈશેષિક અને (૬) સાંખ્ય દર્શન.

**છ પ્રકારની "રી"**–(૧) એકલઆહારી (રોજ એકાસણું કરવું), (૨) ભૂમિસંથારી, (૩) પાદવિહારી, (૪) શુદ્ધ સમ્યક્‌ત્વધારી, (૫) સચિત્તપરિહારી અને (૬) બ્રહ્મચારી.

**છ ભાષા**–(૧) સંસ્કૃત, (૨) પ્રાકૃત, (૩) શૌરસેની, (૪) માગધી, (૫) પૈશાચિકી અને (૬) અપભ્રંશ.

**દાન નહિ આપવાનાં છ લક્ષણ**–(૧) આપવું પડે એટલે આંખો કાઢે, (૨) ઊંચે જુએ, (૩) વચ્ચે આડી વાત કરે, (૪) વાંકું મોં કરીને બેસે, (૫) મૌન ધારણ કરે, (૬) આપતાં આપતાં ઘણો સમય લગાડે.

**કળાવતી કર છેદિયા, દ્રોપદી કાઢયાં ચીર;**
**અગ્નિમાં તપિયાં સીતા, શીલગુણે ભર્યું નીર.**

## મહાવીર પ્રભુની છ આજ્ઞાઓ

(૧) તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો અને વિચારોને નિર્મલ બનાવવા માટે પ્રયત્ન કરો.

(૨) જીવનક્રમમાં ત્યાગ કરવા લાયક, અંગીકાર કરવા લાયક અને જાણવા લાયક શું છે? તેનો નિર્ણય કરો.

(૩) પોતાની શક્તિનો વિચાર કરો, શક્તિ મુજબ આગળ વધો.

(૪) આત્મવિશ્વાસ રાખો. કોઈના ઉપર આધાર ન રાખો. તમારો ઉદ્ધાર કરવો એ કેવળ તમારા પોતાના વિચાર, પુરુષાર્થ અને ઉદ્યોગ પર આધાર રાખે છે.

(૫) માન અથવા આ લોક, પરલોકના સુખની ઈચ્છા રાખ્યા સિવાય જેટલું સત્કાર્ય થાય તેટલું કરો. અમે શું કરીએ? એવા નિર્માલ્ય વિચારો કાઢી નાખો. પ્રમાદમાં જીવન ન ગુજારો.

(૬) જો તમે ગૃહસ્થ ધર્મ અથવા સાધુધર્મના માર્ગમાં દ્રવ્ય અને ભાવથી શક્તિ મુજબ પ્રયાણ કરશો, તો જરૂર મોક્ષે પહોંચ્યા સિવાય રહેશો નહિ.

**છ કાય**-(૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેઉકાય, (૪) વાયુકાય, (૫) વનસ્પતિકાય અને (૬) ત્રસકાય.

**છ છેદ ગ્રંથ**-(૧) નિશીથ, (૨) મહાનિશીથ; (૩) બૃહત્કલ્પ, (૪) વ્યવહાર (૫) દશાશ્રુતસ્કંધ. અને (૬) પંચકલ્પ.

ચંદના ચરણે મૃગાવતી, નિજ ખમાવે અપરાધ,
કેવળ લહી ગુરુણી દીઓ, દો જીવ ટાળ્યો વિખવાદ.

**છ પ્રકારે ભગવંત પણ અસમર્થ**–(૧) ભવ્ય જીવને અભવ્ય કરી ન શકે, (૨) અભવ્ય જીવને ભવ્ય કરી ન શકે, (૩) જીવને અજીવપણું ન કરી શકે, (૪) અજીવને જીવપણું કરી ન શકે, (૫) સુખીને દુઃખી ન કરે અને (૬) દુઃખીને સુખી ન કરે.

**મનુષ્યને ઉત્પન્ન થવાનાં છ ક્ષેત્રો**–(૧) જંબૂદ્વીપમાં, (૨) પૂર્વ ધાતકીમાં, (૩) પશ્ચિમ ધાતકીમાં, (૪) પૂર્વ પુષ્કરાર્ધમાં, (૫) પશ્ચિમ પુષ્કરાર્ધમાં અને (૬) અંતર્દ્વીપમાં.

**દુર્લભ એવી છ વસ્તુઓ**–(૧) મનુષ્ય ભવ, (૨) આર્યકુલ, (૩) પંચેન્દ્રિયપણું, (૪) સિદ્ધાંતશ્રવણ, (૫) તત્ત્વ શ્રદ્ધા અને (૬) સંયમતપસ્યા પરત્વે બલ–વીર્ય ફોરવવું.

## સાધુને આહાર લેવાનાં છ કારણો

(૧) ક્ષુધાવેદના શમાવવા માટે, (૨) ઉપસર્ગ સહન કરવા માટે, (૩) બ્રહ્મચર્ય પાળવા માટે, (૪) જીવોની દયા પાળવા માટે, (૫) તપસ્યા કરવા માટે અને (૬) જાવજ્જીવ અનશન કરવા માટે.

**મનુષ્યમાંથી આવેલાનાં છ લક્ષણો**–(૧) સુભાગી હોય, (૨) મીઠા વચનવાળો હોય, (૩) દાતાર હોય, (૪) સરળ હોય, (૫) ચતુર હોય અને (૬) ચતુરની સાથે પ્રીતિવાળો હોય.

હરિચંદ રાય કરમવશે, વહ્યું ડુંબઘરે નીર;
કરમવશે નર સવિ નમ્યા, જે જગ બાવન વીર.

**નરક ગતિમાંથી આવેલાનાં છ લક્ષણો**–(૧) કાળો હોય, (૨) ક્લેશી હોય, (૩) રોગી હોય, (૪) અત્યંત ભયશીલ હોય, (૫) અત્યંત આરંભી હોય અને (૬) ક્રોધી હોય.

**તિર્યંચમાંથી આવેલાનાં છ લક્ષણો**–(૧) લોભી હોય, (૨) કપટી હોય, (૩) જૂઠો હોય, (૪) અતિક્ષુધાળુ હોય, (૫) મૂર્ખ હોય અને (૬) મૂર્ખની જોડે પ્રીતિ કરનાર હોય.

**દેવગતિમાંથી આવેલાનાં છ લક્ષણો**–(૧) સત્યવાદી, દૃઢધર્મી હોય, (૨) દેવગુરુનો ભક્ત હોય, (૩) ધનવાન હોય, (૪) રૂપવાન હોય, (૫) પંડિત હોય અને (૬) પંડિત જોડે પ્રીતિ કરનાર હોય.

## છ સંઘયણ (શરીરનું બંધારણ)

**વજ્રઋષભનારાચ**–બે બાજુ મજબૂત બંધ ઉપર પાટો અને તેની ઉપર ખીલો હોય તે.

**ઋષભનારાચ**–બે બાજુ મજબૂત બંધ અને ઉપર પાટો હોય તે.

**નારાચ**–બે બાજુ મજબૂત બંધ હોય તે.

**અર્ધનારાચ**–એક બાજુ મજબૂત બંધ હોય તે.

**કીલિકા**–માંહોમાંહે હાડકાંને ખીલીનો બંધ હોય તે.

ગો બ્રાહ્મણ સ્ત્રી બાળુડાં, દૃઢપ્રહારી હત્યા કીધ;
ચાર પહોર કાઉસગ્ગ રહી, ખટ્માસે કેવળ લીધ.

છેવઠ્ઠું-હાડકાં માંહોમાંહે અડેલાં હોય તે.

પાંચમા આરામાં છેવઠ્ઠું સંઘયણ હોય.

## છ સંસ્થાન (શરીરનું પ્રમાણ)

**સમચતુરસ્ર**-પલાંઠી વાળી બેસતાં ચારે બાજુએથી સરખી આકૃતિ થાય અને પોતાના આંગળથી ભરતાં ૧૦૮ આંગળ શરીર થાય.

**ન્યગ્રોધપરિમલ**-વડની પેઠે નાભિ ઉપરનો ભાગ સારો હોય.

**સાદી**-નાભિની નીચેના અંગ સારાં અને ઉપર ખરાબ હોય.

**કુબ્જ**-હાથ પગ વગેરે સારા અને ઉદર પ્રમુખ ખરાબ હોય.

**વામન**-ઉદર પ્રમુખ સારા ને હાથ પગાદિ હીન હોય તે.

**હુંડક**-શરીરનો તમામ ભાગ ખરાબ હોય તે.

પાંચમા આરામાં "હુંડક" સંસ્થાન હોય.

## છ લેશ્યા

(૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, (૪) તેજો, (૫) પદ્મ અને (૬) શુકલ.

**મેરુ ડળે ને ધ્રુ ચળે, સાયર લોપે લીહ;**
**કીધાં કર્મ ન છૂટીએ, સૂર ઊગે પશ્ચિમ દિહ.**

(૧) **કૃષ્ણ** લેશ્યાવાળાનાં પરિણામ હિંસાનાં હોય; બોલવામાં કઠોરપણું, દયા રહિતપણું, સ્વભાવમાં કર્કશતા હોય.

(૨) **નીલ** લેશ્યાવાળાને માયા-દંભ કરવામાં ચાલાકી, લાંચ ખાવામાં હોશિયારી અને વિષયાસક્તિ હોય.

(૩) **કાપોત** લેશ્યાવાળાને પરનિંદા કરવી, નફા-તોટાનો વિચાર કરે નહિ અને પોતાની બડાઈ કરનાર હોય.

(૪) **તેજો** લેશ્યાવાળાને સંવર ભાવના, કરુણા, સરળતા, દાન વગેરે ભાવના હોય.

(૫) **પદ્મ** લેશ્યાવાળાને ધર્મમાં સંકટ સમયે પણ ધૈર્ય, પ્રભુપૂજામાં રુચિ, વ્રત ધારણ કરવામાં આનંદ, ભલું કરવાની ભાવના હોય.

(૬) **શુક્લ** લેશ્યાવાળાને તીવ્ર ધર્મબુદ્ધિ, પાપકર્મનો પરિહાર, પરમાત્મદશાની સંપ્રાપ્તિ વગેરે હોય.

કૃષ્ણ લેશ્યાનું ફળ નારકપણું, નીલ લેશ્યાનું ફળ સ્થાવરપણું, કાપોતલેશ્યાનું ફળ તિર્યંચપણું, તેજોલેશ્યાનું ફળ મનુષ્યપણું, પદ્મલેશ્યાનું ફળ દેવપણું અને શુકલલેશ્યાનું ફળ મોક્ષપ્રાપ્તિ.

કીધાં કર્મ તો છૂટીએ, જો કીજે જિનધર્મ;
મન વચ કાયાએ કરી, એ જિનશાસન મર્મ.

**૭ આવશ્યક**–(૧) સામાયિક, (૨) ચઉવિસથ્થો, (૩) વંદનક, (૪) પ્રતિક્રમણ, (૫) કાઉસગ્ગ અને (૬) પચ્ચખ્ખાણ.

**૭ અઠ્ઠાઈની સમજણ**–(૧) કાર્તિક સુદ ૭ થી સુદ ૧૪, (૨) ફાગણ સુદ ૭ થી ૧૪, (૩) ચૈત્ર સુદ ૭ થી ૧૫, (૪) અશાડ સુદ ૭ થી ૧૪, (૫) શ્રાવણ વદિ ૧૨ થી ભાદરવા સુદ ૪ અને (૬) આસો સુદ ૭ થી ૧૫.

## ૭ આરાનું સ્વરૂપ

પહેલો આરો ૪ કોડાકોડી સાગરોપમનો સુષમસુષમા.

બીજો આરો ૩ કોડાકોડી સાગરોપમનો સુષમા.

ત્રીજો આરો ૨ કોડાકોડી સાગરોપમનો સુષમદુષમા.

ચોથો આરો ૧ કોડાકોડી સાગરોપમમાં ૪૨૦૦૦ હજાર વર્ષ ન્યૂન દુષમસુષમા.

પાંચમો આરો ૨૧ હજાર વર્ષનો દુષમા.

છઠ્ઠો આરો ૨૧ હજાર વર્ષનો દુષમદુષમા.

છએ આરા ૧૦ કોડાકોડી સાગરોપમના હોય છે.

૧૦ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી અને ૧૦ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી; તે બંને મળીને ૨૦ કોડાકોડી સાગરોપમનું એક કાલચક્ર થાય છે.

ઈશ્યું જાણીને કીજીએ, જિમ આતમ સુખ થાય;
પર જીવ દુઃખ ન દીજીએ, ઇમ બોલ્યા જિનરાય.

## શત્રુંજયનું છ આરામાં પ્રમાણ

પહેલે આરે ૮૦ જોજન, બીજે આરે ૭૦ જોજન, ત્રીજે આરે ૬૦ જોજન, ચોથા આરે ૫૦ જોજન, પાંચમે આરે ૧૨ જોજન, છઠ્ઠા આરે ૭ હાથનો રહે છે.

## જિનમંદિરે દર્શન કરવાની ૬ વિગતો

(૧) મુખ્ય દ્વારમાં પેસતાં પહેલી નિસીહી કહેવી. તે વખતે મનમાં ઘરના વિચારો ન કરવા. પ્રભુને જોઈ બે હાથ જોડી 'નમો જિણાણં' કહેવું.

(૨) પછી પ્રભુની જમણી તરફની ત્રણ પ્રદક્ષિણા દેવી. તેથી સંસારની રઝળપાટ ઘટતી જાય છે.

(૩) મૂળ ગભારા પાસે આવી બીજી નિસીહી કહેવી. શરીરનો અડધો ભાગ નમાવી ('જગત્ત્રયાધાર' કે 'તુભ્યં નમઃ') સ્તુતિ કહેવી, અષ્ટપ્રકારી પૂજા કરવી, ને જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધિ માટે અક્ષતની ત્રણ ઢગલી કરવી, ને ચાર ગતિને ચૂરવા માટે સાથિયો કરવો. તેની ઉપર ચંદ્રાકાર કરવો. તે આકાર સિદ્ધશિલા-મોક્ષની નિશાની છે.

(૪) ત્રીજી નિસીહી કરી ભાવપૂજારૂપ ચૈત્યવંદન શુદ્ધ સૂત્રો બોલીને કરવું.

દાન શિયળ તપ ભાવના, ધર્મનાં ચારે મૂળ;
પર અવગુણ બોલત સહી, એ સૌ થાયે ધૂળ.

(૫) પુરુષોએ પ્રભુની જમણી તરફ રહીને દરેક ક્રિયાઓ કરવી.

(૬) સ્ત્રીઓએ પ્રભુની ડાબી બાજુ રહીને દરેક ક્રિયાઓ કરવી.

## છ પ્રકારની પર્યાપ્તિ

પર્યાપ્તિ એટલે શક્તિ અને તે શક્તિ પુદ્ગલના ઉપચયથી થાય છે. પર્યાપ્તિના નીચે પ્રમાણે છ પ્રકાર છે.

(૧) **આહાર પર્યાપ્તિ**–જે શક્તિવડે આહારને ગ્રહણ કરી તેને ખલ અને રસરૂપે પરિણમન કરે. ખલ એટલે શરીર રચનામાં અનુપયોગી--અસાર ભાગ અને રસ એટલે શરીરને પોષણ આપનાર પાણીના જેવો પ્રવાહી પદાર્થ.

(૨) **શરીર પર્યાપ્તિ**–જે શક્તિવડે રસરૂપે થયેલ આહારને રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્યાદિ ધાતુરૂપે પરિણમન કરે.

(૩) **ઇંદ્રિય પર્યાપ્તિ**–જે શક્તિવડે શરીરમાંથી ઇંદ્રિય યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી ઇંદ્રિયરૂપ પરિણમન કરે.

(૪) **શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ**–જે શક્તિવડે શ્વાસોચ્છ્વાસ વર્ગણામાંથી પુદ્ગલો ગ્રહણ કરી, તેને શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમન કરી, અવલંબન કરીને છોડી દે તે.

દાન સુપાત્રે દીજિયે, તાસ પુણ્ય નહીં પાર;
સુખ સંપત્તિ લહીએ ઘણી, મણિ મોતી ભંડાર.

(૫) **ભાષા પર્યાપ્તિ**–જે શક્તિવડે ભાષાવર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરી તેનું ભાષારૂપે પરિણમન કરી, અવલંબન કરીને મૂકે તે.

(૬) **મનઃ પર્યાપ્તિ**–જે શક્તિવડે મનોવર્ગણામાંથી પુદ્‌ગલો ગ્રહણ કરી તેને મનરૂપે પરિણમન કરી, અવલંબન કરીને મૂકે તે.

કોઈ પણ જીવ પહેલી ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા સિવાય મૃત્યુ પામે નહીં. અપર્યાપ્તિ જીવ ચોથી શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ પૂર્ણ ન કરે. "શ્વાસોચ્છ્‌વાસને આયુષ્ય સાથે સંબંધ છે, માટે શ્વાસોચ્છ્‌વાસ રૂંધવાથી આયુષ્ય વધે છે" એ માન્યતા ખોટી ઠરે છે.

---

## સાતની સંખ્યા

### સાત પ્રકારના ભય

૧. મનુષ્યને મનુષ્યથી ભય તે–**ઇહલોક ભય**, ૨. મનુષ્યને દેવાદિનો ભય તે–**પરલોક ભય**, ૩. ધનમાલ ગ્રહણનો ભય તે **આદાન ભય**, ૪. બાહ્ય નિમિત્તથી નિરપેક્ષ એવો ભય તે **અકસ્માત્ ભય**, ૫. **આજીવિકા ભય**, ૬. **મરણ ભય** અને ૭. **અપયશ ભય** કે **અપકીર્તિ**નો ભય.

**ધન્નો સાર્થપતિ જુઓ, ઘૃત વહોરાવ્યું મુનિ હાથ;**
**દાન પ્રભાવે જીવડો, પ્રથમ હુઆ આદિનાથ.**

**સાતવ્યસન**–૧. જુગાર, ૨. માંસ, ૩. મદિરા, ૪. વેશ્યા, ૫. શિકાર, ૬. ચોરી, ૭. પરદારાગમન. પરદારા એટલે પારકી સ્ત્રી. આ સાતે વ્યસનો સેવનાર ઘોરમાં ઘોર નરકમાં જાય છે માટે ત્યાગ કરવો જોઇએ.

**માંડલીના પ્રકાર સાત**–૧. સૂત્ર [ સ્વાધ્યાય ], ૨. અર્થ [ વ્યાખ્યાન અર્થપૌરુષી ], ૩. ભોજન, ૪. કાલ [ કાલપ્રવેદન ], ૫. આવશ્યક [ઉભયકાલીન પ્રતિક્રમણ], ૬. સ્વાધ્યાય [સ્વાધ્યાય પ્રસ્થાપન–સજ્ઝાય કરવી] અને ૭. સંસ્તારક [ સંથારાપોરિસી ]

## પૂજાથી થતા સાત ફાયદા

૧. તીર્થંકરદેવોની પૂજા સંસારરૂપ સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓ માટે **વહાણ** (સ્ટીમર) સમાન છે.

૨. શિવનગરીનો **માર્ગ** બતાવે છે.

૩. ગમે તેવા દારિદ્રયરૂપી પર્વતનો ચૂરો કરવા માટે **વજ્ર** સમાન છે.

૪. દેવના અને મનુષ્યોના વૈભવોની પ્રાપ્તિ માટે **કલ્પવૃક્ષ** સમાન છે.

**દાન દીધું ધનસાર્થીએ, આણંદ હરખ અપાર;**
**નેમિનાથ જિનવર હુઆ, યાદવકુળ શણગાર.**

૫. દુઃખરૂપી અગ્નિને બુઝાવવા માટે **પાણી** સમાન છે.
૬. સકલ સુખ, સુંદર રૂપ અને **સૌભાગ્ય** અર્પણ કરે છે.
૭. ત્રણ જગતનું સામ્રાજ્ય આપવામાં **ઉદાર** હોય છે.

---

## સુસાધુને વંદન કરવાથી થતા સાત ફાયદા

૧. સાધુમહારાજનો સમાગમ પુણ્ય અને પાપના રસ્તાને બતાવનારો છે.
૨. તેમની વૈયાવચ્ચ અને ભક્તિ એ સંસારસમુદ્રને તરવા માટેની બે ભુજાઓ છે.
૩. તેમના યોગે જ જૈનશાસન અખંડિત નભી રહ્યું છે.
૪. તેમની સેવાથી સાધર્મીઓ એકસાંકળે બંધાઈ રહે છે.
૫. તેમની દેશના સાંભળવાથી મોહનિદ્રામાં પડેલાઓ જાગૃત થાય છે.
૬. તેમની પાસેથી વિનય, વિવેક, ઉદારતા ક્ષમા આદિ નિર્મળ ગુણોની પ્રાપ્તિ થાય છે.
૭. સાધુને વંદન કરવાથી તીર્થંકરદેવોની આજ્ઞાનું પાલન થાય છે, ઉચ્ચ ગોત્ર બંધાય છે, માનરૂપી પર્વત ગળાઈ જાય છે અને તેથી નમ્રતા, વિવેક વગેરે ગુણોની પ્રાપ્તિ થવા સાથે શાસ્ત્રશ્રવણ અને શાસ્ત્રઅધ્યયન કરવાની સુંદર તક મળે છે.

**કળથીકેરા રોટલા, દીધું મુનિવર દાન;**
**વાસુપૂજ્ય ભવ પાછલે, જિનપદ લહ્યું નિદાન.**

## સાત પ્રકારનાં સુખ

૧. શરીરનું આરોગ્ય-તંદુરસ્તી, ૨. સુપુત્ર, ૩. સદ્‌ગુણી સ્ત્રી, ૪. અન્નની વિપુલતા, ૫. ઘેર દુઝાણું, ૬. કરજ રહિતપણું અને ૭. ઘરે વાહન.

**સાતને છોડવા નહીં**-(૧) ક્ષમા, (૨) ગુરુવિનય, (૩) સુશીલપણું, (૪) જ્ઞાન, (૫) કુલક્રમ, (૬) ધર્મ, અને (૭) વિનય.

---

**ગૃહસ્થોએ સાત સ્થાને મૌન રાખવું**-(૧) ભોજનમાં (૨) વમનમાં, (૩) સ્થાનમાં, (૪) મૈથુનમાં, (૫) જંગલ જતાં, (૬) સામાયિકમાં અને (૭) દેવાર્ચામાં.

**સાધુએ સાત સ્થાને મૌન રાખવું**-(૧) પડિક્કમણમાં, (૨) ગમનમાં, (૩) ભોજનમાં, (૪) પડિલેહણમાં, (૫) વડીનીતિમાં, (૬) લઘુનીતિમાં અને (૭) ગ્રહણ સમયમાં.

---

**સાત સમ્યક્ત્વ**-(૧) ઉપશમ, (૨) સાસાદન, (૩) મિશ્ર, (૪) વેદક, (૫) રુચક, (૬) ક્ષાયોપશમિક અને (૭) ક્ષાયિક.

**શ્રીમંતને સાત પ્રકારે ભય**-(૧) રાજાનો ભય, (૨) ચોરનો ભય, (૩) કુટુંબનો ભય, (૪) અગ્નિનો ભય, (૫) પાણીનો ભય, (૬) ભાગીદારનો ભય અને (૭) વિનાશનો ભય.

વખત જશે વહી વાતમાં, કાળ ઝડપશે કાલ;
ચતુર હોય તો ચેતીને, તું તારું સંભાળ.

**સાત પ્રકારે આયુષ્ય ઘટે**-(૧) ત્રાસ પામવાથી, (૨) તરવાર-શસ્ત્રોથી, (૩) મંત્ર-તંત્રના યોગથી, (૪) ઘણા આહારથી, (૫) શૂળાદિકની વેદનાથી, (૬) સર્પાદિકથી અને (૭) પોતાના શ્વાસોચ્છ્વાસ ઘટી જવાથી.

**શ્રાવકોએ રાખવાનાં સાતપ્રકારનાં ગળણાં**-(૧) જલનું, (૨) ખાળનું, (૩) આછણનું, (૪) છાશનું, (૫) ઘીનું, (૬) તેલનું અને (૭) ચૂર્ણ (લોટ)નું.

**શ્રાવકોને રાખવાનાં સાત પ્રકારનાં ધોતિયાં**-(૧) સામાયિક-પ્રતિક્રમણ કરવા માટે, (૨) દેવપૂજા કરવા માટે, (૩) ભોજન કરવા માટે, (૪) બજારમાં ફરવા માટે, (૫) રાતે સૂતી વખતે પહેરવા માટે, (૬) વડીનીતિ-જંગલ જવા માટે અને (૭) દેવપૂજા વખતે નાહીને પહેરવા માટે.

## સાત નિહ્નવો

(૧) **જમાલિ**-(બહુરત) 'ઘણે લાંબે કાળે વસ્તુ ઉત્પન્ન થાય' એવા વાદના સ્થાપક. તેઓ શ્રીમહાવીર-સ્વામીના કેવળજ્ઞાન પછી ચૌદ વર્ષે શ્રાવસ્તિ નગરીમાં થયા. તેઓ મહાવીર પ્રભુના જમાઈ હતા.

**તિષ્યગુપ્તાચાર્ય**-(પ્રદેશ) 'આત્માના સર્વ પ્રદેશમાં જીવત્વ નહીં માનતાં છેલ્લા પ્રદેશમાં જ જીવત્વ છે' એમ માનનારા. તેઓ શ્રીમહાવીરસ્વામીના કેવળજ્ઞાન પછી સોળ

**પ્રભુ નામનો આળસુ, ભોજનમેં હુંશિયાર;**
**સાધુની નિંદા કરે, વાર વાર ધિક્કાર.**

વર્ષે ઋષભપુર નગરમાં થયા. છેવટે આમલકપ્પા નગરીમાં મિત્રશ્રી શ્રાવકથી પ્રતિબોધ પામ્યા.

(૩) **આષાઢાચાર્ય**–(અવ્યક્ત) 'આ સાધુ છે કે દેવ છે?' એમ સંદિગ્ધ મનવાળા તેઓ વીરનિર્વાણ પછી ૨૧૪ વર્ષે શ્વેતિકા નગરીમાં થયા. તેઓ રાજગૃહીના રાજા બળભદ્રથી પ્રતિબોધ પામ્યા.

(૪) **અશ્વમિત્રાચાર્ય**–(સામુચ્છેદિક) 'દરેક વસ્તુ ક્ષણે ક્ષણે નાશ પામે છે' એમ પ્રરૂપનાર. તેઓ વીરનિર્વાણ પછી ૨૨૦ વર્ષે મિથિલા નગરીમાં થયા. તેઓ રાજગૃહ નગરીમાં ખંડરક્ષક શ્રાવકથી પ્રતિબોધ પામ્યા. તેઓ આર્ય કૌડિન્યના શિષ્ય હતા.

(૫) **ગંગાચાર્ય**–(દ્વિક્રિય) 'એક જ સમયે એક આત્મા બે ઉપયોગવાળી ક્રિયા કરી શકે' એમ માનનાર. તેઓ વીરનિર્વાણ બાદ ૨૨૮ વર્ષે ઉલ્લુકાતીર નગરમાં થયા. રાજગૃહમાં મણિનાગ નામના યક્ષથી પ્રતિબોધ પામ્યા. તેઓ શ્રીધનગુપ્તસૂરિજીના શિષ્ય હતા.

(૬) **રોહગુપ્ત**–(ત્રિરાશિક)ષડુલુકાચાર્ય–'જીવ, અજીવ અને નોજીવ એમ સર્વ વસ્તુઓમાં ત્રણ ત્રણ રાશિ'ના સ્થાપક. તેઓ અંતરંજિકા નગરીમાં વીરનિર્વાણ પછી ૫૪૪ વર્ષે થયા. તેઓ વૈશેષિક મતના પ્રરૂપક થયા.

ઉદ્યમ કરતાં માનવી, શું નવી સીઝે કાજ;
રામે રયણાયર તરી, લીધું લંકારાજ.

(૭) **ગોષ્ઠામાહિલ** ( અબદ્ધિક )–'સર્પ અને કાંચળીની માફક જીવ અને કર્મનો સંબંધ છે' એમ પ્રરૂપનાર. તેઓ વીરનિર્વાણ પછી ૫૮૪ વર્ષે દશપુરનગરમાં થયા. શ્રી સીમંધરસ્વામી પાસેથી ખુલાસો આવ્યા છતાં પોતાના મિથ્યા મતને ( –મિથ્યાત્વને ) વળગી રહ્યા.

## રાજ્યનાં સાત અંગો

(૧) હાથી, (૨) ઘોડા, (૩) રથ, (૪) પાયદળ, (૫) ભંડાર, (૬) અન્નકોઠાર અને (૭) કિલ્લો.

## સાત પ્રકારની શુદ્ધિ

'અંગ વસન મન ભૂમિકા, પૂજોપકરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.'

(૧) **અંગશુદ્ધિ**-શરીર બરાબર શુદ્ધ થઈ રહે તેટલા પ્રમાણના અચિત્ત જળથી સ્નાન કરીને, શરીર રૂમાલથી લૂછીને પાણી ઢોળતાં જીવજંતુની વિરાધના ન થાય તે રીતે શરીર શુદ્ધ કરવાનું ધ્યાનમાં રાખવું.

(૨) **વસ્ત્રશુદ્ધિ**–પૂજા માટે પુરુષોએ બે વસ્ત્ર અને સ્ત્રીઓએ ત્રણ વસ્ત્ર તથા રૂમાલ રાખવો. પુરુષોએ અષ્ટપડ મુખકોશ બાંધવો. ગંજીફરાક વગેરે વાપરવું નહિ. પૂજાનાં વસ્ત્રો સફેદ અને સારાં રાખવાં, રેશમી ન વાપરવાં.

**ભૂલ થઈ કે ચેતવું, એ જ ખરો ઉપાય;**
**ભૂલ્યા ત્યાંથી ફરી ગણો, જેથી ભૂલ ગણાય.**

(૩) **મનશુદ્ધિ**–જેમ બને તેમ મનને પૂજામાં સ્થિર કરવું. સંસારના રગડાઝઘડા–ખટપટ વગેરે ખોટા વિચારોને ભૂલી જવા.

(૪) **ભૂમિશુદ્ધિ**–દેરાસરમાં કાજો–કચરો બરાબર લીધો કે કેમ તે જોવું. પૂજાનાં ઉપકરણો લેતાં મૂકતાં તેની જગ્યા જોઈને મૂકવાં.

(૫) **ઉપકરણશુદ્ધિ**–પૂજાનાં જોઈતાં ઉપકરણો કેસર, સુખડ, પુષ્પ, ધૂપ, અગરબત્તી, દીપક, ચોખા, ફળ, નૈવેદ્ય વગેરે બને ત્યાં સુધી ઘરનાં વાપરવાં.

(૬) **દ્રવ્યશુદ્ધિ**–જિનપૂજા આદિ શુભકાર્યમાં જો ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય હોય તો ભાવની વૃદ્ધિ થાય છે.

(૭) **વિધિશુદ્ધિ**–સ્નાન કરીને શુદ્ધ ઊજળાં વસ્ત્ર પહેરી, પૂજાનાં ઉપકરણો લઈ શુભ ભાવના ભાવતાં જિનમંદિરે જવું. રસ્તામાં અશુદ્ધ વસ્તુનો સ્પર્શ ન થઈ જાય તથા સંસારી વેપારની ખટપટમાં ન પડતાં એક જ ધ્યાનથી જવું.

## સાત યાત્રાનું ફળ

ચઉવિહારી છટ્ઠ કરી શત્રુંજયની સાત યાત્રા કરે તે ત્રીજે ભવે મોક્ષે જાય.

## ચોરના સાત પ્રકાર

(૧) ચોર, (૨) ચોરી કરાવનાર, (૩) ચોરની સાથે

વહેતાં પાણી નિર્મળાં, બાંધ્યાં ગંદિલાં હોય;
સાધુજન ભમતા ભલા, ડાઘ ન લાગે કોય.

છાની વાત કરનાર, (૪) ચોરનો ભેદ જાણનાર, (૫) ચોરથી લેણદેણ કરનાર, (૬) ચોરની વસ્તુ લઈ વેચનાર અને (૭) ચોરને સ્થાન આપનાર.

## ક્યા સાતથી શું ઘટે?

(૧) મૂર્ખના સંગથી જ્ઞાન ઘટે, (૨) ધીરજ વિના ધ્યાન ઘટે, (૩) મૂંગાના સંગથી પ્રીત ઘટે, (૪) નિત્ય જવાથી ભાવ ઘટે, (૫) સત્સંગથી શોક ઘટે, (૬) ઔષધથી રોગ ઘટે અને (૭) પ્રભુભજનથી દારિદ્રય જાય.

## સાત નય

વસ્તુમાં રહેલા અનંત ધર્મોમાંથી કોઈ એક ધર્મનું સાપેક્ષ દૃષ્ટિથી નિરૂપણ કરે તેને જૈન ભાષામાં "નય" કહે છે. તેના ટૂંકમાં બે ભેદ. (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

(૧) **દ્રવ્યાર્થિક નય**–મૂળ વસ્તુનું સાપેક્ષ દૃષ્ટિથી નિરૂપણ કરવાવાળા સામાન્ય અંશગામી–વિચારને 'દ્રવ્યાર્થિક નય' કહે છે.

(૨) **પર્યાયાર્થિક નય**–વસ્તુમાં રહેલા અનંત ધર્મો પૈકી એકનું સાપેક્ષ દૃષ્ટિથી નિરૂપણ કરવાના વિશેષ અંગગામી વિચારને 'પર્યાયાર્થિક નય' કહે છે.

આ બન્નેના સાત પ્રકાર છે—

કામ ક્રોધ મદ લોભકી, જબ લગ મનમેં ખાણ;
કહાં મૂર્ખ કહાં પંડિતા, દોનો એક સમાન.

(૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત.

(૧) **નગમ નય**–લૌકિક રૂઢિ કે સંસ્કારના અનુસરણમાંથી જે વિચાર જન્મે તેને 'નૈગમ નય' કહે છે. દા. ત.–કોઈ પુરુષ ડગલો શીવડાવવા માટે દરજીને ત્યાં જતો હોય, તે પહેલાં કાપડિયાની દુકાને જતાં માર્ગમાં મળેલા મિત્રને કહે કે હું ડગલો શીવડાવવા જાઉં છું, તો તે કહેલું નૈગમ નયના આધારે ખરું છે. કારણ કે, કાપડિયાની દુકાનેથી કપડું ખરીદ કરીને પછી તેનો ડગલો શીવડાવવાનો ઇરાદો છે.

(૨) **સંગ્રહ નય**–સામાન્ય પ્રકારે વસ્તુઓનો સમુચ્ચય કરી કથન કરવું એ 'સંગ્રહ નય' છે. દા. ત.–એક પુરુષ બીજાને કહે કે–હું તને લાડુ જમાડીશ (તો લાડુની સાથે દાળ, ભાત, શાક વગેરે સમાઈ જાય છે) માટે તે કહેલું સંગ્રહ નયને આધારે ખરું છે.

(૩) **વ્યવહારનય તથા નિશ્ચય નય**–આચાર અથવા વ્યવહારનો આધાર લઈ કોઈને કાંઈ પણ કહેવું અર્થાત્ પૃથક્કરણરૂપ બુદ્ધિ વ્યાપાર તે 'વ્યવહાર નય.' નિશ્ચય નયના આધારે તો જીવ મરતો જ નથી; કારણ કે જીવ અમર છે.

(૪) **શબ્દ નય**–તેના ચાર ભેદ છે—નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ; એ ચારેના આધારે જે બોલવું તે 'શબ્દ નય.'

ગોધન ગજધન બાજધન, ઔર રત્નધન ખાન;
જબ આવે સંતોષધન, સબ ધન ધૂળ સમાન.

(૫) **ઋજુસૂત્ર નય**-વસ્તુના વર્તમાન પર્યાયો જોઈ કહી નાખવું, તે વર્તમાનગ્રાહી 'ઋજુસૂત્ર નય' કહેવાય છે. દા. ત.-જે વિચાર શબ્દપ્રધાન કેટલાક શાબ્દિક ધર્મો તરફ લક્ષ રાખીને અર્થભેદ કલ્પે તેને 'શબ્દ નય' કહે છે. જેમ કોઈ શ્રાવકમાં સાધુના જેવા ગુણ જોઈને તેને સાધુ કહેવો તે 'ઋજુસૂત્ર નય'ના આધારે ખરું છે.

(૬) **સમભિરૂઢ નય**-પર્યાય શબ્દોના ભેદથી અર્થનો ભેદ માનવો અને વ્યુત્પત્તિભેદ પણ અર્થભેદક છે એટલે કાર્યનો કાંઈક અંશ ઓછો હોય, પણ તે કાર્યને પૂર્ણતાથી કર્યું તેમ કહેવું તે 'સમભિરૂઢ નય' કહેવાય છે. 'દા.ત.-કેવળી સિદ્ધ થવાના છે, તેમને સિદ્ધ કહેવા' 'સમભિરૂઢ નય' ને આધારે ખરું છે.

(૭) **એવંભૂત નય**-જે વિચાર, શબ્દથી ફલિત થતો અર્થ ઘટતો હોય ત્યારે જ તે વસ્તુને તે રૂપે સ્વીકારે; બીજી વખતે નહિ તેને 'એવંભૂત નય' કહે છે. અર્થાત્ 'કાર્ય પૂરું થયે જ કાર્ય થયું' તેમ જે કહેવું તે. દા. ત. -સ્ત્રી ઘડામાં પાણી ભરીને જતી હોય ત્યારે જ તેને ઘડો કહેવો તે એવંભૂત નયના આધારે ખરું છે.

આ સાતે નયની બાબત ઘણી જ સૂક્ષ્મ છે, માટે ગુરુગમથી જાણવા પ્રયત્ન કરવો.

---

જન્મદુઃખં જરાદુઃખં, મૃત્યુદુઃખં પુનઃ પુનઃ;
સંસારે સાગરે દુઃખં, તસ્માત્ જાગ્રત જાગ્રત.

## આઠની સંખ્યા

**સિદ્ધના આઠ ગુણ**–(૧) અનંત જ્ઞાન, (૨) અનંત દર્શન, (૩) અનંત ચારિત્ર, (૪) અનંત વીર્ય, (૫) અવ્યાબાધ સુખ, (૬) અક્ષય સ્થિતિ, (૭) અરૂપીપણું અને (૮) અગુરુલઘુ.

**અષ્ટપ્રકારી પૂજા**–(૧) જળ, (૨) ચંદન, (૩) કુસુમ, (**ત્રણ અંગપૂજા**) (૪) ધૂપ, (૫) દીપ, (૬) અક્ષત, (૭) ફળ અને (૮) નૈવેદ્ય એ **પાંચ અગ્રપૂજા,** ચૈત્યવંદન સ્તવનાદિ **ભાવપૂજા** કહેવાય છે.

**આઠ મંગળનાં નામ**–(૧) દર્પણ, (૨) વર્ધમાન, (૩) કલશ, (૪) મત્સ્ય–યુગ્મ, (૫) શ્રીવત્સ, (૬) સ્વસ્તિક, (૭) નંદાવર્ત અને (૮) ભદ્રાસન.

**આઠ પ્રાતિહાર્ય**–(૧) અશોકવૃક્ષ, (૨) સુરપુષ્પવૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ, (૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડળ (૭) દુંદુભિ અને (૮) છત્ર.

**આઠ પ્રકારના મદ**–(૧) **જાતિમદ**–હરિકેશીમુનિએ કર્યો હતો. (૨) **કુળમદ**–મરીચિએ કર્યો હતો. (૩) **બળમદ**–શ્રેણિક તથા વસુભૂતિએ કર્યો હતો. (૪) **રૂપમદ**–સનત્કુમાર ચક્રવર્તીએ કર્યો હતો. (૫) **તપમદ**–કુરગડુ ઋષિએ કર્યો હતો. (૬) **ઋદ્ધિમદ**–દશાર્ણભદ્ર રાજાએ કર્યો હતો. (૭) **વિદ્યામદ**

દીધે ગાલી એક હૈ, પલટે ગાલી અનેક;
જો ગાલી દેવે નહીં તો, રહે એકકી એક.

–સ્થૂલિભદ્રજીએ કર્યો હતો અને (૮) **લોભમદ**–સુભૂમ ચક્રવર્ત્તીએ કર્યો હતો.

**આઠ સિદ્ધિઓ** ( અષ્ટ મહાસિદ્ધિ )

(૧) **અણિમા**–આ લબ્ધિથી શરીર એટલું બધું સૂક્ષ્મ કરી શકાય કે સોયના નાકામાંથી પોતે પસાર થઈ શકે.

(૨) **મહિમા**–આ લબ્ધિથી મેરુપર્વત કરતાં પણ મોટું શરીર કરી શકાય.

(૩) **લઘિમા**–આ લબ્ધિથી પોતાનું શરીર વજનમાં પવન કરતાં પણ હલકું કરી શકાય.

(૪) **ગરિમા**–આ લબ્ધિથી પોતાનું શરીર એટલું બધું વજનદાર બનાવી શકાય કે વજ્ર કરતાં પણ ભારે થઈ જાય.

(૫) **પ્રાપ્તિ શક્તિ**–આ લબ્ધિથી પોતાના શરીરની એટલી બધી ઊંચાઈ કરી શકે કે પોતે ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલીના અગ્રભાગવડે મેરુપર્વતની ટોચને અને ગ્રહાદિકને સ્પર્શ કરી શકે ( વૈક્રિય શરીર નહીં ).

(૬) **પ્રાકામ્ય શક્તિ**–આ લબ્ધિથી પાણીની માફક જમીનમાં ડૂબકી મારી શકે અને જમીનની માફક પાણી ઉપર ચાલી શકે.

(૭) **ઈશિત્વ**–આ લબ્ધિથી તીર્થંકર તથા ચક્રવર્ત્તીની અને ઇંદ્રની ઋદ્ધિ પ્રકટ કરવાને શક્તિમાન થઈ શકે.

અધિકાર પામી જગતમેં, કરે ન જો ઉપકાર;
અધિકારમાંથી અ ગયો, તો પાછળ રહ્યો ધિક્કાર.

(૮) **વશિત્વ**–આ લબ્ધિથી સિંહાદિક ક્રૂર વિકરાળ જાનવરો પણ પોતાને વશ થઈ જાય.

## કર્મના આઠ ભેદો.

(૧) **જ્ઞાનાવરણીય**–એ કર્મ આત્માની જ્ઞાનશકિતને દબાવી રાખે છે.

(૨) **દર્શનાવરણીય**–એ કર્મ દર્શનશકિતને દબાવે છે.

(૩) **વેદનીય**–એ કર્મ સુખ દુઃખનો અનુભવ કરાવે છે.

(૪) **મોહનીય**–એ કર્મ મોહના કારણે અધોગતિએ લઈ જવાનું કામ કરે છે; જે શ્રદ્ધા અને સંયમમાં વિઘ્નરૂપ બને છે.

(૫) **આયુષ્ય**–એ કર્મ જીવ કયાં સુધી તે ભવમાં રહેશે તે નક્કી કરે છે. સર્વથા ક્ષય થાય તો જ મોક્ષે જાય.

(૬) **નામ**–આ કર્મ શુભ, અશુભ, શરીર, રૂપ, યશનું કારણ છે.

(૭) **ગોત્ર**–આ અમુક કર્મ ઉચ્ચ છે, નીચ છે એવા વ્યવહારનું કારણ છે.

(૮) **અંતરાય**–આ કર્મ સારાં કામમાં વિઘ્ન નાખનારું છે.

આમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય; આ ચાર કર્મ ઘાતી કર્મો કહેવાય. તેનો નાશ થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. બાકીનાં ચાર વેદનીય, આયુષ્ય, નામ

પઢના લિખના ચાતુરી, તીનેં બાતેં સહેલ;
કામ-દહન મન વશીકરણ, ગગન ચઢન મુશ્કેલ.

અને ગોત્રના અઘાતી કર્મો કહેવાય. એ આઠે કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જીવ મોક્ષે જાય.

## અષ્ટ પ્રવચનમાતા

### પાંચ સમિતિ

(૧) **ઇરિયાસમિતિ**–સાડાત્રણ હાથ પ્રમાણ આગળ નીચે દૃષ્ટિ રાખીને ભૂમિ જોતાં જયણાએ ચાલવું.

(૨) **ભાષાસમિતિ**–સાવદ્ય વચન બોલવું નહિ એટલે બીજાને દુઃખ ન થાય તેવી રીતે બોલવું.

(૩) **એષણાસમિતિ**–૪૨ દોષ રહિત નિર્દોષ આહાર–પાણી લેવાં.

(૪) **આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ**–વસ્ત્ર, પાત્ર વગેરે પૂજ્યા (ખંચેર્યા–લૂછ્યા) વિના લેવાં–મૂકવાં નહિ.

(૫) **પારિષ્ઠાપનિકાસમિતિ**–ઠલ્લો, માત્રાદિ અણુ-પૂજી (સાફ કર્યા વિનાની) જીવાકુળ ભૂમિએ પરઠવવાં નહિ.

### ત્રણ ગુપ્તિ

(૬) **મનગુપ્તિ**–મનમાં આર્ત્ત, રૌદ્ર ધ્યાન ધ્યાવવાં નહિ.

(૭) **વચનગુપ્તિ**–નિરવદ્ય વચન પણ કારણ વિના બોલવાં નહિ.

(૮) **કાયગુપ્તિ**–શરીર અણપડિલેહ્યું હલાવવું નહિ.

આળસ ત્યજી ઉદ્યમ કરો, ચિત્તમાં કરી વિચાર;
સુખી થશો તેથી સદા, નહિ તો થશો ખુવાર.

**અભવી આઠ જણ**–(૧) સંગમ દેવ, (૨) કાલ કસાઈ, (૩) કપિલા દાસી, (૫) અંગમર્દક આચાર્ય (૫) રોહગુપ્ત, (૬) પાલક મુનિ, (૭) પાલક રાજપુત્ર (કૃષ્ણસુત) અને (૮) વિનયરત્ન મુનિ (ઉદાયી રાજાને મારનાર.)

**આઠને ભરોસે રહેવું નહિ**–(૧) વેશ્યા, (૨) રાજા, (૩) સર્પ, (૪) અધ્યયન, (૫) શસ્ત્ર, (૬) વિષયભોગ, (૭) આયુષ્ય અને (૮) દ્રવ્ય.

**અથવા–**

(૧) કામ, (૨) સર્પ, (૩) જળ, (૪) અગ્નિ, (૫) વેશ્યા, (૬) રોગ, (૭) શત્રુ અને (૮) રાજા.

**આઠ દષ્ટિ**–(૧) **મિત્રા**, (૨) **તારા**, (૩) **બલા**, (૪) **દીપ્રા**, (૫) **સ્થિરા**, (૬) **કાંતા**, (૭) **પ્રભા** અને (૮) **પરા.**

(૧) મિત્રાદૃષ્ટિ તૃણકણાગ્નિ જેવી, (૨) તારાદષ્ટિ ગોમય કણાગ્નિ જેવી, (૩) બલાદષ્ટિ કાષ્ઠ કણાગ્નિ જેવી, (૪) દીપ્રાદષ્ટિ દીપપ્રભા જેવી, (૫) સ્થિરાદષ્ટિ રત્નપ્રભા જેવી, (૬) કાંતાદષ્ટિ તારાપ્રભા જેવી, (૭) પ્રભાદષ્ટિ સૂર્યપ્રભા જેવી અને (૮) પરાદષ્ટિ ચંદ્રપ્રભા જેવી.

**બુદ્ધિના આઠ ગુણ**–(૧) શુશ્રૂષા, (૨) શ્રવણ, (૩) ગ્રહણ, (૪) અવધારણ, (૫) ઊહાપોહ, (૬) અર્થવિજ્ઞાન,

**જબ તુમ આયે જગતમેં, જગત હસત તુમ રોય;**
**અબ કરણી ઐસી કર ચલો, તુમ હસત જગ રોય.**

(૭) તત્ત્વવિજ્ઞાન અને (૮) નિરીક્ષણ.

## આઠ વસ્તુઓ કોના જેવી ?

(૧) **ક્રોધ** સમાન **ઝેર** નહિ, (૨) **માન** સમાન **વૈરી** નહિ, (૩) **માયા** સમાન **ભય** નહિ, (૪) **લોભ** સમાન **દુઃખ** નહિ, (૫) **સંતોષ** સમાન **સુખ** નહિ, (૬) **પચ્ચક્ખાણ** સમાન **હેતુ** (કારણ) નહિ, (૭) **દયા** સમાન **અમૃત** નહિ અને (૮) **સત્ય** સમાન **શરણ** નહિ.

## આઠ પ્રકારનો આદર કરવો

(૧) જ્ઞાન જાણવાનો ઉદ્યમ કરવો, (૨) નવાં કર્મોને આવતાં રોકવાં, (૩) જૂનાં કર્મો તપશ્ચર્યા કરી નષ્ટ કરવાં, (૪) નિર્ધન ઉપર સ્નેહ રાખવો, (૫) નવીન સાધુને જ્ઞાન આપવું-ભણાવવું, (૬) ભણીને વિચારવું, (૭) પોતાની જ્ઞાતિમાં કલેશ થયો હોય તો તે શાંત કરવો, અને (૮) વૃદ્ધ, બાળ, ગ્લાન, તપસ્વીની વૈયાવચ્ચ કરવી.

## આઠ પ્રકારના મિત્રો

(૧) જન્મપર્યંતનો મિત્ર **માતા**, (૨) ઘરનો મિત્ર **સ્ત્રી** અને **ધન**, (૩) દેહનો મિત્ર **અન્ન**, (૪) આત્માનો મિત્ર **જ્ઞાન**, **દર્શન** અને **ચારિત્ર**, (૫) રોગીનો મિત્ર **ઔષધ**, (૬) સંગ્રામનો મિત્ર **હાથ**, (૭) પરદેશનો મિત્ર **વિદ્યા** અને (૮) અંતસમયનો મિત્ર **પરમાત્મા**.

---

**સંપથી સંપત્તિ સાંપડે, સંપથી જાય કલેશ;**
**જેન ઘરમાં સંપ નહિ, ત્યાં સુખ નહિ લવલેશ.**

## નવની સંખ્યા

**નવ લોકાંતિક દેવો**–(૧) સારસ્વત, (૨) આદિત્ય, (૩) વરુણ, (૪) વહ્નિ, (૫) ગર્દિત, (૬) તુષિત, (૭) અવ્યાબાધ, (૮) આગ્નેય, (૯) અરિષ્ટ. આ નવે લોકાંતિક દેવો પાંચમા બ્રહ્મ દેવલોકે ત્રીજે પ્રતરે આઠ સાગરોપમના આયુષ્યવાળા, મહાસુખિયા, તીર્થંકરને દીક્ષાકલ્યાણક જણાવનારા અને એકાવતારી હોય છે.

## તીર્થંકર નામકર્મ બાંધનાર નવ જણ

ભગવંત મહાવીરના સમયમાં–(૧) શ્રેણિક રાજા, (૨) શ્રી. મહાવીરસ્વામીના કાકા સુપાર્શ્વ, (૩) પોટ્ટિલ અનગાર, (૪) શ્રેણિકના પુત્ર ઉદાયી, (૫) શ્રાવસ્તી નગરીનો શ્રાવક શંખ, (૬) શતક જેનું બીજું નામ પુષ્કલી હતું તે, (૭) દૃઢાયુ, (૮) બત્રીશ પુત્રને જન્મ આપનાર સુલસા અને (૯) ભગવંતને બીજોરાપાક વહોરાવનાર શ્રાવિકા રેવતી.

**નવ વાસુદેવ**–(૧) ત્રિપૃષ્ઠ, (૨) દ્વિપૃષ્ઠ, (૩) સ્વયંભૂ, (૪) પુરુષોત્તમ, (૫) પુરુષસિંહ, (૬) પુરુષ પુંડરીક, (૭) દત્ત, (૮) લક્ષ્મણ, (૯) કૃષ્ણ.

**નવ પ્રતિવાસુદેવ**–(૧) અશ્વગ્રીવ, (૨) તારક, (૩) મેરક, (૪) મધુકૈટભ, (૫) નિશુંભ, (૬) બલી, (૭) પ્રહ્લાદ, (૮) રાવણ, (૯) જરાસંધ.

**મરના મરના કયા કરે, મરી ન જાણે કોય;**
**મરના ઐસા કીજીએ, ફીર મરના નવ હોય.**

**નવ બલદેવ**-(૧) અચલ, (૨) વિજય, (૩) સુભદ્ર, (૪) સુપ્રભ, (૫) સુદર્શન, (૬) આનંદ, (૭) નંદન, (૮) પદ્મ ( રામચંદ્ર ), (૯) રામ ( બલરામ )

**નવ પ્રકારના પરિગ્રહ**-(૧) ધન, (૨) ધાન્ય, (૩) રૂપું, (૪) સોનું, (૫) ક્ષેત્ર, (૬) વાસ્તુ, (૭) દ્વિપદ, (૮) ચતુષ્પદ ( ગાય, ભેંસ વગેરે ), ૯. કુપ્ય ( સોના-રૂપા સિવાયની ધાતુઓ. )

**શિયળની નવ વાડ**-(૧) સ્ત્રી, પશુ, નપુંસક રહિત એવા સ્થાનમાં વાસ કરવો, (૨) સ્ત્રીની પાસે સરાગપણે કથા -વાર્તા કરવી નહિ, (૩) સ્ત્રી જે આસને બેઠી હોય, તે આસને પુરુષે બે ઘડી બેસવું નહિ, (૪) સ્ત્રીનાં અંગોપાંગ સરાગપણે જોવાં નહિ, (૫) જ્યાં સ્ત્રી પુરુષ સૂતાં હોય તથા કામક્રીડાની વાતો કરતાં હોય ત્યાં ભીંત પ્રમુખને આંતરે રહેવું નહીં, (૬) સ્ત્રીની સાથે પૂર્વે ભોગવેલા ભોગોને સંભારવા નહિ, (૭) વિકાર કરનાર હોવાથી સ્નિગ્ધ આહાર છોડી દેવો, (૮) નીરસ આહાર પણ વધારે કરવો નહિ અને (૯) શરીરની શોભા વગેરે કરવી નહિ.

**નવ પ્રકારના રસ**—(૧) હાસ્ય, (૨) કરુણા, (૩) રૌદ્ર, (૪) વીર, (૫) ભયાનક, (૬) બિભત્સ, (૭) અદ્‌ભુત, (૮) શાંત અને (૯) શૃંગાર.

**મન મોતી ઓર દૂધકા, તીનોં એક સ્વભાવ;**
**ફાટ પીછે ના મિલે, કોટિ જતન બનાવ.**

## નવપદનાં નામ, ગુણ અને વર્ણ

(૧) અરિહંત–૧૨–ધોળો. (૨) સિદ્ધ–૮–રાતો. (૩) આચાર્ય–૩૬–પીળો. (૪) ઉપાધ્યાય–૨૫–લીલો. (૫) સાધુ–૨૭–કાળો. (૬) દર્શન–૬૭–ધોળો. (૭) જ્ઞાન–૫૧–ધોળો. (૮) ચારિત્ર–૭૦–ધોળો. (૯) તપ–૫૦–ધોળો.

અરિહંત તથા સિદ્ધ **દેવ**, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ **ગુરુ** તથા દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ **ધર્મ**.

## પ્રભુનાં પૂજનીય નવ અંગ

(૧) પ્રભુના જમણા–ડાબા અંગૂઠા, (૨) પ્રભુના જમણા–ડાબા ઢીંચણ, (૩) પ્રભુનાં જમણાં–ડાબાં કાંડાં, (૪) પ્રભુના જમણા–ડાબા ખભા, (૫) પ્રભુનું મસ્તક–શિખા, (૬) પ્રભુનું લલાટ, (૭) પ્રભુનો કંઠ, (૮) પ્રભુની છાતી અને (૯) પ્રભુની નાભિ.

## શત્રુંજયની નવ ટૂંકો

(૧) સદા–સોમજી (ખરતરવસહી), (૨) છીપાવસહી, (૩) સાકરચંદ પ્રેમચંદની ટૂંક, (૪) ઉજમબાઈની ટૂંક (૫) હેમાભાઈની ટૂંક (૬) પ્રેમચંદ મોદીની ટૂંક (૭) બાલાભાઈની ટૂંક (૮) મોતીશા શેઠની ટૂંક અને (૯) દાદા શ્રીઋષભદેવની ટૂંક. (ટૂંક એટલે મંદિરોનો સમૂહ)

**નવ પ્રકારના નિધિઓ**–(૧) નૈસર્પ, (૨) પાંડુક,

**ઉત્તમ કુળ નરભવ લહી, પામ્યો ધર્મ જિનરાય;**
**પ્રમાદ મૂકી કીજીયે, ખિણ લાખીણો જાય.**

(૩) પિંગલ, (૪) સર્વરત્ન, (૫) મહાપદ્મ, (૬) કાળ, (૭) મહાકાળ, (૮) માણવક અને (૯) શંખ.

---

## દશની સંખ્યા

**દશ પ્રકારની સંજ્ઞા**—(૧) આહાર, (૨) ભય, (૩) પરિગ્રહ, (૪) મૈથુન, (૫) ક્રોધ, (૬) માન, (૭) માયા, (૮) લોભ, (૯) ઓઘ અને (૧૦) લોક.

**જિનભવનમાં ટાળવા યોગ્ય દશ મોટી આશાતનાઓ**–(૧) તંબોલ, (૨) પાણી, (૩) ભોજન, (૪) વાણી, (૫) સ્ત્રીસંભોગ, (૬) શયન, (૭) થૂંકવું, (૮) લઘુનીતિ, (૯) વડીનીતિ અને (૧૦) જુગાર.

**જીવના દશ પ્રાણ**—(૧) સ્પર્શેંદ્રિય (૨) રસેંદ્રિય, (૩) ઘ્રાણેંદ્રિય, (૪) ચક્ષુરિંદ્રિય, (૫) શ્રોત્રેંદ્રિય, (૬) મનબળ, વચનબળ (૮) કાયબળ, (૯) શ્વાસોચ્છ્વાસ અને (૧૦) આયુષ્ય.

**શ્રી મહાવીર ભગવંતના દશ શ્રાવકો**

(૧) આણંદ, (૨) કામદેવ, (૩) ચુલનીપિતા, (૪) સુરદેવ, (૫) ચુલ્લશતક, (૬) કુડકોલિક, (૭) સદ્દાલપુત્ર, (૮) મહાશતક, (૯) નંદિનીપિતા અને (૧૦) તેતલીપિતા.

**દશ કારણથી દીક્ષા લઈ શકાય**—(૧) પોતાની

જિસું કીજે તિસું પાઇએ, કરે તેસા ફળ જોય;
સુખ દુઃખ આપ કમાઇએ, દોષ ન દીજે કોય.

ઇચ્છાથી, (૨) રોષથી, (૩) વૃદ્ધ અવસ્થાથી, (૪) જાતિ–સ્મરણ જ્ઞાનથી ( મૃગાપુત્રની પેઠે ), (૫) તૃષ્ણાથી ( કપિલની પેઠે ), (૬) ગુરુ ઉપદેશથી ( શ્રી આદિનાથના ૯૮ પુત્રોની પેઠે ), (૭) 'દેવનું આયુષ્ય થોડું છે' એમ કહેવાથી, (૮) મોહથી ( ભૃગુ–પુરોહિતની પેઠે ), (૯) રોગ ઉત્પન્ન થવાથી ( અનાથી મુનિની પેઠે ) અને (૧૦) કોઈ માને નહિ ત્યારે ( તેતલીસુતની પેઠે. )

**જીવને દશ વસ્તુઓ દુર્લભ છે.**—(૧) મનુષ્ય જન્મ, (૨) આર્ય ક્ષેત્ર, (૩) પંચેંદ્રિય પટુપણું (૪) ઉત્તમ કુળ, (૫) દીર્ઘ આયુષ્ય, (૬) નીરોગી શરીર, (૭) સદ્ગુરુનો યોગ, (૮) સિદ્ધાંતશ્રવણ, (૯) દેવ, ગુરુ, ધર્મની ઉપર શ્રદ્ધા અને (૧૦) તપ, સંયમમાં બલ–વીર્ય ફોરવવું.

**દશ જણની વૈયાવચ્ચ કરવી**—તીર્થંકરની, (૨) ગણધરની, (૩) આચાર્યની, (૪) ઉપાધ્યાયની, (૫) સ્થવિરની, (૬) તપસ્વીની (૭) ગ્લાનની, (૮) નવદીક્ષિતની (૯) સંઘની અને (૧૦) સાધર્મિકની.

## દશ દષ્ટાંતે મનુષ્ય જન્મ દુર્લભ

(૧) ભોજન, (૨) પાસા, (૩) ધાન્ય, (૪) જુગાર, (૫) રત્ન, (૬) સ્વપ્ન, (૭) રાધાવેધ, (૮) શેવાલ, (૯) યોંસરું અને (૧૦) પરમાણુ.

**દોષ દીજે નિજ કર્મને, જેણે નવિ કીધો ધર્મ;**
**ધર્મ વિના સુખ નવિ મળે, એ જિનશાસન મર્મ.**

## દશ અચ્છેરાં (આશ્ચર્ય)

(૧) કોઈ પણ તીર્થંકરને કેવળજ્ઞાન થયા પછી ઉપસર્ગ થાય નહીં છતાં ભગવંત મહાવીરને ગોશાળાએ ઉપસર્ગ કર્યો.

(૨) સ્રીવેદે તીર્થંકર થાય નહીં છતાં મલ્લિનાથ સ્ત્રી-પણે થયા.

(૩) ગર્ભનું પલટાવું બને નહીં છતાં શ્રી. મહાવીર-સ્વામીની બાબતમાં બન્યું.

(૪) તીર્થંકર પરમાત્માની દેશના ખાલી જાય નહિ છતાં ભગવંત મહાવીરસ્વામીની પ્રથમ દેશના ખાલી ગઈ.

(૫) વાસુદેવ પોતાના દ્વીપથી બીજે જાય નહીં છતાં કૃષ્ણ વાસુદેવ અપરકંકા નગરીમાં દ્રૌપદીને લેવા ગયા.

(૬) યુગલિયા મરીને નરકે જાય નહીં, છતાં હરિ અને હરિણીનું જોડલું નરકે ગયું.

(૭) ભવનપતિના દેવો ઉપલા દેવલોકમાં જઈ શકે નહિ પણ ચમરેન્દ્ર સૌધર્મ દેવલોકમાં ગયા.

(૮) પાંચસો ધનુષ્યની અવગાહનાવાળા ૧૦૮ એક સમયે સિદ્ધિપદ પામે નહીં છતાં અષ્ટાપદ પર ઋષભદેવ તથા ભરતના પુત્રો કુલે ૧૦૮ સિદ્ધિપદ પામ્યા.

(૯) દેવો પોતાના મૂળ વિમાનો સહિત પૃથ્વી પર

---

**વાવી કૂરી કોદરી, તો કયું લુણીએ સાળ;**
**પુણ્ય વિના સવિ જીવડા, આશા આળ પંપાળ.**

આવે નહીં છતાં સૂર્ય અને ચંદ્ર મૂળ વિમાનોમાં ભગવાન મહાવીરને વાંદવા આવ્યા

(૧૦) અસંયતિની પૂજા થાય નહીં, છતાં શ્રી સુવિધિનાથના નિર્વાણ પછી તેમ બન્યું.

## દશ પ્રકારનાં કલ્પવૃક્ષો

(૧) ગૃહાંગ-રહેવા માટે ઘર આપે.
(૨) **જ્યોતિષાંગ**-જ્યોતિ (પ્રકાશ) આપે.
(૩) **ભૂષણાંગ**-દરેક પ્રકારના અલંકારો આપે.
(૪) **ભોજનાંગ**-દરેક પ્રકારનાં ભોજન આપે.
(૫) **વસ્ત્રાંગ**-દરેક જાતનાં વસ્ત્રો આપે.
(૬) **ચિત્રરસાંગ**-દરેક પ્રકારના પીવાના પદાર્થો આપે.
(૭) **તુર્યાંગ**-દરેક જાતનાં વાજિંત્રો આપે.
(૮) **કુસુમાંગ**-દરેક પ્રકારનાં સુગંધી પદાર્થો આપે.
(૯) **ભાજનાંગ**-દરેક પ્રકારનાં વાસણો આપે.
(૧૦) **દીપાંગ**-દીપકો પ્રગટાવે.

## દશ ચંદરવા કયાં કયાં રાખવા

(૧) જિનભવન, (૨) પૌષધશાળા, (૩) સામાયિકશાળા, (૪) ભોજનગૃહ, (૫) વલોણાનું સ્થાન, (૬) ખાંડવાનું સ્થાન, (૭) દળવાનું સ્થાન, (૮) ચૂલા ઉપર, (૯) પાણિયારા

**આયુ પહોતે આતમા, કોઈ નવિ રાખણહાર;**
**ઇંદ્ર ચંદ્ર જિનવર વળી, ગયા સવિ નિરધાર.**

ઉપર અને (૧૦) શય્યાના સ્થાને.

**દશ પ્રકારનાં પચ્ચખ્ખાણ ને તેનું ફળ**

(૧) **નવકારશી**–એક સો વર્ષનું નરકાયુ દૂર કરે.
(૨) **પોરિસી**–એક હજાર વર્ષનું ,, ,,
(૩) **સાઢપોરિસી**–દશ હજાર વર્ષનું ,, ,,
(૪) **પુરિમડ્ઢ**–એક લાખ વર્ષનું ,, ,,
(૫) **એકાસણું**–દશ લાખ વર્ષનું ,, ,,
(૬) **નિવી**–એક ક્રોડ વર્ષનું ,, ,,
(૭) **એકલ ઠાણું**–દશ ક્રોડ વર્ષનું ,, ,,
(૮) **એક દત્તિ**–સો ક્રોડ વર્ષનું ,, ,,
(૯) **આયંબિલ**–એક હજાર ક્રોડ વર્ષનું ,, ,,
(૧૦) **ઉપવાસ**–દશ હજાર ક્રોડ વર્ષનું ,, ,,

એવી રીતે એક ઉપવાસની વૃદ્ધિથી અનુક્રમે દસ ગણો અંક વધારવો એ પ્રમાણે નરકઆયુ તૂટે છે.

**દશ પ્રકારની નારકીની વેદના**—(૧) શીત, (૨) ઉષ્ણ, (૩) ક્ષુધા, (૪) પિપાસા, (૫) કંડુ (ખંજવાળ), (૬) ભય, (૭) શોક, (૮) પરવશતા, (૯) જ્વર અને (૧૦) વ્યાધિ. (નારકીના જીવોને પડતાં દુઃખોની આ લોકમાં કોઈ ઉપમા નથી.)

**રે જીવ માન ન કીજિયે, ન કીજે મોટી વાત;**
**કોડી અનંતમેં વેચીઓ, ત્યારે કીહાં ગઈ જાત.**

**સાધુની દશવિધ ચક્રવાલ સામાચારી**-(૧) ઇચ્છ-કાર, (૨) મિચ્છકાર, (૩) તહકાર, (૪) આવસ્સહિ, (૫) નિસ્સિહી, (૬) પૃચ્છા, (૭) પડિપૃચ્છા, (૮) છંદણા, (૯) નિમંત્રણા અને (૧૦) ઉપસંપદા.

---

## અગિયારની સંખ્યા

**મહાવીરના અગિયાર ગણધરો**-(૧) ઇંદ્રભૂતિ, (૨) અગ્નિભૂતિ, (૩) વાયુભૂતિ, (૪) વ્યક્ત, (૫) સુધર્મા, (૬) મંડિત, (૭) મૌર્યપુત્ર, (૮) અકંપિત, (૯) અચલભ્રાતા, (૧૦) મેતાર્ય અને (૧૧) પ્રભાસ.

### શ્રાવકની અગિયાર પડિમા

(૧) દર્શન (સમકિત), (૨) શ્રુત, (૩) સામાયિક, (૪) પૌષધ, (૫) કાર્યોત્સર્ગ, (૬) મૈથુનવર્જન, (૭) સચિત્ત-વર્જન, (૮) સ્વયં આરંભવર્જન, (૯) પ્રેષ્ય-સેવક વગેરે પાસે પણ આરંભવર્જન, (૧૦) પોતાના નિમિત્તનું ભોજન અશનાદિક વર્જન અને (૧૧) મુનિ જેવું વર્તન. ( પહેલી પ્રતિમા એક માસની એમ અનુક્રમે અગિયારમી પ્રતિમા અગિયાર માસની જાણવી. )

---

## બારની સંખ્યા

**શ્રાવકનાં બાર વ્રતો**-(૧) સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ,

આપ સરૂપ વિચાર તું, જો હોય હૈડે સાન;
કરણી તેવી કીજીયે, જિમ વાધે જગવાન.

(૨) સ્થૂલ મૃષાવાદવિરમણ, (૩) સ્થૂલ અદત્તાદાનવિરમણ, (૪) સ્વદારાસંતોષ પરસ્ત્રીવર્જનાદિક, (૫) પરિગ્રહપ્રમાણ, (૬) દિગ્વ્રત (૭) ભોગોપભોગ, (૮) અનર્થદંડપરિહાર, (૯) સામાયિક, (૧૦) દેશાવગાશિક, (૧૧) પૌષધ અને (૧૨) અતિથિસંવિભાગ.

આ બાર વ્રતમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને છેલ્લાં ચાર શિક્ષાવ્રત છે.

## બાર ચક્રવર્તીઓનાં દેહમાન તથા આયુષ્ય

| નંબર | નામ | દેહમાન–ધનુષ્ય પ્રમાણ | આયુશ્ય. |
|---|---|---|---|
| ૧. | ભરત | ૫૦૦ | ૮૪ લાખ પૂર્વ. |
| ૨. | સગર | ૪૫૦ | ૭૨ લાખ પૂર્વ. |
| ૩. | મઘવા | ૪૦॥ | ૫ લાખ પૂર્વ. |
| ૪. | સનત્કુમાર | ૩૯॥ | ૩ લાખ પૂર્વ. |
| ૫. | શાન્તિ | ૪૦ | ૮ લાખ પૂર્વ. |
| ૬. | કુંથુ | ૩૫ | ૯૫ હજાર વર્ષ. |
| ૭. | અર | ૩૦ | ૮૪ હજાર વર્ષ. |
| ૮. | સુભૂમ | ૨૮ | ૬૦ હજાર વર્ષ. |
| ૯. | મહાપદ્મ | ૨૦ | ૩૦ હજાર વર્ષ. |
| ૧૦. | હરિષેણ | ૧૫ | ૧૦ હજાર વર્ષ. |

જરા આવી જોબન ગયું, શિર પર પલટ્યા કેશ;
લઘુતા તો છાંડી નહિ, ન કરે ધર્મ લવલેશ.

| | | | |
|---|---|---|---|
| ૧૧. | જય | ૧૨ | ૩ હજાર વર્ષ. |
| ૧૨. | બ્રહ્મદત્ત | ૭ | ૭૦૦ વર્ષ. |

## બાર ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ

(૧) **અનિત્ય ભાવના**–તારો સંબંધ, તારા સંયોગો, તારી ચીજો તારી પાસે નિત્ય રહેવાની નથી, તારું શરીર પણ સદા તારું નથી; એવી ભાવના રાખવી તે.

(૨) **અશરણ ભાવના**–તને વ્યાધિ થાય તો પીડામાં કોઈ ભાગ પડાવે તેમ નથી, દુઃખમાં કોઈ ટેકો આપી શકે તેમ નથી. તારે તારો જ આધાર છે એવી ભાવના રાખવી તે.

(૩) **સંસાર ભાવના**–આખા સંસારમાં કર્મરાજા જે નાટક કરાવી રહ્યો છે અને આખો આ ભવપ્રપંચ ચાલી રહ્યો છે, તેનો વિવેકરૂપ પર્વત પર ઊભા રહી વિચાર કરવો તે.

(૪) **એકત્વ ભાવના**–આ આત્મા એકલો જ છે, એનું કોઈ નથી, એ કોઈનો નથી, એ એનો પોતાનો જ માલિક છે એવી ભાવના રાખવી તે.

(૫) **અન્યત્વ ભાવના**–આપણો આત્મા સર્વથી અન્ય-ભિન્ન છે, એનું કોઈ સગું નથી, એનું શરીર પણ એનાથી અન્ય છે, આવી સ્વપરભાવવિચારણા કરવી તે.

(૬) **અશુચિ ભાવના**–માંસ, રુધિર, મેદ, હાડકાં, લોહી અને ચામડીનું બનેલું આ શરીર અપવિત્રતાની પોટલી

**પંચેંદ્રિય જિહાં પરવડા, રોગ જરા નાવંત;**
**જોવન ચંચળ જાય સદા, કરી લે ધર્મ મહંત.**

છે, એના ઉપર મોહ કરવા જેવું નથી. ધર્મકાર્ય કરીને એનો ખરો ઉપયોગ કરી લેવા જેવું છે; એવી ભાવના ભાવવી તે.

(૭) **આશ્રવ ભાવના**–જીવ મિથ્યાત્વ–અવ્રતીપણાથી, કષાયોથી અને મન, વચન, કાયાના યોગથી કર્મો બાંધે છે, તેથી ભારે થાય છે અને સંસારમાં રૂખડે છે, એવો વિચાર કરવો તે.

(૮) **સંવર ભાવના**–ક્ષમાદિક દશ યતિધર્મો, આઠ પ્રવચન માતા, બાર ભાવનાઓ, બાવીશ પરીષહો વગેરે દ્વારા આવતાં કર્મોને રોકી શકાય છે, એવી વિચારણા કરવી તે.

(૯) **નિર્જરા ભાવના**–તૃત્તિ પર અંકુશ, અનશનાદિ બાહ્ય તપસ્યા તથા વિનય, વૈયાવચ્ચ આદિ આંતર તપસ્યાથી લાગેલા કર્મોની મુક્તિ. કર્મ ભોગવ્યા વિના છૂટવાં અશક્ય છે એવી વિચારણા કરવી તે.

(૧૦) **ધર્મસૂક્તાતા ભાવના**–આત્માનું સ્વરૂપ, કર્મ-સ્વરૂપ, બન્નેનો સંબંધ, મુક્તિ માર્ગ, તેના ઉપાય અને તેનું ઉપાદેયપણું ધર્મમાં બતાવ્યું છે તેની પુષ્ટિરૂપ વિચા-રણા કરવી તે.

(૧૧) **લોકપદ્ધતિ ભાવના**–લોકાકાશનું સ્વરૂપ,

છૂટે હાથે ન વાવર્યો, સંબળ ન કીધો સાથ;
આયુ ગઈ મન ચેતીઓ, પછી ઘસે નિજ હાથ.

લોકનું સ્વરૂપ, તેમાં થતાં આત્માનાં જન્મ-મરણની સ્થિતિ અને એના રખડપાટનાં સ્થાનોની વિચારણા કરવી તે.

(૧૨) **બોધિદુર્લભ ભાવના**–સાચા માર્ગની ઓળખાણ, પ્રાપ્તિ અને સંરક્ષણ મુશ્કેલ છે; પણ એ રત્નત્રયીની પ્રાપ્તિ કરવી એ ખાસ કર્તવ્ય છે; એવી વિચારણા હમેશાં કરવી.

---

## તેરની સંખ્યા

### તેર કાઠિયા

(૧) **આલસ**–દેવ, ગુરુ પાસે જતાં આળસ થાય.

(૨) **મોહ**–સ્ત્રી, પુત્ર આદિકથી વીંટળાઈ રહે.

(૩) **અવિનય**–ગુરુ કાંઈ ખાવા નહીં આપે, ધંધો કરીશું તો ખાઈશું.

(૪) **અભિમાન**–મનમાં મોટાઈ રાખે, કોણ પગે લાગે ?

(૫) **ક્રોધ**–ગુરુની આગતા-સ્વાગતા ન કરે, તેમને આક્રોશપૂર્વક બોલે.

(૬) **પ્રમાદ**–પ્રમાદમાં પડ્યો રહે.

(૭) **કૃપણ**–ગુરુ પાસે જઈશું તો ખર્ચ કરવો પડશે.

(૮) **ભય**–ગુરુ પાસે વ્રત પચ્ચખ્ખાણ કરવું પડે; એવો ભય રાખતાં ગુરુ પાસે ન જાય.

---

**ધન જોવન નર રૂપનો, ગર્વ કરે તે ગમાર;**
**કૃષ્ણ બળભદ્ર દ્વારકા, જતાં ન લાગી વાર.**

(૯) **શોક**–શોકના યોગે ન જાય.

(૧૦) **અજ્ઞાન**–અજ્ઞાનતાના કારણથી ગુરુ પાસે ન જાય.

(૧૧) **વિકથા**–વિકથા (વાતો) કરવામાં તત્પર રહે.

(૧૨) **કૌતુક**–માર્ગમાં કૌતુક જોવા ઊભો રહે.

(૧૩) **વિષય**–કામભોગોમાં રત રહેતાં ગુરુ પાસે ન જાય.

## સ્થાપનાચાર્ય પડિલેહવાના તેર બોલ

(૧) શુદ્ધ સ્વરૂપના ધારક, (૨) ગુરુજ્ઞાનમય, (૩) દર્શન-મય, (૪) ચારિત્રમય, (૫) ગુરુ–શુદ્ધ શ્રદ્ધામય, (૬) પ્રરૂ-પણામય, (૭) સ્પર્શનામય, (૮) ગુરુ–પંચાચાર પાળે, (૯) પળાવે, (૧૦) અનુમોદે, (૧૧) ગુરુ–મનગુપ્તિ, (૧૨) વચન-ગુપ્તિ, અને (૧૩) કાયગુપ્તિમાં ગુપ્ત.

## ચૌદની સંખ્યા

**ચૌદ સ્વપ્નો**–(૧) ગજ, (૨) વૃષભ, (૩) સિંહ, (૪) શ્રીદેવી, (૫) પુષ્પમાળ, (૬) ચંદ્ર, (૭) સૂર્ય, (૮) ધ્વજા, (૯) કુંભ, (૧૦) પદ્મ સરોવર, (૧૧) સાગર, (૧૨) વિમાન, (૧૩) રત્નગંજ, (૧૪) અગ્નિશિખા.

તીર્થંકરની માતા આ ચૌદ સ્વપ્નો ઊજળાં જુએ, ચક્રવર્તીની માતા ઝાંખા જુએ, વાસુદેવની માતા સાત અને બલદેવની માતા ચાર જુએ છે અને મંડિલકની માતા એક સ્વપ્ન જુએ.

**આંખતણે ફરુકડે, ઉથલપાથલ થાય;**
**ઈસ્યું જાણી જીવ બાપડા, મા પડીશ મમતામાંય;**

**ચૌદ રાજલોકનું પ્રમાણ**-(૧) એક દેવ સૌધર્મ દેવલોકથી ક્રીડાપૂર્વક હજાર ભાર લોઢાનો ગોળો પોતાના સર્વ બળથી ભૂમિ પ્રતિ ફેંકે તે ૬ માસ, ૬ દિવસ ૬ પ્રહર, ૬ મુહૂર્ત, ૬ ઘડી, ૬ પળે પૃથ્વી પર આવે છે ત્યારે એક રાજપ્રમાણ થાય, તેવાં ચૌદ રાજલોક જાણવાં.

## સંમૂર્ચ્છિમ મનુષ્યને ઉપજવાનાં ચૌદ સ્થાનક

(૧) વડી નીતિમાં, (૨) લઘુ નીતિમાં, (૩) શ્લેષ્મમાં, (૪) શરીરના મેલમાં, (૫) નાકના મેલમાં, (૬) ઊલટીમાં, (૭) પિત્તમાં, (૮) પરુમાં, (૯) રુધિરમાં, (૧૦) શુક્ર-વીર્યમાં, (૧૧) મૃતકલેવરમાં (૧૨) સ્ત્રી-પુરુષના સંભોગમાં, (૧૩) નગરની ખાઈમાં અને (૧૪) સર્વ અશુચિ સ્થાનમાં.

**અભ્યંતર પરિગ્રહના ચાદ પ્રકાર**-(૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) શોક, (૫) ભય, (૬) જુગુપ્સા, (૭) ક્રોધ, (૮) માન, (૯) માયા, (૧૦) લોભ, (૧૧) સ્ત્રીવેદ, (૧૨) પુરુષવેદ, (૧૩), નપુંસકવેદ અને (૧૪) મિથ્યાત્વ.

## ચૌદ ગુણસ્થાન

**ગુણઠાણાં**-ગુણસ્થાન ગુણનો વિકાસ. આત્માના ગુણોનો વિકાસ ચૌદ શ્રેણિઓમાં થાય છે. પહેલી શ્રેણિના જીવો કરતાં બીજી, ત્રીજી શ્રેણીના જીવો આત્મગુણ સંપાદન કરવામાં આગળ વધેલા હોય છે, અને તે કરતાં ચોથી શ્રેણિના જીવો

**નયન ફરૂકે જિંહા લગે, તિહાં તાહરું સહુ કોય;**
**નયન ફરકત જબ રહી, તબ તાહરું નહીં કોય.**

વધુ ઉન્નતિ ઉપર હોય છે. આ પ્રમાણે અધિક અધિક ઉન્નતિ ઉપર પહોંચતાં છેવટે ચૌદમી શ્રેણિમાં આવેલા જીવો પરમ કૃતાર્થ હોય અને તત્કાલ મુક્તિમાં આરૂઢ થઈ જાય છે.

બધા પ્રાણીઓ પહેલાં પ્રથમ શ્રેણિમાં વર્ત્તનારા હોય છે. પણ જેઓ આત્મબળ ફોરવી ધીમે ધીમે આગળ વધવાનો પ્રયાસ કરે છે તેઓ ઉત્તરોત્તર શ્રેણિઓ પસાર કરી છેવટે ચૌદમી શ્રેણિમાં આવી પહોંચે છે. મન્દ પ્રયત્નવાળાઓ વચલી કેટલીક શ્રેણિમાં વધારે રોકાય છે, તેથી તેરમી-ચૌદમી-શ્રેણિએ પહોંચતાં તેઓને ઘણો વિલંબ થાય છે. કેટલાક પ્રબળ પુરુષાર્થ ફોરવનારા તીવ્ર વેગથી વચલી શ્રેણિઓમાં વધુ ન રોકાતાં તેરમી ચૌદમી શ્રેણિ ઉપર ઝટ આવી પહોંચે છે.

## ચૌદ ગુણસ્થાનોનાં નામ—

(૧) મિથ્યાદષ્ટિ, (૨) સાસાદન, (૩) મિશ્ર, (૪) અવિરતિ સમ્યગ્દષ્ટિ, (૫) દેશવિરતિ, (૬) પ્રમત્ત, (૭) અપ્રમત્ત, (૮) અપૂર્વકરણ અથવા નિવૃત્તિબાદર, (૯) અનિવૃત્તિબાદર, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાંતમોહ, (૧૧) ક્ષીણમોહ, (૧૩) સયોગી અને (૧૪) અયોગી કેવળી.

(૧) **મિથ્યાદષ્ટિ**—મિથ્યાદષ્ટિ એટલે અજ્ઞાનદષ્ટિ, સર્વ જીવો પહેલાં તો એકદમ નીચે પાટલે હોય છે. આ પહેલા

પગથિયાથી આગળ વધાય છે. આવા અજ્ઞાનદષ્ટિવાળાને પણ ગુણસ્થાનક કહેવાનું કારણ એ કે સૂક્ષ્માંસૂક્ષ્મ અને એકદમ નીચેની હદના જીવોમાં પણ કિંચિત્ ચૈતન્ય માત્રા તો અવશ્ય પ્રગટ હોય છે. અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં પણ આવેલા હોય છે.

(૨) **સાસાદન**–સાસાદન એટલે અતિતીવ્ર ક્રોધાદિ કષાયોથી યુક્ત. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી પણ ક્રોધાદિ પરમ તીવ્ર કષાયનો ઉદય થતાં સમ્યક્ત્વથી પડવાનો વખત આવે છે. મિથ્યાત્વનો ઉદય ન હોય ને અનંતાનુબંધી ચાર (કષાયો)નો ઉદય હોય ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ છ આવલિકાની હોય છે. આ ગુણસ્થાન પડતી અવસ્થારૂપ હોવા છતાં તેની પૂર્વે સમ્યગ્દર્શન થઈ ગયેલું હોવાથી આ ગુણસ્થાનવાળાને સંસારભ્રમણની હદ બંધાઈ ગઈ હોય છે અને તે ભવ્ય જીવોને જ હોય છે.

(૩) **મિશ્ર**–આત્માના એવા વિચિત્ર અધ્યવસાયનું નામ છે. એવાઓને સત્ય અને અસત્ય માર્ગ એ બન્ને ઉપર શ્રદ્ધા હોય, રુચિ કે અરુચિ હોય નહીં. સમ્યક્ત્વ અને મિથ્યાત્વના યોગથી મિશ્ર હોય, એની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે. આ ગુણસ્થાનવાળાને અગાઉ સમ્યક્ત્વનું પાન થઈ ગયેલું હોવાથી ભવભ્રમણના કાળનો છેડો બંધાઈ ગયેલો હોય છે.

ધર્મ થકી ધન સંપજે, ધર્મે સુખિયા હોય;
ધર્મે યશ વાધે ઘણો, ધર્મ કરો સહુ કોય.

જીવ આ ગુણસ્થાનમાં પરભવનું આયુ બાંધતો નથી તેમ એમાં વર્ત્તતો જીવ મરણ પણ પામતો નથી.

(૪) **અવિરતિ સમ્યગ્દૃષ્ટિ**–વિરતિ એટલે વ્રત–પચ્ચખ્ખાણ, તે વિનાનું સમ્યક્ત્વ તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ. માત્ર સમ્યક્ત્વના લગાર સ્પર્શ થવાથી ભવભ્રમણનો કાળ તો બંધાઈ જાય છે. આત્માના એક પ્રકારના શુદ્ધ ભાવને સમ્યક્ત્વ, સમ્યગ્દર્શન અથવા સમ્યગ્દૃષ્ટિ કહે છે. આ સ્થિતિમાં તત્ત્વવિષયક સંશય અને ભ્રમને અવકાશ મળતો નથી. મોક્ષ મેળવવાની લાયકાત આ સમ્યક્ત્વથી જ મેળવાય છે. એના વગર ગમે તેટલું કષ્ટાનુષ્ઠાન પણ મુક્તિ મેળવી આપતું નથી. આ સ્થિતિવાળાને ઉપશમ સમકિત, ક્ષાયોપશમિક સમકિત હોય અથવા ક્ષાયિક સમકિત પ્રાપ્ત થયું હોય, તેમજ વિરતિ મોક્ષદાયક છે એમ સમજવા છતાં પ્રત્યાખ્યાની કષાયનો ઉદય હોવાથી પ્રાણી થોડી ઘણી પણ વિરતિ (પચ્ચખ્ખાણ) કરી શકે નહીં. પરંતુ ગુરુ દેવ ઉપર શ્રદ્ધા હોવાથી તીર્થંકર નામકર્મ, મનુષ્યાયુ, દેવાયુ–આ ત્રણે, ત્રીજા ગુણસ્થાનકવાળા કરતાં અધિક બાંધે છે ને નરકાયુનો ક્ષય થઈ જાય છે. કહ્યું છે કે—

'सम्यग्दर्शनसम्पन्नः, कर्मणा नहि बध्यते ।
दर्शनेन विहीनस्तु, संसारं प्रतिपद्यते ॥'

**નવપદ જાપ નિત કીજીયે, ચૌદ પૂરવનો સાર;**
**ઐસા મંત્ર ગણીએ સદા, જે તારે નરનાર.**

(જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે તેને કર્મો બંધાતાં નથી. પરંતુ દર્શનથી રહિત માનવ સંસારમાં ભમ્યા કરે છે)

(૫) **દેશવિરતિ**–સમ્યક્ત્વ સહિત ગૃહસ્થનાં વ્રતો પાલન કરવાં એ દેશવિરતિ. તેને પચ્ચખ્ખાણનો ઉદય હોય છે અને તિર્યંચાયુ ક્ષય થઈ જાય છે.

(૬) **પ્રમત્ત ગુણસ્થાન**—સાધુનાં મહાવ્રતોને ધારણ કરનાર, પણ પ્રમાદના બંધનથી પૂર્ણ મુક્ત નહીં થયેલ એવા મુનિમહારાજોનું આ ગુણસ્થાન છે. જો અંતર્મુહૂર્ત્તથી વધારે પ્રમાદી રહે તો આ ગુણસ્થાનથી નીચે પડે છે.

(૭) **અપ્રમત્ત**–પ્રમાદના બંધનથી મુક્ત થયેલ મહા-મુનિરાજોનું આ સાતમું ગુણસ્થાન છે. મહાસતી સાધ્વીજી આ ગુણસ્થાને વર્તતા હોય તો તેને પણ મનઃપર્યવજ્ઞાન થઈ શકે છે. તેમને દેવાયુ ક્ષય થઈ જાય છે.

(૮)**અપૂર્વકરણ અથવા નિવૃત્તિબાદર**–કરણ એટલે અધ્યવસાય–આત્માનાં પરિણામ. મોહનીય કર્મનો ઉપશમ કરવાનો અથવા ક્ષય કરવાનો પહેલાં નહીં થયેલો એવો અધ્યવસાય આ ગુણસ્થાનમાં પ્રાપ્ત થાય છે, અહીંથી જ ઉપશમ અને ક્ષપકશ્રેણિ મંડાય છે. આ ગુણસ્થાનકમાં અપૂર્વ આત્મગુણની પ્રાપ્તિ થાય છે.

---

**અરિહંત દેવ સુસાધુ ગુરુ, કેવળી ભાષિત ધર્મ;**
**ઇશ્યું સમકિત આરાધતાં, છૂટીજે સવિ કર્મ.**

(૯) **અનિવૃત્તિબાદર સંપરાય**–અહીં અગાઉના ગુણસ્થાન કરતાં અધિક ઉજ્જવલ આત્મપરિણામ હોય છે. અને તેનાથી મોહનો ઉપશમ યા ક્ષય થવા માંડે છે. આ નવમામાં ક્ષપક અને ઉપશમ શ્રેણિઓ હોય છે.

ઉપશમ એટલે દબાવું. જેમ અગ્નિ ઉપર રાખ નાખી ઢાંકી દઈએ તે. ક્ષય એટલે અગ્નિ ઉપર પાણી નાખી તેને સમૂળગો હોલાવી નાખવો તે. રાખથી ઢાંકેલો અગ્નિ કારણ-વશાત્ રાખ ખસી જતાં, તેમાંથી અગ્નિ પાછો પ્રજ્વલિત થાય છે પણ હોલવી નાખેલો અગ્નિ ફરીથી ઉત્પન્ન થતો નથી. આઠમું તથા નવમું ગુણઠાણું ઉત્કૃષ્ટ ચારિત્રની પ્રાપ્તિ માટે છે. આ શ્રેણીએ આવીને જીવ ચારિત્રની વિશુદ્ધિ કરે છે.

(૧૦) **સૂક્ષ્મસંપરાય**–સંપરાય એટલે કષાય. આ ગુણસ્થાનમાં મોહનીય કર્મનો ઉપશમ યા ક્ષય થતાં થતાં બધું મોહનીય કર્મ ઉપશાન્ત યા ક્ષીણ થઈ જાય છે, માત્ર લોભનો સૂક્ષ્મ અંશ રહે ત્યારે આ ગુણશ્રેણિમાં વર્તે છે.

(૧૧) **ઉપશાન્તમોહ**–અગાઉના ગુણસ્થાનોમાં મોહનો ઉપશમ જ કરવો જેણે પ્રારંભ્યો છે, તેને સંપૂર્ણ મોહ ઉપશાન્ત થતાં આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. જો મોહનો જરા પણ ફટકો લાગે તો અહીંથી નીચે પડવાનો સંભવ રહે છે.

(૧૨) **ક્ષીણમોહ**–અગાઉ જેણે મોહનીય કર્મનો ક્ષય જ આરંભ્યો છે તેને સંપૂર્ણ મોહ ક્ષીણ થાય ત્યારે

**અષ્ટાપદ અર્બુદગિરિ, સમેતશિખર ગિરનાર;**
**પંચે તીરથ વંદીએ, મન ધરી હરખ અપાર.**

આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનોથી નીચે પડવાનો ભય બિલકુલ રહેતો નથી.

(૧૩) **સયોગી કેવલી**–સયોગી એટલે યોગવાળો. યોગ એટલે શરીર વગેરેનો વ્યાપાર. કેવલજ્ઞાન થયા પછી પણ શરીરધારીને ગમનાગમન, બોલવું વગેરે વ્યાપારો રહેલા હોવાથી તે શરીરધારી કેવલી સયોગી કહેવાય છે. કેવલજ્ઞાનની શરૂઆતથી જ આ ગુણસ્થાનની શરૂઆત થાય છે. ચાર ઘાતી કર્મ (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અન્તરાય)નો નાશ થતાં કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.

(૧૪) **અયોગી કેવલી**–અયોગી એટલે સર્વ વ્યાપાર રહિત અને સર્વ ક્રિયા રહિત. કેવલજ્ઞાની પરમાત્માઓ આયુષ્યના અન્તવખતે ચાર અઘાતી કર્મો (વેદનીય, આયુ, નામ, ગોત્ર)નો નાશ કરે છે અને તત્કાલ મુકિત મેળવે છે.

મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ, કષાય અને યોગ એ બંધહેતુનો અભાવ થાય અને ચાર ઘાતી કર્મનો નાશ થાય ત્યારે કેવલજ્ઞાન થાય છે. બાકીનાં ચાર અઘાતી કર્મોનો નાશ થવાથી મોક્ષ મળે છે.

---

## પંદરની સંખ્યા

### સિદ્ધના પંદર ભેદ

(૧) જિનસિદ્ધ—અરિહંતદેવ, (૨) અજિનસિદ્ધ–

પુંડરીક ગણધરાદિક, (૩) તીર્થસિદ્ધ-ગણધરો, (૪) અતીર્થસિદ્ધ-મારુદેવા માતા, (૫) ગૃહલિંગસિદ્ધ-ભરત ચક્રવર્તી, (૬) અન્યલિંગસિદ્ધ-વલ્કલચીરિ, (૭) સાધુલિંગે સિદ્ધ-સ્વલિંગસિદ્ધ, (૮) સ્ત્રીલિંગે સિદ્ધ-ચંદના પ્રમુખ, (૯) નરલિંગે સિદ્ધ-ગૌતમ વગેરે (૧૦) નપુંસકલિંગે સિદ્ધ-ગાંગેય પ્રમુખ, (૧૧) પ્રત્યેક સ્વયંબુદ્ધ-કરકંડુ આદિ, (૧૨) સ્વયંબુદ્ધ-કપિલાદિ, (૧૩) ગુરુબોધિત-ગુરુથી બોધ પામેલ, (૧૪) એક સમયે એક સિદ્ધ, (૧૫) એક સમયે અનેક સિદ્ધ.

## પંદર કર્માદાન

(૧) **ઈંગાલકર્મ**-લુહાર, કુંભાર વગેરેનું ભઠ્ઠીકામ, (૨) **વનકર્મ**-વન કાપવાં વગેરે, (૩) **શકટકર્મ**-ગાડી, ગાડાં બનાવી વેચવાં તે, (૪) **ભાટકર્મ**-ગાડી, ગાડાં વગેરે ભાડે આપવાં તે, (૫) **ફોટિકકર્મ**-ખાણ, પૃથ્વી વગેરે ખોદવાં તે, (૬) **દંતવાણિજ્ય**-હાથીદાંત, કસ્તૂરી વગેરેનો વેપાર, (૭) **લાખવાણિજ્ય**-લાખ, ગળી વગેરેનો વેપાર, (૮) **રસવાણિજ્ય**-મદ્ય, મધ વગેરેનો વેપાર, (૯) **વિષવાણિજ્ય**-સોમલ વગેરેનો વેપાર, (૧૦) **કેશવાણિજ્ય**-પશુઓના વાળનો વેપાર, (૧૧) **યંત્રપીલનકર્મ**-ઘાણી વગેરે યંત્રનો વેપાર, (૧૨) **નિર્લાંછનકર્મ**-પ્રાણીઓનાં અંગ છેદવાં; જેમકે બળદ વગેરેનો વેપાર, (૧૩) **દવગ્ગિદા**-

**છોટે દુઃખ ઓર દર્દકો, કીજે વેગ ઉપાય;**
**વિલંબસે બઢ જાત હૈ, અપનો જોર જમાય.**

વણિયા–અગ્નિ સળગાવી દાહ કરવો, (૧૪) **સરહદ-શોષણકર્મ**–નદી, તળાવ વગેરે શોષણ કરવાનો વ્યાપાર, (૧૫) **અસતીપોષણિયા**–મનુષ્યો તથા હિંસક પશુઓનો વેપાર. સ્ત્રીઓ તથા કૂતરા વગેરેનો વ્યાપાર.

---

## સોળની સંખ્યા

**સોળ દેવીઓ**–(૧) રોહિણી, (૨) પ્રજ્ઞપ્તિ. (૩) વજ્રશૃંખલા, (૪) વજ્રાંકુશા, (૫) ચક્રેશ્વરી, (૬) નરદત્તા, (૭) કાલી, (૮) મહાકાલી, (૯) ગૌરી, (૧૦) ગંધારી, (૧૧) મહાજ્વાલા, (૧૨) માનવી, (૧૩) વૈરોટયા, (૧૪) અચ્છુપ્તા, (૧૫) માનસી અને (૧૬) મહામાનસી.

**સ્ત્રીના સોળ શૃંગાર**–(૧) મજ્જન, (૨) ચીવર, (૩) અંજન, (૪) તિલક, (૫) સેંથો (૬) ચંદનખોલ, (૭) કંકણ, (૮) કુંડલ, (૯) કંચુઓ, (૧૦) ટંકાવલી (૧૧) તંબોલ, (૧૨) કટિમેખલા, (૧૩) નુપૂર, (૧૪) ચતુરતા, (૧૫) હૃદય પર મોતીનો હાર અને (૧૬) નાકમાં મોતી–ચૂની.

### શ્રી શત્રુંજયના સોળ ઉદ્ધાર

પહેલો ઉદ્ધાર **ભરત** ચક્રવર્તીએ કર્યો. બીજો તેમની આઠમી પાટે થયેલા **દંડવીર્ય** રાજવીએ કર્યો. ત્રીજો શ્રી

---

**પાંચસયા રામા તજી, લીધો સંજમ ભાર;**
**દસ દસ નંદિષેણ બુઝવ્યા, નર કોરયા દરબાર.**

સીમંધરસ્વામીના વચનથી **ઈશાનેન્દ્રે** કર્યો. ચોથો **માહેન્દ્રે** કર્યો. પાચમો **બ્રહ્મેન્દ્રે** કર્યો, છઠ્ઠો **ચમરેન્દ્રે** કર્યો. સાતમો **સગર** ચક્રવર્તીએ કર્યો. આઠમો **વ્યંતરેન્દ્રે** કર્યો. નવમો **ચંદ્રપ્રભુના** સમયે **ચંદ્રયશા** રાજવીએ કર્યો. દશમો શ્રી શાંતિજિનના પુત્ર **ચક્રાયુધ** રાજવીએ કર્યો. અગિયારમો **રામચંદ્રજીએ** કર્યો. બારમો **પાંડવોએ** કર્યો. તેરમો વિ. સં. ૧૦૮ માં **જાવડશાહે** કર્યો. ચૌદમો વિ. સં. ૧૨૧૩માં **બાહડ** મંત્રીએ કર્યો. પંદરમો ઉદ્ધાર વિ. સં. ૧૩૭૧ માં **સમરાશાહ** ઓસવાળે કર્યો અને સોળમો વિ. સં. ૧૫૮૭માં **કર્માશાહે** કરાવ્યો. હાલ તે સમયનો ઉદ્ધાર વર્તે છે.

---

## સત્તરની સંખ્યા

**સત્તર પ્રકારી પૂજા**-(૧) જલ, (૨) ચંદન, (૩) ચૂર્ણ, (૪) વસ્ત્ર, (૫) પુષ્પ, (૬) માળા, (૭) પુષ્પગેહ, (૮) અંગીરચના, (૯) કુસુમ, (૧૦) વિલેપન, (૧૧) આભરણ, (૧૨) મંગળ, (૧૩) ધૂપ, (૧૪) ધ્વજ, (૧૫) ગીતગાન, (૧૬) નાટ્ય અને (૧૭) વાજિંત્ર.

**બાંધી તાંતણે સૂત્રના, વીંટયો આર્દ્રકુમાર;**
**સુત મોહિની વશ ઘર રહ્યા, પછે લિયો સંજમ ભાર.**

## સંયમના સત્તર પ્રકાર

૫ આશ્રવવિરમણ, ૫ ઇંદ્રિયનિગ્રહ, ૪ કષાયજય અને ૩ દંડવિરતિ.

---

## અઢારની સંખ્યા

**અઢાર વર્ણો**–(૧) કંદોઈ, (૨) પટેલ, (૩) કુંભાર, (૪) સોની, (૫) માળી, (૬) તંબોળી, (૭) ગંધર્વ, (૮) વૈદ્ય, (૯) સતુઆરા, (૧૦) નારૂ, (૧૧) ઘાંચી, (૧૨) મોચી, (૧૩) ઘાંચા, (૧૪) છીપા, (૧૫) ઠંઠારા, (૧૬) ગ્વાલા, (૧૭) દરજી, (૧૮) કૈવર્તક ( ભીલ. )

**અઢાર પ્રકારની લિપિઓ**–(૧) હંસલિપિ, (૨) ભૂતલિપિ, (૩) યક્ષલિપિ, (૪) રાક્ષસલિપિ, (૫) યાવનીલિપિ, (૬) તુર્કીલિપિ, (૭) કીરીલિપિ, (૮) દ્રાવિડીલિપિ, (૯) સૈંધવીલિપિ, (૧૦) માલવીલિપિ, (૧૧) નડીલિપિ, (૧૨) નાગરીલિપિ, (૧૩) લાટીલિપિ, (૧૪) ફારસીલિપિ, (૧૫) અનિમિત્તિલિપિ, (૧૬) ચાણુક્કીલિપિ, (૧૭) મૂળદેવીલિપિ, અને (૧૮) ઉડ્ડીલિપિ.

**અઢાર પ્રકારનાં દૂષણો**–(૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય, (૫) વીર્યાંતરાય,

એક કન્યા કોડી કંચન, તજી જેણે વળી દૂર;
તે વૈરસ્વામીને વંદીએ, નિત્ય ઉગમતે સૂર.

(૬) હાસ્ય, (૭) રતિ, (૮) અરતિ, (૯) ભય, (૧૦) શોક, (૧૧) જુગુપ્સા-નિંદા, (૧૨) કામ, (૧૩) મિથ્યાત્વ, (૧૪) અજ્ઞાન, (૧૫) નિદ્રા, (૧૬) અવિરતિ, (૧૭) રાગ અને (૧૮) દ્વેષ.

**મોક્ષનાં અઢાર નામો**—(૧) મહાનંદ, (૨) અમૃત-પદ, (૩) સિદ્ધિ, (૪) કૈવલ્ય, (૫) અપુનર્ભવ, (૬) શિવ, (૭) નિઃશ્રેયસ, (૮) શ્રેયસ, (૯) નિર્વાણ, (૧૦) બ્રહ્મ, (૧૧) નિર્વૃતિ, (૧૨) મહોદય, (૧૩) સર્વદુઃખક્ષય, (૧૪) નિર્યાણ, (૧૫) અક્ષર, (૧૬) મુક્તિ, (૧૭) મોક્ષ અને (૧૮) અપવર્ગ.

---

## વીશની સંખ્યા

**વીશ વિહરમાનનાં નામ**-(૧)સીમંધર, (૨) યુગ-મંધર, (૩) બાહુ, (૪) સુબાહુ (આ ચાર તીર્થંકર સુદર્શન ને મેરુની ચારે બાજુએ છે.) (૫) સુજાત, (૬) સ્વયંપ્રભ, (૭) ઋષભાનન, (૮) અનંતવીર્ય (આ ચાર તીર્થંકર પૂર્વ ધાત-કીખંડના વિજયમેરુની ચારે બાજુ છે), (૯) સુરપ્રભ, (૧૦) વિશાલ,(૧૧) વજ્રધર, (૧૨) ચન્દ્રાનન, (૧૩) ચંદ્રબાહુ, (૧૪) ભુજંગ,(૧૫) ઈશ્વર,(૧૬) નેમિપ્રભ,(૧૭) વીરસેન,(૧૮) મહા-ભદ્ર, (૧૯) દેવજસા, અને (૨૦) અનંતવીર્ય (અજિતવીર્ય).

**વીશ વિહરમાનનાં લંછનો**-(૧) વૃષભ, (૨) હસ્તિ,

(૩) હરિણ, (૪) મર્કટ-વાંદરો, (૫) સૂર્ય, (૬) ચંદ્ર, (૭) સિંહ, (૮) હસ્તિ, (૯) ચંદ્ર, (૧૦) સૂર્ય, (૧૧) શંખ, (૧૨) વૃષભ, (૧૩) પદ્મ, (૧૪) પદ્મ, (૧૫) ચંદ્ર, (૧૬) સૂર્ય, (૧૭) વૃષભ, (૧૮) હસ્તિ, (૧૯) ચંદ્ર અને (૨૦) સ્વસ્તિક.

---

## એકવીશની સંખ્યા

### શ્રાવકના એકવીશ ગુણો

૧. **અશૂદ્ર**–શ્રાવક તુચ્છ હૃદયવાળો ન હોય, સ્વપરને ઉપકાર કરવાવાળો દિલાવર હોય.

૨. **રૂપવાન**–સંપૂર્ણ પાંચે ઇંદ્રિયોથી સુંદર દેખાતો સારા બાંધાવાળો હોય અને સંયમથી શોભતો પ્રતિભાશાળી હોય.

૩. **શાંત પ્રકૃતિ**–સ્વભાવે શાંત, પ્રાયઃ પાપ યુક્ત કામમાં પ્રવર્તે નહિ અને પોતાનું સમતોલપણું જાળવી રાખનાર હોય.

૪. **લોકપ્રિય**–દાન આપનાર, સદાચારી, વિનયી, મિષ્ટ બોલનાર હોય, જેથી લોકમાં પ્રિય બને.

૫. **અક્રૂર**–સ્વભાવે દયાળુ હોય પણ ક્રૂર ન હોય.

૬. **પાપભીરુ**–પાપનાં કાર્યોથી, અપયશથી ડરનારો હોય, સાત વ્યસનનો વર્જનાર હોય.

૭. **અશઠ**–ઠગવિદ્યા કરી અન્યને છેતરનારો ન હોય, વિશ્વાસ કરવા યોગ્ય હોય.

---

**આઠ નારી જેણે તજી, તે ધન્નો ધન ધન;**
**નારી હાસ્ય સંજમ લિયો, રાખ્યો ઠામ જિણે મન.**

૮. **દાક્ષિણ્યવાન**-કોઈની પણ પ્રાર્થનાને છતી શક્તિએ ભંગ કરનારો ન હોય.

૯. **લજ્જાળુ**-અકાર્ય કરે નહિ, સદાચાર આચરે, સ્વીકારેલી વાતને મૂકે નહિ.

૧૦. **દયાળુ**-સર્વ જીવો ઉપર દયા રાખનારો તથા દુઃખીને જોઈને દુઃખને દૂર કરનારો હોય.

૧૧. **મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ**- વિપરીત વૃત્તિવાળા જીવોનાં કર્મની ગતિ દેખી દ્વેષ કરે નહિ.

૧૨. **ગુણરાગી**-ગુણવાન માણસોનું બહુમાન કરનારો અને નિર્ગુણી ઉપર ઉપેક્ષા રાખનાર હોય.

૧૩. **સત્કથાખ્ય**-વિકથાઓને છોડી ધર્મકથાને જ કરનારો હોય. સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા ને રાજકથામાં સમય બગાડનાર ન હોય.

૧૪. **સુપક્ષયુક્ત**-જેનો પરિવાર અનુકૂળ અને ધર્મશીલ, સદાચાર યુક્ત હોય.

૧૫. **દીર્ઘદર્શી**-લાભાલાભનો વિચાર કરીને વખાણવાલાયક કાર્ય કરનારો હોય તે.

૧૬. **વિશેષજ્ઞ**-ગુણ, દોષ, ધર્મ, અધર્મને સારી પેઠે સમજનારો તથા જીવ, અજીવ નું સ્વરૂપ જાણનારો હોય.

૧૭. **વૃદ્ધાનુગામી**-જ્ઞાનાદિ ગુણે કરી વૃદ્ધ માણસની પાછળ ચાલનારો, પાપાચારમાં પ્રવર્તનાર ન હોય.

---

**ખટનંદન દેવકી તણા, ભદ્દિલપુર સુલસા નાર;**
**તસ ઘર તેઓ ઊછર્યા, રૂપે દેવ કુમાર.**

૧૮. **વિનયી**–આપણાથી અધિક ગુણવાળાની ઉચિત સેવા, વિનય, વિવેક કરે; અક્કડ રહે નહિ.

૧૯. **કૃતજ્ઞ**–કરેલા ઉપકારને ભૂલે નહિ અને બને તો બદલો વાળવા પ્રયત્ન કરે.

૨૦. **પરહિતકારી**–બદલાની આશા વગર પારકાનું હિત કરવામાં તૈયાર રહેનારો હોય.

૨૧. **લબ્ધલક્ષ**–સુખે કરીને સઘળું ધર્મકર્ત્તવ્ય જાણી શકે અને પોતાના જીવનના ધ્યેયને ભૂલનારો ન હોય.

## બાવીશની સંખ્યા

**બાવીશ અભક્ષ્યનાં નામ**–(૧) મધ, (૨) માખણ, (૩) મદિરા (દારુ), (૪) માંસ, (૫) ઉંબરાનાં ફળ, (૬) વડના ટેટા, (૭) કોઠીંબડાં, (૮) પીપળાની પેપડી, (૯) વડલાના ટેટા, (૧૦) હિમ–બરફ, (૧૧) અફીણ (સર્વ જાતનાં ઝેર). (૧૨) કમરાં, (૧૩) કાચી માટી, (૧૪) રાત્રિ-ભોજન, (૧૫) બહુ બીજવાળી વસ્તુ, (૧૬) બોળ અથાણું, (૧૭) વિદળ, કાચા દહીં દૂધ સાથે કઠોળ ખાવું તે, (૧૮) રીંગણાં, (૧૯) અજાણ્યાં ફળ, (૨૦) તુચ્છ ફળ (જેમાં ખાવાનું થોડું અને ફેંકવાનું ઘણું), (૨૧) ચલિત રસ (જેનો સ્વાદ બગડી ગયો હોય તે), (૨૨) અનંતકાય (જેમાં અનંતા જીવો હોય તે.)

**સહસ પુરુષ શું સંજમ લિયો, શ્રી નેમીશ્વર હાથ;**
**તે થાવચ્ચા વંદીએ, મહોચ્છવ કર્યો યદુનાથ.**

## શ્રી ચોવીસ તીર્થંકરનાં લંછન, આયુષ્ય, મોક્ષતિથિ,

| નં. | તીર્થંકરનાં નામ. | જન્મ નગરી | જન્મ તિથિ | પિતાનાં નામ | માતાનાં નામ | લંછન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | વિનીતા | ચૈ. વ. ૮ | નાભિરાજા | મરુદેવી | વૃષભ |
| ૨ | અજિતનાથ | અયોધ્યા | મ. સુ. ૮ | જિતશત્રુ | વિજયા | હાથી |
| ૩ | સંભવનાથ | સાવત્થી | મા. સુ. ૪ | જિતારી | સેના | ઘોડો |
| ૪ | અભિનંદન | અયોધ્યા | મ. સુ. ૨ | સંવર | સિદ્ધાર્થી | વાનર |
| ૫ | સુમતિનાથ | અયોધ્યા | વૈ. સુ. ૮ | મેઘરથ | સુમંગલા | કૌંચપક્ષી |
| ૬ | પદ્મપ્રભુ | કૌશાંબી | કા. વ.૧૨ | શ્રીધર | સુસીમા | પદ્મકમલ |
| ૭ | સુપાર્શ્વનાથ | વણારસી | જે. સુ. ૧૨ | સુપ્રતિષ્ઠ | પૃથ્વી | સાથિયો |
| ૮ | ચંદ્રપ્રભુ | ચંદ્રપુરી | પો. વ.૧૨ | મહસેન | લક્ષમણા | ચંદ્ર |
| ૯ | સુવિધિનાથ | કાકંદી | મા. વ. ૫ | સુગ્રીવ | શ્યામા | મગરમચ્છ |
| ૧૦ | શીતલનાથ | ભદ્દિલપુરી | મ. વ. ૧૨ | દઢરથ | નંદા | શ્રીવચ્છ |
| ૧૧ | શ્રેયાંસનાથ | સિંહપુર | ફા. વ. ૧૨ | વિષ્ણુરાજ | વિષ્ણુદેવી | ગેંડો |
| ૧૨ | વાસુપૂજ્ય | ચંપાપુરી | ફા. વ. ૧૪ | વસુપૂજ્ય | જયા | પાડો |
| ૧૩ | વિમલનાથ | કંપિલપુર | મ. સુ. ૩ | કૃતવર્મા | રામા | વરાહ |
| ૧૪ | અનંતનાથ | અયોધ્યા | વૈ. વ. ૧૩ | સિંહસેન | સુયશા | સિંચાણો |
| ૧૫ | ધર્મનાથ | રત્નપુરી | મા. સુ. ૩ | ભાનુ | સુવ્રતા | વજ્ર |
| ૧૬ | શાંતિનાથ | હસ્તિનાપુર | જે. વ. ૩ | વિશ્વસેન | અચિરા | હરણ |
| ૧૭ | કુંથુનાથ | ,, | વૈ. વ. ૧૪ | સુરરાજ | શ્રીરાણી | બોકડો |
| ૧૮ | અરનાથ | ,, | મા. સુ.૧૦ | સુદર્શન | દેવમાતા | નંદ્યાવર્ત |
| ૧૯ | મલ્લિનાથ | મથુરાનગરી | મા.સુ. ૧૧ | કુંભરાજા | પ્રભાવતી | કુંભ |
| ૨૦ | મુનિસુવ્રત | રાજગૃહી | જે. વ. ૮ | સુમિત્ર | પદ્માવતી | કાચબો |
| ૨૧ | નમિનાથ | મથુરા | શ્રા. વ. ૮ | વિજય | વપ્રા | નીલકમલ |
| ૨૨ | નેમિનાથ | સૌરીપુરી | શ્રા. સુ. ૫ | સમુદ્રવિજય | શિવા | શંખ |
| ૨૩ | પાર્શ્વનાથ | વણારસી | પો. વ.૧૦ | અશ્વસેન | વામા | સર્પ |
| ૨૪ | મહાવીરસ્વામી | ક્ષત્રિયકુંડ | ચૈ. સુ.૧૩ | સિદ્ધાર્થ | ત્રિશલા | સિંહ |

કોશ્યા-મંદિર ચોમાસુ રહ્યા, ચોરાસી ચોવીશ;
તે સ્થૂલિભદ્ર મુનિ વંદીએ, ભદ્રબાહુ ગુરુ શિષ્ય.

## શરીરમાન, યક્ષ-યક્ષિણી, ગણધર, ગર્ભકાલ વગેરેનું કોષ્ટક

| આયુષ્ય | મોક્ષ તિથિ | શરીર માન | યક્ષ | યક્ષિણી | ગણ-ધર | ગર્ભ-કાળ | શરીરનો વર્ણ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | મા.દિ. | |
| ૮૪ લા. પૂ. | મ. વ. ૧૩ | ૫૦૦ ધ. | ગોમુખ | ચક્રેશ્વરી | ૮૪ | ૯-૪ | સુવર્ણ |
| ૭૨ ,, | ચૈ. શુ. ૫ | ૪૫૦ ,, | મહાયક્ષ | અજિતા | ૯૫ | ૮-૨૫ | ,, |
| ૬૦ ,, | ચૈ. શુ. ૫ | ૪૦૦ ,, | ત્રિમુખ | દુરિતારી | ૧૦૨ | ૯-૬ | ,, |
| ૫૦ ,, | વૈ. શુ. ૮ | ૩૫૦ ,, | યક્ષેશ | કાલી | ૧૧૬ | ૮-૨૮ | ,, |
| ૪૦ ,, | ચૈ. શુ. ૯ | ૩૦૦ ,, | તુંબરુ | મહાકાલી | ૧૦૦ | ૯-૬ | ,, |
| ૩૦ ,, | મા. વ. ૧૧ | ૨૫૦ ,, | કુસુમ | અચ્યુતા | ૧૦૭ | ૯-૬ | રાતો |
| ૨૦ ,, | ફા. વ. ૭ | ૨૦૦ ,, | માતંગ | શાન્તા | ૯૫ | ૯-૧૯ | સુવર્ણ |
| ૧૦ ,, | ભા. વ. ૭ | ૧૫૦ ,, | વિજય | જ્વાલા | ૯૩ | ૯-૧૦ | શ્વેતવર્ણ |
| ૨ ,, | ભા. શુ. ૯ | ૧૦૦ ,, | અજિત | સુતારકા | ૮૮ | ૮-૨૬ | ,, |
| ૧ ,, | વૈ. વ. ૨ | ૯૦ ,, | બ્રહ્મ | અશોકા | ૮૧ | ૯-૬ | સુવર્ણ |
| ૮૪ લા. વ. | શ્રા. વ. ૩ | ૮૦ ,, | મનુજ | શ્રીવત્સા | ૭૬ | ૯-૬ | ,, |
| ૭૨ ,, | આ. શુ. ૧૪ | ૭૦ ,, | સુરકુમાર | ચંડા | ૬૬ | ૮-૨૦ | રાતો |
| ૬૦ ,, | આ. વ. ૭ | ૬૦ ,, | ષણ્મુખ | વિજયા | ૫૭ | ૮-૨૧ | સુવર્ણ |
| ૩૦ ,, | ચૈ. શુ. ૫ | ૫૦ ,, | પાતાલ | અંકુશા | ૫૦ | ૯-૬ | ,, |
| ૧૦ ,, | જે. શુ. ૫ | ૪૫ ,, | કિન્નર | પ્રજ્ઞપ્તિ | ૪૩ | ૮-૨૬ | ,, |
| ૧ ,, | જે. વ. ૧૩ | ૪૦ ,, | ગરુડ | નિર્વાણી | ૩૬ | ૯-૬ | ,, |
| ૯૫૦૦૦ | વૈ. વ. ૧ | ૩૫ ,, | ગંધર્વ | અચ્યુતા | ૩૫ | ૯-૫ | ,, |
| ૮૪૦૦૦ | મા. શુ. ૧ | ૩૦ ,, | યક્ષેન્દ્ર | ધરણી | ૩૩ | ૯-૮ | ,, |
| ૫૫૦૦૦ | ફા. શુ. ૧૨ | ૨૫ ,, | કુબેર | વૈરોટયા | ૨૮ | ૯-૭ | નીલ |
| ૩૦૦૦૦ | જે. વ. ૯ | ૨૦ ,, | વરુણ | અચ્છુપ્તા | ૧૮ | ૯-૮ | શ્યામ |
| ૧૦૦૦૦ | વૈ. વ. ૧૦ | ૧૫ ,, | ભ્રકુટી | ગાંધારી | ૧૭ | ૯-૮ | સુવર્ણ |
| ૧૦૦૦ | આ. શુ. ૮ | ૧૦ ,, | ગોમેધ | અંબિકા | ૧૧ | ૯-૮ | શ્યામ |
| ૩૦૦ | શ્રા. શુ. ૮ | ૯ હાથ | પાર્શ્વ | પદ્માવતી | ૧૦ | ૯-૬ | નીલ |
| ૭૨ | કા. વ. ०)) | ૭ હાથ | માતંગ | સિદ્ધા | ૧૧ | ૯-૭॥ | સુવર્ણ |

કપિલ સંગે નવિ ચળ્યો, શેઠ સુદર્શન ચંગ;
શૂળી સિંહાસન થઈ, સુર કરે મનને રંગ.

## આવતી ચોવીશીમાં કોના કોના જીવ તીર્થંકર થશે તેમનાં કેવાં નામ રહેશે તથા તેમના જીવ હાલ કયાં છે તેની વિગત.

| | કોનો જીવ | હાલ કયાં છે. | તિર્થંકર થશે. |
|---|---|---|---|
| ૧ | શ્રેણિક | પહેલી નરકે | પદ્મનાભ |
| ૨ | સુપાર્શ્વ (મહાવીરના કાકા) | બીજા દેવલોકે | સુરદેવ |
| ૩ | ઉદાયી (કોણિકનો પુત્ર) | ત્રીજા દેવલોકે | સુપાર્શ્વ |
| ૪ | પોટિલ (સાધુનો જીવ) | ચોથા દેવલોકે | સ્વયંપ્રભ |
| ૫ | દૃઢકેતુ (મલ્લિનાથના કાકા) | બીજા દેવલોકે | સર્વાનુભૂતિ |
| ૬ | કાર્તિકશેઠ (આણંદ ગાથાપતિનો બાપ) | પહેલા દેવલોકે | દેવશ્રુત |
| ૭ | શંખ શ્રાવક | બારમા દેવલોકે | ઉદયપ્રભ |
| ૮ | આનંદ શ્રાવક | પહેલા દેવલોકે | પેઢાલ |
| ૯ | સુનંદા (સુનંદ) | પાંચમા દેવલોકે | પોટિલ |
| ૧૦ | શતક શ્રાવક | ત્રીજી નરકે | શતકીર્તિ |
| ૧૧ | દેવકી | આઠમા દેવલોકે | સુવ્રતનાથ |
| ૧૨ | કૃષ્ણ | ત્રીજી નરકે | અમમ |

વરસ દિવસ કાઉસગ્ગ કિયો, બાહુબળી અણગાર;
માનગજેથી ઊતર્યો, તવ લિયો કેવળ સાર.

| | કોનો જીવ. | હાલ કયાં છે. | તીર્થંકર થશે. |
|---|---|---|---|
| ૧૩ | હરશતકો (રાવણનો પુરોહિત) | પાંચમા દેવલોકે | નિઃકષાય |
| ૧૪ | બળદેવ | છઠ્ઠા દેવલોકે | નિઃપુલાક |
| ૧૫ | સુલસા } કોઈક ઠેકાણે આ નામ ઉપર નીચે આપેલ છે. | પાંચમા દેવલોકે | નિર્મમ |
| ૧૬ | રોહિણી | બીજા દેવલોકે | ચિત્રગુપ્ત |
| ૧૭ | રેવતી ( બળદેવની માતા ) | બારમા દેવલોકે | સમાધિ |
| ૧૮ | સભાળ | આઠમા દેવલોકે | સંવર |
| ૧૯ | દ્વીપાયન ( દ્વારકાનો બાળનાર) | અગ્નિકુમારભુવને | યશોધર |
| ૨૦ | કોણિક | બારમા દેવલોકે | વિજય |
| ૨૧ | નારદ | પાંચમા દેવલોકે | મલ્લનાથ (મલ્લિજિન) |
| ૨૨ | અંબડ તાપસ | બારમા દેવલોકે | દેવજિત ( શ્રીદેવ ) |
| ૨૩ | અમર | આઠમાગ્રૈવેયકે[1] | અનંતવીર્ય |
| ૨૪ | સ્વયંબુદ્ધ | સર્વાર્થસિદ્ધે | ભદ્રકૃત ( ભદ્રંકર ) |

તા. ક.–આ નામોમાં કેટલેક ઠેકાણે ફેરફાર પણ વાંચવામાં આવે છે.

૧. નવમા ગ્રૈવેયકે પણ કોઈ ઠેકાણે ઉલ્લેખ છે.

ગજસુકુમાર શિર સોમિલે, દેખી ધર્યા અંગાર;
સમતા પસાયે તે વળી, પામ્યા ભવનો પાર.

# ભૂતકાળની ચોવીશીનાં નામો.

| અનુક્રમ | ગઇ ચોવીશીનાં નામો. | અનુક્રમ. | ગઇ ચોવીસીનાં નામો. |
|---|---|---|---|
| ૧ | શ્રી કેવલજ્ઞાની | ૧૩ | શ્રી સુમતિનાથ |
| ૨ | ,, નિર્વાણી | ૧૪ | ,, શિવગતિનાથ |
| ૩ | ,, સાગરનાથ | ૧૫ | ,, અસ્તાંગનાથ |
| ૪ | ,, મહાશય | ૧૬ | ,, નમીશ્વરનાથ |
| ૫ | ,, વિમલનાથ | ૧૭ | ,, અનિલનાથ |
| ૬ | ,, સર્વાનુભૂતિ | ૧૮ | ,, યશોધરનાથ |
| ૭ | ,, શ્રીધરનાથ | ૧૯ | ,, કૃતાર્થનાથ |
| ૮ | ,, શ્રીદત્તનાથ | ૨૦ | ,, જિનેશ્વરનાથ |
| ૯ | ,, દામોદરનાથ | ૨૧ | ,, શુદ્ધમતિનાથ |
| ૧૦ | ,, સુતેજનાથ | ૨૨ | ,, શિવશંકરનાથ |
| ૧૧ | ,, સ્વામીનાથ | ૨૩ | ,, સ્યંદનનાથ |
| ૧૨ | ,, મુનિસુવ્રતસ્વામી | ૨૪ | ,, સંપ્રતિનાથ |

દેવ જપો અરિહંતને, ગુરુ સેવો નિર્ગ્રંથ;
દયા ધર્મ પાળો સદા, એ મુક્તિનો પંથ.

## ચોવીશ દંડક

| | | | |
|---|---|---|---|
| સાત નારકીનો | ૧. | તિર્યંચનો | ૧ |
| ભુવનપતિના | ૧૦. | મનુષ્યનો | ૧ |
| સ્થાવરના | ૫. | વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક | ૩ |
| વિકલેંદ્રિયના | ૩. | | |

આ ચોવીશે દંડકમાં જીવ ફરે છે.

## અઠ્ઠાવીશની સંખ્યા

૨૮ **લબ્ધિ**-(૧) આમોસહિ, (૨) વિપ્રોસહિ, (૩) ખેલોસહિ, (૪) જલ્લોસહિ, (૫) સવ્વોસહિ, (૬) સંભિન્નશ્રોત, (૭) અવધિજ્ઞાની, (૮) મનઃપર્યવજ્ઞાની, (૯) વિપુલમતિ, (૧૦) ચારણલબ્ધિ, (૧૧) આશિવિષ, (૧૨) કેવલજ્ઞાની, (૧૩) ગણધર પદ, (૧૪) પૂર્વધર, (૧૫) અરિહંત પદ, (૧૬) ચક્રવર્તિપદ, (૧૭) બલદેવપદ, (૧૮) વાસુદેવ પદ, (૧૯) અમૃતાશિવ, (૨૦) કોષ્ટબુદ્ધિ, (૨૧) પદાનુસારિણી, (૨૨) બીજબુદ્ધિ, (૨૩) તેજોલેશ્યા, (૨૪) આહારક, (૨૫) શીતલેશ્યા, (૨૬) વૈક્રિય, (૨૭) અક્ષીણ મહાનસ, (૨૮) પુલાક લબ્ધિ.

આપ એકલો અવતરે, એકલો મરતાં હોય;
મૂળથી આપણા જીવનનો, સૌથી સગો ન કોય.

# બત્રીશની સંખ્યા

## બત્રીશ અનંતકાય

(૧) સુરણ, (૨) લસણ, (૩) લીલી હળદર, (૪) બટાટા (આલુ), (૫) લીલો કચૂરો, (૬) શતાવરી, (૭) હીરલીકંદ, (૮) કુંઅર, (૯) થોર, (૧૦) ગળો, (૧૧) શકરિયાં, (૧૨) વંશ કારેલા, (૧૩) ગાજર, (૧૪) લુણી, (૧૫) લોઢી, (૧૬) ગિરિકર્ણિકા (ગરમર), (૧૭) કુમળાં પાંદડાં, (૧૮) ખરસૈયો, (૧૯) થેગની ભાજી, (૨૦) લીલી મોથ, (૨૧) લુણીના ઝાડની છાલ, (૨૨) ખીલોડાં, (૨૩) અમૃતવેલ, (૨૪) મૂળાના કંદ, (૨૫) ભૂમિફોડા (બિલાડીના ટોપ), (૨૬) નવા અંકુરા, (૨૭) વત્થુલાની ભાજી, (૨૮) સુવેર વેલ, (૨૯) વાલકાની ભાજી, (૩૦) કુણી આંબલી, (૩૧) રતાળુ, (૩૨) પીંડાળા.

આ વસ્તુઓમાંથી ઘણી વસ્તુઓ અપ્રાપ્ય છે તેથી સુજ્ઞ શ્રાવકોએ તેના નિષ્કારણ પાપથી બચી જવા ગુરુ સમક્ષ તેની પ્રતિજ્ઞા લેવી હિતાવહ છે.

જ્ઞાન સમું કોઈ ધન નહિ, સમતા સમું નહિ સુખ;
જીવિત સમી આશા નહિ, લોભ સમું નહિ દુઃખ.

# કેટલીક ઉપયોગી વિગતો

## ૧. વર્ષમાં આવતી પર્વ તિથિઓ

(૧) **કાર્તિક સુદિ ૫–જ્ઞાનપંચમી**–જ્ઞાનાવરણીય કર્મના યોગથી આપણને જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેનો ક્ષય કરવા માટે જ્ઞાનપંચમીની આરાધના કરવાની હોય છે. આ મહાપર્વ ગણાય છે.

(૨) **કાર્તિક સુદિ ૧૫**–શ્રી દ્રાવિડ અને વારિખિલ્લજી નામના બે મહામુનિઓ આ દિવસે દસ ક્રોડ મુનિઓ સાથે શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર મુક્તિપદ પામ્યા છે.

(૩) **માગસર સુદિ ૧૧ મૌન એકાદશી**–દરેક તીર્થંકર પરમાત્માને પાંચ કલ્યાણકો થાય છે. (૧) ભવાંતરમાંથી તીર્થંકરપણાના ભવમાં ઉત્પન્ન થવા માટે ગર્ભસ્થાનમાં આવે તે **ચ્યવન કલ્યાણક**, (૨) જન્મ થાય તે **જન્મ કલ્યાણક**, (૩) સંસારનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરે તે **દીક્ષા કલ્યાણક** (૪) ઘાતી કર્મનો નાશ કરી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય તે **કેવલ કલ્યાણક** અને (૫) આયુષ્ય પૂર્ણ થયે મોક્ષપ્રાપ્તિ થાય તે **નિર્વાણ કલ્યાણક**, આ પાંચ કલ્યાણકો વખતે દેવતાઓ અને ઇંદ્રો મહોત્સવ કરે છે. માગશર સુદ ૧૧ ના દિવસે નેવું તીર્થંકરોનાં જુદા જુદા કલ્યાણકો મળી

દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદા સુજાગ.

એકંદર ૧૫૦ કલ્યાણકો થયાં છે. તેથી આ દિવસ મહાપર્વ તરીકે છે. તેની આરાધના મૌનપૂર્વક ઉપવાસાદિ તપ કરી વિધિપૂર્વક થાય છે.

(૪) **માગસર વદિ ૧૦**–આ દિવસ શ્રી. પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણકનો છે. તેને પોષ દશમ કહેવાય છે. (મારવાડ વગેરે પ્રદેશમાં વદ ૧ થી મહિનાની શરૂઆત થાય છે, જ્યારે ગુજરાતમાં સુદ ૧ થી થાય છે.)

(૫) **પોષ વદિ ૧૩**–પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાન આ દિવસે નિર્વાણ પામ્યા છે, જે મેરુ તેરશ તરીકે ઓળખાય છે.

(૬) **ફાગણ વદિ ૮**–શ્રી આદિનાથ ભગવાને વર્ષી-તપ કરેલો. તે તપની શરૂઆત આ દિવસથી થાય છે. શ્રી. આદિનાથ ભગવાનનાં જન્મ તથા દીક્ષા કલ્યાણક આ દિવસે થયાં છે.

(૭) **ચૈત્ર સુદિ ૧૩**–છેલ્લા તીર્થંકર શ્રી. મહાવીર પરમાત્માનો આ જન્મ-દિવસ છે. આપણે તેઓશ્રીના શાસનમાં છીએ. તેથી આ દિવસ મહાપર્વ તરીકે ઉજવાય છે.

(૮) **ચૈત્ર સુદિ ૧૫**–શ્રી. આદિનાથ ભગવાનના પ્રથમ ગણધર શ્રી. પુંડરીકસ્વામી શ્રી. સિદ્ધાચલજી તીર્થ ઉપર પાંચ ક્રોડ મુનિઓ સાથે આ તીર્થ ઉપર મોક્ષપદ પામ્યા છે.

**નિજ સ્વરૂપ જાણ્યા વિના, જીવ ભમે સંસાર;**
**જબ નિજ રૂપ પિછાણીએ, તબ લહે ભવકો પાર.**

(૮) **વૈશાખ સુદિ ૩**–શ્રી. આદિનાથ ભગવાનનું વર્ષી-તપનું પારણું શ્રી. શ્રેયાંસકુમારને ત્યાં શેરડીના રસથી આ દિવસે થયું હતું. વરસીતપ કરનારા આ દિવસે પારણું કરે છે. આ દિવસને અક્ષયતૃતીયા કહે છે.

(૯) **શ્રાવણ વદિ ૧૨**–શ્રી. પર્યુષણ મહાપર્વ આ દિવસથી શરૂ થાય છે. સાંવત્સરિક પ્રતિક્રમણ કરવાના આઠ દિવસ બાકી રહેતા હોવાથી તેને અઠ્ઠાઈધર કહેવાય છે. આ દિવસથી ધાર્મિક આરાધના સારી રીતે કરવામાં આવે છે.

(૧૦) **ભાદરવા સુદિ ૧**–શ્રી. પર્યુષણ પર્વમાં શ્રી. કલ્પસૂત્ર વંચાય છે ત્યારે આ દિવસે મહાવીર–જન્મનો અધિકાર વંચાય છે અને ચૌદ સ્વપ્ન વગેરે ઉતારવામાં આવે છે.

(૧૧) **ભાદરવા સુદિ ૪**–આ દિવસ જૈનો માટે સર્વ પર્વોમાં મહાન છે. કોઈ પણ જીવનો નાનો મોટો અપરાધ જાણતાં અજાણતાં આપણાથી થયો હોય તો તેની ક્ષમાપના હૃદયથી માંગવાની હોય છે. તે તે સ્થળનાં દરેક જિનમંદિરોમાં જઈ દર્શન, પૂજન આ દિવસે ખાસ કરવાનાં હોય છે. આ દિવસે ઉપવાસ આદિ તપ અવશ્ય કરવા જોઈએ.

(૧૨) **આસો વદિ ૦))**–વર્ષના છેલ્લા દિવસે શ્રી. મહાવીર પ્રભુ મોક્ષપદ પામ્યા છે. અને પ્રભાતે શ્રી. ગૌતમસ્વામી મહારાજને કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલ છે. આ કારણે જ્ઞાનના છેલ્લા પ્રકાશસ્વરૂપ દિવાળીપર્વ અસ્તિત્વમાં આવ્યું.

**ધન બિના નિર્ધન દુ:ખી, તૃષ્ણાવંત ધનવાન;**
**કૌન સુખી સંસારમેં, સબ જગ દેખ્યા છાન.**

## ૨. ઉપયોગી મંત્રો

### (૧) શ્રી ઘંટાકર્ણ સિદ્ધિ મંત્ર

ॐ ह्रीं घंटाकर्णो नमोऽस्तु ते ठः ठः ठः स्वाहा ॥

આ મંત્ર ૧૦૮ વાર શ્રદ્ધાપૂર્વક ત્રણ માસ સુધી ગણવો.

### (૨) ઇચ્છિત કાર્યસિદ્ધિ મંત્ર

ॐ ह्रीं क्लीं श्रीं चन्द्रप्रभजिनेन्द्राय ज्वालामालिन्यै नमः॥

આ મંત્ર ૧૦૮ વાર ગણવો. ઘીનો દીવો અને ધૂપ કરવો, સફેદ વસ્ત્ર પહેરવાં, ઉપકરણ ચાંદીનાં રાખવાં, સફેદ સૂતરની નવકારવાળીથી જાપ કરવો. પ્રભુજીને દૂધનો પખાલ કરી, કેસરમાં બરાસ ઘસીને હંમેશાં પૂજા કરવી, સફેદ પુષ્પ ચઢાવવાં. ઉપર્યુક્ત મંત્ર વિધિપૂર્વક જપવાથી વાંછિત સિદ્ધિ થાય છે.

### (૩) વિદ્યા સાધવાનો મંત્ર

ॐ ह्रीं श्रीं क्लीं वाग्वादिनि ! सरस्वति ! मम जिह्वाग्रे वासं कुरु कुरु स्वाहा ॥ આ મંત્ર દિન ૨૯ સુધી ૧૦૮ વાર જપવો, જેથી વિદ્યા પ્રાપ્ત થાય છે.

### (૪) શ્રી સરસ્વતીનો મંત્ર

ॐ ह्रीं वद वद वाग्वादिनि ! भगवति ! सरस्वतीश्रुत देवि ! मम जाड्यं हर हर स्वाहा। श्रीभगवत्यै नमः स्वाहा

ભવસાગરમાં ડૂબતા, કોઈ ન તારણહાર;
ધર્મ એક પ્રવહણ સમો, કેવળી ભાષિત સાર.

ઠઃ ઠઃ ઠઃ स्वाहा ॥ આમ વિધિપૂર્વક ત્રણ માસ સુધી શુદ્ધ વસ્ત્ર પ્રહેરી હંમેશાં ૧૦૮ વખત જાપ કરવો.

## (૫) તાવ કાઢવાનો મંત્ર

**ॐ नमो लोए सव्वसाहूणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो अरिहंताणं, ॐ ह्रीँ स्वाहा ॥**

આ મંત્રને ૧૦૮ વાર જપતાં કોરી ચાદરના ખૂણાને મસળતા જવું, મંત્રજાપ પૂરો થતાં તે ખૂણાની ગાંઠ વાળી દેવી, અને તે ચાદરની ગાંઠવાળો છેડો તાવવાળાના મસ્તક તરફ રાખીને તે ચાદર તાવવાળાને ઓઢાડવી. રોજિંદો, એકાંતરિયો, તરિયો, ચોથિયો, ટાઢિયો કે ગમે તેવો તાવ ઊતરી જાય છે.

## ૩. શાશ્વતાં ચત્યો

આઠક્રોડ, સત્તાવન લાખ, બસો ને ખ્યાશી. ૮૫૭૦૦૨૮૨.

## ૪. શાશ્વતી પ્રતિમાઓ

પંદર અબજ, બેંતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર અને એંશી. ૧૫૪૨૫૮૩૬૦૮૦.

## ૫. ચોસઠ ઇંદ્રો

ભવનપતિના ૨૦, વ્યંતરના ૧૫, વાણુવ્યંતરના ૧૬, જ્યોતિષ્ક ૨ અને વૈમાનિકના ૧૦.

દાન શિયળ તપ ભાવના, ધર્મ એ ચાર પ્રકાર;
રાગ ધરો નિત્ય એહશું, કરો શક્તિ અનુસાર.

## ૬. ચોવીસ તીર્થંકરનાં મોક્ષકલ્યાણક સ્થળો

શ્રી. ઋષભદેવજીનું અષ્ટાપદ પર, શ્રી નેમનાથજીનું ગિરનાર પર, શ્રી. વાસુપૂજ્યજીનું ચંપાપુરીમાં, શ્રી મહાવીર-સ્વામીનું પાવાપુરીમાં અને બાકીના વીશ પ્રભુનું શ્રી સમેત-શિખર પર.

## ૭. ૧૨૪ અતિચારોની સમજણ

જ્ઞાનાચારના ૮, દર્શનાચારના ૮, ચારિત્રાચારના ૮, તપાચારના ૧૨, વીર્યાચારના ૩, સાતમા વ્રત સિવાયના પહેલાથી બાર વ્રતના ૫૫, સાતમા વ્રતના ૨૦, સંલેખ-નાના ૫, અને સમ્યક્ત્વના ૫ — કુલ ૧૨૪

મુહપત્તિના ૫૦ બોલ બોલવાના, સાધુ અને શ્રાવક માટે છે. સાધ્વીજી માટે ૩ લેશ્યા, ૩ શલ્ય, ૪ કષાય–એ દશ બોલ બોલવા નહીં માટે તેમને ૪૦ બોલ બોલવાના.

## ૮. ઉત્કૃષ્ટ તથા જઘન્યકાળે તીર્થંકરાદિ સંખ્યા

ઉત્કૃષ્ટ કાળે ૧૭૦ તીર્થંકર હોય ત્યારે ૯ ક્રોડ કેવળ-જ્ઞાની, ૯ હજાર ક્રોડ સાધુઓ હોય, જે શ્રી અજિતનાથ ભગવાનના સમયે હતા.

જઘન્ય કાળે ૨૦ તીર્થંકર હોય ત્યારે ૨ ક્રોડ કેવળ-જ્ઞાની અને બે હજાર ક્રોડ સાધુઓ હોય.

પ્રભુ સેવા ભાવે કરે, પ્રેમ ધરી મનરંગ;
દુઃખ દોહગ દૂરે ટળે, પામે સુખ મનચંગ,

## ૯. ચોવીશી અને આવતી ચોવીશીનાં મોક્ષસ્થળ

આ ભરતક્ષેત્રમાં ૨૦ તીર્થંકરો સમેતશિખરે મોક્ષે ગયા, ઐરવત ક્ષેત્રમાં ૨૦ તીર્થંકરો સુપ્રતિષ્ઠ પર્વતે મોક્ષે ગયા, આવતી ચોવીશીમાં ચોવીશે તીર્થંકરો ગિરનારજી પર મોક્ષે જશે.

## ૧૦. અઢીસો અભિષેકની સમજ

શ્રી. તીર્થંકરના જન્મ વખતે ઇંદ્રો તથા દેવો પરમાત્માને મેરુપર્વત પર પાંડુક વનમાં લઈ જઈ સિંહાસન ઉપર બેસાડી શક્રેંદ્રના ખોળામાં અઢીસો અભિષેક કરે છે, તે નીચે પ્રમાણે છે.

ભવનપતિના વીશ ઇંદ્રોના ૨૦, વ્યંતરેંદ્રના બત્રીશ ઇંદ્રોના ૩૨, વૈમાનિકના દશ ઇંદ્રોના ૧૦, મનુષ્ય ક્ષેત્રના ચંદ્ર તથા સૂર્યના ૧૩૨, અસુરકુમારની દશ ઇંદ્રાણીઓના ૧૦ ( ઉત્તર તથા દક્ષિણ દિશાની મળીને નાગકુમારાદિક નવ નિકાયની ઉત્તર તથા દક્ષિણ દિશાની છ–છ મળીને ) ૧૨, વ્યંતરેંદ્રની ચાર ઇંદ્રાણીઓના ૪, જ્યોતિષ્કની ચાર ઇંદ્રાણીઓના ૪, સૌધર્મ તથા ઈશાનેંદ્રની આઠ ઇંદ્રાણીઓનાં મળી ૧૬, સામાનિક દેવનો ૧, ત્રાયસ્ત્રિંશક દેવનો ૧, લોકપાળના ૪, અંગરક્ષકદેવનો ૧, પર્ષદાના દેવનો ૧, અનિક અધિપતિ દેવનો ૧, પ્રકીર્ણદેવનો ૧—કુલ મળીને ૨૫૦

લઘુતા મેં પ્રભુતા બસે, પ્રભુતાસે પ્રભુ દૂર;
કીડી સો મિસરી ચૂગે, હાથીકે સિર ધૂર;

## ૧૧. એક ક્રોડ ને લાખ કળશોની સમજ

કળશ ૨૫ યોજન ઊંચા અને ૧૨ જોજન પહોળા તથા એક યોજનના નાળચાવાળા આઠ જાતિના હોય. દરેક જાતિના આઠ-આઠ હજાર કળશો નીચે મુજબ ગણાય છે. ૧. સુવર્ણના ૮૦૦૦, ૨. રૂપાના ૮૦૦૦, ૩. રતનના ૮૦૦૦, ૪. સુવર્ણ તથા રતનના ૮૦૦૦, ૫. સુવર્ણ તથા રૂપાના૮૦૦૦, ૬. રૂપા તથા રતનના ૮૦૦૦, ૭. સુવર્ણ, રૂપું તથા રતનના ૮૦૦૦, ૮. માટીના ૮૦૦૦.

ઉપર મુજબ આઠ જાતિના મળીને ૬૪૦૦૦ કળશો, પંચામૃતથી ભરી પ્રભુને નવરાવે ત્યારે એક અભિષેક થાય. એવા અઢીસો અભિષેક હોવાથી ૬૪૦૦૦ ને અઢીસો સાથે ગુણતાં એક ક્રોડ ને સાઠ લાખ કળશોનો અભિષેક થાય છે.

## ૧૨. નવકાર મંત્ર ગણવાથી લાભ

નવકારનો એક અક્ષર બોલવાથી ૭ સાગરોપમનાં પાપ છેદાય, નવકારનું એક પદ ગણવાથી ૫૦સાગરોપમનાં પાપ નાશ પામે, નવકાર પૂરો ગણવાથી ૫૦૦ સાગરોપમનાં પાપ નાશ પામે.

## ૧૩. બ્રહ્મચર્યનું ફળ

વિજય શેઠ અને વિજયા શેઠાણીને બ્રહ્મચર્યના પ્રતાપે ૮૪૦૦૦ મુનિઓને દાન આપતાં જે ફળ થાય તેટલું ફળ તેમને જમાડતાં થતું હતું.

રાત ગુમાઈ સોય કર, દિવસ ગમાયા ખાય;
હીરા જૈસા મનુષ્ય ભવ, કોડી બદલે જાય.

## ૧૪. માન્યતાભેદ

દિગંબરોના મત પ્રમાણે–સ્ત્રીઓ મોક્ષે ન જાય અને કેવળજ્ઞાની આહાર ન કરે.

શ્વેતાંબરોના મત પ્રમાણે–સ્ત્રીઓ મોક્ષે જાય અને કેવળી આહાર કરે.

## ૧૫. મત અને ગચ્છની ઉત્પત્તિ

દિગંબર મતની ઉત્પત્તિ મથુરા નગરીમાં વીરનિર્વાણ સં. ૬૦૯ માં સહસ્રમલ્લ નામના સાધુથી થઈ. તેનું વિશેષ વર્ણન 'વિશેષાવશ્યક સૂત્ર' વગેરે ગ્રંથોમાં આપેલું છે.

સંવત ૧૫૩૪ માં લુંકા નામના લહિયાએ લોંકાગચ્છ (ઢુંઢિયામત)ની સ્થાપના કરી. તેઓ મંદિર–મૂર્તિને માનતા નથી; અને ૪૫ આગમોમાંથી ૩૨ આગમને જ માને છે.

## ૧૬. સુઘોષા ઘંટ

૧૨ યોજન પહોળો, ૬ યોજન ઊંચો અને તેનું લોલક ૪ યોજન લાંબું હોય છે. તે ઘંટ ૫૦૦ દેવો મળીને વગાડે છે.

## ૧૭. સમકિત પામ્યા પછીના તીર્થંકરોના ભવો

શ્રી. મહાવીરસ્વામીના ૨૭, શ્રી. શાંતિનાથજીના ૧૨, શ્રી ઋષભદેવજીના ૧૩, શ્રી. નેમિનાથજીના ૯, શ્રી. પાર્શ્વનાથજીના

એક દિન ઐસા હોયગા, સબસેં પરે વિછોહ;
રાજા રાણા રાવ રંક, સાવધ કયોં નહિ હોય.

૧૦, ચંદ્રપ્રભુના ૭, શ્રી મુનિસુવ્રતના ૯, અને બાકીના સત્તર તીર્થંકરોના ત્રણ ત્રણ ભવો થયા છે.

## ૧૮. સ્ત્રીઓ શું શું ન પામી શકે?

(૧) તીર્થંકર પદવી (શ્રી. મલ્લિનાથ તીર્થંકર થયા તે એક આશ્ચર્યમાં ગણાય છે), (૨) ચક્રવર્તીપણું, (૩) વાસુદેવપણું, (૪) બળદેવપણું, (૫) સંભિન્નશ્રોતસ્ લબ્ધિ, (૬) ચારણ લબ્ધિ, (૭) ચૌદ પૂર્વ, (૮) ગણધર લબ્ધિ, (૯) પુલાક લબ્ધિ, (૧૦) આહારક શરીર—આ દશ વસ્તુઓ સ્ત્રીઓને પ્રાપ્ત ન થાય.

## ૧૯. અહોરાત્રિના પૌષધનું ફળ

૨૭ અબજ, ૭૭ ક્રોડ, ૭૭ લાખ, ૭૭ હજાર, ૭૭૭ પલ્યોપમથી અધિક દેવતાનું આયુ બાંધે, એવું પૌષધનું ફળ છે.

## ૨૦ સામાયિકનું ફળ

૯૨ કરોડ, ૫૯ લાખ, ૨૫ હજાર, ૯૨૫ સામાયિક કરવાથી(૯૨૫૯૨૫૯૨૫) પલ્યોપમથી વધારે દેવાયુ બંધાય છે, એક વ્યક્તિ ૨૦ લાખ કોટિ સુવર્ણનું દાન આપે તેના કરતાં સામાયિકનું ફળ વિશેષ છે.

## ૨૧. શ્રાવકની સવાવસા દયાની સમજ

૨૦ મુનિમહારાજશ્રી ત્રસ અને સ્થાવર, સૂક્ષ્મ અને

બાદર તમામ જીવોની દયા પાળે એટલે તેમને વીસ વસા.

૧૦ સ્થૂલ તથા સ્થાવર બંનેની રક્ષા કરવી ઉત્તમ, પણ સ્થાવરની રક્ષા શ્રાવકથી બનતી નથી.

૫ ત્રસમાં પણ અપરાધી અને નિરપરાધી બંનેની રક્ષા કરવી ઉત્તમ, તેમાં અપરાધીની રક્ષા શ્રાવક કરી શકતા નથી.

૨॥ નિરપરાધીમાં પણ ઘર, હાટ, પ્રમુખ ચણાવવામાં જીવરક્ષા શ્રાવકથી બનતી નથી.

૧॥ સંકલ્પપૂર્વક જાણી જોઈને નિરપરાધી ત્રસ જીવની હિંસા ન કરવી જોઈએ.

## ૨૨. ૐકારનું સ્વરૂપ

અરિહંતનો પ્રથમાક્ષર अ, અશરીરી (સિદ્ધનો)નો પ્રથમાક્ષર अ, આચાર્યનો પ્રથમાક્ષર आ, ઉપાધ્યાયનો પ્રથમાક્ષર उ અને મુનિવરનો પ્રથમાક્ષર म्—એ પ્રમાણે अ+अ+आ+उ—એ ચારેની સંધિ થતાં ओ થયો અને તેના પછીના म् નું બિંદુ થતાં ॐ થયો. આ પ્રમાણે ૐકારમાં પંચ પરમેષ્ઠીનો સમાસ થઈ જાય છે.

## ૨૩. ચોમાસી કાળની વિગત

| નામ | કા.સુ. ૧૫ થી | ફા. સુ. ૧૫ થી | અ. સુ. ૧૫ થી |
|---|---|---|---|
| સુખડીનો કાળ | ૧ માસ | ૨૦ દિવસ | ૧૫ દિવસ |

તિમિર ગયા રવિ દેખત, કુમતિ ગઈ ગુરુજ્ઞાન;
સુમતિ ગઈ અતિલોભસે, ભક્તિ ગઈ અભિમાન.

| | | | |
|---|---|---|---|
| કામળીનો કાળ | ૪ ઘડી | ૨ ઘડી | ૬ ઘડી |
| ઉકાળેલા પાણીનો કાળ | ૪ પ્રહર | ૫ પ્રહર | ૩ પ્રહર |

દિવસના ચોથા ભાગને પ્રહર કહેવામાં આવે છે અને ૨૪ મિનિટને એક ઘડી કહેવામાં આવે છે.

ફાગણ સુદ ૧૪ થી ભાજીપાલો, નવું પીલેલું તલનું તેલ, અને મેવામાં ખજુર, કાજુ, ચારોલી, અખરોટ, જરદાલુ વગેરે આઠ માસ સુધી અને અષાંડ ચોમાસામાં આર્દ્રા નક્ષત્ર પછી કેરી અને કાચી ખાંડ અભક્ષ્ય છે.

બરાબર ત્રણ ઉકાળા આવ્યા વિનાના પાણીને પીનારા તથા સાધુ મહારાજને વહોરાવનારા દોષના ભાગી થાય છે.

## ૨૪. જેવી ગતિ તેવી મતિ

જેવી મતિ હોય તેવી ગતિ થાય છે. જેવી ગતિમાં જવાનું હોય તેવી જ મતિ થાય છે. આ બે વાક્યોનો પરમાર્થ સમજવો.

## ૨૫. દેવતાઇ વર્ષની સમજ

આપણા એક વર્ષનો દેવતાઈ એક દિવસ, આપણા ત્રીશ વર્ષનો દેવતાઈ એક માસ આપણા ૩૬૦ વર્ષનું દેવતાઈ એક વર્ષ સમજવું.

ગુરુ મિલા તબ જાનિયે, મિટે મોહ તનતાપ;
હરખ શોક વ્યાપે નહીં, તબ ગુરુ આપે આપ.

## કેટલીક પરચુરણ વિગતો

(૧) શ્રી. ઋષભદેવ પ્રભુ ત્રીજા આરાને છેડે થયા, ૮૯ પખવાડિયાં બાકી રહ્યાં ત્યારે મોક્ષે ગયા. બાકી ૨૩ તીર્થંકરો ચોથા આરામાં થયા. શ્રી વીરપ્રભુ ચોથા આરાને છેડે ૮૯ પખવાડિયાં બાકી રહ્યા ત્યારે મોક્ષે ગયા.

(૨) નવાણું પૂર્વની સમજ. તેમાં પ્રથમ એક પૂર્વનો હિસાબ તપાસીએ.

૮૪૦૦૦૦૦ ચોરાશી લાખ વરસને ૮૪૦૦૦૦૦ વરસે ગુણતાં ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ સિત્તેર લાખ ક્રોડ અને છપ્પન્ન હજાર ક્રોડ વરસ થાય, તેને નવાણુંએ ગુણતાં, ૬૯,૮૫,-૪૪,૦૦૦૦૦૦૦૦૦૦ એટલે એકંદર ઓગણોતેર ક્રોડાક્રોડી, પંચાશી લાખ ક્રોડ અને ચુમ્માલીસ હજાર ક્રોડ વર્ષે નવાણું પૂર્વ થાય. એટલો સમય શ્રી. ઋષભદેવજી શ્રી. સિદ્ધાચલજી પર ફાગણ સુદ આઠમે રાયણ વૃક્ષ તળે પધાર્યા છે.

(૩) ચોથા આરામાં ગિરિરાજ ૫૦ યોજન લાંબો અને તેટલો જ પહોળો હતો. એક યોજનના ગાઉ ૪ અને એક કોશમાં ૨૦૦૦ ધનુષ્ય થાય. જ્યારે દરેક મનુષ્ય લંબાઈમાં એક ધનુષ્ય એટલે ૪ હાથ હોઈ શકે એટલે સંથારો કરે તો પણ ૧ ગાઉમાં ૨૦૦૦ સમાઈ શકે, જ્યારે ૧ યોજનમાં ૮૦૦૦ સમાઈ શકે. ગિરિરાજની લંબાઈ ૫૦ યોજન હોવાથી

કેસને કહાં બિગારિયા, જો મૂંડા સૌ સૌ બાર;
મનકો ક્યોં નહિં મૂંડિયે, જામેં વિષય વિકાર.

૮૦૦૦ને પચાસે ગુણતાં ૪૦૦૦૦૦ (ચાર લાખ) મનુષ્ય લંબાઇમાં સમાય. આ હિસાબ થયો લંબાઈનો. હવે પોતાની લંબાઈ કરતાં ચોથે ભાગે પ્રાયઃ (મનુષ્ય) પહોળાઇમાં હોઈ શકે. જેમ લંબાઈમાં ૫૦ યોજનમાં ૪૦૦૦૦૦ (ચાર લાખ) સમાય તેમ (૫૦ યોજન) પહોળાઇમાં તેના કરતા ચારગણા એટલે ૧૬૦૦૦૦૦ સમાય જેથી સોળ લાખને ચાર લાખે ગુણતાં ૬૪૦૦૦૦૦૦૦૦૦૦ ચોસઠ હજાર ક્રોડ અને લૌકિક હિસાબે ૬ નિર્ખવ અને ૪ ખર્વ (સૂતેલાં) મનુષ્યોનો સમાવેશ થઈ શકે, તો પછી ૨૦૦૦૦૦૦૦૦ વીશ ક્રોડ મુનિઓ સાથે પાંડવો આસો સુદ ૧૫ના દિવસે ગિરિરાજ પર મોક્ષે ગયા છે તે હકીકતમાં શંકાને સ્થાન જ રહેતું નથી.

(૪) સાતમી નારકીનો જીવ મરીને તિર્યંચ થાય છે, પણ મનુષ્ય થતો નથી.

(૫) લોકાવધિ જ્ઞાનવાળા ચૌદ રાજલોકની વાત જાણી શકે છે.

(૬) પરમાવધિ જ્ઞાનવાળાને અંતર્મુહૂર્ત્ત પછી અવશ્ય કેવલજ્ઞાન થાય છે.

(૭) દેવતા મરીને દેવતા થાય નહીં, નારકી મરીને નારકી થાય નહીં..

(૮) સાસાદન ગુણઠાણું જેને અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર બાકી હોય તેને હોય, બીજાને નહીં.

મીઠા સબસે બોલિયે, સુખ ઊપજે ચહું ઠોર;
વસીકરન યહ મંત્ર હૈ, તજિયે બચન કઠોર.

(૯) ચક્રવર્તીને છ ખંડ સાધતાં અઠ્ઠમનો તપ કરવો પડે છે, પણ તીર્થંકર ચક્રવર્તી થાય તો તેને તે તપ કરવો પડતો નથી.

(૧૦) સંપૂર્ણ ચૌદપૂર્વી અસંખ્યાત ભવ જાણી શકે છે.

(૧૧) પરમાધામી દેવો ભવ્ય હોય છે.

(૧૨) નરકમાં શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષ્ણા, ખુજલી, ભય, શોક, પરાધીનતા, જ્વર અને દાહ–એ દશ પ્રકારની વેદના હોય છે.

(૧૩) છઠ્ઠી અને સાતમી નારકીમાં ૫૬૮૯૯૫૮૪ પ્રકારના રોગ કહ્યા છે.

## ઋતુમાહિતી

| | |
|---|---|
| શ્રાવણ ને ભાદરવો–વર્ષાઋતુ | માહ ને ફાગણ–શિશિર |
| આસો ને કાર્તિક–શરદઋતુ | ચૈત્ર ને વૈશાખ–વસંત |
| માગશર ને પોષ–હેમંતઋતુ | જેઠ ને અષાડ–ગ્રીષ્મ |

| મહિના | કિરણો | મહિના | કિરણો |
|---|---|---|---|
| કાર્તિક | ૧૧૦૦ | વૈશાખ | ૧૩૦૦ |
| માગશર | ૧૫૦૦ | જેઠ | ૧૪૦૦ |
| પોષ | ૧૦૦૦ | અષાડ | ૧૫૦૦ |
| મહા | ૧૧૦૦ | શ્રાવણ | ૧૪૦૦ |
| ફાગણ | ૧૫૦૦ | ભાદરવો | ૧૪૦૦ |
| ચૈત્ર | ૧૨૦૦ | આસો | ૧૬૦૦ |

ઝગરા નિત બુરાઈ હૈ, ઝગરા બૂરી બલાય;
દુઃખ ઊપજે ચિંતા દહે, ઝગરામેં ઘર જાય.

(૧૪) **સમ્મૂર્છિમ જીવો સંબંધી**:-ગાયના મૂત્રમાં ચોવીશ પહોર પછી, ભેંસના મૂત્રમાં સોળ પહોર પછી, બકરીના મૂત્રમાં બાર પહોર પછી, ગાડરના મૂત્રમાં આઠ પહોર પછી અને નર-નારીનાં મૂત્રમાં અંતર્મુહૂર્ત બાદ સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય છે,

(૧૫) **૧૮૦૦૦ શીલાંગરથ**-'ખંતિ-મદ્દવ-અજ્જવ૦' આદિ ૧૦ પ્રકારના યતિધર્મ વડે પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર, બેઇન્દ્રિયાદિ ચાર ત્રસ તથા ૧ અજીવ એ ૧૦ ને મુનિરાજ યતનાપૂર્વક પાળતા હોવાથી એ દશને દશ પ્રકારના યતિધર્મ વડે ગુણતાં ૧૦૦ ભેદ થાય. તે સો ભેદની યતના માટે મુનિ પાંચ ઈંદ્રિયનો નિગ્રહ કરતા હોવાથી પાંચે ગુણતાં ૫૦૦ ભેદ થાય. તે ૫૦૦ ભેદનું પરિપાલન આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞારહિતપણે કરતા હોવાથી પાંચસોને તે ચાર ભેદથી ગુણતાં ૨૦૦૦ ભેદ થાય. તે બે હજાર ભેદને મુનિરાજ મન-વચન-કાયાથી આદરતા હોવાથી ત્રણે ગુણતાં ૬૦૦૦ ભેદ થાય. તે છ હજાર ભેદને મુનિરાજ કરવું, કરાવવું અનુ અનુમોદવું એ ત્રણ પ્રકારે સેવતા હોવાથી ૧૮૦૦૦ ભેદ થાય. આ અઢાર હજાર અંગ-ભેદ શીલધર્મના છે.

## પાખંડીના ૩૬૩ મતો

(૧૬) ૧૮૦ ક્રિયાવાદીના, ૮૪ અક્રિયાવાદીના, ૩૨

ગમ સમાન ભોજન નહિ, જો કોઈ ગમકો ખાય;
અંબરિષ ગમ ખાઈયા, દુર્વાસા બિલલાય.

વિનયવાદીના, અને ૬૭ અજ્ઞાનવાદીના—આ પ્રમાણે પાખંડીના ૩૬૩ પ્રકારો છે,

(૧૭) દેવતા અર્ધમાગધી ભાષા બોલે છે.

(૧૮) પાંચ ઇંદ્રિય, મનબલ, વચનબલ, કાયબલ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણ કહેવાય છે.

| | | |
|---|---|---|
| એકેંદ્રિય જીવને—૪ | પ્રાણ | હોય છે. |
| બેઇંદ્રિય જીવને—૬ | ,, | ,, |
| તેઇંદ્રિય જીવને—૭ | ,, | ,, |
| ચૌરિંદ્રિય જીવને—૮ | ,, | ,, |
| અસંજ્ઞી પંચેંદ્રિય જીવને-૯ | ,, | ,, |
| સંજ્ઞી પંચેંદ્રિય જીવને-૧૦ | ,, | ,, |

(૧૯) એક જીવ સિદ્ધમાં જાય ત્યારે એક જીવ સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળે છે.

(૨૦) શ્રી. જંબૂસ્વામી છેલ્લા કેવળી તદ્ભવ મુક્તિ-ગામી થયા. એમના મોક્ષગમન પછી નીચેની દશ વસ્તુઓનો વિચ્છેદ થયો. (૧) મનઃપર્યવજ્ઞાન, (૨) પરમાવધિ, (૩) પુલાક-લબ્ધિ, (૪)આહારક શરીરલબ્ધિ, (૫) ક્ષપકશ્રેણિ. (૬) ઉપશમ-

ત્યાગ તો ઐસા કીજિયે, સબ કછુ એકહી વાર;
સબ પરકા, મેરા નહિ, નિશ્ચય કિયા બિચાર.

શ્રેણિ, (૭) જિનકલ્પ, (૮) સંયમત્રિક એટલે ત્રણ ચારિત્ર (પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર), (૯) કૈવલ્યજ્ઞાન અને (૧૦) મોક્ષ.

(૨૧) વાસુદેવ, પ્રતિવાસુદેવને તેના જ ચક્રથી મારી નાખે એવો અનાદિ કાળનો નિયમ છે.

(૨૨) હરિણૈગમેષી દેવ, જે ભગવાન મહાવીરને ગર્ભમાંથી સંહરનાર દેવતા હતો તેનો જીવ મરીને દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ થયો હતો.

(૨૩) દેવતાને ઉત્કૃષ્ટે અસાતા અંતર્મુહૂર્ત્ત હોય ને સાતા છ માસ સુધી હોય. અન્યમતી પાંચમા દેવલોક સુધી ઊપજી શકે અને નિહ્નવો નવમા ગ્રૈવેયક સુધી ઊપજી શકે.

(૨૪) દેવતાને નિદ્રા હોય નહીં.

(૨૫) જાતિસ્મરણ જ્ઞાનવાળા મનુષ્ય ઘણું કરી પાછલા નવ ભવ દેખી શકે.

(૨૬) મનઃપર્યવજ્ઞાન સાધુમહારાજોને જ થાય, ગૃહસ્થને ન થાય. એ જ્ઞાનવાળાને અવધિજ્ઞાન અવશ્ય હોય.

(૨૭) નરક તથા દેવગતિમાંથી આવેલા જીવ ચક્રવર્તી થાય પણ મનુષ્ય અને તિર્યંચમાંથી આવેલા જીવ ચક્રવર્તી

---

**પુણ્ય બડા ઉપકાર હૈ, સબકે ઉપર ભાખ;**
**જીવદયા ચિત રાખીએ, વેદ પુરાન હૈ સાખ.**

થાય નહીં. ભગવાન મહાવીરનો જીવ મનુષ્યમાંથી આવી ચક્રવર્તી થયો તે આશ્ચર્ય જાણવું.

(૨૮) પંચમ કાળમાં જન્મેલા મનુષ્યને ક્ષાયિક સમ્યક્ત્વ હોય નહીં.

(૨૯) સાધ્વીને પુરુષ તેમજ સ્ત્રીની સભામાં કલ્પસૂત્ર વાંચવાનો નિષેધ છે તેમજ એકલી સ્ત્રીની સભામાં સાધુ વ્યાખ્યાન કરે નહીં અને પુરુષની આગળ સાધ્વી વ્યાખ્યાન કરે નહીં.

(૩૦) ઋષભદેવ ભગવાને યુગલિક ધર્મ નિવારણ કરવા માટે ભરત મહારાજાની બેન બ્રાહ્મીનો વિવાહ બાહુબલિજી સાથે તેમ જ બાહુબલિજીની બેન સુંદરીનો વિવાહ ભરત મહારાજા સાથે વિપરીતપણે કર્યો.

(૩૧) "ઝંકારારાવસારા" થી "દેહિ મે દેવિ સાર" એ પાઠ પ્રતિક્રમણમાં સૌ કોઈ એ ઉચ્ચ સ્વરે બોલવાનું કારણ એ છે કે, શ્રી હરિભદ્રસૂરિજી આ સ્તુતિ રચતાં સ્વર્ગસ્થ થયા ત્યારે શ્રી. સંઘના સાધુમુનિરાજોએ મળીને આ સ્તુતિનું ચરણ પૂરું કર્યું.

(૩૨) ભારંડપક્ષીમાં જીવ બે અને શરીર એક હોય છે. એક પેટ, બે મુખ, બે જીભ અને ત્રણ પગ હોય છે. તે

અપયશમેં દુર્ગંધ હૈ, નીકો લગે ન કોય;
જૈસે મલકે નિકટમેં, બૈઠ સકે ના કોય.

મનુષ્યની ભાષા બોલે છે અને હમેશાં અપ્રમાદી રહે છે. કારણ કે શરીરમાં બે જીવ હોવાથી તેઓને આપસમાં જુદા જુદા ફળની ઇચ્છા થાય તો પક્ષીનું મૃત્યુ થાય છે.

(૩૩) કેવલજ્ઞાની ભગવાનને આવશ્યક આદિ ક્રિયાઓ કરવાની હોય નહીં.

(૩૪) શ્રી. આવશ્યક સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, નંદી સૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર-આ ચાર સૂત્રો આ પાંચમા આરાના છેડા સુધી છેલ્લા યુગપ્રધાન શ્રી દુષ્પ્રસહસૂરિ સુધી વિદ્યમાન રહેશે.

## સંસ્કારશુદ્ધિ

### બાળકને હિતોપદેશ

માતપિતાની આજ્ઞામાં રહેવું. તેમની સેવા કરવી. નિત્ય પ્રાતઃકાલે તેમને વંદન કરવું. પરદેશ જતી વખતે અને આવીને પણ વિનયપૂર્વક પાદપૂજન કરવું. જો વૃદ્ધ થયા હોય તો તેમને ખાવા–પીવાની તેમજ પહેરવા–ઓઢવાની શક્તિ મુજબ તજવીજ રાખવી. તેમના પર કોઈ વખતે ક્રોધ કરવો નહિ. કટુ વચન વાપરવાં નહિ. તેમના આદેશનું ઉલ્લંઘન કરવું નહિ. કદાપિ ગેરવ્યાજબી કામ બતાવે તો મૌનવૃત્તિ ધારણ કરવી. અયોગ્ય કર્મ કરવાથી થતા ગેરફાયદા વિનયપૂર્વક

ધીર બુદ્ધિ તબ જાનિયે, સમજે સબકી રીત;
ઉનકે અવગુણ આપમેં, કબહુ ન લાવે મિત.

ઉ.

સમજાવવા પ્રયત્ન કરવો. તેમને ખોટું લાગે એ રીતે વર્તવું નહીં, કેમકે તેમનો આપણા ઉપર અવર્ણનીય ઉપકાર છે.

માતાએ નવ માસ સુધી ઉદરમાં રાખી, ભાર વહન કરી, અનેક વેદનાઓ આપણે માટે સહન કરી છે; વિષ્ટા-મૂત્રાદિ મલિન તત્ત્વોથી આપણે વ્યાધિ ભોગવતા હોઈએ તે વખતે ક્ષુધા, તૃષા, વેઠી અનેક ઉપચારો કરી, આપણું શુદ્ધ બુદ્ધિથી પાલન કરે છે. આ સિવાય પરોક્ષ રીતે પણ તેમના ઉપકારનો ઝરો નિરંતર વહ્યા કરે છે. ખરેખર, માતપિતા તો જગતમાં કલ્પવૃક્ષ સમાન છે.

અંતિમ તીર્થંકર મહાવીરસ્વામી ત્રિશલાદેવીના ઉદરમાં આવ્યા પછી માતા દુઃખી થશે, એમ ધારી કિંચિત્ વખત અચલાયમાન રહ્યા; તેટલામાં તો માતાએ અનેક કલ્પાંત કર્યાં, મૂર્છા ખાઈ ધરતી ઉપર ઢળી પડ્યાં. તે જ વખતે ભગવંતે અભિગ્રહ કર્યો કે માતા-પિતા સ્વર્ગે ગયા પછી જ દીક્ષા ગ્રહણ કરવી. અહો ! પુત્રની પૂજનીય બુદ્ધિ તરફ દૃષ્ટિ કરો ! રામ અને લક્ષ્મણ તેમજ પાંડવોએ માતાપિતાની જે સેવા કરી છે, તેનું વર્ણન સહસ્ર જિહ્વાથી કરવુંયે મુશ્કેલ છે. તેમના કરેલા ઉપકારનો બદલો આપણે વાળી શકવાના નથી તોપણ નિરંતર તેમને ધર્મ-રસ્તે જોડવા પ્રયત્ન કરી ભક્તિ કરવી જોઈએ.

સાહેબકે દરબારમેં, સાચે કો સરપાવ;
જૂઠ તમાચા ખાયગા, કયા રંક કયા રાવ.

## ૨. દેવપૂજા અને દર્શનની મહત્તા

પંચમ કાળના પ્રભાવે અથવા આપણા પાપોદયને લીધે કહો, ગમે તેમ સમજો પરન્તુ એ તો ચોક્કસ છે કે આજે આપણે સાક્ષાત્ તીર્થંકર દેવોના દર્શન કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરી શકયા નથી. છતાં પણ તેમની ગેરહાજરીમાં તેમના અનંત ગુણોનું સ્મરણ કરાવતી સમતારસમાં ઝીલતી, રાગ અને દ્વેષ વિનાની અને અખંડ જ્યોતિની ધારણ કરનારી મૂર્તિની પૂજા અને દર્શન કરવાની સુંદર સામગ્રીને પામી શકયા છીએ, એ કાંઈ ઓછા ભાગ્યની વાત નથી. જિનપ્રતિમા પણ જિન-સરખી જ કહેવાય છે એ માટે 'રાયપસેણી સૂત્ર' ફરમાવે છે કે, 'जिनपडिमा जिनसारिखी.'

વીતરાગ દેવની પૂજા અને તેમના દર્શનનો લાભ મનુષ્યોને અનંતકાળની રખડપટ્ટી પછી પ્રાપ્ત થાય છે. તે સુંદર તકને સુજ્ઞ મનુષ્યોએ જતી કરવા જેવી નથી. રાજા મહારાજાની સેવા તો કદાચ એક બે ગામડાંની બક્ષિસ અપાવે; પરંતુ પોતાની રાજગાદી નહીં આપે પણ વીતરાગ દેવની સેવા-પૂજા તો સાક્ષાત્ પોતાના જેવી વીતરાગતાને જ સમર્પણ કરી દે છે. વીતરાગ-દેવની સેવા વાસ્તવિક રીતે તો વીતરાગ બનવાના હેતુથી જ કરવી જરૂરી છે. તેમની પાસે પૌદ્ગલિક વસ્તુની માંગણી કરવી નહિ, કારણ કે ઘઉંની ખેતી કરનારને

**જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;**
**નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.**

જેમ ઘાસ તો આપોઆપ મળી જ રહે છે, તેમ વીતરાગ દેવની પૂજા મોક્ષ-બુદ્ધિથી કરનારાને જ્યાં સુધી તે મોક્ષે ન જાય ત્યાં સુધી દુનિયાનાં તમામ પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિ કરાવે જ છે. માટે મોક્ષ અને સાંસારિક સુખોની ઈચ્છાવાળાએ વીતરાગ દેવની મૂર્તિની પૂજા અને દર્શન, હજારો કામો પડતાં મૂકીને પહેલી તકે કરી લેવાની જરૂર છે. વળી, તે ભગવાનની પૂજા કરવામાં નથી તો પૈસાનો ખર્ચ અગર નથી તો કાંઈ કષ્ટ છતાં પ્રમાદી આત્માઓ સહજ સ્વભાવે અને વિના કષ્ટે પૂજાથી ઉત્પન્ન થતા પુણ્યના કાર્યને નાહકમાં ગુમાવી દે છે. માટે દરેક ભવ્ય આત્માઓએ પ્રભુપૂજા અને દર્શન કરવાં અવશ્ય જરૂરી છે.

### ૩. નરકનું સ્વરૂપ

મનુષ્ય, તિર્યંચ, દેવતા ને નારકી એ ચાર ગતિમાંથી નારકીની ગતિ સૌથી વધારે દુઃખવાળી છે. ચૌદ રાજલોકમાં સાત રાજલોક નારકીના છે. જેમ દેવતાનું વધારેમાં વધારે આયુષ્ય ૩૩ સાગરોપમનું છે. તેમ નારકીમાં પણ વધારેમાં વધારે આયુષ્ય ૩૩ સાગરોપમનું છે. વળી, જેમ દેવતા ફૂલની શય્યામાં યૌવન સાથે જ ઊપજે છે; તેમ નરકના જીવો કુંભીમાં ઊપજે છે. જેમ દેવલોકમાં સુગંધ છે તેમ સાતે નરકમાં દુર્ગંધ છે. નરકના પહેલા પાથડાનો કોડી જેવડો

કબીર જો દિન આજ હૈ, સો નાહિ ફિર કાલ;
ચેત સકે તો ચેત લે, શિર પર ગાજે કાળ.

કકડો કોઈ દેવતા મનુષ્યલોકમાં લાવે તો અરધા કોશ ફરતાં સર્વે પ્રાણીઓ તે કકડાની દુર્ગંધથી નાશ પામે છે. એ રીતે જેમ જેમ નીચેના પડમાં જાય, તેમ તેમ દુર્ગંધ વધતી જાય છે. જો ૪૯મા પાથડાનો કોડી જેટલો કકડો મનુષ્યલોકમાં આવે તો ૨૪॥ કોસ ફરતાં સર્વ પ્રાણીઓ તેની દુર્ગંધથી નાશ પામે. નારકીના જીવોમાં સ્ત્રીવેદ તથા પુરુષવેદ નથી, માત્ર નપુંસકવેદ છે. શરીર પારાની માફક વળી જાય છે, ને હાથમાં આવતું નથી. વળી, એ જીવો અવધિજ્ઞાનવાળા હોય છે. પહેલી નરકમાં ચાર ગાઉ સુધી, ને છેલ્લી નરકમાં એક ગાઉ સુધીનું અવધિજ્ઞાન હોય છે. સાતે નરકમાં અંધારું રહે છે. કારણ કે ત્યાં ચંદ્ર, સૂર્ય કે તારાનો પ્રકાશ નથી. જ્યારે તીર્થંકરોનાં કલ્યાણક થાય છે, ત્યારે તેના પ્રભાવથી તમઃપુદ્ગલો ઉદ્દ્યોતમય બની જાય છે, તથા નારકીના જીવોને કંઈક સાતા ઊપજે છે, એમ કહેવાય છે.

પહેલી ત્રણ નરક સુધી તો પરમાધામી દેવો વિવિધ રૂપ કરી દુઃખ દે છે, તથા માંહોમાંહે વેર સંભારી લડાવે છે. બાકીની ચારે નરકમાં પરમાધામી દેવો જતા નથી પણ નારકીના જીવો માંહોમાંહે લડી મરે છે. નારકીના પ્રાણીઓને દશ પ્રકારનાં દારુણ દુઃખ સદા સાથે લાગેલાં રહે છે, તેનાં નામઃ—(૧) અશુભ બંધન, (૨) અશુભ ગતિ,

બહુત પસારા મત કરો, કર થોડેકી આસ;
બહુત પસારા જિન કિયા, વહ ભી ગયે નિરાશ.

(૩) અશુભ સ્થાન, (૪) અશુભ વેદના, (૫) અશુભ ગંધ, (૬) અશુભ રસ, (૭) અશુભ સ્પર્શ, (૮) અશુભ ગુરુ,(૯) અશુભ લઘુ, (૧૦) અશુભ વર્ણ.

જેમ ગાય વગેરે તિર્યંચ પ્રાણીઓમાં માયા સર્વથી વધારે હોય છે, મનુષ્યોમાં માન વધારે હોય છે, ને દેવતામાં લોભ વધારે હોય છે, તેમ નારકીના જીવોમાં ક્રોધ સર્વથી વધારે હોય છે.

પહેલી ત્રણ નરકમાં પરમાધામી–વેદના, ક્ષેત્ર–વેદના ને અન્યોઅન્ય વેદના–એવી ત્રણ વેદના છે. બાકીની ચાર નરકમાં ક્ષેત્રવેદના ને અન્યોઅન્ય વેદના–એ બે પ્રકારની વેદના છે, માટે એવાં દુઃખો ભવાંતરમાં ન વેઠવાં પડે એવી રીતે જીવવું જોઈએ.

## ૪. જીવનું સંસારપરિભ્રમણ તથા નિગોદનું સ્વરૂપ

હે ચેતન ! તારું મૂળ સ્થાનક કયું ? તું કયાંથી આવ્યો ? કેવી હાલતમાં હતો ? તારે માથે આ ફાની દુનિયાની મોહ-જાળો કેવી અને કેટલી તરેહની ગૂંથાઈ ગઈ અને હજુ પણ ગૂંથાયા કરે છે ! વળી તારા મૂળ સ્થાનકમાંથી કેવી અકામ નિર્જરાથી ઊંચે ચઢતો–ચઢતો દેવતાને પણ દુર્લભ, એવો આ ઉત્તમ મનુષ્યભવ પામ્યો છે. એ સઘળાનો તું સારી પેઠે ઊંડો વિચાર કરી તારું મૂળ સ્વરૂપ ઓળખવાનો પ્રયત્ન કર.

**માયાકા સુખ ચાર દિન, ચાહે કયા ગંવાર;**
**સ્વપને પાયો રાજધન, જાત ન લાગે વાર.**

તેમ નહીં કરે તો નરસા ઉદયે ફરી પાછો નીચે ઊતરી જઈશ, ત્યારે તારી શી ગતિ થશે ? તેવી રીતે હે ચેતન ! તું ખચિત વિચાર કર કે, આ સંસાર તે બીજું કાંઈ નથી પણ એક દુઃખરૂપી દરિયો છે. તે હળાહળ વિષથી ભરેલો છે. તેમાં જ તું ડૂબતો બાથોડિયાં ભર્યા કરે છે; પણ કિનારો દેખવા પામતો નથી, કારણ કે તારી પાસે જ્યાં સુધી સમ્યક્-જ્ઞાનરૂપી તરવાનો ઇલમ આવ્યો નથી, અગર તે ઇલમ સંપાદન નહીં કરે ત્યાં સુધી તારે દુઃખરૂપી ભવસમુદ્રમાં ડૂબકીઓ માર્યા જ કરવાની છે. તે સિવાય બીજો કાંઈ ઇલાજ નથી. આ ઉત્તમ મનુષ્ય ભવ પંચેંદ્રિયપણું તું કેટલે કષ્ટે અને કેવી રીતે પામવાને શક્તિમાન થયો છે તે જરા શાંતિથી વિચાર કર.

જીવનનું મૂળ સ્થાનક સૂક્ષ્મ નિગોદમાં છે. ત્યાં તેને મહાદારુણ દુઃખ ભોગવવું પડે છે, જેની કલ્પના માત્ર કરતાં કંપારી છૂટે છે. તે નિગોદના જીવને અસંખ્યાતા અને અનંતા પુદ્ગલ પરાવર્તન કરવાં પડે છે. અનંતાકાળ સુધી ત્યાં તેને (જીવને) રાત-દિવસ ફક્ત જન્મવું અને મરવું એ જ ધંધો નિરંતર ચાલુ રહેલો છે; આવાં જન્મ-મરણ તેને કેટલી વાર થતાં હશે ? મનુષ્ય ભવમાં એક જ વાર જન્મ મરણ થતાં જીવને કેટલું સહન કરવું પડે છે, તે સાંભળ ! એક મનુષ્યના શરીરમાં કોઈ દેવપ્રયોગથી ૩ા કરોડ સોય ઊની કરી

તનકી ભૂખ તો તનિક હૈ, તીન પાવ ઓર શેર;
મનકી ભૂખ અનંત હૈ, નિગલત મેરુ સુમેર.

એકદમ ઘોંચી હોય ત્યારે તેની જે વેદના થાય તેનાથી આઠગણી વેદના એક જ વખતના જન્મ અને મરણથી થાય છે. ત્યારે હવે વિચાર કે નિગોદના જીવ, જેને આખો દિવસ અને રાત જન્મ–મરણનો ધંધો છે, તેને કેટલું કષ્ટ ખમવું પડતું હશે ? સાતમી નરકનું તેત્રીશ સાગરોપમનું આયુષ્ય છે. તે તેત્રીશ સાગરોપમના સમય કરવા અને તેના જેટલા સમય થાય એટલી વખત તેત્રીશ સાગરોપમના આયુષ્યે જીવ ઊપજે, તેમાં જેટલી વેદના થાય તેનાથી અનંતગણી વેદના નિગોદના જીવને થાય છે. ( એ અધિકાર ' ત્રૈલોકયદીપિકા'આદિ ગ્રંથોથી જાણવો.) તે વેદના ખરેખર અવર્ણનીય જ છે. તેનું વર્ણન કેવળજ્ઞાનીઓ પણ કરી શકતા નથી. જેને તેનો અનુભવ થયો હોય તેને જ ખબર પડે કે તે કેવું હશે ? પણ ચેતન ! તારી પણ એક વખત એવી સ્થિતિ હતી અને તારે પણ આ બધું ખમવું જ પડયું છે. સાંભળ, કે તે સ્થિતિમાં તારે ઘડીએ ઘડીએ કેટલાં જન્મ–મરણ કરવાં પડયાં છે.

•

એક નીરોગી યુવાન પુરુષ, સામે કોમળ પોયણીના બત્રીશ પાનનો થોકડો મૂકેલો હોય તેને એક ઝીણી સોયથી તે જોર કરી ઘોંચે ત્યારે એકને વીંધીને બીજે પાને અડે તેટલામાં શ્રીવીર ભગવાને શ્રી ગૌતમસ્વામીને કહ્યું કે, અસંખ્યાત સમય થઈ જાય, તે અસંખ્યાત સમયની એક આવલી થાય. તેવી ૨૫૬

ધરતી ફાટે મેઘ જલ, કપડા ફાટે દોર;
તન ફાટેકી ઔષધિ, મન ફાટે નહિ ઠોર.

આવલીનો એક ક્ષુલ્લક ભવ થાય, તે નાનામાં નાનો કહેવાય. તેવો એક ક્ષુલ્લક ભવ નિગોદનો જીવ જીવે. હે ચેતન ! સમજ કે, નિગોદના જીવનું આયુષ્ય કેટલું બધું અલ્પ છે !

ચાર હજાર ચારસેં સાડી છેતાળીશ (૪૪૪૬।।) થી પણ વધારે આવલી થાય ત્યારે એક શ્વાસોચ્છ્વાસ થાય, એવા એક શ્વાસોચ્છ્વાસમાં નિગોદનો જીવ વધારેમાં વધારે ૧૭।। ભવ કરે અને ઓછામાં ઓછા (૧૭) સત્તર ભવ કરે. કાચા અંતમુંહૂર્ત એટલે બે ઘડીમાં જુવાન નીરોગી પુરુષ ત્રણ હજાર સાતસો ને તોતેર ( ૩૭૭૩ ) શ્વાસોચ્છ્વાસ લે, તેવા અંતમુંહૂર્ત એટલે બે ઘડીમાં પાંસઠ હજાર પાંચસેં ને છત્રીશ (૬૫૫૩૬) ભવ તે બિચારા નિગોદના જીવને કરવા પડે. વળી, એક દિવસમાં એક લાખ તેર હજાર એકસો નેવું (૧૧૩૧૯૦) શ્વાસોચ્છ્વાસ જુવાન પુરુષથી થાય તે પ્રમાણે ગણતાં એક દિવસના ઓગણીસ લાખ છાસઠ હજાર ને એંશી (૧૯૬૬૦૮૦) ભવ તે જીવના થાય. તે ગણતરી પ્રમાણે એક માસમાં તેત્રીસ લાખ પંચાણું હજાર ને સાતસેં (૩૩૯૫૭૦૦) શ્વાસોચ્છ્વાસ થાય અને તે મુદતમાં નિગોદના જીવના ભવની ગણતરી પાંચ કરોડ નેવ્યાસી લાખ બ્યાસી હજાર અને ચારસો (૫૮૯૮૨૪૦૦) થાય. એક એક વરસના ભવની ગણતરી કરતાં કાંઈ પાર જ આવે નહિ. એટલે ચાર કરોડ સાત લાખ

તન પવિત્ર તીરથ ગયે, ધન પવિત્ર કર દાન;
મન પવિત્ર હોત તબ, ઉદય હોત ઉર જ્ઞાન.

અડતાળીસ હજાર અને ચારસો(૪૦૭૪૮૪૦૦)થી વધારે શ્વાસો-શ્વાસ એક વરસમાં થાય, તે પ્રમાણે તે મુદતમાં તે બિચારા નિગોદના જીવને સિત્તેર કરોડ, સિત્તોતેર લાખ અઠયાસી હજાર અને આઠસો (૭૦૭૭૮૮૮૦૦) વાર અવતરવું પડે. અરે ! અવતારની સંખ્યા ખરેખર ત્રાસજનક, કંપારી છૂટે એવી અને કોઈ કઠોરમાં કઠોર અંતઃકરણને પણ પિગળાવનારી છે. એવાં અસંખ્યાત કષ્ટો તેં સહ્યાં છે અને હજુ પણ સમજતો નથી અને મનમાં લાવતો નથી, તો ફરી એવાંજ અસહ્ય અને ત્રાસજનક દુઃખ તારે હાથે આવવાનાં છે, વળી હે ચેતન ! આ તો ફક્ત એક જ વરસની સંખ્યા થઈ, તેટલાથી જ કાંઈ તારો હિસાબ પતી જતો નથી. સઘળું એક વરસમાં સંપૂર્ણ થઈ જાય એ સમજમાંયે તારી ભૂલ છે.નિગોદમાં કેટલા વરસ રહેવું પડે છે તે સાંભળ અને તેથી બચવાનો ઉપાય કર.

અતિસૂક્ષ્મકાળને એક સમય કહે છે અને એવા અસંખ્યાતા સમયને એક આવલી કહે છે. તે ગણતરીએ એક કરોડ, સડસઠ લાખ, સિત્તોતેર હજાર બસો ને સોળ (૧૬૭૭૭૨૧૬) આવળીએ એક એક મુહૂર્ત થાય અને તેવાં ત્રીશ મુહૂર્તે એક અહોરાત્રિ થાય, એવી પંદર અહોરાત્રિએ એક પખવાડિયું થાય; એવાં બે પખવાડિયે એક માસ

કામ ક્રોધ મદ લોભકી, જબ લગ ઘટમેં ખાન;
કયા મૂરખ કયા પંડિતા, દોનું એક સમાન.

થાય, એવા બાર માસનું એક વરસ થાય છે; તે પ્રમાણે તેવા અસંખ્યાત વરસે એક પલ્યોપમ થાય છે, તેવા દસ કોડાકોડી પલ્યોપમે એક સાગરોપમ થાય; તેવા દસ કોડા-કોડી સાગરોપમે એક ઉત્સર્પિણી થાય અને બીજા દશ કોડાકોડી સાગરોપમે એક અવસર્પિણી થાય; એ બે મળી વીસ કોડાકોડી સાગરોપમે એક કાળચક્ર થાય, એવાં અનંત કાળચક્રે એક પુદ્ગલપરાવર્તન થાય અને એવાં અનંતા પુદ્ગલપરાવર્તન નિગોદમાં થાય તોપણ તે નિગોદના જીવની મુક્તિ થવી તો દૂર જ રહી; પણ તે બિચારો વ્યવહાર રાશિમાં પણ આવવા પામે નહીં. જો કોઈ મોટા પુણ્યોદયે આવા ત્રાસજનક જન્મ-મરણના ફેરા કરી મહા-સંકટ ભોગવતાં પાંચ કારણના મેળાપે તેના કર્મ પાતળાં થયાં હોય તો અકામ નિર્જરાથી નીકળવા પામે, તેમાં પણ એક શરત છે કે, જેટલા જીવ મોક્ષ પામે, તેટલા જ માત્ર નિગોદમાંથી નીકળી આવે અને ચોરાશી લાખ યોનિમાં ફરતો ફરતો જીવ મનુષ્યભવ પામી પુણ્યયોગે મોક્ષે જાય.

આ તો માત્ર નિગોદના કષ્ટની જેવી તેવી ગણતરી થઈ, પણ આવાં જુલમી ભયંકર દુઃખ તો ઘણી વખત વેઠ્યાં હશે અને હવે પછી પણ શું થશે તેનો સંશય ટાળનાર જ્ઞાની વિના બીજો કોઈ નથી. આથી એટલું તો ખચિત ધારજે કે જ્યાં

મેતારજ શિર સોનીએ, વાધર વીંટયો ધરી ખેદ;
નિજ મન ઠામે રાખિયો, કિયો સંસારનો છેદ.

સુધી તેં શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની ઓળખાણ કરી નથી ત્યાં સુધી આ દુઃખ રૂપી અસાર સંસારમાં તારે ફેરા જ ખાવાના છે. વખતે તું પાછો નીચે ઊતરી જઈશ તો નિગોદમાં પાછો જવાનો પણ સંભવ છે.

અત્યાર સુધી તો માત્ર નિગોદની કથા સાંભળી. હવે જો કદી અનંતા પુદ્ગલપરાવર્તને અકામ નિર્જરાથી ભવસ્થિતિ પરિપકવ થઈ હોય તો નિગોદમાંથી નીકળી વ્યવહારરાશિમાં આવવાનો જોગ બને તો ત્યાં પણ તે હાલતમાં તે જીવને માથે કેવા સંકટ આવી પડે છે તે જરા વધારે લક્ષ દઈ તારા જીવનનો વિચાર કર કે જેથી તારે આવાં ભયંકર દુઃખો ભોગવવાં ન પડે. (સંકલિત)

## ૨૦. વિશિષ્ટ શ્રુતધરો

(૧) શ્રી. જંબૂસ્વામી, (૨) શ્રી. પ્રભવસ્વામી, (૩) શ્રી. શય્યંભવસૂરિ, (૪) શ્રી. યશોભદ્રસૂરિ, (૫) સંભૂતિવિજય અને શ્રી. ભદ્રબાહુસ્વામી તેમજ (૬) શ્રી. સ્થૂલિભદ્ર— આ છ પટ્ટધરો શ્રુતકેવલી હતા.

★

| | મહાવીર પછી | મોક્ષે ગયા | આયુષ્ય |
|---|---|---|---|
| શ્રી સુધર્માસ્વામી | ,, | ૨૦ વર્ષે | ૧૦૦ વર્ષ |
| શ્રી જંબૂસ્વામી | ,, | ૬૪ ,, | ૮૦ ,, |
| શ્રી પ્રભવસ્વામી | ,, | ૭૫ સ્વર્ગે ગયા | ૮૫ ,, |

સુકોશળ સુકુમાળ મુનિ, વલુર્યું વાઘણે અંગ;
બાપ નિઝામી મા ભખી, શિવપુરી વરી મનરંગ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી શય્યંભવસૂરિ | ,, | ૯૮ ,, | ૬૨ | ,, |
| શ્રી યશોભદ્રસૂરિ | ,, | ૧૪૮ ,, | ૮૬ | ,, |
| શ્રી સંભૂતિવિજય | ,, | ૧૫૬ ,, | ૯૦ | ,, |
| શ્રી ભદ્રબાહુસ્વામી | ,, | ૧૭૦ ,, | ૭૬ | ,, |
| શ્રી સ્થૂલિભદ્રસ્વામી | ,, | ૨૧૫ ,, | ૯૯ | ,, |
| શ્રી આર્ય મહાગિરિ | ,, | ૨૪૫ ,, | ૧૦૦ | ,, |
| શ્રી આર્ય સુહસ્તિસૂરિ | ,, | ૨૯૧ ,, | ૧૦૦ | ,, |
| શ્રી દિન્નસૂરિ | ,, | .... ,, | .... | ,, |
| શ્રી સિદ્ધસેન દિવાકર | ,, | ૪૮૦ ,, | .... | |
| શ્રી વજ્રસ્વામી | ,, | ૫૮૪ ,, | ૮૮ | ,, |
| શ્રી વજ્રસેનસૂરિ | ,, | ૬૨૦ ,, | ૧૨૮ | ,, |
| શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ | | ૧૦૦૦ ,, | .... | ,, |
| શ્રી હરિભદ્રસૂરિ | ,, | ૧૦૫૫ ,, | .... | |
| શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ– | | | | |
| | વિક્રમ સંવત ૬૮૫ સ્વર્ગે ગયા ૧૦૪ વર્ષ | | | |
| શ્રી બપ્પભટ્ટિસૂરિ | ,, | ૮૯૫ ,, | ૯૫ | ,, |
| શ્રી અભયદેવસૂરિ | ,, | ૧૧૩૫ ,, | .... | |
| શ્રી મુનિચંદ્રસૂરિ | ,, | ૧૨૨૦ ,, | | ,, |
| શ્રી વાદીદેવસૂરિ | ,, | ૧૨૨૬ ,, | ૮૩ | ,, |
| શ્રી સોમચંદ્રાચાર્ય | ,, | ૧૨૨૯ ,, | ૮૪ | ,, |
| શ્રી દેવેંદ્રસૂરિ | ,, | ૧૩૨૯ ,, | ........ | |

પૂરવભવ પ્રિયા શિયાળણી, તિણે ભરખ્યો અવંતિ સુકુમાળ;
નલિનીગુલ્મ વિમાનમાં, પામ્યો સુખ તત્કાળ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી ધર્મઘોષસૂરિ | ,, | ૧૩૫૭ | ,, | .... | |
| શ્રી સોમપ્રભસૂરિ | ,, | ૧૩૭૩ | ,, | .... | |
| શ્રી સોમતિલકસૂરિ | ,, | ૧૪૨૪ | ,, | ૮૯ | ,, |
| શ્રી સોમસુંદરસૂરિ | ,, | ૧૪૯૯ | ,, | ૬૯ | ,, |
| શ્રી મુનિસુંદરસૂરિ | ,, | ૧૫૦૩ | ,, | ૬૭ | ,, |
| શ્રી રત્નશેખરસૂરિ | ,, | ૧૫૧૭ | ,, | ૬૦ | ,, |
| શ્રી આનંદવિમલસૂરિ | ,, | ૧૫૯૬ | ,, | ૬૯ | ,, |
| શ્રી વિજયદાનસૂરિ | ,, | ૧૬૨૨ | ,, | ૪૯ | ,, |
| શ્રી વિજયસેનસૂરિ | ,, | ૧૬૭૧ | ,, | ૬૭ | ,, |
| શ્રી વિજયદેવસૂરિ | ,, | ૧૬૮૧ | ,, | ૪૭ | ,, |
| શ્રી વિજયસિંહસૂરિ | ,, | ૧૭૦૮ | ,, | ૬૪ | ,, |
| શ્રી યશોવિજયજી ઉપા૦ | ,, | ૧૭૪૫ | ,, | ૯૫ | ,, |
| શ્રી મૂળચંદજીગણિ | ,, | ૧૯૪૫ | ,, | ........ | |

શ્રી ભદ્રબાહુસ્વામી સુધી ૧૪ પૂર્વનું જ્ઞાન રહ્યું.
શ્રી સ્થૂલિભદ્ર સુધી ૧૪ પૂર્વ મૂળનું જ્ઞાન રહ્યું.
શ્રી વજ્રસ્વામી સુધી ૧૦ પૂર્વનું જ્ઞાન રહ્યું.
શ્રી આર્યરક્ષિતસૂરિ સુધી ૯ાા પૂર્વનું જ્ઞાન રહ્યું.
શ્રી દુર્બલિકા પુષ્પમિત્ર સુધી ૯ પૂર્વનું જ્ઞાન રહ્યું.
શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ પછી વિક્રમ સંવત ૫૩૦માં સઘળાં પૂર્વોનો વિચ્છેદ થયો.

પંચશત શિષ્ય ખંધકતણા, ઘાણી પીલ્યા સોય;
શિવનયરી શિવ પામિયા, એ સમતા ફળ જોય.

## ૨૧. ભગવાન શ્રીમહાવીરસ્વામીની પાટે થયેલા આચાર્યોની પરંપરા

# અથ પટ્ટાવલી

### નિર્ગ્રંથગચ્છ

૧ શ્રી સુધર્માસ્વામીજી
૨ ,, જંબૂસ્વામીજી મહા.
૩ ,, પ્રભવસ્વામીજી મહા.
૪ ,, શય્યંભવસૂરિજી
૫ ,, યશોભદ્રસૂરિજી
૬ શ્રી સંભૂતિવિજયજી તથા શ્રી ભદ્રબાહુસ્વામીજી
૭ ,, સ્થૂલિભદ્રજી મહારાજ
૮ ,, આર્યસુહસ્તિ મહારાજ

### કોટીગચ્છ

૯ શ્રી સુસ્થિત અને સુપ્રતિબદ્ધસૂરિ
૧૦ ,, ઇન્દ્રદિન્નસૂરિજી
૧૧ ,, દિન્નસૂરિજી મહારાજ
૧૨ શ્રી સિંહગિરિસૂરિજી
૧૩ ,, વજ્રસ્વામીજી મહા.
૧૪ ,, વજ્રસેનસૂરિજી મહા.

### ચન્દ્રગચ્છ

૧૫ શ્રી ચંદ્રસૂરિજી મહારાજ

દિન પ્રતે સાત હત્યા કરી, અરજુનમાળી નામ;
પરીષહ દેખી ક્ષમા ધરી, પામ્યા શિવપુરી ઠામ.

## વનવાસીગચ્છ

૧૬ શ્રી સામંતભદ્રસૂરિ
૧૭ ,, વૃદ્ધદેવસૂરિજી મહા.
૧૮ ,, પ્રદ્યોતનસૂરિજી મહા.
૧૯ ,, માનદેવસૂરિજી મહા.
૨૦ ,, માનતુંગસૂરિજી મહા.
૨૧ ,, વીરસૂરિજી મહારાજ
૨૨ ,, જયદેવસૂરિજી
૨૩ ,, દેવાનંદસૂરિજી
૨૪ ,, વિક્રમસૂરિજી મહારાજ
૨૫ ,, નરસિંહસૂરિજી
૨૬ શ્રી સમુદ્રસૂરિજી
૨૭ ,, માનદેવસૂરિજી બીજા
૨૮ ,, વિબુધપ્રભસૂરિજી
૨૯ ,, જયાનંદસૂરિજી
૩૦ ,, રવિપ્રભસૂરિજી
૩૧ ,, યશોદેવસૂરિજી
૩૨ ,, પદ્યુમ્નસૂરિજી
૩૩ ,, માનદેવસૂરિજી ત્રીજા
૩૪ ,, વિમલચંદ્રસૂરિજી
૩૫ ,, ઉદ્દ્યોતનસૂરિજી

## વડગચ્છ

૩૬ શ્રી સર્વદેવસૂરિજી
૩૭ ,, દેવસૂરિજી મહારાજ
૩૮ ,, સર્વદેવસૂરિજી બીજા
૩૯ શ્રી યશોભદ્રસૂરિજી તથા નેમિચંદ્રસૂરિજી
૪૦ ,, મુનિચંદ્રસૂરિજી
૪૧ શ્રી અજિતદેવસૂરિજી
૪૨ ,, વિજયસિંહસૂરિજી
૪૩ શ્રી સોમપ્રભસૂરિજી તથા શ્રી મણિરત્નસૂરિજી

મુનિપતિ મુનિ કાઉસ્સગ્ગ રહે, અગને દાઘી દેહ;
પરીષહ સહી પદવી વરી, અમર વધુ ધરે નેહ.

## તપાગચ્છ

૪૪ શ્રી જગચ્ચંદ્રસૂરિજી મહા.
૪૫ ,, દેવેંદ્રસૂરિજી મહારાજ
૪૬ ,, ધર્મઘોષસૂરિજી મહા.
૪૭ ,, સોમપ્રભસૂરિજી બીજા
૪૮ ,, સોમતિલકસૂરિજી
૪૯ ,, દેવસુંદરસૂરિજી
૫૦ ,, સોમસુંદરસૂરિજી મહા.
૫૧ ,, મુનિસુંદરસૂરિજી મહા.
૫૨ ,, રત્નશેખરસૂરિજી મહા.
૫૩ ,, લક્ષ્મીસાગરસૂરિજી મહારાજ
૫૪ ,, સુમતિસાધુસૂરિજી
૫૫ ,, હેમવિમલસૂરિજી મહા.
૫૬ ,, આનંદવિમલસૂરિજી
૫૭ ,, વિજયદાનસૂરિજી મ.
૫૮ ,, હીરવિજયસૂરિજી મ.
૫૯ ,, સહજસાગર ઉપાધ્યાય
૬૦ શ્રી જયસાગર ઉપાધ્યાયજી
૬૧ ,, જીતસાગરજી મહારાજ
૬૨ ,, માનસાગરજી મહારાજ
૬૩ ,, મયગલસાગરજી મહા.
૬૪ ,, પદ્મસાગરજી મહારાજ
૬૫ ,, સુજ્ઞાનસાગરજી મહા.
૬૬ ,, સ્વરૂપસાગરજી મહા.
૬૭ ,, જ્ઞાનસાગરજી મહારાજ
૬૮ ,, મયાસાગરજી મહારાજ
૬૯ ,, ગૌતમસાગરજી મહા.
૭૦ ,, ઝવેરસાગરજી મહા.
૭૧ આચાર્ય શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ
૭૨ આચાર્ય શ્રી માણેકસાગરસૂરિજી મહારાજ તથા આચાર્ય શ્રી ચન્દ્રસાગરસૂરિજી મહારાજ તથા આચાર્ય શ્રી હેમસાગરસૂરિજી મહારાજ

---

વસંતપુરે નાટક કરે, એલાપુત્ર કુમાર;
જાતિ સમરણ ઊપન્યો, જ્ઞાન અનંત અપાર.



# પદ્માવતી આરાધના

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે;
જાણપણું જુગતે ભલું, ઈણ વેળા આવે. ૧

તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની સાખ;
જે મેં જીવ વિરાધિયા, ચઉરાશી લાખ. તે મુજ૦ ૨

સાત લાખ પૃથ્વીતણા, સાતે અપ્કાય;
સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય. તે મુજ૦ ૩

દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ;
બિતિ ચઉરિંદ્રી જીવના, બે બે લાખ વિચાર. તે મુજ૦ ૪

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી;
ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે મુજ૦ ૫

ઇહ ભવ પરભવે સેવિયાં, જે પાપ અઢાર;
ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરું, દુર્ગતિના દાતાર. તે મુજ૦ ૬

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ;
દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ. તે મુજ૦ ૭

**સાહેબ તેરી સાહેબી, સબ ઘટ રહા સમાય;**
**જ્યોં મેંદી કે પાતમેં, લાલી રહી છિપાય.**

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કિયા, વળી રાગ ને દ્વેષ. તે મુજ૦ ૮
કલહ કરી જીવ દુહવ્યા, દીધાં કૂડાં કલંક;
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે મુજ૦ ૯
ચાડી કીધી ચોતરે, કીધો થાપણમોસો;
કુગુરુ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે મુજ૦ ૧૦
ખાટકીને ભવે મેં કિયા, જીવ નાનાવિધ ઘાત;
ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત. તે મુજ૦ ૧૧
કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર;
જીવ અનેક ઝબ્બે કિયા, કીધાં પાપ અઘોર. તે મુજ૦ ૧૨
માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ;
ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડયા પાસ. તે મુજ૦ ૧૩
કોટવાળને ભવ મેં કિયા, આકરા કર દંડ;
બંદીવાન મરાવિયા, કોરડા છડી દંડ. તે મુજ૦ ૧૪
પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ;
છેદન ભેદન વેદના, તાડન અતિ તિક્ખ. તે મુજ૦ ૧૫
કુંભારને ભવે મેં કિયા, નીભાડ પચાવ્યા;
તેલી ભવે તિલ પીલિયા, પાપે પિંડ ભરાવ્યા. તે મુજ૦ ૧૬
હાલી ભવે હળ ખેડિયાં, ફાડયાં પૃથ્વીપેટ;
સૂડ નિદાન ઘણાં કિયાં, દીધા બળદ ચપેટ. તે મુજ૦ ૧૭

**કરની સોઈ કિજિયે, જાસો આપ જાય;**
**વૈરભાવ ઊપજે નહિ, મનમેં પ્રેમ બઢાય.**

માળીને ભવે રોપિયાં, નાનાવિધ વૃક્ષ;
મૂળ પત્ર ફળ ફૂલનાં, લાગ્યાં પાપ તે લક્ષ. તે મુજ૦ ૧૮
આધોવાઇઆને ભવે, ભર્યા અધિકા ભાર;
પોઠી પૂઠે કીડા પડયા, દયા નાણી લગાર. તે મુજ૦ ૧૯
છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ;
અગ્નિ આરંભ કીધાં ઘણાં, ધાતુવાદ અભ્યાસ. તે મુજ૦ ૨૦
શૂરપણે રણ ઝુઝતાં, માર્યા માણુસ વૃંદ;
મદિરા માંસ માખણ ભખ્યા, ખાધાં મૂળ ને કંદ તે મુજ૦ ૨૧
ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં;
આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપ જ સંચ્યાં. તે મુજ૦ ૨૨
કર્મ અંગારા કિયાં વળી, ઘરમે દવ દીધા;
સમ ખાધા વીતરાગના, કૂડાકોશ જ કીધા. તે મુજ૦ ૨૩
બિલ્લી ભવે ઉંદર લિયા, ગીરોલી હત્યારી;
મૂઢ ગમારતણે ભવે, મેં જૂ લીખ મારી. તે મુજ૦ ૨૪
ભાડભૂંજાતણે ભવે, એકેંદ્રિય જીવ;
જવારી ચણા ગહુ શેકિયા, પાડંતા રીવ. તે મુજ૦ ૨૫
ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક;
રાંધણ ઇંધણ અગ્નિના, કીધાં પાપ ઉદ્રેક. તે મુજ૦ ૨૬
વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ;
ઇષ્ટ વિયોગ પાડયા ઘણા, કિયા રુદન વિષવાદ. તે મુજ૦ ૨૭

**તુલસી સાથી વિપતકે, વિદ્યા વિનય વિવેક;**
**સહારા સુકૃત સત્ય વ્રત, ઈશ ભરોસો એક.**

સાધુ અને શ્રાવકતણાં, વ્રત લેઈને ભાંગ્યાં;
મૂળ અને ઉત્તરતણાં, મુજ દૂષણ લાગ્યાં. તે મુજ૦ ૨૮

સાપ વીંછી સિંહ ચીતડા, શકરા ને સમળી;
હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી. તે મુજ૦ ૨૯

સૂવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા;
જીવાણી ઢોળ્યાં ઘણાં, શીલ વ્રત ભંજાવ્યાં. તે મુજ૦ ૩૦

ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તિણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૧

ભવ અનંત ભમતાં થકાં, કીધા પરિગ્રહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તીણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૨

ઇણ પરે ઇહ ભવ પરભવે, કીધા પાપ અખત્ર;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, કરુ જન્મ પવિત્ર. તે મુજ૦ ૩૩

એણી વિધે એ આરાધના, ભાવિક કરશે જેહ;
સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે મુજ૦ ૩૪

રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ;
સમયસુંદર કહે પાપથી, છૂટે એ તતકાળ. તે મુજ૦ ૩૫

---

તુલસી યા સંસારમેં, પાંચ રતન હૈ સાર;
સાધુ સંગ સતગુરુ શરણ, દયા દાન ઉપકાર.

# ચાર શરણાં

[ ૧ ]

મુજને ચાર શરણાં હોજો, અરિહંત સિદ્ધ સુસાધુજી;
કેવળી ધર્મ પ્રકાશિયો, રત્ન અમુલખ લાધુંજી. મુ૦ ૧

ચિહું ગતિતણાં દુઃખ છેદવા, સમરથ શરણાં એહોજી;
પૂર્વે મુનિવર જે હુઆ, તેણે કીધાં શરણાં એહોજી. મુ૦ ૨

સંસારમાંહિ જીવને, સમરથ શરણાં ચારોજી;
**ગણિ સમયસુંદર** ઈમ કહે, કલ્યાણ મંગળકારોજી. મુ૦ ૩

[ ૨ ]

લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકોજી;
મિચ્છામિ દુક્કડં દીજીએ, જિનવચને લહીએ ટેકોજી.લા૦ ૧

સાત લાખ ભૂદગ તેઉ વાઉના, દશ ચૌદે વનના ભેદોજી;
ષટ્ વિગલ સુરતિરિ નારકી,ચઉ ચઉ ચૌદે નરના ભેદોજી. લા૦ ૨

મુજ વેર નહિ કેહશું, સહુશું મૈત્રી ભાવોજી;
**ગણિ સમયસુંદર** ઈમ કહે, પામીએ પુણ્ય પ્રભાવોજી.લા૦ ૩

રાખે કુદરત તેમજ રહો, તજો દિલગીરી ગર્વ;
પ્રેમ ધરીને પરસ્પર, સંપી ચાલો સર્વ.

પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત સિદ્ધની સાખેજી
આલોયાં પાપ છૂટીએ, ભગવંત ઈણી પેરે ભાખેજી. પા૦ ૧

આશ્રવ કષાય દોય બંધના, વળી કલહ અભ્યાંખ્યાનોજી;
રતિ અરતિ પૈશુન્ય નિંદનો, માયા મોહ મિથ્યાતોજી. પા૦ ૨

મન વચ કાયાએ જે કિયાં, મિચ્છામિ દુક્કડં તેહોજી;
ગણિ **સમયસુંદર** ઈમ કહે,જૈનધર્મનો મર્મ એહોજી.પા૦ ૩

[ ૪ ]

ધન ધન તે દિન મુજ કદી હોશે, હું પામીશ સંયમ સૂધોજી;
પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરુ વચને પ્રતિબુદ્ધોજી. ધ૦ ૧

અંત પંત ભિક્ષા ગોચરી, રણવને કાઉસ્સગ્ગં લેશુંજી;
સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ સૂધો ધરશુંજી. ધ૦ ૨

સંસારના સંકટથકી, હું છૂટીશ જિનવચને અવધારોજી;
ધન્ય ધન્ય **સમયસુંદર** તે ઘડી, તો હું પામીશ ભવનો પારોજી.
ધ૦ ૩

---

ઈકઠે ગર જહાંકે જર, સભી મુલ્કોંકે માલી થે;
સિકંદર જબ ગયા દુનિયાસે, દોનો હાથ ખાલી થે.

# શ્રી રત્નાકર પચીશી

[ મંગળાચરણ ]

મંદિર છો મુક્તિતણા, માંગલ્ય ક્રીડાના પ્રભુ !
ને ઇંદ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ !
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું, ભંડાર ! જ્ઞાનકળાતણા. ૧

## અભિધેય સૂચન

ત્રણ જગતના આધાર ! ને અવતાર હે ! કરુણાતણા,
વળી વૈદ્ય હે ! દુર્વાર આ સંસારનાં દુઃખોતણા,
વીતરાગ ! વલ્લભ ! વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરું. ૨

## નિખાલસ વિનતિ

શું બાળકો માબાપ પાસે, બાળક્રીડા નવિ કરે ?
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવિ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક ! આજ ભોળાભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩

નિંદા અસ્તુતિ ઉભય સમ, મમતા મમ પદ કંજ;
તે સજ્જન મમ પ્રાનપ્રિય, ગુન મંદિર સુખ પુંજ.

## વ્યર્થ ભવભ્રમણ

મેં દાન તો દીધું નહિ, ને શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ! નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું! નિષ્ફળ ગયું! ૪

## કષાયના બંધનથી પ્રભુ ભજવાની અશક્તિ

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને?
મન મારું માયાજાળમાં, મોહન! મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. ૫

## સત્કર્મને અભાવે મારા ભવોની નિષ્ફળતા

મેં પરભવે કે આ ભવે, પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ, અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬

## મારા મનની, પાષાણથી પણ વિશેષ કઠોરતા

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તોપણ પ્રભુ!
ભીંજાય નહિ મુજ મન અરેરે! શું કરું હું તો વિભુ!

ગામ વચ્ચે ખોદાવો કૂવો, સૌના મનની મરજી જુઓ;
કોઈ ઊંડા કે પોળો કહે, સૌનું મન રાજી ન રહે.

પથ્થરથકી પણ કઠણ મારું મન ખરે ! ક્યાંથી દ્રવે ?
મરકટસમા આ મનથકી, હું તો પ્રભુ ! હાર્યો હવે. ॥૭॥

## પ્રમાદથી મેં ત્રણેય રત્નો ગુમાવ્યાં

ભમતા મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચારિત્રરૂપી રત્નત્રય દુષ્કર ઘણાં;
તે પણ ગયાં પરમાદના, વશથી પ્રભુ ! કહું છું ખરું,
કોની કને કિરતાર ! આ, પોકાર હું જઈને કરું ? ॥૮॥

## લોકોને ઠગવા મેં શું કર્યું ?

ઠગવા વિભુ ! આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી, દાંભિક અંદરથી રહું. ॥૯॥

## મુખ, ચક્ષુ તથા મનનો મેં કેવો દુરુપયોગ કર્યો ?

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યાં, પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારું પરતણું,
હે નાથ ! મારું શું થશે ? ચાલાક થઈ ચૂક્યો ઘણું ! ॥૧૦॥

## કામાંધ થઈ મેં મારી જાતને કેવી વગોવી ?

કરે કાળજાની કતલ પીડા, કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી;

તન રોગી શિર શત્રુતા, જર આવે ને જાય;
પણ જો સંપ કુટુંબમાં, શીતલ રહે સદાય.

તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપતણી કને,
જાણો સહુ તેથી કહું, કર મારૂ મારા વાંકને. ॥૧૧॥

## મતિભ્રમથી મેં કરેલાં અકાર્યો

**નવકારમંત્ર** વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે, હણી **આગમોની** વાણીને;
કુદેવની સંગતથકી, કર્મો નઠારાં ચિન્તવ્યાં,
મતિભ્રમથકી રત્નો ગુમાવી, કાચકટકો મેં ગ્રહ્યા. ॥૧૨॥

## કેટલું બધું વિલાસી મારું હૃદય ?

આવેલ દૃષ્ટિમાર્ગમાં, મૂકી **મહાવીર** ! આપને,
મેં મૂઢ ધીએ હૃદયમાં, ધ્યાયા મદનના ચાપને;
નેત્રબાણો ને પયોધર, નાભિ ને સુંદર કટી,
શણગાર સુંદરીઓતણા, છટકેલ થઈ જોયા અતિ. ॥૧૩॥

## દિલમાં ચોંટી ગયેલા રાગના ડાઘ !

મૃગનયણી પ્રિય નારીતણા, મુખચંદ્ર નીરખવાવતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગાઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી ? ॥૧૪॥

## દારિદ્રય છતાં મારું અભિમાન !

સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણતણો નથી,
ઉત્તમ વિલાસ કળાતણો, દેદીપ્યમાન પ્રભા નથી;

---

**કેફ ન કરશો કોઈ નર, કેફ કલેશનું મૂળ;**
**જુઓ કેફ કરી સો જાદવે, કર્યું નિકંદન કુળ.**

પ્રભુતા નથી તોપણ પ્રભુ! અભિમાનમાં અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિતણી, સંસારમાં ખેલ્યા કરું. ॥૧૫॥

## મહામોહથી ગ્રસ્ત થયેલ મારી અપદશા

આયુષ્ય ઘટતું જાય તોપણ, પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાનાં ઘર ચણું. ॥૧૬॥

## જગતમાં આપની હાજરી છતાં હું નાસ્તિક

આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી;
રવિસમ હતા જ્ઞાને કરી, પ્રભુ! આપશ્રી તોપણ અરે!
દીવો લઈ કૂવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે. ॥૧૭॥

## હું મારો માનવભવ સાવ હારી ગયો!

મેં ચિત્તથી નહિ દેવની, કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો, ધર્મ પણ પાળ્યો નહિ;
પામ્યો પ્રભુ! નરભવ છતાં, રણમાં રડ્યા જેવું થયું,
ધોબીતણા કુત્તાસમું, મમ જીવન સહુ એળે ગયું. ॥૧૮॥

## મારી લાલસાઓ!

હું કામધેનુ કલ્પતરુ, ચિંતામણીના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં;

**જે જેને અભ્યાસ નહિ, તે તેને નહિ સ્વાદ;**
**અંધા આગળ આરસી, બહેરા આગળ નાદ.**

જે પ્રગટ સુખ દેનાર તારો, ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ ! કર કરુણા કંઈ. ॥૧૯॥

### મારી અવળી ગતિનો નમૂનો !

મેં ભોગ સારા ચિંતવ્યા, તે રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઇચ્છયું ધનતણું, પણ મૃત્યુને પ્રીછયું નહિ;
નહિ ચિંતવ્યું મેં નર્ક, કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશામહીં, ભય માત્ર હું ભૂલી ગયો. ॥૨૦॥

### મારા જન્મની નિષ્ફળતા

હું શુદ્ધ આચારોવડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યાં,
ફોગટ અરે ! આ લક્ષ ચોરાશીતણા ફેરા ફર્યા. ॥૨૧॥

### અરે ! હું સંસારસમુદ્રથી શી રીતે પાર ઊતરીશ ?

ગુરુવાણીમાં વૈરાગ્યકેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જનતણાં વાક્યોમહીં, શાંતિ મળે ક્યાંથી મને ?
તરું કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
ફૂટેલ તળિયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ? ॥૨૨॥

### ત્રણેય જન્મ હું હારી ગયો

મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે હે નાથજી !

---

સાકર લાગે સર્વદા, મનુષ્ય માત્રને મિષ્ટ;
કડવી જેને જે કહે, તેનું તન રોગિષ્ટ.

ભૂત ભાવી ને સાંપ્રત ત્રણે, ભવ નાથ ! હું હારી ગયો,
સ્વામી ! ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો ॥૨૩॥

## પ્રભુના સર્વજ્ઞત્વનું સૂચન

અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું ?
હે દેવતાના પૂજ્ય ! આ, ચારિત્ર મુજ પોતાતણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરું શું માત્ર આ ?
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં, પાઈની તો વાત ક્યાં ?

## છેલ્લી આંતરિક વિજ્ઞપ્તિ

તારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ,
મારાથી નહીં અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ!

મુક્તિ મંગળ સ્થાન તોય મુજને, ઇચ્છા ન લક્ષ્મીતણી,
આપો સમ્યગ્રત્ન **શ્યામ** જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ॥૨૫॥

---

પ્રારબ્ધ પહેલે બની, પીછે બના શરીર;
તુલસી એહ આશ્ચર્ય હે, મન નહીં માને ધીર.

# શ્રીશત્રુંજયના એકવીશ ખમાસણના દુહા

સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર. ૧

અંગ વસન મન ભૂમિકા, પૂજોપકરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨

કાર્તિક સુદિ પૂનમ દિને, દસ કોડી પરિવાર;
દ્રાવિડ ને વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩

તિણે કારણ કાર્તિક દિને, સંઘ સકલ પરિવાર;
આદિદેવ સમ્મુખ રહી, ખમાસમણ બહુ વાર. ૪

એકવીશ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાજથી, જનક વચન બહુમાન. ૫

સિદ્ધાચળ સમરું સદા. [૧]

સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર;
લાખ સવા મહાતમ કર્યું, સુરનર સભા મોઝાર. ૬

ચૈત્રી પૂનમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ કોડી મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ. ૭

આળસ તજી ઉદ્યમ કરો, ચિત્તમાં કરી વિચાર;
સુખ પામે જન સર્વદા, વળી સુધરે સંસાર.

તિણે કારણ **પુંડરીકગિરિ**, નામ થયું વિખ્યાત;
મન વચન કાયે વંદીએ, ઊઠી નિત્ય પ્રભાત. ૮

સિદ્ધાચલ સમરું સદા. [૨]

વીશ કોડીશું પાંડવો, મોક્ષ ગયા ઈણે ઠામ;
એમ અનંત મુક્તે ગયા, **સિદ્ધક્ષેત્ર** તિણે નામ. ૯

સિદ્ધાચલ સમરું સદા. [૩]

અડસઠ તીરથ નાહતાં, અંગરંગ ઘડી એક;
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦

ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠણ મલધામ;
અચળપદે વિમળા થયા, તિણે **વિમળાચળ** નામ. ૧૧

સિદ્ધાચળ સમરું સદા. [૪]

પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. ૧૨

અથવા ચૌદે ક્ષેત્રમાં, એ સમ તીરથ ન એક;
તિણે **સુરગિરિ** નામે નમું, જ્યાં સુરવાસ અનેક.

સિદ્ધાચલ સમરું સદા. [૫]

એંશી યોજન પૃથુલ છે, ઊંચપણે છવ્વીસ;
મહિમાએ મોટો ગિરિ, **મહાગિરિ** નામ નમીશ. ૧૪

સિદ્ધાચળ સમરું સદા. [૬]

**ન્યાય નિયમ સૌ ગરીબને, સમર્થને સૌ માફ,**
**વૃષ્ટિ વિશ્વ પ્રલય કરે, એનો શો ઈન્સાફ ?**

ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહી વંદનિક;
જેહવો તેહવો સંયમી, એ તીરથે પૂજનિક. ૧૫

વિપ્રલોક વિષધર સમા, દુઃખિયા ભૂતલ માન;
દ્રવ્યલિંગી કણક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬

શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્ય રાશિ વધે ઘણી, તિણે **પુણ્યરાશિ** નામ. ૧૭

સિદ્ધાચળ સમરું સદા [૭]

સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામિયા, કેવળ લક્ષ્મી નિધાન. ૧૮

લાખ એકાણું શિવ વર્યા, નારદ શું અણગાર;
નામ નમો તિણે આઠમું, **શ્રી પદ્મગિરિ** નિરધાર. ૧૯

સિદ્ધાચળ સમરું સદા. [૮]

શ્રી સીમંધરસ્વામીએ, એ ગિરિમહિમા વિલાસ;
ઇંદ્રની આગે વર્ણવ્યો, તિણે એ **ઇંદ્રપ્રકાશ**. ૨૦

સિદ્ધાચળ સમરું સદા. [૯]

દશ કોટી અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર;
જૈનતીર્થે યાત્રા કરે, લાભતણો નહિ પાર. ૨૧

વગર બુદ્ધિએ જોરથી, થતું હોત જો કાજ;
વાઘ વરું ને વાંદરાં, કરત જગતમાં રાજ.

તેહ થકી સિદ્ધાચળે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હુવે, **મહાતીરથ** અભિધાન. ૨૨
સિદ્ધાચળ સમરું સદા. [૧૦]

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત;
શત્રુંજય મહાતમ સુણી,નમો **શાશ્વતગિરિ** સંત.
સિદ્ધાચળ સમરું સદા. [૧૧]

ગૌ નારી બાલક મુનિ, હત્યા ચાર કરનાર;
જાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર. ૨૪
જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવદ્રવ્ય ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર. ૨૫
ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે જાત્રા ઈણે ઠામ;
તપ તપતાં પાતિક ગળે, તિણે **દૃઢશક્તિ** નામ. ૨૬
સિદ્ધાચળ સમરું સદા. [૧૨]

ભવભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ;
સહસમુનિશું શિવ વર્યા, **મુક્તિનિલયગિરિ** તેહ. ૨૭
સિદ્ધાચળ સમરું સદા. [૧૩]

ચંદા સૂરજ બેહુ જણા, ઊભા ઈણે ગિરિશૃંગ;
કરી વર્ણવ ને વધાવિયો, **પુષ્પદંતગિરિ** રંગ. ૨૮
સિદ્ધાચળ સમરું સદા. [૧૪]

---

**હિકમત ધરે હજાર પણ, ગજા પ્રમાણે થાય;**
**નખ છેદાય નરેણિયે, કંઠ કદી ન કપાય.**

કર્મ કઠણ ભવજળ તરી, ઈહાં પામ્યા શિવસદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ **મહાપદ્મ.** ૨૯
સિદ્ધાચળ સમરું સદા. [૧૫]

શિવવહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચિયો સાર;
મુનિવર વર બેઠક ઘણી, **પૃથ્વીપીઠ** મનોહાર. ૩૦
સિદ્ધાચળ સમરું સદા. [૧૬]

શ્રી **સુભદ્રગિરિ** નમો, ભદ્ર તે મંગલ રૂપ;
જલ તરુ રજ ગિરિવરતણી, શીશ ચઢાવે ભૂપ. ૩૧
સિદ્ધાચળ સમરું સદા. [૧૭]

વિદ્યાધર સુર અપ્સરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીએ ભવિ **કૈલાસ.** ૩૨
સિદ્ધાચળ સમરું સદા. [૧૮]

બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચોવીશી મોઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ ગણધાર. ૩૩

પ્રભુ વચન અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ;
નામે **કદંબગિરિ** નમો, તો હોય લીલવિલાસ. ૩૪
સિદ્ધાચળ સમરું સદા. [૧૯]

ઘણા જણની મદદથી, જબ્બર શત્રુ જિતાય;
રામે રાવણને હણ્યો, લઈ વાંદરાં સહાય.

પાતાળે જસ મૂળ છે, ઉજ્જવલગિરિનું સાર;
ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોય સંસાર. ૩૫
સિદ્ધાચળ સમરું સદા. [૨૦]

તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંજોગ. ૩૬
વિમળાચળ પરમેષ્ઠીનું, ધ્યાન ધરે ષટ્ માસ;
તેજ અપૂર્વ વિસ્તરે, પૂરે સઘળી આશ. ૩૭
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂરત સાચ. ૩૮

સર્વ કામદાયક નમો, નામ કરી ઓળખાણ;
શ્રી **શુભવીરવિજય** પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ.
સિદ્ધાચળ સમરું સદા. [૨૧]

## શ્રી નવકાર મંત્રનો છંદ. [ દુહા ]

વંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર; નિશ્ચે શ્રી નવકાર નિત, જપતાં જયજયકાર. ॥ ૧ ॥ અડસઠ અક્ષર અધિક ફળ, નવ પદ નવે નિધાન, વીતરાગ સ્વયંમુખ વદે, પંચપરમેષ્ઠી પ્રધાન. ॥૨॥ એક જ અક્ષર એકચિત્ત, સમર્યાં સંપત્તિ થાય, સંચિત સાગર સાતના, પાતક દૂર પલાય. ॥ ૩ ॥ સકળ મંત્ર શિર મુકુટ મણિ, સદ્ગુરુ ભાષિત સાર, સો ભવિયાં મન શુદ્ધશું, નિત જપીએ નવકાર. ॥ ૪ ॥

---

**નબળાથી જ બની શકે, એવા કેંક ઉપાય;**
**ખડ્ગ શિર છેદાય પણ, કોટો નહિ કદાય**

—છંદ—

નવકારથકી શ્રીપાળ નરેસર પામ્યો રાજ્ય પ્રસિદ્ધ, સ્મશાન વિષે શિવનામ કુમરને સોવનપુરિસો સિદ્ધ; નવ લાખ જપંતાં નરક નિવારે પામે ભવનો પાર;સો ભવિયાં ભકતે ચોખ્ખે. ચિત્તે નિત જપીએ નવકાર. ॥ ૧ ॥ બાંધી વડશાખા શિકે બેસી હેઠળ કુંડ હુતાશ, તસ્કરને મંત્ર સમર્પ્યો શ્રાવકે, ઊડ્યો તે આકાશ; વિધિ રીતે જપતાં વિષધર વિષ ટાળે ઢાળે અમૃતધાર. સો૦ ॥ ૨ ॥ બીજોરાં કારણ રાયમહાબળ, વ્યંતર દુષ્ટ વિરોધ જેણે નવકારે હત્યા ટાળી પામ્યો જક્ષ પ્રતિબોધ; નવ લાખ જપંતા થાયે જિનવર ઇશ્યો છે અધિકાર. સો૦ ॥ ૩ ॥ પલ્લીપતિ શીખ્યો મુનિવર પાસ મહામંત્ર મનશુદ્ધ, પરભવ તે રાજસિંહ પૃથ્વીપતિ પામ્યો પરિગલ ઋદ્ધ, એ મંત્રથકી અમરાપુર પહોંત્યો ચારુદત્ત સુવિચાર. સો૦ ॥ ૪ ॥ સંન્યાસી કાશી તપ સાધંતો પંચાગ્નિ પરજાળ, દીઠો શ્રીપાસકુમારે પન્નગ અધબળતો તે ટાળ; સંભળાવ્યો શ્રી નવકાર સ્વયં-મુખ ઇંદ્રભુવન અવતાર. સો૦ ॥ ૫ ॥ મનશુદ્ધે જપતાં મયણાસુંદરી પામી પ્રિયસંયોગ, ઇણ ધ્યાને કષ્ટ ટળ્યું ઉંબરનું રક્તપિત્તનો રોગ; નિશ્ચે શું જપતાં નવનિધિ થાએ ધર્મ-તણો આધાર. સો૦ ॥ ૬ ॥ ઘટમાંહી કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો ઘરણી કરવા ઘાત, પરમેષ્ઠી પ્રભાવે હાર ફૂલનો વસુધામાંહિ

સવળે દિન સવળું પડે, અવળે અવળું થાય;
અણઇચ્છ્યું આવી મળે, ઇચ્છિત અળગું જાય.

વિખ્યાત; કમળાવતીએ પિંગળ કીધો પાપતણો પરિહાર. સો૦ ॥ ૭ ॥ ગયણાંગણ જાતી રાખી શ્રહને પાડી બાણપ્રહાર, પદ પંચ સુણંતાં પાંડુપતિ ઘર તે થઈ કુંતાનાર; એ મંત્ર અમૂલ મહિમા મંદિર ભવદુઃખ ભંજણહાર. સો૦ ॥ ૮ ॥ કંબળ ને સંબળે કાદવ કાઢ્યો શકટ પાંચશે માન, દીધે નવકારે ગયા દેવલોકે વિલસે અમર વિમાન; એ મંત્રથકી સંપત્તિ વસુધા તળે વિલસે જૈન વિહાર. સો૦ ॥ ૯ ॥ આગે ચોવીશી હુઈ અનંતી હોશે વાર અનંત, નવકારતણી કોઈ આદિ ન જાણે ઈમ ભાખે અરિહંત; પૂરવદિશી ચારે આદિ પ્રપંચે સમર્યાં સંપત્તિ સાર. સો૦ ॥ ૧૦ ॥ પરમેષ્ઠી સુરપદને પણ પામે જે કૃતકર્મ કઠોર, પુંડરિકગિરિ ઉપર પરતક્ષ પેખ્યો મણિધર ને એક મોર; સદ્દગુરુને સનમુખ વિધિએ સમરંતાં સફળ જનમ સંસાર સો૦ ॥ ૧૧ ॥ શુળીકારોપણ તસ્કર કીધો લોહખૂરો પરિસિદ્ધ, તિહાં શેઠે નવકાર સુણાવ્યો પામ્યો અમરની ઋદ્ધ; શેઠને ઘેર આવી વિઘ્ન નિવાર્યાં સુરે કરી મનોહાર.સો૦ ॥ ૧૨ ॥ પંચપરમેષ્ઠી જ્ઞાન જ પંચહે પંચ દાન ચારિત્ર, પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ પંચ સમિતિ સમકિત; પંચ પ્રમાદહ વિષય તજો પંચહ પાળો પંચાચાર.સો૦ ॥૧૩॥

—કળશ—

નિત જપીએ નવકાર સાર સંપત્તિ સુખદાયક, શુદ્ધ-મંત્ર એ શાશ્વતો ઈમ જંપે શ્રી જગનાયક, શ્રી અરિહંત

સુસિદ્ધ શુદ્ધ આચાર્ય ભણીજે, શ્રી ઉવજ્ઝાય સુસાધુ પંચ-પરમેષ્ઠી થુણીજે, નવકાર સાર સંસાર છે **કુશળલાભ** વાચક કહે, એકચિત્તે આરાધતાં વિવિધ ઋદ્ધિ વંછિત લહે. ૧૪॥

## જીવોના ૫૬૩ પ્રકાર

**એકેન્દ્રિય જીવો**—સોનું આદિ ધાતુઓ, માટી અને પથ્થરની અનેક જાતિઓ, સૂરમો, મીઠું વગેરેમાં પૃથ્વીના જીવો; આકાશમાંથી પડતા વરસાદ વગેરેમાં પાણીના જીવો; અંગારા વગેરેમાં અગ્નિના જીવો, વંટોળિયા વગેરેમાં વાયુના જીવો; કંદમૂળ વગેરેમાં વનસ્પતિના જીવો એ બધાને શરીર માત્ર હોવાથી એકેન્દ્રિયવાળા છે.

**બે ઇંદ્રિય જીવો**—શંખલા, કોડા, ગંડોળા, જળો, આર્યા (સમુદ્રમાં હોય), અળસિયાં, લાળિયા (રોટલી પ્રમુખ-વાસી અન્નમાં થાય તે), લાકડાના કીડા, પેટના કરમિયા; પાણીના પોરા, તેમ અથાણા પ્રમુખના અને ચૂડેલ વગેરે. એ બધાને શરીર અને જીભ એમ બે ઇંદ્રિય હોય છે.

**તેઇંદ્રિય જીવો**—કાનખજુરા, માંકડ, જુઆ, કીડીઓ, ઉધેઈ, મંકોડા, ચોખા વગેરેમાં થતી ઇયળો, ઘીમાં થતી ઘીમેલો, આંખની પાંપણ તથા માથા સિવાય શરીરના વાળમાં થતા સવા, માથામાં તેમ લુગડામાં થતી જુંઓ અને ગીંગોડા, ગધેયા, વિષ્ટાના કીડા, છાણના કીડા, ધાન્યના ધનેરાં, ધાન્યની

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઈ;
જ્ઞાની ધૈર્યથી ભોગવે, મૂર્ખ ભોગવે રોઈ.

ઇયળો, કુંથુઆ, ઇંદ્રગોપ (મોચીડા) વગેરે. એને શરીર, જીભ અને નાક એમ ત્રણ ઇંદ્રિયો હોય છે.

**ચઉરિંદ્રિય જીવો**—વીંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, કરોળિયા અને ખડમાંકડી વગેરે. એને શરીર, જીભ, નાક અને આંખ એમ ચાર ઇંદ્રિયો હોય છે.

**તિર્યંચ પંચેંદ્રિય**ના બે ભેદ છે—એક ગર્ભજ અને બીજા સંમૂર્છિમ. જે માતા પિતાના સંયોગથી ઉત્પન્ન થાય તે ગર્ભજ અને તેમનાં મળ–મૂત્રાદિક ચૌદ સ્થાનકોમાં જે ઉપજે તે સંમૂર્છિમ.

જળચર—પાડા જેવા મોટા મત્સ, માછલા, કાચબા, ઝુંડ (આ જીવનું પાણીમાં હાથીને ખેંચી જાય એટલું બળ હોય છે) અને મગર વગેરે.

સ્થળચર—ચાર પગવાળા ચતુષ્પદ. પેટ વડે ચાલે તે ઉરપરિસર્પ, ભુજથી ચાલે તે ભુજપરિસર્પ એ સ્થળચર જાણવા.

ઉરપરિસર્પ—સર્પ, અજગર, ચીતળા, આંધળીચાકરણ વગેરે.

ભુજપરિસર્પ—નોળિયા, ઉંદર, ખિસકોલી, ઘો વગેરે.

ખેચર—જે આકાશમાં ઊડે તે (તેના ચાર ભેદ છે.)

દુઃખમાં દુઃખ તો દેહ દુઃખ, બીજું કરજનું જાણ;
અલ્પ બધા દુઃખ એ વિના, ઉર સંશય નહિ આણ.

૧. પોપટ, પારેવાં, ચકલાં, કુકડા, મોર વગેરે. તે રૂંવાટાની પાંખવાળાં છે.

૨. વડવાગોળ, ચામચીડિયાં વગેરે ચામડાની પાંખવાળાં છે.

૩. સમુગ્ગ પક્ષી–જેની પાંખો બેસતાં સૂતાં સંકોચાયેલી રહે છે.

૪. વિતતપક્ષી–જેની પાંખો હંમેશા વિસ્તારેલી રહે તે. આ બે જાતિનાં સમુગ્ગ પક્ષીઓ અને વિતત પક્ષીઓ અઢી-દ્વીપની બહાર હોવાથી તે લોકમાં પ્રસિદ્ધ છે.

ઉપર પ્રમાણે—પાંચ સૂક્ષ્મ સ્થાવર, પાંચ બાદર સ્થાવર; એક પ્રત્યેક વનસ્પતિકાય તે અગિયાર પર્યાપ્તા અને અગિ-યાર અપર્યાપ્તા મળી બાવીશ થયા, ત્રણ વિકલેંદ્રિયના પર્યાપ્તા ને અપર્યાપ્તા મળી અઠાવીશ ભેદ થયા. જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ, એ પાંચના ગર્ભજ અને સંમૂર્છિમ મળી દશ અને તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી વીશ ભેદ થયા, તે ઉપરના અઠાવીશ સાથે મેળવતાં તિર્યંચ પંચેંદ્રિયના ૪૮ ભેદ જાણવા.

**મનુષ્યના જીવો**—૧૫ કર્મભૂમિના, ૩૦ અકર્મ-ભૂમિના અને ૫૬ અંતર્દ્વીપના મળીને કુલ ૧૦૧, તે ગર્ભજ પર્યાપ્તા અને ગર્ભજ અપર્યાપ્તા મળીને ૨૦૨ થયા અને સંમૂર્છિમ અપર્યાપ્તાના ૧૦૧ ગણતાં ૩૦૩ ભેદ થાય છે.

પ્રીતિ ઊંડો કૂપ છે, જેમાં પડવું સહેલ;
ચતુર હોય તો ચેતજો, નીકળવું મુશ્કેલ.

**નારકીના જીવો**—સાત નારકીના ૭ પર્યાપ્તા અને ૭ અપર્યાપ્તા મળીને કુલ ૧૪ ભેદ થાય છે.

**દેવતાના જીવો**—ભવનપતિના ૧૦, પરમાધામીના ૧૫, વ્યંતરના ૮, વાણવ્યંતરના ૮, તિર્યંફ્જૃંભકના ૧૦, જ્યોતિષ્કના ૧૦, લોકાંતિકના ૯, કિલ્બીષિયાના ૩, દેવલોકના ૧૨, ગ્રૈવેયકના ૯ અને અનુત્તરના ૫ મળીને કુલ ૯૯ ભેદો થાય છે. તે પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદે કુલ મળીને ૧૯૮ ભેદ થાય છે.

## અંતિમ આરાધના

સવારમાં ઊઠીને અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ પરમેષ્ઠી તથા સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં રહેલી શાશ્વતી અને અશાશ્વતી પ્રતિમાને નમસ્કાર કરીને એમ વિચારવું જોઈએ કે, હું કોણ? ક્યાંથી આવ્યો? ક્યાં જવાનો છું? ને મારું ખરું સ્વરૂપ શું છે? એ સમજીને કર્મથી થયેલ આત્મસ્વરૂપના વિકારને દૂર કરવા માટે અહીં મળેલી ધાર્મિક સામગ્રીઓનો જેટલો બને તેટલો સદુપયોગ કરવો જોઈએ. કારણ કે, ચિંતામણિરત્ન સમાન મનુષ્ય ભવ, ધર્મશ્રવણ, શ્રદ્ધા, તદનુસાર વર્તન, ગુરુગમ વગેરે ઉત્તમ સામગ્રી ફરી ફરી પામવી મહાદુર્લભ છે. તેથી શક્તિ પ્રમાણે વ્રત–પચ્ચખ્ખાણાદિ નિયમો ગ્રહણ કરીને

વચન વિવેક વિચારીને, ઊચરો જો સુખ આમ;
દુનિયામાં દલપત કહે, કદી ન બગડે કામ.

પાળવાં જોઈએ અને જેઓ પાળતા હોય તેમની અનુમોદના કરવી જોઈએ. કારણ કે કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણેમાં સરખું ફળ કહ્યું છે.

આ ભવ અને પૂર્વના ભવોમાં ઇંદ્રિય, કષાય, અવ્રત, અને યોગરૂપી આશ્રવો તથા પ્રાણાતિપાતાદિક અઢારે પાપસ્થાનકો સેવ્યાં, સેવરાવ્યાં કે અનુમોદ્યાં હોય તેને આત્મસાખે મન, વચન અને કાયાએ કરી વોસિરાવવું જોઈએ અને હવેથી તેવા આશ્રવો બંધ કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ. એ માટે સમિતિ, ગુપ્તિ, પરિષહ, યતિધર્મ, ભાવના, ચારિત્ર અને બાર પ્રકારના તપ વડે તેવા આશ્રવો રોકવા અને રોકનારની અનુમોદના કરવી જોઈએ.

જેઓ ત્રિકાળ દેવદર્શન, દેવપૂજા, ગુરુવંદન, ધર્મશ્રવણ, સાધર્મિકવાત્સલ્ય અને પ્રતિક્રમણ કરતા હોય, નવકારવાળી ગણતા હોય, સમકિત મૂળ શ્રાવકનાં બાર વ્રત તથા સાધુનાં પાંચ મહાવ્રત અને રાત્રિભોજનવિરમણ વ્રત લઈને પાળતા હોય, જ્ઞાનભંડાર કરાવતા હોય, નિઃસ્વાર્થ બુદ્ધિએ પુસ્તકો, પ્રતો શુદ્ધ છપાવી પ્રચાર કરતા, કરાવતા હોય; અભયદાન અને સુપાત્ર દાન દેતા હોય, નિર્મળ બ્રહ્મચર્ય પાળતા હોય; રસનેંદ્રિય ઉપર કાબૂ મેળવીને જેઓ વ્રત પચ્ચક્ખાણાદિ તપશ્ચર્યા કરતા હોય તેમને ભાવથી નમસ્કાર કરવો જોઈએ.

જેણે શુભકારજ કર્યાં, લઈને લક્ષ્મી લાવ;
જરૂર તે જીતી ગયા, દુનિયા મધ્યે દાવ.

સર્વજીવોની સાથે મિત્રતા રાખવી અને ચોરાશી લાખ જીવયોનિ પ્રત્યે કરેલા અપરાધોને મન, વચન અને કાયાએ ખમાવીને તે સર્વે જીવો પણ પોતાના અપરાધોની ક્ષમા કરે એવી ભાવનાપૂર્વક, કરેલાં દુષ્કૃત્યોની નિંદા કરવી જોઈએ.

જેઓ સંયમ અને તીર્થરૂપી યાત્રા કરી પોતાના આત્માને નિર્મળ કરતા હોય, ઉપસર્ગ પરીષહ સમભાવે સહન કરતા હોય, તે મુનીશ્વરોને ભાવથી નમસ્કાર કરીને તેમની માફક ધર્મમાં પોતાનું વીર્ય ફોરવવા પ્રયત્નશીલ થવું જોઈએ. કેમકે ધર્મ વિના જગતભરમાં કોઈ સાચું શરણ આપનાર નથી. ધર્મ વિના પ્રાણીઓ દુર્ગતિમાં પડીને કંપારી છૂટે તેવાં દુઃખોની ભયંકર વેદનાઓ ભોગવે છે એમ સમજીને પણ ધર્મની આરાધના કરવી જોઈએ. જેઓ મન, વચન અને કાયાને અશુભ માર્ગમાંથી રોકી શુભ માર્ગમાં જોડતા હોય; રાગ, દ્વેષ અને કષાયથી નિવૃત્ત થયા હોય, પોતાનું વીર્ય ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં ફોરવતા હોય અને એક સમય પણ પ્રમાદ ન કરતા હોય, તેઓની ભાવથી અનુમોદના કરવી જોઈએ.

સંસારનાં સુખો ઝાંઝવાનાં નીર સરખાં છે. ચાર દિવસનાં ચટકાં છે. અન્તે એનાં ફળ કડવાં જ છે. વળી મોહની સ્થિતિ બહુ મોટી છે. જગત આખુંય એમાં જ મૂંઝાય

**મદથી મનુષ્યપણું મટે, હોય બુદ્ધિની હાણ;**
**જે આઠે મદ જીરવે, તે વિરલા જન જાણ.**

છે. કોઈ વિરલા પુરુષો જ એ મોહ માયામાંથી પર બનીને સાચું સુખ અનુભવે છે, એમ સમજીને પોતે તેમાં નહિ મૂંઝાતાં ખરા સુખનો અનુભવ લેતાં શીખવું જોઈએ.

આત્માની શક્તિ અનંત છે. પરંતુ જડ એવા કર્માણુઓએ તેની બધી જ શક્તિને આવરી લીધી છે. ને તે જ કર્મ આ સંસારમાં આત્માને રુલાવે છે, ભુલાવે છે, ને રખડાવે છે. આત્મા જો ધારે-સમજે ને પોતાનો વીર્યોલ્લાસ પ્રગટાવે તો તરતજ કર્મોના ભુક્કા થાય ને આત્મા નિર્મળ બને અને સાચા સુખનો ભોક્તા થાય. માટે દુષ્ટ કર્મોને ખંખેરી નાખવા શીઘ્ર સજ્જ થવું જોઈએ.

વહાલી લાગતી વસ્તુઓ અનિચ્છાએ પણ એક વાર સદાને માટે મૂકીને ચાલ્યા જવું પડશે ને ત્યારે મન માંકડું કૂદાકૂદ કરી મૂકશે. માટે અત્યારથી જ મનનું નિયંત્રણ કરવું.

"જેનું છેવટ સારું એનું સઘળું સારું" એમ કહેવાય છે. જે પોતાનું મરણ સુધારી શકે છે તે જીવનનો સાર પામી જાય છે. મરણ સુધર્યું ત્યારે જ કહેવાય કે સમાધિપૂર્વક મરી શકાય. મૃત્યુ સંસારમાં અનિવાર્ય હોવાથી કોઈ પણ વિચારક પ્રાણી મૃત્યુને ટાળવાનો પ્રયત્ન કરતા નથી. ફક્ત એ સુધરી જાય તો ભવાંતર સુધરી જાય, જેથી આ જીવન જીવ્યાનું સાચું ફળ પામી જવાય એવી માન્યતા

દિન પલટે જે પુરુષનો, વહાલાં વેરી થાય;
રક્ષા કોણ કરે જહાં, વાડ વેલાને ખાય.

તત્ત્વજ્ઞોની હોય છે. મૃત્યુ માટે હમેશાં તૈયાર રહેવું એ જ સમજુનું કર્તવ્ય છે. જ્યારે જ્યારે એકાંત મળે ત્યારે પોતે અંદરથી એક જ પ્રશ્ન પૂછે કે, અત્યારે મોત આવે તો તૈયાર છું કે નહિ? જો સાચી તૈયારી હોય તો ગભરામણ શાની? જૂનાં કપડાં કાઢીને નવાં પહેરવાં એમાં મૂંઝવણને બદલે આનંદ હોવો જોઈએ. પરલોકની ચિંતામાં જીવન પસાર કરનારને મરણકાળ ગભરાવતો નથી. પરમતારક શ્રીવીતરાગ દેવના શાસનને અંતરદૃષ્ટિએ પ્રાપ્ત કરનાર આત્માર્થી જીવના અંતરમાં મરણનો ભય હોતો નથી. જગતમાં સહુ આવે છે ને જાય છે. એક દિવસ મારે પણ જવાનું છે એમ સમજી આત્મકલ્યાણ માટે સદા ધર્મકાર્યમાં રક્ત રહેવું જોઈએ.

ધર્મ માટે કરેલા ઉદ્યમનું ફળ વર્તમાનમાં શાંતિ અને ભવિષ્યની સુધારણા, હોવાથી ત્યાં જ વિશેષ પ્રયત્ન કરવા લાયક છે.

માંદા માણસને પણ વહેમ લાવી ધર્મની કે આરાધનાની વાતોથી દૂર રાખવા એ હિતનો માર્ગ નથી. માંદાના સાચા હિતકારી તે જ કે એને તત્ત્વજ્ઞાનની, ધર્મની, આરાધનાની વાતો કરી મરણનો ભય તેના મનમાંથી કઢાવી નાખે.

મહાસતી મદનરેખાની વાત વિચારનાર દરેક સ્નેહીઓ ધર્મધ્યાન કરી પોતાનું અને પોતાના સ્નેહીનું મૃત્યુ સુધારવા ખૂબ પ્રયત્ન કરતા રહે એવી શુભેચ્છા।

---

સંતોષથી જીવન ગુજરે, એટલું પ્રભુ આપજે;<br>
ઘર ઘર ગરીબી છે છતાં, પણ દિલ અમીરી રાખજે.

# શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટનાં
## ત્રણ વર્ષનાં પુસ્તકો

—(o)—

### ૧લું વર્ષ : વિ. સં. ૨૦૧૩

| નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત |
|---|---|---|---|
| *૧ | ભગવાન મહાવીર | શ્રી જયભિખ્ખુ | ૩–૦૦ |
| *૨ | સદ્વાચનમાળા શ્રેણી ૧લી | ,, | ૨–૫૦ |
| ૩ | સુવર્ણ કંકણ | શ્રી રતિલાલ દેસાઈ | ૧–૦૦ |
| *૪ | સૌરભ | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨–૦૦ |
| ૫ | સતની બાંધી પૃથવી | શ્રી. જયભિખ્ખુ | ૨–૦૦ |
| ૬ | સદ્વાચનમાળા શ્રેણી ૨ જી | ,, | ૨–૫૦ |
| *૭ | અક્ષય તૃતીયા | ,, | ૦–૪૫ |
| | | | ૧૩–૪૫ |

### ૨જું વર્ષ : ૨૦૧૪

| નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત |
|---|---|---|---|
| ૮ | ભગવાન ઋષભદેવ | શ્રી. જયભિખ્ખુ | ૩–૫૦ |
| ૯ | વીરડાનાં પાણી | શ્રી. ઉષા જોષી | ૨–૦૦ |
| *૧૦ | ભવનું ભાતું | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૧–૨૫ |
| ૧૧ | સદ્વાચનમાળા શ્રેણી ૩ જી | શ્રી જયભિખ્ખુ | ૨–૫૦ |
| ૧૨ | પાપ અને પુણ્ય | શ્રી.જયભિખ્ખુ અને સત્યમ્ | ૨–૦૦ |
| ૧૩ | પ્રેમપંથ પાવકની જ્વાળા | શ્રી. જયભિખ્ખુ | ૧–૫૦ |
| ૧૪ | દહીંની વાટકી | શ્રી. જયભિખ્ખુ | ૦–૪૫ |
| | | | ૧૩–૨૦ |

## ૩જું વર્ષ : ૨૦૧૫

| નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત |
| --- | --- | --- | --- |
| ૧૫ | પ્રેમનું મંદિર | શ્રી. જયભિખ્ખુ | ૩–૫૦ |
| ૧૬ | જગતશાહ | શ્રી. ગુણવંતરાય આચાર્ય | ૩–૦૦ |
| *૧૭ | હવે તો જાગો | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨–૦૦ |
| ૧૮ | શ્રી નેમ-રાજુલ | શ્રી. જયાબહેન ઠાકોર | ૨–૫૦ |
| ૧૯ | આંબે આવ્યો મોર | શ્રી. જયભિખ્ખુ | ૧–૫૦ |
| ૨૦ | રાગ અને વિરાગ | શ્રી. રતિલાલ દેસાઈ | ૧–૨૫ |
| ૨૧ | બિન્દુમાં સિન્ધુ | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૦–૬૫ |
| | | | ૧૪–૪૦ |

卐

## પ્રકીર્ણ

| | | | |
| --- | --- | --- | --- |
| ૨૨ | ઊગમતે પ્રભાતે | શ્રીમદ્ રાજચંદ્ર | ૦–૭૫ |
| *૨૩ | રાજા શ્રીપાળ | શ્રી જયભિખ્ખુ | ૦–૬૦ |
| *૨૪ | જીવનમાં ધર્મ | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૦–૨૫ |
| *૨૫ | શ્રી સ્નાત્ર પૂજા | પં. વીરવિજયજીકૃત | ૦–૫૦ |

* આ પુસ્તકોની બીજી આવૃત્તિ છપાઈ ગઈ છે.

રાજપ્રશ્ન ( શ્રીમદ્ રાજચંદ્ર છપાય) છે.

જૈન સાહિત્યમાં આજ સુધીમાં અજોડ પ્રકાશન

અપૂર્વ ત્રિરંગી, દ્વિરંગી ચિત્રો સાથે

પંડિત શ્રી વીરવિજયજી કૃત

## શ્રી સ્નાત્રપૂજા

આખી પુસ્તિકા ક્રાઉન ૩૨ પેજી ૮૦ પાનામાં છે, પાંચ ભગવાનનાં તથા સિદ્ધચક્રજીનાં ત્રિરંગી ચિત્રો, જન્માભિષેકનાં ને સ્વપ્નોનાં દ્વિરંગી ચિત્રો ઉપરાંત શ્રી સ્થાપનાજી તથા પચ્ચક્ખાણો તથા પચ્ચખાણના સમયનો કોઠો આપવામાં આવ્યો છે.

છતાં કિંમત : ૫૦ ન. પૈ.

જોતાં જ મન મોહી જાય છે. લહાણી–પ્રભાવના માટે અત્યુત્તમ છે.

---

## શ્રી જીવન–મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટનાં પુસ્તકો

મળવાનાં ઠેકાણાં

૧. ટ્રસ્ટની ઓફિસ–હઠીભાઈની વાડી સામે, અમદાવાદ.

૨. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ.

૩. બુકસેલર જશવંતલાલ ગીરધરલાલ, દોશીવાડાની પોળ, અમદાવાદ.

૪. શ્રી. સોમચંદ ડી. શાહ, જૈન પુસ્તક ભંડાર, 'કલ્યાણ' ઓફિસ, પાલીતાણા.

૫. ગાંધી વાડીલાલ મંગળદાસ, ઘડિયાળી પોળ, ધર્મશાળા સામે, વડોદરા.

૬. મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઈ.

૭. શ્રી ચંદુલાલ ભીખાભાઈ, પ્રિન્સેસ સ્ટ્રીટ, આનંદ ભુવન, પહેલે માળે, મુંબઈ.

૮. શ્રી દેસાઈની પોળ જૈન પેઢી, ગોપીપુરા, સુરત.